સાધુસાધ્વી શિબિર માટુંગા [મુંબઈ]ના
ઉપક્રમે યોજાયેલી વ્યાખ્યાનમાળા

ધર્માનુબંધી વિશ્વદર્શન

પુસ્તક : ૧

વિશ્વવાત્સલ્ય, સર્વોદય અને કલ્યાણરાજ્ય

મુખ્ય પ્રવચનકાર :
મુનિશ્રી નેમિચંદ્રજી

પૂરક પ્રવચનકાર :
શ્રી દુલેરાય માટલિયા

સંપાદક :
ગુલાબચંદ જૈન

શ્રી વિજયવલ્લભ સૂરિ જૈન જ્ઞાન ભંડાર
શ્રી વિજયવલ્લભ ચોક, બુંબઈ-૨

: પ્રકાશક :
શ્રી મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
મંત્રી
લક્ષ્મીચંદ ઝવેરચંદ સંઘવી
હઠીભાઈની વાડી – અમદાવાદ ૧

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

: પ્રકાશક :

શ્રી મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી – અમદાવાદ ૧

☆

કીંમત ૩-૦૦

: મુદ્રક :

સૌરાષ્ટ્ર ટ્રસ્ટ વતી
જ્યોત્સ્ના બેન શુકલ
"પ્રતાપ" પ્રિન્ટિંગ પ્રેસ,
મહાત્મા ગાંધી રોડ * સૂરત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રાચીન પરંપરાનું

નવું મૂલ્યાંકન

[સંપાદકીય]

બદલાતો સમય અને પલટાતાં મૂલ્યો; આ બે વસ્તુઓ વચ્ચે પણ જે વસ્તુ, વિચાર અને વ્યક્તિ ટકી રહે છે તે સર્વને સદાકાળ માન્ય રહે છે. ઘણીવાર એવું પણ બને છે કે ચાલુકાળની પરિસ્થિતિઓ કેટલીક એવી ખોટી વસ્તુઓનાં મૂલ્યાંકનો વધારીને રજૂ કરે છે કે વિચારકો માટે એ તમામ્ભો આકરી કસોટી, ઊંડું મનોમંથન અને નવી રજૂઆત કરવા માટે આવશ્યક બને છે. એટલું જ નહીં તેમને રજૂઆતની આખી શૈલીને બદલી નાખવી પડે છે અને તેને નવાં મૂલ્યાંકન સાથે સમાજ આગળ ધરવી પડે છે. એમ ન થાય તો જૂનાં સત્યો સદંતર નાશ પામવા જેવી સ્થિતિમાં રહી જવા પામે છે.

કયાંક જૂનાં ખોદકામ થાય છે...તેમાંથી ઘણી જૂની વસ્તુઓ મળી આવે છે. કયારેક કલ્પનામાં ન આવે એવા નમૂનાઓ મળી આવે છે. આની કીંમત પહેલી નજરે કંઈપણ નથી. સામાન્ય માણસ માટે રસ્તેથી ઉપાડેલો એક પથ્થરનો ટૂકડો અને પેલા ખોદકામમાંથી મળી આવેલ ટુકડાની વચ્ચે કંઈપણ અંતર જણાતું નથી. પણ, એનેજ જ્યારે કોઇ ભૂસ્તરશાસ્ત્રી ઐતિહાસિક મહત્વ આપીને સંસ્કૃતિ કે સભ્યતાના કોઇ તાંતણા સાથે સાંધે છે અને કોઇ માર્ગદર્શક; દર્શકોને એ રીતે સમજાવે છે ત્યારે એનું 'નવું મૂલ્ય' લોકોને સમજાય છે અને એની ભવ્યતાને નવો ઓપ મળે છે.

એ ઉપરાંત એવા પણ મનુષ્યો હોય છે. માનવમળો હોય છે. જે સમાજનું નવેસરથી ઘડતર કરવા માટે જૂની પરંપરાને તોડી નવી પરંપરા ઊભી કરતા હોય છે. આવા ક્રાંતિદર્શી માનવમળો–નવી દુનિયા રચવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મથે છે અને આમ ઇતિહાસનાં પાને ક્રાંતિઓ વડે સત્તાઓ બદલાયાના દાખલાઓ આપણને જોવા મળે છે.

પ્રથમ જણાવેલ ઐતિહાસિક વિચારસરણીનાં માનવબળો કેવળ જૂની વસ્તુઓનું મૂલ્યાંકન કરતાં હોય છે; ત્યારે ક્રાંતિકારી માનવબળો નવું જ કરવા મથતાં હોય છે અને આ બન્ને પક્ષને સાથે લઈને ચાલનારો એક ત્રીજો માનવ-પક્ષ છે; જે જૂની વસ્તુઓમાં, યોગ્યતાનું મૂલ્યાંકન કરી, નવી ઘરેડ પાડી બન્ને બળોને મેળવીને ચાલે છે એને આપણે દીર્ઘદર્શી-નિર્માતા કહીએ તો ચાલશે. આ દીર્ઘદર્શી માનવપક્ષ એક એવું જબ્બર કામ કરે છે કે તે માનવની જૂની અને નવી વિચાર—પરંપરા, શ્રદ્ધા અને કાર્યપદ્ધતિને સાંધતો રહે છે; અને માનવસમાજમાં વિશાળ વિશ્વ માટે કંઈક કરી છૂટવાની ધગશને તાજી રાખે છે.

આવા એક સંત છે—સંતબાલજી. સક્રિય સાધુસમાજ બને એ અગે તેમણે મુંબઈ-માટુંગા મધ્યે સંત-શિબિરનું આયોજન કર્યું. આ અગાઉ તેમણે પોતાનું જીવન પ્રયોગાત્મક સાધુજીવનના માર્ગે વોસરાવી દીધું છે અને તેમના નૈતિક પ્રયોગોને ગુજરાતમાં સફળતા મળી છે. તેમનું સાધુ જીવન અને સંત જીવન પણ ત્રણ દાયકાથી વધારે ઘડાયેલું છે. સર્વ ધર્મ સમન્વય અને વિશ્વવાત્સલ્ય એ બન્ને તેમની દરેક પ્રવૃત્તિમાં જોવા મળે છે.

માટુંગા સંત-શિબિરમાં ભલે ત્રીસને બદલે પંદર સાધુઓ, સાધકો અને સાધિકાઓએ ભાગ લીધો હોય, પણ તેમાં જે પ્રવચનો થયાં-ચર્ચા વિચારણા થઈ તેનું મૂલ્ય અનેક ગણું વધારે છે; અને હવે પછી થવાનું છે તે પણ ભવિષ્ય બતાવશે.

સંત શિબિર માટુંગામાં ભરાઈ. પૂ. મુનિશ્રી સંતબાલજીનાં જીવન અને કાર્યો પ્રત્યે, મારા પરમ સ્નેહી મિત્ર શ્રી મણિલાલ લક્ષ્મીચંદ વોરાનો પહેલેથી જ સદ્‌ભાવ હતો. એટલે તેમની પ્રેરણા તળે શિબિરમાં વિશ્વાનુલક્ષી થતાં સુંદર પ્રવચનોનો લાભ સૌ સાધુસાધ્વીઓ અને વિશાળ પ્રજાને મળે તો સારું. એમ તેમના મનમાં થતાં તેમણે પૂ. મુનિશ્રી સંતબાલજી પાસે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વાત રજૂ કરી. જે બધાંને ગમી. પણ નક્કી થયું કે આ આખુંયે સાહિત્ય ફરીથી સંપાદિત થવું જોઈએ અને તેમણે મને મુંબઈ તેડાવ્યો.

હું પૂ. મુનિશ્રી સંતબાલજીના નામથી, ઠેઠ ૧૯૪૪ માં જૈનપ્રકાશનો તંત્રી હતો ત્યારથી પરિચિત હતો પણ તેમની છેલ્લી નવી વિચાર શૈલીથી એટલો જ અજાણ હતો. વર્ષો સુધી સામાજિક જીવનમાં રહીને મને પણ ઘણું વિચારવા મળ્યું હતું અને જ્યારે આ પ્રવચનો હું જોતો ગયો તો તેમાં ઘણી રીતે મને મારા વિચારોને અનુરૂપ સમાનતા લાગી.

પણ, સંપાદન ધાર્યું તે પ્રમાણે સરળ ન હતું. બીજા સાહિત્ય સંપાદનમાં ધારીએ તે પ્રમાણે છૂટ લઈ શકાય પણ આ ચોક્કસ સંદર્ભમાં રજૂ થયેલા વિચારો—જેમાં પરિવર્તન અને નવા યુગનાં નિર્માણનાં તત્ત્વો રહેલાં છે તેમાં દરેકે દરેક વાક્યને સમજી વિચારીને મારે રજૂ કરવું પડ્યું છે; એટલે કંઈક વિલંબ પણ થવા પામ્યો છે.

આ આખીયે વિચાર-સરણી એક યા બીજી રીતે મુખ્યત્વે જૈન પરંપરાના પ્રભાવને અનુરૂપ છે અને તે અંગે ઠેર ઠેર શાસ્ત્રીય પ્રમાણો પણ આપવામાં આવેલાં છે. એની સાથે જ એને બીજા ધર્મ – દર્શનો પ્રમાણે પણ ચકાસવામાં આવેલ છે એટલે દરેકને પોતાની લાગે એ એની વિશેષતા છે.

આ પુસ્તકના બન્ને પ્રવચનકારો વિદ્વાન, ચિંતક અને કાર્યકર્તા છે. મુનિશ્રી નેમિચંદ્રજી, સંતબાલજીના પગલે જઈ રહ્યા છે ત્યારે શ્રી દુલેરાય માટલિયાનું જીવન, મંથન અને વિચારસરણી પણ ખરેખર પ્રશંસનીય અને અનુકરણીય છે.

ચર્ચા-વિચારણામાં ભાગ લેનારાં સાધક બંધુઓ અને બહેનોનાં જીવન પણ આદર્શ અનુભવોથી સભર છે અને એ જ કારણ છે કે ચર્ચા-વિચારણામાંથી હું 'ઘણું-ઓછું' ઓછું કરી શક્યો છું.

આનો લાભ વ્યાપક રીતે સહુને પહોંચશે તો આ પ્રયાસ સફળ થયો ગણીશ.

મદ્રાસ,
૧૫-૪-૫૨

ગુલાબચંદ જૈન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'વિશ્વવાત્સલ્યની' પૂર્વભૂમિકા

'વિશ્વવાત્સલ્ય'ના નિરંતરના વાચકો ભાલનળકાંઠા પ્રયોગની વાત શબ્દોદ્વારા સારી પેઠે જાણે છે. એમાં પાયો ગામડાં છે. પૂરક કસબા અને શહેરો છે. ગામડાંમાં જેમ ભારતીય સંસ્કૃતિનાં મૂળતત્ત્વો વિશેષ છે. તેમ શહેરોમાં એ મૂળતત્ત્વો વિશેષરૂપે બચ્યાં હોય તો તે મહિલા જાતિમાં અને મજૂરોમાં. બાકી તો ગાંધીજીએ કહ્યું છે તેમ 'ગામડાંને ચુસીને આજનાં શહેરો ફાલ્યાં ફૂલ્યાં હોઈ; શેતાનના ચરખા જેવાં છે.' અમદાવાદનું મજૂર મહાજન ગૂજરાતના મહાનગરમાં ગાંધીજીને હાથે એ દૃષ્ટિએ રચાયું હતું. જેમાંથી દેશદૃષ્ટિએ ઈન્ટુક નામની સંસ્થા બની છે. ગામડાંમાં પણ પરિશ્રમ, આજીવિકાનાં સાધનોનું ઉત્પાદન, શાન્તિ પ્રિયતા અને દેશની અહિંસક તાકાત ઈત્યાદિ કારણોથી ખેડૂતમંડળ રૂપી સંસ્થાની મહત્તા આ પ્રયોગમાં પ્રથમથી રહી છે. રામ, કૃષ્ણ, બુદ્ધ અને મહાવીર ભારતની અને જગતની અજોડ વિભૂતિઓ છે. તેમાંયે મહાવીર પરંપરા અહિંસામાં સર્વોપરી રહી છે. એ પાયામાં લોકશક્તિ જ હતી. એ અન્વયે ગાંધીજીએ સામુદાયિક અહિંસાના પ્રયોગો સૌથી વધુ રાજકીય ક્ષેત્રમાં અજમાવ્યા. તેઓ જાતે સંત, મહાત્મા, ધર્મપ્રિય અને આધ્યાત્મલક્ષી હોવા છતાં રાજકારણમાં પડ્યા; તે કોઈ સત્તા માટે નહીં પણ દુનિયાની માનવજાતના સામાજિક જીવનમાં સત્ય–અહિંસારૂપ ધર્મને ભરવાના સાધનને કારણે પડ્યા. કોંગ્રેસ જો કે ભારતમાં પેદા થયેલી, પણ આખા વિશ્વના રાજકીય તખ્તા ઉપર શાન્તિમાં કિંમતી ફાળો આપે એવી સંસ્થા આ યુગે પ્રારંભથી થયેલી. તેથી તેમાં તેઓ સક્રિય ભળેલા. સ્વયંસેવકથી માંડીને ઠેઠ પ્રમુખપદ સુધી ગયેલા. પરંતુ આટલું તાદાત્મ્ય સાધ્યા પછી તટસ્થતા સાધવા કે શું? પણ ખરેખર બંધારણીય રીતે તેઓ પુનાના ઠરાવ નિમિત્તે છૂટા પડ્યા. અને છતાં જિંદગીના અંત લગી કોંગ્રેસ સાથે અતુબંધિત રહ્યા. આથી બીજે નંબરે આ પ્રયોગમાં કોંગ્રેસને લેવામાં આવે છે. કોંગ્રેસમાં વિશ્વવિશાળ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દૃષ્ટિ છે. જગતના પ્રશ્નોને લઈને ઉકેલવાની દિશામાં તેની હિમ્મત કેળવાયેલી છે. જો તેમાં પૂરક તરીકે ઘડાયેલાં ગામડાંની બહુમતી હોય તો કોંગ્રેસ મજબૂત બને અને ચોખ્ખી પણ રહે. વળી ભારતનું ગામડું અત્યાર લગી સંગઠિત જરૂર રહ્યું છે પણ સાથોસાથ તે એકલવાયું રહ્યું છે. જો ગામડાંમાં સમગ્રદેશની દૃષ્ટિ હોત તો પરદેશી સત્તાઓ આ દેશમાં આવીને જમી શકત નહીં. કોંગ્રેસ રાજકીય સંસ્થા હોવાથી એના બંધારણમાં સત્ય, અહિંસા આવી શકયાં નથી. સ્વરાજ્ય બાદ દેશ અને દુનિયાના સંયોગો જોઈને એને ફાળે જે કામગીરી આવી છે; તેમાં સત્તા અને ધનનાં પ્રલોભનો હોવાથી અશુદ્ધિ વધવાની અને પ્રજાના અગત્યના પ્રશ્નોમાં ડખલ થવાની વધુમાં વધુ વકી છે.

ગામડાંને કોંગ્રેસપૂરક બનાવવામાં આ જોખમ પણ રહેલું છે. આથી કોંગ્રેસથી ઘડાયેલા તથા બાપુના સાનિધ્યમાંથી તેમ જ રચનાત્મક કાર્યોમાંથી પસાર થયેલા રચનાત્મક કાર્યકરોની આધ્યાત્મલક્ષી સંસ્થા દ્વારા એ ગ્રામમંડળોને દોરવવાની જરૂર હતી. આથી ત્રીજે નંબરે આ વસ્તુને પણ પ્રયોગમાં સ્થાન છે. આમ તો ઓછી સંખ્યા હોવા છતાં આ સેવકોની સંસ્થાનું પદ, એ બન્ને સંસ્થાઓ કરતાં ઊંચું છે. પ્રયોગમાં આવી સંસ્થાઓને પ્રાયોગિકસંઘો કહેવામાં આવે છે. ગામડાંઓના પ્રાયોગિકસંઘોની દોરવણી તળે નૈતિક—ગ્રામસંગઠનો ચાલે અને તે જ રીતે શહેરોના વિશ્વવાત્સલ્ય પ્રાયોગિકસંઘો તળે માતૃસમાજો, ઈન્દુક તથા મધ્યવર્ગનાં જનસંગઠનો ચાલે. આ દૃષ્ટિએ જ નૈતિક ગ્રામ સંગઠનો અને નૈતિક શહેરી જન સંગઠનો નામ સાર્થક થઈ શકે છે.

પરંતુ આ ત્રણ સંસ્થાઓને ઊભી કરી વ્યવસ્થિત બનાવવાનું કામ ક્રાન્તિપ્રિય સાધુ સાધ્વીઓ સિવાય કોઈ નહીં કરી શકે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આથી ચોથે નંબરે ક્રાન્તિપ્રિય સંતોનું સ્થાન આ પ્રયોગમાં આવે છે. સાચું અધ્યાત્મ તે છે જે જીવનનું અને જગતનું બન્નેનું કલ્યાણ કરે. વ્યાપક ધર્મતત્વમાં પણ આ જ વાત છે. ભાલનળકાંઠા પ્રયોગને આ દૃષ્ટિએ ધર્મમય સમાજરચનાનો પ્રયોગ પણ કહી શકાય. એનું ધ્યેયબિન્દુ વિશ્વવાત્સલ્ય છે.

ભાલનળકાંઠામાં આ ત્રણેયનું અનુસંધાન સફળતાથી પાર પડ્યું. પ્રયોગ હવે સાધના મટી સિદ્ધિ બની. એમાં ગામડાંથી માંડીને જગત લગીના પ્રશ્નો આવતા હોઇ અનિષ્ટોનો પ્રતીકાર કરવાની અહિંસક પ્રક્રિયા પણ પ્રયોગમાં ઊભી થઇ. આર્થિક, સામાજિક, સાંપ્રદાયિક અને રાજકીય ક્ષેત્રોમાં પણ એ પ્રયોગો થયા. જેને સામુદાયિક અહિંસાના પ્રયોગો અથવા 'શુદ્ધિપ્રયોગ'ને નામે ઓળખવામાં આવે છે. આ બધું થયા પછી જેમ બીજા પ્રાંતો અને દેશાંતરમાં આ પ્રયોગની વ્યાપ્તિનો પ્રશ્ન ઊભો થયો, તેમ સાથોસાથ ચોથા નંબરના ક્રાન્તિપ્રિય સંતો અને ત્રીજા નંબરના સર્વાંગી રચનાત્મક કાર્યકરોને અધ્યયનપૂર્વક ઘડવાની વેળા પણ પાકી ગઇ. આ પહેલાં મારી રુબરુ રચનાત્મક કાર્યકરો, ધાર્મિક ભાવનાવાળા ગૃહસ્થાશ્રમીઓ તેમજ કૉંગ્રેસીઓના નાના મોટા વર્ગો ભરાયા હતા. આ વર્ગમાં સાધુ-સાધ્વી, સન્યાસીઓને પણ લેવાના હતા. સદ્‌ભાગ્યે 'મુનિદ્વય' આ પહેલાં મળી ચૂકેલ. પણ મોટા મુનિ કાળધર્મ પામતાં નેમિમુનિ મળેલા. સાધુ–સાધ્વી, સાધક-સાધિકાઓનો આ શિબિર ઓછામાં ઓછા ચાર માસ લે તેમ લાગ્યું. છોટુભાઇએ આ સૂચન મૂકેલું. ત્રણ ચોમાસાં મુંબઇમાં થયાં, ત્યાર પછી આનો અમલ કરવાની શરૂઆત થઇ. તે અરસામાં સાધ્વીદ્વય આવેલ. જોકે તેઓ બન્ને શિબિરમાં આવી શકયા નહીં. બીજા જૈન સાધુઓની વકી હતી, તે પણ આવેલ નહીં. પરંતુ નેમિમુનિ અને બીજા બે સન્યાસીઓ આવેલા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

C/o. શ્રી ગોડીજી જૈન દેરાસર
શ્રી વિજયવલ્લભ ચોક, મુંબઇ-૨

એટલે અમે બે જૈન સાધુઓ તથા બે સન્યાસીઓ મળી ચાર થયા. ત્રણ બહેનો અને આઠ સાધકો મળીને કુલ્લે પંદર સાધુ-સન્યાસી, સાધક-સાધિકાઓનો વર્ગ ચાલ્યો.

'ધર્માનુબંધી વિશ્વદર્શન'

આ રીતે એ વર્ગમાં દશ મુદ્દાઓ ચર્ચાયા. પાંચ મુદ્દાઓ પર હું કહેતો અને પાંચ મુદ્દાઓ પર પ્રિય નેમિમુનિ કહેતા. એ મુદ્દાઓ મળીને આ પુસ્તક બનેલું હોઈ તેનું નામ 'ધર્માનુબંધી વિશ્વદર્શન' અપાયું છે. એ દશ મુદ્દાઓ નીચે મુજબ છે :

(૧) વિશ્વવાત્સલ્ય, સર્વોદય અને કલ્યાણ રાજ્ય.

(૨) અનુબંધ વિચારધારા.

(૩) સાધુ સંસ્થાની અનિવાર્યતા અને ઉપયોગિતા.

(૪) સર્વ ધર્મોપાસના.

(૫) ભારતીય સંસ્કૃતિ.

(૬) સામુદાયિક અહિંસાના પ્રયોગો.

(૭) 'દર્શન'ની વિશુદ્ધિ (જેમાં ધર્મમૂઢતા, દેવમૂઢતા, ગુરુમૂઢતા, શાસ્ત્રમૂઢતા, લોકમૂઢતા, આસ્તિકતા, નાસ્તિકતા, ઈશ્વરવાદ, અનીશ્વરવાદ, એકાંગી આત્મવાદ, વ્યક્તિવાદ વગેરે બાબતો પર છણાવટ થઈ છે.)

(૮) ક્રાન્તિકારોનાં જીવન.

(૯) વિશ્વદર્શનનાં વિવિધ પાસાંઓ (જેમાં વિશ્વ ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, રાજનીતિ, અર્થનીતિના પ્રવાહો વગેરે છણાયેલ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

(૧૦) સ્મૃતિ વિકાસના માર્ગો (જેમાં અવધાનો, ગણિતપ્રયોગો, છંદો વગેરે છણાયું છે.)

આ દશ મુદ્દાઓ પૈકીનો પ્રથમ મુદ્દો આ પુસ્તકમાં છપાયો છે. જેમાં અઢાર પ્રવચનો ચર્ચાયાં છે :

એ અઢાર પ્રવચનોમાં મુખ્ય વક્તા પ્રિય મુનિ નેમિચંદ્રજી છે. ઉપરાંત પ્રિય દુલેરાય માટલિયાએ પણ આ પ્રવચનોમાં સક્રિય ફાળો આપ્યો છે. તેમનો 'કલ્યાણરાજ્ય' અંગેનો તથા 'સર્વોદય' અંગેનો માત્ર અભ્યાસ જ નથી. એ ત્રણેયના અનુસંધાનમાં તેમનો બૌદ્ધિક અને કર્તવ્યાત્મક હિસ્સો પણ છે. 'વાત્સલ્યધામ' માલપરાની સંસ્થા નિમિત્તે તથા શેત્રુંજીકાંઠા પ્રાયોગિક સંઘના મંત્રી તરીકે પણ તેમનો અનુભવ વિશાળ થયો છે. ખાસ તો 'સંતવિનોબા વિચારધારા' તથા 'અનુબંધ વિચારધારા'ના પરસ્પર પૂર્તિરૂપના સમન્વય ઉપર તેમણે સાહિત્ય પણ પ્રગટ કર્યું છે. નેમિમુનિની તો વાત જ શી કરવી ? તેમણે ક્રાન્તિપ્રિય સંત તરીકે આ માર્ગમાં પગલાં માંડયાં ત્યારથી રાજસ્થાનમાં અનેક વિટંબણાઓ વચ્ચે અડોલભાવે ટકી શકયા. પોતાની વિદ્વત્તા ઉપરાંત એ બધા અનુભવોનો નિચોડ આ પ્રવચનોમાં મળશે. આથી પ્રિયનેમિમુનિ મારા વિચારોની અસરકારક પ્રતિકૃતિરૂપ જ નથી રહ્યા. તેમણે ભાલનળકાંઠા પ્રયોગ પ્રવૃત્તિનો, તેમાં કાર્ય કરનારાં પરિબળોનો તેમ જ રાજસ્થાનમાં વિશ્વવાત્સલ્ય ચિંતક સમિતિ વ. કાર્યોનો અનુભવ કરીને અમુક હદે આ પ્રયોગની જ્ઞાતસિદ્ધિ પ્રાપ્ત કરી છે. તેથી જ આ પ્રવચનોમાં પ્રાણ પુરાયો છે.

ઉપરાંત આ પ્રવચનો સાથે શિબિર સભ્યોની ચર્ચા જોડાઈ છે તે સોના સાથે સુગંધની ગરજ સારે છે. દંડી સન્યાસીનાં પાકટ અનુભવ, બૌદ્ધ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધર્મ પ્રત્યેનો તેમનો અપાર આદર અને ઇતિહાસ દૃષ્ટિએ તથા વિશાળ પ્રવાસ દૃષ્ટિએ તેમનો વૈદિકાદિ ધર્મોના સંતો, તીર્થો વ.નો પરિચય તેમ જ શિબિરાર્થી બહેનો, ભાઈઓ વ.ના ઊંડા જાત અનુભવોનું તારણ પણ એમાં સાંપડે છે. એજ રીતે પ્રસંગોપાત અંબુભાઇ, કૂલજીભાઈ વગેરે ભાલનળકાંઠા કાર્યના પ્રત્યક્ષ કાર્યકરોના જાત અનુભવનો પણ ફાળો રહેલો છે.

આ પ્રવચનો તથા ચર્ચાનું ટૂંકું તારણ (જે કદાચ આ પહેલાં સાધુ સાધ્વી શિબિર પ્રવચનોની ઝાંખી રૂપે) વિશ્વવાત્સલ્ય'ના સન ૧૯૬૧ના ભેટ પુસ્તક રૂપે–આ પુસ્તક ગ્રાહકોના હાથમાં પહોંચે તે પહેલાં બહાર પડી ચૂકયું હશે. આ તારણનાં વાંચન પરથી શ્રી મણિભાઈ લોખંડવાળા (જેઓ ગૂર્જરવાડી જે જ્ઞાતિની છે, તેના અધ્યક્ષ છે અને આ માટુંગા ચાતુર્માસમાં જેમણે અનેક પ્રકારે હાર્દિક સેવા બજાવી છે, તેઓ)નું મન પુસ્તક છપાવવા રૂપે થયું. 'એકને બદલે બીજાઓ પણ સામેલ થાય તો સારું' જે પરથી તેમણે સ્વેચ્છાએ ભાગીદારી જેટલી જે નોંધાવે તેમાં ખુશીથી સંમતિ બતાવી. સદ્‌ભાગ્યે તેમના જ પ્રયત્ને મદ્રાસ સ્થા. જૈન છાત્રાલયના ગૃહપતિ પ્રિય ભાઈશ્રી. ગુલાબચંદભાઈ જેવા યોગ્ય સંપાદક પણ મળી ગયા. શિબિર સહાયક શ્રી છોટુભાઈ, મણિભાઈ, મીરાંબહેન અને આ પ્રવચનોના બીજા શ્રોતા ભાઈબહેનોનો હિસ્સો પણ ભૂલી ન શકાય. આ રીતે જોતાં આ પુસ્તકમાં કેટલાં બધાં પરિબળોનો ફાળો છે, તેનો વાચકોને ખ્યાલ આવશે. વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ સંચાલિત 'સાધુ–સાધ્વી શિબિર વ્યવસ્થાપક સમિતિ' નિમાયેલી તે આ પુસ્તકની નૈતિક સંપાદિકા છે, પણ બધી સગવડો જોઈ મહાવીર સાહિત્ય પ્ર૦ મંદિરનું પ્રકાશક તરીકે નામ રખાયું છે. શિબિર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પછીના કાર્યનું સંકલન રહે, એ માટે (૧) અનુબંધ વિચારધારા પ્રચાર સમિતિ (૨) સાધુસાધ્વી સંપર્ક સમિતિ અને (૩) તપ, સાધન વ. અંગેની એક ફાળા સમિતિ પણ વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ તળે રચાયેલ છે. જ્યાં લગી 'વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ' દેશભરમાં વ્યવસ્થિત રૂપે ન ઊભો થાય ત્યાં લગી દેશદેશાંતરના શુદ્ધિપ્રયોગો ઉપરાંત શાંતિસેનાની કામગીરી પણ વ્યકિતગત ક્રાંતિપ્રિય સાધુસાધ્વી-ઓની પ્રેરણા નીચે ગ્રામ પ્રાયોગિક સંઘો તથા વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘોની શાખાઓ એ જ બજાવવાની રહેશે. એ દૃષ્ટિએ ધર્મદૃષ્ટિએ સમાજરચના પછીનું સાધુસાધ્વી શિબિરનું દશેક પુસ્તકમાં પ્રગટનારું આ સાહિત્ય ભવિષ્યના સમાજ પ્રેરક ચારિત્ર્ય ઘડતરમાં પોતાનું આગવું અને અજોડ સ્થાન લેશે એવી સંભાવનાને કારણે મને આશા જ નહીં; બલકે ખાતરી છે કે આ પુસ્તકનો લાભ વાચકો પૂરેપૂરો લેશે અને અનુબંધ વિચારધારાના સક્રિય અંગ બની પોતપોતાની કક્ષા અને પરિસ્થિતિ મુજબ ધર્મદૃષ્ટિએ સમાજરચના કરવાનો લહાવો લૂંટશે.

ચીખલી, તા. ૬-૪-૬૨ 'સંતબાલ'



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બે બોલ

મુનિશ્રી સંતબાલજીને તમો સૌ જાણો છો. તેઓ એક ક્રાન્તિકારી જૈન સાધુ છે. તેઓ આત્મસાધનામાં મગ્ન રહેવા છતાં સમાજકલ્યાણની અનેક પ્રવૃત્તિમાં સક્રિય માર્ગદર્શન અખંડપણે અહોનિશ આપતા રહે છે. તેઓશ્રી માને છે કે હવે માત્ર ઉપદેશથી કામ નહી ચાલે પણ જે સમાજ-જીવન ચૂંથાઈ ગયું છે; ડગલેને પગલે અશાન્તિ દેખાય છે. તેના નિરાકરણ માટે સાધુસંતોએ સક્રિય માર્ગદર્શન આપવું જોઈશે. આ તો જ બની શકે કે જો સાધુસાધ્વીઓ, પ્રાણ પ્રતિષ્ઠા અને પરિગ્રહનો મોહ છોડે અને સાંપ્રદાયિકતામાંથી મુક્ત બની, સર્વધર્મનો અભ્યાસ કરે. આમ કરવાથી આપોઆપ ગ્રામજનતાનો અને આમજનતાનો સંપર્ક આવી જશે.

આજે કોઈ પણ એક પ્રશ્ન કે એક જ ક્ષેત્રના અનેક પ્રશ્નો લેવાથી સમાજ વ્યવસ્થા પૂર્ણ નહીં બને. જો ધર્મમય સમાજરચના ઊભી કરવી હશે તો માનવજીવનમાં ઊભા થતા સામાજિક, આર્થિક, ધાર્મિક, રાજકીય અને દરેક ક્ષેત્રના પ્રશ્નોનો સર્વાંગી વિચાર કરવો પડશે. અને અમલ પણ સંસ્થા દ્વારા જનતા વાટે કરવો પડશે. પ્રાચીન કાળમાં યુગાનુરૂપ આમ થતું હતું; એટલે જ ભારતની સંસ્કૃતિ સર્વશ્રેષ્ઠ બની છે; અને આજ સુધી ટકી છે. આપણે ત્યાં ઘરના ધર્મની ચોકી સ્ત્રીઓ કરતી એટલે કુટુંબ સ્નેહસભર અને પવિત્ર રહેતું. સમાજની ચોકી બ્રાહ્મણો કરતા, તેઓ કયાંય વ્યસનો, અપ્રમાણિકતા કે ગેરરીતિઓ પેસી ન જાય તેને માટે સતત ક્રિયાશીલ રહેતા; તેથી દેશ નીતિસભર રહેતો. અને સંતો આખા દેશમાં પરિભ્રમણ કરી સંસ્કૃતિની ચોકી અખંડપણે કર્યા કરતા હતા. રાજ્ય પણ સંતો, બ્રાહ્મણોને આધીન રહીને ચાલતું. આ બધાના કારણે સમાજ શાન્તિથી જીવતો. અને અધ્યાત્મલક્ષી રહી શકતો; કોઈ જાલીમ દુષ્ટ કૃત્ય કરનાર નીકળતો તો રાજ્ય તેને યોગ્ય નશ્યત કરતું.

આજે સ્થિતિ બદલાઈ ગઈ છે. પૂર્વ પશ્ચિમ એક થવા લાગ્યાં છે. વિજ્ઞાને દોટ મૂકી છે. એટલે મહારાજશ્રી એ જ પુરાણી સંસ્કૃતિને નજરમાં રાખી, યુગાનુરૂપ નવી ઢબે સમાજ વ્યવસ્થા ગોઠવવા પ્રયત્ન કરે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે વિશ્વરાજ્યોમાં લોકશાહી વ્યવસ્થા શ્રેષ્ઠ બનતી જાય છે. ત્યારે જનતાને ઘડવાનું જ મુખ્ય કામ અગત્યનું બન્યું છે. એટલે એમનાં નીતિનાં પાયા પર સંગઠનો બનાવવાં જોઈએ. એ સંગઠનો સતત સાચે રસ્તે વિકાસ કરતાં રહે તે માટે; તેનું સંચાલન આજના બ્રાહ્મણો કે જે રચનાત્મક કાર્યકરો કહેવાય છે તેમની બનેલી સંસ્થાના હાથમાં મૂકવું જોઈએ. અને રચનાત્મક કાર્યકરોની સંસ્થાને પણ માર્ગદર્શક પ્રેરણા મળતી રહે તે માટે સાધુસંતોએ ધ્યાન રાખવું જોઈએ. દુનિયા ભરનાં રાજ્યોની અશુદ્ધિઓ દૂર કરવા માટે પણ સાધુસંતોએ ધ્યાન આપવું જોઈએ.

આ સાધુસંતો સર્વાંગી પ્રશ્નોને સમજે, અને તે માટે સાથે બેસી વિચાર વિનિમય કરી શકે તે કારણે સંવત ૨૦૧૭ ના ચાતુર્માસમાં મુંબઈમાં માટુંગા (ગુર્જર વાડી) મુકામે સાધુ સાધ્વી અને સાધક સાધિકાઓનો એક શિબિર યોજવામાં આવેલો. તે સતત ચાર માસ ચાલ્યો, તેમાં જે પ્રવચનો ચર્ચા વ. ચાલ્યાં તેનું પુસ્તક આકારે સંકલન થાય તો બીજાં સાધુ સાધ્વી, સેવકો અને પ્રજાને તેમાંથી ઉપયોગી માર્ગદર્શન મળે તેવી ઘણાં ભાઈબેનોને લાગણી આવી. ખાસ કરીને પૂ. નેમિચંદ્રજી મહારાજની એવી તીવ્ર ઇચ્છા હતી. પરંતુ આટલા બધા સાહિત્યને તૈયાર કરવું, તેનું સંપાદન કરવું અને પછી છપાવવું તે ઘણું અઘરું કામ હતું. તેને માટે સમય જોઈએ અને સહાય માટે નાણાં પણ જોઈએ. આની વિમાસણ ચાલતી હતી. પણ જે કામ કુદરતને ગમતું હોય છે તે કામને આગળ વધારવા કુદરત જ કોઈકને નિમિત્ત બનાવી પ્રેરણા આપે છે.

માટુંગાના આ શિબિરમાં શીવમાં રહેતા શ્રી મણિભાઈ લક્ષ્મીચંદ લોખંડવાળા પ્રથમથી રસ લેતા હતા. તેમને મુનિશ્રી સંતબાલજી ઉપર અપાર શ્રદ્ધા છે. મહારાજશ્રી જે ધર્મકાર્ય કરી રહ્યા છે તે આજના યુગે ખૂબ જરૂરી છે તેમ તેઓ માને છે. એટલે શિબિરનાં કામોમાં અનેક રીતે તેઓ ઉપયોગી થતા હતા. તેમણે કહ્યું કે "મહારાજશ્રી આ શિબિરપ્રવચનો પુસ્તકરૂપે છપાય અને સાધુસંતોને અપાય તો તેનો લાભ તેમના જીવનવિકાસમાં તો થાય જ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ તેઓ છકાયનાં પિયર (સમાજનાં માબાપ) છે તેથી સમાજને માર્ગદર્શન આપવામાં ઘણાં ઉપયોગી થઈ શકે."

તેમના આ શુભ વિચારથી અને પ્રયત્નથી આ પુસ્તકો છાપવાનું મહાન કામ શરૂ કરી શકાયું છે. આ પ્રવચનોનું મુખ્ય તત્ત્વ જાળવી અલગ અલગ મુદ્દાવાર નાનાં નાનાં પુસ્તકરૂપે છપાય; તો વાંચનારને સુગમ પડે એમ લાગવાથી દરેક વિષયના જુદાં જુદાં પુસ્તકો છપાવવાનું નક્કી કર્યું છે. કુલ દશેક પુસ્તકો તૈયાર થશે એવી ધારણા છે.

આ પુસ્તકોનું સંપાદન પણ ટૂંકાણમાં છતાં મૂળ ભાવ અને અનિવાર્ય એવી વિગતો જાળવીને થાય એ જરૂરી હતું. એ માટે પણ શ્રી મણિભાઇ લોખંડવાળાએ મદ્રાસના જૈન વિદ્યાર્થીગૃહના ગૃહપતિ શ્રી ગુલાબચંદ જૈનનું નામ સૂચવ્યું. તેમને રૂબરૂ મળવા બોલાવ્યા અને વાતચીત કરી અને તેમણે સહર્ષ આ કામગીરી સ્વીકારી.

અંતમાં અમે પૂ. મુનિશ્રી સંતબાલજી તેમજ મુનિશ્રી નેમિચંદ્રજીએ આવું સર્વાંગ સુંદર અનુભવપૂર્ણ સાહિત્ય જનતાને આપ્યું; તે બદલ તેમનો આભાર માનીએ છીએ. તે જ રીતે સાયનમાં શીવસોસાયટીમાં રહેતા વોરા મણિભાઈ લક્ષ્મીચંદ કચ્છ મુદ્રાવાલાએ આ પુસ્તકો છપાવવામાં પૂરતો સહકાર આપેલ છે, તેમજ મહેનત લઈ શેઠ શ્રી પદમશીભાઈ તથા બીજાઓ પાસેથી સહકાર અપાવેલ છે, તે બદલ તેઓશ્રીનો આભાર માનીએ છીએ. તેમની મદદ વગર અમે આ સાહિત્ય પ્રકાશિત કરી શકત કે કેમ ? તે સવાલ હતો. અને મદ્રાસવાળા શ્રી ગુલાબચંદ જૈન કે જેમણે અનેક જવાબદારીઓ હોવા છતાં આ કામને ધર્મકાર્ય માની સમયસર સંપાદન કર્યું છે તેમનો પણ આભાર માનીએ છીએ. પૂ. શ્રી દંડીસ્વામિ, શ્રી માટલિયા વિશ્વવાત્સલ્ય પ્રાયોગિકસંઘ વગેરેએ પણ પ્રેરણા આપી છે, તેથી તેમનો અને જ્ઞાત, અજ્ઞાત સૌએ જે સહકાર આપ્યો છે તેમનો પણ અમે આભાર માનીએ છીએ.

સાધુસંતો, સાધ્વીઓ, સેવકો અને જનતા આ પુસ્તકોનો અભ્યાસ કરી સ્વપર કલ્યાણનો સ્પષ્ટ માર્ગ અખ્તયાર કરશે એવી અમને આશા છે.

૨૪-૪-૬૨ સાધુસાધ્વી શિબિર વ્યવસ્થાપક સમિતિ, મુંબઈ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અનુક્રમણિકા

પ્રકરણ	વિષય	લેખક	પૃષ્ઠ
૧.	વિશ્વવાત્સલ્ય, સર્વોદય અને કલ્યાણરાજ	... મુનિશ્રી નેમિચંદ્રજી	... ૧
૨.	વાત્સલ્યથી વિશ્વવાત્સલ્ય–વિવેચન	... મુનિશ્રી નેમિચંદ્રજી	... ૨૭
૩.	વિશ્વવાત્સલ્યનાં પાસાંઓ	.... મુનિશ્રી નેમિચંદ્રજી	... ૪૭
૪.	વિશ્વવાત્સલ્યનો બીજમંત્ર	... મુનિશ્રી નેમિચંદ્રજી	... ૬૫
૫.	વિશ્વવાત્સલ્યનાં એકમો	... મુનિશ્રી નેમિચંદ્રજી	... ૮૭
૬.	વિશ્વવાત્સલ્યની આચારનિષ્ઠા	... મુનિશ્રી નેમિચંદ્રજી	.... ૧૧૨
૭.	વિશ્વવાત્સલ્યની નીતિનિષ્ઠા	... મુનિશ્રી નેમિચંદ્રજી	... ૧૩૭
૮.	વિશ્વવાત્સલ્યની ધર્મનિષ્ઠા	... મુનિશ્રી નેમિચંદ્રજી	... ૧૬૨
૯.	વિશ્વવાત્સલ્યમાં વ્રત–વિચાર	... મુનિશ્રી નેમિચંદ્રજી	... ૧૮૬
૧૦.	વિશ્વવાત્સલ્યમાં બ્રહ્મચર્યવિચાર	... મુનિશ્રી નેમિચંદ્રજી	... ૨૦૭
૧૧.	વિશ્વવાત્સલ્યમાં સત્ય શ્રદ્ધાવ્રત	... મુનિશ્રી નેમિચંદ્રજી	.... ૨૨૯
૧૨.	વિશ્વવાત્સલ્યમાં માલિકી હકમર્યાદા	... મુનિશ્રી નેમિચંદ્રજી	... ૨૫૨
૧૩.	વિશ્વવાત્સલ્યના કાર્યક્રમો	.... શ્રી દુલેરાય માટલિયા	... ૨૭૬
૧૪.	સર્વોદયનું આજ સુધીનું સ્વરૂપ	... મુનિશ્રી નેમિચંદ્રજી	.... ૩૦૪
૧૫.	સર્વોદયનાં કાર્યક્રમો અને ખૂટતાં તત્ત્વો	... મુનિશ્રી નેમિચંદ્રજી અને શ્રી દુલેરાય માટલિયા	.... ૩૨૬
૧૬.	સર્વોદયનો રાજનૈતિક દૃષ્ટિકોણ	... મુનિશ્રી નેમિચંદ્રજી અને શ્રી દુલેરાય માટલિયા	.... ૩૫૨
૧૭.	કલ્યાણ રાજ્ય અને તેની પૂર્વભૂમિકા	...શ્રી દુલેરાય માટલિયા	.... ૩૮૦
૧૮.	વિશ્વવાત્સલ્ય વિચારની વિશેષ જવાબદારી	... શ્રી દુલેરાય માટલિયા	... ૩૯૪

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

[૧] વિશ્વવાત્સલ્ય, સર્વોદય અને કલ્યાણરાજ

[તા. ૧૭-૭-૬૧] —મુનિશ્રી નેમિચંદ્રજી

વિશ્વને સુખી કરવા માટે, તેમાં વસેલાં જીવોના કલ્યાણ માટે જગતમાં પ્રાચીન કાળથી આજ સુધી અલગ અલગ પ્રકારની ઘણી વિચારધારાઓ રજુ કરવામાં આવી છે. જ્યારે જ્યારે લોકસમૂહમાં દુઃખ, સંતાપ કે કલેશો વધે છે ત્યારે ત્યારે વિચારકો આગળ આવીને તેમનાં સુખ, શાંતિ અને કલ્યાણ માટે પોતાની રીતે વિચારધારાઓ રજૂ કરે છે; યોજનાઓ ઘડે છે અને લોકસમૂહને તે રીતે નવિનતા લાવી, નવી રીતે જીવવાનો આદેશ આપે છે. આને લોકક્રાંતિ કહી શકાય. આ લોકક્રાંતિની અંદર ઊંડાણમાં એક જ ઉદ્દેશ્ય રહેલો હોય છે—અને તે છે માનવજીવનની એક વ્યવસ્થિત પ્રણાલિકાને સ્થાપિત કરવી; જેનાથી લોક-જીવનમાં સુમેળ બન્યો રહે.

આ વિચારસરણીઓ જગત સમક્ષ જુદા જુદા ધર્મોના નામે રજૂ થઈ; જુદા જુદા વાદોના નામે પ્રગટ થઈ તેમ જ જુદી જુદી ભાવનાઓ રૂપે રજૂ થઈ. પાશ્ચાત્ય દેશોમાં આજે મુખ્યત્વે ભૌતિકવાદને સ્થાન આપવામાં આવેલ છે. મૂડીવાદી લોકશાહીને લ્યો કે સામ્યવાદી મજૂર સરમુખત્યારશાહીને લ્યો. બન્નેનાં અંતિમ ધ્યેય રૂપે તો માનવજીવનનાં ઉચ્ચતમ ભૌતિક સુખો જ છે. લોકો દ્વારા વધુ ધન મેળવી, તેનો ઉપયોગ તેમનાં અનિયંત્રિત ભૌતિક સુખો અંગે કરવામાં મૂડીવાદ માને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે, જ્યારે જેટલું અને જેવું કામ તે પ્રમાણે મૂડીને સરખે ભાગે વહેંચી બધા સમાન રીતે સુખોને ભોગવે તેમાં સામ્યવાદ માને છે.

એની સાથે પ્રાચીન કાળથી ભારતે લોક-જીવન જીવવા માટે જે વિચારધારા આપી છે તે ધર્મમય સમાજવાદની છે; ધર્મમય સમાજ-રચનાની છે. આમાં 'ધર્મ'ને મુખ્યતા આપવામાં આવી છે. આ ધર્મમય સમાજરચનાને સમજવા માટે જગતના જે જે વિચાર પ્રવાહો છે તેને બરાબર જાણી લેવા જોઈશે. પાશ્ચાત્ય વિચારપ્રવાહોનો આધાર મુખ્યત્વે ભૌતિક સુખો તરફ વળેલો છે; ત્યારે પૂર્વના વિચારપ્રવાહનો આધાર આધ્યાત્મિક ઉન્નતિ છે. વિચારકોનું કહેવું છે કે આ માનવજીવનની ઉપયોગિતા કેવળ ભૌતિક સુખોમાં પૂર્ણ થતી નથી; પણ તેની આધ્યાત્મિક ઉન્નતિમાં રહેલી છે એટલે લોકજીવનના સુમેળ માટે પૂર્વના વિચાર પ્રવાહોને અહીં સમજી લઈએ.

સમાજરચના સાથે ધર્મને અહીં વિશેષ રૂપે જોડવામાં આવેલો છે અને ભારતીય લોકજીવનના ઇતિહાસને તપાસશું તો એ સ્પષ્ટ જણાઈ આવશે કે જગતનાં જુદા જુદા લોક-જીવનો 'ધર્મ' કે ધર્મ જેવી કોઈ વિચારસરણીની આસપાસ ગુંથાયેલાં છે.

આ વિચારસરણીને સર્વાંગી રીતે સમજવા માટે ત્રણ શબ્દો હમણાં અવારનવાર સંભળાયા કરે છે :—[૧] વિશ્વવાત્સલ્ય, [૨] સર્વોદય, [૩] કલ્યાણરાજ. આ ત્રણે શબ્દો એકબીજાથી એટલા બધા મળતા હોવા છતાં, દરેકની પોતપોતાની વિશેષતા છે અને જગતમાં જે ધર્મમય સમાજની રચનાનો પ્રયાસ થઈ રહ્યો છે, તે આ ત્રણેનો સમન્વય થયા બાદ જ પૂર્ણ બની શકે છે. આ ત્રણે વિચાર પ્રવાહો સામાન્ય રીતે લોક-જીવન કેવી રીતે ઉન્નત બને તેને લક્ષ્યમાં રાખીને યોજવામાં આવ્યા છે.

સ્થૂળ અર્થમાં વિશ્વ-વાત્સલ્યની જે વિચારધારા છે; તે સમાજ કે સંસ્થા દ્વારા, અથવા સંસ્થા રચાઈને; પ્રચલિત સ્થાપિત હિતોની વિરુદ્ધ ક્રાંતિ કરવામાં અને તે વડે લોકજીવનનો સુમેળ સાધવામાં માને છે. વિશ્વવાત્સલ્ય વિચારધારાનું મૂર્તિરૂપ ધર્મમય સમાજરચના છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સર્વોદય વિચાર-ધારા વ્યક્તિનાં સર્વાંગી ઉદયને માને છે. તે (ગાંધીજી પછી ભૂદાન આંદોલનના સમયથી વિનોબાજીના સમયથી) વ્યક્તિના સંપૂર્ણ વિકાસ વડે ક્રાંતિ કરી લોકજીવનને સુખ-શાંતિ અપાવવામાં માને છે. ગાંધીજી તો સંસ્થામાં માનતા પણ હમણાં 'અમારે સંસ્થાઓ સાથે શું?' એવો ઓક સર્વોદય કાર્યકર્તાઓમાં જોવા મળે છે.

ત્યારે, કલ્યાણ-રાજ એટલે કે સંપૂર્ણ રાજ્ય દ્વારા અથવા સત્તા દ્વારા રાજ્યક્રાંતિ કરવાની કલ્પનાને લઈ ને લોકજીવનને આરોગ્ય, ન્યાય, શિક્ષણ વ.માં રાહત આપવી, એવો વિચાર-પ્રવાહ છે. એમાં એક રાજ્યતંત્ર તરીકે રાજાશાહીના પ્રતીક રાજા વડેનો વહીવટ આવી જાય છે અને પ્રજાતંત્ર તરીકે પ્રજાશાહીના પ્રતીકરૂપે રાજસભાનો વહીવટ પણ આવી જાય છે. એમાં રાજતંત્ર પ્રજામાં રાહતનાં કામો કરી સુખ આણે એ વિચાર સમાએલો હોય છે.

સર્વોદયવાદ અને કલ્યાણરાજમાં એક પ્રકારનો અદેશો રહેલો છે કે તેના વડે કયારેક પ્રથમ વિચારધારા સર્વોદયવાદ પ્રમાણે વ્યક્તિત્વ પૂજાના ફેલાવવાનો ડર રહે છે અને સિદ્ધાંતોને સ્થાપિત હિતો હેઠાં મૂકી દે છે! અથવા કયારેક સંપૂર્ણ રાજતંત્ર સ્થાપિત હિતોનું શિકાર બને છે અને લોક-કલ્યાણના બદલે લોક-શોષણનો ક્રમ આવીને ઊભો રહે છે. આ કલ્યાણરાજનું મોટામાં મોટું ભયસ્થાન છે.

ભારતની પ્રાચીન પ્રણાલિ તરફ નજર કરશું તો જણાશે કે લોકક્રાંતિના વાહન રૂપે જનતાની સસ્થાઓને જ મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે. સર્વોદયના પ્રતીક રૂપે ધર્મ સંસ્થાપકોએ વિચાર-ધારાઓ રજૂ કરી પણ તેને અમલમાં લાવનાર તો સંસ્થાઓ જ હતી. કલ્યાણ-રાજના આદર્શરૂપે રાજા-રામે રામ-રાજ્ય સ્થાપ્યું પણ ત્યારબાદ તે પરિપાટીને ચાલુ રાખી શકાઇ હોય તો સંસ્થાઓ દ્વારા જ. સર્વોદયની વ્યક્તિ કે કલ્યાણરાજના પ્રતિનિધિ, વંશપરંપરાગત એવી જ સ્વચ્છ પ્રણાલિને ટકાવી શકે તેવી વ્યક્તિઓ આવી શકી નહીં; અને જે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમણે સંસ્થાઓનો આધાર લીધો ન હોત તો તેમના અવસાન સાથે ઘણીવાર બને છે તેમ તે વિચાર પ્રવાહ સૂકાઇ ગયો હોત. પ્રાચીન કાળમાં ક્રાંતિના વાહન રૂપે વર્ણાશ્રમ સંસ્થાઓ હતી. તે વર્ણાશ્રમ વ્યવસ્થાનો પાયો ધર્મ હતો એટલે ધર્મમય સમાજ રચનાને તે વખતે જોઇ શકાતી હતી. ત્યારબાદ વ્યકિતઓ ક્રાંતિની પ્રેરક બની એ હકીકત છે; પણ તેમની ક્રાંતિનાં વાહન રૂપે તો આગળ જતાં સંસ્થાઓએ જ કાર્ય કર્યું. વર્ણાશ્રમ વ્યવસ્થા પછી તેમાં ક્રાંતિ લાવવા માટે બુદ્ધ અને મહાવીર જરૂર લોકક્રાંતિના પ્રેરક બન્યા અને એ દ્રષ્ટિએ "બુદ્ધ શરણું ગચ્છામિ" અને "અરિહંત શરણું પવજ્જામિ" રૂપે તેમને પ્રથમ સ્થાન આપ્યું પણ ત્યારબાદ "સંઘ શરણું ગચ્છામિ" અને "સાહુ શરણું પવજ્જામિ–ધમ્મં શરણું પવજ્જામિ' ને; ક્રાંતિના વાહક રૂપે મૂકવામાં આવ્યા. આમ ક્રાંતિના વાહન રૂપે તો 'સંઘો, સમાજો કે સંસ્થાઓ જ આવે છે.

આમ એ વિચાર પ્રણાલીને અનુરૂપ અને નજીક કેવળ વિશ્વ-વાત્સલ્ય વિચાર–સરણી જ આવીને ઊભી રહે છે. વર્ણાશ્રમ વ્યવસ્થાથી લઈને સંઘરચના સુધી વિશ્વવાત્સલ્યને આમ મહત્વ આપવામાં આવ્યું છે. જૈન કે બૌદ્ધ શ્રવણો સાથે સાથે શ્રવણોપાસકોને પણ લેવામાં આવ્યા છે. તેને અનુરૂપ વિશ્વવાત્સલ્ય વિચાર પ્રવાહમાં ક્રાંતિપ્રિય સાધુસંતોનાં માર્ગદર્શન સાથે અનુક્રમે; સર્વાંગી દૃષ્ટિવાળા જનસેવકોનું સંચાલન; ગામડાં અને શહેરોમાં મધ્યમવર્ગ–માતૃસમાજનાં સંગઠનો દ્વારા લોકજાગૃતિ આણી; આજની રાષ્ટ્રિય મહાસભાની લોકશાહી સરકાર દ્વારા ક્રાંતિ કરવાની વાત રજૂ કરવામાં આવે છે. એ ભારતની પ્રાચીન સંસ્કૃતિને અનુરૂપ અને બંધ બેસતી છે.

કદાચ કોઈને લાગે કે આમાં કોઈ વર્ગ કે સમૂહની ટીકા થઈ રહી છે; પણ તેવું નથી. આજના પ્રવાહોને ઊંડાણથી સમજવા અને તેનો સમન્વય કરી ખરો માર્ગ શોધવા માટે જ આ વિચારણા થઈ રહી છે. એક રીતે એમ પણ કહી શકાય કે વ્યકિતત્વના સંપૂર્ણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિકાસના સર્વોદય, અને રાજ્યદ્વારા ક્રાંતિની વિચારધારારૂપ કલ્યાણરાજને પણ વિશ્વવાત્સલ્ય જોડે છે. જો ક્રાંતિની પ્રેરક વ્યક્તિઓના વિચારને સંસ્થાઓ વડે ન ફેલાવવામાં આવે તો રાજ્ય દ્વારા એ ક્રાંતિનું મૂલ્યાંકન કયાંથી થઇ શકે ? આમ વિશ્વવાત્સલ્યની કડી વગર કે સાધન વગર બન્ને વિચારપ્રવાહો અમલી બની શકતાં નથી એવું લાગ્યા વગર રહેતું નથી.

સર્વોદય વિચારપ્રવાહનો આજનો વળાંક કંઈક જુદા પ્રકારનો છે. સર્વોદયી સંત વિનોબાજીએ પ્રારંભથી એકવાર કહ્યું છે કે સંગઠનો આવતાં ત્યાં અનેક પ્રકારના દોષો પ્રવેશી જવાનો ભય ઊભો રહે છે. એથી ક્રાંતિ અટકી જાય છે કારણ કે વ્યક્તિઓ (સભ્યો) ઉપર દબાણ આવે છે એટલે ત્યાં હિંસા થાય છે. એ માટે વ્યક્તિ શુદ્ધ થવી જોઈએ. તેણે આત્મોન્નતિને લક્ષમાં રાખીને કામ કરવું જોઈએ. અને સંગઠનની લપમાં પડવું ન જોઈએ. વ્યક્તિઓ પવિત્ર થતાં, સમાજ આપોઆપ પવિત્ર થઈ જશે !

આ વિચારપ્રવાહમાં એટલું ખરું કે સંસ્થાઓ વગર વ્યક્તિઓનું અમૂક અને તે પણ નજીકના અંશે ઘડતર થઈ શકે; પણ ત્યારબાદ આખા સમાજના ઘડતરની આશા ન રાખી શકાય ! મહાન વ્યક્તિઓએ સર્વોદય પ્રગટાવ્યા બાદ; તેમના વિચારપ્રવાહને ધપાવવા માટે કોઈ પણ સંગઠન કે સંસ્થા ન રચી તો તેમનો વિચારપ્રવાહ તેમના સુધી જ અટકી જાય છે સંસ્થાના અભાવે, એવું પણ જોવામાં આવ્યું છે કે તે વ્યક્તિની પૂજા થાય છે પણ તેના સિધ્ધાંતો પડખે મૂકાય છે અને તેમના અનુયાયીઓમાં અસંગત લાગે તેટલી વિરૂધ્ધ આચાર પ્રણાલી આવી જાય છે.

એ ધ્યાન રાખવું જરૂરી છે કે જ્યારે સંગઠન રચાય ત્યારે જે દોષોની ભીતિ તરફ વિનોબાજી અંગુલિ નિર્દેશન કરે છે તે અંગે અગાઉથી કાળજી સેવવામાં આવે તો તે દોષો વિકસવાનો ઓછો સંભવ રહે છે.

સંગઠનો ત્રણ પ્રકારનાં હોય છે : (૧) નીતિ પ્રધાન; જેમાં નીતિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મુખ્ય હોય છે. (૨) બંધારણ પ્રધાન; એમાં બંધારણ મુખ્ય અને નીતિ ગૌણ રહે છે. (૩) અર્થ પ્રધાન; એમાં અર્થ (ધન) પ્રાપ્તિનો જ મુખ્ય ઉદ્દેશ હોય છે. વેપારી સંગઠનો ત્રીજા પ્રકારમાં આવે છે ત્યારે રાજ્ય સંગઠનો બીજા પ્રકારમાં આવે છે. તેમાં બંધારણ જળવાઈ રહે તે મુખ્ય જોવાય છે. વિશ્વવાત્સલ્ય દ્વારા જે સંગઠનો રચવાની વાત કરવામાં આવે છે તેમાં નીતિ અને ધર્મને મુખ્ય સ્થાન આપવામાં આવે છે. જ્યાં સત્ય અને અહિંસાનું પાલન થાય તેવી કે તેના જેવી ઉપયોગી સંસ્થાઓને જ વિશ્વવાત્સલ્યનો ટેકો હોય છે; એટલું જ નહીં સત્ય અને અહિંસાના આચારને જીવનમાં ઉતારી, બીજા પણ તેને આચરે એ પણ એની ક્રિયાત્મક આગળની દિશા છે. ઘડતર પામેલી આધ્યાત્મિક વ્યક્તિઓ અને સુસંસ્થાઓ દ્વારા લોકોને અધ્યાત્મ તરફ વાળવા માટે વિશ્વ-વાત્સલ્યના માધ્યમથી ક્રાંતિ કરવી એ એનો મુખ્ય હેતુ છે. રાજકીય પક્ષો સત્તા દ્વારા ક્રાંતિ કરવા ઇચ્છે છે ત્યારે અહીં સેવા દ્વારા (હૃદય-પલટાની) ક્રાંતિની વાત રહેલી છે.

હવે 'વિશ્વવાત્સલ્ય' શબ્દ ઉપર વિચાર કરીએ. એમાં બે શબ્દો છે :—વિશ્વ અને વાત્સલ્ય. આખા વિશ્વ સાથેનું વાત્સલ્ય તે વિશ્વવાત્સલ્ય.

વિશ્વ શબ્દ સાંભળતાં આખું જગત નજર આગળ ઊભું થાય છે. આ જગતમાં જડ અને ચેતન બન્ને તત્વો રહેલાં છે. બન્નેના મિશ્રણથી વિશ્વ બન્યું છે. તે કેવળ ચેતનનો જ સમૂહ નથી તેવી જ રીતે તદ્દન જડનો સમૂહ પણ નથી. અહીં તો વિશ્વ સાથે ચૈતન્યને જ જોડવાનો છે કારણ કે તેની સાથે જે ભાવ જોડવાનો છે તે કેવળ ચૈતન્ય જ અનુભવી શકે છે. તેની સાથે ચૈતન્યથી સંકળાયેલી વસ્તુઓનો પણ વિચાર કરવો અનિવાર્ય બને છે. તેમાં શરીર, મકાન, ઘર, ગ્રામ, નગર, રાષ્ટ્ર, સમાજ, વિચારધારા, પક્ષ, વાદ, મિલ્કત વ. અનેક વસ્તુઓ આવી જાય છે. સાદી સમજણ માટે વિશ્વના ત્રણ વિભાગ કરી શકાય : [૧] વ્યક્તિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

[૨] સમાજ (માનવજાતિ) [૩] સમષ્ટિ (ઇતર જીવ સૃષ્ટિ). એ ત્રણે ય મળીને આખું વિશ્વ એક એકમરૂપે બને છે.

વાત્સલ્ય શબ્દનો અર્થ સામાન્ય રીતે બધા વહાલ કે પ્રેમ એવો કરે છે. ખરેખર વાત્સલ્ય શબ્દનો અર્થ એથી પણ વ્યાપક છે. તેનો ભાવ માતૃભાવ સાથે વધારે બંધબેસતો છે. જેમકે એક માતા પોતાના બાળકને ચાહે છે પણ સાથે જ તેને સંરક્ષણ આપે છે અને તેના જીવનને પોતાના સ્તનપાનથી પોષણ આપે છે અને બાળક માના ખોળામાં આવીને જગતના બધા દુઃખો અને ભયને ભૂલી જાય છે. આ બધા પવિત્ર-ભાવો વાત્સલ્યમાં આવી જાય છે. વાત્સલ્ય એટલે પ્રેમ સાથે જીવન વિકાસ અને તેની સંરક્ષકતા તેમ જ અભયનું સર્વશ્રેષ્ઠ સ્થાન.

આમ આખા વિશ્વ સાથે વાત્સલ્ય ભાવ કેળવવો એટલે કે દરેક જીવનને સંરક્ષણ આપી તેનો વિકાસ થવા દેવો તેમ જ અભયવૃત્તિ કેળવવી એ વિશ્વ વાત્સલ્ય છે. વિશ્વ સાથે વાત્સલ્ય કેળવવું, સાધવું કે કરવું એનો એવો સ્પષ્ટ અર્થ છે.

શું આવું વિશ્વવાત્સલ્ય સાધી શકાય ખરૂં ! જ્યારે ઘરની અમૂક વ્યક્તિઓ સાથે પણ તે સાધી શકાતું નથી; તેમ જ દરેક માણસ આખું વિશ્વ જોઈ શકતો નથી તો શું વિશ્વવાત્સલ્યના ધ્યેયને પહોંચી શકાય ? એક માણસ ભલે આખા વિશ્વમાં ન પહોંચી શકે; પણ જો તે સમાજના દરેક માણસોને અને સમષ્ટિનાં દરેક પ્રાણીઓને; પોતાનાં જ અંગ રૂપે માની, આત્મીયતા કેળવે, સંયમ અને અહિંસાને પંથે પોતે ચાલે અને બીજાને જવાની પ્રેરણા આપે. પોતાનાં જીવનને અનિષ્ટોથી દૂર રાખે અને બીજાનાં જીવનને અનિષ્ટોથી દૂર રાખી; સંરક્ષણ અને સંવર્ધન સમર્પે છે ત્યારે આપોઆપ વિશ્વવાત્સલ્ય સધાય છે. મુનિશ્રી સંતબાલજી કહે છે કે " વ્યક્તિ, સમાજ અને સમષ્ટિ સાથે અનુબંધ (ધ્યેયપૂર્વક સંબંધ) જોડાયા પછી વિશ્વવાત્સલ્યની સાધના સરળતાથી થઇ શકે છે. "

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિશ્વવાત્સલ્યને બદલે વિશ્વપ્રેમ કે વિશ્વબંધુત્વ શબ્દ શા માટે રાખવામાં આવ્યા નથી, એમ કેટલાક કહેશે. 'પ્રેમ' શબ્દ સાંભળતાં, જ્યાં સુધી તેની આગળ શુદ્ધ શબ્દ ન ઉમેરીએ ત્યાં સુધી એક પ્રકારનો વિકાર ભાવ જણાશે; એટલું જ નહીં તેની મર્યાદા મુખ્યત્વે સ્ત્રી અને પુરુષની એક બીજા સુધીની રહેશે. ઈશુ અને કૃષ્ણ માટે વિશ્વ પ્રેમી શબ્દો વાપરવામાં આવ્યા છે પણ આજે 'પ્રેમ' શબ્દનો ઉપયોગ એ રીતે થતો નથી. 'બંધુત્વ'માં સમાનતાનો ભાવ આવેલો છે ખરો પણ તે માણસનો માણસ પ્રત્યે રહી શકે. વિશ્વબંધુત્વની મર્યાદામાં પ્રાણીઓ પ્રત્યેનો પ્રેમ આવતો નથી. જ્યારે વિશ્વ–વાત્સલ્ય શબ્દ આવતાં જ માતાના બાળક પ્રત્યેના કેવળ શુદ્ધ પ્રેમનો જ ખ્યાલ આવતો નથી; પણ એ જીવનને ટકાવી રાખવાની કાળજી અને તેના વિકાસ માટે બધું કરી છૂટવાની ભાવના એ બધા ભાવોનો સમાવેશ થઇ જાય છે. સાગરમાં બધી નદીઓ સમાઇ જાય તેમ વિશ્વવાત્સલ્યમાં, વિશ્વબંધુત્વ અને વિશ્વપ્રેમ બન્ને સમાઈ જાય છે.

આવા વિશ્વવાત્સલ્યની સાધના જે સંપૂર્ણ રીતે કરી શકે છે, તેને શાસ્ત્રોએ મોક્ષનો અધિકારી ગણ્યો છે. આખી પ્રાણીસૃષ્ટિમાં કેવળ માનવને જ આ અધિકાર આપવામાં આવ્યો છે. એજ બીજાં પ્રાણીઓ કરતાં વધુ વિચારવાન, બુદ્ધિમાન અને જ્ઞાનવાન છે; તે દ્રષ્ટા છે, જ્ઞાતા છે અને કર્તા, ભોક્તા અને મુક્તા બની શકે છે.

માનવ સિવાયના બીજા પંચેંદ્રિય, ચેતનાવાળા પ્રાણીઓ તરીકે પશુ–પંખી આવે છે. તેઓ બહુ બહુ તો પોતાનાં સંતાનો પ્રત્યે અમુક સમય સુધી વાત્સલ્ય કરી શકે છે; કદાચ પોતાની જાતિનાં પ્રાણીઓ સુધી પણ કેળવી શકે છે; પણ સમાજ અને તે પછી સમષ્ટિ સાથે વાત્સલ્ય સાધવા માટે તો માનવ જ સમર્થ છે. માનવમાં પણ આ વૃત્તિ ધીમે ધીમે વિકસે છે. તેનું વાત્સલ્ય પ્રારંભમાં કુટુંબ સુધી જ રહે છે. તે ધીમે ધીમે સમાજ સુધી પ્રસરે છે અને જ્યારે સમાજ–વાત્સલ્યમાં પરિપકવતા આવે છે ત્યારે તે સમષ્ટિ–વાત્સલ્ય પ્રગટાવે છે. આમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

C/o. શ્રી ગોડીજી જૈન ઉપાશ્રય
શ્રી વિજયવલ્લભ ચોક, મુંબઇ-૩

વિશ્વવાત્સલ્યની સાધના માનવ માટે સરળ બની શકે છે. ત્યારે માનવ ઘર, સમાજ, રાષ્ટ્રના પણ સંકુચિત દાયરામાંથી બહાર આવી સમષ્ટિ પ્રતિ પોતાનો વાત્સલ્યભાવ કેળવે છે. ભગવાન મહાવીરે ક્રૂર સર્પ ચંડકૌશિક પ્રતિ વાત્સલ્ય વહેવડાવ્યું હતું. શિબિરાજાએ પારેવાં માટે વાત્સલ્ય વહેવડાવ્યું હતું. કેટલાક મુસલમાન સંતોએ પોતાના શરીરમાં કીડા સળવળે તો યે તેમને ન મારી તેમના પ્રતિ વાત્સલ્ય પ્રગટ કર્યું હતું. આમ વિશ્વવાત્સલ્ય 'આત્મવ્રત સર્વ ભૂતેષુ 'ની સંપૂર્ણ કેળવણીનું પ્રતીક બનીને ઊભું રહે છે.

ભગવાન મહાવીર માટે જૈન શાસ્ત્રોમાં '**જગવચ્છલ**' (વિશ્વ-વત્સલ) વિશેષણ રૂપે આવે છે. જૈનધર્મમાં સમ્યક્-દર્શનના આઠ અંગોમાં 'વચ્છલ'ને પણ સ્થાન આપવામાં આવેલ છે. સમ્યક્દૃષ્ટિ ગૃહસ્થ શ્રાવકની ગણના ચોથા ગુણસ્થાનક (જૈન ધર્મની વિકાસ પદ્ધતિ)થી કરવામાં આવેલ છે ત્યાંથી ચૌદમા ગુણસ્થાનક સુધી એટલે કે સંપૂર્ણ કેવળીની દશા સુધી સમ્યક્દર્શનનું હોવું જરૂરી છે. એટલે કે ગૃહસ્થો માટે સમ્યક્દર્શન અને તેની રૂએ વાત્સલ્ય હોવું જરૂરી છે. ગૃહસ્થોના વાત્સલ્યને "સાહમ્મિય વચ્છલ" એટલે કે સાધર્મીવાત્સલ્ય ગણવામાં આવેલ છે. આજે જો કે સંપ્રદાયવાદને કારણે સહુ તેને પોતાના સંપ્રદાય સુધી ગણે છે પણ તેનો ખરો અર્થ તો "સંઘ વાત્સલ્ય" થાય છે. આજની ભાષામાં તેને 'સમાજ વાત્સલ્ય' પણ કહી શકાય અને એ જ અર્થ બંધબેસતો છે. કારણકે સાધર્મીનો અર્થ સમાનધર્મી થાય છે. મનુષ્યતો સમાનધર્મી માનવ છે એટલે સમાજવાત્સલ્ય એનો સ્પષ્ટાર્થ થાય છે. એના વિકાસ રૂપે વિશ્વવાત્સલ્ય કેળવવું ઉચ્ચ સાધકો (સાધુઓ) માટે આવશ્યક ગણાયું છે કારણકે જૈન સાધુવર્ગને છ કાયાના મા-બાપ કહ્યા છે. આ ત્યારે જ થઈ શકે જ્યારે વિશ્વ-વાત્સલ્ય કેળવવામાં આવે. એ માટે ગૃહસ્થો પૂરતી મર્યાદા સાધર્મી-વાત્સલ્ય સુધી આંકવામાં આવી અને સાધુઓ માટે તેને સમષ્ટિ સુધી લંબાવવામાં આવી. વિકાસક્રમના ભેદે અહીં વાત્સલ્યની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ જુદી જુદી મર્યાદાઓ દોરવામાં આવી છે પણ બન્નેનું ધ્યેય તો સંપૂર્ણ વિશ્વવાત્સલ્ય પ્રગટાવવામાં રહેલું છે.

હવે આ વિશ્વવાત્સલ્ય વહેવડાવવું તે કઈ રીતે? કારણકે આ જગતમાં બધા એક શ્રેણિના લોકો નથી અને પ્રાણીઓ પણ અલગ અલગ શ્રેણિના છે. જ્યાં ગાય જેવું કોમળ પ્રાણી છે ત્યાં સિંહ જેવું હિંસક પ્રાણી પણ છે. અનુકૂળ માનવ, સમાજ અને રાષ્ટ્ર છે ત્યાં પ્રતિકૂળ માનવ, સમાજ અને રાષ્ટ્ર પણ છે. અમુક લોકો સજ્જન છે; સત્ય અને અહિંસાની દિશામાં આગળ વધેલા છે; ત્યારે બીજા દુર્જન પણ છે; અસત્ય અને હિંસાની દિશામાં આગળ વધેલા છે. સુખી છે અને દુઃખી પણ છે; શાસક પણ છે અને શોષિત પણ છે. પીડિત, દલિત અને પછાત પણ છે ત્યાં મુકત, સ્વતંત્ર અને આગળ વધેલા પણ છે. કેટલાક પ્રેમભાવ રાખે છે તો કેટલાક ઉદાસીન પણ છે. આ બધા સાથે કેવી રીતે એકસરખું અને સક્રિય વાત્સલ્ય સાધી શકાય? આ એક વિચારણીય પ્રશ્ન છે.

આ અંગે જૈનદર્શન, બૌદ્ધદર્શન અને યોગદર્શને ચાર ભાવનાઓ બતાવી છે. શબ્દના ફેરફાર સિવાય દરેકનો ભાવ લગભગ એક જ પ્રકારનો છે. જૈનદર્શન પ્રમાણે ચારે આ પ્રમાણે છે :—મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ. ઉચ્ચકોટિના સાધકે વિશ્વવાત્સલ્ય પ્રગટાવવા માટે આ ચારે ય ભાવનાઓ કેળવવી જોઈએ, એમ જૈનદર્શન કહે છે. માતા જેમ બાળક પ્રત્યે સ્નેહમય વર્તાવ રાખે એવી જ રીતે આ ચારે ય ભાવનાને જીવનમાં સક્રિય રીતે ઉતારી; સમસ્ત જીવો સાથે પ્રેમમય વહેવાર કરવાનું બૌદ્ધદર્શન સૂચવે છે. ત્યાં આ ચારે ભાવનાને 'બ્રહ્મવિહાર' એવું નામ આપવામાં આવેલ છે. યોગદર્શન એ ચારે ભાવનાઓને ચિત્તશુદ્ધિનું (ચિત્તની પ્રસન્નતાનું) કારણ માને છે. આમ દરેક દર્શને તેમની ઉપયોગિતાનો સ્વીકાર કરેલો છે.

અમિતગતિ સૂરિજીએ સામાયિક પાઠમાં એક શ્લોક વડે આ ભાવનાને સ્પષ્ટ કરી છે :—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

सत्त्वेषु मैत्रो; गुढिषु प्रमोदं, किलष्टेषु जीवेषु कृपापरत्वम माध्यस्थाभावं विपरीतवृत्तौ सदा ममात्मा विद् घातुदेव !

" હે દેવ ! આ મારો આત્મા પ્રાણીભાગ સાથે મૈત્રી રાખે, ગુણીજનો સાથે પ્રમોદભાવ રાખે; દુઃખી જીવો ઉપર કરૂણાભાવ રાખે અને વિપરીત કે અનિષ્ટ આચરણ કરનારાઓ પ્રત્યે માધ્યસ્થ ભાવ (સમભાવ) હમેશાં રાખે.

આ ચારનો નવેસરથી અર્થ વિચારવો પડશે. એક માતા હમેશાં પોતાના બાળક પ્રત્યે પ્રેમ રાખે છે; તે સારૂં કામ કરીને આવે ત્યારે તેને શાબાશી આપે છે, તે દુઃખમાં હોય તો તેના પ્રત્યે કરૂણા દાખવી તેનું દુઃખ દૂર કરે છે. તે ખોટે માર્ગે જાય કે ખરાબ આચરણ કરે તો તેને ઠપકો આપે છે અથવા અસહકાર કરે અગર તો મૌન રહે છે; પણ, આ ચારેય પરિસ્થિતિઓમાં માતાના હૃદયમાં બાળક પ્રત્યે વાત્સલ્યનું ઝરણું તો વહેતું જ હોય છે. તેવી જ રીતે વિશ્વવાત્સલ્યનો સાધક પણ ચારેય પરિસ્થિતિમાં સમસ્ત વિશ્વ પ્રત્યે વાત્સલ્ય તો વહેવડાવતો જ રહે છે.

મૈત્રી ભાવના :—સર્વ પ્રથમ મૈત્રી ભાવ આવે છે. વિશ્વવાત્સલ્યના સાધકની મૈત્રી પોતાની આસપાસના લોકો સુધી જ નથી રહેતી પણ તેણે વ્યક્તિ, સમાજ અને સમષ્ટિ સુધી એનો વિકાસ કરવો પડશે. એટલે જ " मित्तीमे सव्व भूएसु " અર્થાત્ સર્વે જીવો સાથે મારી મૈત્રી થાય ' એમ કહ્યું છે.

બીજા જીવો ' કરતાં માનવ વધારે વિચારશીલ; બુદ્ધિવાન અને જ્ઞાનવાન છે. તે સમાજ વ્યવસ્થા સાચવી શકે છે એટલે તેની જવાબદારી બીજા જીવો કરતાં વધારે છે. મૈત્રીભાવ પ્રગટાવવા માટે તેણે " જીવો અને જીવવા દો !" નું સૂત્ર અપનાવવું પડશે. પોતે જીવે અને બીજા પણ જીવે એ સહઅસ્તિત્વના સિદ્ધાંત એને વ્યાપક રૂપે રાષ્ટ્ર, સમાજ, જ્ઞાતિ, ધર્મ કે માનવ નીર્મિત અન્ય સંસ્થાઓ સાથે પણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લાગુ કરવું પડશે. વ્યક્તિ વ્યક્તિ વચ્ચે કે સમૂહ સમૂહ વચ્ચે મૈત્રી સધાય છે તેવી જ રીતે એક બીજા દેશો એક બીજા વચ્ચે મૈત્રી કેળવે; એક બીજાના પૂરક બને, સહાયક બને તો મૈત્રી ચિર-સ્થાયી બને.

અમેરિકા અને રશિયા વચ્ચે આજે અથડામણ ચાલે છે. તેનું મૂળ કારણ તપાસી બન્ને દેશો; શાંતિથી જીવવું અને જીવવા દેવું, એમ વિચારે તો વિશ્વમૈત્રી સાધી શકાય. આ માટે ભારતે હમેશાં પ્રેરણા આપી છે અને હજુ પણ આપે છે. એનું કારણ એ છે કે અહીં "જીવો અને જીવવા દો"ની ભાવના લોકોમાં ઊંડાણથી પ્રવેશી છે. કોઇ વખત કોઇ ભારતવાસીએ પરદેશ જઈને આક્રમણ કર્યું એનો એક પણ દાખલો મળતો નથી. અહીં જરૂર પરસ્પરમાં ન્યાય, નીતિ કે ધર્મની રક્ષા નિમિત્તે યુદ્ધો થયાં; વિદેશીઓએ આક્રમણ કર્યું તો જરૂર લડત આપી; પણ રાજ્ય લાલસા માટે અહીં યુદ્ધોને ઉત્તેજન ઓછું મળ્યું છે. રામનું રાવણ સાથેનું યુદ્ધ કે પાંડવોનું કૌરવો સાથેનું યુદ્ધ ન્યાય, નીતિ અને સંસ્કૃતિની રક્ષા નિમિત્તે હતું. એમ પણ કહી શકાય કે મહાભારતનું યુદ્ધ તો પરસ્પરના સહઅસ્તિત્વને સ્વીકારવા માટે જ હતું. આ બધાની વિશેષતા એ હતી કે આ યુદ્ધો થયાં બાદ કોઇએ વિજેતા પક્ષે સંહારલીલાની પ્રશંસા કરી નથી.

મૈત્રીભાવ કેળવવા માટે એક તરફ જ્યાં સમસ્ત નાના જીવો તરફ તેને પ્રગટાવવી જરૂરી છે તેવી જ રીતે બીજી તરફ સમાજથી લઈને રાષ્ટ્ર અને સમષ્ટિ સુધી તેને પ્રગટાવવી જોઇએ.

આ ભાવ પ્રગટ કરવા માટે સર્વ પ્રથમ તો દરેકના જીવનના અસ્તિત્વનો સ્વીકાર કરી; તેનામાં પોતાના જેવી આત્મીયતા નિહાળવી જરૂરી છે. એ આત્મીયતા જ જગતના જીવો પ્રતિ આત્મવત્ મૈત્રી પ્રગટાવશે.

પ્રમોદભાવના : સારી સંસ્થા દ્વારા ઉચ્ચ ધડતર પામેલી વ્યક્તિ, ગુણીજનો, સત્ય-અહિંસાની દિશામાં પુરૂષાર્થ કરનારી સંસ્થાઓની પ્રશંસા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરવી, તેમને જોઈને હૃદયમાં આનંદ ઉપજવો; તેમના કાર્યને ટેકો આપવો કે બિરદાવવો. આ બધી વાતો પ્રમોદ કે મુદિતાભાવમાં આવે છે. આ પ્રમોદભાવનાની વ્યાપકતા વ્યક્તિથી સમદૃષ્ટિ સુધી છે. જેમ કોઈ વ્યક્તિ વિશેષના સારા ગુણોથી આકર્ષાઈને તેની પ્રશંસા કરવામાં આનંદ આવે છે એમ અમુક સારી સસ્થા કે સારા રાષ્ટ્રના સારા ગુણોની પ્રશંસા કરવી એ પણ પ્રમોદ-ભાવનાની મર્યાદામાં આવી જાય છે. સંસ્થા અને રાષ્ટ્રના ગુણોની પ્રશંસા કરવામાં કેટલાક લોકોને એવા ભયની આગાહી લાગ્યા કરે છે કે કયાંક એથી એમનામાં રહેલા દુર્ગુણોને પણ પરોક્ષ રીતે પ્રશંસીએ છીએ. દા. ત. કોંગ્રેસે કરેલા સારાં કાર્યોની પ્રશંસા કરતાં કોંગ્રેસની પ્રશંસા કરીએ એ સ્વાભાવિક છે. આ દેશને સંગઠિત કરી તેમાં સર્વાંગી ક્રાંતિ આણી કોંગ્રેસે દેશને સ્વતંત્રતા અપાવી છે તેનું મૂલ્યાંકન સહુએ કરવું જ પડશે. દેશમાં જ્યારે એના જેવી તૈયાર થયેલી બીજી સંસ્થાઓ એના જેટલું રચનાત્મક અને સર્વાંગી કાર્ય ન કરી શકે ત્યાં સુધી એની મહત્તા સ્વીકારવી જ પડશે. તેના દરેક કાર્ય પાછળ રહેલાં કારણો તપાસીને, તેના બદલે બીજી સંસ્થાઓએ શું કર્યું; એને ધ્યાનમાં રાખી તેના યોગ્ય કાર્યને બિરદાવવું પડશે. આ સંસ્થા પ્રતિની પ્રમોદભાવના છે. વિશ્વવાત્સલ્યના સાધકે તે કેળવવાની છે. પણ ઘણા લોકોનું એમ માનવું છે કે એ બહાને કોંગ્રેસની બધી બાબતોને સમર્થન અપાઈ જાય છે એ માનવું જરા વધુ પડતું છે. કોંગ્રેસ કેટલીક હિંસાને પ્રવૃત્તિમાં રાષ્ટ્રહિતના ખ્યાલમાં સમર્થન આપે છે. એટલે એના પ્રતિ પ્રમોદભાવના જે એની સુપ્રવૃતિ તરફ દેખાડાય છે—તેનાથી તેની હિંસક પ્રવૃતિને સમર્થન અપાય છે એવું ન માની શકાય.

પ્રાચીન કાળમાં રામ–રાવણનું યુધ્ધ થયું. હવે રામની મર્યાદા તરફ પ્રમોદભાવના દાખવીએ એટલે તેમનાં યુધ્ધ કે સંહારને પણ સમર્થન અપાય છે એ યુકિતસંગત નથી. ભગવાન મહાવીરે કેટલાક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજાઓને શ્રાવક બનાવ્યા, એટલે તેઓ તે રાજાઓની યુદ્ધજન્ય હિંસાના ભાગી થયા હતા; એમ નહિ માની શકાય.

અહીં પ્રમોદભાવના દેખાડવાની છે તે ગુણીજનો પ્રતિ અને તેમના ગુણો પ્રતિ છે. પછી તે વ્યકિત રૂપે હોય તો વ્યકિત તરફ, સમાજ રૂપે હોય તો સમાજ તરફ, સંસ્થા હોય તો સંસ્થા તરફ અને રાષ્ટ્ર હોય તો રાષ્ટ્ર તરફ તેના વિશિષ્ટ ગુણો પ્રતિ જ પ્રમોદભાવ છે.

આ પ્રમોદભાવના કેળવવાનો ઉદ્દેશ એક જ છે કે જે ગુણોના કારણે જીવનની ઉચ્ચતા અન્યમાં આવી છે તેવી જ ઉચ્ચતા તરફ જવાનું બળ પ્રમોદભાવના ભાવનારને મળે. દુર્ગુણોના પ્રભાવને નિર્બળ બનાવી સદ્‌ગુણોનું બળ વધારવું એ પ્રમોદભાવનાની રચનાત્મક દિશા છે.

કરૂણા–ભાવના : વિશ્વવાત્સલ્યની ત્રીજી ભાવના કરૂણા કે કારૂણ્ય છે. જગતના જે જીવો દુઃખી છે; સંતપ્ત છે, પીડિત છે, શોષિત છે તેમના પ્રતિ કારૂણ્ય દાખવવું એ કરૂણા છે. આ ભાવના પણ વ્યકિતથી લઇને સમાજ, દેશ, વિશ્વ અને સમષ્ટિ સુધી વ્યાપક બનવી જોઇએ. કરૂણા-ભાવના એટલે કોઇના દુઃખને જોઈને દુઃખી થવું એટલું જ નથી પણ, દુઃખને સમજીને તેનું નિરાકરણ કરવામાં તેની સક્રિયતા રહેલી છે. માતાની કરૂણા કેવળ સંવેદના બનીને નથી રહેતી; તે તો પોતાના બાળકના દુઃખને દૂર કરવા માટે જીવન અર્પણ પણ કરી દેવા તૈયાર થઈ જાય છે; એવી જ રીતે વિશ્વવાત્સલ્યના સાધકની કરૂણા પણ સક્રિય બનીને જગત–જીવનના દુઃખોને દૂર કરવા માટે કામે લાગી જાય છે. આ કરૂણા જ્યારે વિશ્વવાત્સલ્યના એક અંગ રૂપે પ્રગટે છે ત્યારે કરૂણા કરનારના મનમાં કોઈ પણ પ્રકારનું અભિમાન જાગતું નથી. તેને એ પણ ભાન રહેતું નથી કે હું કરૂણા કરૂં છું. એ એનો સ્વભાવિક જીવનક્રમ બની જાય છે ! "હું કોઇના ઉપર ઉપકાર કરવા માટે નહીં, પણ આ તો મારો આત્મધર્મ છે અને હું કરૂં છું !" એવી વાત્સલ્યની ઉત્કટ ભાવનાની સાથે કારૂણ્ય સક્રિય બને છે.

P.P. Pujya Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

C/o. શ્રી ગોડીજી જૈન ટેમ્પલ
૧૫ શ્રી વિજયવલ્લભ ચોક, મુંબઇ-૩.

૨૫૦૦ વર્ષ ઉપર જગતના બીજા ભાગોની જેમ ભારતમાં પણ દાસ-પ્રથા હતી. દાસદાસીઓનું ઘેટાબકરાંની જેમ બજારમાં ખરીદ વેચાણ થતું હતું. દાસીઓનું જીવન સ્વતંત્ર ન હતું: જે એકવાર દાસ બને તેને વંશો સુધી દાસપણું ભોગવવું પડતું. એમાં પણ નારી જાતિ ઉપર તો જુલમ જ ગુજારાતો. આવા સમયે ભગવાન મહાવીરનું હૃદય તેમના પ્રત્યે કરૂણાથી દ્રવી ઉઠયું. તેમણે સંકલ્પ કર્યો : "કોઈ રાજકુમારી જે **દાસી** બની હોય, ત્રણ દિવસની ભૂખી હોય, માથે મૂંડી હોય, કછોટો મારેલો હોય, સૂપડામાં અડદના બાકડા હોય, હાથે હાથકડી હોય, પગમાં બેડી હોય, આંખમાં આંસુ હોય, તેના હાથે હું ભિક્ષા ગ્રહણ કરીને મારી તપસ્યાનું પારણું કરીશ.

એક નહીં; બે નહી; પાંચ પાંચ માસ અને પચ્ચીશ દિવસો નીકળી ગયા. અંતે એવી એક દાસી મળી. ચંદનબાળા રૂપે અને ભગવાનનો અભિગ્રહ (સમાજના દુઃખને દૂર કરવાનો સંકલ્પ) પૂરો થયો. પણ કરૂણાનિધિ મહાવીરે એમની એ કરૂણાનો અંત ત્યાં જ ન કર્યો પણ એ દાસીને ૩૬૦૦૦ સાધ્વીઓની શિરછત્રા બનાવી. આ છે કારૂણ્ય ભાવનાની ઉત્કટતા !

ગાંધીજી આફ્રિકામાં ગયા હતા વકીલાત કરવા પણ ગોરા માનવીઓનો કાળા માનવી પ્રતિ અમાનવીય વર્તાવ જોઈને તેમનું હૃદય દ્રવી ઉઠયું અને તેમનું આખું જીવન દીન, દુઃખી અને દરિદ્રીઓના ઉદ્ધાર અર્થે જ ખર્ચાઈ ગયું. આ છે કારૂણ્ય ભાવનાની સક્રિયતા. કારૂણ્ય ભાવનામાં આવી સક્રિયતા ન આવે તો તે પંગુજ કહેવાશે.

માધ્યસ્થ્ય ભાવના : વિશ્વવાત્સલ્યની ચોથી ભાવના માધ્યસ્થ્ય છે. એનો સીધો અર્થ આ પ્રમાણે છે.

मध्ये तिष्ठतीति मध्यस्थस्तस्य भावः कार्यं वा माध्यस्थ्यं

—એટલે કે જે વચમાં રહે છે, તે મધ્યસ્થ અને તેનાં ભાવ કે કાર્ય તે માધ્યસ્થ્યભાવ છે. આનો એક અર્થ એ પણ થાય છે કે બે

P.P. Ac Shri Kailassagarsuri J.S. Gyan Bhandar Aaradhak Trust

પક્ષની વચ્ચે સમતુલા જાળવી રાખવી. ઘણા એનો અર્થ તટસ્થ રહેવું એમ પણ કરે છે. તે અમુક અંશે ઠીક છે. પણ નિતાંત એને જ સત્ય ન માની શકાય !

સાચી તટસ્થતા ત્યાં જ આવી શકે, જ્યાં પહેલાં તદાત્મતા (એકરૂપતા) તેની સાથે કેળવી લીધી હોય. એક માતા જેમ બાળકની સાથે એકરૂપતા સાધી લે છે, પણ જ્યારે બાળક તેનું કહેવું માનતું નથી, અનિષ્ટ માર્ગે જતાં નિવારવાં છતાં તે ઇષ્ટ માર્ગે વળતું નથી; ત્યારે માતા કોઈ વખત તટસ્થતા એટલે કે પ્રેમમય અસહકાર સ્વીકારે છે, તેની અસર બાળક ઉપર પડે છે, તે માતાના હેતથી પોતાના અનિષ્ટ વર્તનને છોડવા તૈયાર થાય છે. એવી રીતે જ વિશ્વવાત્સલ્ય–સાધક તટસ્થતા ત્યારે જ સાધી શકે, જ્યારે જગતના પ્રાણીઓએ સવિશેષે માનવો સાથે તાદાત્મ્ય સાધી લીધું હોય. માત્ર તટસ્થ રહેવું કોઈ સાધકની સામે અનિષ્ટ કરતું હોય, ખરાબ રીતે સમાજમાં વર્તન કરતું હોય, તે વખતે સમાજનો જવાબદાર સાધક જો કંટાળીને ઉદાસીન થઈ જાય, તટ એટલે એક કોરે જઈને સ્થિત થઈ (બેસી) જાય, તો તે 'તીરે ઊભા જુઓ તમાશા' જેવી કહેવત પ્રમાણે તે અનિષ્ટ પ્રત્યે આંખ મીંચામણાં કરી, આડકતરી રીતે તે અનિષ્ટને વધારે છે.

તટસ્થતાનો અર્થ એમ પણ છે કે બે પક્ષો વચ્ચે તે તટસ્થતા રાખે એટલે કે કોઈના મતે દોરવાઈ ન જાય ! પણ વિવેકબુદ્ધિએ સારા–નરસાંના ભેદને પારખી શકે.

માધ્યસ્થ ભાવને મધ્યસ્થ વ્યક્તિના ભાવ તરીકે ઓળખવો એ બરાબર થશે. જ્યારે પણ કોઈ બે પક્ષમાં ઝઘડો થાય ત્યારે એક મધ્યસ્થની નીમણૂંક કરવામાં આવે છે. તેનું કામ બે પક્ષો વચ્ચે સમાધાન કરાવવાની સાથે ખરાને ખરું અને ખોટાને ખોટું કહેવાનું હોય છે.

ઘણી વાર આંખ આગળ ઉપદ્રવો થતા હોય, અનિષ્ટો ચાલતાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હોય, ગૂંડાઓ ગૂંડાગીરી કરતા હોય; ત્યારે "હું તટસ્થ છું" એમ કહીને કંઈ પણ કર્યા વગર બેસી રહેવું એ તો તદ્દન નિર્માલ્ય ભાવના છે. શક્તિ હોવા છતાં અનિષ્ટો પ્રતિ આંખ આડા કાન ન કરવાં અને હું તો તટસ્થ છું એમ કહીને બેસી ન રહેવું જોઈએ; પણ એને દૂર કરવા સક્રિય પ્રયત્ન કરવો જોઈએ.

અહીં ગાંધીજીએ મિલમાલિકો અને મજૂરો વચ્ચે અમદાવાદમાં જે ઘર્ષણ થયું તેનું સમાધાન કરાવ્યું તેનો દાખલો ટાંકી શકાય છે. તેમણે "મારે શું" એમ કહીને બેસી રહેવું યોગ્ય ન ગણ્યું પણ જાતે જઈ વચમાં પડયા અને બન્નેનું સહિયારું સંગઠન ઊભું કર્યું. એને સાચી મધ્યસ્થતા કહી શકાય.

સામાજિક જીવનનાં મૂલ્યો બગડતાં હોય, સંસ્કૃતિનાં તત્ત્વો નષ્ટ થતાં હોય ત્યારે વિશ્વવાત્સલ્યનો સાધક શી રીતે ચૂપ રહી શકશે? માધ્યસ્થ ભાવનામાં જ્યાં સુધી કારુણ્ય ને સક્રિયરૂપે પ્રગટાવવામાં ન આવે તો તે પણ પંગુ જ ગણાશે. માધ્યસ્થ ભાવનાની સક્રિયતા તો સારાં નરસાં તત્ત્વોમાં સારાં તત્ત્વોને તારવી તેને ઉત્તેજન આપવું અને નરસાં તત્ત્વો દૂર થાય તેવો પ્રયત્ન કરવામાં રહેલી છે. એક રીતે એણે સમાજની અદાલતમાં સાચો ન્યાય કરવાનો છે.

કેટલાક એમ કહેશે કે આમ તો (ખરાબ લોકોની પ્રતિષ્ઠા તોડવાથી) ખરાબ લોકોનું મનદુઃખ થાય છે તેથી વિશ્વવાત્સલ્ય સાધના અટકે છે પણ આમ માનવું એ ભૂલ ભરેલું છે. એક ડૉકટર છે. તેને દર્દીનું ઓપરેશન કરવાનું છે. જો તે એમ માને કે ઓપરેશન કરવાથી દર્દીને દુઃખ થશે તેનો ચેપ મને લાગશે તો તે ઓપરેશન નહીં કરી શકે. એવી જ ભૂલ અનિષ્ટોનો પ્રતિકાર કરવાથી આપણામાં અનિષ્ટ આવશે, એમ સમજવામાં છે. સમાજમાં કે રાજ્ય-સંસ્થામાં જ્યારે અનિષ્ટનો સડો પ્રસર્યો કે પ્રસરતો હોય ત્યારે તે સડાની શુદ્ધિ માટે સમાજના જવાબદાર સાધકને તે અનિષ્ટકારને અડવું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જ પડશે. ઘણા લોકો આ અંગે કહે છે કે આપણે એવી ખટપટમાં ન પડવું જોઇએ. સંસ્થાઓ સાથે આપણે શું લેવા દેવા ! આપણે તટસ્થ રહેવું જોઈએ. એ એક પ્રકારની ભ્રમભરેલી ભૂલ છે. આગ લાગે છે ત્યારે પાડોશમાં લાગી હોય છતાં તેને બુઝવવા માટે સહુ દોડે છે. સહુ જાણે છે કે ઘરમાં આગ લાગી નથી પણ સાથે સાથે તેમને એ પણ ભય તો હોય છે જ કે તે પ્રસરશે તો આપણા ઘર સુધી પણ પહોંચશે. તે વખતે તેની તટસ્થવૃત્તિ યોગ્ય ન ગણાય. એ જ રીતે સમાજમાં વધતા અનિષ્ટોને જવાબદાર સાધકે ખાળવાં જ પડશે, રોકવાં જ પડશે અને જરૂર જણાય તો સમૂળગો કાપ પણ મૂકવો પડશે. જો જાગૃત રહીને અનિષ્ટોની શુદ્ધિ કરે તો તેને અનિષ્ટોનો ચેપ લાગવાનો જરાય ભ્રમ નથી.

માધ્યસ્થ ભાવનાવાળી વ્યક્તિએ તો એ અનિષ્ટને દૂર કરવાનું જે સુંદર પરિણામ આવશે તેને ખ્યાલમાં રાખીને તેનો પ્રતિકાર કરવાનો છે. ડોકટર દર્દીનું ઓપરેશન કરે છે ત્યારે જાણે છે કે છેવટે દર્દી સારો થશે. એટલે જ તે દર્દીની ઘૂમો, ચીસો કે વેદનાની પરવાહ કર્યા વગર પણ તટસ્થ રહીને પોતાનું કાર્ય કરે છે. દર્દીને પહેલાં તો એમ જ લાગે છે કે મારો જીવ કપાઈ રહ્યો છે પણ દર્દ ગયા બાદ તો તે ડોકટરને આશિષ આપશે. એવી જ રીતે વિશ્વવાત્સલ્યના સાધકે અન્યાયી, અત્યાચારી, ક્રૂર, શોષક, પાપી અને હિંસક પ્રત્યે સિદ્ધાંતની દૃષ્ટિએ વિરોધ કે પ્રતીકાર તો કરવાનો રહ્યો. એવા લોકોને પ્રતિષ્ઠા ન મળે એનો પણ એ ખ્યાલ રાખશે. આમ છતાં પણ તે સુધરે અને તેનું ભલું થાય એવું અંતરનું વાત્સલ્ય પણ તેનામાં જરૂર રહેશે. એનું દિલ તો માના દિલ જેવું હશે. જે બાળકના ભલા માટે ધમકાવે, ઠપકો આપે છતાં પણ તેના અંતરે તો બાળકના ભલાની ચાહના હોય ! વિશ્વવાત્સલ્યનો સાધક જાણે છે :—

वेर पापसे, ना पापीसे

કેટલાક લોકો માધ્યસ્થ ભાવને મૌનમાં ખપાવે છે. એ અમુક અંશે સત્ય છે. તે એક કસોટી રૂપે પણ છે. સામાન્ય રીતે અનિષ્ટ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તત્ત્વોનું જોર વધતાં, તે કોઇ સાધક પાસે બળજબરીએ અનિષ્ટોની સ્થાપના કરાવવા ઇચ્છે ત્યારે સાધકે મૌન રહેવું જોઈએ.

અહીં વિશેષ સ્પષ્ટતા રૂપે ૧૯૪૨ ના આંદોલન પછી જે ભાંગફોડ અને હિંસા થયેલી તેનો દાખલો મૂકી શકાય. ગાંધીજી આગાખાન જેલમાં હતા તે વખતે મુંબઈના ગવર્નર સર રોઝર લુમલીએ ગાંધીજીને આ ભાંગફોડની કાપલીઓ બતાવી અભિપ્રાય આપવા જણાવ્યું. ગાંધીજી તે વખતે મૌન રહ્યા. જો એ સમયે તેઓ એમ કહે કે તે સારૂં નથી તો લોકોનો જુસ્સો તૂટી જાય. ભાંગફોડ પ્રવૃત્તિ કરતાં પરતંત્રતાનું અનિષ્ટ મોટું હતું. સાથે જ મૌન રહેવાનું કારણ એ હતું કે જો હિંસાવૃત્તિને ટેકો આપે તો તે વધી જાય એમ હતું. એટલે તેમનું તે વખતનું મૌન માધ્યસ્થ ભાવના સક્રિયમૌન સ્વરૂપને રજૂ કરે છે.

ઘણીવાર એવું બને છે કે સાધક જ્યારે પોતાના સિદ્ધાંતો માટે અનિષ્ટોનો પ્રતિકાર કરતો હોય ત્યારે બળવાન અનિષ્ટ તત્ત્વો તેને તોડી નાખવા પ્રયત્ન કરે છે. એક તો પ્રલોભનોથી અને બીજું હિંસાથી. આવા સમયે સાધક તૂટી ન પડે એ માટે માધ્યસ્થભાવ કેળવવો જરૂરી છે. એના કારણે આત્મબળ તો મળે જ છે પણ સાથે એમ સમજી લેતાં કે એ તો અનિષ્ટ છે. એને દૂર કરવા માટે કયારેક જે પ્રતિહિંસા જાગે છે તેનાથી પણ બચાય છે. આ ઉપરાંત મૌનનો બીજો અર્થ એ છે કે વિપરીત તત્ત્વોમાં સંમતિ ન આપવી. એનું પોતાનું અલગ મહત્વ છે. કયારેક સારી અને ઘડતર પામેલી વ્યકિતઓ પણ અનિષ્ટ તત્ત્વોને પોતાની પ્રતિષ્ઠા વધારવા માટે સંમતિ આપી દે છે. ત્યારે એક યા બીજી રીતે તેઓ અનિષ્ટોને પોષે છે. ઘણીવાર વિપરીત વૃત્તિમાં વિરોધ કરવાથી પણ એને પોષણ મળે છે. દા. ત. ઝઘડાળુ માણસને કંઈ પણ કહીએ તો એ એને બળતામાં ઘી નાખ્યા જેવું બનાવી દે છે. આવા સમયે ચૂપ રહેવું, એ જ શ્રેષ્ઠ છે.

માધ્યસ્થ ભાવને બૌદ્ધ દર્શનમાં 'ઉપેક્ષા'ના રૂપમાં રજુ કરવામાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવેલા છે. એ રીતે ઘણા માને છે કે ચોર, પાપી, અત્યાચારી વિ. પ્રતિ ઉદાસીનતા કેળવી; એમનો વિચાર પણ ન કરવો. પણ એથી એ લોકોને મોકળું મેદાન મળે છે અને તેઓ તેવા સાધકના મૌનના ભોગે અનિષ્ટોને ફેલાવે છે.

આજનું એક મોટું અનિષ્ટ તત્ત્વ ફેશનના નામે પ્રવેશી ગયું છે. તે છે. અંગો ઉઘાડાં દેખાય એવાં બારીક કપડાં પહેરવાં ! ઘણાં વિચારક અને સામાન્ય બુદ્ધિના બન્ને પ્રકારના લોકો એ સારી વસ્તુ નથી એમ જાણવા છતાં—આધુનિકતાના બહાને ચૂપ રહ્યાં. પરિણામે એ અનિષ્ટે ઘર તો માનવ સમાજમાં કર્યું જ છે પણ સાથે સાથે આજે ચારિત્ર્ય સંબંધી અનિષ્ટ કે દોષને પણ પોષણ મળી રહ્યું છે. હવે અહીં ઉપેક્ષા જ રાખવાથી પરિણામ શું આવ્યું છે તે સમજી શકાય છે.

એવી જ એક બીજી વાત છે; દાન આપવું અને પ્રતિષ્ઠા કરાવવી. ખરેખર જે દાતા દાન આપે છે તે બીજાને મદદ કરવા આપે છે અને તેની મદદ ઉપયોગી બની કે નહીં એ જ એને જોવાનું છે. એ છતાં યે આજે જોવામાં આવે છે કે દાનદાતાઓ શરતો મૂકાવે છે; છાપામાં જાહેરખબરો છપાવે છે; તખ્તીઓ ઉપર નામો મૂકાવે છે; અને ઘણીવાર તો સભાઓમાં બહુમાન-પ્રશસ્તિ પણ મળે એવી ભાવના સેવે છે. આ બધું લગભગ એક રીતે અનિષ્ટ પ્રતિ સાધકોદ્વારા ઉપેક્ષા કરવાથી અથવા તેને બીજા બહાને પોષણ આપવાની વૃત્તિમાંથી જન્મે છે, વિકસે છે અને નવા અનિષ્ટ રૂપે ફાલેફૂલે છે. એક વ્યકિત સમાજ પાસેથી વધુ કમાય છે; એટલે તેણે સમાજના સંકટગ્રસ્ત વર્ગને દાન આપવું જ જોઈએ. કારણ કે તેણે જોઈએ તેના કરતાં વધુ કમાણી કરી છે. એટલે કે બીજા લોકોની થતી કમાણીમાંથી તેણે ભાગ પડાવ્યો છે. એ જ ભાગમાંથી તે થોડો ભાગ દાન આપે છે એમાં તે પરોપકાર કરતો નથી પણ પોતાનું કર્તવ્ય પાળે છે; પોતાની ભૂલને સુધારે છે અગર તો શોષણથી મેળવેલ ધન આપીને તેનું પ્રાયશ્ચિત કરે છે. એવા દાતાની પ્રતિષ્ઠા કરવાનો અર્થ શું ? તે છતાંએ જ્યારે અમૂક અજ્ઞાની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તત્ત્વો વધીને તેની પ્રતિષ્ઠા કરે છે ત્યારે સાધકે તેની ઉપેક્ષા ન કરતાં, તેનો એક રીતે વિરોધ કરવો જોઈએ કે જેથી આવા માન-પાન કે પ્રતિષ્ઠા પ્રતિ લોક-માનસ ઉપેક્ષા કરે. એને બદલે જો તે સાધક ઉપેક્ષા રાખે કે મારે શું ! તો, એ અનિષ્ટનો પ્રસાર થાય અને દાનનું મહત્વ ન રહે. પણ એ એક પ્રકારનો વેપાર બની જાય કે હું તમને આટલા રૂપિયા આપું એના બદલે તમે મને આટલી પ્રતિષ્ઠા આપો ! પછી કયાં રહી કરુણા કે મદદની ભાવના !

એક બીજી ભ્રામક વિચારણા ઘણી વાર રજૂ થાય છે કે જો એમ દાતાઓના ગુણગાન ન ગાઈએ તો બીજા કયાંથી આગળ વધે ! એક વસ્તુ તો નિતાંત સત્ય છે કે તે કમાઈને દાન આપે કે ન આપે; તેની સાથે ધન હમેશાં રહેવાનું નથી. તેના બધા ધનનો સંપૂર્ણ ઉપભોગ પણ કરી શકવાનો નથી; અને તેને જે જરૂર કરતાં વધારે ધન મળ્યું છે તે બીજાની કમાણીના ભોગે ! એટલે તે દાન આપીને પોતાનું એક કર્તવ્ય જ બજાવે છે. એની દાનની પ્રવૃત્તિ બીજા માટે અનુકરણીય છે. પણ તે એની પ્રતિષ્ઠા કરાવે એ તો ઈચ્છનીય નથી; અને તેમાં સાધક પણ સહાયક બને એ તો નિતાંત અકલ્પનીય છે. જરૂર સાધક તેની દાન કરવાની વૃત્તિને ઉત્તેજન આપી શકે જેથી તેનો લાભ અન્યને મળતો રહે. એ ઉપરાંત એ પણ ખરૂં કે દાનવીરના દાનની પ્રતિષ્ઠાને ઉત્તેજન ન મળે એની જેટલી કાળજી રખાય તેનાથી વધારે કાળજી તો તેને અપશબ્દોથી ન નવાજીએ એ અંગે રાખવાની છે. "આ તો કાળા બજારીઓ છે, ચોર છે, લોકોને લૂંટનારો છે !" આવા આકરા શબ્દપ્રહારો કરવાથી, તેનામાં દાન કરવાની જે ભાવના અને શકિત પ્રગટ થઈ છે, તે અટકી જાય અને તેનો લાભ બીજાને મળતો બંધ થઈ જાય; એવો વધુ સંભવ છે. જેમ દાનની પ્રતિષ્ઠા ઈચ્છનીય નથી તેમ દાન કરનારને વખોડવું એ પણ ઈચ્છનીય નથી. આવા સમયે મૌન રહેવું એ શ્રેષ્ઠ છે.

સૂય ગડાંગ સૂત્રમાં કહેવામાં આવ્યું છે :—

जे य दानं पसंसंति वद मिच्छत्ति पाणिणो।
जे एगं पडिसेहन्ति, वित्ति छेयं करेंति ते॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જે એવા દાનની પ્રશંસા કરે છે તે અનેક પ્રાણીઓના શોષણરૂપ વધને પોષે છે. જે એનો નિષેધ કરે છે તે ગરીબોને સહાયતાની વૃત્તિનો વિચ્છેદ કરે છે. જે અનૈતિક કમાણીમાંથી દાન કરે છે તેને પ્રતિષ્ઠા મળતાં તે વધુ ને વધુ અનૈતિક કમાણી તરફ દોટ મૂકશે પછી થોડું દાન કરીને ખોટી પ્રતિષ્ઠા મળવાની વૃત્તિને પોષતો રહેશે. એ ભયને ઓળખીને ઉપર સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે.

માધ્યસ્થ ભાવનાની વિશેષતા એ છે કે વ્યકિત, સમાજ કે સમષ્ટિના અનિષ્ટોની સામે લડવું. પણ તે એનાં અનિષ્ટો દૂર થાય અને સારાં બને એવી સતત વાત્સલ્યની ભાવના સાથે. તેની પરાકાષ્ટારૂપે દુષ્ટ-ક્રૂર કે પાપીને દુઃખમાં જોઈને તેને મદદ કરવી જોઈએ. એટલે જ સાધકો પાણીમાં ડૂબતા વીંછીને, એ જાણવા છતાં કે ડંખ મારશે, છતાં બચાવે છે; આજ માધ્યસ્થ ભાવનાની સક્રિય વાત્સલ્યતા છે. અહીં વીંછીનો સ્વભાવ ડંખ મારવાનો છે તે પ્રતિ માધ્યસ્થ્ય ભાવ પ્રગટ કરી તેને બચાવવાની ભાવનાને સજીવન કરવામાં આવેલી છે.

આ ચારે ય ભાવના પરસ્પરમાં ઓતપ્રોત છે. તેમને યથાર્થરૂપે સમજીને આચરવાથી વિશ્વવાત્સલ્યના માર્ગે જવાનું સરળ થઈ પડશે.

ચર્ચા—વિચારણા

વાત્સલ્યભાવની સક્રિયતા

પ્રંજાભાઈ :—સવારે નેમિમુનિએ કરેલી વિશ્વવાત્સલ્ય પ્રવાહની ચોખવટ જે રીતે કરી છે તેથી અત્યધિક સંતોષ થયેલ છે. ચાર ભાવનાઓ મૈત્રી, મુદિતા, કરૂણા, અને માધ્યસ્થની છણાવટથી ઘણું જાણવા મળેલ છે.

સામાન્ય રીતે ઉપેક્ષાને જ માનવ માધ્યસ્થભાવનામાં ઘટાવે છે. અનિષ્ટ ધોળે દહાડે ચાલતું હોય તોયે હશે, મરશે, કરશે તે ભરશે એમ કહીને ચલાવી લેવાય છે. તેના બદલે અનિષ્ટનો વિરોધ અને ઇષ્ટનું સમર્થન કરવું જોઈએ. આજુબાજુનું વર્તુળ સક્રિય ન બન્યું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હોય અથવા નાના અનિષ્ટનો વિરોધ તરત સક્રિય કરતાં, મોટું અનિષ્ટ એ વિરોધને પોતાની તરફેણમાં લઈ જાય એવો પણ સંભવ છે. ત્યાં વિરોધની સક્રિયતામાં વાર લાગી શકે અથવા મૌન રૂપે વિરોધ થાય એ પણ જુદી વાત છે. પણ માધ્યસ્થભાવ કેવળ વિરોધી નથી તે સમજાયું.

એવી જ વાત મૈત્રીભાવની છે કે તે દરેક સાથે ન બાંધી શકાય. भवन्ति भवेष्युदि पक्षपातिनः—એટલે કે સદ્‌ગુણીના સદ્‌ગુણને લીધે તેનો પક્ષપાત થાય, અને દુર્ગુણી હોય તો તેની સાથે પ્રેમથી લડાય પણ ખરું. એવું જ પ્રમોદભાવનું છે કે તે કેવળ ગુણી વ્યક્તિ તરફ જ નહીં, ગુણી સંસ્થા પ્રતિ પણ પ્રગટ થઈ શકે. કરુણા પણ ઉપકારની રીતે નહીં પણ કર્તવ્યભાવે થવી જોઈએ. એ બધી વાતો જાણીને ખૂબ આનંદ થયો.

'વેલફેર' સર્વોદય અને વિશ્વવાત્સલ્ય

માટલિયાજી :—(શબ્દની સંપૂર્ણ છણાવટ કર્યા બાદ) મૂળે તો પુરોહિતો અને પંડા વ.ના 'ધર્મના નામે અંધવિશ્વાસ'ની સામે બંડ-રૂપે રાજ્યે ક્રમે ક્રમે બધી બાબતો પચાવી પાડી. પ્રજાને પ્રથમ તો એ ગમે કે ભલે બધું રાજ્ય કરે. પણ પાછળથી પ્રજાને એ ગમતું નથી.

ડેન્માર્કમાં બચ્ચાં અને વૃદ્ધોની જવાબદારી રાજ્યે ઉપાડી લીધી છે. તે માટે પચાસ ટકા કરવેરો ઉઘરાવી લેવામાં આવે છે. નાનાભાઈ અને મનુભાઇ પંચોલી ત્યાં પ્રવાસે ગયા ત્યારે આ અંગે પૂછવાથી વૃદ્ધોએ કહ્યું :—" બીજું બધું તો ગમે પણ અમારાં બાળકો સાથે રહીને જે વાત્સલ્યની આપ-લે થવી જોઇએ તે થતી નથી."

ટુંકમાં રાજ્ય બધી વસ્તુઓ હાથમાં લે એ યોગ્ય નથી અને કલ્યાણરાજ થાય તોયે વાત્સલ્ય તો આવે નહીં. એ આ દેશની સંસ્કૃતિને અનુકૂળ પણ નથી. તે છતાં ૧૯૩૦ થી આ અંગે પ્રયત્ન થઈ રહ્યો છે.

સર્વોદય વિચાર વિનોબાજીએ રજૂ કર્યો છે. તેમાં જનશક્તિને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આગળ લાવવી જોઇએ. થોડાંક વર્ષોમાં વિવિધ આંદલનોથી માણસો એવા તૈયાર થાય કે પછી આખો સમાજ સહેજે બદલાઈ જાય ! અથવા, હિંસા કે દંડ આવે તોયે થોડાં આવે, એવી એની પાછળ નેમ છે. પણ કાર્યકરો ઓછા અને સંઘશકિતનો વિરોધ એટલે સર્વોદય સક્રિય સફળ બની શકયું નથી.

એ માટે વિશ્વવાત્સલ્યની વિચારધારા નવો પ્રયોગ કરી રહેલ છે. તે પરિસ્થિતિ પરિવર્તનની સંઘ શકિતને વ્યવસ્થિત કરવી, અને ધીરે ધીરે એ વ્યવસ્થિત સંઘશકિત રાજ્યનો ભાર ઉઠાવી લે અને રાજ્ય નિવૃત્ત થતું જાય એ યોજના વિશ્વવાત્સલ્યની છે. એટલું જ નહીં તે કલ્યાણરાજ અને સર્વોદયના ચાલુ પ્રવાહનો અનુબંધ જાળવીને દુનિયાના પ્રવાહો સાથે આગળ વધી રહ્યું છે.

કલ્યાણરાજ પહેલું પગથિયું છે. જનશકિતમાં વિચાર ભરવાનું અને નવી સ્મૃતિ રચવાનું કામ વિનોબાજીએ કર્યું છે. કરી રહ્યા છે. એથી વિચારોની સાથે ઉદય પરિવર્તનની દિશામાં ઠીક ઠીક પ્રગતિ સધાઈ છે પણ જો વેળાસર પરિસ્થિતિ પરિવર્તન ન થાય તો તે પ્રગતિ થઈ ન ગણાય ! ઉલટું અટકી જવાય અને ઉંધું પરિણામ પણ આવે. એટલે વિશ્વવાત્સલ્ય પ્રવાહ તેને યથા સમયે યોગ્ય સામગ્રી પૂરી પાડી રહ્યો છે. ટુંકમાં ત્રણે સંબંધિત છે અને એકમેકના પૂરક છે.

વિશ્વવાત્સલ્ય પ્રવાહ કલ્યાણ રાજને તોડતો નથી છતાં પણ સંશોધન તો કરે છે. જેમકે ગણોતધારા શુદ્ધિપ્રયોગ વડે વિશ્વવાત્સલ્યે કલ્યાણરાજની કાર્યપદ્ધતિમાં કલ્યાણકારી સંશોધન કરાવ્યું.

ઘણાં કહે છે કે એવા શુદ્ધિ પ્રયોગથી આગ્રહ લદાય છે. એ ખરૂં છે કે લોકો જાગૃત થઈ સત્ય અને અસત્યને છૂટાં પાડે છે અને સત્ય જરૂર લદાય છે.

દંડી સન્યાસી ગોપાળ સ્વામી : અનિષ્ટને શિક્ષા મળે એ દંડ નથી, સત્ય લદાય એ દુરાગ્રહ નથી; એ તો શિક્ષણ અને સત્યાગ્રહ છે. તે ન રહે તો સમાજ ટકી ન શકે ?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અપ્રમાણિક સંપત્તિના દાનની પ્રતિષ્ઠા શા માટે નહીં ?

બળવંતભાઈ : (બે પ્રશ્નોમાંનો પહેલો પ્રશ્ન) અપ્રમાણિકતાથી મેળવેલી સંપત્તિમાંથી દાન કરનાર પ્રાયશ્ચિત કે કર્તવ્યભાવે આપે તો તે સ્વીકારવાથી, અપ્રમાણિકતા એનામાં ટકી રહે પણ અપ્રમાણિકતાને સામાજિક પ્રતિષ્ઠા મળે નહીં એટલું જ ને ?

આ અંગે બીજા સભ્યોએ છણાવટ કરી હતી કે :—

એક વાર દાતા તરીકે, કર્તવ્યભાવે કે પ્રાયશ્ચિતરૂપે આપનાર દાનને સામાજિક પ્રતિષ્ઠા મળે તો સમાજ સાવધાન બને છે; અને એ રીતે શોષણ કરીને વગર પશ્ચાતાપે કે કર્તવ્યભાવ વગર કરેલ દાનને પ્રતિષ્ઠા કે તે અનિષ્ટને ઉત્તેજન મળતું નથી. તેથી તે વધતું નથી. એ સાથે અનિષ્ટના પ્રતિકારની પ્રક્રિયા ચાલુ રહે છે જેથી અપ્રમાણિકતાને વ્યકિત છોડે તેવી પરિસ્થિતિ પણ સર્જાય છે. તેને એમ થાય છે કે દાતા તરીકે મને પ્રતિષ્ઠા મળતી નથી તો પછી પ્રમાણિક બની દાન કરી શા માટે કૃતાર્થ ન થાઉં !

ઘણી સારી વ્યક્તિઓ સંસ્થામાં હોય તો તે સંસ્થાને શા માટે ન પ્રશંસવી

બળવંતભાઈ :—(બીજો પ્રશ્ન) કેટલીક સંસ્થાઓમાં ઘણી સારી વ્યકિત હોય છે તો તેવી સંસ્થાઓની શા માટે ન પ્રશંસા કરવી ?

આ અંગે છણાવટ કરતાં સાર નીકળ્યો કે વ્યકિતઓ કરતાં સંસ્થા મુખ્ય છે. આ યુગમાં વ્યકિત કરતાં સંસ્થાનું મહત્વ વધારે છે અને તેથી ગુણે ઘડાએલી સંસ્થાની પ્રશંસા કરવી જોઈએ.

દેવજીભાઇ :—ઓસવાળ ભાઈઓની એક સભા ઘાટકોપરમાં થઇ. તેમાં હું હાજર હતો. ત્યાં ભચાઉ ખેડૂત મંડળને દાન આપવાની વાત મેં રજુ કરી. લોકો ખેડૂત મંડળના કાર્યને જાણતા હતા એટલે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પહેલા ટેકો આપ્યો. પણ પાછળથી લોકો પ્રશ્ન કરતા થઈ ગયા. કારણ કે કોઈ કે એમ કહી દીધું કે આ મંડળ ધનિકોની પ્રતિષ્ઠા તોડવામાં માને છે.

આજે ધનિકોની પ્રશંસા એટલી હદે થાય છે કે ન પૂછો વાત! લોકો દાનની વાહવાહથી ધન પેદા કરવાના અનિચ્છનીય માર્ગે વળે છે અને તેને પ્રોત્સાહન મળે છે. પરિણામે ગરીબી અને અમીરી વચ્ચેની દિવાલ વધે છે.

માટલિયાજી :—તખ્તીથી (લગાડવાથી) લોકો ખૂબ નાણાં આપે છે કારણ કે ચોમેર તેની ભોલબાલા છે. આપણા આદર્શોમાં એ પ્રતિષ્ઠાને તોડવાની વાત હોઈ આપણી રચનાત્મક સંસ્થાઓને મુશ્કેલીઓ પડે છે. તે પણ એક તપ છે એવું મને લાગે છે. ધનની પ્રતિષ્ઠા તોડવા માટે આકરી કે કડવી ભાષા કરતાં પ્રેરણાદાયક મધુર ભાષા વધુ અસર કરે છે.

એક સભામાં એક દાનદાત્રી બહેનની ઘણી જ તારીફ થઈ. કાવ્યો ગવાયાં. મને પણ કંઈક બોલવાનું સૂચન થયું. ત્યારે મેં તો નમ્રભાવે કહ્યું : " એ બહેન તો ભગવદ્ ભગત છે અને બ્રહ્મને સમર્પિત થયાં છે. હવે તમે ભગવાનને બદલે બહેનની તારીફ કરો છો તો બહેનને એમ દુઃખ નહીં થાય કે ભગવાનની તારીફ ભૂલીને તેની પોતાની તારીફ કરો છો ?"

આની સારી એવી અસર સભામાં થઇ હતી.

આજે શિબિરાર્થી બહેનોએ પણ દાનની તારીફ સામે અસરકારક કહેવા જ જોઈએ એમ એકી અવાજે કહ્યું હતું.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રી વિજય દેવસુર સંઘ જ્ઞાન ભંડાર
C/o. શ્રી ગોડીજી જૈન દેરાસર
શ્રી વિજયવલ્લભ ચોક, મુંબઇ-૩

[૨] વાત્સલ્યથી વિશ્વવાત્સલ્ય–વિવેચન

[૨૪–૭–૬૧] —મુનિશ્રી નેમિચંદ્રજી

વિશ્વવાત્સલ્યનો આજના પ્રવાહો વચ્ચેનું સ્થાન અને તેની ભાવનાઓ ઉપર અગાઉ વિચાર કરવામાં આવેલ છે. વિશ્વવાત્સલ્ય તો એવો વિષય છે કે તેની છણાવટ કરવામાં ઘણા દિવસો લાગે. અહીં તેના સંબંધમાં ટુંકમાં પણ અલગ અલગ મુદ્દાઓની છણાવટ કરવાની છે. અત્રે વિશ્વવાત્સલ્યનાં મૂળ કયાં અને કેવી રીતે વિકસે છે તે અંગે વિચાર કરવાનો છે.

વાત્સલ્યનું બીજ :—વિશ્વવાત્સલ્ય શબ્દમાં બે શબ્દો આવેલા છે. વિશ્વ અને વાત્સલ્ય. વિશ્વપ્રતિનું વાત્સલ્ય એ વિશ્વવાત્સલ્ય છે. એટલે વિશ્વવાત્સલ્ય ઉપર વિચાર કરતાં, સર્વ પ્રથમ આપણે વાત્સલ્ય ઉપર વિચાર કરીએ કે તેનું બી(જ) શું છે? એ વૃત્તિનો ઉદ્‌ભવ કયાંથી થયો?

સમસ્ત જીવોના જીવન ઉપર નજર નાખશું તો જણાશે કે પ્રાણીમાત્રની બધી પ્રવૃત્તિઓના મૂળમાં એક વૃત્તિ છે તે જીવવું અને ટકી રહેવું. I want to sarvice—"હું લાંબા કાળ સુધી જીવી શકું" આ ભાવના જીવનની દરેક પ્રવૃત્તિમાં જોવામાં આવશે. બીમાંથી વૃક્ષ થશે. વૃક્ષને ફળ આવશે. ફરી તેનાં બી વવાશે અને વૃક્ષ કાયમ રહેશે. એવી જ રીતે બીજાં દરેક જીવનોનું છે. એટલું જ નહીં ખાવાની, પીવાની, પહેરવાની, વિચાર કરવાની, બોલવાની ઇત્યાદિ બધી પ્રવૃત્તિઓનો હેતુ જીવનને ટકાવી રાખવા માટેનો જ છે. નાની જીવસૃષ્ટિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પોતાની રીતે, માનવજાતિ પોતાની રીતે કેમ સારી રીતે ટકી શકાય તે અંગે પ્રયત્ન અને પ્રવૃત્તિ કરે છે. જ્ઞાન-વિજ્ઞાનની શોધ વડે માણસ સરળતાથી કઇ રીતે વધારે ટકી શકે એ જ ઉદ્દેશ્ય સધાય છે. દીકરો-બાપનું નામ ચલાવે, આમ સામાન્ય વંશપરંપરાથી લઈને, સિદ્ધ બુદ્ધ-મુકત થઇને અમર થવું ત્યાં સુધીની દરેક પ્રવૃત્તિઓ પાછળ ટકી રહેવાની-અમર થવાની ભાવના જ પ્રેરક બળ છે.

માનવ અનંતકાળ સુધી એજ શરીરે ન ટકી શકે એટલે સ્ત્રી અને પુરુષ બન્નેએ મળી સંતાનનું સર્જન કર્યું. તેમણે એને પોતાનો અંશ માન્યો અને વંશાવળી વડે પોતાની ગણતરી પ્રમાણે અનંતકાળ સુધી ટકી રહેવાની ઇચ્છાને પૂર્ણ કરી.

એ ભાવના, ઊર્મિ કે અનુભૂતિ જ વાત્સલ્યનું બીજ છે. એના વડે બીજા જીવાત્મામાં પોતાપણું અનુભવાય છે અને તેને ટકાવી રાખવાની ભાવના અમલમાં આવે છે. વાત્સલ્ય પ્રગટ થતાં જુદાઇ રહેતી નથી. સંતાનો ટકે તે માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરી દેવાય છે. એ ટકી રહેવાની ભાવનાના કારણે માનવપ્રાણીમાં સંતાન-ઇચ્છા વિશેષ રૂપે હોય છે. માતામાં એ વધારે પ્રગટ થાય છે. માનવ સિવાય અન્ય જીવનમાં, પણ ઇંડામાંથી પક્ષી અને પક્ષીમાંથી ઇંડું કે બીમાંથી વૃક્ષ અને વૃક્ષમાંથી બી એ રીતે આ ભાવનાનો સંચાર હોય છે. ગર્ભમાંથી સંતાન તરફની કાળજી એ પોતાના પગે ઊભું રહે ત્યાં સુધી પશુ-પક્ષીઓમાં અને પોતાનો શ્વાસ રહે ત્યાં સુધી માનવસમાજમાં જોવામાં આવે છે. નબળી હરિણીને સિંહ સાથે પોતાના સંતાન માટે લડતી જોવામાં આવે છે એ આ ભાવનાની પૂર્ણતા છે કે પોતાનો વિનાશ થાય છતાં તેનું સંતાન જીવે.

થોડા વખત પહેલાનો એક દાખલો છે. બારૈયા કોમનો એક પિતા પોતાના ૧૭ વર્ષના દીકરાને પાસેના ગામના એક છાત્રાલયમાં રાખવા માટે લઈ જવાનો હતો. મા અને દીકરો અલગ થતાં, માતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જોર જોરથી રડવા લાગી. બાપ મજબૂત મનનો હતો એટલે તે બોલ્યો : "એને રડવા દે ! તું ચાલ દીકરા !"

એમ કહી તે બાપ દીકરાને લઇને ચાલવા લાગ્યો. કોઈ પણ દિવસ દીકરાને અલગ નહોતો કર્યો એટલે મા પણ રડતી રડતી પાછળ જવા લાગી. બરાબર છાત્રાલય સુધી દોઢ માઇલ તે રડતી રડતી ગઈ. છોકરો છાત્રાલયમાં દાખલ થયો અને મા પાછી વળી. બે ત્રણ દિવસ થયા કે તે ફરી તેને ઘેર તેડી ગઇ.

આ માતાનું હૃદય છે. તેની અંદર કેટલો પ્રબળ ભાવ હોઈ શકે તેનો આ દાખલો છે. આજકાલ તો લોકોને બાળક થાય, એ ગમતાં નથી; તેમ જ ભણતરની સાથે એક બોટો વા ચાલ્યો છે; તે પ્રમાણે શિક્ષિત માતાઓમાં બાળ ઉછેર તરફ બેદરકારી વધતી જાય છે. રશિયામાં બાળકને જન્મ આપ્યા પછી સરકાર માતા પાસેથી બાળકને લઇ લે છે. યુરોપમાં પણ મોજ-શોખ પાછળ માતાઓ બાળકોને ઉછેરવાથી કંટાળી જાય છે એટલે આયા રાખે છે. પણ જે વાત્સલ્યભાવ એક માતા બાળક પ્રતિ રેડે તે બીજી ન રેડી શકે.

આ વાત્સલ્ય અગાઉ લોહીના સંબંધ સુધી હતું. એક સમય એવો હતો જ્યારે સ્ત્રી બાળકોની સારસંભાળ રાખતી, તેને ઉછેરતી અને તેમનામાં સંસ્કારો રેડતી. બાળકો તેની આંખ આગળ મોટાં થતાં. પણ ધીમે ધીમે માનવે ટોળાઓમાં રહેવું શરૂ કર્યું, સમાજ સ્થપાયો અને પ્રજાજીવનના ઘડતરની જવાબદારી સાથે બાળકોના ઘડતરની જવાબદારી સમાજ ઉપર વધારે ને વધારે આવી. આજ સુધી માનવ-સમાજે પોતાની જે પ્રગતિ સાધી છે તેના ઉપકારના બદલે સમાજને ચરણે સંતાનો ધરવાં અને સમાજનું ઋણ ઉતારવાનું સાધન સંતાન મનાવવા લાગ્યું. જેને સંતાન ન થાય તે અભાગીયો ગણાવા લાગ્યો.

"अपुत्रस्य गतिर्नास्ति,
स्वर्गो नैवच नैवच

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

—એટલે કે જેને પુત્ર ન હોય તેની ગતિ થતી નથી, તેને સ્વર્ગ મળતું નથી, તેમ જ વાંઝણા મા–બાપનું મોં ન જોવું આવી ભાવના પ્રસરવા લાગી. પોતાને પુત્ર ન હોય તો વંશ ચલાવવા માટે પોતાના ભાઈ કે કુટુંબીના પુત્રને દત્તક લઈને ઇચ્છાની પૂર્તિ કરવા લાગ્યા.

લોહીના સંબંધમાં કેટલીક વાર વાત્સલ્યને બદલે મોહ હોય છે પણ જે માનસિક સંબંધ હોય છે તેમાં કર્તવ્યનો સંબંધ હોઈ વાત્સલ્ય શુદ્ધ રહી શકે છે. તેમજ તેનો વિકાસ પણ થઈ શકે છે.

એટલે વાત્સલ્ય જે માણસના કુટુંબ સુધી સીમિત હતું તેનો વિકાસ થયો અને તેણે સમાજ–વાત્સલ્યનું રૂપ ધારણ કર્યું. પોતાના માટે, પોતાના કુટુંબ માટે દરેક કંઈક કરે છે પણ એવી જ કર્તવ્ય ભાવનાએ પ્રેરિત થઈ આખા સમાજને ટકાવી રાખવા માટેની જે અનુભૂતિ માણસે પ્રગટાવી તે સમાજ–વાત્સલ્ય કહેવાયું.

માણસ એક સામાજિક પ્રાણી છે. તેને પોતાનું જીવન ટકાવી રાખવા માટે સમાજના ઘણા અલગ–અલગ એકમોનો સહયોગ મેળવવો પડે છે, તેમ જ તેને પણ એ સામાજિક સહયોગમાં પોતાનો ફાળો આપવો પડે છે. માણસના જીવનને ઉચ્ચ અને દિવ્ય બનાવવા માટે પૂર્વજોએ ઋષિ–મુનિઓએ સાધના કરી એક ભૂમિકા તૈયાર કરી છે. તેના આધારે માણસ આગળ વધે છે. ઇતિહાસ–ભૂગોળ કે વિજ્ઞાનની જે શોધખોળ થઈ છે; તે લોકોએ પોતાના એકાંત હિત માટે નથી કરી. તેઓ તો સુખી હતા પણ પોતાની સાથે સમાજને પણ સુખી જોવા ઇચ્છતા હતા એટલે તેમણે શોધખોળ કરી. તેની પાછળ જો કોઈ એક ભાવના કાર્ય કરતી હોય તો તે સમાજ વાત્સલ્યની હતી.

સમાજવાત્સલ્યમાં વાત્સલ્ય કેવળ એક તરફી નથી હોતું; પણ તે તો બીજાને પાવાનું તેમજ પીવાનું હોય છે. માનવજાતિને જો સમાજ-વાત્સલ્ય ન મળ્યું હોત તો તે પણ બીજા પશુઓની જેમ જ રહેત. આસપાસનું સામાજિક વાતાવરણ, સભ્યતા, સંસ્કૃતિ વગેરે જે કંઈ તેને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gyan Aaradhak Trust

ક્રમે ક્રમે મળ્યું; તેનો સંબંધ સ્થૂળ દેહના–લોહીના કરતાં પણ વધારે છે. લોહીના સંબંધે વાત્સલ્ય સીંચીને માણસ વ્યક્તિગત જીવનમાંથી જેમ કૌટુંબિક જીવનમાં આવ્યો તેમ તેણે આંતરિક અને માનસિક ભૂમિકાએ બંધાયેલા સંબંધોમાં પણ તેવી આત્મીયતા અને શુદ્ધતા મેળવવાની છે.

એટલા માટે જૈનસૂત્રોમાં કુટુંબવાત્સલ્ય પછીની ભૂમિકાએ સાધર્મી=વાત્સલ્યને મૂકવામાં આવ્યું છે. તેનો અર્થ છે સમાન ધર્મ-વાળા એટલે સમાન માનવજાતિના લોકો પ્રતિ વાત્સલ્ય ભાવ રેડવો. જો કે આજે તો તેનો અર્થ જૈનો કેવળ પોતાના સાંપ્રદાય સુધી જ કરે છે. પણ તેની વ્યાપકતા ખરેખર સમસ્ત માનવ જાત સુધી છે.

ભગવાન ઋષભદેવના સમયમાં અકર્મ ભૂમિકા હતી અને યુગલિયા પ્રજા હતી. તેઓ કેવળ પોતાના પંડ સુધી જ રાચતા. તેમણે એ પ્રજાને વ્યક્તિવાદથી કુટુંબ અને પછી વર્ણવ્યવસ્થા બાંધીને સમાજ સુધી આણી સમાજ વાત્સલ્ય શીખવ્યું. ત્યારબાદ તેમણે જોયું કે એ પ્રજાને સમાજવાત્સલ્યથી વધીને સમષ્ટિ–વાત્સલ્ય સુધી લઇ જવાની જરૂર છે. એ માટે જાતે વિશ્વવાત્સલ્ય સાધવું જરૂરી હતું. તે માટે તેમણે સાધુ–દીક્ષા લીધી. જગતના સમસ્ત જીવોની (સમષ્ટિની) સાથે આત્મીયતાનો અનુભવ કરવા માટે તેમણે એક વર્ષ સુધી સમૌન તપ કર્યું. જૈનો તેને વર્ષીતપ કહે છે. ત્યારની પ્રજાને આ વિશ્વ-વાત્સલ્ય સાધક શું લે છે–કેવી રીતે લે છે? એની જાણ ન હતી. કોઇ હાથી હાજર કરે, કારણ કે ઋષભદેવ રાજા હતા; તેમને સવારી માટે જોઇએ ને? કોઇ ઘોડો હાજર કરે કારણ કે એમને પગે ચાલવાનું હોય! કોઈ મોતી ભરેલા થાળ હાજર કરે, કદાચ કોઇએ પ્રભુને મોતું માર્યું હશે એટલે આભૂષણ વગર ફરતા હશે! કોઈ કન્યા હાજર કરે કે કદાચ એમને રાણીઓથી અસંતોષ થયો હશે! પ્રજાનો પ્રેમ ખૂબ અને જેને જે સૂઝે તે રીતે પ્રભુને રીઝવવાનો પ્રયાસ કરે! પણ કોઈ નહોતા જાણતા કે તેમને તો માત્ર શુદ્ધ, કલ્પનીય, સૂઝતો અચિત્ત આહાર જોઈએ! કારણ કે એ સમષ્ટિ–વાત્સલ્યનો સાધક એકેન્દ્રિય

P.P. Gunratnasuri M.S. Jun Aaradhak Trust

જીવનો સચિત્ત આહાર પણ ન લઈ શકે! કોઇને કદિ કલ્પના પણ નહીં અને અહાર આપે નહીં! પ્રભુ નિર્દોષ આહાર મેળવવા તપ કરીને ફરી રહ્યા છે એમ કોઇના મનમાં થાઈ જ નહીં!

અંતે, હસ્તિનાપુરના રાજા શ્રેયાંસકુમારના મન ઉપર આ અવ્યકત આંદોલનનો ઊંડો પડઘો પડ્યો. તેને વહોરાવવાની ઇચ્છા થઇ. તે વખતે પાસે ઇક્ષુ-(શેરડી) રસના ઘડા હતા. તે અચિત્ત અને કલ્પનીય આહાર હતો, તેણે તે વહોરાવવાની ભાવના કરી અને ભગવાન ઋષભદેવે શેરડીના રસથી વર્ષીતપનાં પારણાં કર્યાં. આ રીતે સંસ્કૃતિના આદિકાળમાં વિશ્વવાત્સલ્યનું ખેડાણ થયું.

બીજી બાજુ માતા મરૂદેવીને ભગવાન ઋષભદેવે દીક્ષા લીધી ત્યારથી કુટુંબ-વાત્સલ્યના કારણે ચિંતા થતી કે "મારો ઋષભ કયાં રહેતો હશે? શું ખાતો હશે? કયાં સૂતો હશે!" એ ચિંતામાં તેમના બાર માસ નીકળી ગયા. ખાવા-પીવાનું ભાવે નહીં, ઉંઘ રાત્રે આવે નહીં. એકવાર માતા મરૂદેવીએ સાંભળ્યું કે ભગવાન ઋષભદેવ અયોધ્યામાં આવ્યા છે. ત્યારે માના વાત્સલ્યે પ્રેરાઈને તેઓ પ્રભુને જોવા હાથી ઉપર નીકળ્યા. ત્યાં જઈને તેમણે જોયું કે એક મોટી પરિષદ ભરાઈ છે! તેમાં સ્ત્રી-પુરૂષો, દેવી-દેવો જ નહીં, પશુપંખીઓ પણ બેઠાં છે. આ જોઇને માતા વિચાર કરે છે: "અરે હું તો ઋષભની ચિંતા કરૂં છું પણ એ તો જગતના પ્રાણી માત્રની ચિંતા કરે છે. એ પ્રાણીઓ પ્રતિ કેટલો વહાલ રેડી રહ્યો છે! એને તો કોઈ વસ્તુની ચિંતા લાગતી જ નથી. તે પોતાની મસ્તીમાં છે. મારે પણ સીમિત કુટુંબ-વાત્સલ્ય મૂકીને વિશ્વપ્રતિ વાત્સલ્ય રેડવું જોઈએ."

આમ મરૂદેવી માતાનું વાત્સલ્ય જે કુટુંબ સુધી સીમિત હતું તે અસીમ વિશ્વપ્રતિ વહેવા માંડે છે. ભગવાન ઋષભદેવથી તેમને વિશ્વવાત્સલ્યની પ્રેરણા મળે છે. અને તેમને ત્યાં જ પૂર્ણ આત્મજ્ઞાન થઈ જાય છે.

સમાજવાત્સલ્યથી વધીને વિશ્વવાત્સલ્યની સાધના ગૃહસ્થ જીવનમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વ્યક્તિ પોતે કરી શકે પણ વિશ્વવાત્સલ્ય-સાધનાની પ્રેરણા આખા સમાજને આપવા માટે તો સાધુજીવન જ સફળ સાધન છે. ગૃહસ્થ જીવનમાં વિશ્વવાત્સલ્યની પ્રેરણા આખા સમાજને આપવી એ લગભગ અશકય જેવું છે. કદાચ ગૃહસ્થો સંયમી બને તો પણ વિશ્વવાત્સલ્યની પ્રેરણા જગાડવા માટે સાધુઓની સંયમ મર્યાદાજ પ્રેરક બની શકે છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં બતાવ્યું છે :—

संति एगेहिं भिक्खुहिं, गारत्था संजमुत्तरा।
गारत्थेहिंव सव्वेहिं 'साहवो संजमुत्तरा॥

કોઈક સાધુ કરતાં ગૃહસ્થ સંયમમાં ઉત્તમ હોય છે પણ બધા ગૃહસ્થો કરતાં તો સાધુઓ જ સંયમમાં ઉત્તમ હોય છે. વિશ્વવાત્સલ્યની સાધનાની પ્રેરણા આપવા માટે ઉત્કૃષ્ટ પ્રકારનો સંયમ હોવો જરૂરી છે અને તે કેવળ સાધુજીવનમાં જ હોઈ શકે છે. જ્યારે ગૃહસ્થાશ્રમમાં કુટુંબ-મોહ વગેરે દોષો હોઈને; તેમની વાત્સલ્યની મર્યાદા કેવળ સમાજ વાત્સલ્ય સુધી રાખી છે. તે છતાં જે ગૃહસ્થો સંયમની ભૂમિકામાં આગળ વધ્યા હોય છે, જેમણે ત્રસજીવોની નિરપરાધી હિંસાનો ત્યાગ કર્યો છે અને સાપરાધી ત્રસ જીવ હિંસામાં વિવેક બતાવ્યો છે અને સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોની પણ મર્યાદા કરી છે તેમને શ્રમણોપાસક કહેવામાં આવ્યા છે. તેઓ વિશ્વવાત્સલ્યની સાધનામાં મદદગાર હોય છે; તેને અનુસરનાર હોય છે. આજે કેટલાક જૈન ગૃહસ્થો પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના એકેંદ્રિય જીવોની મર્યાદા કરે છે પણ તેઓ સમાજહિત વિરુદ્ધ કામ-ધંધો કરતા હોય છે. આવા લોકોનું એકેંદ્રિય જીવોની મર્યાદાવાળું વિશ્વવાત્સલ્ય વિકૃતિનું સૂચક છે કારણ કે તેમણે સમાજવાત્સલ્યની સાધના કરી નથી અથવા છોડી દીધી છે. સમાજ-વાત્સલ્યની પૂર્ણતા પછી જ વિશ્વવાત્સલ્યની સાધના સફળ થઈ શકે છે.

મહાત્મા ગાંધીજીને વિશ્વવાત્સલ્યની સાધનાની પ્રેરણા એક જૈન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાધુ બ્રહ્મેચરજી સ્વામી તેમ જ શ્રીમદ રાજચંદ્ર તરફથી મળી. તે પહેલાંનાં ગાંધીજીના જીવનમાં, તેમણે માંસ ખાવાનો, બીડી પીવાનો તેમ જ ચોરી કર્યાનો એકરાર કર્યો છે. પણ તેમણે પૂર્ણ બ્રહ્મચર્યવ્રત લીધું અને ત્યારબાદ દક્ષિણ આફ્રિકામાં વિશ્વવાત્સલ્યનું બેડાણ કર્યું. તેમની એ સાધના ધીમે ધીમે વધવા લાગી અને તેમણે સમષ્ટિ–વાત્સલ્યની સાધના પણ કરી. મોં ધોવા માટે જોઈએ તેટલું જ થોડું પાણી તેઓ વાપરતા. એકવાર એક ભાઈ માટીનું એક ઢેકું ઉપાડી લાવ્યા. તેમાંથી થોડીક માટી રાખી બાકીનું પાછું યથાસ્થાને તેમણે નખાવ્યું તેનો પણ દાખલો છે. કાકાસાહેબ એકવાર લીમડાનાં પાન વધુ તોડી આવ્યા એટલે તેમણે ટકોર કરી હતી : "જોઈએ તેનાથી વધારે લેવું એ અપરાધ છે!" આમ વિશ્વવાત્સલ્ય પ્રગટાવવા માટે ઘણી સૂક્ષ્મ બાબતોમાં પણ વિવેક રાખવો પડે છે.

દશવૈકાલિક સૂત્રની વૃત્તિમાં એક કેકાણે કહ્યું છે :—"અચિત્ત અને કલ્પનીય આહાર ઉપાશ્રયે લાવ્યા પછી, સાધુએ જમતી વખતે વિચાર કરવો કે હું આ વનસ્પતિ કાયના જીવોનું કલેવર લાવ્યો છું. એ બધા મારા જેવા આત્મધારી હતાં, છતાં ના છૂટકે શરીરને પોષણ આપવા માટે લેવાં પડે છે!" પ્રાણીમાત્ર પ્રત્યે વાત્સલ્યની આ કેટલી ઊંચી ભાવના છે?

ઠાણાંગ સૂત્રમાં કહ્યું છે કે સાધકના જીવન ઉપર ચારનો મોટો ઉપકાર છે :—(૧) છ કાય (વિશ્વના પ્રાણી માત્ર) (૨) ગણ (સમાજ) (૩) રાજા (તે કાળની રાજ્ય સંસ્થાઓ) અને (૪) ધર્માચાર્ય. આ બધાનું ઋણ, ધર્મમાર્ગે પ્રેરવાથી, પોતે સંયમ રાખવાથી અને રખાવવાથી તેમજ જીવાત્માઓને સાચે રસ્તે દોરવા–દોરાવવાથી, ફેડી શકાય છે.

ભગવાન મહાવીરે ૫ માસ ૨૫ દિવસની તપશ્ચર્યા, ને વખતના અનિષ્ટોને દૂર કરવા માટે કરી હતી. તેમણે ચંડકૌશિક જેવા ફણીધર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાપના રાફડા પાસે જઈને, તેના દંશપ્રહારને બદલે તેને પ્રતિબોધ આપી, વિશ્વવાત્સલ્યની પૂર્ણ સાધના કરી હતી.

જ્યારે સમાજ વાત્સલ્યનો વિકાસ વિશ્વવાત્સલ્યની સાધનામાં પરિણમે છે ત્યારે સાધક માટે કોઇ પારકાં રહેતાં નથી. સર્વ ધર્મો, દેશો, જાતિઓ, કુટુંબો અને પ્રાણી માત્રનો વિશ્વ વાત્સલ્યમાં સમાવેશ થઈ જાય છે. દરેક ધર્મ સ્થાપકે પોતપોતાના ઠેકાણે જે કલ્યાણનો પ્રવાહ વહેવડાવ્યો છે તેનો તે લાભ લે છે, જનતાને આપે છે. તે કોઇની સાથે બરાબર વહેવાર કરશે નહીં કારણ કે આખું વિશ્વ તેનું કુટુંબ હોઈ 'વસુધૈવ કુટુંબકમ્' પ્રમાણે તે વર્તશે. જેમ ઘરના માણસો પોતાના હોઈને, કુટુંબમાં માણસ કોઇની સાથે અસત્ય, હિંસા, ચોરી, વ્યભિચાર કે અસભ્યતાનો વહેવાર કરતો નથી તેવી જ રીતે વિશ્વ-વાત્સલ્યનો સાધક આખા વિશ્વ કુટુંબ સાથે સદ્‌વહેવાર જ કરશે. આ વિશ્વવાત્સલ્યનું ધ્યેય છે અને તેને સિદ્ધ કરવાનું છે. અત્યારે કેટલું સિદ્ધ થશે તેનો વિચાર કરવાનો નથી; પણ આદર્શ તો હમેશાં ઊંચો રાખવાનો રહ્યો. હિમાલયની તળેટીમાં રહેનાર, હિમાલયે જવાનો આદર્શ રાખે તો જ તે એક દિવસ ત્યાં પહોંચી શકે છે.

જૈન ધર્મમાં એક વસ્તુ બતાવવામાં આવી છે કે જેને સમ્યગ્-દર્શન થયું તેનો મોક્ષ ધીમી ગતિએ પણ અર્ધ પુદ્‌ગલ પરાવર્તન કાળમાં નક્કી થઈ જાય છે. ગૃહસ્થ, વાનપ્રસ્થી અને પડિમાધારી શ્રાવક પણ વિશ્વવાત્સલ્યનાં લક્ષ્ય સુધી જઈ શકે છે તેમ જ મોક્ષ પામી શકે છે.

સાધુ સન્યાસીઓ માટે આ લક્ષ્ય મેળવવું સુલભ છે. જ્યાં સુધી ખેતીની શોધ નહોતી થઇ, ત્યાં સુધી વનમાં રહેતા ઋષિ મુનિઓ પોતાનો જીવન-નિર્વાહ ઝાડે પાકેલાં ખરી પડેલાં ફળો કે ગોપાલન કરી તેના દૂધ ઉપર કરતા. કાચાં અને ઝાડ ઉપરનાં ફળો ન તોડવા કે બીજી જીવ હિંસા ન કરવી એ તેમનો વિશિષ્ટ ઉદ્દેશ્ય હતો. જેનું ધ્યેય વિશ્વવાત્સલ્યની સાધના હતી. વૈશેષિક દર્શનના પ્રવર્તક કણાદ ઋષિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જંગલમાં રહેતા હતા. ત્યાં જંગલમાં જે અનાજ થતું તેના કણેા વીણી વીણીને તેઓ જીવનનિર્વાહ કરતા અને અપરિગ્રહ અને સંયમથી રહેતા. એક વાર એક રાજા તેમને શાલ વ. ભેટ આપવા આવ્યેા પણ તેમણે "મને જરૂર નથી!" કહીને સ્વીકારવાની ના પાડી દીધી.

કેટલાક લેાકેા કહે છે કે વિશ્વવાત્સલ્યની સાધનામાં અહિંસા કયાં આવે છે? કારણ કે અહિંસા એટલે તેા હિંસા ન કરવી; એ અર્થ છે. ખરૂં જોવા જોઈએ તેા અહિંસાની બે બાજુઓ છે!—(૧) નિષેધાત્મક અને (૨) નિધેયાત્મક. અહિંસાની નિષેધાત્મક બાજુને લઈને તેને એકાંગી બનાવી દેવામાં આવી છે. એટલે જ અહિંસાની વિધેયાત્મક બાજુ ઉપર ભાર મૂકવેા પડશે. આ વિધેયાત્મક અહિંસા એટલે જીવેાનું સંરક્ષણ કરવું. સેવા કરવી, સહાનુભૂતિ બતાવવી, વિકાસ કરવેા અને એ અર્થમાં વિશ્વવાત્સલ્યને લેવામાં આવ્યેા છે એટલે વિશ્વવાત્સલ્યની સાધનામાં અહિંસા આપેાઆપ આવી જાય છે. એટલું જ નહીં નિવૃત્તિ અને પ્રવૃત્તિ બન્નેનેા પણ સમાવેશ વિશ્વવાત્સલ્યની સંપૂર્ણતામાં થઇ જાય છે.

વિશ્વવાત્સલ્યની શ્રેષ્ઠ સાધનાનેા દાખલેા મહારાજા રંતિદેવના જીવન ઉપરથી મળી શકે છે. તેઓ પ્રજાવત્સલ રાજા હતા. એકવાર તેમના રાજ્યમાં દુકાળ પડ્યો. રાજા રંતિદેવ મહેલના આંગણામાં બેઠા બેઠા વિચાર કરે છે: "રાજ્યમાં દુષ્કાળ પ્રવર્તતેા હેાય ત્યારે હું સુખે કઈ રીતે ખાઇ-પી શકું? રાજ્યનેા દરેક પ્રાણી મારેા આત્મીય છે. પ્રજા તેા મારી સંતતિ છે. તે ભૂખી તરસી રહે તેા હું કેમ ખાઈ-પી શકું?" રાજ્યના પીડાતા જીવેાને જોઈને રાજાની ભૂખ અને તરસ બન્ને ઊડી ગયાં છે. એક પછી એક એમ કરતાં ૪૮-૪૮ દિવસના રાજાને ઉપવાસ થયા છે. તે છતાં તેમને પ્રજાની જ ચિંતા છે.

તે વખત મુખ્ય પ્રધાન આવીને રાજાને અરજ કરે છે: "મહારાજ ૪૮ દિવસના ઉપવાસ થવા આવ્યા છે. આપની જીવનશક્તિ ઘટી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રહી છે. પ્રજા માટે આપ કેટલી બધી ચિંતા રાખી બધુંયે કરી છૂટયા. રાજ્યભંડાર ખુલ્લો મૂકી દીધો, મહેલની બધી વસ્તુઓ વેચી નાખી, એટલું જ નહીં ભૂખ્યાને અન્નજળ મળે તે માટે જાતે ઉપવાસ પણ કર્યા હવે કોઇ ઉપાય બાકી રહ્યો નથી. આપે બન્યું તે કર્યું. હવે તો પારણું કરો !"

એટલામાં મહેલની બહાર પ્રજાજનોએ પોકાર કર્યો : જય થાવ મહારાજા રતિદેવનો ! મહારાજાના ઉપવાસનો અંત જલદી આવો ! લાખો મરે પણ લાખોના પાલનહાર ન મરે !"

તે સાંભળી મુખ્ય પ્રધાને કહ્યું : " મહારાજ ! આપે પ્રજાનો પોકાર સાંભળ્યો ! પ્રજાના આ પોકારને પ્રજાવત્સલ રાજા શી રીતે અવગણી શકે ! હવે તો આપે પારણું કરવું જ રહ્યું. આપ પ્રજાનો કોળિયો ઝૂંટવીને તો અન્ન લેતા નથી ! આ તો તમારી વહાલી પ્રજાની આજીજી છે. તેને કઇ રીતે અવગણી શકશો !"

ત્યારે રાજાએ કહ્યું : " ઠીક પ્રધાનજી ! જ્યારે સહુનો આટલો આગ્રહ છે તો હું મારી પ્રજાનો સામાન્ય માણસ મેળવી શકે એટલું અન્ન અને પાણી લઇશ !"

પ્રધાને કહ્યું : " આપે મહા કૃપા કરી મહારાજ ! આ બટકુ રોટલો અને થોડું પાણી આપના પારણા માટે હાજર છે !"

મહારાજે ધ્રૂજતે હાથે રોટલીનો ટુકડો તોડવા જાય છે કે લથડિયાં ખાતી એક બાઇ ત્યાં આવે છે. બાઇને પાછી ફરવા પ્રધાન ઇશારો કરે છે પણ મહારાજ તેને અટકાવીને પૂછે છે : " બોલ ! બાઈ તારે શું કહેવું છે ?"

બાઇ બોલી : " મહારાજ ! મારી ભૂલ થઇ કે આજે આપ જેવા પ્રજાવત્સલ રાજા પારણું કરે અને હું આવી !"

" બાઈ ! તું ગભરા નહીં ! જે કાંઇ કહેવું હોય તે સુખેથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કહે !" રાજાએ આશ્વાસન આપતાં કહ્યું.

"મહારાજ, મારી ભૂખનો પ્રશ્ન હોત તો હું મરી ગઇ હોત ! પણ, મારો એકનો એક લાલ એક કોળિયા માટે તરફડે છે. તેનું દુઃખ જોયું ન ગયું અને હૃદય હાથમાં ન રહ્યું એટલે લથડાતા પગે પણ અહીં આપના દ્વારે આવી પહોંચી !" બાઇએ કહ્યું.

રાજા રંતિદેવ બોલ્યા : "બાઇ ગભરાઇશ નહીં ! હું તો તારી શ્રદ્ધાને દગો આપનાર નથી. લે આ રોટલી અને તારા બાળકનું કાળજું ઠારજે !"

અંતરના આશિષ આપતી બાઈ રોટલીનો ટુકડો લઇને ત્યાંથી જાય છે. પ્રધાન મન મારીને રહી જાય છે અને પાણીનો ઘુંટડો પીવા રાજાને કહે છે. રાજા જેવો ઘુંટડો ભરવા જાય કે એક ચંડાળ ક્રૂજતે પગે દાખલ થાય છે ! રડતો રડતો મહારાજના ચરણોમાં નમી પડે છે.

મહારાજ પૂછે છે : "ભાઈ તને શેનું દુઃખ છે ? તું શા માટે રડે છે ?"

ચંડાળ કહે છે : "મારું એકનું એક સાથીદાર કુતરું આજ સુધી મારા સુખદુઃખમાં સાથે રહ્યું. આજે ચાર દિવસથી એક ટીપું પાણી તેના ગળા નીચે ગયુ નથી. તે તરફડતું-તરસતું મારી ઝૂંપડી બહાર પડ્યું છે. તેનું દુઃખ ન જોયું ગયું એટલે હું આપની પાસે દોડી આવ્યો !"

રંતિદેવ કરુણાપૂર્ણ આંખોથી કહે છે : "લે ભાઈ, આ પાણીનો પ્યાલો ! તારા સાથીને પાઇને તેને સંતોષ આપ !"

આવી હતી રંતિદેવની વિશ્વવાત્સલ્યતા ! તેમણે પ્રાણી-માત્ર સાથે આત્મીયતા સાધી વિશ્વનું દુઃખ પોતાનું માની લીધું હતું. તેમના અંતરમાંથી એ જ નાદ ગૂંજતો હતો :—

नत्वहं कामये राज्यं, न स्वर्गंनापुनर्भवम् ।
कामये दुःख तप्तानां प्राणिनामार्तिनाशनम् ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હું રાજ્ય નથી ઇચ્છતો કે નથી સ્વર્ગ ઇચ્છતો મને મોક્ષની પણ લાલસા નથી. દુઃખથી સંતપ્ત પ્રાણીઓના દુઃખનો નાશ કરું એ જ મારી ઇચ્છા છે.

આવી હતી રંતિદેવની વિશ્વવાત્સલ્યની સાધના! તેઓ એક ક્ષેત્રમાં કામ કરતા હતા છતાં પ્રાણીમાત્ર પ્રત્યે વાત્સલ્ય રેડવા તેઓ આતુર હતા. તેઓ કસોટીએ ખરા ઊતર્યા. દુકાળ મટ્યો. રાજાનાં પારણાં થયા.

આમ વિશ્વવાત્સલ્યની સાધનામાં જગતની ચિંતા પોતાની બની જાય છે. વ્યક્તિત્વનું વિસર્જન સમષ્ટિમાં થઈ જાય છે. એ જ અદ્વૈત સાધના છે. એ જ આત્મૌપમ્ય છે. 'આત્મવત્ સર્વ ભૂતેષુ'ની સક્રિય ભાવનાનું રૂપાંતર છે. ક્રમે કરી વાત્સલ્યને સમાજ વાત્સલ્ય તરફ રેડી, તેની પૂર્ણતા વિશ્વવાત્સલ્ય રૂપે સમષ્ટિ સાથે આત્મીયતા પ્રગટાવવામાં રહેલી છે.

ચર્ચા અને મુક્તસહચિંતન

'અપુત્ર' કોણ?

આજની ચર્ચા શરૂ કરતાં **શ્રી દેવજીભાઈ**એ મહાભારતનો દાખલો ટાંકતાં કહ્યું : "શકુંતલાના પુત્ર ભરતને ત્રણ રાણીઓથી દશ પુત્રો થયા. પણ તે પૈકીના એકેય રાજ્યસ્થાન માટે લાયક ન નીવડ્યા એટલે એમના મનમાં વિચાર આવ્યો કે "અપુત્રસ્ય ગતિર્નાસ્તિ" એમ શાસ્ત્રો કહે છે. એટલે કે પુત્ર તો જોઈએ પણ તે ચારિત્ર્યશીલ અને સુયોગ્ય જોઈએ. ભરદ્વાજજીએ પોતાના શિષ્ય ધૌમ્યને સમાજ આગળ પુત્રરૂપે ધર્યો એટલે એક નવું સૂત્ર નીપજ્યું : "બૂંદ (વીર્યજ સંતાન) કરતાં નાદ (નાદજન્ય સંતાન) વધુ ઉત્તમ છે. ભગવાન બુદ્ધ અને મહાવીરે એ રહસ્યને વધારે પ્રગટ કર્યું કે ચારિત્ર્ય અને ઊંચા વિચારથી જેઓ આકર્ષાઈને સંયમ માર્ગે અનુસરે અને સંયમમાર્ગનો પ્રચાર કરે તે જ સાચાં સંતાનો!"

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુત્રવાત્સલ્ય ને વ્યાપક સમાજ વાત્સલ્ય બનાવ્યું

શ્રી માટલિયાજીએ પોતાનો અનુભવ ટાંકતાં કહ્યું : "હું જ્યારે ગામડામાં ગયો ત્યારે મારા પુત્ર ઉપરનો સ્નેહ છે તેને વ્યાપક કરવાની ભાવના મને જાગી. સન ૧૯૪૨ માં ભાવનગર જેલમાં હતો ત્યારે એકવાર ભીંતને અઢેલીને ઊભો હતો. તે વખતે દોઢેક મિનિટનું મને દિવાસ્વપ્ન આવ્યું. એમાં મેં ત્રણ દશ્યો જોયાં :—(૧) નદીનું પૂર ખૂબ આવ્યું. (૨) કુંભાર અને દાંડી વિનાનો કુંભારનો ચાકડો જોયો. (૩) બધું જ ચક્કર ચક્કર ફરતું દેખાયું.

આ દિવાસ્વપ્નની તીવ્રતા તે વખતે ખૂબ જ રહી અને પંદર દિવસ સુધી એ સ્મરણ ખસ્યું નહીં. હું તન્મય બની ગયો. એ વખતે જીભ બોડ કે મીઠું પારખી શકતી ન હતી.

જેલમાંથી નીકળ્યા બાદ પાંચ વર્ષ સુધી હું નાનાભાઈ ભટ્ટ પાસે રહ્યો અને મને જણાયું કે તત્ત્વજ્ઞાન અને ભાવનાએ આકાર લેવો જોઈએ. તેવામાં પુત્ર-પ્રાપ્તિ થઈ. ત્યારે થયું : "માબાપ રોશે, કચવાશે અથવા માયામાં પરોવાઈ જઈશ એમ માની હું ઘેરથી તો ભાગ્યો પણ હવે મારા બાળકથી ભાગીને કયાં જઈશ!"

એટલે આગળ કહ્યું તેમ પુત્રસ્નેહને વ્યાપક કરવાની ઝંખના થઈ અને હું ગામડામાં ગયો. ગામડામાં ગયા પછી 'મા'માંથી સાત ભાવ તારવ્યા.

'મા'ના સાત ભાવ

તે આ પ્રમાણે છે :—(૧) અમી અથવા સ્નેહનું અમૃત (૨) પાસે રહીને સેવા કરવી (૩) સુશ્રુષા (૪) તદ્રૂપતા અનુભવવી. (૫) શિક્ષણ (૬) રક્ષણ (૭) વિજ્ઞાનયુક્ત સંસ્કાર. આમાં સર્વ પ્રથમ બાળમંદિરનો વિચાર આવ્યો. ગામની શાળામાં પંદર બાળકો આવે ત્યાં બાળમંદિર કઈ રીતે શરૂ થાય? બીજો વિચાર આવ્યો દવાખાનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રી વિજય દેવસુર સંઘ જ્ઞાન ભંડાર
C/o. શ્રી ગાડીજી જૈન દેરાસર
શ્રી વિજયવલ્લભ ચોક, મુંબઇ-3

બોલીએ. તે વખતે એક શાસ્ત્રી ગુલાલવાડીમાં રહેતા. તેઓ દવાના કેટલાક ડબ્બાઓ મોકલતા. તેનો ઉપયોગ કરવો. આમ મેં બે કાર્ય ગામના વિશ્વાસે શરૂ કર્યા. આ અગાઉ પ્રજ્ઞ પરિષદમાં, જેનાં નેતા બળવંતરાય મહેતા હતા, અને મુરબ્બી શ્રી નાનાભાઈની સંસ્થા ગ્રામ દક્ષિણા મૂર્તિમાં; બન્ને સંસ્થાઓ સાથે સંકળાઈને કામ કરવાનો મોકો મળ્યો હતો. પણ મને ગામ ઉપર 'વાત્સલ્ય'ની દૃષ્ટિએ વધુ આકર્ષણ હતું.

ગામ તરફથી દાણા-ગોળ વ.ની વ્યવસ્થા થઈ. ગામને કહ્યું : જેમ જેમ જરૂર પડશે તેમ તેમ લઈશું. બધી વ્યવસ્થા ગામ જ કરે!"

આથી ગામને થયું કે આ તો આપણો માણસ છે. દોઢેક માસ બાદ ગામને લાગ્યું કે આ કુટુંબ જે વર્ગમાંથી આવે છે તેને બીજી ચીજો પણ જોશે અને દૂધ ઘી વગેરે માટે રોકડી રકમ આપવી જોઈએ.

મેં કહ્યું : "મને વીશ જુવાનો રાત્રિશાળા માટે આપો!"

ગામે દર જુવાને બે રૂપિયા નક્કી કરી દાણા-ગોળ સાથે બીજી ચાલીશ રૂપિયાની વ્યવસ્થા જોડી દીધી.

ગામમાં કામનો ઘાટ બંધાયો. બહેનો પણ આવવા લાગ્યાં. તેમની નિરક્ષરતા દૂર કરવા માટે તેમને ખબર ન પડે તે રીતે રાસડાથી કાર્ય શરૂ કર્યું. એમાં તેમને ગમે તેવી ઢાળો ગોઠવતો ગયો. પછી તો તેમણે સામેથી અક્ષરજ્ઞાનની માગણી કરી. રાસડામાં શીલ, સંસ્કાર, બાળઉછેર, ગ્રામ ભક્તિ, બહેનોનું ગૃહ કર્તવ્ય, સમાજ કર્તવ્ય વ. વાતો વણી લેવાઈ હતી. તેમાં અક્ષરજ્ઞાન શરૂ થતાં તે વિભાગને પણ વિકસાવવાની તક મળી. આમ ગામ સાથે આનંદ અને ઓતપ્રોતતા વધતાં ચાલ્યાં.

ત્યાં એકવાર રાત્રે હું બહાર ગામથી આવતો હતો. તે વખતે બાજુના ગામના કાહીઓ વગેરે અહીંના લોકોને ખૂબ હેરાન કરતા જણાયા. એમનાં ઢોર ચોરે-વાડે ચરે! કોઈ ખેડૂત ચૂં કે ચાં કરી શકે નહીં. આ વખતે જે ઢોરને જોયાં તેમને લઈને ડબ્બે પૂર્યાં. પણ પેલો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાઠી મૂછો ઉપર તાલ દઇને ડબ્બામાંથી કાઢી ગયો. હું તો શમશમી ઊઠયો. આટલો બધો જૂલમ સહન થાય શી રીતે? મેં પોલિસમાં ફરિયાદ કરી; પણ મુખીએ, "ઢોર પૂરાયાં નથી" એવું જૂઠું લખાણ કર્યું. કોઈ સાક્ષી તરીકે પણ ઊભું ન રહ્યું. એટલું જ નહીં, જે ખેડૂતની ભેળ થયેલી તેણે જાતે કહ્યું કે મારું કંઈપણ ભેળવાયું નથી.

રોટલી અને દૂધપાક નીચોવીને આપો!

હવે શું થાય! હું તો ખૂબ મુંઝાયો. એક દિવસ વિચાર થતાં હું અને મારા પત્ની બન્ને જણ તે ગામ તે કાઠીને ત્યાં જ પહોંચ્યા. તેમણે આગ્રહ કર્યો અને અમે જમવા રોકાયા. ભાણામાં રોટલીઓ આવી કે મેં કહ્યું: "આ નીચોવીને મને આપો!"

તે કાઠીના મા અને ઘરના બધાય મુંઝાયા. પહેલાં તો તેઓ કંઈ ન સમજ્યા. પછી મેં ચોખવટ કરતાં કહ્યું: "આમાં અનેક ખેડૂતોનો પરસેવો ચોંટયો છે, તે કાઢીને મને રોટલી આપો!"

છેવટે કાઠી પીગળી ગયા અને તેમણે કહ્યું: "આ મારી ગાય, મારી જ ભેંસને ઉછેરીને મોટી કરી છે અને તેને ભેળથી અલગ રાખી છે. તેનું દૂધ લો!"

સામાન્ય રીતે ભેળ તો થોડી, ભેંસ વ. થી થતી હોય છે એટલે મેં થોડું દૂધ લીધું. ત્યારબાદ કાઠીના આખા કુટુંબે પોતાની આપવીતી કહી સંભળાવી: "અમને પણ કોઈ ખેડૂતોને રંજાડવા ગમતા નથી. પણ, શું કરીએ! અમારી પાસે સો વીઘાં જમીન હતી પણ અમૂક પટેલને ત્યાં ગિરો મૂકેલી. ત્રીશ વર્ષ થઈ ગયાં હવે એ આપતા નથી!"

એમનું પણ કંઈક કરવું જોઈએ એમ નક્કી કરી તેમની વિદાય લઈને અમે પાછા ફર્યા. એ પટેલ બાપા ચૂસ્ત વેદાંતી હતા. થોડા દિવસો પછી સમય જોઈને હું તેમને ત્યાં ગયો. મેં તેમને કહ્યું: "બાપા! આપ તો અદ્વૈતવાદી! આપનાથી આવું થાય!" સદ્‌ભાગ્યે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બાપા સમજી ગયા. તેમણે કહ્યું : "બોટું તો થયું છે પણ હવે બેતર છૂટતું નથી!"

મારા માટે બાપાએ દૂધપાકનું જમણ બનાવ્યું હતું. મેં કહ્યું : "બાપા! દૂધપાક તો મને બહુ ભાવે, પણ તમારે નીચોવીને આપવો પડશે!"

"દૂધપાક તે નીચોવાતો હશે?" બાપાએ પૂછ્યું.

"પણ મારે તો નીચોવીને જોઈએ. એમાં અણહક્કનું તત્ત્વ ભળી જાય છે." બાપા સમજી ગયા. છેવટે એક મોસમ લઈને તે જમીન છોડવા માટે માની ગયા. માણસોની સામે એ મુજબનું લખાણ થયું. કાઠીની ઘોડી વેચાવી નાખી. દાણચોરી વ. અનિષ્ટો બંધ થયાં. કાઠીભાઈ બે બળદ ખરીદી ખેતીમાં લાગી ગયા. આ વ્યક્તિગત પ્રશ્ન તો સારી રીતે ઉકેલાયો, પણ આવું ઠેર ઠેર હતું. એટલે જુલ્મ-નિવારક-સેવાદળ રચાયું.

એ જ અરસામાં સેવાદળ પાસે એક સવાલ આવ્યો, એક ગુંડા માણસનું ઊંટ બધાનાં ખેતરોમાં ફર્યા કરે. તે પાકો ગુંડો કોઈકની મેરીને બાર વર્ષથી પોતાના ઘરમાં રાખેલી છતાં કોઈ એને કંઈ ન કહી શકે. તે વખતે અમે અહિંસાની દિશામાં ઊંડા ઉતર્યા ન હતા. એટલે સેવાદળના માણસોએ ઊંટના પગમાં ગોળી મારી તેને લંગડું બનાવી દીધું.

આ ખબર પડતાં પેલો ચીડાયો. એક દિવસ દારૂ ઢીંચીને આવ્યો અને બોલવા લાગ્યો : "ભવાની ભોગ માગે છે! તમને મારીને લોહી આપવું છે!"

બધાય ગભરાયા. મારી પાસે બેઠેલા બે મોટા પટેલો તો ચાલવા લાગ્યા. સેવાદળના યુવાનો ચિત્રવત્ બની ગયા. હું ઊભો થયો અને પેલા ભાઈને અડ્યો. તે છંછેડાયો નહીં. કંઈક શાંતિ આવતાં તેણે કહ્યું : "ઠીક, તલવાર નહીં તો મ્યાન મારવા દો!" વાત ઉતરતાં કહે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

" તમારા સેવાદળના એક ભાઇને મારવા દો " અને અંતે " તે ભાઈ માફી માગે ! " ત્યાં સુધી વાત આવી. હું સાંઢિયાને બાઝી ગયો. એટલામાં મુખીએ આવીને પેલા માણસને પોતાના મકાનમાં બેસાડયો અને બહારથી પાણી આવ્યું છે એમ કહી તેને પાણી પાયું. ધીમે ધીમે તેને નશો ઊતરી ગયો અને માફી મંગાવવાને બદલે એ તો એમને એમ પાછો ફર્યો.

તેવામાં એક બનાવ બન્યો કે કોઈ હરતાફરતાઓ સાથે એને ઝઘડો થયો. તેને માર પડ્યો અને તેની બંદૂક પણ તેઓ લઈ ગયા. ગામમાં વાત ફેલાઈ કે માટલિયાએ એવું કર્યું લાગે છે. એક વાર હું બહારગામથી આવતો હતો કે મારી ઝૂંપડીમાં એક ચોર આવેલો. મને જોઈને માલ ફેંકી તે ચાલતો થયો. બસ વહેમો શરૂ થયા કે " માટલિયા પાસે કંઈક છે. રાખ આપો તોયે માણસ સાજો થઈ શકે ! "

એ જ અરસામાં બધા વહેમો સામે થનારું ' ખેડૂત-શ્રેય-સાધક મંડળ ' રચાયું. સંસ્થારૂપી સૂર્યનાં સપ્ત પટ્ટીના સાત ગુણો ગામમાં ખીલ્યાં. અમે અમારી સામે વાત્સલ્યનું પ્રતીક પણ રાખ્યું છે; જેથી સતત જાગૃતિ રહે.

મમતા-મોહ કે અહંતા એકદમ તો જતાં નથી પણ ગોળમાં પાણી પડતાં ચીકાશ ઘટે તેમ એ વ્યાપક થતાં ઘટે છે, અહંતા-મમતા સંપૂર્ણપણે ગયાં નથી. પણ તે વ્યાપક થયાં છે જેથી સાવ મૂર્છિત થવાતું નથી એમ મને લાગે છે.

દુષ્ટજન સંહારમાં વિશ્વવાત્સલ્ય ખરું ?

આ અનુભવો સાંભળી દંડીસ્વામીજીએ પ્રશ્ન કર્યો : (૧) હિરણ્યકશ્યપનો વધ નૃસિંહે કર્યો, (૨) રામે રાવણને માર્યો (૩) કૃષ્ણ દ્વારા કંસ મરાયો તો આમાં વિશ્વવાત્સલ્ય ગણાય ખરું !

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માટલિયાજીએ જવાબ આપતાં કહ્યું : "ફળે બીજનો નાશ કર્યો કે ફળ પાકી જતાં બીજે ફળનો નાશ કર્યો! આમાં વાત્સલ્ય મણાતું હોય તો ઉપરની વાતમાં શા માટે ન ગણાવું જોઈએ.

પૂંજાભાઈએ કહ્યું : માળીને વ્યવસ્થા માટે જળાંઝાંખરાં સાફ તો કરવાં જ પડે ને! ટુંકમાં સમાજનાં મૂલ્યો માટે, અંગત હેતુથી નહીં, તેમ રાગદ્વેષ રાખ્યા વગર, સમાજની કક્ષા પ્રમાણે સશસ્ત્ર સામનો કરવો પડે તોય 'વિશ્વવાત્સલ્ય'ને બાધા નહીં પહોંચે! એટલું ખરૂં કે એ અરાગ અને અદ્વેષની અસર તત્કાળ નહીં તો બીજે જન્મે પણ જેને ભાર્યો હોય એને પણ પહોંચી વળતી જોઇએ. એ રીતે જોતાં રાવણ અને વાલી બન્નેને રામ ઉપર પ્રીતિ અંતકાળે થાય જ છે; તેમ કંસને થતી જણાતી નથી. જો કે કંસ તો જાણી જોઈને આક્રમણ કરવા જતાં જ મલ્લશાળામાં મરાયો છે!"

માતૃવાત્સલ્ય પુરૂષ-વાત્સલ્ય કરતાં વધારે

શ્રી દેવજીભાઈએ પોતાની પુત્રીનો માતૃવાત્સલ્યનો અનુભવ દાખવતાં કહ્યું : "હું બાળાઓને ખૂબ સાચવું છું. છતાં એક દિવસે મારી નાની દીકરીએ કહ્યું કે "બાપા આપણાં કરતાં પડોશીની 'મા' મરીબ છે છતાં એના બાળકો 'મા' કહે છે. એ કેવું રૂડું લાગે છે? તમે અમને સારી પેઠે રાખો છો પણ 'મા' જેવું આનંદમય બીજું નથી લાગતું!"

શ્રી પુંજાભાઇએ હાજર જવાબ આપ્યો : "એટલા માટે તો 'બા-પા' કહેવાય છે. મતલબ કે માતા કરતાં બાપાનું વાત્સલ્ય પા ભાગનું જ હોય છે."

પછી સ્ત્રી અને પુરૂષ અંગે ચર્ચા ચાલી. પુરૂષમાં પણ વિશિષ્ટ ગુણો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હોય છે અને સ્ત્રીઓમાં પણ પોતાના વિશિષ્ટ ગુણો હોય છે. સમર્પણનો ગુણ પુરૂષોમાં પણ હોય છે એટલે જ સાધકો વિશ્વવાત્સલ્ય વધુ અંશે અને સંખ્યામાં સાધે છે. સ્ત્રી-સાધિકાઓ ઓછી જોવા મળે છે અને સ્ત્રીઓનું વાત્સલ્ય જરૂર વિશ્વવાત્સલ્ય માટે પ્રેરણા આપી શકે પણ તે કુટુંબ સુધી સીમિત વધુ જોવામાં આવે છે. બાળકો માટે માનું બલિદાન સવિશેષ હોઈને, સમાજના ઉત્થાનમાં સ્ત્રીઓએ જ વધુ ભોગ આપ્યો છે અને વિશ્વવાત્સલ્યમાં પણ માતૃસમાજે વધુ ભોગ આપવો પડશે.

વિશ્વવાત્સલ્યમાં કોને મુખ્ય સ્થાન ?

શ્રી હંડીસ્વામીએ અજીરગતનો દાખલો આપતાં કહ્યું : "તેના ત્રણ પુત્રો હતા. પહેલો બાપને ભાગે હતો—છેલ્લો માને ! તેથી જ શુન-શેપ જે અજીરગતનો વચેટ પુત્ર હતો તેને સમાજ માટે હોમવો પડ્યો હતો. 'મા'નો નાના ઉપર પ્રેમ વધારે હોય તેનું કારણ તે નાનો, છેવટનો અને નબળો હોય છે. આમ વિશ્વવાત્સલ્યમાં આખા સમાજને સ્થાન છે. પણ પછાત રહી ગયેલાંઓને માટે પક્ષપાત રાખવો જ જોઈએ !



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

[૩] વિશ્વવાત્સલ્યનાં પાસાંઓ

[૩૧-૭-૬૧] —મુનિશ્રી નેમિચંદ્રજી

વિશ્વવાત્સલ્યનાં કયાં કયાં અને કેટલાં પાસાં છે તે અંગે અત્રે વિચાર કરવાનો છે. વિશ્વવાત્સલ્ય શબ્દની એવી વિલક્ષણતા છે કે એનું નામ લેતાં જ માતાનું ચિત્ર આંખ આગળ ઊભું થાય છે. વિશ્વવાત્સલ્યનાં પાસાંઓ ઉપર વિચાર કરવા માટે પણ માતૃહૃદયનાં પાસાંઓ પણ તપાસવા પડશે.

માતા કેવળ બાળક ઉપર આસકત થઈને પ્રેમ કરે છે એ એના હૃદયનું એક પાસું છે. તે એને મારે પણ છે-દંડ પણ આપે છે-ગુસ્સો પણ કરે છે. આ એક બીજું પાસું છે. પણ બન્ને સ્થિતિમાં તેના અંતરમાં વાત્સલ્ય તો ભરેલું જ હોય છે. તે ચાહે છે ત્યારે પણ તેના દિલમાં વાત્સલ્ય હોય છે અને જ્યારે દડે છે ત્યારે પણ એ વાત્સલ્ય હોય છે. તે જ એને પ્રેરે છે કે તેનું બાળક નહારૂં ન થવું જોઈએ. બગડવું ન જોઈએ. એવી હિતભાવના તેના હૃદયમાં સતત રહે છે. એમાં મમતા પણ છે અને સમતા પણ છે. જ્યારે બંનેનો સમન્વય થાય ત્યારે જ વાત્સલ્ય ખીલે છે. વિશ્વવાત્સલ્યમાં પણ આમ બંને પ્રકારની વૃત્તિ અને ભાવનાનો સમન્વય સાધવાનો રહે છે. વિશ્વવાત્સલ્ય જ્યાં એક તરફ અનિષ્ટોને દૂર કરવાનું સૂચવે છે ત્યાં બીજી તરફ સમાજજીવનમાં સંયમ, ધર્મ અને નીતિ વગેરેનો પ્રવેશ કરવાનું સૂચવે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘણા લોકો કહેશે કે શું સર્વોદયથી એમ નહીં થાય ? સર્વોદયમાં અવિકસિત અંગોનો વધારે ઉદય કે પ્રકાશ અને વિકસિત અંગેનો ઓછો ઉદય કે પ્રકાશ સૂચવાતો હોય, પણ જ્યાં અંધારૂં છે તેને દૂર કરવા માટે ખાસ કહેવાતું નથી. અંધારૂં દૂર કર્યા સિવાય ઉદય કે પ્રકાશ કઇ રીતે થઇ શકશે ! સૂરજનો પ્રકાશ તો ચોમેર પથરાયો પણ જેના બારી બારણાં તદ્દન બંધ છે તે મકાનમાં પ્રકાશ કયાંથી પ્રવેશી શકે ? સર્વોદયમાં એવું માનવામાં આવે છે કે એની ચિંતાની જરૂર નથી. એવાં મકાનનાં બારીબારણાં ઉઘાડવાની જરૂર નથી. બીજા શબ્દોમાં સર્વોદય કેવળ વિકાસ પામેલાં, ભલે તે ઓછાં હોય કે વધારે એવાં અંગોને લાગુ પડે છે. પણ જે વિકાસને અવરોધનારાં તત્ત્વો તરફ તે ઉપેક્ષા જ સેવે છે. સર્વોદય એમ માને છે કે બધું રૂડું થતાં-એટલે કે રૂડાનું રૂડું થતાં–બધું સારૂં થઈ જશે. પણ તેમ થતું નથી. એમાં મોટો ભય તો એ રહેલો છે કે જે વિકસિત હોય છે તે વધુ વિકાસ પામે છે પણ અણવિકસિત પાછળ રહી જાય છે.

ઘણી વાર એક વર્ગમાં નબળા અને સબળા વિદ્યાર્થીઓ હોય છે. નબળો વર્ગ જોઇને શિક્ષક વિશેષ–વર્ગ ચલાવે છે. આનો લાભ બધાને લેવાનો હોય છે. પરિણામે જોવા મળે છે કે જે સબળા હોય છે તે વધારે સબળા બને છે અને નબળા વધુ નબળા બને છે. જો નબળા તરફ વિશેષ ધ્યાન અપાય તો જ તે આગળ વધી શકે છે. જો અનિષ્ટને દૂર કરવાનો પ્રયત્ન જ ન કરવામાં આવે, અને કેવળ ઇષ્ટને જ વિકસાવવાનું હોય તો ઇષ્ટ વિકસે એમાં હમેશાં ભયસ્થાન રહેલ છે. શરીર ઘણું જ સુંદર અને સ્વસ્થ હોય, તેને સારી રીતે રાખવાનો પ્રયત્ન કરવામાં આવે તો યે એમાં ઉપસેલા એક નાનકડા ગૂમડાની ઉપેક્ષા સેવવામાં આવે તો તે આખા શરીરને વેદનાથી ભરી શકે છે. એ જ ભય સર્વોદયવાદમાં આજે અંધારાભર્યા તત્ત્વો તરફ ધ્યાન ન અપાતાં; રહે છે.

એટલે જ અંધકાર કે અનિષ્ટને મટાડવા તેમજ પ્રકાશ અને ઇષ્ટને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રગટાવવા માટે વિશ્વવાત્સલ્યમાં પ્રતિકારક અને નિર્માણ બન્ને શક્તિનો સમન્વય સૂચવવામાં આવ્યો છે. વિશ્વવાત્સલ્યમાં અનિષ્ટનો પ્રતિકાર અને ઇષ્ટનો સ્વીકાર વ્યવહારૂ રીતે સૂચિત થાય છે તેમ સર્વોદયમાં થતાં નથી. મા બાળકને ભલા માટે, તેની ખરાબ પ્રવૃત્તિઓ અંગે નિષ્ઠુર થાય છે; ત્યારે તેનું માતૃત્વ લજ્જાતું નથી. બલ્કે શોભે છે. તેના અંતરમાં તો બાળક પ્રતિ આત્મીયતા હોય છે. જે અંગે તે (મા) બાળકના ખરાબ કામ અંગે, પોતાનાં બાળકને ઠપકો આપવા પ્રેરાય છે કારણ કે તેનું અંતર રડતું હોય છે. એ વાત્સલ્યની પ્રેરણાથી જ બની શકે છે. વિશ્વવાત્સલ્યનો સાધક પણ એવી જ રીતે બન્ને પાસાંઓ લઇને ચાલે છે.

તે સિવાય પણ સર્વ શબ્દ કરતાં વિશ્વ શબ્દ વધુ વ્યાપક છે. કારણ કે સર્વનો અર્થ ક્યારેક એક કુટુંબ, એક સમાજ કે એક વર્તુળ પૂરતો લેવામાં આવે છે જ્યારે વિશ્વ શબ્દથી આખા વિશ્વનું ભાન થઇ જાય છે. વિશ્વના પાણી માત્ર ઉપરાંત બધા ધર્મો, રાષ્ટ્રો, જાતિઓ, કુટુંબો કે .સમાજોનો સમાજોનો સમાવેશ વિશ્વમાં થઈ જાય છે, એટલે જ વાત્સલ્ય શબ્દની પૂર્વે વિશ્વ શબ્દ જોડ્યો છે.

ઘણા લોકો કહેશે કે શું ' અહિંસા ' શબ્દથી વિશ્વવાત્સલ્યનું કામ ન થઇ શકે ? એનો વિનમ્ર ઉત્તર એ છે કે અહિંસા શબ્દથી કેવળ હિંસાથી નિવૃત્ત થવાનો ભાવ ઘોષિત થાય છે–તેમાં પ્રવૃત્તિ તરફ જવાનો પડઘો પડતો નથી. ત્યારે વિશ્વવાત્સલ્યમાં અનિષ્ટથી નિવૃત્તિ અને ઇષ્ટની પ્રવૃત્તિ–બન્ને ભાવો સૂચિત થાય છે. સર્વપ્રથમ તો વિશ્વવાત્સલ્યમાં પ્રવૃત્તિ સુચિત થાય છે પણ એ પ્રવૃત્તિને અનુરૂપ નિવૃત્તિનો ઘોષ પણ તે અંગે ઊંડી વિચારણા કરતાં સ્પષ્ટ થાય છે.

આમ તો જૈન સાધુઓ અહિંસાનું પાલન કરે છે. તે છતાં તેમને અહિંસક કહેવામાં નથી આવતા પણ તેમને ' વિશ્વવત્સલ ' કહ્યા છે–એટલે કે તેઓને છકાય (સંપૂર્ણ જીવસૃષ્ટિ)ના માતાપિતા, પીહર અને રક્ષક કહ્યા છે. તેઓ છ કાયની સાથે ઓતપ્રોત રહે છે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ જ્યાં જ્યાં અનિષ્ટો, દોષો કે વિકારો જુએ ત્યાં અનાસક્ત રહી તેનાથી નિવૃત્ત પણ રહે છે.

વાત્સલ્યમાં 'હકાર' અને 'નિકાર' બન્ને આવે છે. આજે માત્ર નકારથી એટલે કે છેટા રહેવાથી કામ ચાલે એમ નથી. 'હકાર' પણ જરૂરી છે. એટલા માટે જ ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે :—

"एगओ विरइं कुज्जा, एगओ य पवत्तणं।
असंजमे नियत्ति च संजमे य पवत्तणं॥"

એટલે કે જીવનમાં બે વૃત્તિઓ છે નિવૃત્તિ અને પ્રવૃત્તિ. અસંયમથી નિવૃત્ત થવું જોઈએ અને સંયમમાં પ્રવૃત્તિ કરવી જોઈએ. સાધક એક બાજુથી સમાજના બધા પ્રશ્નો ઊંડાણથી લેવા માટે સંયમ માર્ગે પ્રવૃત્ત થાય અને બીજી બાજુથી જ્યાં જ્યાં સમાજમાં અનિષ્ટો, વિકારો કે દોષો જણાય ત્યાં તે દોષોથી પોતે નિવૃત્ત રહે. એક તરફ સમાજમાં કરૂણા, સેવા અને વાત્સલ્ય પીરસે અને બીજી તરફ સમાજના દોષોથી પોતે વેગળો રહી ગુણોને પૂરે! આમ બન્ને વૃત્તિઓ કામ કરે તો જ સાધકના જીવનમાં વિશ્વવાત્સલ્ય પ્રગટ થઈ શકે!

કેટલાક લોકો નિવૃત્તિનો અર્થ સમાજના દોષો જોઈને ભાગવું, પણ તે દોષોને દુર કરવા નહીં, એવો કરે છે. તેઓ પ્રવૃત્તિને પણ કેવળ વ્યક્તિગત જીવન પૂરતી જ માને છે; પણ તે બરાબર અને બંધબેસતું લાગતુ નથી. આ જીવન એક અને અખંડ છે. એના ભાગલા નિશ્ચયદૃષ્ટિથી થઈ શકતા નથી. જીવન એકાંગી કે એક તરફી બની જાય તો તે વિકસિત જ ન થઈ શકે. ભગવાન મહાવીર તે બુદ્ધ જો લોકજીવનની ઊંડી કરૂણા અનુભવ્યા વગર બહાર પડ્યા હોત તો તેમને કોઈ યાદ ન કરત. જગતના જીવનમાં જે વિસંવાદિતા છે તેને દૂર કરવા અને લોકજીવનને સંવાદી બનાવવા માટેની અંતરની ઊંડી પ્રેરણાએ જ તેમને રાજપાટનો ત્યાગ કરવા, ઘોર તપ કરવા, જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રેર્યા. એટલું જ નહીં; પોતાના એ પરમ જ્ઞાન-દર્શનનો બોધ, લોકજીવનને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અનિષ્ટ તરફ જતાં રોકવા માટે અને ઉન્નત બનાવવા સક્રિય કરવા માટે આપ્યો. જો આવી વ્યાપકતા સાધક જીવનમાં ન હોય તો બંધિયારાં પાણીની જેમ તેનામાં પણ વિકૃતિ આવવાનો મોટો સંભવ છે.

દશવૈકાલિક સૂત્રમાં કહેવામા આવ્યું છે કે સાધક જીવનની વ્યાપકતા હોય તોજ દોષો ન પેસી શકે. જો સાધક પોતાનું વિચારશે જગતનું કે સમાજનું નહીં વિચારે તો તેનામાં અહંકાર, સ્વાર્થ, ઘૃણા, દ્વેષ વગેરે અનિષ્ટો પેસવાની શંકા છે. એટલા માટે દશવૈકાલિક સૂત્રમાં કહેવામાં આવ્યું છે :—

"सव्वभूयप्पभूयस्स सम्मं भूयाइ पासओ ।
पिहिआसवस्स दंतस्स पावकम्मं न बंधई ॥"

જે બધા પ્રાણીઓમાં, હું બધાં પ્રાણીઓમાં છું અને મારામાં બધાં છે; એમ ઓતપ્રોત (તન્મય) બની જાય છે, બધા પ્રાણીઓને આત્મવત્ લેખે છે; તે પોતે આશ્રવો (દોષો) થી દૂર રહે છે અને પાપકર્મને બાંધતો નથી. અહીં સ્પષ્ટરૂપે બધા જીવોને પોતાના સમાન લેખવાનો આદેશ છે. એટલે કે સાધકે કેવળ પોતે સાધના વડે વિકાસ કરી ઉન્નત થવાનું નથી; પણ સાથે બીજાને પોતાના સમાન એટલે કે શુદ્ધ કરવાના છે અને તે માટે તેણે ઇંદ્રિય; મન અને આત્મસંયમ કેળવવાનો છે. જે આવું કરે છે તે પાપકર્મને ન બાંધે એ સ્વાભાવિક છે અને સાથે જ અહંકાર, સ્વાર્થ, ઘૃણા, દ્વેષ વગેરે અનિષ્ટો તેનાથી દૂર રહે એ પણ એટલું જ સહજ છે.

વિશ્વવાત્સલ્યનો સાધક આમ સમાજ જીવનમાં સંયમ, ધર્મ, નીતિ વગેરે પૂરવા એક તરફ આત્મીય બની પ્રવૃત્ત થાય છે જ્યારે બીજી બાજુ સમાજનાં અનિષ્ટો અંગે વિરોધ કરી–નિવૃત થાય છે. આમાં એક તરફ તે 'ઇષ્ટો' અંગે સહકાર અને અનિષ્ટો અંગે અસહકાર; એક બાજુ તાદાત્મ્ય અને બીજી બાજુ તટસ્થના દાખલે છે. બીજા શબ્દોમાં સરળ રીતે કહીએ તો બાજુ ચૈતન્ય તત્ત્વની દૃષ્ટિએ આત્મીયતા કેળવે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે—અનિષ્ટ કરનારાઓ પ્રતિ પણ અને બીજી બાજુ જીવનના પરમ કર્તવ્ય માટે અન્યાયને પડકારે પણ છે.

જેમ એક માતા બાળક સાથે સહકાર અને અસહકાર બન્ને કરે છે તેમ વિશ્વવાત્સલ્યનો સાધક પણ સહકાર અને અસહકાર બન્ને કરશે. ઘણીવાર માતા બાળકને વહાલ કરે છે તેના હિત માટે બધું કરે છે, એ સહકારની ભાવના છે અને એ જ માતા કયારેક બાળક સાથે, તેના દોષો માટે રોષ કરે છે, બોલતી નથી પોતે ભૂખી પણ રહે છે; એ અસહકારની ભાવના છે. બંને ભાવનાઓની પછવાડે બાળકની હિત-ચિંતા તેને હૈયે હોય છે એવી જ રીતે વિશ્વવાત્સલ્યનો સાધક અન્યોના અનિષ્ટો જોઈને તેની સાથે અસહકાર દાખવે છે, તેને નિંદે છે, વખોડે છે; પોતે ભૂખ્યો રહે છે પણ હિત માટે અને તેને દૂર કરી 'સારૂં શું છે' તે અંગે સહકાર આપે છે તે પણ હિત માટે, આ માટે આત્મીય ભાવ હોવો જરૂરી છે.

વિશ્વવાત્સલ્ય શબ્દ બહુ મોટો છે. એટલા ઉચ્ચ વાત્સલ્ય સુધી પહોંચવા માટે કુટુંબ—વાત્સલ્ય, સમાજવાત્સલ્ય પ્રગટાવવાં સર્વપ્રથમ જરૂરી છે. જેને કુટુંબ સાથે વાત્સલ્ય ન હોય તે વિશ્વ સાથે કઈ રીતે વાત્સલ્ય દેખાડી શકે કે સાધી શકે?

રામાનુજાચાર્ય પાસે એક ગૃહસ્થ દીક્ષા લેવા આવ્યો. તેણે કહ્યું: "આ સંસાર ખારો છે. આમાં બધા સ્વાર્થના સગાં છે. મારે એ બધું છોડીને આત્મકલ્યાણ કરવું છે, માટે મને દીક્ષા આપો."

રામાનુજાચાર્યે પૂછયું: "કુટુંબમાં તારો કોઈ સાથે પ્રેમ છે ખરો!"

તેણે કહ્યું: "કુટુંબ તો સ્વાર્થી છે એટલેજ તો આપની પાસે દીક્ષા લેવા આવ્યો છું."

રામાનુજાચાર્યે કહ્યું: "ત્યારે હું દીક્ષા ન આપી શકું! જેનું કુટુંબ સાથે વાત્સલ્ય ન હોય; ભલે મોહમમતા ન હોય પણ શુદ્ધ લાગણીભર્યો વર્તાવ ન હોય, જેને બધા પ્રતિ ઘૃણા હોય તે વિશ્વવાત્સલ્યની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાધના જેવી દીક્ષા પાળી ન શકે!"

એટલે કે વિશ્વવાત્સલ્યની સાધના માટે કુટુંબ મોહ ન હોવો જોઈએ પણ કુટુંબ હિત અને તેને અનુરૂપ વાત્સલ્ય તો હોવું જ જોઈએ. જૈનોમાં દીક્ષા આપતાં પહેલાં, દીક્ષાર્થીએ કેવળ મા-બાપની નહીં પણ સમાજની યે સંમતિ લેવી પડે છે. એમાં રાજીખુશીથી સંમતિ અપાય છે. તેનો અર્થ એ છે કે દીક્ષાર્થીનો કુટુંબ પ્રતિ વાત્સલ્ય ભાવ છે, સમાજ પ્રતિ વાત્સલ્ય ભાવ છે અને હવે તેઓ એને વિશ્વવાત્સલ્યની સાધના માટે રજા આપે છે. વિશ્વવાત્સલ્યની સાધના માટે કુટુંબ, સમાજ અને જ્ઞાતિઓ તરફ તો તેનું વાત્સલ્ય હોવું જ જોઈએ. એ પહેલાં પગથિયાં ચઢ્યા વગર ઠેકડો મારીને વિશ્વવાત્સલ્ય સાધી શકાતું નથી.

જૈન આગમોમાં જિન-કલ્પી સાધુઓની ચર્યાનું વર્ણન આવે છે. આવા સાધુઓ સંઘથી, નગરથી દૂર રહીને એકાંતમાં સાધના કરે છે, તપ કરે છે. પણ તેમની આત્મીયતા કે અનુબંધ 'ધ્યેયાનુકૂળ સંબંધો તો સમાજની સાથે રહેજ છે. તેમનો વ્યક્તજગતની સાથે સ્થૂળ અનુબંધ દેખાતો નથી પણ અવ્યક્તજગતની સાથે સૂક્ષ્મ અનુબંધ વધતો જાય છે. તેઓ પોતાના જ્ઞાન વડે પરોક્ષરીતે સમાજની ગતિવિધિથી જાણકાર રહે છે. એટલુંજ નહીં, સમાજમાં પ્રબળ અનિષ્ટો ચાલતાં હોય, સમાજ ઉપર ખાસ આફત આવી હોય, સમાજમાં જ્ઞાનદર્શન ચારિત્ર્યની સુરક્ષા કરવાનો પ્રસંગ હોય ત્યારે તેઓ પોતાની સાધના છોડીને, જરૂર પડે ત્યારે આવે છે.

ભદ્રબાહુસ્વામીના જીવનનો એક પ્રસંગ છે. તેઓ નંદવંશના અંત સમયે અને મૌર્યકાળના પ્રારંભમાં થઈ ગયા. તે વખતે મગધની રાજધાની પાટલીપુત્રમાં જૈનોનું એક મોટું સંમેલન ભરાયું. તેમાં જૈનોના સારા સારા વિદ્વાન સાધુઓ, વિદુષી સાધ્વીઓ, શાસ્ત્રાનુભવી શ્રાવકો અને શ્રાવિકાઓ ભેગાં થયાં. તે કાળે જે જ્ઞાન અપાતું તે સંભળાવીને અપાતું; પૂર્વ જ્ઞાનીઓ એને કંઠસ્થ કરતા અને અનુગામી-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એને તેઓ કંઠસ્થ કરાવતા. ધીમે ધીમે સ્મૃતિઓ ઘટતાં કંઠસ્થ જ્ઞાન સાચવી રાખવું મુશ્કિલ બનતું ગયું. એટલે ચતુર્વિધ સંઘે મળીને જેને જે વસ્તુ યાદ હોય તે બધું લિપિબદ્ધ કરવું, એ આ સમ્મેલનનો ઉદ્દેશ્ય હતો.

ભદ્રબાહુ સ્વામી વિશિષ્ટ જ્ઞાની હતા અને તેઓ હાજર હોય તો જ શાસ્ત્રોના પાઠ વ્યવસ્થિત થઇ શકે અને જ્ઞાન દર્શન ચારિત્રમાં વૃદ્ધિ થઈ શકે એમ શ્રીસંઘને લાગ્યું. શ્રીસંઘે બે સાધુઓને ભદ્રબાહુ સ્વામી પાસે સંદેશો લઈને મોકલ્યા. તે વખતે ભદ્રબાહુ સ્વામી નેપાળની તળેટીમાં મહાપ્રાણ ધ્યાનની સાધના કરતા હતા. સાધુઓએ જઈને સંઘનો સંદેશો આપ્યો.

ભદ્રબાહુસ્વામીએ કહ્યું : "હું અત્યારે યોગ સાધના કરી રહ્યો છું. તેને અધૂરી મૂકીને કઈ રીતે આવી શકું !"

સાધુઓએ પાછા વળી સંઘને વાત કરી. સંઘે એક જ વાકયમાં ભદ્રબાહુસ્વામીને ફરીથી કહેવડાવ્યું : "વ્યકિતસાધના મોટી કે સંઘસાધના !"

આ સંદેશો મળતાં જ ભદ્રબાહુ સ્વામીએ તરત જ ત્યાંથી વિહાર કર્યો. તેઓ પાટલિપુત્ર આવ્યા અને તેમણે સંઘની ઉન્નતિમાં–સૂત્રો લિપિબદ્ધ કરવામાં પોતાનો ફાળો આપ્યો.

આ ઉપરથી એમ માની શકાય છે કે કોઈ સાધક ભલે એકાંતમાં રહેતો હોય પણ તેનો તાળો (કર્તવ્ય–સંબંધ) જગત સાથે વધારે રહેવો ઘટે છે.

વિશ્વવાત્સલ્યમાં માતાનો આદર્શ સામે હોય છે. જેમ માતા પોતાના બાળકોમાંના નબળાં, રોગી કે મૂર્ખ બાળકને તરછોડતી નથી, પણ તેની વધારે કાળજી રાખે છે તેમ વિશ્વવાત્સલ્યનો સાધક, સમાજના પછાત ગણાતા, નબળા કે તરછોડાએલા વર્ગને તરછોડશે નહીં, ઉલ્ટી વધારે આત્મીયતા તેમની સાથે રાખશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રામાયણમાં શબરીનુ વર્ણન આવે છે. શબરી ભીલડી હતી. તે સંસ્કારી હતી. પોતાનો વિકાસ થાય તે માટે તેને કોઈ આશ્રમમાં રહેવાની ઇચ્છા થઈ. તે પ્રબળ જિજ્ઞાસા સાથે માતંગ ઋષિ પાસે આવી અને પોતાને આશ્રમમાં રાખવાની તેણે વિનંતિ કરી. આશ્રમનું વાતાવરણ પવિત્ર હતું અને શબરી પણ બ્રહ્મચારિણી હતી. શિષ્યો પણ વિદ્વાન હતા. શબરીને દાખલ કરવામાં કોઈ પણ સિદ્ધાંતનો બાધ આવતો ન હતો. ઋષિએ વિચાર્યું કે આવી પછાત જાતિની સ્ત્રીનો ઉદ્ધાર કરવો જોઈએ અને તેમણે તેને આશ્રમમાં જગ્યા આપી.

શિષ્યોએ વિરોધ કર્યો. આ તો બ્રહ્મચારીઓનો આશ્રમ; તેમાં વળી સ્ત્રી કેવી ? અને તે પણ આવી નીચ જાતિની ! તેને રખાય જ કેમ ? સમાજમાં ઉહાપોહ થશે અને આપણી પ્રતિષ્ઠાને ફટકો લાગશે. માટે તેને રાખવી નહીં.

ઋષિએ કહ્યું : " આપણે આ પ્રશ્નને સિદ્ધાંતની દૃષ્ટિએ જોવો જોઈએ. પ્રતિષ્ઠા કરતાં સિદ્ધાંત મોટો છે. "

ઋષિએ શબરીને આશ્રમમાં રહેવાની અને જ્ઞાન વિકાસ પામવાની રજા આપી. વિરોધમાં શિષ્યોએ ગુરુ અને આશ્રમ બન્નેનો ત્યાગ કર્યો. તેઓ પ્રતિષ્ઠાના વંટોળમાં સપડાઈ ગયા. માતંગ ઋષિએ એક નીચલા થરની સ્ત્રીને ખાતર સમાજ અને શિષ્યનો પ્રકોપ વહોર્યો પણ તેઓ વાત્સલ્ય સિદ્ધાંતને ન ચૂક્યા.

પોતાનો દેહ છોડતી વખતે માતંગ ઋષિએ શબરીને કહ્યું : " તારું કલ્યાણ ભગવાન રામ આવશે ત્યારે થશે ! "

તેથી શબરી પોતાના પ્રભુ રામમાં મગ્ન થઈને રહેવા લાગી. તે પોતાની કુટીરમાં રહેતી, આશ્રમને સાફસૂફ કરતી, સેવા કરતી. નાના નાના છોડ અને મોટા-મોટા વૃક્ષો, પશુ-પંખીઓ સાથે પણ તેનો પરિચય વધવા લાગ્યો. તેની આત્મીયતાની સાધના વધતી ગઈ. પરિણામે, જ્યારે રામ આવ્યા ત્યારે તે રામને, પંપા સરોવર,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઋષ્યમૂક, પ્રવર્ષણ પર્વત કે બીજા સ્થળોનો અને સુગ્રીવ, હનુમાન વગેરે વ્યક્તિઓનો પરિચય આપી શકી હતી. જેણે વિશ્વના પ્રાણીઓ સાથે વાત્સલ્ય સાધ્યું હોય તેના નિર્મળ અંતઃકરણમાં વિશ્વના પ્રવાહનો પડઘો પડે, એમાં નવાઈ નથી. માતંગઋષિએ આપેલા વિશ્વવાત્સલ્યનું પાન શબરીએ કર્યું અને તે પણ વાત્સલ્ય-રસમાં તરબોળ થઈ ગઈ હતી.

ઘણીવાર વિશ્વવાત્સલ્યના સાધકને પોતાની પ્રતિષ્ઠાના ભોગે બીજાની ભૂલોનું પ્રાયશ્ચિત જાતે કરી, સંસ્કૃતિની રક્ષા કરવી પડે છે. કણ્વઋષિ પોતાના આશ્રમમાં રહેતા હતા અને વિદ્યાભ્યાસ માટે પોતાને ત્યાં આવેલા શિષ્યો અને શિષ્યાઓને જ્ઞાન આપતા હતા. એ કાળે આશ્રમમાં મુનિ પરિવારો રહેતા. ઋષિ તે વખતની સમાજની પરિસ્થિતિથી સુપરિચિત હતા. એક વખત મેનકા અને વિશ્વમિત્રઋષિના સંયોગથી, મેનકાને બાળા જન્મી. તે પાછળથી શકુંતલા તરીકે ઓળખાણી. વિશ્વામિત્ર મુનિએ એક ભૂલ તો એ કરી કે મેનકામાં લપટાયા પણ તેનાથી બીજી મોટી ભૂલ એ કરી કે એ બાળાને નિરાધાર છોડી દીધી. તેમણે લોકલજ્જા કે સમાજના ડરના કારણે કદાચ એવું કર્યું હશે. કણ્વઋષિને ખબર પડી કે ઋષિ અને અપ્સરા એ છોકરીને નિરાધાર છોડીને ચાલ્યા ગયા છે. તેમણે એ બન્નેની ભૂલના પ્રાયશ્ચિતરૂપે એ કન્યાને ન કેવળ અપનાવી પણ પોતાની પુત્રી તરીકે ઉછેરીને મોટી પણ કરી. તેમણે એ એક પળ માટે પણ ન વિચાર્યું કે સાધના છોડીને આ લપમાં શા માટે પડું ? વળી એક ત્યજાયેલી કન્યાને લાવવી એ અપ્રતિષ્ઠાનું કારણ હતું છતાં તેને અપનાવવા માટે તેમના હૃદયમાં રહેલ વાત્સલ્ય આ કાર્ય માટે પ્રેરતું હતું. સમાજની ટીકાની પરવા કર્યા વગર તેમણે એ બાલિકાને આશ્રમનિવાસિની બનાવી દીધી.

અભિજ્ઞાન શાકુંતલમાં વર્ણન આવે છે કે એ કન્યા શકુંતલા કેવી રીતે આશ્રમના હરણાં, વૃક્ષો, લતાઓ, કુંડો તેમ જ લોકો સાથે ઓતપ્રોત થઈ જાય છે. એને કણ્વ ઋષિ પોતાના સગા પિતા જેવા જ લાગે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એકવાર ઋષિ કયાંક બહાર ગયા હતા. તેવામાં દુષ્યંત રાજા ત્યાં આવે છે અને શકુંતલા અને તેનો પ્રેમ થાય છે; તેમ જ બન્નેનો ગાંધર્વ–વિવાહ થાય છે. દુષ્યંત ચાલ્યો જાય છે ઋષિ પાછા આવે છે. ક્ષોકો કહે છે કે શું આશ્રમ–કન્યા તેમ જ આશ્રમ માટે આ વસ્તુ શોભે ? એક ઉપર બીજી આફત આવી.

પણ કણ્વઋષિ તેને સમ્મતિ આપે છે. રાજા દુષ્યંતથી શકુંતલાને ગર્ભ રહેલો હોય છે. રાજા શહેરમાં જઈને રાજકાજમાં શકુંતલાને ભૂલી જાય છે. શકુંતલા એની આપેલી મુદ્રિકા નિહાળીને સાંત્વન મેળવે છે. અંતે જેની છે તેને ત્યાં મોકલી આપવી એવો વિચાર કરી કણ્વઋષિ શકુંતલાને વળાવે છે.

એ વખતે સંસ્કૃતિના રક્ષક એ ઋષિની વિદાયવાણી સાંભળીને આજે પણ ગદ્‌ગદિત થઈ જવાય છે. પાલક પિતા હોવા છતાં પણ તેમણે મા–બાપ બન્નેનું વાત્સલ્ય શકુંતલામાં રેડ્યું હોય છે. શકુંતલામાં પણ એજ વાત્સલ્યભાવ ભરેલો હોય છે અને તે કહે છે: "આ વૃક્ષો, આ લતાઓ, આ પંખીઓ અને આ હરણો! આ આશ્રમના નિવાસીઓ જેમનાથી એક પળ વિયોગની મેં કોઈ કલ્પના કરી ન હતી તેમને મૂકીને જતાં મારું હૃદય ચિરાઈ જાય છે."

દુષ્યંત રાજાને ત્યાં શકુંતલા પહોંચે છે પણ તે ભૂલી જાય છે કે મેં શકુંતલા સાથે ગાંધર્વ લગ્ન કર્યા છે. શકુંતલા તેને પેલી લત્તાઓ, કુંજો, પંખીઓ બધાની યાદ અપાવે છે પણ રાજાના મગજમાં તે ઉતરતું નથી. અંતે પેલી મુદ્રિકાની યાદ અપાવે છે અને તે દેખાડવા જાય છે પણ નશીબ યોગે તે રસ્તામાં નદી પાર કરતી વખતે આંગળીમાંથી સરકી ગઈ હોય છે. તે મુદ્રિકા દેખાડી શકતી નથી અને રાજા એનો સ્વીકાર કરવા માટે ના પાડે છે.

પતિથી ત્યજાયેલી, સમાજમાં અપ્રતિષ્ઠિત અને પોતાના ગર્ભમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંતાન ને ધારણ કરનારી શકુંતલા પેલી નદીના કિનારેથીજ પાછી વળે છે. કણ્વઋષિને તેની ખબર પડે છે અને તે આવી તરછોડાયલી પાલક દીકરીને પણ પાછી લઈ આવવા જાય છે. તેમને આશ્રમ, સમાજ કે પ્રતિષ્ઠાનો ભય હોતો નથી. પણ શકુંતલા એ બાપને નીચું જોવડાવવા ઈચ્છતી નથી એટલે તે પોતાનો રસ્તો શોધી લે છે. આગળ ઉપર શકુંતલા વનમાં પુત્રને જન્મ આપે છે જેનું નામ 'ભરત' રાખવામાં આવે છે. આ તરફ દુષ્યંત રાજાને માછીમારની પાસેથી માછલીમાંથી પેલી મુદ્રિકા મળે છે અને તેને શકુંતલાનું સ્મરણ થાય છે. તે બધે તપાસ કરાવે છે પણ શકુંતલાનો કયાંયે પત્તો લાગતો નથી. અંતે ઘણા વર્ષો બાદ સ્વર્ગલોક તરફ જતાં અનાયાસે પતિ–પત્ની તેમજ પુત્રનો મિલાપ થાય છે.

અહીં કણ્વઋષિના દાખલા વડે જોવાનું છે કે વિશ્વવાત્સલ્યનો સાધક કપરા પ્રસંગોમાં પણ ધીરજને ગુમાવતો નથી; સિદ્ધાંત માટે પ્રતિષ્ઠા અને પરિગ્રહને પણ જતાં કરવામાં સંકોચનો અનુભવ કરતો નથી.

આજના જગતના પ્રવાહો જોતાં વિશ્વવાત્સલ્ય ને જગતમાં ફેલાવવાનું છે. તે એકમાત્ર વ્યક્તિથી નહીં થાય. એકલા હાથે કોઈપણ મહાપુરૂષે વિશ્વવાત્સલ્યને સાધ્યું નથી. જેટલા તીર્થંકરો, પયગંબરો કે અવતારો થયા તેમણે સર્વપ્રથમ એને પોતાનામાં પ્રગટાવ્યું અને પછી તેમણે એને સમાજમાં રેડીને, આ કાર્ય સાધ્યું છે. હાથ જો કે શરીરનું મહત્વનું અંગ છે છતાં તે બીજા અંગો સાથે જોડાયેલાજ છે. જો ભૂજાનું બળ મળે, પેટ દ્વારા અન્નથી શક્તિ મળે, પગ વડે ગતિ મળે, તોજ હાથ કોઈ કાર્ય કરી શકે; તેમાં પણ આંખ બરાબર જોઈ લે ત્યારેજ તે પાર પડે. એવીજ રીતે વિશ્વપાત્સલ્યને વિશ્વમાં ફેલાવવા માટે સમાજના દરેક અંગોએ મળીને કાર્ય કરવાનું છે અને તોજ તે ઝડપથી થઈ શકશે.

એક વસ્તુ જરૂર વિચારવાની રહે છે કે વિશ્વવાત્સલ્યના બન્ને પાસાંઓની જાગૃતિ રહેવી જરૂરી છે. નહીંતર તણાઈ જતાં વાર નહીં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લાગે. જો માત્ર નિવૃત્તિ કે ઉદાસીનતા રાખવામાં આવે તો સ્વાર્થ, ઘૃણા, અહંકાર વગેરે દોષો પેસી જાય; અને જો માત્ર પ્રવૃત્તિજ રાખવામાં આવે એટલે કે આત્મીયતાજ રાખવામાં આવે પણ આત્મીયતા વખતે દોષો કે અનિષ્ટો તરફ સાવધાની ન રાખવામાં આવે કે જાતે સાવધાન ન રહે તો મોહમાં તણાઈ જવાનો ભય રહે છે. એટલે ઘણા સ્વાર્થ, અહંકાર વિ. દોષોની નિવૃત્તિ સાથેની આત્મીયતાની પ્રવૃત્તિ એ બન્ને પાસાંઓ સાથેનું વિશ્વવાત્સલ્ય સંપૂર્ણ, પ્રેરક અને ફળદાયી બનશે.

મુક્ત ચર્ચા અને ચિંતન

વાત્સલ્ય વિકાસ પધ્ધતિની ત્રિવેણી

શ્રી માટલિયાએ આજની ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું :—

મેં માલપુરાનું કામ ગોઠવવા માંડયું અને ત્યાં અન્યાયના પ્રતીકારના પ્રશ્નો આવ્યા. મુરબ્બી નાનાભાઈ એ કહ્યું કે ખેડૂત સંગઠન એક ગામનું ન હોય. એટલે ખેડૂત–શ્રેયસાધક મંડળના થોડા સભ્યો વધારવા હું મોરબી તરફ ગયો. ત્યાં કપાસ લોઢવાની રાજ્યની મનાઇ હતી. કપાસના ભાવ પણ બાંધેલા ભાવ કરતાં વધારે થાય તો તે વધારાના પચાસ ટકા રાજ્ય કરરૂપે લઈ લેતું. એટલે ત્યાંના એક કાર્યકર ગોકુલભાઇએ એક સંમેલન કર્યું. તેમને રાજ્યે પકડી લીધા. હું મોરબી પહોંચ્યો કે મને ગામડામાં જવાની ના પાડી !

મેં નાનાભાઈની સલાહ માગી : "શું કરવું ?"

નાનાભાઈ ભટ્ટે કહેવડાવ્યું : "અત્યારના સંયોગોમાં પાછા આવવું, પણ રાજ્યની આજ્ઞા ભાંગવી નહીં !"

આ પછી મેં મોરબીની પ્રાર્થના સભામાં જ વાત કરવી શરૂ કરી. ખોરાણા ગામના ત્રીશ ખેડૂતોએ ઉપવાસ એટલા માટે માંડયા કે "માટલિયા અમારી વાત સાંભળવા આવ્યા છે તો રાજ્યે અમને છૂટ આપવી !"

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છેવટે બે દિવસે રાજ્ય નમ્યું. લોકોમાં ગરમી આવી, સભ્યો તૈયાર થયા. મેં કહ્યું : "પંદર જ લઈશું !" અંતે રાજ્યે નમતું મૂકયું.

મેં ઢેબરભાઈને લખીને વિગતો મોકલી. તેમણે કહ્યું : "ખેડૂતોની વાત વ્યાજબી છે પણ આપણે મોરબી રાજ્યથી બગાડવું નથી."

આ તરફ રાજ્યે એક રાતમાં પ્રજામંડળ (નામનું) ઊભું કરાવી નાખ્યું. તે મંડળ કોઈ ઠરાવ કરે તે પહેલાં હું અને વજુભાઈ ત્યાં પહોંચી ગયા અને એ સભામાં અમે ગયા. સભા અમારી જ બની ગઈ અને જવાબદારતંત્રને માંગતો ઠરાવ થઈ ગયો.

આ વાતની ખબર પડતાં મોરબીના મહારાજા ગુસ્સે થઈ ગયા. ત્રણશો ગરાસિયા હાથમાં તલવારો લઈ પ્રાર્થના સભામાં ધાંધલ કરવા માટે આવ્યા. તોફાન શરૂ કરે તે વખતે અચાનક આરઝી હકુમતવાળા શ્રી પુરોહિત વગેરે આવી પહોંચ્યા, તેમની બીકમાં ગરાસિયાઓ દબાઈ ગયા અને તોફાન કર્યા વગર ચાલ્યા ગયા. પુરોહિતના હાથમાં સભા આવી પણ મેં તો કહ્યું : "આપણો માર્ગ અહિંસાનો છે !"

આની જાણ મહારાજાને થઈ. તેણે કહ્યું : "રાજ્ય અને ખેડૂતો સમાધાન કરી લેશે; માટલિયા વચ્ચે નહીં !"

ખેડૂતો પૂછવા આવ્યા : "શું કરીએ ?"

"ગોકળભાઈને છોડવાની શરતે સમાધાન કરી લો. વાંધો નથી !" મેં કહ્યું. રાજ્યે તે વખતે જે ખેડૂતમંડળ રચ્યું તે આખરે કોંગ્રેસના અંગભૂત મંડળ જેવું કામ કરે છે.

બીજી બાજુ સૌરાષ્ટ્ર સરકાર તરફથી હું ચાર માસ માટે ત્યાં વહીવટ માટે ગયો. તે દરમ્યાન મુનિ શ્રી સંતબાલજી આવેલા, ત્યારે પણ પ્રાર્થના-સભા થઇ. કેટલાક રાજના ભાડૂતી લોકોએ તોફાન તો કર્યું પણ આ બધામાંથી હું નિર્ભયતા તથા ખેડૂતમંડળ અને નૈતિક ગ્રામ સંગઠનની વાત શીખ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેવામાં જ એક બાજુ સનાતન ધર્માંઓ અને બીજી બાજુ વેપારીઓનો વિરોધ શરૂ થયો. તે દરમ્યાન મને વિચાર આવ્યો કે "સ્થાનિક કાર્યકરો પકવવા (તૈયાર કરવા) માટે વર્ગ શરૂ કરવો!"

આષાઢી બીજનું મુહૂર્ત હતું પણ માંડ ત્રણ જણ બહારથી મળ્યા અને ત્રણ ગામમાંથી. થોડા દિવસોમાં બહારના ત્રણ ભાગી ગયા. એટલે ગામે મને બીજા ત્રણ આપ્યા. આ વર્ગ ગામથી દોઢ માઈલ દૂર અમે ચલાવતા.

આ વિરોધ થવાનું મૂળકારણ તો એ કે આ ક્રાંતિની વાતો સાથે લોકોમાં અફવા ફેલાઈ : "માટલિયાના ઘરમાં બૈરી તો ભંગિયાણી છે. તે ઉપરથી ઢોંગ કરે છે પણ છોકરાઓને ભરતી કરી લશ્કરમાં લઈ જશે?" સામાન્ય જનતા તો આવી વાતોથી દૂરથી ભોળવાઈ જાય એટલે મુશ્કેલી ખૂબ પડી. પણ હિમ્મત રાખી વર્ગ ચલાવ્યો જ. અમે ખેતી કરતા પણ થયા.

તેવામાં વીસા માંજરિયાએ ખેડૂતોનાં નાક કાપવાનુ શરૂ કર્યું. મેં રતુભાઈ તેમજ અમુલખભાઈને પૂછ્યું : "શું કરવું?"

તેમણે કહ્યું : "શસ્ત્ર રાખીને સામનો કરવો જ જોઈએ!"

એક તરફથી લોકોની રક્ષા હથિયારથી થાય, હું હથિયાર વગર જે જે પ્રદેશો બહારવટિયાઓને સંઘરતા તેમાં ફરું અને મારા ઘરની આસપાસ સશસ્ત્ર પહેરો ન રખાવું. આમ છતાં મને ભય તદ્દન ન હતો એમ ન કહી શકાય. ત્યારે રજોગુણ હતો; અધીરાઈ હતી, ઉતાવળ પણ થઈ જતી. ભાષામાં હાકલો–પડકારો આવી જતાં. તે છતાં ત્રણ વખત હુમલાઓ થતાં થતાં; હું બચી ગયો.

એક વખતે ભૂપતનો સાગરિત રાણો માલપરા ગામ ભાંગવા અને મને મારવા આવતો હતો પણ સહેજે ન આવ્યો!

બીજી વાર રાતના બાર વાગે હું ચાલ્યો આવતો હતો કે કોઈએ પડકાર કર્યો : "રાતના બહાર નીકળો છો, પણ ખબર છે ન?"

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મેં સહેજે કહ્યું : 'રામ રાખે એને કોણ ચાખે!" અને કોણ જાણે કેમ તે વાત પડકાર કરનારે હૈયાને લાગી ગઈ. તે ચાલ્યો ગયો.

ત્રીજી વખત મારાં ગાડાંની પછવાડે હોવા છતાં, મને ન માર્યો. તેમાં કોઈ અજ્ઞાત શકિત જ કામ કરતી હોવી જોઈએ.

એકવાર તો મેં રસિકભાઈને પત્ર લખેલો : "સોનીને ત્યાં સોનું આવવાનું છે." રસિકભાઈને તે વાતની બાતમી પહેલેથી જ મળી ગયેલી પણ મારા પત્રની નકલ પેલા બહારવટિયાઓના હાથમાં આવી ગઈ. ગરાસિયાઓ મને ચેતવવા આવ્યા. કાપૂવાંકના સસરા વાજસૂર-વાળાએ પણ અમને ચેતવ્યા; છતાં નિસર્ગની દયા હતી; અને કંઈ ન થયું.

બે બેડૂત સંમેલનો થયાં. તેમને તેડવા બહારવટિયાઓએ વિચાર કરેલો પણ એક ભાઈને (મોહનલાલ મોતીચંદ) આ ખૂનરેજી થવાની ખબર પડતાં રાજ્યે લશ્કર ગોઠવી દીધું.

આ બધા ઉપરથી લાગ્યું : "જગતમાં અવ્યકત શકિત કામ કરે છે; મદદ પણ કરે છે." બધા અનુભવો ઉપરથી વાત્સલ્ય વિકાસની પદ્ધતિમાં મને ત્રણ વસ્તુ ત્રિવેણી રૂપે અગત્યની લાગી :— (૧) સ્નેહપૂર્ણ વહેવાર (૨) વિશ્વાસપૂર્વક ગતિ અને (૩) જ્ઞાન, માલ, શીલ અને વ્યવસ્થાની સામાજિક સલામતી.

વાત્સલ્યવિકાસનો પ્રારંભ ઘરથી

શ્રી પૂંજાભાઈએ ભકત જલારામનો દાખલો આપતાં કહ્યું કે તેમના વાત્સલ્યનું ઝરણું પહેલાં ઘરથી ફૂટે છે, પછી તો પરબ, દાળિયા અને પછી આવેલા ભૂખ્યાતરસ્યાને રોટલો–દાળ આપી સદાવ્રત શરૂ કર્યું. તેમાં એક બાજુ સમાજ તેમને આપતો ગયો તો બીજી બાજુ તેઓ સમાજના જરૂરતમંદોને નિઃસ્પૃહભાવે આપતા ગયા. આ રીતે વાત્સલ્યનો વિકાસ તેમણે સમાજ સુધી સાધ્યો.

વાત્સલ્યમાં નિષ્ઠુરતા અને પ્રેમ બન્ને હોય છે

ત્યારબાદ બ્રહ્મચારીજીએ કહ્યું : "એક બાળકે ચોરી કરેલી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચોરી નાની હતી પણ એના પિતાએ એ છોકરાને ખૂબ માર્યો. બીજે દિવસે આવેશ શમ્યો ત્યારે તેણે બાળકને કહ્યું : 'બેટા ! મારૂં હૃદય રડતું હતું અને હું તને દંડ આપી રહ્યો હતો. તે એટલા માટે કે સમાજમાં આવો દોષ વ્યાપક ન બને !"

દેવજીભાઈએ એક ગરીબ મજૂરી કરનાર બહેનનો દાખલો આપ્યો. એકવાર તેના દિકરાએ એક વાણિયા પાસેથી બે વાર દૂધના પૈસા લીધા તેથી તેણે દીકરાને ખૂબ માર્યો ખરો પણ છેવટે છોકરાને પ્રેમથી સમજાવ્યો પણ ખરો.

ન્યાય નિષ્ઠુરતાની મર્યાદા

ડૉ. મણિભાઈએ વાત્સલ્યમાં ન્યાયમાટે નિષ્ઠુરતાની મર્યાદા અંગે પ્રશ્ન કર્યો કે તે કયાં સુધી હોવી જોઈએ ?

પૂંજાભાઈએ એક રબારીનો દાખલો આપતાં કહ્યું : "તેણે પોતાના ખૂની પુત્રનું જે સત્ય હતું તે અદાલતમાં કહી દીધું અને દીકરાને ફાંસી મળે તોયે તેની પરવા ન કરી. આ રીતે સત્ય અને ન્યાય આકરોજ છે.

માટલિયાએ કહ્યું : "દરેક વ્યક્તિ ન્યાય તોળવા બેસે તો ભૂલ થવાનો પૂરો સંભવ છે. બીજું ન્યાયને નામે પણ અહિંસાનેજ આગળ ધપાવવી જોઈએ, હિંસાને નહીં. બ્રહ્મચારીજી તેમજ દેવજીભાઈએ જે જે દાખલા આપ્યા તેમાં મારને પ્રધાનતા ન આપવી જોઈએ પણ સમાજમાં સદાચાર ફેલાવવાના હેતુને આપવી જોઈએ. શારિરિક દંડ કે ઊંચી સજા તો માત્ર રાજ્યના હાથમાં રહે તોજ એના ઉપર અંકુશ રહેશે; નહીંતર તેનો દુરૂપયોગ થવાનો વધુ સંભવ છે."

ન છૂટકે થતી હિંસાનો બદલો વાત્સલ્યથી જ ચૂકાવો જોઈએ

પૂંજાભાઈએ જાપાન અને જર્મનીના જાસુસનો પ્રસંગ ટાંકતાં કહ્યું : "એક વાર એક જર્મન જાસુસે અગત્ય જણાતાં એક જાપાની જાસુસને ગોળી મારીને ઠાર કર્યો. લડાઈ પતી ગઇ પછી તેણે એનું નામ શોધી;

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એની પત્નીને પૈસા મોકલ્યા અને તેના બાળકોની સંભાળ લીધી !"

આમ હિંસા, સમાન ન્યાય માટે ન છુટકે થાય અને તેનો બદલો માનવતાની ઉચ્ચ ભાવના વાત્સલ્ય વડે અપાય તો સમાજ તેમજ વ્યકિત બન્નેનો ઉધ્ધાર થાય.

દંડીસ્વામીએ કહ્યું : "વાત્સલ્ય હોવા છતાં પિતા સામે પ્રહલ્લાદ થયો. ઉદ્દાલક સામે નચિકેતા થયો. ત્યાં મુખ્યભાવ તો વિશ્વવાત્સલ્યનો જ હોય છે."

ગરીબ-તવંગરના ભેદમાં વાત્સલ્ય શી રીતે આવે ?

બળવંતભાઇએ પૂછ્યું : "સમાજમાં ગરીબ તવંગરના ભેદ હોય, ત્યાં લગી વાત્સલ્ય કેમ આવે ? જ્યાં પરાણે પૂરું થાય નહીં તો 'મા'નું વાત્સલ્ય તૂટે ત્યાં વિશ્વવાત્સલ્ય કેમ આવે ?"

દેવજીભાઈએ પોતાનો નાનો ભાઈ લકવા સાથે જન્મ્યો છતાં મા એ ગરીબીમાં પણ પ્યાર રાખી કેવી સેવા કરી તેનો ખ્યાલ આપ્યો.

તંગી અને મોંઘવારીમાં મહા મહેનતે પેટ ભરાતું હોય તો યે કુટુંબવાત્સલ્યની સંસ્કૃતિ હજુ માતાઓમાં અને ગામડાઓમાં છે, એનાં ઘણા દાખલાઓ મળી આવે તેમ છે. આજે પારકી સંસ્કૃતિના કારણે એ ભૂલતા જવાય છે. એથી જ સંસ્કૃતિના મુખ્ય અંગો જાળવી ફરીથી "વસુધૈવ કુટુંબકમ્" કરવું પડશે.

આર્થિક સમાનતા આવે તો યે વિશ્વવાત્સલ્યની જરૂર

કદાચ આર્થિક સમાનતા આવી જાય તો યે બુદ્ધિ, શરીર વગેરેની કુદરતી વિષમતા તો રહેશે જ. એટલે વિષમતામાં પણ નાનામાં નાના માણસને ન્યાય અને વિકાસની તક મળે તેવું બળ સમાજમાં જાગવું જોઈએ અને તે વિશ્વવાત્સલ્ય વડે જ જાગશે.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

[૪] વિશ્વવાત્સલ્યનો બીજમંત્ર

[૭-૮-૬૧] —મુનિશ્રી નેમિચંદ્રજી

વિશ્વવાત્સલ્યનું ધ્યેય એક આદર્શ ધ્યેય છે. પણ એ ધ્યેયને આચરવા માટે જો તેનું સતત સ્મરણ, ચિંતન અને દર્શન ન થાય તો તે આચરી શકાય નહીં. જગતમાં જુદી જુદી સાધનાઓ અને ઉપાસનાઓ ઉપર દૃષ્ટિપાત કરતાં એમ જણાશે કે દરેક સાધનાના પ્રારંભમાં કોઈ એવો બીજમંત્ર હોય છે; જેની અંદર સાધનાનું ધ્યેય આવી જતું હોય છે.

સાધકને સર્વ પ્રથમ પોતાની સાધના માટે ધ્યેય નક્કી કરવાનું હોય છે. પણ તે ધ્યેય નક્કી થઈ જતાં જ એને સિદ્ધિ મળતી નથી. એને એ માટે એકાગ્ર બનીને એની સાધના—એ દિશામાં ગતિ કરવી પડે છે. જગતના વેપારો અને વહેવારોમાં–એની સાધના વિચલિત ન થાય એ માટે; ધ્યેય ચૂકાય નહીં અને તે સતત આંખની આગળ રહે એ માટે, મહાપુરુષો બીજમંત્ર નક્કી કરે છે.

આ બીજમંત્ર પણ ન ભૂલાય, તે માટે કેટલાક મહાપુરુષો એનો જાપ કરવાનું સૂચવે છે. માણસના મનનું એવું છે કે તે ચંચળ છે અને તેને એકાગ્ર ન કરવામાં આવે તો તે ડામાડોળ થતું જ રહે છે. એટલા માટે બીજમંત્રનો જાપ સ્થિરતા લાવવા માટે ઘણા આવશ્યક માને છે. એ મનને કેવળ એકાગ્ર જ કરતું નથી પણ એટલા સમય માટે જગતની ઇતર પ્રવૃત્તિઓથી આત્માને અલગ અને પવિત્ર રાખે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગીતામાં એને યજ્ઞોમાં–સર્વશ્રેષ્ઠ યજ્ઞ કહ્યો છે. જપ કરવાથી સતત ધ્યેયનું સ્મરણ રહી શકે છે; તેમજ એની સાધના કરવામાં એકાગ્રતા કેળવાય છે અને અંતે ધ્યેયની સિદ્ધિને વરાય છે.

બીજમંત્ર એવો હોવો જોઈએ જેનાથી ધ્યેયની ભાવના સ્પષ્ટ થાય. જો ધ્યેયની ભાવના, બીજમંત્રથી સ્પષ્ટ ન થતી હોય તો સાધક માટે તે બીજમંત્ર અધરો, ગૂંચવણભર્યો અને નિરર્થક પણ બની જવાનો સંભવ રહે છે. અંબા કે ભવાની પાછળ સ્ત્રી શક્તિરૂપે માતાની પૂજનો ભાવ રહે છે અને 'જય જગદંબા' બીજમંત્ર એની ભાવનાને અનુરૂપ છે. માતા તો જગતનું પાલન કરનારી હોય અને વિશ્વ–માતા તો કોઈનું બલિદાન કે લોહી ન ઇચ્છે. ત્યારે જય જગદંબા કહીને; તેના નામે બકરા–ઘેટાં કે પાડાનું બલિદાન દેવાતું હોય તો એ બીજમંત્ર નિરર્થક બનીને રહી જાય છે. આ તો એક દાખલો આપ્યો છે કે કેવી રીતે ભાવનાને અનુરૂપ બીજમંત્ર ન હોવાથી કેટલી હદે તદ્દન વિરૂદ્ધ પ્રવૃત્તિ તેના નામે ચાલી શકે છે!

જગતના જુદા જુદા ધર્મો કે સંઘોએ પોતપોતાનો બીજમંત્ર રાખ્યો છે. જૈનોનો "अर्हद्भ्यो नमः" કે "ॐ नमः सिद्धेभ्य" છે. વૈષ્ણવોનો "ॐ नमः वासुदेवाय" છે. શૈવોનો "ॐ नमः शिवाय" છે. વૈદિકોનો "ॐ" કેવળ છે. સર્વોદય સમાજનો "જય જગત્" તેમજ સત્ય સમાજનો "જય સત્ય" છે. ત્યારે વિશ્વવાત્સલ્ય માટે "ॐ મૈયા" બીજમંત્ર છે.

ઉપર બતાવી ગયા તે પ્રમાણે જુદા જુદા આટલા બધા બીજમંત્રો હોવા છતાં આ નવો બીજમંત્ર શા માટે મૂક્યો? એ સવાલ ઊભો થશે. તે અંગે જો વિચારણા કરવામાં આવે તો જરૂર તેનું સમાધાન થઈ શકે.

સત્ય સમાજના "જય સત્ય"માં સત્ય ભગવાનનો જય આવે છે પણ ભગવતી અહિંસાનો જય આવતો નથી. ભગવતી અહિંસા વગર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સત્ય ભગવાનનો જય કેમ થઈ શકે! એ અધૂરૂં લાગે છે. ખુદ સત્ય ભક્તજીએ બનાવેલ ધર્માલયમાં સર્વધર્મોના સંસ્થાપકોની મૂર્તિઓ ઉપરાંત ભગવાન સત્ય અને ભગવતી અહિંસા બન્નેની પ્રતીક મૂર્તિઓ પણ રાખવામાં આવી છે. જ્યાં ભગવતી અહિંસાનું મહત્વ સ્વીકારવામાં આવ્યું હોય તો પછી બીજમંત્રમાં શા માટે નહીં! એટલે બીજમંત્ર ધ્યેયની ભાવનાને સંપૂર્ણ રીતે વ્યકત કરતો નથી.

સર્વોદયનો બીજમંત્ર "જય જગત" છે; એટલે કે જગતનો જય થાવ! હવે જગતને મિથ્યા માનવામાં આવેલ છે તો એના જયની કલ્પના કઈ રીતે થઈ શકે! સંત વિનોબાજીએ "ब्रह्म सत्यं जगत्स्फूर्तिः जीवनं सत्य शोधनम्" એવું એક સૂત્ર બનાવ્યું છે. એમાં જગતને તેમણે સ્ફૂર્તિદાયક કહ્યું છે. અને જીવનને સત્યની શોધ માટે રજૂ કરવામાં આવ્યું છે. આ જગત સ્ફૂર્તિદાયક ત્યારેજ બની શકે જ્યારે જગતમાં વાત્સલ્યાદિ ગુણો પ્રવર્તે. તોજ એવા જગતનો જય થઈ શકે. આમ એમાં પણ ભાવ અસ્પષ્ટ છે.

એવીજ રીતે શિવ, વાસુદેવ, અરિહંત કે સિદ્ધ ના નમસ્કારમાં તેઓ આપણાથી ઊંચા છે એવો ભાસ થાય છે. એટલે એમનામાંથી પ્રેરણાની ભાવના મેળવવાનો સંભવ ઓછો છે. પ્રેરણા તો ત્યારેજ મળે જ્યારે તેમની કર્તૃત્વ શકિતનો ભાસ થાય. યેન કેન પ્રકારેણ જો તેમની કર્તૃત્વ શકિતનો ભાવ તારવીએ તો શિવની સંહાર શકિત; વિષ્ણુની પાલન શકિત; બ્રહ્માની સૃજન શકિત; અરિહંતની વીતરાગ શકિત—સિદ્ધની નિરપેક્ષ શકિત—એજ ભાસ થાય છે. આમાં દરેકની એક એક શકિતનો આભાસ પ્રતિબિંબિત થાય છે.

પણ, "ॐ मैया"માં વિશ્વની સર્વ શકિતઓનો સર્વાંશે ભાસ થાય છે. એટલે વિશ્વવાત્સલ્યના બીજમંત્ર તરીકે "ॐ मैया"ને પસંદ કરવામાં આવેલ છે જેમાં બધા ભાવો રહેલા છે. તેમાં કયા કયા ભાવો રહેલા છે તે અંગે વધુ વિચાર કરવો જરૂરી થશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સર્વપ્રથમ "ॐ" શબ્દને જોઈએ. "ॐ" શબ્દ એક અથવા બીજી રીતે બધા ધર્મોમાં છે. જૈન ધર્મમાં "ॐ" શબ્દ પંચ-પરમેષ્ઠિનો સમાવેશ આ પ્રમાણે સૂચવે છે :—અ (સિદ્ધ) + અ (અરિહંત) + આ (આચાર્ય) + ઉ (ઉપાધ્યાય + મ્ (મુનિ સાધુ) = આમ ॐ થાય છે. વદિક ધર્મમાં ગુણપૂજનના સ્થૂળ પ્રતીકો રાખવામાં આવતા હોવાથી "ॐ" શબ્દથી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એવો અર્થ થાય છે. બ્રહ્મા એટલે જગતના ઉત્પતિ કર્તા, વિષ્ણુ એટલે જગતના પાલક રક્ષણ કર્તા અને મહેશને જગતના વિનાશક—સંહાર કર્તા માનવામાં આવ્યા છે. જૈન દર્શન ગુણ-પૂજનમાં માનતું હોવાથી એણે ઉત્પાદ, ધ્રૌવ્ય અને વ્યય ધર્મ, વિશ્વના દરેક પદાર્થમાં છે. તેને માન્યતા આપી છે. "उपन्नेइवा धुवेइवा विगमेइवा" એ ત્રિપદીમાં જૈનદર્શને તેનો સમાવેશ કર્યો છે. એને યોગદર્શનમાં ઉદિત, શાંત અને વ્યપદેશ કહેવામાં આવે છે. પુરાણમાં "ॐ"માં જ ૩ નો અંક છે તેને ત્રિલોક-ઊર્ધ્વલોક, મધ્યલોક, અધોલોક-એમ ત્રણલોક રૂપે માનવામાં આવેલ છે. એવીજ રીતે ઈસ્લામ ધર્મમાં ॐ ને બદલે આમિન્ શબ્દનો પ્રયોગ જોવામાં આવે છે. તેજ ખ્રિસ્ત ધર્મમાં Omni (ઑમ્ની) શબ્દ રૂપે આવે છે જેનો અર્થ પૂર્ણ થાય છે. આમ 'ॐ'નો કોઈપણ પ્રકારની પરિપૂર્ણતા માટે પ્રયોગ કરવામાં આવે છે.

વિશ્વવાત્સલ્યના બીજમંત્ર રૂપે ॐમાં, વ્યક્તિ, સમાજ અને સમષ્ટિનાં અખંડ સ્વરૂપ સમાન વિશ્વને લેવામાં આવેલ છે. એવી જ રીતે ॐ નો પ્રયોગ ઈશ્વરના અર્થમાં છે. ત્યારે ઈશ્વરના પ્રતિક રૂપે સત્યને ॐ શબ્દ વડે લઈ શકાય છે.

હવે 'મૈયા' શબ્દના જે જુદા જુદા અર્થો થાય છે તે જોઈએ. મૈયા એટલે માતા. આ તો સામાન્ય, સરળ અને સીધો અર્થ છે. જૈનધર્મમાં ગુણ-પૂજન મુખ્યત્વે હોઈને, તે દૃષ્ટિએ માતાનો અર્થ 'પ્રવચન માતા' લેવામાં કોઈ બાધ નહીં આવે. જૈનસાધકને પ્રવૃત્ત અને નિવૃત્ત બન્નેમાં સારી પેઠે વિવેક રાખવાની વાત બતાવવામાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવી છે. અને સાધુના સંયમનું માતાની જેમ રક્ષણ કરનારી પાંચ-સમિતિ (ઇર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપ, પરિષ્ઠાપના) અને ત્રણ ગુપ્તિને (મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ) એ બધાને આઠ પ્રવચન માતા બતાવવામાં આવી છે. આ આઠેય માતાઓ નિવૃત્ત કે પ્રવૃત્તિમાં કોઇને કોઈ તરફ નિયંત્રણ રાખનાર શક્તિ છે અગર તો સાધકના સંયમની સુરક્ષા રાખનારી હોવાથી प्रवचनस्य द्वादशांगस्य तदाधारस्य वा संघस्य मातर इव प्रवचन मातरः —પ્રમાણે બાર અંગો રૂપ પ્રવચનોની અગર તો તેના આધાર રૂપ સંઘની માતાની જેમ હોવાના કારણે તેને પ્રવચન માતા કહેવામાં આવી છે. એની વિશેષતા બતાવતાં, ઉતરાધ્યયન સૂત્રમાં કહ્યું છે :—

एया पवचन माया जे सम्मं आयरे मुणी ।
सो खिप्पं सव्वसंसारा विजमुच्चइ पंडिए ॥

—આ પ્રવચન માતાનું જે મુનિ સમ્યક્ પ્રકારે (सम्यक् अविपरीतेन न तु दंभादिना) આચરણ કરે છે—એટલે કે સાચી પ્રવૃત્તિ અને નિવૃત્તિ કરે છે તે પંડિત વહેલી તકે સંપૂર્ણ સંસારને અપાવે છે અને મુક્ત થાય છે.

વૈદિક ધર્મના એક ભાગ રૂપે—ભાગવતધર્મમાં ગુણપૂજાના સ્થૂળ પ્રતીક રૂપે વિવિધ શક્તિઓ—દેવીઓને બતાવવામાં આવી છે. જેમાં મુખ્યત્વે જગદંબા, માતા ભવાની, બ્રહ્માણી, કાલી, દુર્ગા વગેરે છે. તેને ભગવાનની કર્તૃત્વ શક્તિ રૂપે બતાવવામાં આવી છે. એટલે મૈયાનો અર્થ જગદંબા વગેરે શક્તિઓ પણ થાય છે. જૈનોએ પણ ઋષિમંડળ-સ્તોત્રમાં એ દેવીઓ અને શક્તિઓને લીધી છે.

મૈયાને ભગવતી અહિંસા રૂપે પણ લઈ શકાય છે. પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં "तं सच्चं खु भगवं" કહીને સત્યને નિશ્ચય રૂપે ભગવાન બતાવવામાં આવે છે તેવી જ રીતે અહિંસાને પણ "एसा सा भगवई अहिंसा जा सा भिचाणमिव सरठां" કહીને ભગવતી રૂપે વર્ણવી છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વૈદિક ધર્મમાં મૈયાને માયા (માતા) રૂપે જગતની નિયામક શક્તિ ગણવામાં આવી છે. જૈનધર્મમાં "કર્મ"ને જગતના કાર્યકારણ-ભાવની મહા નિયમા શક્તિ બતાવવામાં આવી છે. સાંખ્યદર્શનમાં એને પ્રકૃતિ રૂપે બતાવવામાં આવી છે; જે માતા રૂપે જગતની પ્રેરક-શક્તિ છે. એવી જ રીતે મૈયા શબ્દથી વાત્સલ્ય સ્વરૂપા શક્તિનું ભાન થાય છે જેમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્ને નિહિત છે.

આમ ૐ અને મૈયા શબ્દો પાછળની બધા ધર્મની પ્રેરક-શક્તિઓ જે પૂર્ણ વાત્સલ્યભાવ પ્રગટાવવા સમર્થ છે તેનું સૂચન થતું હોય છે. ૐ એટલે વિશ્વ અને મૈયા એટલે વાત્સલ્યભાવ એ રૂપે તેને વિશ્વવાત્સલ્યના સંપૂર્ણ પ્રતીક રૂપે બીજમંત્ર તરીકે લેવામાં આવ્યો છે.

અહીં ૐ અને મૈયા બે શબ્દોને અલગ રાખવામાં આવ્યા નથી પણ એકબીજાથી સંકળાયેલા રખાયાં છે. એ બન્નેને જોડનારૂં ૐ શબ્દની પાછળની રેખા પૂંછડીની જેમ ૐ નિશાન છે. એ બન્ને શબ્દ મળીને જે અર્થો ફલિત થાય છે તે આ પ્રમાણે છે :—

ૐ મૈયા એટલે વિશ્વની માતા!

ૐ મૈયા એટલે વિશ્વ પ્રત્યે વત્સલતા;

ૐ મૈયા એટલે ભગવાન સત્ય અને ભગવતી અહિંસા,

ૐ મૈયા એટલે વિશ્વની મહાનિયામિકા શક્તિ,

ૐ મૈયા એટલે પંચ પરમેષ્ઠીની પ્રવચન માતા,

ૐ મૈયા એટલે જીવન અને જગતની મહાનિયમા શક્તિ,

ૐ મૈયા એટલે બ્રહ્મા, વિષ્ણુ, મહેશરૂપ ઈશ્વરત્રયની કર્તૃત્વ-શક્તિરૂપ જગદંબા.

ૐ મૈયા એટલે જગતની પ્રેરક શક્તિ.

બધા ધર્મો, બધા દર્શનો અને બધી વિચારધારાનો સમન્વય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ૐ મૈયામાં જ થતો હોય એવું લાગ્યા વગર રહેતું નથી. અહીં કોઈ પણ વિચારધારાનો વિરોધ નથી પણ તેનો સમાવેશ છે અને દરેક ધર્માનુયાયીઓને તે પોતાનું જ જણાય છે.

જૈનો માટે ૐ મૈયા શબ્દ નવો લાગે તેમ નથી. પંચપરમેષ્ઠીનો તો તેઓ ૐ શબ્દમાં સમાવેશ કરે છે; પણ પ્રવચનમાતાને કરતા નથી. વધારામાં પંચ પરમેષ્ઠીના પાંચ પદની સાથે બીજા ચાર પદ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપને ભેળવી નવ પદોની આરાધના કે સ્મરણ કરવાની પ્રણાલી ચાલુ કરી છે. વિશ્વવાત્સલ્યમાં ૐ પંચ પરમેષ્ઠીની સાથે મૈયા શબ્દ એટલા માટે મૂક્યો છે કે વિશ્વમાં જે કાંઈ જ્ઞાન-દર્શન, ચારિત્ર્ય-તપ વગેરેની પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ કરવાની હોય તેમાં સતત જાગૃતિ રાખવા માટે પ્રવચનમાતાનું સ્મરણ સતત થયા કરે. જૈનોના ભગવતી સૂત્રમાં "नमो बंभीए लिविए" કહીને બ્રાહ્મી લિપિને નમસ્કાર કર્યા છે. બ્રાહ્મી લિપિ કાંઈ ચૈતન્યરૂપ નથી, જડરૂપ છે પણ તેને નમસ્કાર કરવાનું પ્રયોજન એટલું જ કે ગુણને ગ્રહણ કરવા. એવી જ રીતે સાધકોને છ કાય (વિશ્વની જીવ સૃષ્ટિના)ના રક્ષક, પીહર અને મા-બાપ (વિશ્વ-વત્સલ) કહ્યા છે. તો તેમનું ધ્યેય કેટલું ઉંચું અને વિશ્વવાત્સલ્યને રેડનારૂં છે! તે ધ્યેયનું સતત ધ્યાન રહે તે માટે ૐ મૈયા એટલે કે વિશ્વ-વત્સલતાનો બીજ-મંત્ર કેટલો બધો ઉપયોગીછે!

વૈદિક ધર્મમાં તો ઠેર ઠેર વિવિધ શક્તિઓ રૂપે 'જગદંબા' વગેરે દેવીઓને સ્થૂળ પ્રતીક રૂપે માનવામાં આવી છે. ત્યાં તો ૐ મૈયા શબ્દ યથાર્થરૂપે પડેલો જ છે. દેવી-ભાગવતમાં જગદંબાનું વર્ણન કરતાં કહ્યું છે :—

"विद्याः समस्तास्तव देवी ! भेदाः ।
स्त्रियः समस्ता सकला जगत्सु ॥"

હે માતા! બધી વિદ્યાઓ તારા જ ભેદો છે. તેમ જ જગતની કળાવંતી સઘળી સ્ત્રીઓ પણ તારા જ રૂપ છે. તારી જ આત્મીયા છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘણા લોકો કહેશે કે ઘણા બીજા શબ્દો વિશ્વવાત્સલ્યને પ્રગટ કરનારાં હોવા છતાં ૐ મૈયાને જ બીજમંત્ર રૂપે શા માટે પસંદ કરવામાં આવ્યો છે? શું તેનાથી વિશિષ્ટ લાભો મળે છે? તો તે લાભો કયા છે? 'ૐ મૈયા શા માટે?' તેનો વિચાર તો અગાઉ થઈ ચૂક્યો છે. હવે તેના ખાસ લાભો અંગે વિચાર કરવાનો છે.

ૐ મૈયા બોલવાથી સર્વ પ્રથમ લાભ એ થાય છે કે તે સાંભળતા નિર્દોષ આલ્હાદની ઊર્મિઓ ઉછળવા માંડે છે. "મા" એ શબ્દ બોલતાં જેમ હૃદયમાં અપૂર્વ આનંદ છલકાય તેવી જ રીતે ૐ મૈયા શબ્દ પણ સ્વાભાવિક રીતે વાત્સલ્યના આનંદને પ્રગટાવે છે. ગમે તેવો વ્યભિચારી, દુષ્ટ કે પાપી માણસ હશે, તો પણ માતાનું નામ સાંભળતાં તેના હૃદયમાં શુભ ભાવનાઓ જ ઊઠશે. માનું વાત્સલ્ય એવું હોય છે કે તે હૃદયના વિકારોને ધોઈ નાખે છે. પંચપરમેષ્ઠીમાં બધી કોટિના ઉચ્ચ સાધકો આવી જાય છે. એમના માટે તો આખા વિશ્વની માતા બનવાનું ધ્યેય ફરજિયાત સાધવાનું હોય છે. એટલે જ્યારે ૐ મૈયા ઉચ્ચારાય ત્યારે એને સતત આવું ભાન રહી શકે કે હું જગતરૂપ સંતાનની ધર્મમાતા છું. જગતના બધા પ્રાણીઓ પ્રત્યે સુખ-સંવર્ધન-સંરક્ષણરૂપ વાત્સલ્ય મારે સતત રેડતા રહેવાનું છે. એક સામાન્ય માતામાં પોતાના બાળક પ્રતિ વાત્સલ્ય રેડવાની, હુંફ આપવાની વૃત્તિ હોય છે ત્યારે જે સાધક વિશ્વની માતા બને છે, તેનામાં આખા વિશ્વના પ્રાણીઓ પ્રતિ વાત્સલ્યનો સક્રિય વહેવાર રહેવો જરૂરી છે તેને માનવો અને પ્રાણીઓ પ્રતિ મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ ભાવ યુક્ત વાત્સલ્યની પ્રવૃત્તિ અને નિવૃત્તિ કરવાની રહે છે. તેનામાં વિશ્વવાત્સલ્યતા એટલે કે વિશ્વ માતૃત્વવૃત્તિનું ભાન સતત રહેવું જરૂરી છે. પિતૃભાવમાં મોટા ભાગે કઠોરતા જ હોય છે જ્યારે માતૃભાવમાં કોમળતાનો અંશ વધારે અને કઠોરતાનો અંશ ઓછો હોય છે. આમ બન્ને ભાવો તેનામાં હોય છે. માતા ગમે તેટલી કઠોર બને તો પણ તેનું અંતર રડતું હોય છે. આમ ૐ મૈયા બોલવાથી કેવળ જગતના જીવો પ્રતિ આત્મીય ભાવ જ જાગતો નથી પણ એમના જીવનની સુરક્ષા પણ સજાગ બને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેનું સતત ભાન થાય છે. સમસ્ત વિશ્વ પ્રતિ પ્રેમ પ્રગટ થતાં રાગદ્વેષ, ભય-શોક કષાય-વિષય વગેરે રહેતાં નથી અને જીવનમાં અપૂર્વ અને નિર્દોષ આનંદ પ્રગટે છે.

બીજો લાભ, ઊૅ મૈયા બોલવાનો એ છે કે તેનાથી બ્રહ્મચર્યની સાધના સહજ બને છે. બ્રહ્મચર્યની સાધના કેવળ નિષેધાત્મક રૂપે શબ્દને ગ્રહણ કરવાથી સહજ સિદ્ધ થતી નથી. કેવળ વિષય-વાસનાને વશ ન થવું એ ભાવ લેવાથી બ્રહ્મચર્ય સાધવું કઠણ થાય છે. એના માટે કોઇને કોઇ બીજો મહાનભાવ હોવો જરૂરી છે. સંત વિનોબાજીએ કહ્યું છે કે "બ્રહ્મચર્યની સાધના કરવા માટે તેની સામે એક બૃહત્-કલ્પના હોવી જોઇએ. જે ધ્યેયની પૂર્તિ કરનારી હોય ! તો તે સાધકનું બ્રહ્મચર્ય સહજ સિદ્ધ થઇ શકશે !" જેમકે ભીષ્મપિતામહે પૂર્ણ બ્રહ્મચર્ય સિદ્ધ કરવા માટે પિતૃ-ભક્તિની બૃહત્ કલ્પના સામે રાખી હતી. મહાત્મા ગાંધીજીએ દેશસેવા કે સ્વરાજ્યની બૃહત્કલ્પના સામે રાખીને બ્રહ્મચર્યની સાધના કરી હતી. એવી જ રીતે કેટલીક વિધવા માતાઓ પુત્ર-સેવા સામે રાખીને બ્રહ્મચર્યને સાધે છે. કામ અને વાત્સલ્ય એ બન્ને મનોવૃત્તિઓનું મૂળ એક જ છે. એટલે જે કામવાસના સંતાનોત્પત્તિ કે જાતીયવૃત્તિનું કારણ બને છે; તેનું જ ઉર્ધ્વીકરણ કરવાથી બ્રહ્મચર્ય સાધી શકાશે. સ્થૂળ રૂપે સંતાન સર્જન કરતાં, સૂક્ષ્મરૂપે આખા જગતને (પ્રાણી માત્ર) સંતાન માનવું પડશે અને તેને અનુરૂપ તેનાં માનસિક સર્જન રૂપે, ઘડતર, રક્ષણ, સંવર્ધન એક માતા તરીકે વિશ્વવાત્સલ્ય રેડીને કરવું પડશે. આમ વિશ્વ માતા તરીકે બૃહત્કલ્પના સામે રાખતાં બ્રહ્મચર્ય સાધના સહજ તો થાય જ છે; પણ અસરકારક પણ નીવડે છે.

એવું પણ જોવામાં આવે છે કે કેટલીક સામાન્ય માતાઓમાં પોતાના બાળકો પ્રત્યેજ નહીં; બીજાનાં બાળકો પ્રત્યે વાત્સલ્ય રેડવાની વૃત્તિ હોય છે. એ રીતે વાત્સલ્ય રેડતા તે માતામાં આનંદની સહાનુભૂતિ તેમજ આલ્હાદની ઊર્મિઓ પ્રગટે છે. કેટલીક માતાઓ કેવળ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પોતાનાંજ નહીં પારકાં બાળકોને પણ ધવડાવે છે. હરિજન સેવકમાં એક સત્ય ઘટના આ પ્રમાણે આવી હતી.

ગોરખપુર જિલ્લામાં પૂરના કારણે દુઃખી એક અભણ ગામડિયણ બાઈ પોતાના નાના બાળકને ધવડાવતી હતી. એટલામાં તેને યાદ આવ્યું કે બકરીનું મા વગરનું બચ્ચું પણ ભૂખ્યું છે. તેણે પોતાની મોટી દીકરીને કહ્યું : "બકરીનાં બચ્ચાંને પણ લઈ આવ, તેને પણ ધવડાવી લઉં !" આશ્ચર્યની વાત એ હતી કે તે બાઈએ પોતાના એક સ્તનથી પોતાનાં બાળકને અને બીજા સ્તનથી બકરીનાં બચ્ચાંને ધવડાવ્યું. માતામાં જેમ સહજ વાત્સલ્ય હોય તેવોજ ગુણ ઉચ્ચ સાધકમાં હોવો જોઈએ. બુદ્ધ ભગવાને એક ઠેકાણે કહ્યું છેઃ "સાધક બધા પ્રાણીઓની માતા બનીને આત્મીયતા સાધે ! મૈત્રી, કરૂણા, મુદિતા અને ઉપેક્ષા એ ચાર ભાવનાઓ દ્વારા બ્રહ્મવિહાર કરે !"

ૐ મૈયા બોલવાથી વિશ્વને વિનાશથી ઉગારી લેવાની ભાવના હંમેશા સામે રહે છે. એ પણ એક ખાસ લાભ છે. પોતાના બાળકો ઉપર આફત આવે ત્યારે તે આફત જાતે ઝીલવા માતા પ્રયત્ન કરે છે અને તે એની વિશેષતા છે. એ વખતે એ પ્રાણોની પણ પરવા કરતી નથી. એવીજ રીતે વિશ્વની માતા બનેલો સાધક; વિશ્વરૂપી બાળક ઉપર આફત આવે, તેની આસપાસ અનિષ્ટો ફૂલે ફલે કે તેનો નૈતિક વિનાશ થાય, તેના આત્મગુણોની હાનિ થાય ત્યારે જાતે, પોતાના તપ, ત્યાગ બલિદાન વડે વિશ્વને બચાવી લેવા કટિબદ્ધ થાય. ૐ મૈયા સાધકની એ સાધનાને સક્રિય બનવા પ્રેરણા આપે છે અને તેને ધ્યેયની નજીક પહોંચાડે છે. પુરાણોમાં હરિણીનો દાખલો નજરે ચડે છે. શિકારી જ્યારે તેનાં બચ્ચાં ઉપર બાણ છોડવા જાય છે ત્યારે તે આગળ આવીને ઊભી રહે છે અને કહે છે : "મારા ઉપર બાણ માર, પણ મારાં બાળકો ઉપર નહીં !" એવી બલિદાનની ભાવના ૐ મૈયા બોલવાથી દિલમાં સતત વહે છે.

ૐ મૈયાથી બીજો એક લાભ એ પણ છે કે એ બીજમંત્ર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉચ્ચારતાંજ અંતરના વિકારો ઉપર સંયમ આવતાં, સ્પષ્ટ સુખદર્શન થશે. પછી સ્ત્રી એક માતા રૂપેજ આંખ આગળ રહેશે! તેના તરફ જોતાં જાતીય આકર્ષણ નહીં રહે. અને એક કલ્પના આકાર લેશે કે અરે એ તો 'માતા' છે. પછી બધીજ કલ્પનાઓ બદલાઈ જશે. તરતજ ખ્યાલ આવશે કે અરે, હું કઈ ક્ષુલ્લક દૃષ્ટિએ જોઉં છું! એના અંગોપાંગો વાસનાના ઉપભોગ માટે નથી પણ મોટા ઉપયોગના છે. એનું મુખ તો વાત્સલ્યના મધુર વચનામૃતોથી ભરપુર છે. તેનું વદન પ્રતિભાનો પૂંજ છે. તેનાં લોચન વાત્સલ્યની અમી દૃષ્ટિના આગાર છે. તેનાં સ્તનો તો વાત્સલ્ય સુધાના અખંડ સ્રોત છે. માતાનું ઉદર નરરત્નોનો રત્નાકર છે. માતાનાં નાભિ અને નિતંબ યોગનાયેયોગની આધારશિલા છે. મા તો એક વસુધાનું વૈકુંઠ છે. આમ માતાનું એકેએક અંગ પવિત્ર છે. મારી વાત્સલ્ય સાધનામાં તેનો ઉપયોગ થઈ શકે ઉપભોગ નહીં. આ રીતે ૐ મૈયા બોલવાથી વિકારો ઉપર સહજ સંયમ થાય છે અને સંયમનો આલ્હાદક આનંદ મળે છે.

આજે જગતમાં માતૃજાતિની ઘોર દુર્દશા થઈ રહી છે. 'ૐ મૈયા'થી એ પણ લાભ છે કે તે માતૃજાતિ તરફ માન રાખવા તેમ જ તેમનો ઉદ્ધાર કરવા માટે સતત જાગૃતિ રખાવશે. આજે માતૃજાતિને ન્યાય મળતો નથી. અગાઉ તો ભારતમાં સ્ત્રીઓને પૂજવામાં આવતી પણ આજે અહીં વિપરીત સ્થિતિ છે. અન્ય દેશોમાં તો સ્ત્રીઓને તેમના ન્યાયયુક્ત હક્ક કે અધિકાર આપવામાં આવ્યા ન હતા. આજે જો કે નામનો હક્ક અને અધિકાર પાશ્ચાત્ય દેશોમાં અમૂક અંશે છે પણ ઊંડા ઊતરીને જોવા જઈએ તો તે પુરૂષોની સ્વચ્છંદતાને પોષવાનું રમકડું માત્ર છે. ભારતમાં હંમેશાં સંસ્કૃતિની દૃષ્ટિએ વિચાર થયો છે એટલે પૂર્વકાળમાં માતૃજાતિ પ્રત્યે આદર અને માન હતાં જ. તેના અનેક પ્રમાણો ઉપનિષદો, સ્મૃતિઓ અને વેદોમાં મળી આવે છે :—

માતૃદેવો ભવ

—માતા દેવ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

मेध्याः सर्वांगतः स्त्रियः
—સ્ત્રીઓ બધા અંગોથી પૂજ્ય કે પવિત્ર છે.

नास्ति मातृसमों देवः
—માતા સમાન બીજો કોઈ દેવ નથી.

माता पृथिव्याः मूर्तिस्तु नास्ति मातुः परोगुरुः
—માતા પૃથ્વિની મૂર્તિ છે. માતાથી મહાન કોઈ ગુરુ નથી.

यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः
—જ્યાં નારીની પૂજા થાય છે ત્યાં દેવતાઓ રમણ કરે છે.

"उपाध्यायान्दशाचार्यः आचार्याणां शतं पिता
पितुर्दशगुणंमाता गौखेणातिरिच्यते"

—દશ ઉપાધ્યાયના એક આચાર્યમાં, સો આચાર્યના એક પિતામાં અને એવા દશ પિતાના ગુણ એક માતામાં રહેલા છે. એવું તેનું ગૌરવ છે.

—આ બધા ઉદ્ધરણો માતૃજાતિનું ગૌરવ અને પ્રતિષ્ઠા ભારતમાં કેટલાં હતાં તે સૂચવી જાય છે. પણ કમનશીબે માતૃજાતિની અવહેલના થવા લાગી. તેની પાસેથી જ્ઞાન અને મુક્તિનો અધિકાર છીનવાતો ગયો. તેને કોઈ પશુ કે વસ્તુની જેમ બજારમાં વેચવામાં આવી અને મધ્યયુગમાં તો તે પરાકાષ્ઠાએ પહોંચ્યું. માતૃજાતિનો સહુથી વધારે તિરસ્કાર થયો, તેનું અપમાન થયું, એના અધિકારો છિનવાઈ ગયા; એને નીચ ગણવામાં આવી, એને દાસી કે પગની સપાટ ગણવામાં આવી. એટલું જ નહીં એને પશુની શ્રેણિમાં બેસાડી તે "મારને પાત્ર" છે એમ ઠરાવવામાં આવી. એટલે નારી જાતિને ન્યાય મળી શકે; તેના પ્રતિ શુભેચ્છા રહી શકે તેમ જ 'માતા' તરીકે ભાવનાત્મક પૂજ્ય વલણ રહી શકે તે માટે ॐ મૈયાનો બીજમંત્ર યોગ્ય છે. જ્યાં સુધી વાત્સલ્ય ભરનારી માતૃજાતિ ગૌરવપૂર્ણ સ્થાન ન પામે ત્યાં સુધી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કોઈ પણ સમાજ, ધર્મ કે દેશ આગળ વધી શકે, ક્રાંતિ કરી શકે કે સુખપૂર્ણ જીવનનું નિર્માણ કરી શકે એ માનવું વધારે પડતું છે.

એવી જ રીતે જગતના બધા ધર્મો, જાતિઓ, પક્ષો, વાદો, વિચારધારાઓ, રાષ્ટ્રો, પ્રાંતો, વિદ્યાઓને તેમની કક્ષાએ ન્યાય આપવો જરૂરી છે. કેવળ "હું" સાચો અને બીજા બોટા એનાં કરતાં દરેક શુભ વસ્તુઓમાં—જે સત્ય રહેલું છે તેનો તાગ મેળવવો એ વધારે શ્રેયકર છે. આ સાચો ન્યાય ત્યારે જ મળી શકે જ્યારે આત્મીયભાવ હોય! 'ॐ મૈયા'ના બીજમંત્રથી એ આત્મીયતા સાધી શકાય છે.

હવે એ વિચારવાનું છે કે 'ॐ મૈયા'ની ઉપાસના કંઈક નવીન છે કે અગાઉ પણ તેની ઉપાસના કરનાર ઉપાસકો થઈ ગયા? એ ઉપાસના પ્રાચીન કાળથી ઋષિ મુનિઓ જંગલમાં શક્તિઓને આહ્વાન કરતાં ત્યારથી ચાલી આવે છે. અને હજુ પણ ઉપાસકો તેની ઉપાસના કરે છે. એવા કેટલાક ઉપાસકોને જોઈએ.

આજના યુગમાં થઈ ગયેલા યોગી અરવિંદની માતાની ઉપાસના સુપ્રસિદ્ધ છે. તેમણે વિશ્વને માતા ગણી; તેને ભગવતી માની ઉપાસના કરી અને બીજાને કરવાનું સૂચવ્યું છે. તેમણે કહ્યું છે કે "વિશ્વમાતાની પ્રેરણાથી ચાલો અને દરેક કાર્ય (પ્રવૃત્તિ કે નિવૃત્તિ) કરો. માતાની આગળ તમારું હૃદય તમે ખુલ્લું કરી દો! એ તમને બધી રીતે પવિત્ર રાખશે; પવિત્રતાનું બળ આપશે તેમજ તમારો વિકાસ સાધશે!" ॐ મૈયા ઉપરની એમની શ્રદ્ધા કેટલી અડગ હતી તે સહુ જાણે છે અને આજે શાંતિના ઉપાસકો માટે અરવિંદ આશ્રમ એક સ્વર્ધામ જેવું ગણાય છે.

એવી જ રીતે રામકૃષ્ણ પરમહંસે પણ માતાની ઉપાસના કરી છે. તેમનાં લગ્ન શારદામણિ સાથે થયાં કે તેમણે વિચાર કર્યો કે તેનામાં એક મહાન શક્તિ પડેલી છે. એનો મારે ઉપભોગ ન કરવો જોઈએ પણ એ ઉપયોગ કરવો જોઈએ. સ્ત્રી એ જગદંબાનો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અવતાર છે અને એ શક્તિને જગાડવી જોઈએ. તેમણે સંકલ્પ કર્યો અને તેઓ શારદામણિ દેવીને માતા રૂપે માનવા લાગ્યા. તેમણે માતાની એવી ઉપાસના કરી કે બધા વિકારો ઉપર કાબુ મેળવ્યો અને દરેક સ્ત્રીને—તેમણે માતા રૂપે નિહાળી. એકવાર તેમની પરીક્ષા કરવા માટે દશ વેશ્યાઓને તેમની પાસે મોકલવામાં આવી. તેમણે બધાં વસ્ત્રો કાઢીને તેમની આગળ નૃત્ય કર્યું. ત્યારે રામકૃષ્ણે કહ્યું : "અરે માતાઓ ! આ બાળકની આવી પરીક્ષા શા માટે કરો છો ?" એકવાર તેમનામાં રહેલ ઉત્કટ વાત્સલ્યતાના કારણે તેમના સ્તનોમાંથી પણ દૂધ નીકળ્યું હતું.

માતૃજાતિમાં વાત્સલ્યતાનો ઝરો અખંડ રહે છે એટલે તેનાં સ્તનોમાંથી લોહીનું પરિવર્તન થઈને દૂધ નીકળે એ સ્વાભાવિક છે પણ વાત્સલ્યતાની પરાકાષ્ઠા પુરૂષોમાં હોય તો તેમનું લોહી પણ દૂધ બની શકે છે એ ભગવાન મહાવીરના દાખલા પરથી ઉપરથી જાણી શકાય છે. ભગવાન મહાવીર ચંડકોશિક સર્પને પ્રતિબોધ દેવા જાય છે ત્યારે ચંડકોશિકસર્પ ભગવાનને ડસે છે. તે વખતે તેમના અંગૂઠામાંથી લોહીના બદલે દૂધ વહે છે. કેટલાક લોકો એને હસી કાઢે છે પણ ઉત્કટ વાત્સલ્યના પ્રતાપે પુરૂષ સ્તનમાંથી દૂધ નીકળે તો વાત્સલ્ય પ્રેરિત લોહીનું દૂધ બનીને અંગૂઠામાંથી ધાર રૂપે વહે તે અશક્ય તો નથી જ.

માતાની ઉપાસના કરનાર મહાત્મા ગાંધી પણ હતા. તેમણે બ્રહ્મચર્ય ધારણ કરતાં પોતાની પત્ની કસ્તુરબાઈને 'કસ્તુરબા' (માતા) કહ્યા. પૂજ્ય મુનિશ્રી સંતબાલજી ઓમ્ મૈયાની ઉપાસના જૈન દૃષ્ટિએ કરે છે. જૈનધર્મમાં ગુણપૂજાને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે. પોતાના આત્માનો વિકાસ જાતે પોતાના પુરૂષાર્થ વડે સાધવાનો હોય છે. તેને અનુરૂપ વિકાસ સાધી વિશ્વની માતા બનવાનો સંકલ્પ કરે છે. "સકળ જગતની બની જનેતા, વત્સલતા સહુમાં રેડું" એવા કોડ સેવે છે. અરવિંદની માતૃ ઉપાસનામાં, માતાને એક વિશિષ્ટ અને પોતાનાથી ઉચ્ચ માનીને સાધના કરવાની હોય છે ત્યારે સંતબાલજીની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉપાસનામાં જાતે માતૃસ્વરૂપ બની માતૃ ઉપાસના કરવાની હોય છે. "દેવો ભૂત્વા દેવં યજેત્" એ પ્રમાણે જાતે માતૃસ્વરૂપ બની, માતૃગુણો (વિશ્વવાત્સલ્યવ) પોતાનામાં ધારણ કરીને માતૃ ઉપાસના કરવી એ વિશિષ્ટ ઉપાસના પદ્ધતિ છે. સાથે સાથે પૂ. મહારાજશ્રી સંતબાલજી એ ઊઁ મૈયાને જીવન અને જગતની મહાનિયમા અવ્યક્ત શક્તિ પણ માની છે; જે અવ્યક્તરૂપે સંકટ પ્રસંગે પણ પ્રેરક અને સાધનામાં સહાયક બને છે. માતૃસ્વરૂપ બનીને માતૃ-ઉપાસનામાં માતૃજાતિ પ્રત્યે આદરભાવ હોવાથી બ્રહ્મચર્યની સાધના સહજ બને છે અને માતૃજાતિને સાચો ન્યાય આપવામાં ઊઁ મૈયા સહાયક નીવડે છે.

આ ઉપરાંત પણ આપણા દેશમાં શક્તિની ઉપાસના જગદંબાની ઉપાસના તરીકે થાય છે. દુર્ગા, ભવાની, ચંડી વગેરે તેનાંજ અમરનામો છે. આ ઉપાસના પાછળ શક્તિઓ પ્રગટાવવાનો હેતુ હોય છે. પણ તેને સિદ્ધ કરવા માટે દારૂ અને માંસનો ભોગ આપવાની જે ક્રૂર પદ્ધતિ ઘણા સ્થળે નજરે ચડે છે તે વિકૃત છે; નિરર્થક છે અને કોઈપણ ભોગે ઇચ્છનીય નથી.

જૈન ધર્મે તો સ્ત્રીઓને જ્ઞાન અને મુક્તિના અધિકાર આપી માતૃ—ઉપાસના યા બીજી રીતે કરીજ છે. હરિભદ્રસૂરિ ગૃહસ્થ જીવનમાં પુરોહિત હતા અને ચિત્તોડ પાસેના ગામમાં રહેતા હતા. તેમને ખૂબ અભિમાન હતું પોતાની વિદ્વતા ઉપર. તેમણે એવો સંકલ્પ કર્યો હતો કે મને ન આવડે એવા શ્લોકનો અર્થ જે મને સમજાવે તેનો હું શિષ્ય બની જાઉં. એકવાર તેઓ ઉપાશ્રય પાસેથી જતા હતા કે એક જૈન સાધ્વીજી જેમનું નામ 'યાકિની મહત્તરા' હતું, તેઓ એક ગાથા બોલી રહ્યા હતા. તે ગાથાનો અર્થ ખૂબ ચિંતન મનન કરવા છતાંયે ન જડ્યો. એટલે તેઓ સાધ્વીજી પાસે ગયા. તેમણે પૂછ્યું અને સાધ્વીજીએ અર્થ બતાવ્યો. પોતાના સંકલ્પ પ્રમાણે હરિભદ્રસૂરિ તેમના શિષ્ય બનવા તૈયાર થયા. પણ જૈન પ્રણાલિકા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રમાણે તેમને સાધ્વીજીના ગુરુ (આચાર્ય) પાસે દીક્ષિત થવું પડ્યું. હરિભદ્રસૂરિ તો એ સાધ્વીને પોતાની ધર્મમાતા જ માનતા. તેમની દરેક વૃત્તિ (ટીકા) કે ભાષ્યના અંતે તેમણે "याकिनी महत्तरा-सूनुः" (યાકિની મહત્તરાનો ધર્મપુત્ર) એમ લખ્યું.

આમ જોઈ શકાય છે કે માતૃ-ઉપાસનાનું મહત્વ બધાએ સ્વીકાર્યું છે. એટલે વિશ્વવાત્સલ્યના બીજમંત્ર "ૐ મૈયા"ની આરાધના સારી પેઠે કરવાથી ધ્યેયનું સતત સ્મરણ રહે છે અને જીવનનો વિકાસ સધાય છે.

ચર્ચા-વિચારણા

નિર્વ્યાજ-વાત્સલ્ય

શ્રી માટલિયાએ આજની ચર્ચા ઉઘાડતાં જણાવ્યું કે "ૐ મૈયાની ઉપાસનામાંથી કાર્ય પ્રેરણા મળી. સર્વ પ્રથમ યોગક્ષેત્રની પ્રવૃત્તિ શરૂ થઈ. તેને વ્યાપક બનાવવા રૂપ ખેડૂત-શ્રેય સાધક મંડળ શરૂ કર્યું અને પછી તોફાની તત્ત્વો સાથે ઝઝૂમવાનું શરૂ થયું. આ બધી પ્રવૃત્તિઓમાં મને જે સુક્ષ્મભાવ મળ્યો તેના ત્રણ ભાગ કરી શકાય : (૧) વ્યવહારમાં વાત્સલ્યદૃષ્ટિ રાખવી (૨) પરિચયમાં આવે તેના ઉપર વિશ્વાસ રાખવો અને (૩) સમાજને સલામતિની ખાતરી આપવી.

આની અગાઉ ચાલુ સમાજમાં અંકુશનો અર્થ કેવળ, શિક્ષા, દંડ, તાડન વ. હતો. માણસ દબાયો અને ચંપાયો જ સુધરે એવી સમાજ-માન્યતા હતી; અને આપણી જે માન્યતા હતી તેનામાં ઘણો ફરક હતો.

ગામના લોકોને ગળે એ વાત ઊતરે તેમ ન હતી. તેમણે ચાર છોકરા રજૂ કરી કહ્યું : "આ છોકરાઓ ઉપર પ્રયોગ કરીને દેખાડો તો જાણીએ ?"

હવે તો પ્રત્યક્ષ પરીક્ષા આવી. ચારે છોકરા ચાર પ્રકારના અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિચિત્ર ભગજના હતા. એક અળખામણો હતો ને બીજો રીસાતો હતો. ત્રીજો હતો મારકણો. એની મા મરી ગયેલી અને બાપ હતો પોલિસ પટેલ. બાપે દીકરાને કહી રાખેલું. "મારી પાસે તારે ફરિયાદ લઈને ન આવવું. તારી ફરિયાદ ભલે બીજા લોકો લાવે!" એટલે તેનો હાથ બહુ ઉપડતો. ચોથો છોકરો ચોરી કરતો હતો.

ચોરે વાત થયેલી મે છોકરાંઓને કહ્યું: "ચાલો મારે ત્યાં!" છોકરાઓ ગભરાયા. મેં કહ્યું: "ગભરાઓ નહીં! આપણે વાતો કરશું!"

છોકરાઓ મારી સાથે ચાલ્યા. પહેલાં તો ખૂબ ડરતા પણ હું વાર્તા સિવાય કાંઈ નથી કરતો જાણીને તેમનો ડર ઓછો થયો. હું વાર્તા કરું અને છોકરાઓને ગમે એમ કરતાં કરતાં રાત્રે મારે ત્યાં સુવા પણ લાગ્યા. મેં તો નિર્વ્યાજ વાત્સલ્યનો પ્રયોગ આદર્યો.

ધીમે ધીમે એ છોકરાઓ શા માટે બદનામ હતા તે પણ જાણી લીધું. લોકોએ મળીને તેમને ખૂબ માર માર્યો હતો તે પણ જાણ્યું. એ છોકરાઓમાં એક કુટેવ હતી. છોકરીઓ જાજરૂ જાય તેની પાછળ જતા. છોકરાઓ નાના હતા અને બાળક કેમ જન્મે તેની જિજ્ઞાસા તેમને હતી. આ જિજ્ઞાસાએ તેમને ગામમાં બદનામ કર્યા હતા. મારી પાસે છોકરાઓએ સહેજ સંકોચ સાથે આ વાત કરી. બાળમાનસ ઉપર કેવા વિચિત્ર સંસ્કારો પડેલા હોય છે, તેનો આ દાખલો છે. એકવાર એક 'ગા'ને વાછરડું જન્મતું દેખાડયું એટલે તેમની કુતૂહલ-વૃત્તિ શમી ગઈ અને પેલી કુટેવ ભૂલી ગયા.

એ ચાર છોકરાઓમાંથી ત્રણને તો 'મા'નું વાત્સલ્ય જ મળ્યું ન હતું. મારા વાત્સલ્ય પ્રયોગમાં તેમને તે અહીં મળ્યું. પાછળથી એ જ છોકરા પૈકીના આજે ત્રણ તો સારા કાર્યકર્તા થયા છે.

ત્યારબાદ ગામે રાજ્ય પાસે નિશાળ માંગી; જે રાજ્યે આપી. આજે ૨ થી ૧૦ સુધીની શાળા ચાલે છે.

અલબત્ત બહેનોમાં આથીયે વધુ સફળતા મળે એમ લાગે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ; આપણી કાર્ય મર્યાદાને લીધે તે કામ ઉપાડ્યું નથી. બાકી, આજે જે કાર્યકરો છે તેમાંનો અઢાર તો ગામનાજ છે. તે પૈકીના પચાસ ટકા તો એક વખતે તોફાની અને મારાડી હતા. પછી એમાંનાજ સરપચ થયા. એમ કરતાં કરતાં ગામનું તંત્ર પણ ઠીક થયું.

શાળામાં બાળકો વચ્ચેના પ્રશ્નો બાળકોજ પતાવે છે. રંજાડ, ચોરી વગેરે પ્રશ્નો બાળકો બાળકો વચ્ચે આવેજ છે, પણ તેનો નિકાલ માંહોમાંહે પતાવી લે છે. તેથી એક તરફ તો ન્યાય કરવાની, વ્યવસ્થા સાચવવાની તેમજ વ્યવસ્થામાં રહેવાની જવાબદારી શીખે છે, સાથે બીજી તરફ ધડિયાળ ન રાખવું—મોજશોખ ન કરવા વગેરે ગુણો પણ આપોઆપ આવ્યા છે. કારણ કે, જે ચીજ જાય તેની જવાબદારી સૌએ ઉપાડવાની હોય છે. દુકમાં છોકરાઓજ નિયમો ઘડે છે અને વ્યવસ્થા કરે છે. અલબત્ત ગામમાં આવું ચાલતું નથી. બાળકોમાં સડો ઓછો હોય છે. એ તરત માની જાય છે અને સુધરી જાય છે. જ્યારે ગામમાં અનિષ્ટો વધુ અને ઊંડા ઘર કરેલાં હોય છે. આથી કયારેક ચોકી રાખવી પડે છે; સામાજિક દબાણ પણ લાવવું પડે છે. પણ આ બધું અદરની વાત્સલ્ય ભાવનાને લીધેજ. એક પ્રસંગમાં પોલીસને પણ બોલાવવા પડેલા. એક છોકરો રીઢો તોફાની થઈ ગયેલો. તે કોઈ રીતે ન માને એટલે તેને પોલીસ આગળ માત્ર બે–ત્રણ કલાક બેસાડ્યો. ગામેજ આ કાર્ય ગોઠવેલું પણ મારે તે પ્રસંત થવું પડેલું. એ છોકરો નહાવા જતાં છોકરાંઓને પાણીમાં ડૂબકી મરાવી ગુંગળાવતો હતો. પોલિસ ચોકીમાં બેસાડતાં તેને લાગ્યું : " પોલિસ છે ખરી ! " ત્યારે તે ત્યાં રોયો. બધાની માફી માંગી અને " હવેથી નહીં કરું. " એવી કબૂલાત આપીને છૂટો થયો. પછી તેનામાંથી એ આદત સદંતર ચાલી ગઈ.

દુકમાં આ નાના ક્ષેત્રમાં સફળતા મળી એટલે ખાતરી થઈ ગઈ કે આ ત્રણ વસ્તુથી અહિંસક સમાજરચના થઈ શકે ખરી.

નિસ્વાર્થ–સેવાના બીજા દાખલાઓ

પૂંજાભાઈએ નિર્વ્યાજ-વાત્સલ્યના બે દાખલા ટાંકયા. એક તેમનો પોતાનો હતો. તેમણે કહ્યું :—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હું ટાઇફૅાઇડમાં બીમાર હતો. મારા મિત્રો મને બીજા વર્ગના ડબ્બામાં બેસાડી અમદાવાદ લઈ જતા હતા. તે ડબ્બામાં એક યુરોપિયન ખ્રિસ્તી દંપતિ પણ મુસાફરી કરતા હતા, તેમણે અમદાવાદ લગી મારી ખૂબજ સેવા-શુશ્રૂષા કરી. અમે છૂટા પડ્યા ત્યારે વિદાય વેળાએ હૉસ્પિતાલમાં જતાં પહેલાં જે શિખામણ આપી છે તે મને હજુયે યાદ છે. તેમાં તેમને કશો સ્વાર્થ ન હતો. માત્ર નિર્વ્યાજ સેવાજ ગણી શકાય.

બીજો દાખલો આપતાં તેમણે જણાવ્યું :—

અમારા એક મિત્ર હાલોલ તાલુકામાં રહે. એક ભંગી તેના ગામમાં બીમાર પડ્યો. તે ભંગી ભાઈની પત્ની-ભંગી બહેન બહેરી હતી. આ વાતની જાણ થતાં એ મિત્ર એમને ઘેર ગયા. ઝૂંપડામાં જતાં જોયું કે ભંગી ઉપર ઢાંકેલું ગોદડું વરસાદથી પલળી ગયેલું. ઝૂંપડું આખું ચૂયા કરે. આ મિત્રે ઘેરથી લાકડાં મંગાવ્યા. પેલા બીમાર ભંગીને તેમણે પોટીસેક કર્યો. છાપરાં ઉપર કંતાન-પતરાં વ. નખાવ્યાં. ચાર કલાક સુધી ત્યાં રહીને સેવા કરી, એમ પદર દિવસ સુધી સેવા કરી. સૌનો વિરોધ થયો. ઘરમાં પણ વિરોધ જાગ્યો. પણ તેમણે સ્વપત્નીને સમજાવ્યું : "સાચી સેવા તે આજ છે!"

પેલા મિત્રને કોઈ સ્વાર્થ ન હતો. પણ જ્યારે વાત્સલ્ય જાગે ત્યારે આમ સહજ રીતે જાગે છે. મને તો લાગે છે કે ખોડા ઢોરની પાંજરાપોળ પણ મૂળે આવા જ વાત્સલ્યભાવથી પ્રેરાઈને જ શરૂ થઈ હશે.

ખંભાતમાં એક શકરીબહેન ઢોરોની સેવા કરે. તેઓ ઘાસ, પરૂ, જીવડાં કાઢીને ઢોરનું ધ્યાન રાખે એમને એમાં સૂગ જ ન ચડે. તેઓ કહે : માણસને દુઃખ થાય તો વાચા છે, આમને કયાં છે? તેઓ પોતાનું દુઃખ કોને જઈને કહેશે!"

અજ્ઞાન વડે પશુ સેવાઓમાં અવરોધ

દેવજીભાઈએ કહ્યું કે કેટલીકવાર ઓછું જાણનારા લોકો સાધુ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એના પ્રવચનનો અવળો અર્થ લઈ આવા સહજ વાત્સલ્ય ઉપર ચેક મારી દે છે.

કચ્છના એક ગામમાં એક બહેન અને એક ભાઈ એ (પતિ) પશુઓની સહેજ સેવા કરવા માંડેલી. ગામ પણ રાજી થયું અને પશુઓ માટે ચારો આપી જાય. એક શિક્ષક આવીને બધું જોઇ જાય. તે વખતે ઉપાશ્રયમાં જૈન સાધુ આવ્યા. તેમના વ્યાખ્યાનમાં પેલું કુટુંબ જાય. સાધુએ પોતાના પ્રવચનમાં કહ્યું : "જીવ માત્ર સરખા છે. સર્વે જીવો પોતપોતાનાં કર્મથી સુખ દુઃખ પામે છે." આવું સાંભળી અજ્ઞાનના કારણે અવળો અર્થ લઈ તે કુટુંબે સેવા મૂકી દીધી.

તેથી પેલા શિક્ષક મહારાજ પાસે ગયા અને તેમણે પૂછ્યું : "આ કુટુંબે સેવા મૂકી તે બરાબર છે?" મુનિએ જવાબ ન આપ્યો.

છેવટે અમે મુનિશ્રીને બધી વાત કરી અને પેલા કુટુંબને પણ સમજાવ્યું : "એકેંદ્રિય કરતાં બેઇંદ્રિય અને એમ ઉપર આવતાં સંજ્ઞી (મનવાળાં) પંચેન્દ્રિય પશુઓનું મૂલ્ય વધારે છે." તેમને મરૂદેવી માતાના આગલા ભવનો દાખલો પણ આપ્યો કે તેમણે પૂર્વભવમાં લક્ષપાક તેલ વ. થી સાધુઓનાં ઘામાંથી જીવડાં કાઢી સેવા કરેલી. તેથી વળી પાછું એ કુટુંબ સેવા કરવા લાગ્યું.

અધુરૂં જ્ઞાન એટલે ધર્મને હાનિ

અજ્ઞાન અને અધૂરાં જ્ઞાનથી કેટલી હાનિ થાય છે અને ધર્મ વગોવાય છે તેનો એક દાખલો તેમણે આપ્યો :—

એક છોકરો સૂત્રોને ઉપલક રીતે વાંચી ગયો. પછી તેને શું થયું કે તે પોતાની માને કહેવા લાગ્યો : "સંસારમાં કોઈ કોઇનું નથી. તારે અને મારે શું? આત્મા એકલો આવ્યો છે અને એકલો જ જવાનો છે."

માને દીકરાની આ વાત સાંભળીને થયું કે છોકરો હાથેથી ગયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સારૂ થયું કે એક જ્ઞાની સાધુજી ત્યાં હતા. માએ તેમને બધી વાત કરી. તેમણે છોકરાને લઈ આવવા કહ્યું.

છોકરો આવતાં તેમણે સમજાવ્યું : "જો આ ભગવતી સૂત્રમાં અધિકાર છે કે માના તરફથી ત્રણ અંગો–મહત્વનાં (૧) માથું (૨) હૃદય અને (૩) નસો મળે છે. તેનો બદલો ચૂકવ્યા વગર આગળ વધાય શી રીતે? ઠાણાંગ સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે "ચામડી ઉતરડી દેવા છતાં મા–બાપનું ઋણ વાળી શકાતું નથી."

આ બધું સાંભળી પેલા છોકરાને સાચું જ્ઞાન થઈ ગયું. તેની માને સંતોષ થયો. પણ, આવા સાચાં જ્ઞાની ગુરુઓનો તોટો પડી ગયો છે.

આસક્તિના કારણે મુક્તિના બદલે સ્વર્ગ

માટલિયાએ પૂછ્યું: "સાંભળ્યું છે કે તપ કરતાં ધન્નાએ કુટુંબ સામે ન જોયું અને શાલિભદ્રે માતા સામું જોયું એટલે તેને મોક્ષ ન મળતાં સ્વર્ગ જ મળ્યું. તો શું માતા તરફ જોવા માત્રથી આમ થઈ જાય?"

તેનો જવાબ આપવામાં આવ્યો "માત્ર જોવાથી નહીં પણ તપમાં આસક્તિ ભળે તો કર્મનિર્જરા થવાને બદલે શુભકર્મો બંધાય અને સ્વર્ગ મળે. મોક્ષ ન મળે; એટલું જ તાત્પર્ય છે. જૈન આગામો પ્રમાણે જૈન, વાવડી બનાવવાના કારણે નંદન મણિયાર દેડકો ન થયો પણ વાવડીની આસક્તિના કારણે થયો અને વૈદિક ગ્રંથો પ્રમાણે ભરતરાજા હરણને બચાવવાથી નહીં પણ તેના ઉપર મૂર્છા થતાં મૃગયોનિમાં જન્મ્યા; તે પ્રમાણે જાણવું જોઈએ."

શહેરીઓ અને સાંકડું વાત્સલ્ય

બળવંતભાઇએ કહ્યું: "આજે શહેરીઓનું વાત્સલ્ય સિનેમા ઉપર પથરાયું છે. પ્રેમ શબ્દે વિકૃત રૂપ ધારણ કર્યું છે. પ્રેરણા માટેની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રતિમાઓને કૃત્રિમ સૌંદર્યથી શણગારાય છે. તપ, ત્યાગની પ્રતિષ્ઠા ઓછી થાય છે. આમ તો ભારતમાં પીપળાં જેવાં વૃક્ષો સાથે પણ સંબંધ જોડવા પ્રયત્ન થયા છે, પણ પોતાના પ્રિય જનવરો ઉપર ગામડામાં પણ સ્વાર્થ સુધી જ સંબંધ રહે છે. સંતો સાધુઓ પાસે કોઈ પ્રશ્નનો સાચો ઉત્તર મળતો નથી. દુકમાં વાત્સલ્યનું ક્ષેત્ર સાંકડું થયું છે. તેમણે પોતાનો પ્રસંગ ટાંકીને કહ્યું કે વાઘરીને ઘર કરવા મારી જમીન આપેલી. પણ સમગ્ર બ્રાહ્મણોએ વિરોધ કરી વાઘરીનું મન ભાંગી નાખ્યું, આમ સમાજમાં સ્વાર્થ વધી રહ્યો છે.

અહિંસાનો સાચો પાઠ

દેવજીભાઈએ સ્વ. જૈનાચાર્ય જવાહરલાલજી મ. સા.ના રાજકોટ ચાતુર્માસનો દાખલો ટાંકયો હતો કે તેમણે પોતાના ચાતુર્માસ દરમ્યાન લોકોને અહિંસા શું છે તે સમજાવવા પ્રયાસ કરેલો. તે મુજબ આજે જૈનોમાં પેઠેલી અહિંસાની પોકળતાને દૂર કરવી જોઈએ એમ મને તો લાગે છે.

"કતલખાના બંધ કરો!" એવી સરકારની સામે બૂમો પાડી અહિંસાની ઇતિશ્રી થઈ, એમ ન મનાવું જોઈએ; પણ તેના બદલે પ્રથમ પ્રજાએ જાગૃત થઇ પશુપાલન અને તેમાં પણ સારી ગૌનું પાલન; ગોવંશનો ઉછેર પ્રજા તરફથી થવો જોઈએ. ત્યારબાદ જો જનતાનું શુદ્ધ દબાણ સરકાર ઉપર આવે તોજ કાર્ય પૂરું અને નક્કર થાય.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

[૫] વિશ્વવાત્સલ્યનાં એકમો

[૧૪-૮-૬૧] —મુનિશ્રી નેમિચંદ્રજી

વિશ્વવાત્સલ્યનાં જુદાં જુદાં પાસાંઓ અંગે આ અગાઉ વિચાર કરી લેવામાં આવ્યો છે. પણ તેને વહેવારમાં મૂકવા માટે તેના જુદાં જુદાં એકમો ઉપર હવે વિચાર કરવો જરૂરી થશે. વિશ્વવાત્સલ્યનો વિષય કેવળ સિદ્ધાંતનો નથી પણ તે ક્રિયામાં મૂકવાનો છે.

એક માતા પોતાનાં બાળકની કોઈ પણ ક્રિયા પ્રત્યે અજાણ રહેતી નથી. તેની દરેક ક્રિયામાં તે બાળકને પ્રેરણા, શિક્ષણ, અને સંસ્કાર તેમ જ ઉપદેશ વગેરે યથાયોગ્ય આપીને તેનામાં વાત્સલ્ય રેડે છે. વિશ્વવાત્સલ્યનો સાધક એ જ રીતે આખા વિશ્વની માતા બને છે. તેને વિશ્વના બધાં ક્ષેત્રોમાં સતત જાગૃત રહી; વિશ્વવાત્સલ્યનાં નક્કી કરેલાં એકમો દ્વારા વાત્સલ્ય રેડવાનું છે. એકમો નક્કી થઈ ગયા બાદ એ કાર્ય સહેલું બને છે.

વિશ્વવાત્સલ્યમાં બધા ક્ષેત્રો—કૌટુંબિક, સામાજિક, આર્થિક રાજકીય, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વગેરે સર્વે ક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે. એમાં કોઈ પણ ક્ષેત્રને છોડીને ચાલવાનું નથી. એટલે દરેક ક્ષેત્રને કોઈને કોઈ માધ્યમ વડે વાત્સલ્ય આપવાનું છે. તે માટે જ અલગ અલગ ક્ષેત્રોનાં એકમો નક્કી કરવાનાં છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિશ્વવાત્સલ્યનું સર્વ પ્રથમ ક્ષેત્ર કુટુંબને ગણવામાં આવે છે. કુટુંબમાં જ પ્રયોગરૂપે વિશ્વવાત્સલ્ય રસ તૈયાર થાય છે. એટલે કૌટુંબિક ક્ષેત્રનું એકમ 'ઘર' થશે. ઘરમાંથી જ પ્રેરણા, સંસ્કાર અને શિક્ષણ વગેરે મળે છે. વાત્સલ્યનો પ્રવાહ જ્યાંથી શરૂ થાય છે તે ઘર છે. ઘર એટલે ઇંટ અને ચુનાની ભીંતો કે ઈમારતો નથી. ઘરમાં વસતી ગૃહિણી માતાને લઈને જ એ ઘર કહેવાય છે. કુંવારા, વાંઢાઓનાં ઘરને કોઈ ઘર ગણતું નથી. એનું કારણ એ જ છે કે ગૃહિણી વગરનું ઘર, એ ઘર નથી. એટલે ઘર વડે જ્યારે વાત્સલ્ય રેડવાની વાત થાય છે ત્યારે સહેજે ઘરની ગૃહિણીને માધ્યમ તરીકે માની શકાય છે.

જગતની માતાઓમાં—ભારતની માતાઓનું સ્થાન અનોખું છે. તેઓ નાનપણથી જ બાળકોમાં વિશ્વવાત્સલ્યના સંસ્કાર રેડે છે. તેમનું પોતાનું બાળક હોવા છતાં પણ તે કહે છે કે તે ભગવાનનું બાળક છે; અને આમ તેને વિશ્વનું બનાવે છે. આદર્શમાતાઓ નાનપણથી પારણું ઝૂલાવતાં બાળકોમાં સંસ્કારો રેડે છે. તેનામાં વિશ્વવાત્સલ્ય પ્રગટાવે છે.

જૈન માતાઓ એવી આદર્શ અને વિશ્વવાત્સલ્ય ભાવનાવાળી થઈ ગઈ છે કે જેના ઘણા દાખલા આપી શકાય છે. જ્યારે જૈન બાળક દીક્ષા લે છે ત્યારે આજ્ઞા આપતી વખતે જૈન માતા કહે છે :—બેટા ! હવે તું દીક્ષા લઈને એવી કરણી કરજે કે આખું વિશ્વ તારું કુટુંબ બને. તું વિશ્વવાત્સલ્ય સાધીને મોક્ષ મેળવજે અને મારી કુખને ઉજાળજે."

ઘણી ક્ષત્રિય માતાઓ પોતાના પુત્રોને પારણામાં ઝૂલાવતી વખતે સુંદર હાલરડાં ગાતી ગાતી સુંદર પ્રેરણા આપે છે :—"હું તને જે ધોળું-ઉજળું દૂધ પાઉં છું તેમાં કાયરતાનો કાળો ડાઘ ન લગાડજે ! મારી કૂખને દીપાવજે અને મોટો થાય ત્યારે આખા વિશ્વને જીતજે. (તલવારથી નહીં, પણ પ્રેમથી હૃદય જીતીને.) રાજસ્થાનમાં આ હાલરડાં—લોરીને નામે પ્રસિદ્ધ છે. માતાઓ પારણામાં બાળકને ઝુલાવતી ઝુલાવતી તેને વિશ્વના કલ્યાણ માટે ઉપયોગી બનાવે છે. તેને વિશ્વનો ઉપયોગી બનવાનું સુંદર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભવિષ્ય ઘડે છે. એટલે જ કહ્યું છે :–"જે કર ઝૂલાવે પારણું; તે ભાવિ ઘડે છે વિશ્વનું."

પુરાણોમાં રાણી મદાલસાનું આખ્યાન આવે છે. માતા મદાલસા પોતાના ૭ પુત્રોને પારણામાં ઝુલાવતાં ઝુલાવતાં કહે છે :—

शुद्धोऽसि, बुद्धोऽसि. निरंजनोऽसि
संसारमाया परिवर्जितोऽसि।
संसार–स्वप्नं; त्यज मोहनिद्रा
मदालसा वाकयमुवांच पुत्रम ॥

હે દીકરા ! તુ શુદ્ધ છો ! બુદ્ધ છો ! નિરંજન છો એટલે કે આખા વિશ્વના છો ! સંસારની માયા–કુટુંબ મોહ વગેરેથી રહિત છો ! સંસાર તો સ્વપ્ન છે. એટલે મોહનિદ્રા ત્યાગો એમ મદાલસા તમને કહે છે.

આમાં સ્પષ્ટપણે સંસાર સાથેનો મોહ સંબંધ તોડીને ધર્મસંબંધ બાંધવાનો આદેશ છે. ધર્મનો અનુબંધ બાંધી કલ્યાણ માર્ગે જવાની પ્રેરણા છે. સંસાર સ્વપ્ન જેવું છે તે ખરૂં પણ તેમાંયે સત્ય–અહિંસા વગેરે સારભૂત તત્ત્વો લેવા અને મોહનિદ્રાને ત્યજી યોગનિદ્રા સાધવા માટે મા પુત્રોને કહે છે.

કહેવાય છે કે મદાલસા માતાના આ ઉપદેશની સાત પુત્રો ઉપર એટલી બધી અસર થઈ કે એના સાતે પુત્રો કુટુંબમોહ છોડી વિશ્વવાત્સલ્યને માર્ગે ગયા—સંત થયા. તે વખતે મદાલસાના પતિ રાજાને ચિંતા થઈ કે મારૂં રાજ્ય કોણ ચલાવશે ? ત્યારે મદાલસાએ કહ્યું: "સ્વામી ! આપ ચિંતા ન કરો. આઠમા બાળકમાં હું એવા સંસ્કારો ભરીશ કે તે ધર્મનીતિથી તમારું રાજ્ય ચલાવનાર બનશે."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મદાલસાએ ખરેખર આઠમા બાળકને ધર્મનિહિત રાજનીતિનું શિક્ષણ આપ્યું અને તેને ધર્મપાલક રાજા બનાવ્યો. કહેવાનો સાર એટલો કે એક માતા સંસ્કારી અને ઉંચા વિચારોની હોય તો તે બાળકને વિશ્વવાત્સલ્ય પ્રતિ દોરનારી નીવડે છે.

જાપાનમાં બાળકોને નાનપણથી કેવળ પોતાના દેશને "મા-બાપ" માનવાની વાત શીખવવામાં આવે છે. પરિણામે ત્યાં બાળકોનું વાત્સલ્ય કેવળ રાષ્ટ્ર-વાત્સલ્ય સુધી જ વિકસે છે. પણ ભારતમાં ભારતીય માતાઓ બાળકમાં નાનપણથી વિશાળ અને વ્યાપક વિશ્વવાત્સલ્યનો ભાવ ભરતી આવે છે. એટલે ભારતે જેટલા વિશ્વવાત્સલ્ય સંત-મહાત્માઓ અને પરમપુરુષો આપ્યા છે તેટલા કોઈ બીજા રાષ્ટ્રે આપ્યા નથી.

રાજા ગોપીચંદની વાત બહુ જાણીતી છે. તેની માતા મેનાવતીએ ઘરથી જ રાજા ગોપીચંદને વિશ્વવાત્સલ્યની પ્રેરણા આપી હતી. એક વખત રાજા ગોપીચંદ સ્નાન કરતો હતો. રાણીઓ તેને નવડાવતી હતી. ત્યારે તેનું સુડોળ શરીર અને પ્રસન્ન વદન જોઈને મેનાવતીના મનમાં વિચાર આવ્યો. "આ મારો દીકરો જો કેવળ કુટુંબ, રાજ્ય, ધન, કે યૌવનના મોહમાં ફસાઈ જશે તો તેનો આ જન્મ નિરર્થક જશે. આ શરીર, ધન, યૌવન બધું ક્ષણિક છે. એમાંથી કંઈ પણ સાથે આવવાનું નથી. એના પિતા પણ આમને આમ ચાલ્યા ગયા. કુટુંબ રાજ્ય-ઐશ્વર્યમાં રચ્યાપચ્યા રહીને તેઓ પણ જન્મ સફળ ન કરી શકયા. માટે મારું કર્તવ્ય છે કે આ પુત્રને તો ચેતવું."

એમ વિચાર કરતાં તેમની આંખમાં આંસુ આવી ગયાં. રાજા ગોપીચંદે મોં ફેરવ્યું અને જોયું કે માની આંખમાં આંસુ છે.

રાજા ગોપીચંદે કહ્યું: "મા! તું રડે છે શા માટે? તને શું દુઃખ છે?"

મેનાવતી બોલી: "પુત્ર! તારું મુખ જોઈને મને તારા પિતાજી યાદ આવી ગયા. તન-ધન યૌવનમાં ફસાઈને તેઓ પણ એમજ ચાલ્યા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગયા અને પોતાનો ઉદ્ધાર ન કરી શકયા. તું પણ મોહમાયામાં ફસાયો છે અને તારું જીવન પણ એળે ગયું તો મારું માતૃત્વ લાજશે!"

ગોપીચંદ રાજા કહે: "તો મા, મારે શું કરવું જોઈએ?"

મેનાવતીએ કહ્યું :—"તને કહું તે પ્રમાણે કર :—

ओ नाथ जालंधर योगी, ब्रह्मानंद रस भोगी
कर सेवा हो निस्तारा, मेनावती वचन उच्चारा
सुन गोपीचंद पियारा

"હે પ્યારા પુત્ર ગોપીચંદ, તું સાંભળ! જાલંધર નામના યોગી છે જેઓ આત્માના આનંદના રસને પીનારા છે. તેમની સેવા કરી તું પણ તારું તેમજ વિશ્વનું કલ્યાણ કર એમ મેનાવતી કહે છે" કહેવાનો અર્થ એ છે કે માતાએ પુત્રને સલાહ આપી કે કુટુંબ વાત્સલ્ય કરતાં વિશ્વવાત્સલ્ય ઓરજ છે. તેને તું સ્વીકાર અને વિશ્વને તારું કુટુંબ માન.

ગોપીચંદ રાજાએ કુટુંબ અને રાજ્યનો મોહ છોડ્યો. તેણે વિશ્વવાત્સલ્યનો માર્ગ સ્વીકાર્યો અને આખા વિશ્વના પ્રાણીઓમાં "એક બ્રહ્મ"ત્વની અનુભૂતિનો આનંદ માણવા લાગ્યો.

આમ જોઈએ તો વિશ્વવાત્સલ્યને પ્રેરનારૂં પહેલું એકમ ઘર છે. માતા એ વાત્સલ્ય પ્રેરણાની માધ્યમ છે. માણસ ગમે ત્યાં જાય તોયે તેને ઘર યાદ આવેજ છે. તે પોતાનું વાત્સલ્ય ઘરને અર્પે છે. તેને વાત્સલ્ય પણ ઘરમાંથી મળે છે. આવી વાત્સલ્યપ્રેમી વ્યક્તિ જ્યારે ઘરબહાર જાય છે ત્યારે ત્યાંની—પરદેશની અમૂક વ્યક્તિઓને તે વાત્સલ્યભાવે પોતાની માને છે; અને ત્યાં પોતાનું વાત્સલ્ય રેડે છે. તેને પારકાં છોકરાંઓ પોતાનાં લાગે છે. એક પ્રકારનું મમત્વ તે બાંધતો જાય છે. આ બધું વાત્સલ્યના કારણેજ સંભવે છે.

ડૉ. રવીન્દ્રનાથ ટેગોરની વાર્તા 'કાબુલીવાલા'માં એક સરહદ નિવાસી પઠાણ અને એક બંગાળી કન્યા વચ્ચે વાત્સલ્યનો તંતુ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વણુવામાં આવ્યો છે. તે પઠાણુ પેલી બંગાળી કન્યાને ચાહતો હોય છે. બધા તેમાં કંઇક સીધું-ઊધું માને છે પણ અંતે જ્યારે તે પોતાની પુત્રીના હાથના પંજાનું ચિત્ર બતાવીને કહે છે કે મારી પણ આના જેવડીજ પુત્રી છે—આને જોઈને હું તેની સ્મૃતિ તાજી કરું છું. એટલે બંગાળી કન્યાના બાપ વાત્સલ્યથી પ્રેરાઈને તે પઠાણુને દેશ જવા માટે રૂપીયા આપે છે અને કન્યાના લગ્ન વખતની રોશનીને જતી કરે છે. અહીં સ્પષ્ટપણે ઘરનું વાત્સલ્ય કેવો પ્રભાવ જમાવે છે તેની કેટલી પ્રગાઢ અસર છે તે જોવાનું છે. બે અલગ દેશના, અલગ ધર્મના પિતાઓ એકબીજાની પુત્રીને ચાહી શકે છે તે આ વાત્સલ્યના પ્રતાપેજ! ઘરનું વાત્સલ્ય ધીરે ધીરે કુટુંબ, સમાજ, નગર, ગ્રામ, રાષ્ટ્ર સુધી ધીરે ધીરે ફેલાવી શકાય છે.

કૌટુંબિક ક્ષેત્રથી આગળ આવતાં વિશ્વવાત્સલ્યનું મોટું ક્ષેત્ર, સામાજિક ક્ષેત્ર છે. આ સામાજિક ક્ષેત્રનું એકમ ગામડું છે, મા માટે તો બધાં બાળકો સરખાં હોય છે. તે છતાં તે નાનાં બાળક તરફ વધારે ધ્યાન આપે છે કારણ કે તે નાનું છે; નવું છે અને મોટાંની અપેક્ષાએ ઓછા વિકાસને પામ્યું છે. એવી જ રીતે વિશ્વવાત્સલ્યનો સાધક જેની કલ્પના વિશ્વમાતા રૂપે કરવામાં આવે; તે પણ સમાજમાં સંસ્કૃતિ કે સામાજિકતાના કારણોસર જે અંગ નબળુ રહી ગયું હોય પાછળ રહી ગયું હોય તેને પહેલું લેશે. તેના માટે જે પીડિત, શોષિત, અપ્રતિષ્ઠિત હોય તેનામાં વધુ વાત્સલ્ય રેડવાનું રહેશે. એ માટે જ સામાજિક ક્ષેત્રના એકમ તરીકે ગામડાંને લેવામાં આવ્યું છે.

ગામડામાં ખેડૂતો, ગોવાળો, મજૂરો, પછાત વર્ગના લોકો આદિવાસીઓ અને એવી બીજી જાતિઓનો સમાવેશ થઈ જાય છે. સંસ્કૃતિ અને નીતિની દૃષ્ટિએ ગામડું શહેર કરતાં આગળ છે. પણ સામાજિકતાની દ્રષ્ટિએ તે પાછળ છે. સભ્યતા અને બહારના રૂપરંગમાં શહેર આગળ વધેલું જણાય છે પણ ધર્મ તેમ જ પ્રામાણિકતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રી વિજય દેવસુર સંઘ જ્ઞાન ભંડાર
C/o. શ્રી ગોડીજી જૈન દેરાસર
શ્રી વિજયવલ્લભ ચોક, મુંબઇ-૩

ગામડાંમાં વધારે જોવા મળે છે. વિશ્વવાત્સલ્યનો સાધક સામાજિક ક્ષેત્રના એકમ સ્વરૂપે ગામડાં પ્રતિ કઇ રીતે વાત્સલ્ય રેડી શકે ?

આજે ગામડાં જે ઉત્પાદન કરે છે; તેનું તેને વળતર બરાબર મળતું નથી. અલગ અલગ રીતે શહેરો તેનું શોષણ કરે છે. તેમને સંગઠિત કરી; સભ્યતાનો સંચાર કરી; જરૂર પડે તો તપ-ત્યાગની મૂડીથી તેમને જગાડી તેમનો અન્યાય દૂર કરવામાં આવે, કે તેવી પ્રવૃત્તિઓને સક્રિય સમર્થન આપવામાં આવે-એ તે એકમ પ્રતિ વાત્સલ્ય રસ રેડ્યું થશે.

વિશ્વવાત્સલ્યનો સાધક ગામડાંની ઉપેક્ષા કરી શકે નહીં. એટલે જ મહાત્મા ગાંધીજીએ ગામડું પસંદ કર્યું હતું. તેમણે અમદાવાદ કે કોઈ બીજા શહેરમાં આશ્રમ બાંધ્યો ન હતો; પણ કોચરબ અને સાબરમતીમાં બાંધ્યા હતાં—જે ગામડાં જ છે. એવી જ રીતે વર્ધામાં નહીં પણ ત્યાંથી થોડે દૂર સેગાંવ-સેવાગ્રામમાં તેમણે આશ્રમ બાંધ્યો હતો. વિદેશીઓ આવીને તેમને આશ્ચર્યથી પૂછતા કે આપની આટલી બધી વિશાળ પ્રવૃત્તિ હોવા છતાં આપ આવા ગામડામાં કેમ બેઠા છો ?

ગાંધીજી કહેતા : " જો તમારે ભારતનાં દર્શન કરવાં હોય તો ગામડાં જોવા પડશે. ભારતીય સંસ્કૃતિ પણ તમને ગામડાઓમાં જ જોવા મળશે. ભારત મારું ગામડાઓમાં પડ્યું છે. પણ દુઃખની વાત એ છે કે ૮૦ ટકાથી વધારે વસ્તી ગામડાંઓમાં હોવા છતાં; ગામડાંઓનો કોઈ અવાજ નથી. તેમનું કોઈ સંગઠન નથી. તેમની ઉપેક્ષા થઈ રહી છે."

એટલા માટે જ ગાંધીજીએ ગ્રામોદ્ધાર—ગામડાંને ઊંચા આણવાની વાત પહેલાં કરી. દરેક સેવકોને તેમણે ગામડે મોકલ્યા : ગ્રામોદ્યોગ અને ખાદી ઉપર ભાર મૂક્યો; જેથી ગામમાં રહેતા લોકોને કામધંધો મળી શકે. તેઓ આર્થિકદૃષ્ટિએ ઉન્નત થાય હિંદ આબાદ થાય.

દર્શન અને તત્ત્વજ્ઞાનનું ચિંતન પણ મોટેભાગે જંગલો કે નાના એવાં ગામડાઓમાં આ દેશમાં થવા પામ્યું છે. ઋષિમુનિઓએ કાં તો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જંગલો પસંદ કરેલા અથવા ગામડાં જોવામાં પોતાના આશ્રમો વસાવ્યા હતા. અયોધ્યાની રાજગાદી ઉપર આવ્યા છતાં ભરતે નંદીગ્રામ જઈ ત્યાં ઝૂંપડી બાંધી રહેવાનું પસંદ કરેલું. તેઓ ગામડાની સાથે અનુબંધ કરવા માગતા હતા એ સાફ જણાઈ આવે છે. તેઓ શહેરોને ગ્રામ્ય-સંસ્કૃતિના પોષક બનાવવા માગતા હતા.

આજે પણ તેની એટલી જ જરૂર છે. ગ્રામ્યસંસ્કૃતિ જેનાં મૂળ સચ્ચાઈ-પ્રમાણિકતા, નીતિમત્તા વડે સીંચાયા છે તે જ જીવનનો ખરો સંસ્કાર છે. તેવા સંસ્કારો આજના શહેરીજીવન માટે બહુ જરૂરી છે જ્યાં ડગલે અને પગલે ખોટાઈ, આડંબર, દંભ અને છળ-કપટનાં દર્શન થાય છે.

વિશ્વવાત્સલ્યના સાધક માટે ગામડું તો સામાજિક ક્ષેત્રના એકમ રૂપે આમ આપોઆપ આવીને ઊભું રહે છે. પોતાનું વાત્સલ્ય ગામડાંમાં રેડી તેણે ગામડાંને ઉન્નત કરવાનું રહે છે.

સામાજિક ક્ષેત્રથી આગળ વધતાં આર્થિક ક્ષેત્ર તરફ અવાય છે. એટલે હવે વિશ્વવાત્સલ્યનું આર્થિક એકમ કયું ? એ અંગે વિચાર કરવાનો છે. ભારત દેશમાં કદિ પણ કોઈ વાતને કેવળ આર્થિક દૃષ્ટિએ વિચારવામાં આવી નથી. અહીં અર્થ અને કામની પાછળ પણ ધર્મનો અંકુશ રાખવામાં આવ્યો છે. એટલે ધર્મના અંકુશમાં રાખીને આર્થિક ક્ષેત્રનું એકમ વિચારતાં તો તે મજૂરવર્ગ અને મધ્યમવર્ગ રૂપે જ આગળ આવે છે. આ બન્ને વર્ગ આર્થિક નબળાઈના કારણે નીતિધર્મ ઉપર દૃઢ રહી શકતાં નથી. પરિણામે પાપી-પેટ માટે કેટલાં યે અનિચ્છનીય કર્મો અને પાપાચારનું તેમને સેવન કરવું પડે છે. ત્યાંથી તેમને ઊઠવાનો કોઈ રસ્તો જડતો નથી. પરિણામે તેઓ પણ પછાત અને દલિત વર્ગોરૂપે નજરે ચડે છે. આર્થિક ક્ષેત્રના આ એકમો તરફ વાત્સલ્ય વહેવડાવવું એટલે કે આ બન્ને વર્ગોને સંગઠિત કરવાં જોઈએ, બન્ને વર્ગો ન્યાયનો રોટલો રળી શકે એ રીતે તેમનું નૈતિક સંગઠન થવું જોઈએ.

વિશ્વવાત્સલ્યનાં રાજકીય ક્ષેત્રનાં એકમ રૂપે તો કોઈ રાજ્ય જ આવી

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

શકે! આવું રાજ્ય ધર્મદ્રષ્ટિએ ચાલતું હોવું જોઈએ. એવાં કયા રાષ્ટ્રો છે? તેના જવાબમાં એકમાત્ર ભારત-દેશજ આવીને ઊભો રહે છે. અહીં હજારો વર્ષોથી ધર્મ અને નીતિને નજર આગળ રાખીને રાજ્ય કરવામાં આવ્યું છે. અહીં રાજ્યધુરા હાથમાં લેવી એટલે ધર્મપ્રવર્તન કરવું એમ આદિ તીર્થંકર ભગવાન ઋષભદેવે કરી બતાવ્યું છે. જો કે આમાં ભરતી અને ઓટ આવ્યા છે પણ એકંદરે ભારતના રાજા ધર્મ અને ન્યાયની દૃષ્ટિએ રાજ્ય કરવાનું વધારે પસંદ કરતા એની એક ભવ્ય તવારીખ પણ છે.

આ ભારત રાજ્યમાં જે બે ગ્રંથોનો અહીંની સંસ્કૃતિ ઉપર પ્રભાવ પડ્યો છે-તે છે રામાયણ અને મહાભારત. એ બન્ને મહાકાવ્યો ધર્મગ્રંથો ગણાય છે. તેમાં ઠેર ઠેર આદર્શ રાજ્ય કોને કહેવાય તેનો ઉલ્લેખ મળી આવે છે.

રાજાઓના ધર્મનો ઉલ્લેખ કરતાં કહેવામાં આવ્યું છે :—

दुष्टस्य दण्डः, सुजनस्य पूजा, न्यायेन कोषस्य च संकवृद्धिः।
अपक्षपातो निजराष्ट्रचिंता, पंचाऽपि धर्मा नृपपुंगवानाम

દુષ્ટોને દંડ, સજ્જનોની પૂજા, ન્યાયની રીતે કોષવૃદ્ધિ, નિષ્પક્ષપાતતા, પોતાના રાષ્ટ્રની ચિંતા-(સામાજિક મૂલ્યોનું રક્ષણ), એ પાંચ ધર્મો રાજાના છે. એટલે અહીં જે રાજ્ય શાસન ચાલ્યાં છે-તે રાષ્ટ્રધર્મની દૃષ્ટિએજ ચાલ્યાં છે. એ દૃષ્ટિએ રાજકીય ક્ષેત્રના એકમ તરીકે ભારત રાષ્ટ્રને લઈ શકાય છે. એ રાષ્ટ્રના માધ્યમથી બીજા રાષ્ટ્રો તરફ વિશ્વવાત્સલ્ય વહેવડાવી શકાય.

"दूर्लभं-भारते जन्म"

આપણા ઋષિ મુનિઓએ ભારતમાં જન્મ લેવો ખરેખર દુર્લભ છે—એમ કહ્યું છે તે સાચું જ છે. અહીં પ્રકૃતિની અનુકૂળતાઓ પુષ્કળ છે; ભૌગોલિક વિવિધતાઓ પણ અનુકૂળ છે; તેમજ અહીં સમૃદ્ધિની વિપુલતા પણ છે. આ બધા કારણોએ અહીંની પ્રજામાં-આર્યોમાં ઉદારતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવી. અહીં આવનાર અતિથિઓને દેવ ગણીને તેમણે પૂજ્યા. એ સિવાય પણ અહીં બીજા દેશો, ધર્મો, સંસ્કૃતિઓ, રીતરિવાજવાળા લોકો આવ્યા. તે બધાને ન કેવળ આવકાર્યા પણ પોતાનામાં ભેળવી લીધા. કયારેય બહારના લોકોએ તેની ઉદારતાનો દુરૂપયોગ કર્યો અને અહીંના લોકોને તેમના અન્યાયની વિરૂદ્ધ યુદ્ધ પણ કરવાં પડયાં. પણ અંતે તો તેમણે બધાને પચાવીને રાખ્યા હોય તેમ ભેળવી લીધા. કોઈ પણ દેશમાં હિંદુ, બૌદ્ધ, જૈન, ઈસાહી, ઇસ્લામી, પારસી, શીખ અને બીજા ધર્મો આટલી સંખ્યામાં નહીં હોય, અહીં જેટલી પ્રકારની માનવજાતિઓ વસે છે તેટલી જાતિઓ પણ નહીં હોય. એટલે ભારતને રાજકીય ક્ષેત્રનું એકમ, વિશ્વવાત્સલ્યના ખેડાણ માટે બનાવવું એ બધી રીતે યોગ્ય છે.

ગાંધીજીએ ભારતને વિશ્વવાત્સલ્યનું રાજકીય એકમ બનાવવા માટે સ્વદેશીવ્રત રજુ કર્યું. જૈનધર્મમાં ગૃહસ્થ સાધકો માટે દિશા-પરિમાણુવ્રત તેમજ દેશાનકાશિકવ્રત પણ એ જ ભાવનાને અનુરૂપ રજુ કરવામાં આવ્યાં છે. સ્વદેશીનો અર્થ એ છે કે પોતાનો દેશ અને દેશની બનેલી બધી વસ્તુઓ માટે આગ્રહ રાખવો. તેનો અર્થ અન્ય રાષ્ટ્રો પ્રતિ ધૃણાભાવ ફેલાવવાનો નથી. જે માણસ જે ભૂમિ ઉપર જન્મે છે તેને કુદરતી રીતે ત્યાં જ વિકાસની બધી સામગ્રીઓ મળી રહે છે. તેને મૂકી વિદેશી વસ્તુઓ તરફ લલચાવું; પોતાના દેશના ઉત્પાદકોને કામધંધા વગરના કરી મૂકવા; દેશને આર્થિકદૃષ્ટિએ ગરીબ બનાવા દેવો — એ બધાં અનિષ્ટો એક પછી એક આવતાં જાય છે. એટલા માટે સ્વદેશીવ્રત ગાંધીજીએ આપ્યું—જૈનધર્મે પણ આપ્યું.

આમ બધી રીતે વિચાર કરતાં ભારતને રાજકીય ક્ષેત્રનું એકમ માનવું જ પડશે અને તેથી એના વડે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વિશ્વવાત્સલ્ય વહેવડાવવું સહેલું થઈ જશે. એનું એક બીજું કારણ એ પણ છે કે અહીં હજારો વર્ષોથી સાધકોએ વિશ્વવાત્સલ્યના પ્રયોગો કર્યા છે અને અહીં તેની અનુભૂતિઓને ઝીલવામાં પણ આવી છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિશ્વવાત્સલ્યના સાંસ્કૃતિક ક્ષેત્રના એકમ તરીકે વિશ્વને રાખી શકાય. જ્યારે સંસ્કૃતિની દૃષ્ટિએ વિચાર કરવામાં આવ્યો છે ત્યારે માનવ માત્ર જ્યાં વસે છે, એવા સંપૂર્ણ વિશ્વને તેની સંસ્કૃતિનું ક્ષેત્ર ગણી શકાય. વેદોના ઋષિઓએ પણ એજ વાત કરી છે :—

यत्र विश्वं भवत्यंकनीडम्

—જ્યાં આખું વિશ્વ પંખીના એક માળા જેવું બની જાય છે.

स्वदेशो भुवनत्रयम्

—ત્રણે લોક (ભારતના લોકો માટે) સ્વદેશ છે.

એવી જ રીતે "उदारचरितानां तु वसुधैंव कुटुम्बकम्" કહીને જણાવવામાં આવ્યું છે કે જેઓ ઉદાર હૃદયના છે તેમના માટે તો આખું વિશ્વ કુટુંબ છે. આમ એક કુટુંબની રાષ્ટ્રની અને એક સંસારની ભાવના વિશ્વમાં વ્યકત કરવામાં આવી છે. વિશ્વમાં બધા પ્રાણીઓ, બધી સુસંસ્થાઓ, બધા રાષ્ટ્રો, બધા સમાજોની સાથે બધા પ્રકારના વાદો, પક્ષો, વિચારધારાઓ અને સંસ્કૃતિઓ પણ આવી જાય છે. પ્રાણીમાત્રની દૃષ્ટિએ વિચારવાથી સાંસ્કૃતિક એકમની કલ્પના થઈ શકે અને તેને વિશ્વ પૂરું પાડે છે.

સાંસ્કૃતિક ક્ષેત્રના એકમ તરીકે વિશ્વવાત્સલ્ય સાધવું એટલે કે સાધકે વિચાર કરવાનો કે તે આખા વિશ્વને સંસ્કૃતિથી સભર કેવી રીતે કરી શકે અને તેનો અમલ કઈ રીતે થાય ? અહીં નાનામાં નાના પ્રાણી પ્રત્યે કરુણા આણી તેના સુખ અને વિકાસનો વિચાર કરવાનો છે. તે સમસ્ત પ્રાણીઓના કલ્યાણની કામના કરે છે; એ રીતે વિચારે છે અને તે પ્રમાણે અનુસરે પણ છે. સાધક જ્યારે વિશ્વવાત્સલ્યનો વિકાસ સાધે છે ત્યારે તે વિશ્વ સાથે સાંસ્કૃતિક દૃષ્ટિએ અનુબંધ જોડે છે. ત્યારે તેની ચિંતા તેને કરવાની રહેતી નથી. તેની ચિંતા વ્યકત જગતની સાથે અવ્યકત જગત આપોઆપ કરવા લાગે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"तत्र को मोहः ? कः शोक ? एकत्वमनुपश्यतः"

જે બધાને એક-સમાન દૃષ્ટિએ જુએ છે—વિચારે છે ત્યાં મોહ કે શોક શું ? જ્યારે સાધક બધા પ્રાણીઓ પ્રતિ વાત્સલ્ય રેડશે તો જગતના બધા પ્રાણીઓનો સહયોગ, તેને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મળશે જ.

આખા વિશ્વ પ્રતિ વાત્સલ્ય વહેવડાવવાના ઘણા દાખલા સુપ્રસિદ્ધ છે. ભગવાન મહાવીરે ચંડકોશિક જેવા ઝેરી સાપ તરફ અને શિબી રાજાએ પારેવા પ્રત્યે પ્રાણના ભોગે વાત્સલ્ય વહેડાવ્યું હતું. એવી જ રીતે ભગવાન ઋષભદેવની દીક્ષા બાદ માતા મરૂદેવી તેમની ખૂબ ચિંતા કરતા. એકવાર ઋષભદેવ અયોધ્યા આવ્યા ત્યારે માતા મરૂદેવી તેમના દર્શન કરવા સમોવસરણમાં ગયા. ત્યાં તેમણે જોયું કે જે ઋષભની તેઓ ચિંતા કરતા હતા તે તો આખા જગતની ચિંતા કરે છે. બધા અલગ અલગ જાતિના પ્રાણીઓ વેરભાવ ભૂલીને એની સભામાં બેઠા છે. ત્યારે માતા મરૂદેવીને વિશ્વવાત્સલ્ય પ્રગટાવવા માટે પ્રેરણા મળે છે અને તેઓ પુત્રવાત્સલ્યને બદલે વિશ્વવાત્સલ્યનો વિચાર કરે છે જેથી મોહ, શોક કે ચિંતા રહે જ નહીં. તેમને ત્યાં જ આત્મજ્ઞાન (કેવળજ્ઞાન) થાય છે અને તેઓ મુકત થાય છે.

કોઈ પણ તીર્થંકર, અવતાર, મસીહા કે પયગંબર જ્યારે વિશ્વવાત્સલ્યના સાંસ્કૃતિક ક્ષેત્રમાં વિશ્વવાત્સલ્ય રેડે છે તો તેઓ કેવળ કોઈ એક નાત કે જાતને નહીં, સમસ્ત માનવ સમાજ અને જીવમાત્ર તરફ તેને વહેવડાવે છે. એટલે વિશ્વવાત્સલ્યનાં સાંસ્કૃતિક ક્ષેત્રનાં એકમ તરીકે આખું વિશ્વ લઈ શકાય છે.

વિશ્વવાત્સલ્યના આધ્યાત્મિક ક્ષેત્રના એકમ તરીકે "માનવ"ને લઈ શકાય છે. બીજાં પ્રાણીઓ કરતાં માનવમાં, બુદ્ધિ, શકિત, ઉદારતા, સંસ્કાર અને વિચારશકિત વગેરે વધારે છે. તે જ આખા વિશ્વમાં વાત્સલ્ય વહેવડાવી શકે, એની તોલે બીજું કોઈ પ્રાણી આવી શકે નહીં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આખા વિશ્વના જીવાત્માઓમાં કેવળ માનવને જ મોક્ષનો અધિકારી માનવામાં આવ્યો છે. માનવ વડે જ, વ્યકિત, સમાજ અને સમષ્ટિ એટલે વિશ્વ સુધી વાત્સલ્યનો સંચાર થઈ શકે. માનવ પ્રાણી જેટલું સંવેદનશીલ છે તેટલું બીજું કોઈ નથી. એ વાત્સલ્યરસની અનુભૂતિ ઝીલી શકે છે તેમ જ તેની પ્રત્યાનુભૂતિ બીજા ઉપર પાડી શકે છે. જ્યાં સુધી વિશ્વવાત્સલ્યનું આધ્યાત્મિક એકમ સર્વ પ્રથમ પોતે જ ઉત્કટ વાત્સલ્ય રસમાં ન ભીંજાય. તે એવું ઉત્કટ વાત્સલ્ય બીજા પ્રતિ ન વહેવડાવી શકે. એ માટે માનવ જ શ્રેષ્ઠ એકમ છે. એકવાર જેણે વિશ્વવાત્સલ્યનો સિદ્ધાંત સારી પેઠે જાણ્યો; તેણે સમસ્ત જીવ-સૃષ્ટિ પ્રતિ-પશુપંખી, કીટપતંગ, તેમજ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ વગેરે જીવસૃષ્ટિ પ્રતિ સ્વયંભૂ વાત્સલ્ય વહેવડાવ્યુ છે. પછી તેના માટે ધર્મ, જાતિ કે પ્રદેશના બંધનો રહેતાં નથી એટલું જ નહીં. તેના વાત્સલ્ય માટે કેવળ માનવસમાજ એવું પણ બંધન ટકતું નથી; તે તો સમસ્ત સમષ્ટિ અને તેની જીવસૃષ્ટિ પ્રતિ સમાનભાવે વહે છે.

માનવ આવું વિશ્વવાત્સલ્ય સાધી શકે છે એટલે જ તેને આધ્યાત્મિક ક્ષેત્રના એકમ તરીકે સ્વીકારી શકાય છે. આજે પણ એવા અનેક દાખલાઓ મળી આવે છે કે જેમણે જીવનમાં વિશ્વવાત્સલ્ય સાધ્યું છે એવા યોગીઓ પાસે હિંસક પશુઓ-વાઘ-સિંહ વગેરે શાંતિથી બેસે છે. એટલુંજ નહીં પરસ્પરના વેરી અને ક્રૂર પ્રાણીઓ સાપ-નોળિયો, સિંહ-બકરી પણ સમાનભાવે શાંત બેસે છે. તેઓ પરસ્પરના વેરને વિસરાવી દે છે.

એટલેજ યોગદર્શનમાં કહ્યું છે :—

"अहिंसा—प्रतिष्ठायां, तत्सन्निधौ वैरत्यागः"

અહિંસાની સંપૂર્ણ પ્રતિષ્ઠા થઈ જતાં; ત્યાં આગળ બધા જીવો પરસ્પરનો વેરભાવ છોડી દે છે.

ગીતામાં વિરાટનું દર્શન માનવ મુખમાં બતાવવામાં આવેલ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મહાભારતમાં "માનવથી કોઈ મહાન નથી!" એવું સનાતન સત્ય ઉચ્ચારવામાં આવ્યું છે. જૈનોએ ત્રણલોકની કલ્પના જે ચૌદ રાજુ પ્રમાણમાં કરી છે તેની આકૃતિમાં માનવ-આકાર બતાવવામાં આવેલ છે. એની પાછળનું રહસ્ય એજ છે કે કેવળ મનુષ્ય એટલી અને એવી આધ્યાત્મિક શક્તિ ધરાવનારો છે કે તે પોતાની અંદર આખાં વિરાટ વિશ્વને સમાવી શકે છે. તે એટલી સિદ્ધિને સાધી શકે છે. બધા ધર્મશાસ્ત્રોએ એટલા માટેજ એકસ્વરે મનુષ્ય જન્મને દુર્લભ બતાવ્યો છે.

જૈનોએ ચાર પરમ અંગની દુર્લભ પ્રાપ્તિમાં પહેલાં અંગ તરીકે મનુષ્યભવને બતાવેલ છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં યુલ્લટે ખજુ માણુસે ભવે" મનુષ્ય જન્મ ખરેખર દુર્લભ છે એમ કહ્યું છે. બૌદ્ધધર્મે પણ માનવ જન્મને દુર્લભ બતાવ્યો છે. હિંદુઓમાં પણ.

बडेभाग मानव तन पावा।
सुरदुर्लभ ग्रन्थकोटिन्ह गावा॥

—તુલસીદાસજીએ રામાયણમાં ઉપરની પંક્તિઓ કહી છે કે મહાપુણ્યે મનુષ્યનું શરીર મળે છે જે દેવોને પણ દુર્લભ છે અને જેનો મહિમા કોટિ કોટિ ગ્રંથોએ ગાયો છે. ઈસાઈ ધર્મમાં પણ એજ વાત કહેવાઈ છેઃ "Human body is the tempel of god." મનુષ્યનું શરીર ઈશ્વરનું મંદિર છે. કારણકે ઈશ્વર સુધી આ મંદિર વડેજ પહોંચી શકાય છે.

આનો અર્થ રખે કોઈ એમ કરે કે બધા મનુષ્યો વિશ્વવાત્સલ્યની પૂર્ણ સાધના કરી લે છે. માનવને તેનો અધિકારી જરૂર માનવામાં આવ્યો છે પણ જો અધિકારથી વિરૂદ્ધ કામ કરે તો તે "धिक्कारी" ધિક્કારને પાત્ર પણ બની જાય છે. તેને સર્વોચ્ચ બતાવીને તેના ઉપર પ્રાણિ-વાત્સલ્યની સંપૂર્ણ જવાબદારી નાખવામાં આવી છે. એ તેને બજાવવાની છે. તેણે એમ ન સમજવું જોઈએ કે હું તો સહુ પ્રાણીઓમાં શ્રેષ્ઠ છું. માટે મને બધાં અનિષ્ટો કરવાનો હક્ક છે. તેને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જે બુદ્ધિ, બળ અને વિચારશક્તિ મળ્યાં છે તેનો ઉપયોગ તેણે બીજાં પ્રાણીઓને વધારેમાં વધારે સંરક્ષણ, જીવન સંવર્ધન અને અભયપ્રદાન કરવામાં કરવાનો છે.

આમ આખા વિશ્વ પ્રતિ વાત્સલ્ય વહેવાડી શકે તેનું યોગ્ય પાત્ર અને અધિકારી કેવળ માનવ આવે છે. એટલે તેને આધ્યાત્મિક ક્ષેત્રમાં વિશ્વવાત્સલ્ય વહેવડાવવાના એકમ તરીકે લેવામાં આવ્યો છે.

ઉપર જે જે એકમો અંગે વિચાર કરવામાં આવ્યો છે, તેના ઉપર પૂરો વિચાર કરી; તે તે એકમો મારફતે તેમનાથી સંબંધિત ક્ષેત્રોમાં વાત્સલ્ય વહેવડાવવાનું કાર્ય સાધકનું છે. તે કાર્ય એ રીતે ઉપાડી લે તો વિશ્વવાત્સલ્ય સિદ્ધ થવામાં સરળતા રહેશે અને વાર નહીં લાગે.

ચર્ચા-વિચારણા

પ્રત્યક્ષ અને પરોક્ષ વિશ્વવાત્સલ્યનાં એકમો

શ્રી માટલિયાએ વિશ્વવાત્સલ્યનાં એકમો ઉપર ચર્ચા શરૂ કરતાં કહ્યું :—

વિશ્વવાત્સલ્યના પ્રત્યક્ષ એકમો ત્રણ ગણી શકાય :—(૧) કુટુંબ (૨) ગ્રામ (૩) નગર (મુંબઈ જેવા મોટાં શહેર નહીં) બાકીનાં બે એકમો પરોક્ષ છે તે (૧) દેશ અને (૨) વિશ્વ.

હવાનો અનંત ઉપકાર છતાં યાદ ન રહે કારણ કે તે સ્વાભાવિક છે. એવું જ સ્વાભાવિક કુટુંબ જીવન માટે આ દેશમાં છે. એક કુટુંબ સમાજ જીવનમાં શું શું કરે છે; તેને કોઈ ગણવા બેસતું નથી. તે છતાં તેના જે ઉપકારો છે તે અમૂલ્ય છે.

કુટુંબનો ફાળો

એક કુટુંબમાં ઘણાં ભાઈ અને બહેનો; સ્ત્રી અને પુરુષો રહે છે. જેમકે દીયર, ભોજાઈ. જેઠ, નાનાભાઈની વહુ, સસરો, સાસુ, વહુ તે છતાં અપવાદ સિવાય નવાઈની વાત છે કે આખું કુટુંબ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આટલા જુદા જુદા પુરુષો અને સ્ત્રીઓ સાથે રહેતા છતાં અધિકારી ભાવે રહી શકે છે. કોઈપણ પ્રકારના ચિત્તક્લેશ વિના કોઈપણ પ્રકારના ભય વિના નિર્ભયતાપૂર્વક સહજીવન ગાળી શકે છે. આ પ્રણાલી જળવાય છે, એનું કારણ કુટુંબ ભાવનાના વર્ષોના સહજ સંસ્કાર છે. ત્યાં વિકાર જોવામાં આવતો નથી. આમ કામ-વિકારનું ઉપશમન કરવામાં કે કામ-વિકારને મંદવામાં કુટુંબ-એકમનો અગત્યનો ફાળો છે અને તેણે વિશ્વવાત્સલ્યના માર્ગને સરળ કર્યો છે.

એવોજ બીજો ગુણ કુટુંબ એકમે ખિલવ્યો છે તે છે નિર્લોભનો. એક કુટુંબમાં એક સભ્ય કમાય, બીજો ન કમાય ! એક વધુ કમાય અને એક ઓછું કમાય તોયે સૌને સરખાં ગણીને ચાલવાનો કાયદો કુટુંબ વડે જ આવ્યો છે. એક રીતે તે નિર્લોભવૃત્તિને કેળવે છે.

ઘણીવાર કુટુંબમાં સાથે રહેતાં એવું પણ બને છે કે કોઈને રીસ થાય. કોઇ આવેશમાં આવી જાય ક્રોધે ભરાઇને વઢવાડપણ થાય તે છતાંયે છેવટે તો કુટુંબ માટે સારૂ નહીં, એમ કહી તેના અંગે શરમાવું પડે, પસ્તાવું પડે કે ગમખ્વાર જવો પડે. આમ ક્રોધ ઉપર અંકુશ આવે. "ડાંગે મારયાં પાણી ન છૂટે તેમ ભાઇઓનાં હેત ન છૂટે !" એ કહેવત કુટુંબ ભાવનાનું જ પ્રતિબિંબ છે. નિરંકુશ ક્રોધને સૌમ્ય-શાંત કરવાની ક્રિયા પણ કુટુંબમાંજ સધાય છે.

એવીજ રીતે વધારે પડતી મમતા કે પક્ષપાત ઉપર પણ કુટુંબમાં અંકુશ આવી જાય છે "મારું બાળક" કે "મારા પતિ" વિ. મમતા ખોટું રૂપ પામી વિકસતી નથી પણ તે અંતરની ઊર્મિ બનીને વાત્સલ્ય ભાવમાં પરિણામે છે.

આમ જોશું તો કુટુંબમાં કામ, ક્રોધ, લોભ અને મોહ ઉપર અંકુશ લાવવામાં મદદ મળે છે તેમજ અનેક જાતના સંબંધોને કારણે કર્તવ્યનું ખેડાણ પણ કુટુંબમાં વધે છે. કાકા-કાકી, ભત્રીજાની વહુ-ભત્રીજી, નણંદ-ભોજાઈ એમ અનેક તરફનાં કર્તવ્યો બજાવવાં પડે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કુટુંબ જેમ કામને ડામવામાં મદદરૂપ છે તેમ શ્રંગાર ભાવને પણ અંકુશમાં આણવામાં અકસીર છે. કદાચ સ્ત્રી અને પુરુષ એકલાં રહે તેને કુટુંબ ગણી શકાય તે બહિર્લક્ષી છે. તેનાં મૂલ્યો કે સાધનો કર્તવ્યના બેડાણમાં ઉપયોગી થતાં નથી. તેવું કુટુંબ ભાગ્યે જ વિશ્વવાત્સલ્ય નું પોષક બને છે. એવું કુટુંબ પોતાનાં સંતાનોને એકલપટ્ટુ બનાવે છે. તેમનામાં એકલાં રહેવાની, ખાઈ પી લેવાની જે આદત પડે છે; તેના કારણે તેવાં સંતાનો આગળ જતાં મા-બાપને પણ ધક્કો દઇ એકલવાયાં બને છે.

કયારેક કુટુંબમાં ન રહેતાં ભાઈ ઓના બાળકોને તેમના મા-બાપો "કાકા આવા છે—કાકી આવાં છે." એમ કહીને એક પ્રકારની રીસ અને ઝેર બાળકોમાં ભરે છે. આવું કુટુંબ સ્વાર્થ તેમજ ભોગ પ્રધાન હોઈ ને વિશ્વવાત્સલ્યને પોષક બનતું નથી.

એવી જ રીતે સંયુક્ત કુટુંબની પવિત્ર જવાબદારીઓ જ્યાં અદા ન થતી હોય તો તે પણ દોષયુક્ત બને છે. જે કુટુંબના સભ્યોમાં રૂઢિચુસ્તતા હોય ત્યાં નાહક જીદના કારણે કુટુંબનો વિકાસ રૂંધાય છે અને જ્યાં દાંડાઇ હોય છે ત્યાં કન્યા-કરાર, વરકરાર કે અન્યાયી તત્ત્વોની જીત થાય છે. પરિણામે કુટુંબમાં જે વાત્સલ્ય રહેવું જોઈએ તે ચાલ્યું જાય છે અને પોતાની જોહુકમી ને દાંડાઈના બળે જીતવાનો તે અખાડો બની જાય છે. આ કારણે કુટુંબમાં જે છિન્ન-ભિન્નતા થાય છે, તે નુકસાનજનક છે. આજે મેણાં ટોણાં મારવા, ખાનગીપણું રાખવું વ. કુટેવોના કારણે સંયુકત કુટુંબની પ્રથા ઉપર પ્રહાર થાય છે. પણ એ બધી ટેવોને સુધારવાથી જ જીવનકલ્યાણ થઈ શકે છે. વિવિધતામાં એકતા સાધવાની દૃષ્ટિએ કુટુંબ વિશ્વવાત્સલ્યનું એકમ જરૂર છે.

રાષ્ટ્રહિત માટે કુટુંબપ્રથાનો નાશ

યુરોપમાં, ખાસ કરીને રશિયા અને પૂર્વ જર્મનીથી એ કાર્યક્રમ શરૂ થયો છે કે માનવી મમતાવાળો ન થાય પણ રાષ્ટ્રહિતેચ્છુ બને.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે માટે કુટુંબપ્રથાનો નાશ કરવો. બાળક ૧૮ વર્ષનું થાય ત્યાં સુધી આવે-જાય પણ ત્યાર બાદ સંબંધો બધ. વૃદ્ધ મા-બાપો જાય વૃદ્ધાશ્રમોમાં. આમાં માનવીનો સ્વાભાવિક વાત્સલ્ય-અનુબંધ તૂટી જાય.

એથી અમેરિકાએ (૧) કુટુંબ (૨) વિચાર સ્વાતંત્ર્ય (૩) ખોરાક અને (૪) ધર્મ એ ચારેય બાબતોમાં લોકોને સ્વતંત્ર રાખ્યા છે. તે એકંદરે ઠીક છે. જો કે ઇતિહાસ પ્રમાણે આર્યોની જ એક શાખા યુરોપ વ. દેશોમાં ગઈ છે પણ ત્યાં કુટુબ જીવન ખીલ્યું નથી.

આ ભારત દેશમાં તે ખીલ્યું અને પરિણામે ગ્રામ્યજીવન પણ ઠીક ઠીક ખીલ્યું. નોંધારીઓને કામ, પોષણહીનને પોષણ, શિક્ષણ વિહીનને શિક્ષણ, વ્યકિતને રક્ષણ વ. બધું ગ્રામ સમાજમાં વ્યાપક બને છે. અહીં કુટુંબમાં મળેલી તાલીમ જ વ્યાપક બને છે. કુટુંબ વાત્સલ્યનો તાંતણો જ ત્યાં પ્રેરક બળ બને છે અને વિકસે છે.

ગ્રામ સમાજના એ રીતે વેપારી, ખેડૂત, વસવાયા, ચોકીદાર, પંચ વગેરેના કારણે કુટુંબ ભાવના આવી. બધા એક કુટુંબના સભ્યો જેમ વર્તવા લાગ્યા. ગ્રામની સ્ત્રીની પવિત્રતા માટે સમગ્ર સમાજે આગ્રહ સેવ્યો. સહિયારી રોજી અને સહિયારૂ કાર્ય તેમજ સહિયારાં જીવન થયાં, સંબંધો સ્નેહાળ બન્યાં. તેમ જ જ્યાં એવું નથી થયું ત્યાં વિશ્વવાત્સલ્યની દૃષ્ટિએ ગ્રામ સમાજ જેવી સુસંસ્થાઓ ઊભી કરવી પડશે અને વિશ્વ સાથે તેમને સાંકળવા અનુબંધ વિચારને અપનાવવો પડશે.

કુટુંબ એકમ બનાવવા પ્રયત્ન કરવો જોઈએ

શ્રી દેવજીભાઇએ કુટુંબ એકમને ઉપકારી બનાવવા માટેનો એક દાખલો આ પ્રમાણે આપ્યો :—

અમારા ભચાઉ ખેડૂત મંડળ પાસે ઘણીવાર ઘણા પ્રશ્નો આવે છે. એમાં એકવાર એક કુટુંબનો પ્રશ્ન સામે આવ્યો. એક મા, દીકરો અને દીકરાની વહુ વચ્ચેનું ઘર્ષણ વધ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દીકરાએ શુદ્ધિ પ્રયોગની વાત સાંભળેલી એટલે તે ઉપવાસ ઉપર ઊતર્યો. મા એથી વધારે ગુસ્સે થઈ. ગામનાં લોકો માને ઠપકો આપવા લાગ્યા. મારી પાસે સાંજે પાંચ વાગે વાત આવી. બીજાઓ ત્યાં હતાં. હું પણ ત્યાં પહોંચ્યો.

વાત જાણવા માટે મેં બાઈને પૂછ્યું : "શું વાત છે?"

બાઈએ કહ્યું : "છોકરાના બાપ ગુજરી ગયા ત્યારથી ઘરનું માંડમાંડ ચાલે છે. છોકરો અલગ રહે તો ખર્ચા પૂરાં પડતાં નથી. તે પરદેશ જાય તે મને ગમતું નથી. એટલે સૌ સાથે રહીએ એવી મારી ઇચ્છા છે."

હવે છોકરાની વહુને પૂછ્યું : "તને શું વાંધો છે?"

એણે કહ્યું : "સાસુની પ્રકૃતિ સાથે મારો મેળ ન પડે?"

આથી સાસુ અને વહુ બન્નેને સમજાવ્યા. વહુને કહ્યું "સાસુનો ક્રોધ થાય તો યે સામું ન બોલવું!" સાસુને કહ્યું : "ટેવને લઈને બોલાઈ જાય તો દિલગીરી દર્શાવવી.

આમ પ્રયત્નો વડે તે કુટુંબનો મેળ જામી ગયો. બીજું ઘર ભાડે આપતાં કુટુંબની આવક પણ વધી; કારણ બે ઘર હતાં તે એક થતાં, બીજું ઘર ખાલી પડયું હતું.

જો આ રીતે કુટુંબ એકમને સાધવામાં આવે તો વિશ્વવાત્સલ્યની સાધના સરળ થાય. આવો જ એક બીજો દાખલો આ પ્રમાણે છે:—

ભચાઉ ખેડૂત મંડળ સારું કામ કરે છે એ જાણીને લોકો કોર્ટે ન જતાં અમારી પાસે આવવા લાગ્યા. એકવાર બીજા ગામની એક ફરિયાદ આવી. તેમાં જેઠાણીના દીકરાની વહુ સાથે ઝઘડો થતાં; તેણે અને ગામમાં રહેતી તેની માએ બાઈને ખૂબ મારી.

ફરિયાદ આવતાં ગામના બે–ત્રણ પ્રતિષ્ઠિત માણસોને લઈને હું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે ગામમાં ગયો. પહેલાં તો દાંગાઈનું જોર હતુ પણ આ તો સામાજિક દબાણ છે એમ માની તેઓ નરમ પડ્યા.

મોટાભાઈએ એક વાત મૂકી : " મારો નાનો ભાઈ મારી સાથે બોલતો નથી—રામરામ પણ કરતો નથી."

તેની વાત રીતસરની હતી એટલે અમે મોટાભાઈની વાત નાનાભાઈ આગળ મૂકી કે " ગમે તેમ તોયે તારા મોટાભાઈ! તેમને જઈને પગે પડ! તું અમારી સામે એમ કરીશ તો ગામના લોકો જોશે અને તારી આબરૂ વધશે. સાથે કુસંપ પણ દૂર થઈ જશે! "

તેણે તેમ કર્યું. ગામ નાનું હતું અને તરત બન્ને ભાઈઓમાં સંપ થઈ ગયો.

આમ જ્યાં ગ્રામ સંગઠનો હોય તેમણે કુટુંબ એકમોમાં મેળ સાધવો જોઇએ. ગ્રામશક્તિ વધે કે રાજ્યને પણ તેની આગળ નમવું પડે છે કારણ કે લોકશાહીમાં લોકો જ શક્તિ છે. કેવળ તેમનાં સંગઠન યોગ્ય અને ન્યાયપુરઃસર થવાં જોઇએ.

વિશ્વવાત્સલ્યની પહેલ કુટુંબથી થવી જોઈએ!

શ્રી પૂંજાભાઈએ વિશ્વવાત્સલ્યની પહેલ ઘરથી થવી જોઇએ તે ઉપર વિચાર દર્શાવતાં કહ્યું : " જો કુટુંબ સારાં ન હોય તો વિશ્વવાત્સલ્યના માર્ગે પહેલ કયાંથી થાય? એટલે કુટુંબ એકમને વિશ્વવાત્સલ્ય બળનો સંચાર કરવા શક્તિમાન કરવું જોઈએ.

સાસુ વહુ કડાકૂડ લડતા હોય અને બાળક ધાવતું હોય તો તેની કેવી છાપ પડે? બાળક પર, ગર્ભ ઉપર વિચારો અને વાતાવરણની અસર થાયજ છે. એટલે વિશ્વવાત્સલ્યના માર્ગે પહેલ કરવા કુટુંબ માર્ગે જવું જોઈશે. વડીલોએ નીતિ-રીતિ સમજી યોગ્ય માર્ગે જવું જોઈએ તેમજ બાળકોએ પણ વડીલોને સત્કારવા જોઈએ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કેટલાંક કુટુંબો આપણા ઉપર એવી આદર્શ છાપ મૂકે છે કે તે વિસરાતાં નથી. ૧૯૫૧-૫૨ માં ભાલ—નળકાંઠા ગોપાલક મંડળને પચાસહજ્જર ઢોરની વ્યવસ્થા સંભાળવાની હતી. ત્યારે સાખબારા અને છેલઆંબા વચ્ચે એક સહકારી ખેતી મંડળીને એક કુટુંબના વિવિધ સભ્યો ચલાવતા હતા. તેને જોઈને ઘણો આનંદ થયો. અમો ગયા કે તરત આવકાર આપ્યો. મંડળીના સભ્યોનું મજૂર સાથેનું જે વર્તન હતું તે અજોડ હતું. એક બહેન ઘરના માણસોની જેમ સૌને પીરસતા હતા. બધાને કામ સરખું; ખોરાક સરખો અને આરામ સરખો. અમુક સમય ગાંધી વિચારની ગીતા (અનાસકિત યોગ)નું વાંચન થતું. તે કુટુંબને જોઈને સંતોષ થયો કે આવું કુટુંબ ખરેખર વિશ્વવાત્સલ્યનું એકમ બની શકે.

એની વિરૂદ્ધ એક વાઘરી કુટુંબનો દાખલો આપી શકાય. આ લોકો છત્રી સમી કરવાનો ધંધો કરતા. કુટુંબમાં મા-બાપે નાનપણથી બાળકોમાં સંસ્કાર ન નાખ્યા પરિણામે બાળકો મોટાં થતાં ચોરી વગેરે શીખ્યાં અને કુટુંબનો આનંદ ચાલ્યો ગયો.

જરાક ઓથે સુધરતા કુટુંબો

શ્રી દેવજીભાઈએ કહ્યું: "એ વાત સાચી છે. વાઘરી કુટુંબો પાછળ છે કારણકે તેમને જાત-વિકાસની તક ઓછી મળી છે.

તેમનામાં બે ગુણો તો જોવામાં આવે છે:—(૧) નાતનો સુસંપ (૨) નરમ સ્વભાવ. તેમને જરાક ઓથ સાચી દિશાએ જવાની આપવામાં આવે તો વાળ્યાં તરત વળે તેવા છે. અમલદારો, શ્રીમંતો અને નગરો ઉપર ઉપકાર કરીએ તોયે શંકાની નજરે તો જુએજ કે કંઈક કારણ હશે. ત્યારે આવો પછાત વર્ગ થોડા ઉપકારને પણ મોકો મળતાં વધુ આભારે તરત વાળે. આ લોકશક્તિ વ્યવસ્થિત થાય તો દેશ અને વિશ્વને કેટલી બધી ઉપયોગી થઈ પડે! એટલુંજ નહીં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિશાળ સમાજને બાધકરૂપ થવા કરતાં સહાયક બને અને પોતાને ઉગારી લે.

આ બધાના અનુબંધની તત્કાળ જરૂર છે.

વિશ્વવાત્સલ્યમાં બાધક તત્ત્વો

શ્રી બળવંતભાઈ એ કહ્યું: "મારા નમ્ર મત પ્રમાણે વિશ્વવાત્સલ્યમાં ચાર બાધક તત્ત્વો છે:—(૧) ગરીબી (૨) ગામ અને નગરના દાંડતત્ત્વો (૩) રાજકીય પક્ષો અને (૪) વધારે પડતા કાયદા કાનૂનો.

અમે એક ગામમાં ગયેલા. શરૂઆતમાં આત્મશુદ્ધિ માટે ત્રણ ઉપવાસ કરીને, ફરતા ફરતા ત્યાં પહોંચ્યા. બપોર સુધી રોટલો કાંત્યો પણ કોઈ મળવા ન આવ્યું. સાંજે સહકારી મંડળીમાં કામ કરનાર એક ભાઈ ત્યાં આવ્યા. સાંજના જમણની વ્યવસ્થા પણ ત્યાં થઈ ગઈ. રાત્રે સભાનો વિચાર કર્યો પણ દરબારે બત્તી ન આપી. તેથી ખુલ્લા દિલે વાતો ન થઈ શકી. વહેલી સવારે ભજન ગાતા હતા ત્યારે લોકો આવ્યા. તેમણે કહ્યું: અહીંની બધી સ્થિતિ તેમજ પંચાયત વ. એવાં છે કે આગળ વધી શકાય નહીં. કારણ કે અહીંની પરિસ્થતિમાં અમલદારો લગભગ દરબારને ત્યાં ઊતરે છે. તેથી અમલદારો શોષમાં તણાઈ જાય છે. દરબાર અને તેનો કારભારી (કામદાર) મળીને આખા ગામને દબાવે છે.

આમ ગરીબાઇના કારણે ન બોલવું અને દાંડતત્ત્વોનું સહન કરવું જેથી લોકો ઉપર આવી શકતાં નથી.

એવું જ એક તત્ત્વ રાજકીય પક્ષો છે. તેઓ પણ લોકોના મનને જુદાં પડાવે છે. મહાગુજરાત જનતા પરિષદે જે સ્થિતિ જન્માવી હતી તે એવી ખરાબ હતી કે તેના પ્રત્યાઘાતો રૂપે નડિયાદની પરિસ્થિતિ હજુ સુધી સુધરી નથી.

આ સિવાય વાત્સલ્ય વહેવડાવનારી અને વિશ્વવાત્સલ્યની પ્રતીક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સમાન " માતા " પોતાના સ્થાનેથી નીચે ઊતરતી જાય છે. જ્યાં સુધી માતૃપક્ષ સબળ, સમૃદ્ધ અને ઉન્નત ન બને ત્યાં સુધી વિશ્વવાત્સલ્યનું રેડાણ ક્ષણ બને છે.

આજે સ્ત્રીઓમાં આપઘાતોના બનાવો વધતાં જાય છે. દાંડ. તત્ત્વો તેને કચડી નાખવા પ્રયત્નો કરે છે. ચારસો માણસની વસતિના એક ગામની આ વાત છે. ત્યાં એક બાઈ સગર્ભા હતી. બિચારીનું કોઈ ન સાંભળે. તેનો પતિ પણ ન સાંભળે. તેની સાસુ તેના ઉપર ગુજારવામાં બાકી ન રાખે. ધણી માના સૂરમાં સૂર ભેળવે. તેને કોઈ સમજાવનાર પણ નહીં. તેમને માર્ગદર્શન આપનાર પણ કોઈ નહીં. એટલું જ નહીં કોઈ વચ્ચે પડવા જાય તો તેના માર્ગમાં અવરોધ થાય. આ બાઈ એટલી બધી કંટાળી ગઈ કે આપઘાત સિવાય કોઈ આરો ન રહ્યો. ખરેખર એ વાવમાં જઈને પડી.

એનાં કાગળિયાં થયાં પણ ખોટાં. સરપંચને તે કુટુંબે વશ કરેલા. એટલે સરપંચે પોલીસપટેલને સાધ્યા અને તેમણે એક હલકાં ચારિત્ર્ય-વાળી બાઈને સાક્ષીમાં ઊભી કરી; જેણે કહ્યું : " મરનાર બાઈને વાઈ આવતી હોવાથી વાવમાં પડી ગઈ છે. તે મેં જોયું છે ! "

કેસ ઊડી ગયો. પેલું કુટુંબ પોતાની દાંડાઈ ઉપર રાજી થયું અને પાછી સમાજમાં એની પ્રતિષ્ઠા પણ કાયમ રહી. તે છોકરાંને બીજી કન્યા આપનાર માબાપો પણ મળી રહ્યા. આમ આજે માતૃપક્ષ નીચે પડી રહ્યો છે.

આને દૂર કરવા માટે ભાલનળ કાંઠા, કચ્છ અને ગુજરાતનાં જેવાં નક્કર ખેડૂત મંડળો વ. સંગઠનો ઊભાં થાય તો દેશભરમાં માતૃપક્ષ સાથે થતો અન્યાય દૂર થઇ શકશે અને પત્નીને સળગાવી નાખવી; વહુને મારી નાખવી કે કન્યાઓએ કૂવો પુરવાની વાતો ઓછી સાંભળવા મળશે. તેમજ એવાં તત્ત્વોનું સામાજિક મૂલ્યાંકન થતાં તેમની પ્રતિષ્ઠા નહીં રહે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વાત્સલ્યમાં માન ન હોવું જોઈએ

પૂ. દંડીસ્વામીએ માતૃપક્ષમાં જે ખોટી માનમર્યાદા પ્રવેશી છે તેનો દાખલો આપતાં કહ્યું : "વિશ્વવાત્સલ્યનાં એકમોની વાત બરાબર છે. પણ એ એકમો સારાં હોવાં જોઈએ.

આજે તો એવું બને છે કે વહુ ના પાડે તેમાં પણ સાસુને પોતાના મોઢે 'ના' નથી કહેવાણી એમ સમજીને હીણું લાગે છે.

એક બ્રાહ્મણને એક વહુએ લોટ ન આપ્યો. રસ્તામાં સાસુ મળ્યા, ગોર મહારાજને કહ્યું : "પાછા ચાલો!"

એમ કહીને ગોરજીને સાથે લઈ ગયા. પછી ઘેર જઈને ડેલીએ ઊભી ને કહ્યું : "મહારાજ, પછી આવજો!"

પેલા બ્રાહ્મણે કહ્યું : "તો, પછી મને શા માટે પાછો લાવ્યા હતા?"

ત્યારે સાસુએ કહ્યું : "મહારાજ ના, પાડવાની સત્તા વહુની ન હોય. તે મારી છે એટલે તમને પાછા બોલાવી ના પાડી. કાલે કોઈ એમ તો નહીં કહેને કે સાસુનું ચાલતું નથી?"

આવાં ખોટાં માન–અપમાનમાં રાચીને માતૃપક્ષ લજ્જાઈ રહ્યો છે.

જેતપુરનો પણ એક એવો દાખલો છે. ત્યાં એક દુર્ગુણી સ્ત્રી પોતાના પતિ સાથે બાઝયા તો કરે પણ તેને મારેય ખરી. બધાયે ઘણી રીતે સમજાવી પણ તે તો ધણીને બાયલો જ ગણે. અંતે તેનો તોડ કાઢવા સલાહ આપી : "બેતર તારે નામે છે! તો તું બેતી કર અને અનાજ લઈ લે. બનતું નથી તો જુદી ઓરડી રાખીને રહે!"

આમ થવાથી બાઈની અક્કલ ઠેકાણે આવી.

કુટુંબમાં માતૃપક્ષ માતૃભાવથી નીચે ઉતરતો જઈ રહ્યો છે તેને સુધારવો રહ્યો અને કુટુંબ એકમને સદ્ધર બનાવવું જોઈએ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અભેદ સેવા

શ્રી સવિતાબેને કુટુંબ વાત્સલ્યને સેવા રુપે બીજા સુધી રેડવાનો દાખલો આપતાં કહ્યું :—

એક પટાવાળાને ૧૦૬° ડીગ્રી તાવ આવેલો. તે વખતે મોટા મંત્રીએ સેવા ન કરી પણ અમે બન્નેએ (પત્ની–પતિ) સેવા કરી તે વખતે મંત્રીના ઠરેલા પત્નીએ કહ્યું : "એવાને બહુ ન ચઢાવીએ."

અમારે તો સેવા કરવી હતી એટલે કરી. પટાવાળો સાજો થયો તે અમારો ખૂબ ઉપકાર માનવા લાગ્યો, મેં કહ્યું : "ભાઈ! તું હમણાં જ પરણ્યો છે. તારી મા હોય તો તેને કેવી લાગણી થાય! એવી જ પ્રેરણાએ અમે બન્યું તે કર્યું છે. અમારો છોકરો માંદો પડે તો અમે સેવા કરીએ કે નહીં?"

બિચારો ઉપકારવશ થઈને ગળગળો થઈ ગયો. તે મંત્રીનાં પત્નીને લાગ્યું કે અમે દેખાવ કરીએ છીએ. તેમણે અમારી બન્નેની પરીક્ષા લીધી. પણ એમને ખાતરી થઈ કે આમને (અમને) કશા પણ પૂર્વગ્રહ કે સ્વાર્થ વિના સેવા કરવાની ટેવ છે. એટલે રાજી થયાં.

આ પ્રસંગ એટલા માટે કહેવો પડ્યો કે મોટા ગણાતા અને ગાંધીબાપુના વખતના આગળ વધેલા લોકો પણ અભેદભાવે સેવાની વાતો ભૂલવા લાગ્યા છે. જેથી આપણું કામ ઘણું કઠણ થઈ પડ્યું છે. વિશ્વવાત્સલ્યને રસ્તે જવાની ભાવના પ્રભુ કાયમ રાખે.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

[૬] વિશ્વવાત્સલ્યની આચાર નિષ્ઠા

[૨૧-૮-૬૧] —મુનિશ્રી નેમિચંદ્રજી

વિશ્વવાત્સલ્ય ઉપર વિચારની દ્રષ્ટિએ અત્યાર સુધી સારી પેઠે વિચારાઈ ગયું છે. વિશ્વવાત્સલ્યની ભાવનાઓ, પાસાંઓ અને એકમો ઉપર પણ જોઈએ તેટલો પ્રકાશ પાડવામાં આવ્યો છે. હવે તેની આચાર દિશા શું છે તેનો વિચાર કરવાનો છે.

કોઈ પણ કલ્પના ઘણીજ સુંદર હોય પણ તે જ્યારે આકાર લે છે ત્યારેજ લાખો માણસોને તેની સૌંદર્ય કલ્પનાની ઝાંખી થાય છે. એવી જ રીતે વિચારો ગમે તેટલાં સુંદર હોય પણ જો તે આચારમાં ન આવે તો તેની ઉપયોગિતા નહીંવત રહેશે. વિચાર જેટલીજ આચારની જરૂર છે. માત્ર વિચાર કરવાથી સમાજમાં પરિવર્તન કે ક્રાંતિ થઈ જશે નહીં. આચારમાં મૂકતા પહેલાં વિચારો પરિપક્વ થવા જોઈએ પણ છેવટે તો તે આચારમાં મૂકાય તે શ્રેણિએ પહોંચવાનો પ્રયત્ન થવો જરૂરી છે. આજે તો ભારતવર્ષમાં આચારની વધારે જરૂર છે.

વિચારોનું ખેડાણ તો ભારતવર્ષમાં હજારો વર્ષોથી થતું આવ્યું છે. એ ઉચ્ચ વિચારોને પચાવી તેને કાર્યાન્વિત કરવાની જરૂર છે. એ માટે દરેક વિચારકોએ પણ એટલોજ ભાર મૂકયો છે.

વિશ્વવાત્સલ્યને લાગે વળગે છે ત્યાં સુધી વિચારની દ્રષ્ટિએ દરેક ધર્મોએ તેને માન્ય કરેલ છે અને કદાચ નહી કોઇ ધાર્મિક વિચારધારા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવે તો તેને પણ એને માન્ય કરવું પડશે. દરેક ધર્મોના શબ્દોમાં ફેરફાર હોઇ શકે. કોઇ એને વિશ્વપ્રેમ કહેશે, કોઈ વિશ્વભાતૃત્વ કહેશે તો કોઇ વિશ્વબંધુત્વ કહેશે! કોઇ વિશ્વમૈત્રી રૂપે રજૂ કરશે તો કોઈ અદ્વૈતભાવ રૂપે કોઈ સામાયિક સ્વરૂપે સમજાવશે તો કોઇ બ્રહ્મવિહાર રૂપે કોઈ આત્મૌપમ્ય કહેશે તો કોઇ આત્મવત્ સર્વભૂતેષુ કહેશે. આમ અલગઅલગ શબ્દોની પાછળ ભાવનાનો વિચાર કરવામાં આવે તો તે વિશ્વવાત્સલ્યની ભાવના જ હશે. એટલે વિશ્વવાત્સલ્યના વિચારોનું ખેડાણ, આપણા ઋષિઓએ કર્યું છે અને હજારો વર્ષોથી સંતો, ભક્તો, શ્રમણો, ઋષિ–મુનિઓ વિશ્વવાત્સલ્યના વિચારોનો ઉપદેશ, વ્યાખ્યાન, લેખ કે સંદેશ રૂપે પ્રચાર કરતા રહ્યા છે. તે ઉચ્ચ વિચાર ભારતના લોકોને ગમ્યાં પણ છે. ઉચ્ચ વિચાર અને તેના ઊંડાણભર્યા પૃથક્કરણને પરિણામે અહીં છ દર્શનો આલેખાય છે.

આ વિશ્વવાત્સલ્યના વિચારને આચારમાં મૂકવાનો પ્રશ્ન આવે છે ત્યારે અનેક નડતરો કે બાધક કારણો ઊભાં થાય છે અને અનેક વાર ભરતી અને ઓટ આવતી નજરે ચડે છે. એનું કારણ એ છે કે વિશ્વવાત્સલ્યમાં બધા ધર્મો, વાદો, દર્શનો, વિચારધારાઓ, વર્ણો, જ્ઞાતિઓ, સંસ્થાઓ તેમ જ રાષ્ટ્રોનો સમાવેશ થઈ જાય છે. બધાયને પોતપોતાની યોગ્યતા પ્રમાણે સ્થાન મળે છે. એટલે આચારમાં મૂકતી વખતે ઉપર કહ્યા તે બધાયના અનેક સંસ્કારો આડા આવે છે.

જગદ્‌ગુરુ શંકરાચાર્ય અદ્વૈતવાદના જબ્બર પ્રચારક હતા. તેમના મત પ્રમાણે જગતમાં આત્માના સર્વત્ર એકત્વનો સ્વીકાર કરવામાં આવ્યો છે. પણ રૂઢિગત સંસ્કારો તેમને પણ કેટલે આડે આવતા તેનો એક દાખલો આ પ્રમાણે છે :—

જગદ્‌ગુરુ શંકરાચાર્ય કાશીમાં મણિકર્ણિકા ઘાટ ઉપર સ્નાન કરીને પાછા ફરતા હોય છે. તે વખતે સામેથી એક ચાંડાળ તેમને મળે છે. પોતાના પૂર્વસંસ્કારોના પ્રભાવના કારણે શંકરાચાર્યજી તેને આઘે ખસવાનું કહે છે.

૮.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યારે તે ચાંડાળ કહે છે :—

अन्नादन्नभवमथवा चैतन्यमेव चैतन्यत् ।
द्विजवर! दूरीकर्तुं वाच्छसि, किं वृहि गच्छ गच्छेति ॥

હે બ્રાહ્મણવર ! આપ કોને દૂર ખસવાનું કહો છો ! આ શરીરને કે ચૈતન્યને ! જો શરીરને દૂર ખસવાનું કહો છો તો જેવું મારૂં આ શરીર પંચભૌતિક છે તેવું જ આપનું છે. એમાં કોઈ અંતર નથી તો એને ખસવાની જરૂર નથી. જો આત્માને દૂર ખસવાનું કહો છો તો આત્મા આપના અદ્વૈતવાદ પ્રમાણે આખા બ્રહ્માંડમાં વ્યાપ્ત છે. તો તે આઘો ખસીને જશે કયાં ?

આ સાંભળીને શંકરાચાર્યને આનંદ થાય છે કે મારો અદ્વૈતવાદ ચાંડાળ પણ સમજી શકે છે સાથે જ તેને આચરણમાં મૂકવાના સંસ્કારો પોતાનામાં પ્રગટ થયાં નથી એ જાણીને ખેદ થાય છે. તેઓ ભૂલ કબૂલ કરતાં કહે છે : "ભાઈ ! આજ સુધી તો હું અદ્વૈતવાદનો વિચાર કરતો હતો પણ આચરણમાં મૂકવાનો ખરો સમય આવ્યો ત્યારે હું સિદ્ધાંતથી ડગ્યો. મારી ભૂલ તેં બતાવી એટલે તું મારો ગુરુ !"

એવી જ રીતે વૈષ્ણવ સંપ્રદાયના સંસ્થાપક રામાનુજાચાર્યનો પણ દાખલો છે. તેઓ એકવાર પોતાના શિષ્યો સાથે ફરવા જતા હતા. સામેથી એક અત્યંજ સ્ત્રી આવતી હતી.

શિષ્યોએ મોટા સાદે તેને દૂર ખસી જવાનું કહ્યું. ત્યારે તે બાઈની આંખમાં ચમકારો આવ્યો અને તે બોલી : "આ આખી ભૂમિ ભગવાનના ચરણોથી મપાએલી છે. આ આખું વિશ્વ પ્રભુનું મંદિર છે. માટે હે વિદ્વાન પુરૂષ ! હું કયાં ને કેવી રીતે ખસી જાઉં ?"

રામાનુજાચાર્યે તે સાંભળ્યું ને તેમને પશ્ચાત્તાપ થયો. તેમણે કહ્યું : "બહેન ! હું તો સંન્યાસી છું. છતાં મારામાં બોટું અભિમાન ભરેલું છે ! આ વૈષ્ણવ ચિહ્નો મારાં શરીર કરતાં તારાં શરીર ઉપર વધારે શોભા આપી શકે એવાં અને યોગ્ય છે."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કહેવાય છે કે તે દિવસથી રામાનુજાચાર્ય, પોતાના શિષ્યોને જાતિ, કુળ, વિદ્યા અને ધનનું અભિમાન છોડવાનો ઉપદેશ અને આદેશ આપતા. એટલું જ નહી તેમણે એને અનુરૂપ પોતાનાં સંસ્કારોને ફેરવ્યા. વૃદ્ધાવસ્થાએ નદીએ સ્નાન કરવા જતી વખતે તેઓ પોતાના બ્રાહ્મણ શિષ્યને ખભે હાથ મૂકીને જતા અને આવતી વખતે કોઈ શુદ્ર શિષ્યને ખભે હાથ મૂકીને આવતા.

લોકોમાં આ બન્ને આચાર્યોની ખૂબ જ ટીકા થએલી. લોકો નિંદા પણ કરવા લાગ્યા. પણ તેમણે એની પરવા ન કરી. વિચારને આચારમાં મૂકવાની આવી નિષ્ઠા જાગે તો જ વિચાર આચાર એકમેકમાં સંકળાઈ જાય અને તદનુરૂપ જીવન બની જાય.

એક ભાઈએ તો રામાનુજાચાર્યને પૂછ્યું પણ ખરું :—"આપ આમ શા માટે કરો છો ?"

ત્યારે તેમણે કહ્યું : "આપ લોકો જેને નીચ સમજો છો તે શુદ્રનો સ્પર્શ હું એટલા માટે કરું છું મને જાતિ-અભિમાનને ગાળવાનો આજ ખરો માર્ગ જણાય છે. આ અભિમાન રૂપી મેલને હું બહારના સ્નાન કે શુદ્ધિથી ધોઈ શકતો નથી."

આ દાખલાઓ રજૂ કરવાનું કારણ એ છે કે લોકો અદ્વૈતવાદ કે બ્રહ્મવાદને વિચારમાં મૂકતી વખતે તો સંમત હતા પણ ખુદ જ્યારે તેમના આચાર્યો તેને અમલમાં મૂકવા લાગ્યા તે વખતે તેમણે વિરોધ કર્યો.

કેટલીવાર લોકો વિશ્વવાત્સલ્ય, બ્રહ્મ, આત્મા વગેરે અંગે મોટી મોટી વાતો કરે છે પણ તેમનું આચરણ તો તદ્દન વિરૂદ્ધ થતું જોવામાં આવે છે.

રાજા જનકને એક શંકા હતી. તેમણે એના સમાધાન માટે તે વખતના મોટા મોટા બ્રહ્મજ્ઞાની પંડિતોને બોલાવ્યા હતા. પણ, કોઈથી તેમની શંકાનું સમાધાન થયું નહીં. એટલે રાજાએ તેમને કહ્યું : "જ્યાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુધી આપ મારૂં સમાધાન ન કરો ત્યાંસુધી હું આપને જવાની રજા નહીં આપું!"

આ પંડિતોમાં અષ્ટાવક્રના નાના પણ હતા. એક દિવસ અષ્ટાવક્રે પોતાની મોટી બાને પૂછ્યું: "બા! નાના ક્યાં છે?"

તેણે આંસુ સારતાં કહ્યું: "તેમને રાજાએ રાજસભામાં રોકી રાખ્યા છે. જ્યાંસુધી રાજાની શંકાનું સમાધાન નહીં થાય ત્યાં સુધી તેમને છોડવાના નથી."

આ સાંભળી અષ્ટાવક્રે કહ્યું: "હું તેમને છોડાવી લાવું!"

તેનો આગ્રહ જોઈને નાનીએ જવાની રજા આપી.

અષ્ટાવક્ર નામ પ્રમાણે આઠ અંગોથી વાંકા હતા. તેમનું શરીર બેડોળ અને કદરૂપું લાગતું હતું. તેઓ સીધા જનકરાજાની સભામાં પહોંચી ગયા.

વિદ્વાન પંડિતો બેઠા હતા. અષ્ટાવક્રને જોઈને તેઓ હસી પડ્યા. અષ્ટાવક્ર પણ તેમને જોઈને હસવા લાગ્યા. આ જોઈને રાજા જનકને આશ્ચર્ય થયું. તેમણે પૂછ્યું: "વિપ્રવર! આપ નાના છો, વળી આઠ અંગે વાંકા છો એટલે અમારા પંડિતો હસ્યા, તે તો હું જાણી શકયો! પણ, આપ શા કારણે હસ્યા તે મને સમજાતું નથી!" મને તેનું રહસ્ય કહો!"

અષ્ટાવક્રે કહ્યું: "મને તો થતું હતું કે જનક રાજાની સભામાં બધા બ્રહ્મજ્ઞાનીઓ હશે પણ અહીં તો ચમારોની સભા હોય એવું લાગે છે!"

જનક રાજાએ કહ્યું "મહારાજ! બ્રાહ્મણોને-પંડિતોને આપ ચમાર કઈ રીતે કહો છો?"

અષ્ટાવક્રે કહ્યું: "બ્રહ્મજ્ઞાનીઓ હોત તો મારા બ્રહ્મને જુવે પણ અહીં તો તેઓ શરીરમાં ચામડાં વગેરે ને જોઈ રહ્યાં છે અને હસે છે. એટલે મને હસવું આવ્યું."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કહેવાય છે કે જનકરાજાની શંકાનું સમાધાન અષ્ટાવક્રે કરાવ્યું અને નાનાને છોડાવીને આવ્યા. અહીં જોવાનું એ છે કે જેઓ વિશ્વવાત્સલ્ય બ્રહ્મદ્વૈતના વિચારોમાં પ્રવિણ હતા તેઓ વિશ્વવાત્સલ્યની વાત છોડીને 'શરીરાદ્વૈત' વાદને આચારમાં મૂકવા લાગ્યા. એવીજ સ્થિતિ આજે ઘણાખરા ઉચ્ચ સાધકો અને વિદ્વાનોની છે.

લોકોનો સમાજ બન્યો છે અને ત્યાં પણ એવું જોવામાં આવ્યું છે કે વિચાર માટે જેટલો ક્ષોભ હોતો નથી તેટલો ક્ષોભ કે તેના કરતાં પણ કયારેક વધારે ક્ષોભ આચાર માટે થઈ જાય છે.

મુનિશ્રી સંતબાલજી મ. વિશ્વવાત્સલ્યની વાતો કરતા હતા ત્યાંસુધી તો સમાજમાં તેમના માટે ક્ષોભ ઘણો ઓછો હતો. એને જ્યારે આચારમાં મૂકવાની વાત આવી તો તેમના ગુરુદેવે પણ એમજ કહ્યું કે તમે તેને વિચારમાંજ રાખો, અથવા તેને આચારમાં મૂકવાનું હોય તો નિવેદન બહાર પાડી તેની જાહેરાત ન કરો. પણ, તેમણે જ્યારે પોતાના વિચારો અમલમાં મૂકવા અંગે નિવેદન બહાર પાડ્યું કે લોકોમાં એકદમ ક્ષોભ ઊભો થયો. તેમના સંપ્રદાયવાળાઓ ઉકળી ઊઠ્યા. તેમણે સારામાં સારો રોષ પણ પ્રગટ કર્યો. તેમણે વિચારભૂમિકાને પાકી કરી હતી અને તેને આચારમાં મૂકવાની નિષ્ઠા કેળવી અને આજે તેઓ વિશ્વવાત્સલ્યના સાધક બની શકયા છે.

એવી જ રીતે એક સુધારક જૈનપંડિતે આંતર્જાતીય વિવાહની વાત કરી ત્યારે ઘણા પંડિતોએ તેમાં સંમતિ આપી. પણ, જ્યારે તેમણે જાતિભેદ તોડીને આંતર્જાતીય લગ્ન કર્યું ત્યારે એ જ પંડિતોએ ઉહાપોહ મચાવ્યો. પંડિતજીએ કહ્યું કે તમે જ મારા વિચારમાં સંમતિ આપી હતી ને? ત્યારે તેમણે કહ્યું : "અમુક વિષય ઉપર સંમતિ આપવાનો અર્થ એ નથી કે અમે તે કાર્યમાં શામેલ થઈ એ છીએ. સમાજમાં અશાંતિ કે વિક્ષોભ ઊભો કરવો એ બરાબર નથી."

આમ વિચાર સુધી ઘણા સહમત હોય છે પણ આચારની વાત આવે છે ત્યારે ખસવા માંડે છે. એનું કારણ એ પણ છે કે વિચારમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જે વાત સામાન્ય લાગે અથવા સમાજ તેને સામાન્ય ગણે એ જ વાત આચારમાં મૂકતાં વિશેષ-વાતનું રૂપ ધારણ કરે છે. આ વાત વિશેષ રૂપ ધારણ કરતાં અસુંદર બની જતી નથી પણ લોકો એમ માનવા પ્રેરાય છે.

જૈન ધર્મે ખરેખર વર્ણાશ્રમને તોડી ન નાખ્યો પણ તેણે તો સહુવર્ણવાળાને સમાન સ્થાન આપી દીક્ષા તેમજ મુક્તિનો અધિકાર પણ આપ્યો છે. એટલે જ્યારે કોઈ જૈન વ્યાખ્યાનકાર કહે: "જૈન-ધર્મ તો વિશ્વધર્મ છે. તેણે માનવજાતિમાં 'मनुष्यजातिरेकैव जाति कर्मोदयोद्द भवा' "કહીને સર્વ મનુષ્યોને સમાન બતાવ્યા છે." ત્યારે શ્રોતાઓ ગદગદી જાય છે અને તેના ઉપર ગર્વ લે છે. પણ જો એજ વ્યાખ્યાનકાર સાધુ-સાધ્વી માનવ સાથેની એકતાને આચારમાં મૂકવા માટે હરિજનવાસમાં ઉતરે છે, તેમને વ્યાખ્યાન આપવા જાય છે, અગર નિર્માંસાહારી હરિજનોને ત્યાં ભિક્ષા લેવા જાય છે ત્યારે એજ માનવએકતા માટે ગર્વ લેનારા લોકો ક્ષુબ્ધ થઈ જાય છે.

જાતિવાદ-વિરુદ્ધ કર્મવાદનો જે વિચાર અને આચાર ભગવાન મહાવીરે આચરીને બતાવ્યો તે આજે જૈનોમાં નથી. "આત્માની એકતા" અને "વિશ્વવાત્સલ્ય"ની વાતો કાં તો ગ્રંથોમાં પડી છે અથવા વ્યાખ્યાનો પૂરતી મર્યાદિત બની છે. સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિક રૂપ ચતુર્વિધ સંઘમાં એ ક્યાં યે નજરે ચડતી નથી. જો કોઈ સાધુ ક્રાંતિ કરી એમ કરવા જાય તો તેની પ્રતિષ્ઠા તોડવાથી લઈને વિરોધ, નિંદા, અપશબ્દો અને ભિક્ષાબંધી સુધી પણ પહોંચી જાય છે. આનું કારણ એક જ છે કે વિચારોને આચારમાં મૂકવાની પ્રામાણિક નિષ્ઠા સમાજ કેળવતો નથી.

સ્વામી રામતીર્થ જ્યારે અમેરિકામાં અદ્વૈતવાદનો પ્રચાર કરવા લાગ્યા ત્યારે અમેરિકાની પ્રજા તેમને બહુ પૂજવા લાગી. તેમને ઈશુ ખ્રિસ્તના અવતાર તરીકે Love is God (પ્રેમ એ જ પ્રભુ છે) નો સંદેશ અદ્વૈતવાદના રૂપમાં આપનાર તરીકે માનવા લાગી.

એક ધનિક બાઈ જેના ત્રણ પુત્રો ક્રમે ક્રમે મરી ગયા હતા. તે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બહુ ખિન્ન અને દુઃખી હતી. તે એક દિવસ સ્વામી રામતીર્થ પાસે આવી. ઘૂંટણીએ પડીને નમસ્કાર કર્યા પછી તેણે કહ્યું : "હું આપનું નામ સાંભળીને આવી છું. આપ ઈશુ ખ્રિસ્તની જેમ પરમાનંદ આપનારા છો. એક દુઃખિયારી બાઈ તરીકે હું આપની પાસે એ પરમાનંદનો મંત્ર લેવા આવી છું."

સ્વામીજીએ તેની બધી વાત સાંભળીને કહ્યું : "હું તને પરમાનંદ આપીશ ! પણ તારે એનું મૂલ્ય ચૂકવવું પડશે !"

તે બાઇ બોલી : "પ્રભુ ! આપને જોઈએ તેટલું ધન હું આપીશ પણ મને તે મંત્ર આપો !"

સ્વામીજીએ કહ્યું : "મને જડદ્રવ્ય જોઈતું નથી. મને તો આત્માનું ધન (વિશ્વવાત્સલ્ય) જોઈએ છે. એ આપવા તૈયાર છો !"

"શું એનાથી મને પુત્ર મળશે !" તે બાઈએ પૂછ્યું.

"મળશે પણ તે ઔરસ (પોતાનો) નહીં હોય ! એ જ તને પરમાનંદ આપનાર બની શકશે !" સ્વામીજીએ કહ્યું.

બાઈ બોલી : "આપ જે કહો તે હું કરવા તૈયાર છું."

સ્વામીજીએ આશ્રમમાંથી એક સ્વસ્થ અને સુંદર હબ્શી બાળક લાવીને બાઈની આગળ મૂકતાં કહ્યું : "લ્યો ! આ બાળકને ઉછેરજો ! વાત્સલ્ય રેડજો ! એ તમને પરમાનંદ આપશે !"

હબ્શી બાળકને જોઈને તે બાઈ મોઢું મચકોડવા લાગી. "પ્રેમ એ જ પ્રભુ છે !" એવા ઈશુવચનને અદ્વૈતવાદના રૂપે તેણે સ્વામી રામતીર્થના મુખે સાંભળ્યું હતું અને તે આનંદી થઇ હતી, તેને ક્ષોભ થવા લાગ્યો. તેણે કહ્યું : "એ મારાથી નહીં બની શકે ! હું ઉચ્ચ જાતિની આ હબ્શી બાળકને કેવી રીતે ઉછેરી શકું !"

આ ઉપરથી સમજી શકાય છે કે જ્યાં સુધી વિચારને આચારમાં મૂકવાની નિષ્ઠા ન કેળવવામાં આવે ત્યાં સુધી ઘણાં બાધક તત્ત્વો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એને આડે આવે છે. એક વક્તાએ કહ્યું : " આપણે–બધાયે સંપ્રદાયોની પરવા ન કરવી જોઇએ. સત્યથી ઉપાસના કરવી જોઇએ ! " ત્યારે તેના એક એક વાક્યો ઉપર તાળીઓ પડે છે; પણ જ્યારે એ સત્યને જીવનમાં આચરે છે તો ગાળો વરસે છે. તે માટે એકએકથી ચઢિયાતાં બહાનાં શોધાય છે. શું વિચારોની મધુરતા આચારમાં આવી કડવાશ રૂપે બદલાઈ શકે ? ના, એવું તો નથી ! ખરેખર જૂની પરિપાટીઓ મૂકીને નવે ચીલે ન જવા માટેના રૂઢિગત સંસ્કારો જ એને એવું સ્વરૂપ આપી દે છે.

સર્વ ધર્મ સમન્વય અંગે ઘણું કહેવાય છે અને વિચારાય છે. " દરેક ધર્મો સારાં તત્ત્વોથી સભર છે. બધા યે માનવકલ્યાણ ઇચ્છે છે. બધાયનો આદર કરવો જોઇએ ! " એવી વાત સાંભળતાં શ્રોતાઓ પ્રશંસા કરે છે અને ઉદારતા પ્રગટ કરે છે કે " અહા ! કેવો સુંદર વિચાર છે ! " પણ જ્યારે સર્વ ધર્મ સમન્વય અને સર્વધર્મ સંસ્થાપક સમાદરની વહેવારિક યોજના રજુ થઇ ત્યારે ઘણા કહેવા લાગ્યા કે આ તો બરાબર નથી. જૈનોએ કહ્યું કે પહેલાં જૈનોને તો એક કરો ! હિંદુઓએ કહ્યું કે હિંદુ જાતિ તો એક થાય ! બધાને ક્યાં ભેળવશો ! ઇસાઈ, મુસલમાનોને ભેગા કરવાં એ ગાંડપણ છે. આ રીતે આચારમાં મૂકવાની વાત; એ જ વિચારના પ્રશંસકોને કાં તો ભગીરથ લાગે છે, કાં મર્યાદા બહાર જણાય છે અથવા કોઇ અવ્યકત ભયને નિહાળે છે.

વિચારોને આચારમાં મૂકનાર આચારનિષ્ઠા પ્રત્યે ઘણી વાર અશ્રદ્ધા અને ઘૃણા પણ પ્રગટ થાય છે. માણસ જેટલાં પુરૂષાર્થનાં ગીતોથી ખુશ થાય છે તેટલો કર્મઠતા(પુરૂષાર્થ)થી થતો નથી. તેને કલ્પનાની કળા જોઇએ છે; વિચારોની બૌદ્ધિક કસરતો જોઇએ છે પણ તેને આચાર(કાર્ય) નીરસ લાગે છે. તેમાં પંડિતાઈ નથી, કે નથી કવિત્વ ! પણ એ આચાર, વિચારોનીજ આકૃતિ છે તેને એ જોઇશકવા સમર્થ બનતો નથી. આ માણસ જાતિનું મોટામાં મોટું દુર્ભાગ્ય છે.

વિશ્વના ઇતિહાસમાં આવા દાખલાઓ ઠેર ઠેર માનવજીવનમાં જોવા મળે છે. એટલેજ ઊંડા ઊતરીને વિશ્વવાત્સલ્યની આચારનિષ્ઠામાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બાધક કારણોને શોધીને હાંકી કાઢવાના ઉપાયો શોધવા પડશે. ત્યારેજ વિશ્વવાત્સલ્યની આચારનિષ્ઠા સ્થાપી શકાશે.

વિશ્વવાત્સલ્યમાં જગતના બધા ધર્મો, વાદો, વિચારધારાઓ, જ્ઞાતિઓ રાષ્ટ્રો વિ.ને લેવામાં આવ્યા છે. દરેક સાધકને વિચાર સુધી તે ખૂબજ સરસ લાગશે પણ જેવો તે આચારમાં મૂકવા જશે તો તેનાં શરીરથી લઈને, કુટુંબ, જ્ઞાતિ, સમાજ, ધર્મપંથ, સંપ્રદાય, વાદ, રાષ્ટ્ર વગેરેના જુના સંસ્કારોના આવરણો આવી તેને ઘેરી વળશે. પણ, જો તેણે એ બધા બાધક કારણોનો અગાઉથી વિચાર કર્યો હશે તો તેને દૂર કરી શકશે અને આચારનિષ્ઠાને સ્થાપી શકશે.

હવે કયાં કયાં બાધક કારણો આચારનિષ્ઠામાં આવીને ઊભાં રહે છે તેને વિગતવાર જોઈએ :—

(૧) સામાજિક પરિસ્થિતિની પ્રતિકૂળતા : આચારનિષ્ઠામાં સૌથી પહેલું આ બાધક કારણ છે. વિશ્વવાત્સલ્યના વિચારોને સાંભળીને સમાજમાં ઉહાપોહ તો થાય છે પણ જ્યાંસુધી એ વિચારો ઉપર અમલ ન થાય ત્યાં સુધી સમાજ દંડ આપવા તૈયાર થતો નથી. ઘણીવાર પ્રતિકૂળ વિચારોને કેવળ વિનોદ માટે સાંભળીયે છીએ. પણ, જ્યારે આચારમાં મૂકવામાં આવે છે ત્યારે જ સમાજની કોપદૃષ્ટિનો સાક્ષાત્કાર થાય છે. ધર્મસંપ્રદાય, જ્ઞાતિ કે સમાજ બહિષ્કાર પણ કરે અને પ્રતિષ્ઠા પણ તોડે. ખોટા આક્ષેપો પણ આવે અને કનડગતો થાય. એ આચારને સાધક મૂકી દે તેવી લાચારીભરી પરિસ્થિતિ પણ ઊભી કરવામાં આવે છે. સમાજની કોપદૃષ્ટિની તીવ્રતા ખાન-પાન બહિષ્કાર સુધી પણ પહોંચી શકે! આ વખતે સાધકે સમાધાન વૃત્તિથી કામ લેવાનું હોય છે. વિશ્વવાત્સલ્ય માટે નીકળેલો સાધક પોતાનાજ સમાજ પ્રતિ ત્યારે સમાધાન રાખે. એણે તો રામકૃષ્ણ, બુદ્ધ, મહાવીર કે ગાંધીનો આદર્શ સામે રાખવો જોઈએ. જો તે પોતાની આચારનિષ્ઠા ઉપર સ્થિર રહેશે તો ધીમે ધીમે સામાજિક પરિસ્થિતિની પ્રતિકૂળતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

—અનુકૂળતા રૂપે બદલાઈ શકે અથવા તેની આચારનિષ્ઠાનું મૂલ્યાંકન બીજા લોકો કરવા લાગે એ પણ શક્ય છે.

(૨) પોતાની પરિસ્થિતિની પ્રતિકૂળતા : આચારનિષ્ઠાને અમલમાં લાવવા માટેનું આ બીજું બાધક કારણ છે. ઘણીવાર સાધકને તેના કુટુંબવાળાઓ જ ન માને, જ્ઞાતિ કે સંપ્રદાયવાળા ન માને એવું પણ બને. કયારેક સાધકની આજીવિકા કે ભિક્ષાચરી એવા લોકોનાં હાથમાં હોય, જે તેની આચારનિષ્ઠાના વિરોધમાં તેને મુશ્કેલીમાં મૂકી દે.

ઘણાખરા સાધુઓની પરિસ્થતિ પણ સમાજ સાથે સંકળાયેલી હોય છે. તેઓ વિશ્વવાત્સલ્યને આચારમાં મૂકવા જાય તો સમાજ તેમની ભિક્ષાચરી પણ બંધ કરી શકે—તેમને ઉતરવાનું સ્થાન ન આપે કે બિમારીમાં ચિકિત્સાનો પ્રબંધ પણ અટકાવે. તેમના શિક્ષણ માટે પંડિતનો ખર્ચ પણ બંધ કરાવે!

આ બધી ચિંતાઓ મોટાભાગના બધા ય સંપ્રદાયના સાધુઓને થયા કરે છે. એથી એક વાત તેઓ ભૂલી જાય છે કે તેમણે વિશ્વવત્સલ (છ કાયના મા–બાપ) બનવાની પવિત્ર જવાબદારી લીધી છે તે પૂર્ણ થતી નથી. એટલું જ નહીં તેમણે જાતે પેદા કરેલી આ માનસિક પ્રતિકુળતાના કારણે; જેમની પાસે વિશ્વવાત્સલ્યના વિચારોનું સ્પષ્ટ ચિત્ર છે તેમની પાસે જવામાં, સમજવામાં કે વિચાર વિમર્શ કરવામાં પણ સંપ્રદાયનો ભય અનુભવે છે. જોવા જઈએ તો આ જાતે ઊભાં કરેલાં બધનો છે. તેને સાધકે તોડવાં જોઈએ.

(૩) જૂના સંસ્કારો : જૂના સંસ્કારો એ પણ એક જબ્બર બાધક કારણ છે. "આ વિચારો બરાબર છે. તેનામાં વિશ્વહિત રહેલું છે!" એમ સમજવા છતાંય તેને આચારમાં મૂકવા અચકાવનાર જૂના સંસ્કારો હોય છે. જ્યારે સર્વધર્મ સમન્વયની વાત રજૂ થઈ ત્યારે કોઈએ તેનાથી ખાસ આંચકો ન અનુભવ્યો! કેટલાક કહેવાતા સુધારકોએ ઉદાર દિલે પોતાના સંપ્રદાયના દોષો બતાવ્યા. પણ જ્યારે સર્વધર્મ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંસ્થાપકો પ્રતિ સમાદાર વ્યક્ત થયો; બધા ધર્મના સાધુ-સન્યાસીઓ સાથે મળવાનું શરૂ થયું કે જૂના સંસ્કારોને તે ન રૂચ્યું. કહેવાતા સુધારકોએ પણ સ્વસંપ્રદાયના પ્રચ્છન્ન-મોહના કારણે ઘૃણા કરવી શરૂ કરી.

માણસનું માનસ ધીમે ધીમે જે વાતોથી ટેવાયેલું થતું જાય છે તેને તે તરત છોડી શકતું નથી પણ તેણે જે વખતે પહેલીવાર જે વાતને પકડી હતી. તે નવી હતી એમ માની નવાને પામવાનો વિચાર કેળવવાથી જૂના સંસ્કારોને સાધક સરળતાથી છોડી શકશે.

(૪) **પ્રતિષ્ઠા, ભય અને યશોમોહ** : ઘણીવાર જામેલી પ્રતિષ્ઠા તૂટી પડવાનો ભય તેમજ અત્યાર સુધી મેળવેલો યશોમોહ પણ વિશ્વવાત્સલ્યની આચારનિષ્ઠામાં બાધક બનીને ઊભાં રહે છે.

સમાજમાં જામેલી પ્રતિષ્ઠા તૂટી પડે તો ! લોકો બદનામ કરે તો ! સમાજથી ફેંકાઈ જઈએ તો ! આ બધાં ભયો પ્રતિષ્ઠાના કારણે ઊભાં થાય છે. શિબિરના પ્રચાર માટે મુંબઈમાં ઠેર ઠેર સાધુ સાધ્વીઓ પાસે ગયા હતા. ત્યારે કેટલાક સાધુઓએ કહ્યું : "શિબિરનો વિચાર સુંદર છે—યુગાનુકૂળ છે. પણ સમાજથી ફેંકાઈ જઈએ અથવા આજે મળતું માન કાલે ન મળે તો અમારી શું દશા થાય !" મતલબ કે વિચારથી વસ્તુ સારી છે એમ સમજવા છતાં આચારમાં મૂકતી વખતે પ્રતિષ્ઠામોહ બાધક બને છે. તેને દૂર કરવો જોઈએ.

(૫) **આદત** : આદત પણ એક મોટું બાધક કારણ છે. આદતને લઈને ઘણીવાર ખરી વસ્તુ સમજવા છતાં માણસ આચરી શકતો નથી. કેટલાક લોકો પોતાની આદત કેવળ કળાપ્રેમ તેમજ બૌદ્ધિક ખોજ સુધી કેળવે છે. એવા માણસો વ્યાખ્યા કરી શકે છે, ઊંડામાં ઊંડું રહસ્ય પ્રગટ કરી શકે છે પણ એ વસ્તુને આચરણમાં ઉતારતા નથી. કેટલાક સાધકોના પરિચયમાં આવ્યા ત્યારે તેમણે કહ્યું : "અમારો વિષય જ્ઞાનયોગ છે. સમાજ સુધારણા એ અમારી રૂચિનો વિષય નથી !" સર્વોદયી લોકો પણ રાજકારણની શુદ્ધિમાં રૂચિ દાખવતા નથી. એનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કારણ એટલું જ કે તેમણે એ રીતની ટેવ કેળવી નથી અથવા શરૂઆતથી તે એક લપ છે એમ માની સંઘર્ષથી કંટાળીને ભગવાનની આદત એમણે પોતાનામાં નાખી છે. એવી આદતો અંગે માનસ બદલાવું જોઈએ તેમજ સાધકો જો ધર્મસંસ્થાપકોના જીવન ઉપર નજર કરશે તો જાણી શકશે કે સમાજમાં કેવળ બુદ્ધિની નહીં પણ સમસ્ત આચરણની તેમણે ક્રાંતિ કરી હતી. એ રીતે વિચારને અમલમાં મૂકવાનું મનોબળ મજબૂત થશે અને ટેવ પડશે.

(૬) **માનસિક નબળાઈ :** આદતને જો કોઈ પણ વસ્તુ ઉત્તેજન આપતી હોય તો તેમાં માનસિક નબળાઈ મહત્વનો ભાગ ભજવે છે. માનસિક નબળાઈ એ પણ મહત્વનું બાધક કારણ છે. ઘણીવાર ચર્ચામાં મોખરે રહેનાર. આકરી ટીકા કરનાર સાધકો પણ આચરણનો પ્રશ્ન આવતાં વહેવારિક બનવાની સલાહ આપતા જોવામાં આવે છે કે "સમય પ્રમાણે કામ કરવું જોઈએ! આપણે જ શા માટે ભાર ઉપાડવો જોઈએ! તેમજ ઉઠપટાણા પગ ઉપર કોણ લે! શા માટે ક્ષોભ પેદા કરવો? થાય છે તે જ સારૂં છે!" આ એક પ્રકારની માનસિક નબળાઈ છે. તેને દૂર કરવી જરૂરી છે. આવા લોકો બધું કાર્ય કરતા હશે પણ પરિવર્તન કે સંઘર્ષને પડખે ઊભા નહીં રહી શકે.

(૭) **ઇર્ષા અને પ્રકોપ :** ઘણીવાર એવું જોવામાં આવે છે કે કોઈ બંધુ વિશ્વવાત્સલ્યનો સમર્થક હોય છે પણ તેની સલાહ ભૂલથી ન લેવામાં આવે તો તે વિરોધી બની જાય છે. તે અગાઉ જેનું સમર્થન કરતો હતો તેનો જ વિરોધ કરશે; ખાંચખૂંચ કાઢશે. આ માનસિક ઇર્ષાને આભારી છે. આ પ્રકોપનો બીજો પ્રકાર પણ જોવા મળે છે. એક સારો પ્રયોગ કોઇએ શરૂ કર્યો હોય અને કોઈ બીજા ઉચ્ચ ગણાતા સાધક પાસે જાય તો તે ઉચ્ચ સાધક એમ કહેશે કે 'એમાં મારું શું કામ છે એ તો અમુક ભાઇ કહે જ છે ને?' આની પાછળ જે ભાવના કામ કરે છે તે એ છે કે મને આ કાર્યમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રેય મળતો નથી; માટે મારે શું કામ પડવું ? વિશ્વવાત્સલ્યનો સાધક આવી કોઈ પણ પ્રકારની ગ્રંથિથી પીડાતો ન હોવો જોઇએ.

(૮) સમાજની ભડક : પ્રયોગ નવો નવો હોય ત્યારે નવાથી ભડકવાની સમાજમાં જે વૃત્તિ હોય છે તે પણ એક બાધક કારણ છે. નવું આવતાં જાણે કોઈ આગ લાગી હોય અને બધું નષ્ટ થઈ જવાનું હોય એ રીતે વર્તે છે. ઘણીવાર સંપ્રદાય બહાર કરવા કે જ્ઞાતિ-બહિષ્કાર સુધી પણ એ લોકોની હેરાનગતિ પહોંચે છે. નવી વાતને આકાર ન લેવા દેવા માટે તેઓ બધું કરી છૂટે છે. એટલે વિચારેલું બધું કાં તો વિરોધમાં વહી જાય છે અથવા વિચારોમાં પડ્યું રહે છે અને આચારમાં કશું પણ મૂકાતું નથી. આવી ભડકને શમાવવા માટે નવા પ્રયોગ પછીનાં સ્પષ્ટ પરિણામો અંગે સાધકે મક્કમતા કેળવીને કાર્ય કરવાનું રહે છે.

(૯) સાચી સમજણ (દૃષ્ટિ) નો અભાવ : કચારેક આચારમાં ન મૂકી શકવાનું કારણ સાધક પાસે સાચી દૃષ્ટિ કે સ્પષ્ટ સમજણનો અભાવ હોય છે. તેને જે કરવાનું છે તે અંગે તેની સ્પષ્ટ દૃષ્ટિ હશે તો તે બીજાને પણ તે અંગે સમજાવી શકશે તેમજ પોતે પણ આચરણમાં મૂકી શકશે.

આ બધાં કારણો એક ને એક સ્વરૂપે આચારનિષ્ઠામાં બાધક બનીને ઊભાં રહે છે. ત્યારે વિશ્વવાત્સલ્યના સાધકે આ બધાં બાધક કારણોને દુર કરીને સમાજમાં આચારનિષ્ઠા કરવી રહી. ભૂમિના ખેડાણ પહેલાં ખેડૂત જેમ ખેતરમાંથી કચરો, ડાંખરા કે ઝાડીઓને વીણી નાખે છે અને મેદાનને એકસરખું હળથી ખેડે છે તેવી જ રીતે વિશ્વવાત્સલ્યનો સાધક ઉપરના બધાં બાધક કારણો કે અવરોધોને દૂર કરે છે, એથી વિશ્વવાત્સલ્યના વિચારરૂપી બીતું વાવેતર સમાજમાં થાય છે અને તે એની આચારનિષ્ઠા છે. જેનું પરિણામ વિશ્વવાત્સલ્ય ભાવરૂપી પુષ્કળ પાક આવે છે. વિચારોની સાર્થકતા તો તેની રચના–

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કૃતિમાં રહેલી છે. વિચારનો દશમાંશ ભાગ પણ આચરણમાં આવે તોયે સમાજમાં પરિવર્તન આવી શકે; અને તે ક્રાંતિ કરી શકે.

સર્વાંગી ક્રાંતિ માટે પ્રથમ વિચારક્રાંતિ થવી જરૂરી છે પણ તેના વડે પેદા થયેલાં આંદોલનો જો સંગઠનબળ વડે ન ધપાવાય તો પછી એ કેવળ બુદ્ધિનો વિલાસ તે પંડિતોનું મનોરંજન બનીને રહી જશે. વિચારક્રાંતિના બીજને સંગઠનરૂપી જળથી સીંચવું જરૂરી છે જેથી સર્વાંગી ક્રાંતિના સુંદર ફળો પેદા થઇ શકે. ઘણા લોકો ભેગા થાય, પરિષદો યોજાય, વિચારોની આપલે થાય પણ સંગઠન વગર એનું વિચારતત્ત્વ નષ્ટ થઇ જશે. વિચારક્રાંતિ વડે જે ઉત્સાહ કે જુસ્સો આવે છે તેને સંગઠનના નિયમનમાં રાખવાથી તે સ્થિર, સંકળાયેલો અને યોગ્ય માર્ગે વહેનારો બને છે. વિચારક્રાંતિને જો આચારમાં ન પરિણત કરવામાં આવે તો તેનાં ભયસ્થાનો તરીકે જેમ વિચાર-વિલાસ કે શબ્દ-મનોરંજન રૂપે રહી જવાનો ભય રહે છે તેમ વિચારક્રાંતિ વડે જે જુસ્સો પેદા થાય છે તે અનિયમિત કે ઉચ્છૃંખલ બનવાનો પણ ભય રહે છે. આવો જુસ્સો આવેશમાં આવીને તાત્કાલિક કઇક કરી શકે પણ વ્યવસ્થિત સમાજક્રાંતિ કે આચારનિષ્ઠાને ન આણી શકે. ક્ષણિક આવેશમાં આવીને ઉચ્છૃંખલ જુસ્સો કોઇની હત્યા કરી શકે પણ સંઘર્ષ જીતવા માટેનું જોમ ન બની શકે. પણ એજ જુસ્સાને સંગઠન રૂપી નિયમનમાં રાખવામાં આવે તો તે ધાર્યાં પરિણામો લાવી શકે. વિચારક્રાંતિ સાથે એટલા માટેજ આચારવીરોનું સંગઠન હોવું જોઈએ તોજ સર્વાંગી ક્રાંતિ આચારવિચાર બન્નેની સંપૂર્ણ બને.

ઘણા લોકો પોતાને ક્રાંતિકારી માને છે; ક્રાંતિના દર્શનની ઉત્કંઠા સેવે છે પણ સંગઠન જોઈને ગભરાઈ જાય છે. તેમની કાર્યશીલતા કે અનુમોદન (ટેકો) કેવળ વિચારક્રાંતિ સુધી જ હોય છે. આવાં લોકો આચારને સમાજ વ્યાપી તો બનાવી શકતા નથી પણ ઘણીવાર આચારનિષ્ઠાનું અપમાન કરવાની ભૂલ પણ કરી બેસે છે. વિવેકયુક્ત કે અનુબંધપૂર્વક નૈતિક સંગઠનનું નિયંત્રણ ન હોય તો વિચારક્રાંતિના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જરૂરીમાં અસંભવનાં સ્વપ્નોજ નજરે ચડે છે અને એમ ધૈર્ય, દૂરદર્શિતા કે અધ્યવસાય પ્રગટ થતાં નથી. સમૂળી ક્રાંતિ માટે સંગઠન જરૂરી છે. "અમે તો એકલા ઊડશું; એકલાજ તરશું કે મરી ફીટશું" એમ કહેનારા પોતાના પ્રયત્નમાં સફળ થતા નથી તેમજ કયારેક અઘટિત કૃત્યો પણ કરી બેસે છે.

વિચારક્રાંતિ એ નદીની વિસ્તૃત જળરાશિ જેવી છે. તે કયાંક ધોધ બનીને નીચે પડે તો ત્યાંના પ્રદેશને તોડી ફોડી નાખે પણ જો એજ જળરાશિને બાંધી તેમાંથી નિયમિત રૂપે વિજળી પેદા કરવામાં આવે તો તે ઉપયોગી બની શકે. એટલે ક્રાંતિ માટે સંગઠન પણ વિચારક્રાંતિ જેટલુંજ જરૂરી છે.

વિશ્વવાત્સલ્યની આચારનિષ્ઠા સમાજમાં સ્થાપવા માટે કેવળ વિચારોજ કામ નહીં કરે પણ તેની સાથે, સમાજસેવકો કે સમાજનાં માર્ગદર્શકો દ્વારા ઘડાયેલી સંસ્થાઓ કે સંગઠનો વડે તેને આચારમાં મૂકવા પડશે; કારણ કે વ્યકિત ક્રાંતિની પ્રેરક બની શકે પણ તેનું વાહન તો સંસ્થાજ છે. સંગઠિત પ્રયાસ થતાં વિચારના પરિવર્તનની સાથે, ધૈર્ય, અધ્યવસાય અને દૃઢતા પૂર્વક પરિસ્થિતિમાં પરિવર્તન થશે. એજ વિશ્વવાત્સલ્યની આચારનિષ્ઠાનો મંત્ર છે.

ચર્ચા – વિચારણા

સાધકો અને આચારનિષ્ઠા

શ્રી દેવજીભાઈએ વિશ્વવાત્સલ્યની આચારનિષ્ઠા ઉપર ચર્ચા શરૂ કરતાં કહ્યું :—

અમારા ગામમાં સ્થ. જૈન સંપ્રદાયના સાધુઓ આવ્યા હતા. ચીરઈ ગામે વિહાર કર્યો એટલે અમે ૩૦–૩૫ શ્રાવકો તેમને તેટલે દૂર મૂકવા ગયા. રસ્તામાં અસ્પૃશ્યતા અંગે ચર્ચા ચાલી.

મેં કહ્યું : "જેમ હું બીજા શાકહારીઓને ત્યાં જમું છું તેમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રસંગ પડે નાતજાતના, ધર્મ કે કોમના ભેદભાવ વગર મુસ્લિમો, હરિજન વ.ને ત્યાં પણ જમું છું.”

તરત જ શ્રાવકો બોલ્યા : “તમારા જેવા માણસો ધર્મને રસાતળે લઈ જશે!”

મેં કહ્યું : “જે ધર્મ ભેદભાવ માનતો નથી તેમ જ કર્મથી વર્ણ વ્યવસ્થાની વાત કરે છે. ત્યાં જન્મગત ભેદો કે રોટીબેટીનો ભેદભાવ હોઈ શકે નહીં, જૈન ધર્મે તો એને તોડ્યા છે.”

તેમને મારી વાત ગળે ઊતરી નહીં. મેં કહ્યું : “ચાલો, મહારાજને પૂછીએ.” તેઓ સંમત થયા.

મહારાજશ્રીએ વાત સાંભળીને કહ્યું : “વાતો તો દેવજીભાઈની સાચી છે. પણ અમે જ નબળા છીએ કે તમારામાં જ્ઞાનનો ફેલાવો કરીએ છીએ પણ આ એકતા લાવી શકતા નથી. તેથી તમે પણ દેવજીભાઈ જેવા એકલ દોકલ સાચના આગ્રહીને પણ એકલવાયા પડાવી દો છો!”

તેમને તે ઉપરાંત પણ મહારાજશ્રીએ કહ્યું તે સાંભળ્યું. તે છતાં કહ્યું : “મહારાજ ભલે વાત કરે! પણ જો સાચું હોય તો શા માટે તેની વિરુદ્ધ ન બોલે? માટે એ સાચું કેમ કહેવાય?”

સામાન્ય પ્રજા આચારને જ જુએ છે. વિચાર સાથે એને ઓછો સંબંધ છે. તે તો વર્તનમાં આવે તેને જ સાચું માને છે. જો મોટા મોટા સાધકો વદે તે પ્રમાણે આચરે નહીં તો ઉદાત્ત વિચારો અદ્ધર જ રહી જાય. ક્રાંતિકારે તો શુરતાથી આગળ આવવાનું છે,

આ દેશમાં પંડિતો તો ઘણા થયા છે; પણ ભક્તો સંતો જો કે ઓછું ભણ્યા હતા; છતાં તેમણે લોક હૃદયમાં તે આદર મેળવ્યો છે. કાલિદાસ ભવભૂતિ કે માઘ કરતાં કબીર, તુલસી કે મીરાં લોકહૃદયમાં વધારે વિરાજે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આજે લોકો કહે છે કે "આદર્શ અને વહેવારને ન બને!" એ ખોટું છે. લોકબુદ્ધિને આંજી વાહ વાહ કરાવી શકતા ભાષણો જીવનમાં ઉપયોગી અને સક્રિય ન બને તો તે કામનાં નથી.

જનતાને લોકો ભલે જડ ગણે પણ તે સાચા ક્રાંતિકાર અને વાતોડિયા ક્રાંતિકારને માપી લઈ પોતાના હૈયામાં સંધરી લે છે. કોળી, હરિજન અને આદિવાસી કોમમાં સંતો પણ પાકયા અને જનતાએ તેમને પોતાના હૃદયમાં બેસાડી દીધા. આ છે આચારનિષ્ઠાની વહેવારિકતા.

આદર્શ અને વહેવારના છેડા મળે તો સફળ ધર્મ

શ્રી નમિ મુનિ કહે : "આદર્શ અને વહેવારના છેડા જુદી દિશામાં હોય તો ધર્મ નિષ્ફળ ગયો સમજવો જોઇએ, આદર્શ અને વહેવાર વચ્ચે અંતર ગતિનું હોઇ શકે પણ બન્નેના છેડાની દિશા તો એક જ હોવી જોઇએ.

આજે ચારે તરફ અનિષ્ટો વચ્ચે વ્યક્તિ માત્ર કંઈ કરી શકતી નથી. (૧) હૃદય પરિવર્તન (૨) વિચાર-પરિવર્તન (૩) અને પરિસ્થિતિ-પરિવર્તન આમ ત્રિવિધ પરિવર્તન સંસ્થાઓ અને સંગઠન વિના ન થઇ શકે.

વિશ્વવાત્સલ્ય પ્રયોગની સફળતાનો સુંદર નમૂનો

શ્રી પૂંજાભાઈએ ૧૯૪૮ના દુકાળ વખતે ભાલનળકાંઠા પ્રયોગની કાર્યવાહીમાં વિશ્વવાત્સલ્યની આચારનિષ્ઠાના ઘણાં નમૂનાઓ અને પરિણામો રજૂ કર્યાં, ત્યારબાદ તેમણે ભા. ન. ખેડૂતમંડળના ભૂ. પૂ. પ્રમુખ શ્રી ફૂલજીભાઈનો દાખલો આપ્યો.

શ્રી ફૂલજીભાઈએ ભંગી કુટુંબનાં છાપરાં જોઇને પ્રતિજ્ઞા લીધી હતી અને પછી ત્યાં જ થઇ ગયેલાં સાદાં છતાં સુંદર મકાનોનો ચિતાર આપ્યો હતો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નવલભાઇની વાત જણાવતાં કહ્યું કે તેઓ એક હરિજન બાળકને લઇને ગૂંદીમાં અચલેશ્વર મહાદેવની ઓરડીમાં રહ્યા. ત્યારે લોકો કહે : "તમે વિદ્વાન ! તમારી વાત મીઠી પણ આ ભંગી બાળકને સાથે ન રાખો ! નહીંતર તમારી પાસે કોઇ નહીં આવે !" પણ નવલભાઇ મક્કમ હતા. તેમણે વિશ્વવાત્સલ્યના પ્રયોગમાં દટાવું હતું તો તેઓ મક્કમ રહ્યા. છાત્રાલય શરૂ કરવું હતું ત્યારે સદ્‌ગત કાળુ પટેલે પોતાનાં બાળકો મોકલ્યાં પછી તો પૂછવું જ શું ?

ક્રાંતિના માર્ગમાં મક્કમતા, ધીરજ અને વિનયથી કામ લેતાં જવું અને આગળ વધવું એ નવલભાઇએ આચરી બતાવ્યું. એ છે વિશ્વવાત્સલ્યના પ્રયોગવીરોની આચારનિષ્ઠા.

તેમણે વધુમાં જણાવ્યું : "ધર્મશાળા, સદાવ્રતો, પરબો પણ તે યુગની વિચારક્રાંતિની આચારનિષ્ઠાને અનુરૂપ શરૂ થયાં હશે. પણ પછીથી વિકૃતિ આવી હશે. આજે વેરવિખેર તો ઘણું પડ્યું છે તે છતાંયે ભૌતિકતામાં પણ સંસ્કૃતિના દર્શન તો થાય જ છે.

તેમણે પોતાનો દાખલો ટાંકતાં કહ્યું : "એકવાર ઘોળકાથી હું વટામણ જતો હતો. વૈશાખ મહીનો હોવા છતાં માવઠું થયું અને મારે એક કોળીની ઝૂંપડીમાં રહેવું પડ્યું. તેણે પોતાની પાથરી ઝૂંપડા ઉપર નાખી મને શરદી અને વરસાદથી બચાવ્યો."

આવાં સંસ્કૃતિના બી છે એટલે પ્રયોગ સફળ થશે એમ માનવું જોઇએ.

માનવતા અને નિર્ભયતાની વાતો !

શ્રી બળવંતભાઇએ, સાધુઓએ માનવતા અને નિર્ભયતાની પોકળ વાતો ન કરવી જોઇએ એમ જણાવતાં કહ્યું : "નિર્ભયતાથી વાતો બધા કરે છે. સાધુઓ પણ કરે છે. તે છતાં તેઓ શિબિરમાં કેમ ન આવ્યા ?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કેટલાંક કારણો જાણવા મળ્યા. એક મુનિ મહારાજે કહ્યું : "બીજા સન્યાસીઓ સાથે અમે કેમ બેસી શકીએ ! " આત્મવત્ સર્વભૂતેષુ " સિદ્ધાંતનો આમાં કયાં મેળ ખાય ?

ઉત્સાહભેર પત્ર લખનાર એક મુનિશ્રીએ મોટા મહારાજની આજ્ઞા મંગાવવાની વાત કરી, ન તો એ આજ્ઞા આવી કે ન તે મુનિ ભેગા ભળ્યા.

એવા ઘણા દાખલાઓ આપી શકાય છે કે જ્યાં સંપ્રદાયવાદને કારણે સાધુઓને ધર્મસ્થાનકમાં જગા મળતી નથી અને તેમને સ્કુલો વ. માં ઉતરવું પડે છે. કયાંક લોકો ઉદાર થયા છે પણ હજુ સંકુચિતતા પણ એટલી જ જણાય છે.

નાથદ્વારામાં બન્ને મુનિઓ સાથે હું ગયેલો, ત્યાં આવકાર તો ઉમળકાભેર મળ્યો. પણ બન્ને મુનિઓએ કહ્યું કે અમારા પ્રવચનમાં હરિજનો વ. પણ આવી શકે તેવી જગ્યાએ પ્રવચનો ગોઠવશું.

હરિજનવાસમાં જવાનો કાર્યક્રમ આવતાં બન્ને મુનિઓને તોકાઢયા પણ મારાં કપડાં અંદર હતાં તે પણ ન આવ્યા. જ્યારે શુદ્ધિપ્રયોગ કરશું એવું જાહેર કર્યું ત્યારે કપડાં પાછાં મળ્યાં.

જે જૈનધર્મ વિશ્વધર્મ હોય તે આટલો સંકુચિત બની જાય તો શું કામનું ? ત્યારે બીજા ધર્મો અંગે તો શું કહેવાય. જ્યાં સુધી આચાર નિષ્ઠા ન આવે ત્યાં સુધી કોરા વિચારો હાસ્યાસ્પદ લાગે છે.

આચાર : પ્રથમો ધર્મ :

પૂ. શ્રી દંડીસ્વામીએ કહ્યું : " આચાર : પ્રથમો ધર્મ : " એનો બ્રાહ્મણોએ ટુંકો જ અર્થ કરી નાખ્યો છે. પૂર્વ મીમાંસાના ભાષ્યમાં નીતિમય સમાજગત અને વ્યક્તિગત આચરણને ધર્મ કહ્યો છે, એમ મારા ખ્યાલ પ્રમાણે છે.

વૈદિકધર્મના આચાર્યોમાં શંકરાચાર્યે સૌથી પ્રથમ મણિકર્ણિકા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘાટ ઉપર હરિજન સ્પર્શ સ્વીકાર્યો જ છે. રામાનુજાચાર્યનો શિષ્ય અહોવાહ અત્યંજ હતો. સ્ત્રીને તજી પણ અહોવાહને તેમણે ન તજ્યો. વલ્લભાચાર્યના શિષ્યોમાં રસખાન પઠાણ, મંગલ ચંડાળ પણ હતા. મીરાંબાઇનાં ગુરુ રૈદાસ ચમાર હતા. શિષ્યાને પૂજ્ય અને ગુરુને ન અડાય એ તો કઢંગપણાની પરાકાષ્ઠા જ છે. આ ભૂલો આપણે સુધારતા નથી. કોઇ ક્રાંતિપ્રિય સુધારો તો ગચ્છ બહાર, સંઘાડા બહાર અને નાતબહાર કરીએ છીએ.

૮૪ વૈષ્ણવો અને ૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓમાં બધા વર્ણો સાથેના ધર્મસબંધો આવે છે, એક કાશીના પંડિતે અત્યજ-સ્પર્શ માટે એક જ શ્લોક છે એમ ગાંધીજીને લખ્યું. ગાંધીજીએ "ઊંટનું લાકડું" (ઊંટ ઉપરના લાકડાના ભારામાંથી એક લાકડું કાઢીને મારવું) એ ન્યાયે એજ શ્લોક બસ છે એમ કહી પરાજય કર્યો. શ્લોક કદાચ આ પ્રમાણે પણ છે :—

"દેવયાત્રા-વિવાહેષુ, સગ્રામે દેશવિપ્લવે
ઉત્સવે ચ સર્વેષુ સ્પર્શા સ્પર્શા ન વિદ્યતે !"

ટુંકમાં દુર્ગુણ અસ્પૃશ્ય હોઇ શકે-માણસ નહીં.

અસ્પૃશ્ય નિવારણ અને સિદ્ધરાજ

મહમ્મદ બેગડાની જેમ સિદ્ધરાજ પણ લોકપ્રિય રાજા ગણાયો. ધોળકાના મહલાવ તળાવ વખતે "મયા" અત્યંજની વાત પ્રસિદ્ધ છે. તે જમાનામાં અત્યંજને કોડિયું મોં આગળ રખાવતા, પૂંઠે ઝોડિયું રખાવતા. ફાળકો અને ભૂંગળા વગેરે ઉપર કર હતો, તે બધું સિદ્ધરાજે કઢાવી નંખાવ્યું. એટલું જ નહીં એ અત્યંજના સમાજની પ્રતિષ્ઠા પણ કરાવી. ખીજડાનું લાકડું માણેક-થંભમાં નખાવ્યું, ભૂંગળાના ત્રણ ટુકડા હોય તેને લગ્નનું વાજું બનાવ્યું. ફાળકો વર કન્યાને અર્પિત થયો અને કોડિયું લગ્નમાં મંગળરૂપ ગણી રખાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આમ કાળે કાળે માણસો પાછળ રહી જાય છે તેવાં માનવોને આગળ લાવવા પુરુષાર્થો પણ થાય છે એ પુરાણકાળથી પ્રચલિત છે. શુન: શેપનુ નામ દેવવ્રત રાખી વિશ્વામિત્ર તેને મોટો કરે છે. એટલું જ નહીં, જેણે એને ભાઇ તરીકે સ્વીકાર્યો નહીં તેને એવા હલકી ગતિમાં પડયાની વાત પણ આવે છે.

ટુંકમાં માનવ માત્ર એક છે. સદ્‌ગુણ અને દુર્ગુણના ભેદ થઈ શકે. કોળી જેવી હલકી કોમમાં પણ ભક્તો પાકી શકે છે.

વિચારક્રાંતિનું મૂલ્યાંકન તેમ જ સંગઠનોની મહત્તા

શ્રી માટલિયાએ જણાવ્યું : " પશ્ચિમના ક્રાંતિ શાસ્ત્રીઓએ કબૂલ્યું છે કે પ્રથમ વિચારો જેટલી વધુ સંખ્યામાં આગળ પહોંચે તેટલે અંશે ક્રાંતિ સામે દમન કરનારનો જુસ્સો ઓછો થાય છે, નબળો પડે છે. એટલે જ પરિવર્તનો સમાજમાં અમલી બનાવવા માટે વિચાર-પરિવર્તન અને હૃદય-પરિવર્તન જેટલાં જરૂરી છે તેટલું જ પરિસ્થિતિ પરિવર્તન પણ જરૂરી છે.

ફ્રાંસ, ઇંગ્લાંડ, રશિયા અને ચીનની ક્રાંતિઓ પણ પુરવાર કરે છે કે વિચાર-પરિવર્તન સાથે પરિસ્થિતિ પરિવર્તન માટે સંસ્થાઓ જોઈએ જ અને સંસ્થાઓએ કાર્યક્રમો આપવાં જોઈએ; તો જ સમાજમાં રૂઢ થયેલા વિચારો ફેરવાઈ શકે.

ક્રાંતિકારી વિચારોને આચારમાં લાવવામાં ઘણાં વિઘ્નો આડે આવે છે. તેથી તે વખતે સંયમ, નિગ્રહ અને તપ વિના ક્રાંતિમય વિચારોની આચારનિષ્ઠાનું ફળ આવે જ નહીં.

ભાગવતમાં એક દાખલો છે. ઋષિ ફળ આપે છે પણ તેમની પત્ની ધૂંધલી લેતી નથી. કારણ કે પુત્રરૂપી ફળ મેળવવા માટે, તેને ૮-૯ માસ ગર્ભમાં રાખવો પડે, પછી તે મોટો થાય ત્યાં લગી મહેનત કરવી પડે, સંયમ, નિગ્રહ અને તપ કરવાં પડે. તે માટે ધૂંધલી બ્રાહ્મણી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માતા બનવા તૈયાર નથી થતી. તે ફળ લઈને ગાયને ખવડાવે છે. ગાય ગર્ભ ધારણ કરે છે અને પ્રસૂતિના બધાં કષ્ટો સહે છે. ધૂંધલી પોતાની બહેનના પુત્રને દત્તક લે છે. અંતે પરિણામ એ આવે છે કે કષ્ટ વગરનો પુત્ર મા-બાપને મારે છે અને અવગતિમાં નાખે છે. જ્યારે એ અવગતિયાં-ઓની ગતિ પેલી ગાયમાંથી જન્મેલો 'ગોકર્ણ' કરે છે.

વિચારની આચાર પરિણતિ માટે સાત ગાંઠો તોડવી

અવગતિયાંની ગતિ કરવા માટે શેરડીનો સાંઠો પ્રતીક તરીકે (ગાંઠોના કારણે) રખાય છે. એવી જ રીતે ક્રાંતિમય વિચારને આચારમાં પરિણત કરવા માટે પણ સાત ગાંઠો આવે છે. મારા નમ્ર મત પ્રમાણે સાત ગાંઠો છૂટયા વિના કોઈ પણ વિશ્વવાત્સલ્યનો ક્રાંતદૃષ્ટા ન બની શકે, તે આ પ્રમાણે છે :—

(૧) હું પુરુષ છું એટલે કે દેહાભિમાન એ પહેલી ગાંઠ.

(૨) "હું સ્ત્રી છું", "હું પુરુષ છું" એવો નરનારીનો ભેદભાવ બીજી ગાંઠ છે,

(૩) કર્તવ્યને નામે કુટુંબમાંજ પરોવાઇ રહેવાય; વિશ્વનો વિચાર જ ન થાય એ ત્રીજી ગાંઠ છે.

(૪) જ્ઞાતિ માટે છાત્રાલય, વાડી, જમણ બધું થાય પણ બીજા માટે નહીં એવી ગોત્રની કે જ્ઞાતિની ચોથી ગાંઠ છે.

(૫) ધર્મ તો વિશાળ છે છતાં સંપ્રદાયમાં ગુંચવાઇ જવું એ પાંચમી સંપ્રદાય-ગાંઠ છે. તે જ દૃષ્ટિએ વ્રત ઉપવાસ કે કે દાન થાય અથવા દેરાસર, હવેલી, મસ્જિદ, ગિરજાઘર થાય. આવો ભાવ વિશ્વવાત્સલ્યને આવવા દે નહીં.

(૬) રાષ્ટ્રાભિમાનને લીધે દેશ પૂરતી ભાવના કેળવાય તે છઠ્ઠી રાષ્ટ્ર-ગાંઠ છે. 'હું હિંદી છું', 'હું જર્મન છું' 'હું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બ્રિટિશ છું' આવું દેશવ્યાપી અહં લોકોને લડાવી મારે છે તો તે દૂર થવું જોઇએ.

(૭) એ જ રીતે 'મારૂં છે. મારૂં ચાલવું જોઇએ' એવી સાતમી માલિકીપણાંની ગાંઠ છે. આ ગાંઠના કારણે 'હું જ આ સંસ્થાનો કર્તા, આ મારી માલિકીનું ધન અથવા 'બધાએ મારૂં માનવું જોઇએ' એ ભાવ પેદા થાય છે, જે વિશ્વવાત્સલ્યમાં બાધક છે.

આમ આ સાત ગ્રંથિઓનાં સાત કુંડાળાં ભેદાય નહીં, ત્યાં સુધી બ્રહ્મનિષ્ઠ, અધ્યાત્મનિષ્ઠ, કે વિશ્વવાત્સલ્યનિષ્ઠ બનાય નહીં.

આચારનિષ્ઠામાં પણ મારે કહેવું જોઈએ કે માણસ એકલો આચાર કરી શકે નહીં તેને બીજા ઉપર આધાર રાખવાનો છે. એટલે જ આચારની એક વ્યાખ્યા છે કે "પરસ્પર કરેલો વહેવાર તે આચાર!"

આચારની જ્યાં વાત આવી કે તરત સંસ્થાઓ આવીને ઊભી રહે છે. ભેગા થઈને નક્કી કર્યા સિવાય વિચારધીજ સુકાઇ જાય, ઊગે જ નહી, માટે જ ધર્મનો આચાર કરવા ઇચ્છનારા મહાપુરૂષોએ સંસ્થા અને સંસ્થાદ્વારા પ્રયોગ કરવા ઉપર ભાર મૂકયો છે.

જેમ લીંબુ અને ચીકુ, બીજોરૂં અને મોસંબી એક જાતિનાં છે તે પ્રયોગ કલમ કરીને માળી કરે નહીં, ત્યાં લગી તે ક્રિયા લોકવ્યાપી બને નહીં. એવી જ રીતે સર્વાંગી ક્રાંતિકારે બધા ક્ષેત્રોમાં અને મુખ્યત્વે આર્થિક (૨) સામાજિક (૩) રાજકીય અને (૪) સાંસ્કૃતિક ક્ષેત્રે નૈતિક સંસ્થાઓ ઊભી કરવી જોઇએ અને હોય તેને વ્યવસ્થિત કરીને ટેકો આપવો જોઇએ. જે નવો વિચાર મૂકાયો તેને આ સંસ્થાના સેવકો જાતે આચારમાં મૂકે અને સંસ્થાની આસપાસ નવા સમાજનું ઘડતર કરતા જાય.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એકવાત યાદ રાખવાની છે કે તે એ કે શૂન્યાવકાશ ઊભો ન થવા દેવો જોઈએ. "આ નહીં પણ આ" એમ દરેક બાબતની અવેજી મૂકવી જોઈએ. મર્યાદિત નિષ્ઠાને આંચકો લાગે ત્યારે ખળભળાટ મચી જાય; પણ, મક્કમ રહીને સત્યનું વ્યક્તિગત અને સામૂહિક આચાર-રૂપે સિદ્ધ કરવું પડે. આવું ક્રાંતિબીજ હોય; તો ભલે ક્રાંતિકાર જતે ચાલ્યો જાય, પણ એણે પ્રેરેલું બીજ તેના ગયા બાદ પણ ઊગી નીકળે. ૮૦૦ થી ૧૨૦૦ સાધકો અને બીજા અનેકોનાં બલિદાન અપાયાં બાદ બશુ પછી ૭૦૦ વર્ષે તેના વિચારો ફેલાયા. બુદ્ધના વિચારો અશોક પછી હિંદ બહાર ફેલાયા. એમ વિશ્વવાત્સલ્યનો વિચાર ધીમો ફેલાય, એ હકીકત છે પણ; એ ફેલાશે જ."

ટુંકમાં સહુએ કબુલ્યું હતું કે આચારનિષ્ઠા માટે, વિચારનિષ્ઠા કરતાં પાયાની અનેકગણી તાકાત જોઇએ છે. એટલા માટે જ આટલી વિશદ અને ઊંડાણથી ચર્ચા થાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રી વિજય દેવસૂર સંઘ જ્ઞાન ભંડાર
C/o. શ્રી ગોડીજી જૈન દેરાસર
શ્રી વિજયવલ્લભ ચોક, મુંબઇ-૪.

[૭] વિશ્વવાત્સલ્યની નીતિનિષ્ઠા

[૨૮-૮-૬૧] —મુનિશ્રી નેમિચંદ્રજી

વિશ્વવાત્સલ્યની આચાર નિષ્ઠા અંગે અગાઉ વિચાર થઈ ચૂકયો છે. એકલી વિચારનિષ્ઠાથી સામાજિક ક્રાંતિ થઈ શકતી નથી. એ ઉપર પણ વિચાર થઈ ગયો છે. વિચારનિષ્ઠા, જૈનદર્શન પ્રમાણે ચતુર્થ ગુણ-સ્થાનકની ભૂમિકામાં આવે છે. ત્યાં સમ્યક્જ્ઞાન અને સમ્યક્દર્શન સાધકને મળેલાં હોય છે, પણ સમ્યક્-ચારિત્ર એટલે કે આચાર માટેની ભૂમિકા તો પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનકમાં જ પ્રાપ્ત થાય છે. પાંચમાં ગુણસ્થાનકમાં ચારિત્ર–આંશિક રૂપે હોય છે ત્યારે છઠ્ઠાથી લઈ ને ચૌદમા સુધીમાં સંપૂર્ણ ચારિત્ર-ક્રમશઃ વધતું જાય છે, પહેલાંના ત્રણ ગુણ-સ્થાનકમાં તો વિચારનિષ્ઠા પણ આવતી નથી. પહેલાં ગુણસ્થાનકમાં તો મિથ્યાદર્શન એટલે ખોટી વિચારસરણી હોય છે. બીજામાં સમ્યક્-દર્શન-જ્ઞાનનો થોડોક સ્વાદ રહી જાય છે. જેમ કોઇએ ગળ્યું ખાધું હોય પછી એનો સ્વાદ રહી જાય. તે પણ થોડીક ક્ષણો માટે; એવું આ ગુણસ્થાનકનું છે. ત્રીજામાં મિશ્ર–એટલે કે આ સાચું કે આ ખોટું એવું ઢચુ-પચું મન રહે છે અને વિચાર–નિષ્ઠા કે સાચી શ્રધ્ધા પણ આવતી નથી. આ ત્રણ ગુણસ્થાનક સુધી તો જૈન દૃષ્ટિએ જૈન તરીકેનું ઘડતર પણ થતું નથી. ચોથા ગુણસ્થાનકમાં એ અંગેની શ્રદ્ધા–વિચાર–નિષ્ઠા જન્મે છે અને ત્યાર પછી પોતાનો અને સમાજનો વિકાસ સાંધી શકાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આમ દરેક સ્થળે સર્વપ્રથમ સમ્યક્ શ્રદ્ધા–વિચારનિષ્ઠા હોવી જરૂરી છે, પણ એની સાથે એને આચારમાં મૂકવી એની પણ એટલી જ જરૂર છે. વિશ્વવાત્સલ્યનો વિચાર લગભગ દરેક ધર્મોએ–વિચારધારાએ સ્વીકારેલો છે પણ એને આચારમાં મૂકવા જતાં કેટલાં વિઘ્નો આવીને ઊભાં રહે છે તેનો ખ્યાલ અગાઉ અપાઈ ગયો છે. છતાંયે જુદા જુદા ધોરણે અલગ અલગ નૈતિક સંગઠનો રચવામાં આવે અને સમાજનું ઘડતર કરવામાં આવે તો અઘરી લાગતી આચારનિષ્ઠા સરળ અને સહજ બની શકે છે.

વિશ્વવાત્સલ્યની આચારનિષ્ઠાનાં બે અંગો છે :—(૧) નીતિનિષ્ઠા (૨) ધર્મનિષ્ઠા (વ્રત નિષ્ઠા). આ બે અંગો પૂર્ણ થાય તોજ આચારનિષ્ઠા પૂર્ણ થઈ શકે, નહીંતર તે આંશિક આચારનિષ્ઠા કહેવાશે. અહીં ધર્મ એટલે અહિંસા, સત્ય, ન્યાય વગેરેવાળું વ્યાપક ધર્મતત્ત્વ, એ અર્થ લેવાનો છે, કોઈ જૈન, બૌદ્ધ, વૈદિક, ઈસાઈ કે ઈસ્લામ એવા નામવાળો ધર્મ સમજવાનો નથી.

ઘણા લોકો એમ કહેશે કે વિશ્વવાત્સલ્યમાં એકલી ધર્મનિષ્ઠા (વ્રત નિષ્ઠા) હોય તો શું આચારનિષ્ઠા ન આવે? વળી નીતિ–નિષ્ઠા ઉપર એટલો ભાર મૂકવાની શું જરૂર છે? નીતિનિષ્ઠા વગરની ધર્મનિષ્ઠા હોય તો વ્યક્તિ કે સમાજનું જે સર્વાંગી ઘડતર થવું જોઈએ, તે થતુ નથી. નીતિ સ્પષ્ટ ન હોવાને કારણે સર્વાંગી–વિરૂધ્ધ એકાંગી કે અનેકાંગી આચારનિષ્ઠાને ટેકો કે સમર્થન અપાઈ જવાનો ભય ઊભો રહે છે. આચાર નિષ્ઠા માટે નીતિ પાયા રૂપે છે અને વ્રત એની ઉપરનું ચણતર રૂપ છે. પાયા વગરની આચારનિષ્ઠા ટકી શકે, એનો સંભવ ઓછો છે.

આજે નીતિનિષ્ઠાના અભાવે એવું જોવામાં આવે છે કે પારેવાંને કણ નાખનારા લોકો કસાઈને પૈસો ધીરે છે અને કીડીની રક્ષા કરનાર લોકો રેશમનો વેપાર કરે છે. જૈનોમાં નીતિનિષ્ઠા તરફ જે ઉપેક્ષા સેવાય છે તેનું પરિણામ એ આવ્યું છે કે ઠેર ઠેર પૈસો અને પૈસાદાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એની ખોટી પ્રતિષ્ઠા વધી ગઈ છે. કાળાંબજાર કે અનીતિ કરીને પૈસો રળનાર એકાદ વ્રત ગ્રહણ કરે કે તેની પ્રતિષ્ઠા થાય છે. મૂળ તો પાંચ વ્રતો—અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ છે. તે લીધાં વગર તેને પોષનાર વ્રતો લેવાનો કોઇ અર્થ નથી. પરિણામે ધર્મ જેટલો શોભવો જોઇએ તેટલો શોભતો નથી. આજ નીતિનિષ્ઠાને અભાવે જોવામાં આવે છે કે રોજ પૂજા-પાઠ કરનારા પણ પૈસો મેળવવા અનિષ્ટ અને નિકૃષ્ટ પ્રકારનો ધંધો કરતાં અચકાતા નથી. તેઓ વ્રત અને નીતિનો પરસ્પરનો મેળ કરતા નથી.

નીતિનિષ્ઠા કાચી રહેવાથી કેવળ ધાર્મિક ક્ષેત્રે જ નહીં, ઓપતું બીજા ક્ષેત્રોમાં પણ અસંગત લાગે તેવી વાતો આદરાતી જોઈ શકાય છે. મહાત્મા ગાંધીજીએ વ્રતનિષ્ઠા સાથે નીતિનિષ્ઠા જાતે આદરીને-આચરી બતાવી હતી. તે તેમની વ્યક્તિગત હોઇને તે વખતની સંસ્થાઓની નીતિનિષ્ઠા કાચી દેખાય છે. ગાંધીજી પછી મુખ્યત્વે બે સંસ્થાઓ તેમને માનનારી આવે છે એક સર્વોદય અને બીજી કોંગ્રેસ. નીતિનિષ્ઠાનો પાયો મજબૂત ન હોવાથી આ બન્ને સંસ્થાના નેતાઓ ઘણીવાર અસંગત અને અણઘડ વાતો કરતાં જણાય છે.

એક સર્વોદયી કાર્યકર શ્રી જયપ્રકાશ નારાયણે, "પાકિસ્તાનને પાયાની લોકશાહી બતાવી અને ભારતે પણ એવી લોકશાહી આદરવી જોઈએ" એવું વિધાન કર્યું. એવી જ રીતે 'કાશ્મીર અને ચીનનો પ્રશ્ન લવાદીથી ઉકેલવો" એવું વિધાન પણ કરવામાં આવ્યું. કોઈપણ સમજુ વ્યક્તિ આવાં વિધાનો ન કરી શકે અને તે પણ સર્વોદયવાદી તો નહીં જ! પાકિસ્તાનને લોકશાહી રાજ્ય માનવું એ તો જગજાહેર ભૂલ છે. તેવી જ રીતે લવાદ તો ત્યાં નીમી શકાય જ્યાં બે પક્ષ વચ્ચે મતભેદ હોય. પણ આક્રમણકારી કે અન્યાયીને નમતું આપવા માટે લવાદ નીમવો એ યુક્તિ સંગત નથી.

એવો જ દાખલો સર્વસેવાસંઘના મંત્રી શંકરરાવ દેવનો છે. નીતિનિષ્ઠા ન હોવાના કારણે તેમણે સંયુકત મહારાષ્ટ્ર સમિતિમાં ઝંપ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લાવ્યું પરિણામે હિંસક અને તોફાની તત્ત્વોને પ્રતિષ્ઠા અને ઉત્તેજન મળી ગયું. જો કે પાછળથી તેમણે પોતાની એ ભૂલ કબૂલી હતી.

નીતિનિષ્ઠા ન હોવાના કારણે વિવેક વિસારીને પોતાનાથી સર્વથા ભિન્ન આચાર પ્રવાહમાં તણાઇ જવાય છે, એના કેટલાયે દાખલાઓ મળી આવે છે. મહાગુજરાત જનતા પરિષદે વિદ્યાર્થીઓને ઉશ્કેર્યા, તેમણે ભાંગફોડ કરી અને જનતાના જાનમાલની સુરક્ષા માટે સરકારને ગોળીબાર કરવો પડયો. કેટલાક માર્યા ગયા અને તેમને અંજલિ આપવા કેટલાક સાધુઓ પણ ગયા અને તેમને શહીદ તરીકે ખપાવ્યા. આનું કારણ નીતિનિષ્ઠાનો અભાવ છે. સાધુ કદી તોફાની તત્ત્વોને વખોડી ન શકે તો ઠીક, પણ તેને બિરદાવી તો ન જ શકે.

એવી જ રીતે કોંગ્રેસનો દાખલો લઈએ. નીતિનિષ્ઠાના અભાવે સમાજવાદી ઢબની સમાજ રચના કેમ કરવી ? તે શું છે ? તેનો કોઈને સ્પષ્ટ ખ્યાલ નથી. એમાં કયાં કયાં સંગઠનોને, કયાં ક્ષેત્રો સોંપવા એ નીતિ પણ નક્કી નથી. એના કારણે તે બધાં ક્ષેત્રોને પકડવા જાય છે અને પોતાની નીતિ બહારનાં ક્ષેત્રોમાં અસફળતા મળતાં તેની બીજા ક્ષેત્રોમાં પણ ટીકા થાય છે. આચાર નિષ્ઠાનો પાયો નીતિનિષ્ઠા છે. એમાં કચાશ રહેતાં સમાજ કે સંસ્થાનું ઘડતર કાચું રહી જાય છે.

કોંગ્રેસમાં આવી નીતિનિષ્ઠાની કચાશ છે. પરિણામે જોવામાં આવે છે કે વર્ષોના કોંગ્રેસી કાર્યકરો, સંસ્થામાંથી છુટાં થાય છે. તે ઉપરાંત મહારાષ્ટ્ર–ગુજરાત વખતે ઘણા કોંગ્રેસીઓએ જઈને પોતાનાથી ભિન્ન આદર્શવાળી સંસ્થાઓ સાથે હાથ મેળવ્યા હતા. કેરલમાં કોમવાદી સંસ્થાઓ સાથે કોંગ્રેસે હાથ મેળવ્યો હતો. મહાત્મા ગાંધીજીના રચનાત્મક ઘડતરના મુદ્દાઓમાં એક મુદ્દો હતો—'રાષ્ટ્રભાષા –માતૃભાષા પ્રચાર' તેમણે એના આધારે એકતાના સૂત્રને મજબૂત કર્યું હતું ત્યારે આજે થોડાક અંગ્રેજી ભણેલાઓએ લોકોની શેહમાં તણાઈ હિંદીનું મહત્વ ઘટાડયું છે અને પ્રાથમિક ધોરણોથી અંગ્રેજી ભાષાને દાખલ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરવામાં આવી છે. એ કંઈ ઓછું હોય તેમ ઘણા યે પ્રાંતોમાં હિંદીની ઉપેક્ષા અને વિરોધ પણ કરવામાં આવેલ છે. આ બધી સંસ્થાના ઇતિહાસની પરસ્પરની વિસંગતતાઓ છે, અને તેનું કારણ નીતિનિષ્ઠાની કચાશ છે.

ઉપરના બધા દાખલાઓનું પૃથક્કરણ કરતાં આપણને ઘણાં કારણો જોવાં મળશે જે આચારનિષ્ઠાને બાધક હોય છે. તેમાં ઘણા પાયાના મુદ્દાઓ પણ છે. વિશ્વવાત્સલ્યની આચારનિષ્ઠાનો પાયો એટલા માટે જ નીતિનિષ્ઠાને માનવામાં આવ્યો છે; અને તેને અનુરૂપ વિશ્વ-વાત્સલ્યની નીતિ–નિષ્ઠાના અગ્યાર સૂત્રો માનવામાં આવેલા છે. આ સૂત્રો વગર વિશ્વવાત્સલ્યની આચારનિષ્ઠા કદિ સક્રિય નહીં બની શકે.

વિશ્વવાત્સલ્યની નીતિનિષ્ઠાના ૧૧ સૂત્રો

[૧] ધર્મદૃષ્ટિએ સમાજ રચના :

વિશ્વવાત્સલ્યનું મૂર્તરૂપ ધર્મદૃષ્ટિએ સમાજ રચના છે અને એને જ નીતિનિષ્ઠાનું પહેલું સૂત્ર માનવામાં આવે છે. અહીં ધર્મ એટલે કોઈ વિશેષ સંપ્રદાય સૂચક નહીં, પણ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, ન્યાયનીતિ વગેરે ધર્મતત્વોનો સૂચક શબ્દ છે.

ધર્મદૃષ્ટિએ સમાજ રચનાના બદલે અહિંસક સમાજ રચના શા માટે નહીં ? એવો ઘણા પ્રશ્ન કરશે. જો ઝીણવટથી જોવામાં આવે તો અહિંસામાં બાકીના ચાર વ્રતો આવી જાય છે. જૈનાચાર્ય હરિભદ્રસૂરિએ એ વાતનો સ્વીકાર કર્યો છે કે :—

सव्वाओ दि नइओ कंमेण जह सायरंमि निवडंति।
तह भगवई अहिंसि सव्वे धम्मा संमिलंति॥

संबोध सत्तरी

(જેમ બધી નદીઓ ક્રમશઃ સાગરમાં જઇને મળે છે તેમ અહિંસામાં બધા ધર્મો આવીને મળે છે.)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

अहिंसाग्गहणं पंचमहव्वयाणि गहियाणि भवंति.
दशवैसेलि र हरिकृति.

(અહિંસાના ગ્રહણથી પાંચે મહાવ્રતોનું ગ્રહણ થાય છે.)

પણ, સામાન્ય જનતા માટે આટલી ઝીણવટ અશકય છે અને તે ઉંધે રસ્તે દોરવનારી પણ નીવડી શકે છે, અહિંસામાં કેવળ અહિંસાનો જ તેને બોધ થશે; જ્યારે ધર્મશબ્દમાં અહિંસાદિ પાંચેવ્રતો ઉપરાંત બીજાં ઉપવ્રતો જે બધા ધર્મોને માન્ય છે, તે આવી જાય છે. એટલા માટે જ ભગવાન્ મહાવીરે તેમની પૂર્વે થયેલ ભ. પાર્શ્વનાથના ચાતુર્યામ સંવર માંથી પંચમહાવ્રતની પ્રતિસ્થાપના કરી હતી.

આજે અહિંસક સમાજ રચના કહેતાં માત્ર એવા સમાજની રચનાનો બોધ થશે કે જે માંસાહાર ન કરતો હોય જીવવધ ન કરતો હોય કે લીલોતરી ન ખાતો હોય. અને તેવી કલ્પના સામાન્ય રીતે જૈન સમાજ કે તેને માનનારો સમાજ કરશે. વૈષ્ણવો અહિંસાનો અર્થ કરશે :– "ગોહત્યા ન કરવી, પશુવધ ન કરવો અને શાકાહાર કરવો."

માનવોનું પરસ્પરનું શોષણ, અન્યાય, અત્યાચાર, અનીતિ, ભેદભાવ, ગુલામી વગેરે હિંસાના પ્રકારો છે એવી વાત કોઈને ગળે અહિંસા કહેતા નહીં ઉતરે. એટલે જ 'ધર્મ' શબ્દને અહીં આગ્રહ-પૂર્વક લેવામાં આવ્યો છે અને ધર્મદૃષ્ટિએ સમાજ રચનામાં એ વાત સ્પષ્ટ થાય છે.

કોઈપણ કાર્યનું મૂર્તરૂપ સ્પષ્ટ થાય તો જ એ કાર્ય વ્યાપક બની શકે છે. વિશ્વવાત્સલ્યનું મૂર્તરૂપ ધર્મમય સમાજ છે. એ દૃષ્ટિએ વિશ્વવાત્સલ્યને લક્ષમાં રાખીને જે સંગઠનો ઊભાં થયાં છે તેમાં ધર્મ-દૃષ્ટિ રહેવી જોઇએ. તેમાં અર્થ કે કામ દૃષ્ટિ ન હોવી જોઇએ. કદાચ અર્થ—કામદૃષ્ટિ આવી પણ જાય તો ત્યાં સાવધાની રાખીને તેને દૂર કરવી જોઈએ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આમ પહેલા સૂત્ર પ્રમાણે એમ કહી શકાય કે વિશ્વવાત્સલ્યને અનુલક્ષીને થયેલાં સંગઠનોમાં ધર્મદૃષ્ટિ મુખ્ય રહેશે અને અર્થ–કામ–દૃષ્ટિ ગૌણ રહેશે. અત્યાર સુધી એ જ દૃષ્ટિ વિશ્વવાત્સલ્ય વિચારને અનુલક્ષીને સંચાલિત સંગઠનોમાં રાખવામાં આવી છે.

કદાચ પ્રારંભમાં થોડોક લોભ જતો કરવો પડે, પણ અંતે તો નીતિના ધોરણે ચાલતી સંસ્થાઓ જ લોકમાનસનો વિશ્વાસ મેળવી શકે છે અને તેમનામાં નીતિનો પ્રચાર કરી શકે છે.

ભાલનળકાંઠા ખેડૂત મંડળનો દાખલો આ વાતને સ્પષ્ટ કરશે. તે મંડળ હજુ સ્થપાયું જ હતું. તે વખતે કંટ્રોલ ચાલતો હતો. ખેડૂતોને બાંધેલા ભાવે ફરજિયાત અનાજ વેચવું પડતું હતું. પણ, તેમને જોઇતી ચીજો બહુ મુશ્કેલીથી લાવવી પડતી હતી. આમ ખેતી પરવડે તેમ ન હતી. કારણ કે અંકુશ એકતરફનો હતો.

એવી પરિસ્થિતિમાં ખેડૂતોએ મુનિશ્રી સંતબાલજી પાસે વાત મૂકી : "કાં તો સરકારે અનાજના ભાવ વધારવા જોઇએ અથવા અંકુશો કાઢવા જોઇએ." ગુજરાતના રચનાત્મક કાર્યકરો મુનીશ્રીની હાજરીમાં મળ્યા. ખાનાર અને ખેડનાર બન્નેને પોષાય તેવા ભાવો બંધાવા જોઇએ–એ જ વ્યાજબી છે. પણ તે થાય કેવી રીતે? તે વખતે ગાંધીજીએ અંકુશો કાઢી નાખવા માટે દેશવ્યાપી પ્રશ્ન મૂક્યો. સરકારને ડર હતો કે અંકુશો જતાં ભાવોમાં ઉછાળો આવી જશે. અંતે ૧૯૪૭ ના ડિસેમ્બરમાં અંકુશો ગયા.

તે વખતે વેપારીઓ (બાવળા વ. કસ્બાના) ની એક સભા બોલાવવામાં આવી. પૂ. મહારાજશ્રીએ વેપારીઓ અને ખેડૂતો સમક્ષ સ્વેચ્છાપૂર્વકનો અંકુશ રાખવાની વાત રજૂ કરી. સહુએ તેનો સ્વીકાર કર્યો અને રૂા. ૧૦) નો ભાવ નક્કી થયો.

આમાંથી મોટા ભાગના વેપારીઓ વચન આપવા છતાં આ નૈતિક સંગઠનમાં ન ભળ્યા, વચન ઉપર ટકી ન શકયા. તેમને અર્થ–

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લોભ લાગ્યો. કારણ કે નીતિનિષ્ઠા ઉપર તેમને શ્રદ્ધા ન હતી. તેઓ નક્કી કરેલા ભાવ કરતાં ઉંચા ભાવે લેવા અને વેચવા લાગ્યા. ખેડૂત મંડળના ખેડૂતો તો નક્કી કરેલા ભાવે અનાજ ખેડૂતમંડળને જ આપતા પણ મંડળની બહારના ખેડૂતો ભાવ વધારે મળતાં બહાર વેચવા લાગ્યા. ત્યાં ભાવ તો ઊંચો મળતો પણ તોળવામાં ગોટાળો થતો એટલે તેમણે ત્યાં આપવું બંધ કર્યું અને ખેડૂતમંડળને આપવું શરૂ કર્યું. તેમને વિશ્વાસ બેસી ગયો કે ખેડૂતમંડળ નીતિ ઉપર છે અને ત્યાં અર્થનો લોભ નથી. લગભગ ૧૭ હજાર મણ અનાજનો સંગ્રહ થઈ ગયો. ભાવ ધાર્યા કરતાં ઊંચા ન ગયા. એટલે ખેડૂતમંડળ સામે પ્રશ્ન આવ્યો કે તેને ખરીદશે કોણ? તે વખતે લક્ષ્મીદાસ આસરે કહ્યું કે 'ગાંધી-હાટ' ખેડૂતમંડળનું બધું અનાજ ખરીદશે. એ વખતે ખેડૂતમંડળની સ્થિતિ એટલી સદ્ધર ન હતી કે અનાજ ખરીદીને સંઘરી શકે. જો તે વખતે ખેડૂતો અર્થ (પૈસા) પાછળ પડ્યા હોત તો કદાચ વધારે નફો મેળવી શકત પણ નીતિ ઉપર રહેવાની તેમની જે નિષ્ઠા પાકી થઈ તે કદાચ ન થાત. પરિણામે ખેડૂતમંડળ ભવિષ્યમાં જે કામ કરી શક્યું તે ન કરી શકત. અહીં અર્થદૃષ્ટિ ઉપર ધર્મદૃષ્ટિનો અંકુશ આવી ગયો.

આમ અર્થ અને કામ-લક્ષીથી ઉપર ઊઠીને ખેડૂતમંડળ ધર્મલક્ષી બનીને નીતિનિષ્ઠા ઉપર ટકી રહ્યું, તે લાભ નાનોસૂનો નથી.

(૨) સર્વસમન્વયમાં પાયો ધર્મતત્ત્વનો :

વિશ્વવાત્સલ્યની નીતિનિષ્ઠાનું બીજું સૂત્ર એ છે કે બધા ધર્મો, વિચારો, સંસ્કૃતિઓ, રાષ્ટ્રો, ક્ષેત્રો અને જ્ઞાતિઓનો સમન્વય ધર્મ-તત્ત્વના પાયા ઉપર કરવો.

કોઇ એમ કહેશે કે બધા ધર્મોનો સમન્વય કરો છો તો બધા રાજકીય પક્ષોનો સમન્વય વિશ્વવાત્સલ્યમાં કેમ ન થઈ શકે?

આ અંગે પૂ. સંતબાલજીને પૂછતાં તેમણે જણાવ્યું હતું કે :—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"આપણે બધા ધર્મોનો સમન્વય કરી શકીએ કારણ કે તેમનો પાયો ધર્મ ઉપર છે. ત્યારે બધા રાજકીય પક્ષોનું એવું નથી. કોંગ્રેસ સિવાય કોઇ પણ પક્ષનો પાયો ધર્મતત્ત્વ ઉપર નથી. એમનો પાયો "સત્તા પ્રાપ્તિ છે. સત્તાની કામના એ કામલક્ષી દૃષ્ટિમાં આવે છે. આપણે સમાજમાં ધર્મદૃષ્ટિ રાખી છે, એટલે એનો મેળ ન બેસી શકે."

એવી જ રીતે જે પંથ કે સંપ્રદાય માત્ર હિંસા, અસત્ય, અંધ-વિશ્વાસ, પંચમકાર વગેરે ઉપર રચાયેલ છે તેમનો પણ સમન્વય ન થઇ શકે. ઘણાનું એમ માનવું છે કે કોંગ્રેસ તો રાજકીય પક્ષ છે, તે પણ સત્તા ટકાવવા માટે છે તો શા માટે તેના સમન્વયનો આગ્રહ રાખવો જોઇએ? કોંગ્રેસનો ઇતિહાસ જે લોકો ઊંડાણથી જોશે તેમને જણાશે કે કોંગ્રેસના પાયામાં સત્તાની વાત જ ન હતી. તેની સ્થાપના રાષ્ટ્રસેવા માટે કરવામાં આવી હતી. મહાત્મા ગાંધીજીએ કોંગ્રેસી કાર્યકરો આગળ ૧૯ કાર્યક્રમો અને વ્રતો મૂકીને અલગ અલગ સંગઠનો વડે તેમને ઘડ્યા હતા. એમના એ મુદ્દાઓ અને રચનાત્મક કાર્યક્રમોમાં વિશુદ્ધ માનવસેવા અને માનવસમાજના ઉત્કર્ષનું ધ્યેય હતું. દેશ માટે સારામાં સારો તન-મન અને ધનનો ભોગ તેના નેતાઓએ આપ્યો અને કોંગ્રેસ એ રીતે તપ-ત્યાગ અને બલિદાન વડે ઘડાયેલી છે. આજે જો કે એમાં અનિષ્ટોનાં જાળાં બાઝ્યાં છે તો તે ક્રાંતિપ્રિય સાધુઓ અને રચનાત્મક કાર્યકરોની અસાવધાનીના કારણે. તેને પણ જનસેવક સંગઠનો અને લોકસંગઠનો દ્વારા શુદ્ધિ પ્રયોગ વડે દૂર કરી શકાય છે.

ધર્મ તત્ત્વ ઉપર રચાયેલ બધા સંગઠનોનો સમન્વય કરવાનું એટલા માટે જણાવવામાં આવ્યું છે કે કેવળ ધર્મ દૃષ્ટિ જ એવી છે જેમાં કોઈ પણ પ્રકારની સ્વાર્થભાવના કે વિકારવાસનાને પોષણ મળતું નથી. એટલે એના આધારે જે સંગઠનો થયાં હોય તેઓ વિશ્વવાત્સલ્યનો પ્રચાર કરવામાં મદદરૂપ થઈ શકે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

(૩) માનવજીવનના સર્વક્ષેત્રે નીતિધર્મનો પ્રવેશ :

વિશ્વવાત્સલ્યની નીતિનિષ્ઠાનું ત્રીજું સૂત્ર એ છે કે વિશ્વવાત્સલ્યનો સાધક માનવ જીવનના બધાં પ્રકારનાં ક્ષેત્રોમાં પ્રવેશ કરશે અને તે ક્ષેત્રોમાં નીતિધર્મ પ્રવેશ કરાવવાનો પ્રયત્ન કરશે. આ માનવજીવનનાં ક્ષેત્રોમાં સામાજિક, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક, ધાર્મિક, આધ્યાત્મિક કે શૈક્ષણિક બધાય ક્ષેત્રોનો સમાવેશ થઈ જાય છે. બધાં ક્ષેત્રોને લઈએ ત્યારે વિશ્વવાત્સલ્યનો સાધક રાજકીય ક્ષેત્રથી એકલો, અટુલો કે અતડો ન રહી શકે ! તેમ જ ત્યાંથી ભાગી પણ ન શકે.

મહાત્મા ગાંધીજી રાજકીય ક્ષેત્રની ગંદકી જોઈને ભાગ્યા નહીં; ડર્યા નહીં તેમજ કટાળ્યા પણ નહીં. તેમણે તો એની સાથે અનુબંધ જોડ્યો અને ગંદકી કાઢી એમાં ધર્મપ્રવેશ કરાવવાનો પ્રયત્ન કર્યો. એવી જ રીતે આર્થિક ક્ષેત્રમાં ખાદી-ગ્રામોદ્યોગોનાં સંગઠનો રચાવી ત્યાં પણ ધર્મનીતિનો પ્રવેશ કરાવ્યો. સામાજિક ક્ષેત્રમાં હરિજનો અને મજૂરોના પ્રશ્નો લઈ તેમના સંગઠનો દ્વારા તેમાં ધર્મ અને નીતિ દાખલ કરાવી. સાંસ્કૃતિક ક્ષેત્રના પ્રશ્નો પણ તેમણે આફ્રિકામાં લીધા હતા અને હિંદમાં પણ સ્ત્રી જાગૃતિ અને નારી-પ્રતિષ્ઠા; સંતતિનિયમન વગેરે પ્રશ્નો લીધા હતા. શિક્ષણના ક્ષેત્રમાં 'નઈ તાલિમ' પ્રમાણે નવી શિક્ષણ-યોજના ઘડી, એ સંગઠન વડે શિક્ષણનું માળખું બદલાવ્યું હતું. ધાર્મિક ક્ષેત્રમાં પેસેલી વિસંવાદિતાઓ દૂર કરવા માટે સર્વધર્મ સમન્વય કરવા તેમણે તનતોડ મહેનત કરી. "ઈશ્વર અલ્લાહ તેરે નામ"ને ઘર ઘર ગાતું કર્યું હતું. વ્રતનિષ્ઠામાં તેમણે નવું જીવન રેડ્યું હતું અને આધ્યાત્મિક ક્ષેત્રે પણ તેમણે અનુબંધ રાખ્યો હતો તેને અનુરૂપ તપ, ત્યાગ, બલિદાન, દાન, પ્રાર્થના ઉપવાસ વગેરે કાર્યક્રમો મૂક્યા હતા.

આમ જોઈ શકાશે કે ગાંધીજી જેમ બીજા વિશ્વવાત્સલ્ય સાધકો પણ માનવજીવનના કોઈ ક્ષેત્રને મૂકી શકશે નહીં. એટલે વિશ્વવાત્સલ્યના સાધકે માનવજીવનના સર્વ ક્ષેત્રમાં પ્રવેશ કરવો જોઈશે. ગાંધીજી પછી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આજના સર્વોદયી વિચારકોમાં આર્થિક અને સામાજિક સિવાય બધા ક્ષેત્રોથી અલગ રહેવાની વૃત્તિ આવી છે તે ઉચિત નથી; તેમજ સંગઠનમાં ન માનવાથી નીતિનિષ્ઠાનો પાયો કાચો રહી જાય છે.

(૪) ચારે પ્રકારનાં સંગઠનોનો અનુબંધ :

વિશ્વવાત્સલ્યની નીતિનિષ્ઠાનું ઉપરની વિચારસરણીને અનુરૂપ ચોથું સૂત્ર એ છે કે વિશ્વવાત્સલ્યના સાધકે આ માનવજીવનના બધા ક્ષેત્રોમાં કામ કરનાર ચારેય સંગઠનો [(૧) ક્રાંતિપ્રિય સાધુ-સન્યાસી-સાધ્વી (૨) સર્વાંગી દૃષ્ટિવાળા લોક સેવકો (૩) નૈતિક જનસંગઠનો (૪) રાજ્ય સંસ્થા (કોંગ્રેસ)]ની સાથે અનુબંધ રાખશે અને અનુબંધ વિચારને મૂકીને એક પણ ડગલું આગળ ભરશે નહીં.

આ સૂત્ર ઉપરથી નીચેના ચાર મુદ્દાઓ ફલિત થાય છે :—

[૧] જ્યાં અનુબંધ તૂટતો કે તૂટેલો હશે અથવા બગડતો કે બગડેલો હશે ત્યાં વિશ્વવાત્સલ્યનો સાધક તેને સાંધવા કે સુધારવા મથશે.

[૨] અયોગ્ય તત્ત્વોને (જેમકે કોમવાદી, હિંસાવાદી, મૂડીવાદી બળો કે પક્ષો, અસ્પષ્ટ દૃષ્ટિવાળી કે એવા પક્ષોને ટેકો આપનારી સંસ્થાઓ) પ્રતિષ્ઠા આપવાથી કે ટેકો આપવાથી અનુબંધ બગડે છે એમ માની, કામ વધારે થવા માટે, જલદી થવા માટે, કે કાર્યમાં મદદ મેળવવા માટેના લોભમાં કે શોભમાં તણાઈને, અથવા નાહક સંઘર્ષ થશે એથી ડરી જઈને વિશ્વવાત્સલ્યનો સાધક તેને પ્રતિષ્ઠા કે ટેકો આપશે નહીં. એવી જ રીતે પૈસાદાર કે સત્તાધારીને માત્ર પૈસા કે સત્તા ખાતર મોટું પદ કે પ્રતિષ્ઠા આપશે નહીં.

[૩] અનુબંધ રીતે જે ચાર સુસંસ્થાઓનો આ ક્રમ છે :— (૧) ક્રાંતિપ્રિય સાધુ, સન્યાસી સાધ્વી (૨) સર્વાંગી દૃષ્ટિવાળા લોક-સેવકોનું સંગઠન (૩) નૈતિક જન સંગઠન, અને (૪) રાજ્ય સંસ્થા. એ ચારેયને, વિશ્વવાત્સલ્યનો સાધક જેનું જ્યાં સ્થાન અને યોગ્ય ક્ષેત્ર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હશે તે સ્થાને અને તે ક્ષેત્રમાં તેને રહેવા દેશે. જો એ ચારમાંથી કોઈકે અયોગ્ય રીતે આગળ આવી હશે કે કોઈ કે વધારે ક્ષેત્રો આંચકી લીધાં હશે તો તે તેને યોગ્ય સ્થાને અને યોગ્ય ક્ષેત્રે ગોઠવવા સતત પુરુષાર્થ કરશે.

દા. ત. કોંગ્રેસને લઈએ. અનુબંધ પ્રમાણે તેનો ક્રમ ચોથો આવે છે પણ એણે પહેલું સ્થાન લઈ લીધું છે એટલું જ નહીં; જોઈએ તેના કરતાં વધારે ક્ષેત્રો–સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક–તેણે આંચકી લીધા છે; તો તે ક્ષેત્રોને યોગ્ય સંસ્થાઓને અપાવવાનો પ્રયત્ન ભાલનળકાંઠા પ્રયોગમાં ચાલુ છે. કોંગ્રેસ માત્ર રાજકીય સંસ્થા તરીકે રાજકીય ક્ષેત્રમાં કામ કરે તો જ તે હળવી થઈને નીતિનિષ્ઠ બની શકશે અને આંતરરાષ્ટ્રિય ક્ષેત્રમાં સંસ્થાનવાદ મુક્તિ, પંચશીલ વિ. નાં કાર્યો સારી પેઠે કરી શકશે.

[૪] જ્યાં અનુબંધ ચતુષ્ટયમાં કોઇ એક સંસ્થાનો અનુબંધ ન હોય ત્યાં તેની અવેજી પૂરવી; કારણ કે જ્યાં અવકાશ રહેશે ત્યાં તરત પોલ જોઇ બીજું અનિષ્ટકારક બળ પેસી જશે. અહીં જરા જેટલી ઉપેક્ષા સેવવાથી અનર્થ થવાનો સંભવ છે.

પારડીમાં ઘાસિયા મજૂરોનો પ્રશ્ન ઘણો જ ગુંચવાએલો હતો. પૂ. મુનિશ્રી સંતબાલજી ત્યાં ગયા. એમણે પ્રશ્નનો સારી પેઠે અભ્યાસ કર્યો, સૂરત જિલ્લા પ્રાયોગિક સંઘ' તે વખતે ઊગતો જ હતો. કોંગ્રેસનું ત્યાં ઠેકાણું નહતું. અને પ્રજાસમાજવાદી પક્ષ સત્તા માટે કામ કરતો હતો. મહારાજશ્રીએ એ બધું જોયું. તેમણે પારડીમાં એક જાહેર સભા બોલાવી અને તે પ્રશ્નનો સચોટ ઉકેલ બતાવ્યો. લોકોને તે ગમ્યો પણ તેમણે કહ્યું : "આ પ્રશ્નમાં પ્રજાસમાજવાદી લોકો પ્રારંભથી મથતા આવ્યા છે માટે તેમને બોલાવવા જોઈએ!"

મહારાજશ્રીએ અનુબંધ દ્રષ્ટિ સામે રાખીને કહ્યું : "તેઓ સહેજ આવે તો તે જુદી વાત છે પણ આપણે તેમને બોલાવીને પ્રતિષ્ઠા આપી શકીએ નહીં."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યાં જન સંગઠન અને જનસેવક સંગઠન ગોઠવ્યાં અને ત્યાંનો ઉકેલ આણ્યો. આ સંસ્થાઓ અગાઉ નહતી.

રાજસ્થાનમાં સર્વોદય કાર્યકરોએ કહ્યું "કોંગ્રેસની વાત છોડી દો! બાકી બધી યોજના બરાબર છે. કોંગ્રેસને ટેકો આપવાની વાત છોડો તો અમે તમને સહયોગ આપી શકીએ!"

પણ, એ તો પાયાની વાત હતી. જો તેને છોડવામાં આવે તો આખો પાયો ડગમગી જાય. સંઘર્ષ થશે એટલે ડરીને ભાગવાથી શુદ્ધિ કેવી રીતે થાય? એટલે વિશ્વવાત્સલ્યના સાધકે ચારે સંસ્થાના અનુબંધને સર્વાંગી ક્રાંતિ માટે મહત્વ આપવું જોઈએ અને તેમાં જરા પણ ગફલત ન રાખવી જોઈએ.

ભાલનળ કાંઠા પ્રયોગમાં એક ખૂબી એ પણ છે કે ત્યાં ઘણી સંસ્થાઓ ચાલે છે. ત્યાં જે કર્તવ્યભાવે કે પ્રાયશ્ચિતરૂપે મદદ આપે છે તેની મદદ માનભેર સ્વીકારવામાં આવે છે પણ, તેની કોઈ જાહેરાત થતી નથી; છાપામાં નામ અપાતું નથી કે પાટિયાં લગાડવામાં આવતાં નથી.

(૫) ધર્મદૃષ્ટિએ સપ્ત સ્વાવલંબન :

વિશ્વવાત્સલ્યની નીતિનિષ્ઠાનું પાંચમું સૂત્ર છે કે ગામડાંઓ કે શહેરોમાં સપ્ત સ્વાવલંબનનું કાર્ય ધર્મદૃષ્ટિએ ચાલશે, માત્ર અર્થદૃષ્ટિએ નહીં. એમાં આર્થિક દૃષ્ટિએ નબળા માટે સબળાને ઘસાવાનું આવશે પણ તે ધર્મ કર્તવ્ય કે પ્રાયશ્ચિયતની ભાવનાએ જ. જો સ્વાવલંબનનું કાર્ય આર્થિક દૃષ્ટિએ ચાલે તો તેમાં સરકારી હપ્તાઓ કે મદદ લઈને ચલાવવાનું થાય. એથી કાર્યકરોની દૃષ્ટિ કેવળ પગાર પૂરતીજ રહે અથવા ગરીબોને રોજી મળે છે એ પૂરતી રહે. પણ અહીં તો ગામડાંઓએ મળીને નૈતિક શક્તિ જાગૃત કરી સપ્ત સ્વાવલંબન સાધવાનું છે; ગામડાંઓએ કૌટુંબિક ભાવનાઓથી બંધાવાનું છે તે ધર્મદૃષ્ટિએજ શકય છે. એનો અર્થ એવો નથી કે સરકારી મદદ ન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લેવી. જો ડખલગીરી કર્યાવગર ચાલી-ચલાવીને સરકાર મદદ આપે તો તેનો સ્વીકાર કરશે પણ, દબાણમાં આવીને સ્વીકારશે નહીં.

(૬) પુણ્ય કરતાં ધર્મની મુખ્યતા :

ઉપરની વાતો અંગેથી જે છઠ્ઠું સૂત્ર સામે આવે છે તે એ છે કે વિશ્વવાત્સલ્યનો સાધક પુણ્યના (રાહતના આર્થિક મદદના) કામો કરતાં વ્યાપક ધર્મ (ક્રાંતિના એટલે સત્ય, અહિંસા, ન્યાય વ. યુક્ત ધર્મતત્ત્વ)ના કાર્યને મુખ્ય ગણશે. આનો અર્થ એવો નથી કે સંસ્થાઓ અનિવાર્ય પુણ્યનાં કામોને છોડી દેશે. સામાન્ય કાળમાં તો એ કામો ચાલતાંજ રહેશે; પણ વિશેષ પ્રસંગ આવે ત્યારે રાહતના કામોને ગૌણ ગણી ધર્મનાં કાર્યમાં સાધક ઝંપલાવશે. અન્યાય, અત્યાચારનો અહિંસક રીતે પ્રતિકાર કરવા માટે તપ-ત્યાગ-બલિદાનનો પ્રસંગ આવે કે કટોકટી અથવા તોફાનનો પ્રસંગ આવે તો તેને મુખ્ય સ્થાન સાધકે આપવું જોઈશે. આનું કારણ એ છે કે માત્ર રાહતના કામથી જનતાની નૈતિક શક્તિ જાગૃત થતી નથી. ઘણીવાર રાહત આર્થિક મદદ વગેરેથી જનતા તેવી વૃત્તિવાળી અને પામર બની જાય છે. કાર્યકરો પણ સંઘર્ષથી ડરીને અત્યાચાર, અન્યાય વ. અનિષ્ટો ચાલતાં હોય છતાં મૌન સેવે છે કે કંટાળીને ભાગી છૂટે છે. એથી દાંડ તત્ત્વોને છૂટો દોર મળે છે અને અન્યાયો અકબંધ ચાલ્યા કરે છે. માત્ર રાહત આપવાથી લોકોમાં લઘુ (હીન) ગ્રંથિ પ્રવેશે છે અને રાહત આપનારમાં ગુરુ (ગૌરવ) ગ્રંથિ પેસી જાય છે. આવું ન થાય તે માટે સાધકે હંમેશાં ધર્મને પ્રધાનતા આપવી જોઈએ.

એ માટે વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘનો દાખલો જોઈ જવા જેવો છે. તેણે રાહતનાં કાર્યો ચાલુ રાખ્યાં છે. શિયાળમાં આરોગ્ય માટે વિશ્વવત્સલ ઔષધાલય ચાલે છે. શિક્ષણ માટે ગૂંદી અને સાણંદમાં સંસ્થાઓ ચાલે છે. ખાદી – ગ્રામોદ્યોગ માટે ગૂંદીમાં સંસ્થા ચાલે છે. તેમજ ખેડૂત – ગોપાલકોનાં મંડળો ચાલે છે. પણ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જ્યારે જ્યારે તપ-ત્યાગ – બલિદાનના કે શુદ્ધિ પ્રયોગના પ્રસંગો આવ્યા ત્યારે લોકો, લોકસેવકો અને કેટલાક પ્રસંગોમાં ક્રાંતિપ્રિય સાધુઓ પણ આવી ધર્મક્રાંતિના કામમાં મંડી પડયા. આમ ધર્મને તેમણે પહેલું સ્થાન આપ્યું. રાહત પુણ્ય વગેરેનું સ્થાન ત્યારબાદનું છે અને તે મુજબ સાધકે તેટલું જ તેને મહત્વ આપવું જોઈએ.

ઉપર વિચાર કરવામાં આવ્યો છે કે રાહતના કાર્યોથી ઘણીવાર જે લાઘવ–ગૌરવ ગ્રંથિઓના શિકાર થવું પડે છે તેનાથી બચવાના ઉપાય રૂપે એમ સૂચવી શકાય કે જે રાહત અપાય તે લોકસેવકોની નૈતિક સંસ્થાદ્વારા અપાવી જોઇએ.

ભાલમાં દુકાળ પડયો ત્યારે લોકોને રાહતની અનિવાર્ય જરૂર હતી. મહારાજશ્રી તે વખતે અમદાવાદ હતા. તેમણે ત્યાંના લોકોને ધર્મ સમજાવ્યો કે "ભાલના ખેડૂતો તમને અનાજ આપે છે અત્યારે તેમને જીવાડશો નહીં તો તેઓ ફરી કયાંથી અનાજ આપી શકશે? અત્યારે તમારૂં કર્તવ્ય છે કે તેમને દુષ્કાળના ભોગ થતા બચાવો!"

આ હાકલ સાંભળી, અમદાવાદ તેમજ મુંબઈની જનતાએ ખુલ્લાદિલે મદદ આપી હતી. તે વખતે એક સમિતિ નીમવામાં આવી હતી જેનું નામ "**દુષ્કાળ રાહત સમિતિ**" ન હતું પણ "**દુષ્કાળ કર્તવ્ય સમિતિ**" હતું. ખેડૂતોને પણ મહારાજશ્રીએ ધર્મ સમજાવ્યો કે તમે અત્યારે જે કંઈ મદદ રૂપે લો, તે તમે સહ્યર થતાં પાછું વાળી દેજો!"

આમાં ધર્મદૃષ્ટિ મુખ્ય હોવાથી રાહત આપનાર તેમ જ લેનાર બન્ને કર્તવ્ય બંધનથી બંધાઈ ગયા હતા. પરિણામે દેનારમાં અભિમાન કે ગૌરવગ્રંથિ ન હતાં તેમ જ લેનારમાં હીનવૃત્તિ, સંકોચ જણાતાં ન હતા. લોકસેવકોની નૈતિક સંસ્થાદ્વારા રાહત આપવાનું એ પરિણામ હતું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

(૭) સત્ય, પ્રેમ અને ન્યાયનું લક્ષ્ય :

વિશ્વવાત્સલ્યની નીતિનિષ્ઠાનું સાતમું સૂત્ર એ છે કે વિશ્વવાત્સલ્યના સાધકનું દરેક કાર્યમાં સત્ય, પ્રેમ અને ન્યાયનું લક્ષ્ય હોવું જોઈએ.

આ ત્રિપુટીને લક્ષમાં રાખી સંસ્થા વડે લવાદથી ઝઘડા પતાવવા કે પ્રશ્નો ઉકેલવા જોઈએ. અન્યાય, અત્યાચારનો સામુદાયિક રીતે અહિંસક પ્રતિકાર શુદ્ધિપ્રયોગ દ્વારા કરવો જોઇએ. એવી જ રીતે તોફાન કે હુલ્લડના સમયે ઘડાયેલા શાંતિ સેવકો વડે શાંતિ સ્થાપવી જોઈએ. એમ કરવા જતાં પ્રાણ-પ્રતિષ્ઠા કે પરિગ્રહ (સંપત્તિ) હોમવાં પડે તો તે માટે પણ તૈયાર રહેવું જોઈએ.

જો સત્ય, પ્રેમ અને ન્યાયને લક્ષમાં ન રાખવામાં આવે તો ઘણીવાર દાંડ તત્ત્વો સામે મચક મૂકાતાં વાર લાગતી નથી. કયારેક એવું પણ બને છે કે અન્યાય કર્તા કે તોફાની લોકો પણ પ્રાણ ત્યાગ કરે અને એનાં ખોટાંપણાંને પણ પ્રતિષ્ઠા મળે. આવે વખતે સત્ય, પ્રેમ અને ન્યાયનું લક્ષ વિવેકને કાયમ રાખવામાં મદદરૂપ થાય છે.

તે ઉપરાંત કોઈપણ પ્રશ્નના ઉકેલમાં સામે ચાલીને, કોર્ટ, કાયદો કે પોલિસ-લશ્કરનો આશ્રય માંગવો ન જોઈએ; એનો સમાવેશ પણ આ સૂત્રમાં થઇ જાય છે; કારણ કે—સમાજમાં ન્યાયનાં સાચાં મૂલ્યો સ્થાપવા માટે મધ્યસ્થ-પ્રથા દ્વારા સાચો ન્યાય આપવાનો પ્રયત્ન જન સંસ્થાઓ વડે થવો જોઈએ. એથી અહિંસક સાધનોથી ઉકેલ આવશે. લોકોની નિષ્ઠા અહિંસા ઉપર વધશે.

(૮) નિયમિતતા, ઉપયોગિતા અને વ્યવસ્થિતતા :

વિશ્વવાત્સલ્યની નીતિનિષ્ઠાનું આઠમું સૂત્ર એ છે કે વિશ્વવાત્સલ્યના સાધકે વ્યકિતગત કે સંસ્થાગત દરેક કાર્યમાં નિયમિતતા, વ્યવસ્થિતતા અને ઉપયોગિતા રાખવી.

આનો વિશેષ ખુલાસો એ છે કે સમયની કાળજી રાખવી જોઇએ, વ્યવસ્થાની કાળજી રાખવી જોઈ એ અને કરકસર કરવી જોઈએ. તે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉપરાંત સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યોમાં વિવેક રાખવો જોઈએ કે કયું કામ પહેલું કરવું અને કયું બાદમાં ! તે ઉપરાંત દરેક કામ કઇ દૃષ્ટિથી કરવામાં આવ્યું છે કે તે કઇ દૃષ્ટિથી થયું નથી તેનું ધ્યાન રાખવું પણ જરૂરી છે.

ઉપયોગિતા માટે બાર ભાવનાઓ (અનુપ્રેક્ષા) પણ ઉપયોગી છે. તેમજ પ્રતિક્રમણ (લતદોષ ભંગ કે પાપનો એકરાર, વિચાર અને પુનઃ ન થાય તે માટેની પ્રતિજ્ઞા) પણ જરૂરી છે.

(૯) શોષણ મુક્તિ :

વિશ્વવાત્સલ્યનો સાધક દરેક પ્રકારના શોષણોમાંથી લોકોને દૂર કરવા પ્રયત્ન કરે કે કરાવે એ વિશ્વવાત્સલ્યની નીતિનિષ્ઠાનું નવમું સૂત્ર છે.

શોષણ મુક્તિ માટે સત્ય, પ્રેમ અને ન્યાયની દૃષ્ટિએ સહકારી પ્રવૃત્તિ, ફરજિયાત બચત વગેરે પ્રવૃત્તિઓ ચાલે અને ન્યાય માટેની પંચાયતો (પંચ)માં નૈતિક પ્રતિનિધિત્વ જરૂર રાખવામાં આવે. એ જોવું જરૂરી છે.

(૧૦) સફાઇ, પ્રાર્થના અને રેંટિયો :

આ દશમું સૂત્ર છે; અને તે બહુ જ મહત્વનું છે. વિશ્વવાત્સલ્યમાં માનનારી દરેક સંસ્થાઓએ આ પ્રમાણે વર્તવું જોઈએ જેથી ત્રણે વસ્તુઓ જ્ઞાન, ભક્તિ અને કર્મ અથવા જ્ઞાન, દર્શન અને ચારિત્ર્ય સાધી શકાય.

લોકો અને લોકસેવકો, તેમજ રાજ્યસંસ્થાના કાર્યકરો આ ત્રણેય બાબતોને એ જ રૂપે લેશે; અને યથાયોગ્ય જીવનમાં આચરશે. સફાઇ એટલે અંદર તેમજ બહારની દરેક પ્રકારની સ્વચ્છતા એટલે કે પવિત્રતા ઉપર ધ્યાન આપશે. પ્રાર્થના વડે તે ભક્તિભાવ–શ્રદ્ધા જગાડશે અને રેંટિયા વડે તેને પોતાના કર્તવ્ય–વિશ્વવાત્સલ્યનું સતત ભાન રહેશે.

ત્યારે ઉચ્ચ કોટિના સાધકો–ક્રાંતિપ્રિય સાધુવર્ગ બાહ્ય સફાઈ કરતાં આંતરિક સફાઇ ઉપર વિશેષ ધ્યાન આપશે; અને સમાજશુદ્ધિનો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સતત ખ્યાલ રાખશે; જેથી બન્નેનો લાભ સમાજને મળશે. અનુબંધનું કર્મચક્ર, સતત પાદવિહાર, ભિક્ષાચારી અને તેના કારણે થતા ઊંડા જનસંપર્ક વડે ચાલુ રહેશે. તે ઉપરાંત પ્રાર્થના પોતે કરશે અને તે ઉપરાંત સંધ્યા, પ્રતિક્રમણ કે આત્મનિરીક્ષણ પણ કરશે.

(૧૧) સત્યતા, વીરતા અને અગુપ્તતા :

વિશ્વવાત્સલ્યની નીતિનિષ્ઠાનું છેલ્લું સૂત્ર એ છે કે વિશ્વવાત્સલ્યનો સાધક વીરતાપૂર્ણ સાચો અને ખુલ્લો વહેવાર કરશે. તે વહેવારની દરેક બાબતમાં સચ્ચાઈનો આગ્રહ રાખશે. એટલું જ નહીં, તે કોઈ પણ પ્રકારની કાયરતાને જરા પણ સ્થાન નહીં આપે. તેમજ તે કોઈની શેહ-શરમમાં તણાઈને પણ કાયરતા લાવશે નહીં. તે પોતાના દોષો હશે તો વીરતાપૂર્વક ખુલ્લા કરશે અને સમાજના અનિષ્ટ તત્ત્વોને પણ ઉઘાડા પાડશે. તેનું જીવન સ્વચ્છ અને બધા માટે ખુલ્લું રહેશે એટલે કે તે પોતાની દરેક પ્રવૃત્તિમાં કોઈ પણ પ્રકારની ગુપ્તતા રાખશે નહીં. આ સિદ્ધાંતનું આચરણ દરેક સંસ્થા પોતપોતાના ધોરણે યથાયોગ્ય કરશે.

ઉપર મુજબ વિશ્વવાત્સલ્યની નીતિનિષ્ઠાનાં અગિયાર સૂત્રો રજુ કરવામાં આવ્યા છે. આ અગિયાર સૂત્રો તો વિશ્વવાત્સલ્યમાં માનનારી અથવા વિશ્વવત્સલ સાધકની પ્રેરણાથી ઊભી થનાર દરેક સંસ્થાઓ કે તેમાં કામ કરનારી વ્યક્તિઓમાં, નીતિના પાયાના ચણતર રૂપે હોવાં જોઈએ. આ નીતિનિષ્ઠા હશે તો વિશ્વવાત્સલ્યની ધર્મનિષ્ઠા આચરવામાં સરળતા થશે.

ચર્ચા — વિચારણા

નીતિ અને અનીતિ

શ્રી પૂંજાભાઈએ વિશ્વવાત્સલ્યની આચાર નિષ્ઠાના અંગ રૂપ નીતિ-નિષ્ઠાના મુદ્દા ઉપર ચર્ચા શરૂ કરતાં કહ્યું :—

" નક્કી કરેલા સમાજ બંધારણના નિયમોને અનુસરવું એ નીતિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને તેનો ભંગ કરવો તે અનીતિ છે. રાવણ નીતિમાં ઢીલો પડ્યો કે તેનું પતન થયું. કૌરવોનું પણ એમજ થયું. ઉધઈ જેવું નાનું પ્રાણી આખી ઈમારતને ઢીલી બનાવીને પાડી દે છે. તેમ સમાજમાં અનીતિ પેસીને તેને પાડી દે છે. માટે શરૂઆતથીજ વિશ્વવાત્સલ્યની નીતિ નિષ્ઠા કેળવવાની જરૂર છે.

આપણે વિશ્વવાત્સલ્યનું નાનું એકમ ઘર લીધું છે. એટલે આજે બે કુટુંબના અનુભવની વાત કરીશ.

વિચાર જગાવવાની જરૂર

પંચાવન વર્ષના એક બ્રાહ્મણ, ખાતાપીતા વેપારી હતા. પથ્થરની લાટી હતી. શરીર ઠીક હતું. તેમને બે છોકરા હતા, પત્ની હતી, છતાં બીજી સ્ત્રી કરવાનું મન થયું. તેમને કન્યા આપવાવાળા મળી ગયા. તેમણે શરત મૂકી કે તમારી જૂની બૈરી સાથે ન રહે તો કન્યા આપુ.

બન્ને દીકરા જુવાન હતા. તેમનો વાંધો અને જૂની પત્નીનો વાંધો પણ ખરો. વિકાર આવ્યો કે વિચાર ભાગ્યો. એજ ધૂનમાં તેમણે પત્નીને ઝેર પાયું અને મારી નાખી. બહારની દુનિયાને 'આપઘાત થયો છે' એમ જણાવ્યું. સોળહજાર રૂપિયા આપીને બીજાં લગ્ન પણ કરી લીધાં.

બે દીકરા અલગ થયા. સંબંધો તૂટી ગયા. છોકરાઓને સાથે રહેવા બહુ સમજાવ્યા પણ માને ઝેર આપનાર બાપ સાથે કઈ રીતે રહી શકાય! યુવાન દીકરાઓએ વિરોધ તો કરેલો પણ સંગઠિત રૂપે અસરકારક ન બની શક્યો.

આમ ઘરના એકમનો વડો વગર વિચારે કરે તો બધું તૂટી પડે. અને વહાલને બદલે ઝેર થાય. તેણે નીતિ ઉપર કાયમ રહેવું જોઈએ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પશુથી લીધેલો દાખલો

આ એક બીજા ઘરની વાત છે.

એક ભાઈએ છોકરાંઓની દેખભાળ માટે ફરીથી લગ્ન કર્યું. બાઈએ આગલા ઘરનાં છોકરાંઓને પારકાં જાણી પજવ્યાં.

એકવાર એવો બનાવ બન્યો કે બે કૂતરીઓ સાથે વીયાઈ. એક 'મા' રોટલો લેવા દોડી ને સડક ઓળંગીને જતી હતી કે મોટર નીચે ચગદાઈ ગઈ. પોળનાં છોકરાંઓ વિચારમાં પડ્યાં કે "શું કરવું?"

કોઈને સૂઝયું એટલે એ બચ્ચાંઓને બીજી કૂતરીનાં બીજાં બચ્ચાં સાથે સોડમાં મૂકી દીધાં; અને તે ઉછરવાં લાગ્યાં.

આ દૃશ્ય પેલી બાઈએ જોયું. તેને પસ્તાવો થયો અને વિચાર જાગ્યો: "હું કેવી અભાગણી! આ પશુ સમજે છે તેટલુંયે માણસ થવા છતાં ન સમજી!"

તેનો વર્તાવ બદલાઈ ગયો અને આખું ઘર સભર બની ગયું. આમ નીતિની વાતથીજ સમાજ સભર રહી શકે નહીંતર સુકાઈ જાય.

સંસ્થામાં નીતિવાન કાર્યકરો

શ્રી બલવંતભાઈ કહે:—"સવારની વાતમાં મુનિશ્રી નેમિચંદ્રજીએ સંસ્થાની નીતિનિષ્ઠા વિષે કહ્યું છે તે સાચું છે. સંસ્થામાં દાખલ થનાર સભ્યો સાચા અને સંસ્થાની નીતિને વફાદાર ન રહે તો તેવા સભ્યોને લઈને સંસ્થા બગડે છે.

સંસ્થાની કસોટી – નીતિનિષ્ઠા

શ્રી દેવજીભાઈએ નીતિનિષ્ઠા ઉપર અડગ રહેવું એ સંસ્થાની કસોટી રૂપે છે તે અંગે દાખલો આપ્યો:

અમારા ભચાઉ ખેડૂતમંડળ માટે એક કસોટી હમણાં થઈ. મુંબઈમાં વસતા અને ધનવાન કહેવાતા એક ભાઈએ ત્યાં એક જમીનમાં ઘણુ જમીન અણહકની મેળવી લીધી. તેમણે ગામમાં દેરાસર કરાવ્યું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે. આ જમીન પ્રમાણે ગામના વીશ ફૂટ જાહેર રસ્તાની જગ્યા તેમ જ ચોક પણ ભેળવી લીધો. મંડળમાં દેશવાસી ભાઈઓ પણ છે. લોકોનો વિરોધ થયો. તેમણે ડેપ્યુટી કલેકટર સુધી દરેક અમલદારોને ફોડેલા. હવે તેમણે મંડળના સભ્યોને ફોડવાનો પ્રયત્ન શરૂ કર્યો. પણ કોઈ ડગ્યું નહીં. છેવટે તેમણે પંચ સ્વીકાર્યું; પણ તેમનો ફેસલો માન્ય કર્યો નહીં. અમારા મંડળના આગેવાન તેમના સગા થાય. તેમણે નમતું ન આપ્યું પણ તાદાત્મ્ય સાથે તટસ્થતાની વાતને લીધે તેમજ વ્યકિત કરતાં સંસ્થા મહાન છે, એ સિદ્ધાંત આગળ બધું ગૌણ માની સંસ્થા ટકી શકી. સંસ્થાને ટકાવવી આ રીતે કઠણ હોય છે.

સંસ્થાને ટકાવી રાખવા માટે સંસ્થાના નીતિ નિયમોમાં મક્કમતા હોવી જોઇએ, સુકાની દૃઢ હોવો જોઇએ તો જ જુદા જુદા વલણવાળા સંસ્થાના સભ્યોને ટકાવીને રાખી શકાય.

જે સંસ્થા આમ ટકે છે, તેનો પ્રભાવ સમાજમાં પડે જ છે. દશ હજારની તખ્તી મારવાના તાજા પ્રલોભનને વશ ન થયાનું ખમીર વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ માટે નવું નથી.

ધર્મ દીવાલ છે પણ તેનો પાયો નીતિ છે. ભલે સંસ્થા નાની હોય પણ ચોમેરના વિરોધ વચ્ચે જે ટકી શકે છે, તેજ મહાન કાર્ય કરી શકે છે. વ્યકિત કે સંસ્થાના વ્રતો ગમે તેટલાં હોય પણ જો નીતિ નિષ્ઠાની સાવધાની ન હોય તો વખત આવે તેને પડી ભાંગતાં વાર લાગતી નથી.

આચરણ એજ નિષ્ઠાનું માપ

શ્રી માટલીયાએ કહ્યું :—" મારા નમ્ર મતે ગાંધી–વિચારધારાને આગળ લઈ જનારી શાખાઓ પૈકી વિશ્વવાત્સલ્ય અને સર્વોદય એ બન્ને શાખાઓ છે. આ બન્ને ગાંધી વિચારનું સંશોધન કરનારી પ્રક્રિયાઓ છે.

ગાંધીજીએ કહ્યું : " સત્ય એજ ઇશ્વર છે. તેની ખોજમાંથી મને અહિંસા મળી છે." અત્યારસુધી બ્રહ્માંડમાં રહેલા સત્યનું તત્ત્વજ્ઞાન,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિચાર (ભાવના)ની શોધ ચાલી; દા. ત. હું, તું, તે વ. કોણ? પણ ગાંધીજીએ સામાન્ય માણસ સમજી શકે તે રીતે સત્ય આપ્યું.

વિચારનિષ્ઠાની માપણી તેમણે માત્ર વ્રતોથી ન કરી પણ, તેની સાથે કાર્યક્રમો મૂકયા. વ્યકિત હોય કે સંસ્થા અથવા સંઘ હોય, પણ આચરણ ઉપરથી નિષ્ઠા માપી શકાય.

ગાંધીજીના વ્રતો પ્રમાણે કાર્યક્રમો પણ આ પ્રમાણે હતા :—

(૧) જે પોતાને તેમજ બીજાને અભય કરે (જાત હોમીને).

(૨) બીજાના જીવનને દુઃભાય તેવું ન કરે; આમાંથી અસ્પૃશ્યતા નિષેધનો કાર્યક્રમ મળ્યો. એ જ રીતે સવધર્મ ઉપાસના કરે તો હિંદુ–મુસ્લિમ એકતા આચરે.

(૩) અસ્તેય વ્રત આચરનાર, શ્રમ કર્યા વગર ખાય નહીં. એમાંથી ખેતી, ગોપાલન અને ગ્રામોદ્યોગ મળ્યાં. તેમ સફાઈ, જાજરૂ-સફાઇ વગેરે મળ્યાં જેથી આપોઆપ ભંગી અને ડોકટરના ભેદ મટે.

(૪) બ્રહ્મચર્ય સાથે આશ્રમનું જીવન અને અસ્વાદ વ્રતને જોડ્યાં. સાથે સાથે સેવા–કૃષ્ઠ રોગીની સેવા સાધના પણ જોડી દીધી. પરચુરે શાસ્ત્રીની સેવા પોતે જ કરી.

(૫) અપરિગ્રહ સાથે (ક) સ્વદેશી તથા (ખ) સાદાઇભર્યું સંયમી જીવન જોડયું. ટ્રસ્ટશીપની વાત મૂકી તે જ રીતે મજૂરોનું મહાજન બનાવ્યું. ખેડૂતોનાં સંગઠનની વાત કરી અને પોતાના વહીવટની તાલીમ લેતાં સહુને કર્યાં. મહિલા સંગઠન અને નઇ તાલીમની વાત મૂકી.

પણ, આપણે જોઈ એ છીએ કે જેના સંગઠનો બન્યાં. તે જ કામો ચાલુ રહ્યાં. બાકીનાં રાહત કામો જેવાં થઈ ગયાં. મજૂરોનું કામ જે રીતે જન્મ્યું તે રીતે ખાદી ગ્રામોદ્યોગનું કામ ન જન્મ્યુ. સરકાર આગળ કે શ્રીમંતો આગળ રૂનો બનાવનાર ખેડૂત, કાંતનાર વ. લાચાર બન્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ક્રાંતિનું કામ તો એ કે ઈશારો કરે અને ચાલે; માર્ગદર્શકથી ચાલે. બાકી ભાર ઉપાડયા કરો તો તે રાહતનું કામ બને. હિંદુ-મુસ્લિમોનું સંગઠન ન થયું એટલે નેતાઓ તેમને ખોટે માર્ગે દોરી ગયા. વાલીઓ-વિદ્યાર્થીઓનું સંયુક્ત સંગઠન નથી એટલે નઈ તાલીમનું કામ પગભર થતું નથી. ભલે આપણે લેબોરેટરીનો ખ્યાલ રાખીએ પણ બીજી બાજુ જોરથી બાળકોને અંગ્રેજી ભણાવવાનું જ કામ મા-બાપો કરે છે.

વિનોબાજીએ સંસ્થાઓ જમવા પહેલાં પોતે સન્યાસી મનવાળો હોઈ છોડવાની અને સંગઠનોમાં હિંસાના જોખમની વાતો મૂકી. તેથી મૂળિયાં ઢીલાં પડયાં અને પછી ભૂદાન વ. નો કાર્યક્રમ આપ્યો તેથી જૂના કાર્યકરો નઠોર થયા કે "વિનોબાજી શું કરી શકવાના હતા!" પરિણામે નવા કાર્યકરો ભૂદાનમાં દાખલ થયા. તેથી ધરતી કાચી રહી અને તેઓ જવાબદારી ઉપાડવા તૈયાર ન થયા. નવું લોહી થીજવા લાગ્યું.

વિચારને આચારનું રૂપ આપવા સંઘ દ્વારા પ્રયત્ન થયો તે જ વિશ્વવાત્સલ્ય વિચાર—અનુબંધ વિચારનું તે જ બતાવે છે. ક્રાંતદૃષ્ટા સાધુ સાધ્વીઓનું અનુસંધાન આ દૃષ્ટિએ આપણા માટે જરૂરી છે. તે મુજબ (૧) ક્રાંતદૃષ્ટા સંતોના વિચારો પચવવા તૈયાર રહેવું (૨) વ્રતબદ્ધ રહેવું (૩) લોકોના સરળતા, સુખ અને વિકાસને એની સાથે જોડી, સદ્‌વિચારને સત્યશ્રદ્ધા સાથે જોડી, વ્રતબદ્ધતા સાથે સામુદાયિક કાર્યક્રમો તથા રોજના જીવનશક્તિ આપનારાં સંગઠનો રચવાં. આજ મારા મને સર્વોદય અથવા વિશ્વવાત્સલ્યની આચાર નિષ્ઠાની ભૂમિકા છે. ભારતની સંત પરંપરાના આ સનાતન વિચારોનું આધુનિકીકરણ છે.

સંસ્થાઓમાં ખોટું વર્ચસ્વ

શ્રી સુંદરલાલ શ્રોફે પોતાનો અનુભવ ટાંકતાં કહ્યું :—

નીતિનિષ્ઠાવાળાને આજની ઘણી ખરી સંસ્થાઓમાં ફાવતું નથી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કારણ કે સંસ્થાઓમાં અમુકનું વર્ચસ્વ હોય છે. સંસ્થાની નીતિ કરતાં તેવી વ્યક્તિઓની વાત જ મુખ્ય રહે છે.

એક ઠેકાણે હું દશ માસ રહ્યો. એમાં એક માણસનું મેં ધાર્યું ન કર્યું. મને સોંપાયેલા મિસ્ત્રીને હું સોપું તે જ કામ તેણે કરવું જોઈએ એવો મેં આગ્રહ સેવ્યો. એટલે મારે સંસ્થા મૂકવી પડી.

એવી જ રીતે વળી પાછો હું બીજી સંસ્થાના ઘર્ષણમાં આવ્યો અને મને સંસ્થા મૂકવી પડી; અને મારે ઘડિયાળનું કામ પસંદ કરવું પડયું. મારું કામ સરકારને ગમે છે પણ સંસ્થાઓમાં હું ફીટ થઈ શકતો નથી. એટલે વિનોબાજી સંસ્થા કે સંગઠનનો વિરોધ કરતા હોય તો આ દૃષ્ટિએ કરતા હશે.

અલબત જે સંસ્થામાં નીતિ મુખ્ય હોય, પૈસા ગૌણ હોય તેવાં સંગઠનો અને સંસ્થાઓ નીતિમાં માનવાવાળાને અનુકુળ આવે ખરી. એ દૃષ્ટિએ આકર્ષાઈને હું અહીં શીખવા આવ્યો છું.

સમાજ ઘડતર માટે સંગઠનો

શ્રી માટલિયાએ કહ્યું : "દેહ છે તો તેને ટકાવવા, વિકસાવવા માટે ખોરાકની જરૂર છે, તેમ સમાજ છે, તો તેને ઘડવા ટકાવવા વિકસાવવા માટે સંગઠનો અનિવાર્ય છે. દેહમાં બગાડો થશે એ ભયે ખોરાક કાયમ માટે ન તજી શકાય. સંસ્કરણ અને શુદ્ધિને પાયામાં રાખવાનું સૂચન યોગ્ય છે; પણ સંસ્થા અને સંગઠનોનો છેદ કરવાની વાત યોગ્ય નહીં જ ગણાય.

પોતાનું માની લીધેલું સત્ય

શ્રી બલવંતભાઈએ કહ્યું : ઘણીવાર પોતે માની લીધેલું સત્ય કલ્પી વ્યકિત આગ્રહી બને છે. તેવી વ્યક્તિ-કોઈ પણ સંસ્થા સાથે બંધબેસતી થઈ શકતી નથી. તેને ઘણી જગ્યાએથી છુટા થવું પડે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે માટે ઉદારતા અને વિવેકબુદ્ધિ વ્યક્તિએ રાખવી ઘટે; તો વાંધો નહીં આવે; એવું મને નમ્રપણે લાગે છે.

સાધુ સાધ્વીનું માર્ગદર્શન

મુનિ શ્રી સંતબાલજી કહે :—" વિશ્વવાત્સલ્ય અને સર્વોદય એ બન્નેનો સમન્વય બાટલિયાએ સુંદર રીતે કર્યો છે, એમાં અનુબંધની વાત સર્વોદય વિચારમાં ઉમેરવાની છે.

એની જ બીજી વાત ગાંધીજીના કાર્યક્રમોમાં સાધુ-સાધ્વીઓના માર્ગદર્શનની છે. તે અવ્યક્તપણે હતી; હવે વ્યક્તરૂપે લેવાની છે. ગાંધીજી વખતે ભારતનું કાર્યક્ષેત્ર મુખ્યપણે તેમને ફાળે હતું; હવે " વિશ્વવાત્સલ્ય " ધ્યેયને ફાળે જગતનું કાર્યક્ષેત્ર આવ્યું છે. ગાંધીજીને સાધુ-સાધ્વીઓ વિના ચાલ્યું પણ આ યુગે આપણને એમના વગર નહીં ચાલે. એટલે જૈનધર્મના ભગવાન મહાવીર અને તે પહેલાંની જૈન પરંપરા સાથે ગાંધીજીના વિચાર અને કાર્યક્રમોની સાથે આપણે તાળો મેળવવાનો ખાસ રહે છે.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

[૯] વિશ્વવાત્સલ્યની ધર્મનિષ્ઠા

[૪-૯-૬૧] મુનિશ્રી નેમિચંદ્રજી

વિશ્વવાત્સલ્યની આચારનિષ્ઠાનાં બે અંગો પૈકી નીતિ-નિષ્ઠા ઉપર આ પહેલાં વિચાર કરી લેવામાં આવ્યો છે. આચારનિષ્ઠાની પૂર્વ ભૂમિકા નીતિનિષ્ઠા છે તો પશ્ચાદ્‌ભૂમિકા ધર્મનિષ્ઠા છે કેવળ નીતિનિષ્ઠાથી આચાર સંપૂર્ણ બનતો નથી પણ એ નીતિને અનુરૂપ ધર્મ (વ્રત) નિષ્ઠા હોવી પણ આવશ્યક છે.

તો, વિશ્વવાત્સલ્યની ધર્મનિષ્ઠા શું છે?

અહીં ધર્મનિષ્ઠા એટલે પ્રચલિત કોઈ પણ એક ધર્મ, (જૈન, બૌદ્ધ, ઈસાઈ, વૈદિક) પ્રત્યે જ નિષ્ઠા રાખવી એવો એનો અર્થ નથી. તેવીજ રીતે તપ, જપ, વ્રત, અનુષ્ઠાન ઉપવાસ કે બાહ્ય ક્રિયા કાંડોમાં નિષ્ઠા રાખવી એ અર્થ પણ એનો નથી. એવીજ રીતે પુણ્યાદિ, દાન વગેરેનાં રાહતનાં કાર્યોની નિષ્ઠાનો ભાવ પણ એકાંગી રૂપે આવતો નથી. સાથેજ સંપ્રદાયવાદનો પ્રશ્ન તો આના અર્થમાં ભળતો જ નથી.

વિશ્વવાત્સલ્યની ધર્મ નિષ્ઠાનો અહીં જે સ્પષ્ટ અર્થ લેવાનો છે તે એ કે વિશ્વવાત્સલ્યને લક્ષ્યમાં રાખી, વિશ્વધર્મોની દૃષ્ટિએ તત્ત્વજ્ઞાન અને સદાચારને માધ્યમ રાખીને રચાયેલાં વ્રતો ઉપરની નિષ્ઠા. સમાજને નીચે પડતો બચાવવા ધારણ કરવા પોષણ અને રક્ષણ કરવા સત્ત્વ સંશોધન કરવા માટે ધર્મ તત્ત્વની અનિવાર્ય જરૂર દરેક યુગમાં રહી છે. તે તે યુગમાં દેશ, કાળ, પરિસ્થિતિ, પાત્ર વ. ને જોઈને કોઈ એ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક તો કોઈએ ત્રણ; કોઇએ ચાર તો કોઈ એ પાંચ, કોઈ એ મૂળ પાંચ વ્રત અને સાત શીલવ્રત તો કોઈ એ ૧૨ વ્રતો ગોઠવ્યાં છે. એ બધાનો આશય તો ઉપર કહ્યો તેજ હતો.

આ બધા ધર્મોનું મંથન કરી બધા ધર્મોમાંથી સત્ય ખેંચીને સમન્વયાત્મક રીતે આજના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ પ્રમાણે પૂ. મુનિશ્રી સંતબાલજીએ બાર વ્રતો વિશ્વવાત્સલ્યની આચાર નિષ્ઠાના અંગ-રૂપે ગોઠવ્યા છે. તેનો નકશો આ પ્રમાણે છે.

વિશ્વવાત્સલ્ય



આ વ્રતો કયા કયા ધર્મમાંથી કેવી રીતે તારવ્યા છે, તેમજ તેમના વિવેચન અંગે હવે પછી વિચાર થશે. આ બાર વ્રતોમાં સદાચાર અને તત્વજ્ઞાન બન્ને મળીને ધર્મનિષ્ઠા પરિપૂર્ણ થાય છે. જૈન દૃષ્ટિએ કહીએ તો ચારિત્ર ધર્મ અને શ્રુતધર્મ (સૂત્રધર્મ) બન્ને મળીને ધર્મ નિષ્ઠા સંપૂર્ણ બને છે. જો માત્ર ક્રિયાકાંડોને જ આપણે ધર્મનિષ્ઠા માનીએ તો ભાવનિહિત સત્ય-અહિંસા વગેરે વ્રતોમાં કચાશ આવી જવાનો પૂરો સંભવ છે.

ઉપર બતાવેલ બારવ્રતો દરેક ધર્મને અનુકૂળ છે, કોઈપણ ધર્મને એમાં વાંધો આવી શકે તેમ નથી એટલે દરેક ધર્મવાળા; પોતપોતાના ધર્મોની સાથે જે ક્રિયાકાંડો—તપ, જપ, વ્રત, અનુષ્ઠાન,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉપવાસ વ. સંકળાયેલા છે તેને ભલે અનુસરે પણ એ બાહ્ય ક્રિયા કાંડોનેજ પૂર્ણ ધર્મનિષ્ઠા ન માની બેસે; તેમાં, દેશ, કાળ, પરિસ્થિતિ પ્રમાણે તેણે સંશોધન પરિવર્ધન કરવું જોઈએ અને આ વ્રતોને અનુકૂળ થાય એવા કાર્યક્રમો ગોઠવવા જોઈએ.

એવીજ રીતે માત્ર પુણ્ય દાન રાહતનાં કાર્યોનેજ ધર્મનિષ્ઠા માનવામાં આવશે તો સમાજ શુદ્ધિ માટે તપ,-ત્યાગ-બલિદાન વગેરે ક્રાંતિના કામો રહી જશે. આનો અર્થ એવો નથી કે માણસે દયા-દાન પુણ્યનાં કાર્યો ન કરવાં પણ ઘણીવાર એનેજ સંપૂર્ણ ધર્મ માની લેતાં એવું બને છે કે દયા-દાન પુણ્ય કરનાર વ્યક્તિ અન્યાય-શોષણ, અનીતિ અસત્ય વ.નું આચરણ જીવનમાં કરતો હોય છે અને પોતાને ધર્માત્મા માનતો હોય છે. એટલુંજ નહીં કેટલીકવાર સમાજ પણ એવી વ્યક્તિને ધર્માત્મા તરીકે નવાજે છે. એક સંસ્થાનો દાખલો અહીં લઈએ. એને એક વ્યક્તિએ ઉદાર હૃદયે વીશહજારનું દાન આપ્યું. તે વ્યક્તિના દાનથી પ્રેરાઇને સંસ્થાના કાર્યકર્તાઓએ તેને માનપત્ર આપ્યું અને તેમાં એને ધર્મરત્નની ઉપાધિ આપી. હવે આ વ્યક્તિનું અંગત જીવન બધા પ્રકારના વ્યસનોથી પરિપૂર્ણ હતું. તે અંગે પાછળથી સંસ્થાના કાર્યકરોની ટીકા પણ થઇ. પુણ્યાદિ બાહ્ય પ્રવૃત્તિ સાથે આંતરિક વ્રતનિષ્ઠા પણ એટલીજ શુદ્ધ હોવી જોઇએ. એમ ન થાય તો સત્ય-અહિંસા વગેરેના ક્રાંતિના કાર્યો અદ્ધરજ રહી જાય છે. ઘણા કહેવાતા સાધકો અંગે પણ એવું જોવામાં આવ્યું છે કે તેઓ પરકલ્યાણ અને પરોપકારના કામોમાં પડી જાય છે અને આત્મકલ્યાણ કે સ્વ-ઉપકારની વાત ચૂકી જાય છે. ખરેખર તો આત્મકલ્યાણ કે સ્વ ઉપકારની સાથે સાથે પરકલ્યાણ અને પરોપકારની વાત આવે તોજ સમાજમાં સુવ્યવસ્થા, શાંતિ અને શુદ્ધિ જળવાઈ રહે છે. માત્ર પુણ્ય દાન રાહતના કાર્યોથી સમાજ કે વ્યકિતની અનિષ્ટ શુદ્ધિ થતી નથી. એક સાધક માટે ધર્મનિષ્ઠા કે ધર્મનિષ્ઠા તરફ જવાનો ઉદ્દેશ્ય મુખ્ય હોવો જોઈએ. તેની સાથે આપોઆપ પુણ્ય, દાન, દયાનાં કાર્યો આવી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જશે. ધર્મનિષ્ઠાના એક અંગરૂપે તેનું યોગ્ય સ્થાન જળવાઈ રહેશે. પણ સાધકનું નિશાન તો સંપૂર્ણ ધર્મનિષ્ઠા હોવું જોઈએ.

એક ખેડૂત ખેતર ખેડે છે અનાજ માટે; ઘાસ માટે નહીં. ઘાસ તો અનાજની સાથે તેને આપમેળે મળી રહે છે. એટલે ખેડૂતનું મુખ્ય લક્ષ્ય અનાજ પેદા કરવાનું હોવું જોઈએ. ઘાસનું ગૌણ રહેવું જોઈએ.

એવીજ રીતે હિંદુ, ઈસ્લામ, ઈસાઈ, બૌદ્ધ કે જૈન ધર્મો પૈકી જો એક ધર્મ ઉપર નિષ્ઠા રાખવામાં ધર્મનિષ્ઠા માની લેવામાં આવે તો પછી દરેક માણસને કેવળ વંશપરંપરાગત ધર્મજ મળે અને તેમાં પણ તેની ઉપરની છલી બાહ્ય રીતોજ. દા. ત. કોઈ જૈનને ત્યાં જન્મ્યો એટલે તેને વારસામાં જૈન ધર્મ મળે છે; જ્યારે ખરેખર તો તેનું જૈનત્વ સત્ય અહિંસાના વ્રતાચરણ વિ. પછીજ પ્રગટવું જોઈએ. પણ તેમ થતું નથી. દેવ-ગુરુ-ધર્મનો પાઠ ભણાવી તેને સમકિત આપવામાં આવે છે ભલેને પછી તે બધી રીતે જૈનત્વ વિરૂદ્ધનું આચરણ કરતો હોય છતાં તે જૈન થઈ જાય છે. ભૂલથી આને ધર્મનિષ્ઠાનું રૂપ આપી દેવામાં આવે તો તપ-ત્યાગ-બલિદાન કરવાની ભાંજગડ કે નિરતિચાર વ્રતાચરણની કડાકૂટ કોણ કરે! પણ આવી સસ્તી ધર્મનિષ્ઠાનું જે ભયંકર પરિણામ આવે છે તે એ કે સાચો ધર્મ કદિ પ્રગટ થતો નથી અને લોભ કે ભય અથવા વેપારની રીતે ધર્મ-ભ્રમનું પ્રચલન થઈ જાય છે. આજના દરેક ધર્મોમાં આ ખોટું તત્ત્વ ઘણા ઉંડાણ સુધી પ્રવેશી ગયું છે એટલે ધર્મનિષ્ઠાનો વ્યાપક રીતે અર્થ કરવાનો છે.

કોઈ એમ પણ કહી શકે કે મુનિશ્રી સંતબાલજીએ આ બાર વ્રતોની ગોઠવણી કરી છે; તેઓ જૈનધર્મના સંસ્કારોથી ઉછરેલા અને ઘડાએલા છે માટે આ વ્રતો જૈનધર્મના હશે. પણ, તેવું નથી. તેમને સર્વ ધર્મ સમન્વય કરવાથી આ વ્રતો લાધ્યાં છે. બધા ધર્મોની સ્થાપના પાછળ તેમણે વિશ્વવાત્સલ્ય રસના પ્રવાહને વહેતો અનુભવ્યો છે અને સત્ય મેળવ્યું છે કે બધા ધર્મોનો સાર વિશ્વવાત્સલ્ય પ્રગટાવવો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ છે. તેઓ જૈનધર્મમાં દીક્ષિત થયા છે; તેના આચાર-વિચારને વફાદાર રહી; વિશ્વને વાત્સલ્ય રસથી તરબોળ કરવું છે; બધા ધર્મોનો સમન્વય કરીને. એટલે તેમણે બધા ધર્મોના તત્ત્વજ્ઞાન અને સદાચારને લઈને વિશ્વમાં ધર્મનિષ્ઠા ઊભી કરવા આ વ્રતોની ગોઠવણી કરી છે.

ધર્મનિષ્ઠા (વ્રતનિષ્ઠા) અને નીતિનિષ્ઠા બન્ને મળતાં વિશ્વ-વાત્સલ્યની આચારનિષ્ઠા સંપૂર્ણ બને છે. માત્ર વ્રતનિષ્ઠા હોય અને નીતિનિષ્ઠા ન હોય તો આચારનિષ્ઠા કાંતો જડ, કાંતો ઝનૂની, કાં તો અનઘડ વિધાન કરનારી અગર તો ક્રિયાકાંડમાં જ રાચનારી, એકાંગી અને અપંગ બની જાય છે. નીતિનિષ્ઠા આચારનિષ્ઠાનો પાયો છે તો વ્રતનિષ્ઠા એનું ચણતર છે. બન્ને મળતાં વિશ્વવાત્સલ્યનો મહેલ ઊભો થઈ શકે.

નીતિનિષ્ઠા તો વિશ્વવાત્સલ્યમાં માનનારો અને એને લક્ષ્યમાં રાખીને સ્થપાયેલ દરેક વ્યકિત કે સંસ્થા (-એકૂતમંડળ' ગોપાલક મંડળ, ગ્રામોદ્યોગી મજૂર મંડળ [ગ્રામસંગઠન], માતૃસમાજ, પ્રાયોગિક-સંઘ, વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ, વિશ્વવત્સલસંઘ, (કાંતિપ્રિય સાધુ-સન્યાસી-સાધ્વીઓ સંઘ —ભવિષ્યમાં રચાય તો) તેમજ રાજ્ય સંગઠન (કાંગ્રેસ)માં ઉપરની સંસ્થાઓને અનુલક્ષી કાર્યો કરતી હોય તેવી વ્યકિતઓમાં હોવી જરૂરી છે. સાધુ વર્ગમાં તો બન્ને નિષ્ઠાઓ સર્વાંશપણે હોવી જરૂરી છે. જનસેવકોમાં નીતિનિષ્ઠા અને આંશિકરૂપે વ્રતનિષ્ઠા હોવી જરૂરી છે. તથા સંગઠનોમાં અને રાજ્યસંગઠનોમાં ગયેલા વિશ્વવાત્સલ્યમાં માનતા લોકોમાં નીતિનિષ્ઠા પાકી હોવી જોઇએ.

નીતિનિષ્ઠા પછી ધર્મનિષ્ઠા તો સહુમાં પોતપોતાના ધોરણ પ્રમાણે; કોઇમાં એકાંશ રૂપે, કોઇમાં અણુવ્રત રૂપે, કોઇમાં સર્વાંશ રૂપે તો કોઇમાં મહાવ્રત પ્રમાણે હશે.

નીતિનિષ્ઠા વગરની વ્રતનિષ્ઠાથી એવું બને છે કે વ્રતો જડ બની જાય છે. ઘણીવાર એવું જોવામાં આવે છે કે એક વ્યકિત જાતે વ્રતોને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાળતો હશે. પણ સમાજમાં વ્રત વિરૂદ્ધ કામ થતું હશે ત્યારે ઘણીવાર કોઈ સમાજની કાર્યકારિણીનો સભ્ય બની તેનું સમર્થન કરતો હશે.

કંટ્રોલના વખતનો એક દાખલો છે. ત્યારે અનાજ રેશનથી મળતું અને સીમેંટ પતરાં વ. ઉપર પણ નિયમબંધી ખરી. તે વખતે એક શહેરમાં એક મોટા આચાર્યનું ચોમાસું થયું. ચોમાસામાં દર્શનાર્થીઓ આવે તેમના રહેવા સૂવા જમવા વિ.ની બધી વ્યવસ્થા સંઘને કરવી પડે. અનાજ તો રેશનથી પ્રમાણમાંજ મળતું હતું. એટલે સંઘના કાર્યકરો અને હોદ્દેદારો (જેમાંના કેટલાંકે વ્રત લીધેલાં હતાં)ની સામે સવાલ આવ્યો કે બ્લેકથી અનાજ, ખાંડ પતરાં વગેરે લાવવાં કે નહીં. તેમની નીતિનિષ્ઠા કાચી હતી એટલે તેમણે નિર્ણય કર્યો કે અહિંસાદિ વ્રતો તો અમારે વ્યક્તિગત પાળવાનાં છે. આ તો સંઘ (ધર્મ)નું કામ છે. એમાં એવો વિચાર ન ચાલી શકે માટે બ્લેકથી તે તે વસ્તુઓ લાવવી જોઈએ. તે વખતે કાયદો હતો કે અમૂક સંખ્યાથી વધારે લોકોને જમાડવા નહીં પણ તેમણે ચાલાકીથી અને લાંચરૂશ્વત આપીને એકાણુ સ્થળે રસોડું રાખીને; મર્યાદા-ઉપરાંતના લોકોને જમાડ્યા.

એટલે માત્ર વ્રતનિષ્ઠા હોય પણ જો સમાજને ઉદ્દેશીને ધ્યેયલક્ષી નીતિ અને વિશ્વદૃષ્ટિ યુક્ત નીતિનિષ્ઠા ન હોય તો વ્રતોમાં આ રીતે જડતા આવી જાય છે. અથવા ઝનૂન આવે છે. એનું પરિણામ એ આવ્યું છે કે બધા ધર્મોમાં માત્ર ક્રિયાકાંડોને વળગી રહેવાનું જોવામાં આવે છે. ઘણી વખત ક્રિયાકાંડને તેઓ મુખ્ય સ્થાન આપી દે છે. પરિણામે ધર્મ કે સંપ્રદાયના નામે ઝઘડા, ખંડન, ધર્ષણ, શોષણ, ભેદભાવ, મનદુઃખ, મનોમાલિન્ય વગેરેથી થતી હિંસા તરફ દુર્લક્ષ સેવાય છે અને અહિંસાવ્રતની નિષ્ઠા તેમના માટે ગૌણ બની જાય છે. સંપ્રદાય માટે કયારેક સત્ય પણ ગૌણ બની જતું હોય છે. સમાજમાં પ્રતિષ્ઠા મેળવવા માટે કે ધર્મ-ક્રિયાઓમાં આડંબર કે પ્રદર્શન કરવામાં અચૌર્ય (નીતિ, ન્યાય, ઈમાનદારી, પ્રમાણિકતા) ગૌણ બની જાય છે. કદાગ્રહ-વધારો, જૂથ-વધારો, શિષ્ય-વધારો, સંપ્રદાય-વધારો અથવા સંપ્રદાય દ્વારા ચાલતાં જુદા જુદા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ખાતામાં દ્રવ્ય વધારો કરવામાં કે પૈસાદાર – મહાપરિગ્રહીને પ્રતિષ્ઠા આપવામાં અપરિગ્રહવ્રત ગૌણ બની જાય છે. એવી જ રીતે કુટુંબમાં ચલતાં બ્રહ્મચર્યનાશક વાતાવરણ, સંતાનવૃદ્ધિ, ફેશન કે વિલાસ દ્વારા કામોત્તેજના વૃદ્ધિથી બ્રહ્મચર્ય અણુવ્રત ભલે સ્થૂળ દૃષ્ટિએ પળાતું હોય પણ સૂક્ષ્મદૃષ્ટિએ તે ગૌણ બને છે. વ્રતનિષ્ઠાનું સાચું હાર્દ નીતિનિષ્ઠાને બરી રીતે સમજવામાં છે; અને વ્રતપાલન સાથે સાથે જીવનમાં નીતિનિષ્ઠા પણ મજબૂત રહેવી જોઈએ. નહીંતર ઉપર જણાવવામાં આવેલ છે તે મુજબ નીતિ–નિષ્ઠા વગરની વ્રતનિષ્ઠામાં જડતા, રૂઢતા અને અજ્ઞાન પેસી જવાનો સંભવ છે.

યુરોપમાં ખ્રિસ્તીધર્મસંઘ જે રોમમાં ચાલતો હતો તેના પાદરીઓ–પોપો પોતે વ્રતબદ્ધ હોવા છતાં, તેમનામાં ધર્મ સહિષ્ણુતા ન હોવાને કારણે તેમજ તેઓ રાજ્યના આશ્રયે હોવાના કારણે, તેમણે સાચી ધર્મ–નિષ્ઠા ગુમાવી અને પરિણામે તેમણે સંત–ફ્રાંસિસ અને એમના જેવા બીજા સાધુઓને નજીવા મતભેદના કારણે બાળી મૂક્યા; મરાવી નાખ્યા. એવી જ રીતે જેમનો થોડોક મતભેદ હતો એવા ઘણાને રીબાવીને મારી નંખાવવામાં આવ્યા. એવી જ રીતે ઘણા મુસ્લિમ શાસકોએ–ઔરંગઝેબ જેવા કટ્ટર અને ધર્મઝનૂની બાદશાહોએ પણ હિંદુઓ ઉપર જુલ્મો કર્યા, તલવારના જોરે ધર્માંતર કરાવ્યુ અને જે તાબે ન થયા તેમને મારી નખાવ્યા. આવા પ્રસંગો ધર્મના નામે થયા તેનાં કારણો જોતાં એમ લાગ્યા વગર નહીં રહે કે તે ધર્મવાળા લોકોમાં નીતિનિષ્ઠા ન હતી.

મહમદ પૈગંબરે આરબના લોકોને એક કરવા માટે સત્તા સ્વીકારી, છતાં નીતિનિષ્ઠ હોવાના કારણે બહુ જ સાદાઈથી રહેતા હતા. તેમણે રાજ્ય ઉપર ઇસ્લામ ધર્મનું વર્ચસ્વ રાખ્યું પણ પાછળના ખલીફાઓમાં એક–બે સિવાયના બધામાં નીતિ–નિષ્ઠા કાચી હોવાના કારણે, રાજસત્તા હાથમાં લઈને તેઓ સાદાઈથી ન રહી શકયા અને ભોગવિલાસમાં પડ્યા રહ્યા. જૈન, બૌદ્ધ કે વૈદિક સાધુઓમાં કેટલાક એવા થઈ ગયા જેમ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નામાં નીતિનિષ્ઠા ન હોવાથી તેઓ વ્રતબદ્ધ હોવા છતાં; રાજ્યાશ્રિત બની ગયા; એટલું જ નહીં ધર્મને પણ રાજ્યાશ્રિત બનાવી દીધો. મહાત્મા ગાંધીજીએ વ્રતનિષ્ઠા માટે આશ્રમમાં સાધકોને રાખીને તેમનું ઘડતર કર્યું. કેટલાક દૂર રહીને વ્રતબદ્ધ થયા; એમાં જેમની નીતિ-નિષ્ઠા પાકી થઈ ગઈ તેઓ આજે પણ વ્રતનિષ્ઠામાં પાકા રહ્યા છે. તેઓ કોઈ પણ પ્રશ્નનો ઉકેલ નીતિનિષ્ઠાની દૃષ્ટિએ આણી શકે છે. આવા લોકો સત્તા, ધન કે પદના મોહમાં તણાતા નથી; સત્તાધારી કે પૈસાદાર કરતાં લોકસેવકોને ઉચ્ચ પ્રતિષ્ઠા આપે છે, તેમજ ભારતીય સંસ્કૃતિ વિરોધી તત્ત્વોને ટેકો આપતા નથી. પણ, એવાયે ઘણા હતા જેમની નીતિ-નિષ્ઠા કાચી હતી. ગાંધીજી તેમને વધુ સમય ન આપી શક્યા હોય તે પણ બનવા જોગ છે; તેઓ વ્રતનિષ્ઠ તો રહ્યા પણ તેમની નીતિનિષ્ઠા કાચી રહી ગઇ હોવાથી તેઓ ઘણીવાર અણઘડ વિધાનો કરે છે; પોતાની સંસ્થાની નીતિની વિરૂધ્ધ હોય એવાં તત્ત્વો કે સંસ્થાઓને પક્ષાતીતતાના નામે ટેકો આપતા હોય છે. ગાંધીયુગના કેટલાક કોંગ્રેસી કાર્યકરો તેમજ રચનાત્મક કાર્યકરોમાં આ રીતે કચાશ આવી ગઈ છે અને પરિણામે; ભારતીય સંસ્કૃતિ વિરોધી કાર્યો ચાલતાં હોય, અનિષ્ટો ફેલાતાં હોય તે છતાં ઉપેક્ષા, ઉદાસીનતા કે મૌન સેવીને આડકતરી રીતે તેમને ટેકો આપતા હોય છે; તેઓ છડેચોક દાંડતત્ત્વો કે અનિષ્ટોને વખોડી શકતા નથી. નીતિનિષ્ઠા ન હોવાને કારણે કેટલાક સર્વોદયી કાર્યકરો પણ માત્ર રાહતનાં કાર્યો કરી ચૂપ બેસી રહે છે; અને સર્વાંગી સ્પષ્ટ દૃષ્ટિ ન હોવાથી કયું કાર્ય મુખ્ય અને કયું કાર્ય ગૌણ તે સમજી શકતા નથી.

પંડિત જવાહરલાલ નેહરૂ જેવા કેટલાક કાર્યકરો ગાંધીજીના સંપર્કમાં હતા; તેમની નીતિનિષ્ઠા પાકી હતી. એના કારણે તેઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રિય ક્ષેત્રમાં ભારતીય સંસ્કૃતિને લક્ષમાં રાખીને કાર્ય કરે છે. તેઓ કોઈ પણ પ્રકારના ઘર આંગણેના તેમજ વિદેશના ઘર્ષણ વિવાદના મામલામાં અહિંસાની દૃષ્ટિએ, પંચશીલ પ્રમાણે કામ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરે છે. તેમની પ્રખર નીતિનિષ્ઠાને કારણે તેઓ આડકતરી રીતે વ્રતનિષ્ઠા તરફ વળતા જાય છે. જેથી બીજા ઉપર પણ તેમનો પ્રભાવ પડે છે.

એક વખત પંડિતજી એકલા જતા હતા. રસ્તામાં એક ગૂંડો એક બાઈને રંજાડતો હતો. પંડિતજીએ તે જોઈને પેલા ગૂંડાનો હાથ પકડયો અને કહ્યું : "અરે! આ શું કરે છે? તને શરમ નથી આવતી?" પેલો ગૂંડો શરમાઈને નાસી છૂટયો.

એવો જ એક બીજો પ્રસંગ છે કે તેઓ મોટરમાં જતા હતા. ત્યારે લોકોએ ઉશ્કેરાઈને પત્થરનો મારો ચલાવ્યો. પંડિતજી શાંત રહ્યા અને મોટર અટકાવીને નીચે ઉતર્યા. તેમણે પેલા ઉશ્કેરાયેલા ટોળાને કહ્યું : "ભાઈ! તમે આ શું માંડયું છે! શા માટે આવું કરો છો?" પેલા લોકો નીચું મોં કરીને ચાલ્યા ગયા. બ્રહ્મચર્યનું તેજ હમેશાં પંડિતજીના ચહેરા ઉપર જોઇ શકાય છે. તેમણે સ્વેચ્છાપૂર્વક પરિગ્રહ પણ ઓછો કરી નાખ્યો છે. આમ તેમની વ્રતનિષ્ઠા નીતિનિષ્ઠા સાથે વણાઇ ગઇ છે.

એવી જ નીતિનિષ્ઠા ભાલનળકાંઠા ખેડૂત-મંડળના ખાસ કાર્યકરોમાં પણ જોવા મળે છે. તેથી તેઓ સહજ વ્રતનિષ્ઠા તરફ વળેલા હોય છે.

એક વાર ખંભાતની ત્રણ કન્યાઓને એક વાધરી ફોસલાવીને દિલ્હી વેચવા લઇ જતો હતો. કન્યાના માતા પિતાઓએ તેમની ખૂબ શોધ કરી પણ કાંઇ પત્તો ન ખાધો. છેવટે છાપામાં જાહેરાત આપી. જવારજના ખેડૂતમંડળના માજી પ્રમુખ શ્રી ફૂલજીભાઇ છાપું વાંચતા હતા; તેમાં એમણે વાંચ્યું. સયોગવશ તે દિવસે જ સાંજે જવારજની એક ભરવાડણ બાઈ સીમમાં ભેંસ ચરાવવા જતી હતી. તે વખતે તેણે આ વાધરી-વાધરણ પાસે ત્રણ છોકરીઓ જોઈ. તેઓ ત્યાં રસોઇ કરતા હતા. એણે આવીને ફૂલજીભાઇને વાત કરી. છાપામાં વાંચ્યું હતું એટલે તાળો મળી ગયો. પણ શોધખોળ કરવા જાય ત્યાં તે વાધરી કન્યાઓને લઇને જતો રહ્યો. આજુબાજુના ગામડામાં ચારે બાજુ લોકોને ઘોડા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉપર તપાસ કરવા માટે મોકલ્યા; પણ પત્તો ન લાગ્યો. ફૂલજીભાઇ બીજા સાથીઓને લઇ ટ્રેનમાં ઉપડ્યા અને દિલ્હી પહોંચ્યા. ત્યાં પેલા વાઘરી-વાઘરણનો પત્તો મળ્યો. તેમણે હજુ કન્યાઓ વેચી ન હતી એટલે ત્રણે કન્યાને લઇ ખંભાત આવ્યા અને તેમના મા-બાપને સોંપી. બધા ખુશ થયા અને તેમનો બહુ ઉપકાર માન્યો એટલું જ નહીં સમસ્ત જ્ઞાતિ તરફથી તેમનું સન્માન કર્યું અને માનપત્ર આપ્યું. શ્રી ફૂલજીભાઈ એ કહ્યું : "આ તો અમારી માનવતાની ફરજ હતી. એમાં અમારા બધા સાથીઓનો સહયોગ ન હોત તો અમે એકલા કંઇપણ કરી શકવાના ન હતા. અમને પૂ. સંતબાલજી મહારાજે આવી નીતિ-નિષ્ઠા બતાવી છે અને વિશ્વવાત્સલ્યની પ્રેરણા પણ તેમની પાસેથી જ અમને મળી છે."

એ ઉપરાંત શ્રી ફૂલજીભાઇએ જવારજના હરિજનોના પ્રશ્નો જે રીતે ઉકેલ્યા તે પણ પ્રશંસનીય છે. જવારજ ગામમાં ભંગી-હરિજનોના ઘર કાચા માટીનાં અને ભાંગ્યાતૂટ્યાં હતાં. તેઓ ઘણી મુશીબતો સહીને રહેતા હતા. શ્રી ફૂલજીભાઇએ વિચાર્યું કે : "અમે સારા મકાનમાં રહીએ અને એ લોકોને ઝૂંપડાં પણ તૂટેલાં! અમે એની મહેનતનુ ખાઇએ અને એમને એટલી પણ મદદ ન કરી શકીએ?" એટલે ફૂલજીભાઈ એ નક્કી કર્યું કે જ્યાંસુધી એમના મકાનો ન બંધાઈ જાય ત્યાંસુધી હું ખાંડ નહીં ખાઉં. તેમણે ગામના બીજા ભાઇઓને વાત કરી, તેમણે સાથ આપ્યો, કંઈક સરકારે મદદ કરી અને અંતે હરિજનો માટે સારાં મકાનો બંધાઇ ગયાં. તેમનો એક બીજો આર્થિક પ્રશ્ન પણ હતો. તેઓ પારકા ખેતરમાં કામ કરે; પોતાનું ખેતર મળે નહીં. એમને લગ્ન જેવા પ્રસંગે રૂપિયાની જરૂર પડે તો ધીરનાર પાસેથી ૨૦૦-૨૫૦ મેળવે પણ પછી આખી જિંદગી તેની વેઠ કરવી પડે. આ ગુલામીના દુઃખમાંથી મુક્ત કરવા માટે ફૂલજીભાઈ એ સહકારી મંડળીમાંથી પોતાની જવાબદારી ઉપર હરિજનોને રૂપિયા અપાવ્યા મંડળીવાળાઓને શંકા હતી કે રૂપિયા પાછા નહીં આવે પણ એ શંકા ખોટી ઠરી. તેમણે પૈસા પાછા વાળ્યા. આમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક ખેડૂતમાં વિશ્વવાત્સલ્યની નીતિ-નિષ્ઠા પાકી હોવાના કારણે વ્રતનિષ્ઠા સહેજે આવતી જાય છે. આવી જ રીતે બીજા ખેડૂતોમાં નીતિનિષ્ઠા પાકી થતાં તેમની વ્રતનિષ્ઠા પણ મજબૂત બનતી જાય છે.

ઘણાને એમ પણ મનમાં થશે કે જો નીતિનિષ્ઠાથી કામ ચાલતું હોય તો વ્રતનિષ્ઠાની શી જરૂર છે? આ અંગે એટલું જ સૂચવી શકાય કે જેમ પાયા વગર ચણતર ન થાય અને ચણતર વગરના પાયાની શોભા નહીં, એમ નીતિ નિષ્ઠા ના પાયા વગરની વ્રતનિષ્ઠા ટકી ન ન શકે. ડગી જાય કે પડી પણ ભાંગે. વ્રત-નિષ્ઠા હોય અને નીત-નિષ્ઠા ન હોય તો તે જડક્રિયા બની જાય.

તે ઉપરાંત નીતિનિષ્ઠા સાથે વ્રતનિષ્ઠાની જરૂર વિશ્વવાત્સલ્યને લક્ષમાં રાખીને કામ કરતા લોકસેવકોને અનિવાર્ય છે. આવા નીતિનિષ્ઠ લોકસેવકો-રચનાત્મક કાર્યકરોમાં વ્રતનિષ્ઠા ન હોય તો તેઓ પોતાનું ઘડતર ન કરી શકે અને સમાજનું ઘડતર પણ ન કરી શકે. લોકસેવકો જો વ્રતનિષ્ઠ નહી હોય તો જે લોકો પાસે તેમને કામ લેવાનું છે; તે લોકોની આ સેવકો પ્રતિ શ્રદ્ધા રહેશે નહીં અને પરિણામે લોકસંગઠનોનું સંચાલન પણ સારી પેઠે થઈ શકશે નહીં. એક દાખલો લઈ એ. એક કાર્યકર્તા છે. તેમાં નીતિનિષ્ઠા હોવા છતાં, તે બ્રહ્મચર્યની મર્યાદા પાળતો નથી. પ્રમાણિક રહેતો નથી; હિસાબ ચોકખો રાખતો નથી, વ્યવસાયની મર્યાદા કરતો નથી, વ્યાજનો ખાનગી ધંધો ચલાવતો હોય છે, ભૂલ માટે ક્ષમા માગી શકતો નથી, ખાન-પાનનો સંયમ રાખતો નથી કે વ્યસન ત્યાગ કરતો નથી; આવો માણસ લોકોનો વિશ્વાસ ન મેળવી શકે. એટલા માટે તેને વ્રતનિષ્ઠાને અપનાવવી પડશે.

ગાંધીજીએ જ્યારે લોક-સેવાની કલ્પના કરી ત્યારે તેમણે સંપત્તી બ્રહ્મચર્ય વ્રત સ્વીકાર્યું. તેથી સમાજનો વિશ્વાસ કેળવાયો. તેમણે જુદાં જુદાં વ્રતોને સાધ્યા અને પછી બીજા કાર્યકરો માટે વ્રતનિષ્ઠા આવશ્યક ગણી તેમનું ઘડતર કર્યું. તેમણે ત્યારબાદ જુદા જુદા કાર્યક્રમો રજૂ કરીને તે વડે સમાજનું પણ ઘડતર એવા વ્રતનિષ્ઠ કાર્યકર્તાઓ વડે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરાવ્યું. લોકસેવકોમાં વ્રતનિષ્ઠા હશે તોજ તેઓ સમાજને વ્રતનિષ્ઠા તરફ દોરી શકશે. વળી ઉચ્ચ સાધકો સાધુ સાધ્વીઓ તેમજ સન્યાસીઓના જીવનમાં પણ એ બધા વ્રતોની પૂર્ણ નિષ્ઠા હશે તો જ તેઓ સમાજનાં બધાં અંગોને માર્ગદર્શન, પ્રેરણા, ઉપદેશ કે આદેશ આપી શકશે.

ઘણા લોકો વ્રતનિષ્ઠા રાખે છે; વ્રત ગ્રહણ કરે છે પણ વ્રતબદ્ધ થતા નથી. એવા કેટલાક યુવાન લોકો કે કાર્યકરો દલીલ કરે છે કે "અમે પોતાની મેળેજ વ્રતો પાળશું; પ્રતિજ્ઞામાં બંધાઇને શું કરવું છે? જો પ્રતિજ્ઞામાં બંધાઈએ તો સંકટ ટાણે પ્રતિજ્ઞા તોડવી પડે, માટે પ્રતિજ્ઞા ન લઇને ખુલ્લાં રહેવામાં શું વાંધો છે! મહાત્મા ગાંધીજીએ એનો સખ્ત વિરોધ કર્યો હતો. જે સાધક કે સેવક વ્રત (પ્રતિજ્ઞા) બદ્ધ થતો નથી. તે સમય આવે ઢચુપચુ થઈ જાય છે; અને સમાજ એવાને કોઈપણ કાર્યની જવાબદારી ન જ સોંપી શકે! તેના ઉપર કઇ રીતે વિશ્વાસ બેસે!"

આ અંગે ગાંધીજીએ એક દાખલો પણ આપ્યો: એક માણસે દારૂ ન પીવાની પ્રતિજ્ઞા લીધી છે. બિમારીના પ્રસંગે ડોકટર દારૂ પીવાનું કહે છે. આ અપવાદ છે પણ પ્રશ્ન એ છે કે શું દારૂ પીવાથી તે બચી જશે ખરો! અથવા કોઈ દેશી વનસ્પતિથી ઠીક ન થઈ શકે! એની ગેરંટી છે?" એટલે જે વ્રતબદ્ધ થતો નથી તે છેવટે ઢીલો પડી જાય છે. આ રીતે પતન પામેલા અને સ્ખલન થયેલાના ઘણા દાખલાઓ સમાજમાં બને છે.

પૂ. મુનિશ્રી સંતબાલજીના પ્રસંગમાં એક કાર્યકર્તા આવ્યા. તેઓ બહુ હોંશિયાર, પ્રામાણિક અને બુદ્ધિશાળી હતા; પણ બ્રહ્મચર્ય માટે વ્રતબદ્ધ ન થયા. પોતે પાળીશ એમ તેઓ કહેતા. પાછળથી તેઓ ડગી ગયા; તેમના પત્ની પણ વ્રતબદ્ધ ન હોવાથી; તેમને સંતાનો થયા. મેવાડમાં અમારે એક ભાઈનો સંપર્ક થયો. ઉત્સાહી, સેવાભાવી અને બ્રહ્મચર્ય તરફ નિષ્ઠાવાળા દેખાતા હતા. તેમણે બ્રહ્મચર્યાશ્રમની સ્થાપના કરી. લોકોએ તેમને મદદ પણ કરી. તેઓ પણ જાતે બ્રહ્મચર્ય વ્રતપાલન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરવાની વાત કરતા હતા; પણ વ્રતબદ્ધ ન હોવાથી તેઓ ચૂકયા અને તેમને બાળકો થયાં. તેમના પ્રત્યેની લોકોની શ્રદ્ધા ડગી ગઇ.

રખે, કોઇ એમ માને કે બધા કાર્યકરો માટે બ્રહ્મચર્ય વ્રતબદ્ધ થવુ ફરજિયાત છે; જો તે પાળી શકાય તો સારૂં છે પણ એક વખત સમાજ આગળ બ્રહ્મચર્ય–પાલનની વાત કર્યા બાદ તેને ન તોડવી જોઇએ; સ્વનારી મર્યાદિત બ્રહ્મચર્ય હોય તો પણ તે વ્રતબદ્ધ હોવું જોઈએ. તેનાથી સમાજનો તેના ઉપર વિશ્વાસ બેસશે. વ્રતબદ્ધ થયા વગર 'જાતે વ્રતપાલન કરી લેશું' એવી વાતો કરનારા મૂળમાં જ કાચા છે. પ્રતિજ્ઞાબદ્ધ થવાથી દૃઢતા આવે છે તેમજ મક્કમ રહી શકાય છે અને વ્રતભંગ થવાને ટાળી શકાય છે. સાધના દ્વારા વિકાસ સાધી શકાય છે અને લોકશ્રદ્ધા પણ તેના ઉપર ટકે છે.

ચા પોતાની મેળે છોડશું એવી વાતો કરનારા ઢગું–પચું રહે છે અને કોઈ માન–તાણ કરે તો તરત ત્યાં નમી પડે છે. પછી તેમને અલગ અલગ બહાનાં કરવાં પડે છે કે "ફલાણાભાઇ ન માન્યા!", "શરદી થઈ હતી" "ત્યાં આપણું કંઈ ન ચાલે!" અને એવી વાતો કરી ચા પીવી પડી એનો સ્વીકાર લાચારીથી તેમને કરવો પડે છે.

ગાંધીજી વિલાયત જતા હતા ત્યારે તેમની બાએ, બેચરજી નામના જૈન સાધુ પાસે તેમને ત્રણ પ્રતિજ્ઞાઓ અપાવી હતીઃ "(૧) દારૂ નહીં પીઉં (૨) માંસાહાર નહીં કરૂં (૩) પરસ્ત્રી ગમન નહીં કરૂં."

તેમની બાએ તેમને કહ્યું કે "તને જ્ઞાતિ બહાર કરે એનો મને ડર નથી પણ જે ભયના કારણે જ્ઞાતિ તને બહાર કરી શકે તેનાથી તું દૂર રહે! એટલે આ પ્રતિજ્ઞા લઈ તું જ્ઞાતિને વિશ્વાસ આપી દે તો જ્ઞાતિને જરૂર તારા ઉપર વિશ્વાસ બેસશે!"

ગાંધીજીએ ત્રણ પ્રતિજ્ઞાઓ જરૂર સ્વીકારી. વિલાયત જતાં લોકોએ કહ્યું: "આતો ઠંડો મુલક છે. અહીં તો માંસાહાર વગર ન ચાલી શકે!"

પ્રતિજ્ઞાબદ્ધ હોવાથી ગાંધીજીએ શાકાહાર રંધાને લોકોને બતાવી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આપ્યું કે એ રીતે પણ જીવી શકાય છે. એટલું જ નહીં, જ્યારે "ઇંડા તો માંસમાં આવતા નથી" એવી દલીલ લોકોએ કરી તો તેમણે જવાબ આપ્યો કે "મારી માતાજીએ પ્રતિજ્ઞા આપી છે અને તેમાં ઇંડાને માંસાહાર ગણવામાં આવ્યો છે. એટલે હું કંઈ લઈ શકતો નથી." એવીજ રીતે પરસ્ત્રીગમન અંગે પણ તેમની કસોટી થઈ; પોતે પ્રતિજ્ઞાબદ્ધ હોવાથી તેમાંથી પણ પાર ઉતર્યા. એ અંગે ગાંધીજીએ પોતાની આત્મકથામાં લખ્યું છેઃ "પૂજ્ય માતાની અપાવેલ પ્રતિજ્ઞા રૂપી ઢાલ તે વખતે મારી પાસે હતી એટલે હું પ્રતિજ્ઞા અને પ્રભુકૃપાથી અનિષ્ટોમાંથી બચી શક્યો." આવો છે પ્રતિજ્ઞાનો ચમત્કાર.

જૈનોમાં તો વ્રતબદ્ધતાની બહુ જ કીંમત માનવામાં આવેલી છે. અમુક પ્રતિજ્ઞા લેતાં, અમુક અનિષ્ટથી બચી જવાયું. એવી વાત જણાવતા ઘણા કથાનકો જૈન કથાઓમાં મળી આવે છે. સુદર્શન શેઠ શીલની પ્રતિજ્ઞાના કારણે મોટા પ્રલોભનમાંથી બચી શક્યો એની મોટી વાર્તા છે. આજે જૈનોમાં પ્રતિજ્ઞા અને પચ્ચખાણ મોટા ભાગે રૂઢિગત થઇ ગયાં છે; તેની પાછળનો ભાવ, સ્પષ્ટ રીતે સમજાવવામાં આવતો નથી; તે છતાંયે એકંદરે પ્રતિજ્ઞાબદ્ધ થવાથી લાભ જ થાય છે.

વૈદિક ધર્મગ્રંથોમાં પણ "સંકલ્પ" લેવાનો મહિમા બતાવવામાં આવ્યો છે. સંકલ્પ કે પ્રતિજ્ઞા લીધા વગરનાં વ્રતો સફળ થતાં નથી, નિષ્ફળ બને છે એ અનુભવ સિધ્ધ વાત છે.

ઘણા લોકો એક બીજી દલીલ પણ આગળ મૂકે છે કે "અમે એકલા એકાંતમાં વ્રત-પ્રતિજ્ઞા લઇએ; સમાજ કે વડીલ અથવા ગુરુ વ. સમક્ષ શા માટે લઇએ?" આના પોતાનાં ભયસ્થાનો છે.

ભારતીય ધર્મોમાં ખાસ કરીને જૈન ધર્મમાં વ્રત-ગ્રહણ-વિધિ જાહેરમાં, વડીલો, ગુરુ અને સમાજ સમક્ષ કરવામાં આવે છે. એનો મોટો ફાયદો એ થાય છે કે કટોકટીના સમયે પણ વ્રત ઉપર ટકી શકાય છે; વ્રત-ભંગ કરતાં સંકોચ પમાય છે. એટલું જ નહીં એ એક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઢાલ રૂપે પણ બનીને રહેં છે કે આટલા બધાની સામે પ્રતિજ્ઞા લીધી અને હવે તોડીશ તો મારૂં શું નામ રહેશે ?'

જૈન સાધુઓને મોટી દીક્ષા આપતી વખતે વ્રતોચ્ચાર-વિધિ સમાજ સમક્ષ કરવામાં આવે છે. તેની પાછળનો એ હેતુ છે કે સમાજ એ વ્યક્તિને ઓળખી લે અને એના બદલે કોઇ બીજી વ્યક્તિ સાધુ-વેશ લઈ પેસી ન જાય. એવી જ રીતે ગ્રહસ્થો પણ વ્રત-ગ્રહણ કરવા માટે પ્રતિજ્ઞા સમાજ સમક્ષ લે છે જેથી સમાજ એને ઓળખીને એના ઉપર વિશ્વાસ મૂકી શકે.

આજે, જો કે બ્રહ્મચર્ય-વ્રત લેતી વખતે કે વ્રત-ઉપવાસના પચ્ચખાણ લેતી વખતે ધર્મપ્રભાવનાની આડમાં, આડંબર વધી ગયો છે. કયાંક વરઘોડો કાઢવામાં આવે છે; કયાંક વ્રતી તરફથી પ્રભાવના પરિગ્રહનું પ્રદર્શન કરીને વ્યકત કરવામાં આવે છે તો કયાંક મોટા પાયે જમણવારો યોજાય છે. એમાં સુધારો કરી જો સાદાઇપૂર્વક ગુરુ પાસે, અને ગુરુ ન હોય તો વડીલ શ્રાવક પાસે સાધક વ્રત ગ્રહણ કરે તો તે વ્રતનિષ્ઠામાં સહાયક બનશે; નહીંતર વ્રતની ભાવના કરતાં પ્રદર્શનને વધારે મહત્વ અપાઇ જવાનો ભય રહેલો છે.

ભારતીય લગ્નવિધિમાં વર-વધૂ, બન્નેનાં લગ્ન અગ્નિ, પાણી, વિ. પંચભૂતો અને પંચ સમક્ષ કરવામાં આવે છે તે પણ આજ દૃષ્ટિએ. સમાજ જાણી શકે કે પતિ-પત્નિ બન્ને લગ્નગ્રંથિથી જોડાયા છે અને તેઓ મર્યાદા ભંગ કરતા હોય તો રોકી શકે અથવા જવાબદારીથી છટકવા માંગતા હોય તો ટોકી શકે. આ રીતે વિશ્વવાત્સલ્યની ધર્મનિષ્ઠા, નીતિનિષ્ઠા પૂર્વક આચરવામાં આવે તો સમાજનું સુંદર ઘડતર થઈ શકે.

ચર્ચા — વિચારણા

ધર્મ એટલે સમાજને ટકાવી રાખનાર

શ્રી દુલેરાય માટલિયાએ વિશ્વવાત્સલ્યની ધર્મનિષ્ઠા અંગે ચર્ચા શરૂ કરતાં કહ્યું :—જેના વિના ક્ષણભર પણ વિશ્વ અને સમાજ ન ટકી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શકે એનું નામ ધર્મ. અલબત્ત શ્વાસોશ્વાસ વિના આપણે ટકી શકતા નથી. પણ તે સહેજ હોય છે એટલે હવા હોય છે ત્યાં લગી ખબર પડતી નથી. હવા ન હોય ત્યારેજ ગુગળામણ જણાઈ આવે છે. તેવુંજ સત્યનું છે.

થોડાક અસત્યનો પ્રભાવ

જેમકે, બાળકો એપ્રિલ ફૂલ તા. ૧ લી કે ૪ થી એપ્રિલના કરતા હોઈ, તે દિવસે સાચી વાતોનેય વિશ્વાસ થતો નથી. પરિણામે હાસ્યમાંથી પણ કેટલીકવાર બુરું પરિણામ આવે છે. પ્રહસનનું ચિત્ર ગોઠવી અડધો કલાક જો બોટું બોલવાનુ ગોઠવાય, કે કોઈ મરી ગયું હોય ત્યાં લગ્નની વાત થતાં મડદાં પર જનડીઓ ગીત ગાતી આવે તો કેવું બેહુદું બની જાય! આ સત્યનું મહામૂલ્ય છે. તેજ સમાજને ધારણ કરી રાખે છે. સૂર્ય ગમે ત્યારે ઉગે કે ગમે ત્યારે આથમે તો શું થાય? મોસમી પવન ન વાય તો બેડૂતોને વિશ્વાસ ન રહે. ટુંકમાં જડગણાતી સૃષ્ટિમાં પણ નિયમનો ભંગ થતો નથી. સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, એ બધું નિયમિત ચાલે છે. એટલે નિયમની પણ એટલીજ જરૂર છે.

સમાજમાં જરા જૂઠું ચાલે છે; તો તેમાંથી દહેશત ઊભી થાય છે. દસ્તાવેજ, કાયદા, કાનૂન વ. કેટલું બધું વધી ગયું છે. ચોવીશ કલાકના દિવસની ગણત્રી કરીએ તો થોડીવાર માટેના, થોડા લોકોના જૂઠાણાંને કારણે પણ કેટલું બધું અંધારૂં અને અવિશ્વાસ વ્યાપી જાય છે. એટલું પણ જો અસત્ય ન હોય તો જગત, પ્રકાશમય સ્વર્ગમય અને અમૃતમય બની જાય છે.

સત્ય એ જ જગતનું અધિષ્ઠાન

એથી જ કહ્યું છે :—જેના વિના જગત્ ન ટકી શકે તે જ સત્ય. "सत्य सर्वं प्रतिष्ठितं"—એટલે કે જગત્ની બધી વસ્તુઓ સત્ય ઉપર પ્રતિષ્ઠિત છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અહિંસાની અનિવાર્યતા સતત ભયમાં જીવી શકાતું નથી. તે રીતે જોતાં બીજો પ્રશ્ન આવ્યો અહિંસાનો. માનવસમાજને (૧) પ્રાણ, (૨) સંપત્તિ (સ્વ પરિશ્રમનું ફળ), (૩) શીલ, (૪) વ્યવસ્થાની રક્ષા—એ ચારેય મળવા જોઈએ.

કલ્પના ખાતર વિચાર કરો કે એક કલાક માટે બધા માણસો હિંસક બની જાય તો ? અરે, અમૂક લત્તો બની જાય તો પણ લોહીની નદીઓ વહેવા લાગે. એટલે જાતે નિર્ભય થઈ બીજાને નિર્ભય કરવાનો પ્રયત્ન કરે તો સ્વર્ગનું સુખ દેખાય. એટલે જ અહિંસા ધર્મ બન્યો. કારણકે માનવસ્વભાવમાં અહિંસા છે. જો તે અલ્પ-અંશે હિંસા કરે, થોડાંક એટમબોમ વાપરે તો આખો માનવસમાજ થરથર કાંપી ઊઠે. પાંચ પચ્ચીશ વર્ષે જગતમાં યુદ્ધથી હિંસા થાય છે તો યે આખા વિશ્વના રાજ્યોમાં આટલો થરાટ વ્યાપ્ત થઈ જાય છે તો સાર્વત્રિક હિંસા થાય તો શું થાય ?

અસ્તેયની જરૂર

એ જ રીતે સમાજની મહેનત જો લૂંટાઈ જાય તો કોણ મહેનત કરે ? એક વર્ગ ચોરી કરે, લૂંટ કરે અને તેમનાથી જો સલામતિ ન મળે તો બીજો વર્ગ પણ એ માર્ગે જાય; અને સમાજ અસ્થિર બની જાય. પણ જો હજારમાં નવસોનવાણું પ્રત્યે ચોરીની નિશ્ચિંતતા છે માટે જ સમાજ પુરૂષાર્થી બને છે; નહીંતર પુરૂષાર્થ નહીં ટકે. આમ ઉત્પન્ન થતું અટકે તે અધર્મ અને એટલે જ સ્તેય અધર્મ ગણાયો અને અસ્તેય ધર્મ ગણાયો.

શીલ-કુશીલ

પોતાની સ્ત્રીથી કોઈ રસલુબ્ધ કે રૂપલુબ્ધ બને તો તે કેટલો બળે ? બળવાન લોકો સ્ત્રીઓને લઈ જતા હોય તો સમાજનું શું થાય ? અત્યારે તો વિકૃતિના કારણે થોડો એ અંગે સંતાપ છે તો પણ,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવી દશા હોય તો સમાજની શું દશા થાય? તેના બદલે સ્ત્રી અને પુરુષ જો શરીર-ભોગ વગર આનંદ લૂટતા થાય તો! તેથીજ શીલ-રક્ષા એ ધર્મ થયો અને કુશીલ અધર્મ કહેવાયો.

વ્યવસ્થા-રક્ષા અને પરિગ્રહ-મર્યાદા

એવીજ રીતે સાધન અને સત્તા જેમના હાથમાં આવે તે સમાજની વ્યવસ્થા અને મર્યાદાનો ભંગ કરે તો! જ્યાં એવું થાય છે ત્યાં સમાજમાં લડાઈ, તોફાન અને બંધનો પેદાં થાય છે. વ્યવસ્થાની રક્ષા થાય તેનો ભંગ ન થાય તો શાંતિ આવે. આથી વ્યવસ્થા રક્ષા અને પરિગ્રહ મર્યાદાએ ધર્મ બન્યો. જો એમ ન થાય તો લડાઈ થાય. હાયવોય થાય અને જે પૈસો સુખને માટે ભેગો કર્યો તેને લીધેજ આ બધો બળાપો થઈ જાય.

મૂળવ્રતો અને ઉપવ્રતો

આમ માનવસમાજ જેનાથી ટકે છે તે ધર્મનાં ચાર અથવા પાંચ મૂળવ્રતો થયાં (૧) સત્ય (૨) અહિંસા (૩) અસ્તેય (૪) બ્રહ્મચર્ય (૫) અપરિગ્રહ. મૂળ તો આ બધા સત્યની આસપાસ ગૂંથાયેલાં છે અને જીવનની વિવિધ વસ્તુઓનું સત્ય રજૂ કરે છે.

આ પાંચના ઉપવ્રતો તરીકે ગાંધીજીને એક સૂઝે, સંતબાલજી બીજાં બતાવે, સ્વામીનારાયણવાળા ત્રીજાં બતાવે એ સંભવે છે. કારણ કે પાંચ વ્રતોની આસપાસ રહેલાં ઉપવ્રતો કાળ મુજબ બદલી શકાય છે અને બદલવાંજ જોઈએ. તેનું આંશિક પાલન થાય તો પણ સમાજમાં તેટલું સુખ વધે છે. મૂળે જીવનના સત્ય ઉપર શ્રદ્ધા રાખી જાતે અહિંસાદિ વ્રતોનું પાલન કરે અને સાથીઓ પાસે પાલન કરાવે એ વિશ્વવાત્સલ્યની પાયાની ધર્મનિષ્ઠા છે અને ખરેખર તે સર્વત્ર સ્વીકૃત છે.

વિશ્વવાત્સલ્યની ધર્મનિષ્ઠા ફરજ બજાવવામાં

શ્રી પૂંજાભાઈ કહે :—"માનવને ફરજનું ભાન હોય છે. કારણ કે તે માનવ છે. તેનામાં ઊંડી વિવેક બુદ્ધિ હોય છે. તે માયા, મોહ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને સ્વાર્થને વશ થઈ ફરજને ટાળવા મથે છે. તેને બદલે પોતાના અસલી ધર્મને સમજીને ફરજ બજાવવાની પ્રવૃત્તિ કરે તો જગતમાં આનંદ આનંદ થાય. વિશ્વવાત્સલ્યની આજ ધર્મનિષ્ઠા ગણાય.

એડૂત જો ખેતી, મજૂર, બળદ વ. બધાજ તરફ અને બધી જાતની ફરજ બજાવે તો સ્વાર્થ સાથે પણ પરમાર્થ થઈ શકે. બાકી બેદરકાર બને તો સ્વાર્થ :અને પરમાર્થ બન્નેને હાનિ પહોંચાડે. એજ રીતે વેપારી બ્રાહ્મણ કે સાધુ વગેરે જ્યાં ફરજ ચૂકે ત્યાં ત્યાં અધર્મ વધે છે.

આજે તો માલનીજ નહીં બાળકોની પણ ચોરી થાય છે. જો માણસાઈ દૃષ્ટિએ માનવ એમ વિચારે કે "જો કોઈ, માનાં બાળકો ઉપાડે તો એ માને કેવું દુઃખ થાય. જેણે મહેનત મજૂરી કરી થોડું બચાવ્યું છે તેનું શોષણ કરે કે ચોરી કરીને ઝૂંટવી લે તો તેને કેટલો ત્રાસ પડે! આવા સમયે વિશ્વવાત્સલ્યનો જરા સરખો વિચાર આવવો જોઇએ કે આવું ભયંકર કૃત્ય કદાપિ થઈ શકેજ નહીં—એજ એની ધર્મનિષ્ઠા છે.

વ્રત અને નીતિનો મેળ મળવો જોઈએ

શ્રી બળવંતભાઈ : "ધર્મનિષ્ઠાને જો વિશ્વવાત્સલ્યનું મૂળ કલ્પીએ તો નીતિનિષ્ઠા એનું થડ છે. બાકી વ્રતો વગેરે તેની શાખા ડાળીઓ છે. આજે થડ તરફ ઓછું લક્ષ અપાઈ રહ્યું છે. એટલેજ ભગવાન મહાવીરને માનનારાઓ જેને વર્જનીય ગણ્યાં છે, તે પંદર કર્માદાનને આચરવામાં અનિષ્ટને જોતા નથી. અહિંસા અને અપરિગ્રહની વાતો કરવા છતાં કાળાબજાર અને શોષણ કરી શકે છે. પર્યુષણમાં ઉપવાસ, લીલોતરી, ત્યાગ, અસ્નાન વ. આચરવા છતાં ઉપલાં કર્મો હોંશથી કરી શકે છે. કારણ કે વ્રત અને નીતિનો સુમેળ સધાયો નથી. વિશ્વવાત્સલ્ય અને "આત્મવત્સર્વભૂતેષુ" ની મૂળભૂત જૈનધર્મની નીતિનિષ્ઠા તેમનામાં કાચી રહી ગઈ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કૃષ્ણ, રામ અને શિવને માનનારા લોકો જન્માષ્ટમી, રામનવમી, શિવરાત્રિ કે એકાદશીના વ્રતો કરે છે પણ બીજીબાજુ ઉપવાસ હોવા છતાં જુગાર પણ રમવા બેસી જાય છે. એટલું જ નહીં નિર્જળા-ઉપવાસમાં બીજું ખાવું-પીવું વધી ગયું છે. વૈદિક ધાર્મિક પર્વોમાં પણ ખાવા-પીવા અને પહેરવા ઓઢવાનું જાણે થઈ ગયું છે. આમ વ્રત અને નીતિનો સુમેળ ન થતાં તે હાસ્યાસ્પદ બને છે.

ધર્મ કોને કહેવો ?

પૂ. દંડી સ્વામીએ લોકો પુણ્ય અને ધર્મનો ભેદ સમજતા નથી તે અંગે જણાવતાં કહ્યું : "મનુસ્મૃતિમાં કહેલા પાંચ મહાયજ્ઞો —જે પાછળથી બૌદ્ધ ધર્મની અસરના કારણે પાંચ લઘુયજ્ઞો કહેવાયા. —તે બધાને લોકો ધર્મ કહે છે.

પૂર્વમીમાંસામાં પણ જે કર્મો કહ્યાં છે તે બધાંને લોકો ધર્મ તરીકે ઓળખે છે. બૌદ્ધ ધર્મમાં (૧) દાન, (૨) અર્ઘ્ય, (૩) દિનચર્યા અને (૪) સમભાવને—કર્મો કહ્યાં છે તેને પણ લોકો ધર્મ માને છે. આથી ધર્મ કયો અને પુણ્ય કયું ? એ સમજવામાં મુશ્કેલી પડે છે; અને કેટલીકવાર પુણ્યને ધર્મમાં ગણવાનો ગોટાળો થાય છે. એ વિષે અહીં ઠીક ઠીક જાણવા મળ્યું કે પુણ્ય અને ધર્મ બંને શું છે ?

વ્રતોનો આત્મા !

શ્રી દેવજીભાઈ કહે : વિશ્વવાત્સલ્યની આચારનિષ્ઠામાં નીતિનિષ્ઠા સોનારૂપ છે અને ધર્મનિષ્ઠા સોનામાં સુગંધ રૂપ છે. માત્ર સુગંધ હોય તો તે લાંબો કાળ ન ટકે એટલે કે તેમાં પ્રાણ જોઈએ. નીતિનિષ્ઠા હોય તો ધર્મનિષ્ઠા સહેજે વણાવાનો સંભવ રહે છે; પણ નીતિનિષ્ઠા ન હોય અને વ્રત લેવાય તો કેટલીકવાર તે પ્રદર્શન રૂપ જ બની જાય છે; અને તેમાં આત્મા ભળતો નથી.

નીતિનિષ્ઠાવાળા જાહેરમાં વ્રત લે તે બે કારણોસર સારું છે કે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

(૧) તેના લીધે દૃઢતા રહેશે અને (૨) સમાજની ચોકી રહેશે તેમજ સમાજમાં તેનું અનુકરણ થશે.

નીતિનિષ્ઠાનું ઠેકાણું નહીં હોય ને વ્રતોમાં આત્મા નહીં ભળે તો દંભ રૂપ ક્રિયા થવાનો સંભવ છે; અને તેનો સમાજમાં પડઘો પડ્યા વગર રહેતો નથી. આજે જાહેરમાં વ્રતો લેવાય છે તેમાં મોટાભાગે વ્રત લેનારનું સ્પષ્ટદર્શન હોતું નથી કે વ્રત પાછળની મૂળ નીતિ-નિષ્ઠા અંતરની હોતી નથી. આશ્ચર્ય છે કે વિવેકી કહેવાતા સાધુઓ પણ તેની વાહ વાહ કરે છે અને ઉપલક વાહ વાહથી સમાજમાં ઘણા લોકો વ્રત લેવા ખેંચાય છે. પણ આત્મા ન હોવાથી પરિણામ સારૂં આવતું નથી.

આજે નીતિનિષ્ઠા ઉપર વધારે વજન આપવું પડશે. આ સંશોધનની ખાસ અગત્ય છે. નીતિનિષ્ઠા પછી વ્રતો લેવાશે, આચરાશે, તો ચોમેર એ આચરણનો ભારે પ્રભાવ પડશે."

નીતિનિષ્ઠાનો પ્રભાવ

શ્રી બ્રહ્મચારીજી : "વિશ્વવાત્સલ્યની નીતિપૂર્વક ધર્મનિષ્ઠા જ ચોમેર પ્રકાશ પાથરી શકે છે. રામાનંદાચાર્ય એક ગામમાં ગયા. ગામના લોકોએ ફરિયાદ કરી કે આ ગામમાં એક બહુ ખરાબ દૃશ્ય જોઈને અમે લાજી મરીએ છીએ. એક પહેલવાન એક વેશ્યાની પછવાડે નીકળે છે. તેને બાળકો વિગેરે જોવા દોડે છે, તેથી ગામમાં ખરાબ સંસ્કારો પડે છે. ઘણા લોકોને તો ધૃણા જ થાય છે.

સ્વામીજીએ કહ્યું : "બંનેને અહીં આવવા કહેજો!"

બંને સ્વામી પાસે ગયા. સ્વામીએ બંનેને પ્રેમથી આવકાર આપ્યો. તેમણે પહેલવાનને કહ્યું : તમે જરૂર વેશ્યા પાછળ નીકળો અને એનું વદન જોયા કરો. પણ એ રૂપ તો ભગવાનનું આપેલું છે માટે તેમાં ભગવાનની વિભૂતિનાં દર્શન કરો!"

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આમ તો વેશ્યા પણ કંગળી ગઈ હતી અને પહેલવાનને પણ રસ નહોતો રહ્યો. પણ સ્વામીજીના વચનોથી બન્નેમાં હૃદય–પલટો થવા લાગ્યો. પહેલવાનને પણ પોતાના કૃત્યથી પસ્તાવો થવા લાગ્યો. સ્વામીજીએ તેને કહ્યું: "પેલી બાઈથી ઘૃણા ન કરશો. તેને હૃદય પલટો કરાવનાર જાણીને પવિત્ર સંબંધ તો ચાલુ રાખશો."

આમ નૌકાની જેમ સાચા સાધુ પોતે તો તરતા હોય છે પણ અનેક ને તારે છે. એ તેમની નીતિ–નિષ્ઠાનો પ્રભાવ છે.

પં. જવાહરલાલ નેહરૂ પણ વિશ્વવાત્સલ્યની નિષ્ઠાવાળા જણાય છે. એક નજરોનજર જોયાનો પ્રસંગ છે. તેઓ ભિલાઈના કારખાનાનું ઉદ્‌ઘાટન કરવા આવ્યા હતા. એક રીક્ષાવાળાએ વચમાં તેમની મોટર રોકાવી અને છૂરો કાઢેલો પણ તે ઊભોજ રહી ગયો. તેનાથી કંઈજ ન થઇ શકયું.

પંડિતજીએ તેને પૂછ્યું! "ભાઈ! તું કોણ છે! તને કોણે આવું શીખવ્યું!" બાપડો કશું બોલી ન શકયો. તેના ક્ષોભનો પારાવાર ન રહ્યો. કોને ખબર દીવાનાપણામાં આમ કર્યું કે કોઇની ઉશ્કેરણીથી પણ તે પંડિતજી આગળ ભોઠો પડી ગયો. થોડીવાર રોકાઇને પંડિતજી વિદાય થયા. આ ગાંધીજીની અહિંસાની તેમના ઉપર પડેલી નીતિનિષ્ઠાનોજ પ્રભાવ હોઈ શકે.

નીતિનિષ્ઠાની આદત કેળવીએ!

શ્રી દેવજીભાઈ: "મારા પોતાનાજ અનુભવો કહું. નીતિનિષ્ઠાની આદત કેળવતા જીવન કેટલું સુધરે છે?

સં. ૧૯૯૨ થી ૧૯૯૬ સુધી હું મુંબઈમાં કાપડની દુકાનમાં નોકરી કરતો. લાગ આવે ત્યારે ગલ્લામાંથી કે ધર્માદા પેટીમાંથી રૂપિયો–પૈસો કાઢી લેતો. બીજી બાજુ વાદેવાદે સ્થાનકવાસી જૈન ઉપાશ્રયમાં ઉપવાસો કર્યા એટલે મારી પ્રતિષ્ઠા બહાર ખૂબ વધી.

મારી સાથે એક રાજગોર પણ દુકાનમાં કામ કરતો. તેને ચોરીની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આદતખરી એટલે મારી ચોરીનો આરોપ પણ તેના ઉપર આવવા લાગ્યો. પણ મને તે વખતે આ ડંખતું નહીં.

ત્યારબાદ, કચ્છમાં જવાનું થયું. પોસા–પ્રતિક્રમણમાં રસતો જૈન કુળમાં જન્મવાના કારણે ખરોજ. પછી ધર્મનો અભ્યાસ જરા ધીરજ અને ઊંડાણથી કર્યો. બીજું સાહિત્ય પણ વાંચવા લાગ્યો. ગાંધીજી અને સંતબાલજીનું સાહિત્ય પણ જોવામાં આવ્યું. ઊંડો વિચાર થવા લાગ્યો. "જીવનમાં નીતિ નિષ્ઠા ન હોય તો વ્રતનિષ્ઠા પ્રાણવાન નથી બનતી!" આ વિચારોના લીધે પૂર્વની ભૂલો ડંખવા લાગી.

ચાર–પાંચ વર્ષો પહેલાં મુંબઇ આવ્યો. ત્યારે પૂર્વ જે રૂા. ૨૦૦–૨૫૦ની ચોરી મારા હાથે થયેલી તેનો હાર્દિક એકરાર કર્યો. જુના શેઠનો પ્રેમ ઘટયો નહીં, પણ વધ્યો.

તેમણે કહ્યું: "અમે તો આવું ઘણું જાણી જોઈ ને કરીએ છીએ પણ અમને તમારી જેમ પસ્તાવો થતો નથી."

મારે કહેવું જોઇએ કે હજુ જીવનમાં પૂરેપૂરૂ સત્ય આવ્યું નથી પણ ભૂલ થતાં ડંખ થાય છે.

ચારેક દિવસ પહેલાં માટુંગા આવતાં ઘાટકોપરથી પ્રથમવર્ગમાં ચઢી ગયો. ચઢયા પછી જ ખબર પડી કે આ તો પ્રથમવર્ગ છે. ત્રીજા વર્ગની ટિકીટ છતાં પહેલા વર્ગમાં ચઢાય કેમ? એ મનમાં ડંખવા લાગ્યું અને સીટ ઉપર ન બેઠો. માસ્તર આવ્યા અને વધારાનો રૂપિયો માંગ્યો ત્યારે પહેલાં તો સહેજ ખચકામણ થઇ પણ ભૂલ કરી હતી, એટલે તે ભરી આપ્યો અને પછી સમાધાન થતાં શાંતિ થઇ.

કોઇકવાર પૈસાની તંગીના કારણે ભૂલ થઈ જાય; જેમકે કોઇ વાપરેલી ટિકીટ હોય તો તેનો ફરી ઉપયોગ કરવાની લાલચ થાય પણ તેવી ભૂલ ડંખે છે ખરી. મને આનું કારણ તો નીતિનિષ્ઠાની આદત કેળવી એજ લાગે છે. ઘણા લોકો એને વેદિયાવેડા કહે છે પણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભલે એ વેદિયા-વેડા કહેવાય, ખરેખર એજ સાચો સ્પષ્ટ માર્ગ જણાય છે."

નીતિનિષ્ઠાથી વિવેક

બ્રહ્મચારીજી : "નીતિનિષ્ઠા હોય તો કર્મકાંડમાં વિવેક આવી જાય છે. કીડીઓને સાંથવા નાખનાર એક બહુ હૃદયવાન શેઠ હતા. એકવાર તેમને વિચાર આવ્યો : "આ કીડીઓ સહિત લોટ કૂતરૂં ચાટશે તો દયા કરતાં કુદયા થઇ જશે." એટલે તેમણે કાંટાની ઝાડીઓ એ લોટ ઉપર મૂકી કીડીઓ તેથી બચી ગઈ. કહેવાની મતલબ એ કે ધર્મ કે વ્રતમાં આવો વિવેક નીતિનિષ્ઠાના કારણે જ આવે છે; એમ લાગે છે.

બળવંતભાઇ : "નીતિનિષ્ઠા હોય તો આંધળું અનુકરણ પણ મટી જાય." એક માણસે અમદાવાદમાં ધર્મરાજ યુધિષ્ઠિરનું ખોટું અનુકરણ કરી જુગારમાં પોતાની સ્ત્રીને મૂકી હતી. ખરેખર તો; આવા મહાપુરૂષો પણ આવા માર્ગે ગયા, તો તેમણે ભૂલથાપ ખાધી તે બોધ લઈ જુગારનો છંદ મૂકાવો જોઈએ.

માટલિયા : "ધર્મને લક્ષમાં રાખી સહિયારી નીતિ ઘડાય તે નીતિ ગણાય."

મુનિશ્રી સંતબાલજી : "અહીં નીતિનિષ્ઠાનો અર્થ, દર્શન-જ્ઞાનના રૂપમાં લેશો તો વધુ સ્પષ્ટ થશે. વિશ્વવાત્સલ્યનું દર્શન સ્પષ્ટ થયા પછી જ આચાર વિશ્વવાત્સલ્યને માર્ગે થશે."



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

[૯] વિશ્વવાત્સલ્યમાં વ્રત-વિચાર

[૧૮-૯-૬૧] મુનિ નેમિચંદ્રજી

આ અગાઉ વિશ્વવાત્સલ્યની ધર્મનિષ્ઠા ઉપર વિચાર કરવામાં આવ્યો છે. નીતિનિષ્ઠા સાથે વ્રતનિષ્ઠા ત્યારે જ ટકી શકે જ્યારે આ બધાં વ્રતોનું વિવેકપૂર્ણ જ્ઞાન હોય તેમ જ યુગને અનુકૂળ ધર્મપુષ્ટિની દૃષ્ટિએ તેને નવો વળાંક અપાય. વ્રતાચરણની જરૂર તો વ્યક્તિ તેમ જ સમાજના ઘડતર માટે રહેલી જ છે એ અંગે લંબાણથી વિચાર થઈ ચૂકયો છે.

અહીં વિશ્વવાત્સલ્યનાં વ્રતો કયાં ? તે વ્રતોનું મૂળ શું ? એની ગોઠવણીનો ક્રમ શું ? એ અંગે વિચાર કરવાનો છે.

બધા વ્રતોનું મૂળ વિશ્વવાત્સલ્ય છે. મૂળ વ્રત તરીકે પણ વિશ્વવાત્સલ્યને સ્થાન આપવામાં આવેલ છે. એનું મુખ્ય કારણ તો એ છે કે બધા ધર્મો તેમ જ બધી વિચારધારાઓ વિશ્વવાત્સલ્યની વાતો કરવા છતાં જોવામાં આવે છે કે અપવાદને બાદ કરતાં; એ ધર્મ-સંપ્રદાયો કે પંથોમાં વિશ્વવાત્સલ્ય વાતો રૂપે જરૂર રહે છે; પણ આચરણમાં તે આવતું નથી. જ્યાંસુધી એને વ્રત તરીકે સ્થાન આપવામાં ન આવે ત્યાંસુધી તે મુજબનું આચરણ શકય બનતું નથી. એટલે વિશ્વવાત્સલ્યને જ મૂળ વ્રત તરીકે રાખવામાં આવ્યું છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બીજું કારણ એ છે કે એ લગભગ બધા ધર્મોના પ્રતીક જેવું બનીને સમન્વય સાધતું ઊભું રહે છે. સાથે જ બધા પ્રકારના માનવો અને સૃષ્ટિ વચ્ચેનો સુમેળ બાંધવા માટે દીવારતંભ જેવું છે. તે ઉપરાંત તે બધાંને માન્ય છે.

ખ્રિસ્તી ધર્મમાં તેને વિશ્વપ્રેમ રૂપે રજૂ કરવામાં આવેલ છે. એમાંથી માનવસેવા નીકળી છે. પ્રેમ શબ્દ આજે મોહ કે વિકારરૂપે વપરાય છે; તે યોગ્ય ભાવને પ્રગટ કરતો નથી. બૌદ્ધ ધર્મમાં બ્રહ્મવિહાર છે. એમાંથી મધ્યમ માર્ગના કારણે કરુણા નીકળી છે પણ તેમાં પૂર્ણ અહિંસાનો વિચાર સ્પષ્ટ થતો નથી. એવી જ રીતે હિંદુ ધર્મમાં 'અદ્વૈત' હોવા છતાં વહેવારમાં માનવ-માનવ વચ્ચેના ભેદભાવો, ઘૃણા અને દ્વેષ જોવામાં આવે છે. જૈન ધર્મમાં વિશ્વમૈત્રી અને અહિંસા છે પણ તેનો મોટો ભાગ નિષેધાત્મક રૂપે છે. આથી વિધેયાત્મક રૂપ તરફ (સેવા, સંવેદના અને માનવીય કરુણા પ્રતિ) બરાબર ધ્યાન અપાયું નથી. એવી જ રીતે મહાત્મા ગાંધીજીએ અહિંસા, અસ્પૃશ્યતા નિવારણ, સર્વધર્મ સમભાવ વગેરે વ્રતો વિશ્વવાત્સલ્યના પૂરક તરીકે મૂકયા છે ખરા, પણ આ બધા વ્રતોનો મૂળભૂત હેતુ જે વિશ્વવાત્સલ્ય છે તે પ્રગટ થતું નથી; કારણકે એને અનુલક્ષીને વ્રતોનો વિચાર થયો નથી જો વિશ્વવાત્સલ્યને મૂળવ્રત રૂપે લેવામાં આવે તો જ માનવ-માનવ વચ્ચેની ગમે તે પ્રકારની દીવાલો હશે તે તૂટશે. સંઘર્ષો ઓછાં થશે અને દરેકને શાન્તિ અને સુખથી જીવન જીવવાની તક મળશે. વિશ્વવાત્સલ્ય ન કેવળ વ્યાપક છે, પણ તે બધા ધર્મો, જાતિઓ, મતો, વિચારપ્રવાહો વગેરેના સમન્વયનું ધર્મદૃષ્ટિએ પોષક પણ છે; અને એટલે જ તે અહિંસાનું વિધેયાત્મક રૂપે પોષક હોઈને, કરુણા, સેવા-મૈત્રી ભ્રાતૃભાવ, બંધુભાવ કે અદ્વૈતભાવ; દરેકને વહેવારિક રીતે આચરણમાં મૂકવા પ્રેરે છે. એટલે બધા ધર્મોના વ્રતોનો (અહિંસા વ.નો) એમાં સમાવેશ થઈ જાય છે; એવી તેની વ્રત ઉપવ્રતની રચના છે. જ્યાંસુધી વિશ્વવાત્સલ્યને એક મૂળવ્રતે ન લેવામાં આવે ત્યાંસુધી વિશ્વપ્રેમ કે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અદ્વૈતની અથવા "આત્મવત્ સર્વભૂતેષુ" ભાવના વહેવારમાં નહીં આવે. એટલે મૂળ વ્રત છે—વિશ્વવાત્સલ્ય—જગતમાં બધા તરફ વાત્સલ્ય પ્રગટાવવું.

આ વિશ્વવાત્સલ્યના મુખ્ય ત્રણ મૂળવ્રતો ઉપર હવે વિચાર કરીએ. એ ત્રણ વ્રતો આ પ્રમાણે છે:—(૧) બ્રહ્મચર્ય (૨) સત્ય શ્રદ્ધા અને (૩) માલિકી હક મર્યાદા.

બ્રહ્મચર્ય:—એનો લગભગ બધાજ ધર્મમાં ઉલ્લેખ છે. હિંદુધર્મ અને બૌદ્ધધર્મમાં તો બ્રહ્મચર્યનો ઉલ્લેખ છેજ. હિંદુધર્મમાં ચારેય આશ્રમનો પાયો બ્રહ્મચર્ય ગણવામાં આવ્યો છે. ગૃહસ્થાશ્રમને મૂકીને બાકીના ત્રણેય આશ્રમોમાં બ્રહ્મચર્યને અનિવાર્ય ગણવામાં આવ્યું છે. પછી તેને પાળવાની રીતિમાં ધોરણસર ફેરફાર હોય છે. ગૃહસ્થાશ્રમમાં પણ સ્વપત્ની મર્યાદા હોઇને તેનું લક્ષબિંદુ પણ બ્રહ્મચર્યજ છે. જૈન ધર્મમાં સાધુઓ માટે સંપૂર્ણ બ્રહ્મચર્યનો ઉલ્લેખ છે પણ ગૃહસ્થો માટે 'મૈથુન વિરમણ' વ્રત એવું નિષેધાત્મક રીતે તે મૂકવામાં આવેલ છે તેથી બ્રહ્મચર્ય વ્યક્તિગત રહી જવાનો સંભવ છે અથવા તો તેના પાલનમાં કયાંક દંભ કે અતડાપણું પેસી જવાનો ભય રહે છે. ખ્રિસ્તીધર્મમાં અને ઈસ્લામ ધર્મમાં આડકતરી રીતે બ્રહ્મચર્યનો ઉલ્લેખ છે પણ એને મહત્વ અપાયું નથી એટલે એ સર્વસમાજ વ્યાપી તે બની શકયું નથી. પરિણામે ગૃહસ્થ વર્ગમાં સ્વચ્છંદાચાર ફેલાયો છે. લોકોની નિરકુંશ વાસના ઉપર સ્વૈચ્છિક અંકુશ ન આવે તો એમાં અનિષ્ટો ફેલાવાનો ડર રહે છે. એટલે આજના યુગે બ્રહ્મચર્ય વ્રત અનિવાર્ય છે અને તેને વિધેયાત્મક રીતે મૂકવામાં આવ્યું છે.

બ્રહ્મચર્ય વ્રતનું પાલન સારી રીતે થાય તે માટે એના ત્રણ ઉપવ્રતો મૂકવામાં આવ્યા છે:—(૧) વિભૂષા ત્યાગ (૨) ખાનપાન શયન-વિવેક (૩) રાત્રિભોજન ત્યાગ.

(૨) **સત્ય શ્રદ્ધા**: સત્યનો બધા ધર્મોએ વ્રત રૂપે સ્વીકાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કર્યો છે. તેમાં પણ હિંદુધર્મ અને જૈન ધર્મમાં એના ઉપર ઉંડાણથી વિચાર કરવામાં આવ્યો છે. એટલે સત્યને જો સામાન્યિક રૂપ આપવું હોય તો સત્યવ્રત 'જુઠું ન બોલવું' એવું નિષેધાત્મક હોવાને બદલે વિધેયાત્મક હોવું ઘટે છે. તે કેવળ બોલવામાં નહીં પણ તત્ત્વજ્ઞાન અને આચરણમાં પણ મૂકી શકાય; એ રીતે વિચારવું ઘટે છે. તત્ત્વ, વિચાર, (ભાવ) વાણી, તેમજ બીજા સાધનો, અને મન, વચન, કાયા થકી થતી પ્રવૃત્તિઓમાં, સર્વભૂતહિત રૂપ સત્યનો વિચાર કરવામાં આવે અને તે મુજબ આચરણ કરવામાં આવે તોજ તે સાધના પાકી અને સર્વાંગી થઈ શકે. સત્ય બહુજ વ્યાપક અને અવ્યકત છે. એટલે તેને જલદી ગ્રહી શકાતું નથી અને તે વહેવારૂ બની શકતું નથી. તે માટે તેને વહેવારૂ બનાવવા માટે સત્યશ્રદ્ધા એટલે કે સત્ય ઉપરની દૃઢ નિષ્ઠા એ નામ રાખવામાં આવ્યું છે.

બુદ્ધિભ્રમ, સ્વાર્થ તેમજ બીજાં આવરણોને લઇને સત્ય ન સમજાય, તો પણ, જે મહાપુરૂષોએ સત્યને શોધ્યું છે, આચર્યું છે તેમના ઉપર શ્રદ્ધા રાખી, તે સત્યને અનુસરવું જોઈએ. આજ સત્યશ્રદ્ધા વ્રતનું રહસ્ય છે.

સત્યને જુદા જુદા ક્ષેત્રોમાં રહેતા માણસો પોતપોતાની કક્ષા પ્રમાણે ગ્રહણ કરશે તે વખતે પણ કક્ષા પ્રમાણે આંશિક સત્યનું આચરણ અને પરમ સત્યની તરફની નિષ્ઠા રાખવી પડશે.

આ વ્રતને સારી પેઠે આચરવા માટે ત્રણ ઉપવ્રતો ગોઠવવામાં આવ્યા છે:— (૧) સર્વ ધર્મ ઉપાસના એટલે કે બધા ધર્મોમાં રહેલાં સત્યોને તારવવાં, (૨) નિંદાસ્તુતિ–પરિહાર એટલે કે બીજાની નિંદા તેમજ પોતાની શ્લાઘા કરવાની વૃત્તિનો ત્યાગ (૩) ક્ષમાપના, એટલે કે દરેક ક્ષેત્રમાં ભૂલ થાય, બીજાને અન્યાય થાય તો તેની શુદ્ધિ માટે ક્ષમાપના કરવી.

આ ત્રણે ય વ્રતો સત્યશ્રદ્ધા વ્રતના પોષક અને રક્ષક છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

(૩) **માલિકીહક મર્યાદા :** આ ત્રીજું મૂળવ્રત છે. એમાં અસ્તેય અને અપરિગ્રહ (પરિગ્રહ-પરિમાણ) એ બન્ને વ્રતોનો સમાવેશ થઈ જાય છે. જીવનની જરૂરિયાતો માટે જે કાંઇ વસ્તુ લેવી પડે તે નીતિ, ન્યાયથી ઉપાર્જિત કરી હકની લેવી એટલે કે પરિગ્રહ ની ન્યાયમુકત વિધિ અને સાથે અસ્તેય એટલે ચોર્યા વગરની લેવી, એ મળીને માલિકી હક બને છે. પણ આટલું જ બસ નથી. એની મર્યાદા પણ હોવી જરૂરી છે. જો તે ન હોય તો જાતે સંગ્રહવૃદ્ધિ કરી બીજાનું શોષણ કરવામાં, બીજાને દુઃખમાં નાખવામાં, બીજાને પૂરતી વસ્તુ ન મળવામાં, આગળ વધાય, એટલા માટે જ કેવળ માલિક હક નહીં; પણ તેની મર્યાદા-ઐચ્છિક કાપ હોવાં જોઇએ; તેની સીમા બાંધવી જોઈએ. ટુંકમાં ન્યાયમુકત સંપત્તિની પણ મર્યાદા હોવી જોઇએ. એ મર્યાદા એટલે પરિગ્રહ-પરિમાણ. પરિગ્રહ પરિમાણ અને અસ્તેય બંને વ્રતો ભેગા મળીને માલિકી હક મર્યાદાવ્રત થાય છે.

આને અલગ એક મૂળવ્રત રૂપે લેવાની જરૂર એટલા માટે છે કે અગાઉ લોકો ન્યાય-નીતિની રૂએ ચાલતા અને તે કાળે એની આવશ્યકતા ન પણ જણાઈ હોય. પણ, આજે તેની જરૂર છે. બૌદ્ધ ધર્મે પરિગ્રહ પરિમાણને બદલે નશાવાળી કેરી વસ્તુઓનો ત્યાગ પાચમાશીલ રૂપે સૂચવ્યો છે. એટલે ત્યાં પરિગ્રહની મર્યાદા ન થઈ.

ઇસ્લામમાં માલિક હક મર્યાદા ઉપર ખુબ જોર આપવામાં આવ્યું છે. મૂસાની દશ આજ્ઞાઓમાં અદત્તાદાનનો ઉલ્લેખ આવે છે. ખ્રિસ્તીધર્મમાં પણ ચોરી અને અણહકનું મેળવવું—બન્નેનો નિષેધ છે. હિંદુધર્મમાં પણ અસ્તેય અને અપરિગ્રહ એ બન્ને યમો છે જ.

માત્ર માલિકી હક વ્રત રાખ્યું હોત તો ત્યાગની ભાવના પેદા ન થાત. માલિકી હક સાથે મર્યાદા જોડીને, સરકારી કાનૂન વડે પણ જે માલિકી હક મળે છે એને છોડવા અને કેટલીક વખત બીજા માટે નિઃસ્વાર્થ ત્યાગ કરવાની પ્રેરણા મળે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માલિકી હક મર્યાદા વ્રત માટે ત્રણ ઉપવ્રતો આ પ્રમાણે છે :— (૧) વ્યવસાય મર્યાદા (૨) વ્યાજત્યાગ (૩) વ્યસન ત્યાગ. આ ત્રણે ઉપવ્રતો અસલવ્રતને પોષનારાં છે. એ સ્પષ્ટ જ છે.

ઉપવ્રતોની યોજના :—હવે ઉપવ્રતોની યોજનામાં, કયાં કયાં અને કેટલો તફાવત બીજી વ્રતયોજનાઓ સાથે રહેલો હોય છે તે જોઇએ.

બ્રહ્મચર્યવ્રતના ત્રણ ઉપવ્રતો ખાન–પાન–શયન વિવેક, વિભૂષા ત્યાગ અને રાત્રિભોજન–ત્યાગનો સમાવેશ જૈનધર્મના સાતમા ઉપભોગ–પરિભોગ–પરિમાણુમાં વ્રતમાં તેમજ ગાંધીજીના વ્રતોમાં, અસ્વાદ વ્રતમાં થઈ જાય છે. ખાન–પાન–શયન વિવેક, વિભૂષા–ત્યાગ અને રાત્રિભોજન–ત્યાગ નહોય તો બ્રહ્મચર્યનું પાલન રૂડી રીતે થતું નથી. વૈદિકધર્મમાં "યમો"ને પાળવા માટેના જે નિયમો બતાવ્યા છે તેમાં શૌચ (શુદ્ધિ) અને નીચનો સમાવેશ થઈ જાય છે.

એવીજ રીતે સત્ય શ્રદ્ધાના ત્રણ ઉપવ્રતો સર્વધર્મ ઉપાસના ક્ષમાપના અને નિંદાસ્તુતિ–પરિહાર ગોઠવ્યાં છે, તે જૈન ધર્મમાં સામાયિક–વ્રત, પૌષધ–વ્રત તેમજ અનર્થદંડ–વિરમણું–વ્રતમાં આવી જાય છે. ગાંધીજીએ તે પ્રમાણે 'સર્વધર્મ સમભાવ' 'નમ્રતા' અને અભય એ વ્રતો ગોઠવ્યાં છે.

'માલિકીહક મર્યાદા' ના ત્રણ ઉપવ્રતો, વ્યસન ત્યાગ, વ્યાજ ત્યાગ અને વ્યવસાય મર્યાદાને બદલે જૈનધર્મમાં અનર્થદંડ, વિરમણું વ્રત, દિશાપરિમાણ વ્રત, દેશાવકાશિક વ્રત, અતિથિ સંવિભાગ વ્રત તેમજ ઉપભોગ પરિભોગ વ્રતમાં કર્માદાન–ત્યાગ વ્રતરૂપે ગોઠવેલાં છે. એવીજ રીતે ગાંધીજીએ શરીર શ્રમ, સ્વદેશી વ્રતો ગોઠવ્યાં છે.

આમ આ વ્રતોની ગોઠવણ પાછળ એ દૃષ્ટિ રહેલી છે કે તેમાં બધા ધર્મોની દૃષ્ટિએ વધારે યુગોપયોગી ખાસ–ખાસ વ્રતો અને ઉપવ્રતોનો સમાવેશ કરી લેવો. જેમ ઇસ્લામ ધર્મમાં વ્યાજ લેવાનો નિષેધ છે અને તે ત્યાં વ્રત રૂપે છે. તેને અહીં ઉપવ્રત તરીકે ગોઠવવામાં આવ્યું છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બૌદ્ધ ધર્મ તેમજ ઇસ્લામમાં નશાકારી વસ્તુઓ અને શરાબ વગેરેના સેવનનો ત્યાગ કરવા માટે એક જુદું વ્રત છે. તો તેને આવરી લેતું વ્યસન-ત્યાગ નામનું ઉપવ્રત અહીં ગોઠવવામાં આવ્યું છે. એવીજ રીતે જૈનધર્મમાં સામાયિક વ્રત છે. તેનો ઉપયોગ મોટા ભાગે કેવળ એક મુહૂર્તની સાધના પૂરતોજ કરવામાં આવે છે. પણ ત્યારબાદ જીવનમાં સમત્વ ઉતરતું નથી; તેમજ ટકતું નથી. એટલે સર્વધર્મ-સમુપાસના અને વિશ્વવાત્સલ્ય વ્રત દ્વારા માત્ર એક પોતાના સંપ્રદાયના ક્ષેત્રેજ નહીં; બધાં ક્ષેત્રોમાં, દેશોમાં અને બધા કાળ માટે સર્વધર્મ, જ્ઞાતિ, સંપ્રદાય, વિચારધારા ભાષા વ.માં સમત્વ (નિષ્પક્ષપાતતા) સમ્યકત્વ (સત્યતા) રાખી કે તારવી શકવાનો પ્રયાસ કરવો પડે છે.

નવા વ્રતોનું પ્રયોજન ખરૂં !

જૈનધર્મમાં બાર વ્રતો છે. બીજા ધર્મોમાં ચાર, પાંચ, દશ, કે અગિઆર વ્રતો છે. મહાત્મા ગાંધીજીએ પણ અગ્યાર વ્રતો ગોઠવ્યાં છે. પછી વિશ્વવાત્સલ્યનાં આ નવાં બાર વ્રતો શા માટે ગોઠવવામાં આવ્યાં છે ? એનું પ્રયોજન શું ? એવો જરૂર પ્રશ્ન થશે પેલાં વ્રતોથી કામ ચાલતું હોય તો આ નવાં વ્રતો શા માટે ગોઠવવાં જોઈએ ?

એનો ઉત્તર તો એજ છે કે યુગેયુગે જીવનનાં મૂલ્યો પલટાયાં કરે છે. દેશ, કાળ અને પરિસ્થિતિ પ્રમાણે તેમાં અનેક ફેરફારો થાય છે. તે મુજબ મૂળ સિદ્ધાંતને સાચવીને જો ફેરફાર કે સુધારા વધારા ન થાય તો ધર્મ તેમજ સમાજનો વિકાસ રૂંધાઈ જાય.

જે લોકો અત્યાર અગાઉ એમ કહેતા હતા કે રાજકારણ અને અર્થકારણમાં ધર્મ ટકીજ ન શકે કે રહીજ ન શકે. તે લોકોને મહાત્મા ગાંધીજીએ રાજકારણમાં સત્ય અને અહિંસા તેમજ અર્થકારણમાં સત્ય-ન્યાય-નીતિ જાતે આચરીને બતાવી આપ્યું કે ધર્મ, જીવનનાં દરેક ક્ષેત્રમાં રહી શકે છે અને રહેવો જોઈએ. નહીં તો તે ધર્મની સાધના એકાંગી, અધૂરી કે કાચી છે. એનો સાધક પોતાની એ ખામીને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઢાંકવા માટે જવાબદારીથી ભાગવાનું, એકાંત સેવન કરવાનું, કેવળ આત્માર્થ (સ્વાર્થ) સાધવાનું, હઠયોગ સાધવાનું બહાનું લેતો ફરે છે. એટલુજ નહીં, ઘણીવાર આવા સાધકોમાં દંભ પણ વધારે પડતો જોવામાં આવે છે; એટલે સમાજ જીવનનાં બધાં ક્ષેત્રોમાં ધર્મની સાધના કરવી હોય અને ધર્મને સમાજ વ્યાપી બનાવવો હોય તો દ્રવ્ય ક્ષેત્ર, કાળ અને ભાવ જોઈને વ્રતોને નવો વળાંક આપવોજ પડશે. નવાયુગનો માનવી જે દૃષ્ટિએ વિચારે છે તે પ્રમાણે પાત્ર, સ્થાન તેમજ વાતાવરણ જોઈને તેને નવી રીતે ઘટાવીને તેમની આગળ રજૂ કરવાં પડશે. નહીં તો વ્રતોમાં જડતા આવી જવાની સંભાવના રહે છે.

આ વસ્તુનું મહત્વ યુગે યુગે દરેક યુગ પુરૂષે સ્વીકાર્યું છે. ભગવાન મહાવીરે જોયું કે હવેના યુગના લોકો વક્રજડ એટલે કે ખોટા તર્ક કરનાર તેમજ જડ થવાના છે એટલે તેમણે માત્ર ચાતુર્યામથી નહીં ચાલે; બ્રહ્મચર્યની સાથે લોકો અપરિગ્રહને નહીં ગણે, એમ માની પાંચ મહાવ્રતો ગોઠવ્યાં. તેમણે બ્રહ્મચર્યને એક અલગ વ્રત રૂપે સ્થાપ્યું. એવું મનાય છે કે તે પહેલાં ભગવાન પાર્શ્વનાથ સુધી ચાતુર્યામ ધર્મ હતો, તે અગાઉ ત્રણ વ્રતોજ હતાં–પ્રાણાતિપાત-વિરમણ, મૃષાવાદ વિરમણ અને અપરિગ્રહ. અસ્તેય અને બ્રહ્મચર્યને અપરિગ્રહમાં ગણી લેવામાં આવતાં હતાં. તે પહેલાં એક જ અહિંસા વ્રત હતું. જેમાં પાંચેય વ્રતોનો સમાવેશ થઈ જાતો. તે કાળના લોકો સરળ અને બુદ્ધિમાન હતા એટલે તે બરાબર હતું પણ સમય સમય પ્રમાણે લોકસમુદાયની બદલાતી માનસ–પરિસ્થિતિ પ્રમાણે તીર્થંકરોને વ્રત–આયોજન બદલવું પડેલું. ભગવાન મહાવીર પછીના આચાર્યોએ પણ એ વ્રતો રાજાથી માંડીને સામાન્ય પ્રજા પાળી શકે એ રીતે ગોઠવ્યાં. મૂળ તો વ્રતોની ગોઠવણ કરવાનો ઉદ્દેશ્ય છે, ધર્મની વૃદ્ધિ અને પુષ્ટિ કેમ થાય! જો ધર્મની વૃદ્ધિ એટલે કે વિશ્વના આત્માઓનો વિકાસ થવાને બદલે ધર્મના કલેવરની (સંઘ, સમાજ–તીર્થની) જ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વૃદ્ધિ–પુષ્ટિ થતી હોય, સાચો ધર્મ ઝંખવાતો હોય; સંખ્યા લોભમાં પડીને સાચા સિદ્ધાંતો એક કોરે મૂકાતા હોય તો વ્રતોમાં ફેરફાર કરવાની જરૂર છે; એમ સમજવું જોઈએ.

કેટલીકવાર એવું પણ બને છે કે વ્રતો સર્વગ્રાહ્ય ન થતાં, તેના નામે દંભ, ધૃણા, દ્વેષ વ. અનર્થો પોષાય છે. આ વાત ધર્મના વિકાસને રૂંધનારી છે. માટે યુગદૃષ્ટિએ તેમાં સુધારોવધારો થવો જોઇએ.

મહાત્મા ગાંધીજીએ સ્વરાજ્ય અને એક એકતાની દૃષ્ટિએ આખા દેશનું ઘડતર કરવા માટે અહિંસાદિ મૂળ પાંચવ્રતો સાથે, અભય, સ્વદેશી, શરીરશ્રમ, અસ્પૃશ્યતાનિવારણ, સર્વધર્મ સમભાવ અને અસ્વાદ નામનાં ઉપવ્રતો પણ ગોઠવીને રજૂ કર્યાં હતાં. આજે તેમના અવસાન બાદ અને સ્વરાજ્ય આવવાથી ઘણી વસ્તુઓમાં ફેરફાર થયો છે; તેમજ ઝડપી વાહન વહેવારે વિશ્વને નાનું કરી મૂકયું છે, એટલે આખા વિશ્વને સાંસ્કૃતિક દૃષ્ટિએ એક અને એકાગ્ર કરવાનુ છે.

આ બદલાયેલી પરિસ્થતિને લક્ષ્યમાં રાખીને આજે વ્રતો અને ઉપવ્રતો વિચારવા પડશે. આ નવી વ્રત યોજના યખતે પૂર્વવ્રતોનું અનુસંધાન—મેળ તો રહેશે જ. રખે કોઈ માને કે પૂર્વ પુરૂષોએ ગોઠવેલાં વ્રતો આનાથી કાઢી નાખવામાં આવે છે અથવા પૂર્વવ્રતોનું ખંડન થઈ જાય છે. એ પૂર્વવ્રતોનો સમાવેશ આજની નવી વ્રત આયોજનામાં થઇ જાય છે.

વ્રતોની ગોઠવણી પાછળની ભૂમિકા :

આજે વ્રતોને નવી ઢબે ગોઠવતી વખતે ત્રણ વસ્તુઓનો ખ્યાલ રાખવો પડશે. તે આ પ્રમાણે છે :—

(૧) તે વ્રતો, આજના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ–ભાવને અનુરૂપ, પલટાતા વિશ્વને દૃષ્ટિમાં રાખીને ગોઠવાવાં જોઈએ.

(૨) તે વ્રતો, સમગ્ર સમાજવ્યાપી એટલે કે સર્વ ગ્રાહ્ય બની શકે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એવાં હોવાં જોઈએ. અર્થાત્ તે વહેવારમાં આચરી શકાય તેવાં હોવાં જોઈએ.

(૩) તે વ્રતોમાં ધર્મનિષ્ઠા વિરુદ્ધના તત્ત્વો—દંભ, ધૃણા, દ્વેષ, ભેદભાવ વ. ન પ્રવેશવાં જોઇએ. એટલે કે તે વ્રતો વિકાસઘાતક, દંભવર્યા સિદ્ધાંતવિરુદ્ધ ન હોવાં જોઇએ. ધર્મવર્ધક કે પોષક હોવાં જોઇએ.

આ ત્રણેય મુદ્દાઓને જરા વિગતવાર જોઇ જઈએ એ ઠીક રહેશે.

મહાત્મા ગાંધીજીએ જોયું કે ભારત પરતંત્ર છે. એનાં કારણોમાં સ્પૃશ્યાસ્પૃશ્ય (છૂતાછૂત)નો ભેદભાવ છે; લોકોમાં સાચા વીરની અહિંસક નિર્ભયતા નથી રહી, પોતાના દેશ અને ગામડામાં બનેલી વસ્તુઓનો વપરાશ-વહેવાર ભૂલાયો છે; તેથી લોકો રોજી અને રોટી-બન્નેના અભાવે ભૂખે મરે છે. ધર્મ અને સંપ્રદાયના નામે દેશના ટુકડા થઇ રહ્યા છે. યંત્રો આવતાં શરીરશ્રમ ઓછો થયો છે અને પરતંત્રતા વધી રહી છે; સ્વાદલોલુપતા (પાંચે ઇંદ્રિયોની) વધતી જાય છે તેના કારણે પ્રજા માયકાંગલી બનીને વિલાસિતા તરફ ધસડાઈ રહી છે. એટલે એમણે જે ઉપવ્રતો સ્વદેશી, અસ્પૃશ્યતા નિવારણ વગેરે આપ્યાં તે બરાબર હતાં તે યુગદૃષ્ટિએ યોગ્ય પણ હતાં.

પણ, આજે યુગ બદલાયો છે. નવા યુગની દૃષ્ટિએ આ જૂના મસાલાને લઈને નવો વળાંક નહીં આપીએ તો સમાજ અને વ્યક્તિ પછાત રહી જશે અને યુગબળ આગળ વધી જશે. યુગબળ એટલે વિશ્વના બધા પ્રવાહોનો વિચાર કરીને આજે વિશ્વવાત્સલ્યનાં જે બાર વ્રતો મૂકાયાં છે તે બરાબર છે કે કેમ? તેની વિશેષતા સાંસ્કૃતિક દૃષ્ટિએ છે કે નહીં? એની ચકાસણી કરી લેવામાં આવે એ ઠીક થશે.

આ બધાં વ્રતો મુનિશ્રી સંતબાલજીએ પોતાના ૧ વર્ષના સમાન એકાંતવાસના મંથનો બાદ મૂક્યાં છે. કોઇ એમ ન માને કે તેના વડે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નવો પંથ કે વાડો ઊભો કરવાની તેમની ઇચ્છા છે. તેમણે તો ધર્મવિચારમાં, યુગદૃષ્ટિએ ચિંતન-સંશોધન કરીને તેને નવી રીતે-તેનાં મૂલ્યોને સમાજ સ્વીકારે અને તે વહેવારૂ બને એ માટે રજૂ કર્યાં છે; એમ વિનમ્રપણે કહી શકાય.

વ્રતોનાં નવાં મૂલ્યો

સૌથી પહેલાં બ્રહ્મચર્ય વ્રત છે. તે વિધેયાત્મક રીતે મૂકયું છે. તે એટલા માટે કે તેથી બ્રહ્મચર્યને સામાજિક રૂપ મળે છે.

વિશ્વવાત્સલ્યમાં માનનારા દરેક સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળે એ તેનું અંતિમ લક્ષ્ય છે જ, સાથેજ કક્ષા પ્રમાણે નીતિનિષ્ઠા પ્રમાણે તેમણે સંયમ રાખવાનો છે. જનસંગઠનના સભ્યો એ બ્રહ્મચર્ય વ્રતમાં, સ્વપત્ની સંતોષ જેવી મર્યાદા રાખવાની છે. એટલું જ નહીં આવા લોકસેવકો જેઓ ગૃહસ્થાશ્રમમાં હશે તેમણે સંતાન મર્યાદા કરવાની છે અને તે પણ સંયમથી, એ અંગે તેમણે વિલાસ, વ્યસન, ટાપટીપ વગેરેથી દૂર રહેવાનું છે અને એ સાથેજ ખાન-પાન-શયનનો વિવેક રાખવાનો છે. ગ્રહસ્થો માટે તો બ્રહ્મચર્યની ચરમસાધના રૂપે સ્વપત્ની મર્યાદાથી માંડીને સ્વપત્ની બ્રહ્મચર્ય વ્રત છે તેમજ સાધુઓ માટે તો પૂર્ણ બ્રહ્મચર્ય પાળવાનું છે. આમ છતાં નિર્દોષ શરીર સ્પર્શથી પણ સાવધાન રહીને, વિવેક પૂર્ણ રીતે તેમણે બ્રહ્મચારિણી બહેનો અને સાધ્વીઓના ઘડતર માટે નવાં મૂલ્યોની દૃષ્ટિએ વિચારવાનું પણ રહે છે. આજના યુગ પ્રમાણે બ્રહ્મચારીએ પોતાના ઉપર વિશ્વાસ રાખવાનો છે અને તેમણે સંપૂર્ણ તકેદારી રાખવાની છે. પણ, માતાઓ કે બહેનોથી અતડા કે બીતાં રહેવાની જરૂર નથી.

એવીજ રીતે સત્યશ્રદ્ધાને પણ સામાજિક સ્વરૂપ આપવાનું છે. તેથી સમાજમાં આજે ચોમેર જે છળછિદ્રો, દંભ, આશયમાં પરિવર્તન, અન્યાય, અનીતિ વગેરે ચાલે છે તે બધીજ બદીઓને દૂર કરવા માટે લોકસંગઠનો સ્થાપી તે તે લોકસંગઠનોએ ન્યાય અને નીતિ ઉપર મદાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બાંધવો પડશે. એ માટે સર્વપ્રથમ લોકસેવકોએ સત્યનું ખાસ-પાલન કરવું પડશે અને તેનું લક્ષ્ય પૂર્ણ સત્ય તરફનું રાખવું પડશે. એના માટે સર્વધર્મ સમન્વય, નિંદા સ્તુતિ પરિહાર અને ક્ષમાપના એ ત્રણે ઉપવ્રતોમાં તેમણે જાગૃતિ રાખવી પડશે. જો એમ ન થાય તો જગતનો વિશ્વાસ સાધુ સંસ્થા ઉપર નહીં બેસે.

હવે ત્રીજું મૂળ વ્રત માલિકી હક મર્યાદા છે-તે અંગે જરા ઊંડાણથી વિચાર કરવો જરૂરી છે. અહીં માલિકી હક મર્યાદા મૂળ વ્રત સ્વરૂપે રજૂ કરવામાં આવે છે ત્યારે સંત વિનોબાજી માલિકી હક વિસર્જન કે માલિકી હક-ત્યાગની વાત કરે છે. દેખીતી રીતે એ બે વચ્ચે મોટો ફરક છે અને વિરોધાભાસ લાગે છે.

અહીં જે વિચારવાનું છે તે કેવળ સાધુસંસ્થા કે એકલ દોકલ વ્યક્તિની દૃષ્ટિએ નહીં પણ જગતના બધા વર્ગના લોકો અને સંસ્થાઓની દૃષ્ટિએ વિચારવાનું છે. વિશ્વના બધા ધોરણના લોકોની દૃષ્ટિએ વિચાર કરતાં એમ જણાયા વગર રહેતું નથી કે સર્વથા માલિકી હક ત્યાગ કે સ્વામિત્વ-વિસર્જન; એ વહેવારૂ થતું નથી.

પ્રશ્ન એ છે કે માલિકી હકને સર્વથા કોણ ત્યાગી શકે? એવાજ લોકો કે જેમને સમાજ તરફથી નિશ્ચિંતતા હોય. આવા વર્ગમાં તો કેવળ સાધુ સન્યાસીઓ આવી શકે અથવા ઉચ્ચ કક્ષાના થોડાક લોકસેવકો આવી શકે. તેમને એવી નિશ્ચિંતતા હોય છે કે ભલે મારી પાસે માલિકી હક ન હોય, પણ હું જ્યાં જઈશ ત્યાં મને ખાવા-પીવાનું તેમજ રહેવાનું અને પહેરવા-ઓઢવાનું મળી રહેશે.

કેટલાક લોકો એક બીજી વાત રજૂ કરે છે કે સમાજને જીવતદાન આપી; સમાજ-સમર્પણ થઈને; ૧૦૦-૧૫૦ રૂ.નો પગાર નિર્વાહ અર્થે લેવો-માલિકીના ધોરણે લેવો; જીવતદાનના ત્યાગની સાથે એ બંધબેસતું નથી. એમાં તે જીવનદાની જીવનદાન અંગે સમાજ તરફથી પ્રતિષ્ઠા તો મેળવી જ લે છે અને નિર્વાહ-વ્યય લઈને બીજી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માલિકી ઊભી કરે છે. એક તો એ અજુગતુ છે અને બીજું એમાં દંભ પેસવાની સંભાવના ઊભી થવાનો ભય હમેશાં રહેજ છે.

ઘણીવાર એવું જોવામાં આવે છે કે અમુકભાઇ પોતાના પરિગ્રહની મર્યાદા એક લાખ રૂપિયાની કરે છે. જ્યારે મૂડી એકલાખથી વધે છે તો તે વધારાની મૂડી પોતાની સ્ત્રી, પુત્ર, પુત્રી વ.ના નામે કરતો જાય છે અને માલિકી-હક પણ રાખે છે. આમ દંભ ન પેસે અને વહેવારૂ પણ બને તે માટે માલિકી હક મર્યાદા વ્રત રાખવામાં આવ્યું છે.

વિશ્વમાં આજે મૂડીવાદ, સામ્યવાદ, સમાજવાદ વિ. ઘણા બધા વાદો છે અને રહેશે. આ દરેક વાદમાં કયાંક સમાજની, કયાંક વ્યક્તિની તો કયાંક રાજ્યની માલિકીની વાતં થાય છે. જો માલિકી હક-વિસર્જનની વાત થાય તો પછી રાજ્ય કે સમાજનું સ્વામિત્વ પણ છોડાવવું પડશે. જો એમ ન થાય તો સ્વામિત્વ-વિસર્જન નહીં થાય અને તે સ્વામિત્વ સમાજ કે રાષ્ટ્રમાં કેંદ્રિત થઈ જશે. આમ થાય એ તો વધારે ભયંકર છે; અને તેના પરિણામ-સ્વરૂપે એક રાજ્ય કે સંગઠન બીજાં રાજ્યો કે સંગઠનોને શોષવાનું; કબ્જે કરવાનું કારણ બની જવાનો સંભવ છે.

ભૂદાનમાં પ્રારંભમાં માલિકી હક-મર્યાદાની વાત હતી એટલે પૂ. સંતબાલજી મહારાજશ્રીએ એમાં ખૂબ રસ લીધો હતો. જ્યારે ગ્રામદાન દ્વારા આખા ગ્રામની ભૂમિના સ્વામિત્વ-વિસર્જનની વાત આવી ત્યારે એમણે વિચાર્યું કે આમાં ખેડૂતોને નિશ્ચિંતતા રહેશે નહીં. તેમજ તેના ઘડતર કે વ્યવસ્થા માટે લોકસેવકો છેવટ સુધી રહેશે નહીં. ત્યારબાદ એકજ પરિણામ આવે કે ગ્રામદાનથી આવેલાં ગ્રામો બધા રાજ્યના હાથમાં સોંપવા પડશે. રાજ્ય ગ્રાંટો આપ્યા કરશે; રાહત વૃત્તિથી આખું કામ ચાલુ રહેશે.

આનાથી ગ્રામદાની ગ્રામોમાં નૈતિક શક્તિ જાગૃત નહીં થાય. એટલે એમને રસ ઓછો થયો. જ્યાંસુધી ગામડાં, મજુર-મધ્યમવર્ગ કે પછાતવર્ગને નિશ્ચિંત ન કરી શકાય ત્યાંસુધી માલિકી હક-વિસર્જનની વાત હવામાંજ રહેશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એટલા માટે ભાલ નળકાંઠા પ્રદેશમાં, તળાવ વ. ખોદાવવાના કારણે સરકારે ખેડૂતોની જે જમીન લઈ લીધી હતી તેના બદલે રૂપિયા ન અપાવતાં ખેડૂતોને જમીન જ આપવામાં આવી. જેથી ખેડૂતોને નિશ્ચિંતતા રહે. આ રીતે તેમને નિશ્ચિંત કર્યા પછી જ, માલિકી હક મર્યાદાથી આગળ લઇ જઇ શકાય. શરીર શ્રમ તો ગામડાં, શહેરો, લોકસેવકો તેમજ સાધુઓ વ. બધા એક યા બીજી રીતે કરેજ છે. માત્ર સ્થૂળશ્રમ હોય તો ભૌતિકતાની લાલસા વધે એટલે એની સાથે 'વ્યવસાય-મર્યાદા' પણ વ્રત રૂપે મૂકી છે. એથી તન-મન અને બુદ્ધિ વડે જે વેપાર લોકસેવક કે ખેડૂત કરશે તેમાં મર્યાદા આવશે. શરીરશ્રમ તેમજ બુદ્ધિનો શ્રમ બન્નેનો સમન્વય કરવો પડશે. રાષ્ટ્ર ઘાતક ધંધાઓથી લોકોને છોડાવવા પડશે.

અસ્વાદમાં સ્વાદનો સર્વથા ત્યાગ સૂચવાય છે-પણ તે વહેવારૂ નથી માટે 'ખાન-પાન-શયન વિવેક' અને 'વ્યસન ત્યાગ' ને વ્રતો રૂપે મૂકવામાં આવ્યાં છે. સાથેજ જીભ સિવાય બાકીની ઇંદ્રિયોનો સ્વાદ પણ દૂર થાય એ માટે 'નિંદાસ્તુતિ પરિહાર' છે. આ રીતે બાર વ્રતોનો વિચાર કરવામાં આવ્યો છે તેમાં યુગની દૃષ્ટિ રહેલી છે અને તેથી ધર્મની વિશેષ પૃષ્ટિ થશે અને વિશ્વવાત્સલ્યની ધર્મનિષ્ઠા સારી રીતે ખીલશે.

ચર્ચા-વિચારણા

સજ્જનો વસે તે સ્વર્ગ

આજની ચર્ચા પ્રારંભ કરતાં પૂ. શ્રી **દંડીસ્વામીએ** કહ્યું : "વ્યકિતગત અને સમાજગત જીવન વ્યવસ્થાને ટકાવનાર સદ્ધર્મને ભારતીય સંસ્કૃતિએ ઠીક ઠીક સાચવ્યો છે. સંતો, દ્વિજો, મહાજનો, ક્ષત્રિયો એમ અનેક સજ્જનોએ પ્રાણને હોમીને પણ ધર્મરક્ષા કરી છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધર્મરાજા સદેહે સ્વર્ગમાં ગયેલા એવી વાત મહાભારતના સ્વર્ગારોહણ-પર્વમાં આવે છે. ત્યાં ભગવાન શ્રીકૃષ્ણ તેમને સામે લેવા માટે આવે છે. બન્ને જણા ચાલ્યા જાય છે. માયાથી જે સ્વર્ગ હતું તે નરક દેખાય છે. અને નરક છે તે સ્વર્ગ દેખાય છે.

ભગવાન શ્રીકૃષ્ણ પૂછે છે : "બોલો કયાં જવું છે?"

જવાબ મળ્યો : "જ્યાં મારા ભાજણ્યા ભાઈઓ છે ત્યાં! કારણ કે, એમણે જે કર્મો કર્યાં છે તેમાં મુખ્યપણે હું જવાબદાર છું. એ નરકમાં હોય તો મારે નરકમાં જવું છે—સ્વર્ગમાં નથી જવું!"

મતલબ કે જો સજ્જનો નરકમાં હોય તો યુધિષ્ઠરને મન તે સ્વર્ગ છે અને દુર્જનો જો સ્વર્ગમાં હોય તો તે સ્વર્ગ પણ તેને મન નરક છે."

આ છે વિશ્વવાત્સલ્યની ધર્મનિષ્ઠા, જે નરકને સ્વર્ગ બનાવે છે. જ્યાં વિશ્વવાત્સલ્ય હશે ત્યાં ધર્મ હશે. અને જ્યાં ખરેખર ધર્મ હશે ત્યાં વિશ્વવાત્સલ્યની આચારનિષ્ઠા હશે જ!

ધર્મનિષ્ઠાનું ઉત્તમ પ્રતિક 'મા'

શ્રી માટલિયાજીએ કહ્યું : "મુનિશ્રી સંતબાલજીએ આપણને કહ્યું જ છે કે વિશ્વનાં પ્રાણીમાત્રને પોતાં રૂપ જોવાં અને 'મા'ની જેમ વાત્સલ્યથી નવડાવવાં. વિશ્વવાત્સલ્યની ધર્મનિષ્ઠા માટે "મા" ઉત્તમ ઉદાહરણ અને પ્રતિક રૂપ છે. તે બાળકો માટે ત્યાગ અને સેવા કરીને કેવો અજોડ આનંદ માણી શકે છે?

એવી જ રીતે સૌ પોતપોતાના ધર્મમાં રહ્યા છતાં વિશ્વવાત્સલ્યની ધર્મનિષ્ઠા રાખી શકે છે. અસત્યથી વિશ્વવહેવાર ચૂંથાઈ જાય છે અને સત્યથી તે વ્યવસ્થિત જળવાયો રહે છે. એ માટે સત્ય મુખ્યત્વે (કેન્દ્રમાં) આવે! જીવમાત્રને અભય આપવાની વાત આચારમાં અહિંસા આવ્યા વિના ન રહે. આમ સત્ય અને અહિંસા એ બેની આસપાસ જેમ કેટલાક તીર્થંકરોએ ચાર; તો કેટલાકે પાંચ વ્રતો ગૂંથ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાર્શ્વપ્રભુએ ચાર આપ્યાં. મહાવીર પ્રભુએ પાંચ અને રાત્રિભોજનનો ત્યાગ એમ છ વ્રતો કર્યાં. તેમાં પણ ગૃહસ્થોના પાલન માટે અલગ મર્યાદા બાંધી એ પાંચ વ્રતોને લઘુ કર્યાં, અને તેમના વિકાસ માટે ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષણ-વ્રતો ઉમેર્યાં; આમ બાર વ્રતો થયાં. મહાત્મા ગાંધીજીએ યુગની માંગને ધ્યાનમાં રાખીને ધર્મને રાષ્ટ્રીય રૂપ આપીને અગિયાર વ્રતો પોતાની ઢબે રજુ કર્યાં.

આપણે જગતની માંગને દૃષ્ટિએ થોડો ફેરફાર કરીને અગિયાર કે બાર વ્રતો કરીએ છીએ. પણ આ બધામાં મુખ્ય વાત બે છે :-(૧) સત્ય-જગતના વહેવારને સરળ બનાવનાર તત્ત્વ, અને (૨) અહિંસા પ્રાણીમાત્રને અભય (સુરક્ષા) આપે તે જીવન ભાવના. આ રીતે જૈનધર્મ વિશ્વધર્મ બનવાની ગુંજાઇશ ધરાવી શકે છે. ગાંધીજી હિંદુધર્મને તેજ દૃષ્ટિએ જોતા. આપણે એ મૂળતત્ત્વના આગ્રહી રહીએ એટલે બધા લોકોને એ વાત પોતીકી લાગશે. જ્યાં દર્શન સારૂં થયું કે બધાં વ્રતો કેંદ્રીય (મુખ્ય) તત્વની આસપાસ બરાબર ક્રમેક્રમે ગોઠવાઇ જશે.

અહિંસાની ઉપયોગિતા

દુનિયાની માનવજાત સામે પ્રથમ સવાલ છે: "રશિયન અને અમેરિકન જૂથનો. તે બન્નેની સામસામે છાવણીઓ પડી છે. તેઓ એક બાજુ હથિયાર તેજીલાં બનાવી રહ્યાં છે, જ્યારે બીજી બાજુ બન્નેને પોતાના ખુદના અને પ્રજાના નાશનો ડર છે. છતાં માર્ગ મળતો કેમ નથી? કારણ કે પરસ્પરનો અવિશ્વાસ છે. અવિશ્વાસ એટલા માટે કે કદાચ કહી દઈએ અને હુમલો સામેથી કરે તો શુ? એટલે વાતો છુપાવે છે.

અહીં અહિંસાજ કામ લાગશે. બાપુને સત્યની શોધમાંથી અહિંસા મળી હતી. આમ સત્ય-અહિંસાને આખું જગત ઝંખે છે. આપણે એમાં પણ બ્રહ્મચર્ય (સંયમ) ઉપર વિશેષ ભાર આપશું. જ્યારે પશ્ચિમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ ઉપર ઓછો ભાર આપશે. પણ ગમે તે રીતે તત્વ જળવાઈ રહેવું જોઈએ.

ધર્મનિષ્ઠા, વ્રતોને આચારમાં મૂકવા માટે છે. વિશ્વવાત્સલ્યનું દર્શન જેનું સ્પષ્ટ હશે તે આપણાં વ્રતોને આચારમાં મૂક્યા વિના રહી શકશે નહીં.

ગ્રામ સંગઠનની જરૂરત :

સવારના નેમિમુનિએ ગ્રામદાનના સંદર્ભમાં જે કહ્યું તે આમ તો સાચું છે. પણ થોડો વધારે ખુલાસો કરી દઉં. ઓરીસ્સામાં કોરાપુર જિલ્લામાં જ્યારે ગ્રામદાનો થયેલાં ત્યારે હું ત્યાં ગયેલો. ભૂમિ સૌને સમાન ન હતી. ચાર પાંચ ગણાં અંતરવાળી હતી. દા. ત. એક કુટુંબને એક એકર હોય તો બીજાને ચાર-પાંચ એકર હોય. પણ આ મર્યાદા ગ્રામસમાજે નક્કી કરવી જોઈએ. વ્યક્તિમાં સ્વાર્થ અને મમતા વધુ હોવાનો સંભવ છે એટલે સમાજ નક્કી કરે એ વાત ઠીક છે.

પણ ગ્રામ-સમાજ કયો ?

સંસ્થા કે સંગઠન સિવાય ગ્રામ-સમાજ ઘડાય નહીં અને ઘડાએલો સમાજ ન બને ત્યાં લગી કાર્યક્રમો સફળ ન થાય; અથવા પછી તેવાં ગ્રામો રાજ્યોને સોંપવા પડે. આથી ત્યાં કોઈ નૈતિક બળ વાળી સંસ્થા હોવી જોઈએ. આ વાત વિનોબાજી સ્વીકારે ત્યારેજ વહેવાર સરળ થઈ શકે. એટલે ટ્રસ્ટીશિપ કે માલિકી હક મર્યાદાની વાત વિનોબાજી સ્વીકારે છે, તેમ ગ્રામ-સંગઠનની વાત પણ સ્વીકારે, તો બન્નેનો તાળો મળી જશે. જીવનદાની માટે તો તેઓ અપરિગ્રહની જ વાતો કરે છે. બાકી ગ્રામસમાજ માટે તો તેઓ માલિકી હક મર્યાદાની જ વાત કરે છે. એવો મારો નમ્ર અભિપ્રાય છે.

ધર્મનિષ્ઠાનો પ્રભાવ :

શ્રી પૂંજાભાઈએ કહ્યું : એક વખત બુદ્ધ મહાત્મા અને એમના અનુયાયીઓ એક સ્થળે ગયા. તેમના માટે સરઘસ કાઢ્યું. તેઓ જતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતા કે એક જણે ગજવામાં બે સોનામહોર નાખી. આ દૃશ્ય એક અનુયાયીએ જોયું. એટલામાં એક બીજા જણે તે બન્ને સોનામહોરોને કાઢી લીધી. આટલા બધા માણસો વચ્ચે કાઢી લીધી છતાં લેવા દીધી. અનુયાયી બોલવા જતો હતો પણ ઈશુએ તેમને ચૂપ કર્યા.

સત્સંગ કરી બધા વિખેરાયા ત્યારે પેલા અનુયાયીએ તેમ કરવાનું કારણ પૂછ્યું : "આપે આમ કેમ કર્યું ?"

ઈશુએ કહ્યું : "માણસની પ્રતિષ્ઠા કરતાં બે સોનામહોરોનું મૂલ્ય વધારે નહતું. એટલા બધા માણસોમાં જો એ વાતની ખબર પડત તો એ બાપડાનું શું થાત ?"

ખરેખર તો એ ગૂંડો અને ચોર હતો. તેજ દિવસે તેણે કચાંક ચોરી કરેલી. એટલે એક મોટું માણસોનું ટોળું તેની પછવાડે આવતું હતું. તે નાસીને ઈશુનો ઉતારો હતો ત્યાં જ પેઠો. ઈશુ મહાત્મા દીવાના ઉજાસમાં વાંચી રહ્યા હતા. આ વખતે તેમણે દીવો ઠારી નાખ્યો. ટોળું બીજે રસ્તે ભાગી ગયું.

આટલા ઉપકાર છતાંયે તે ચોરે ઈશુ પાસે મૂકેલી એક ચાંદીની દીવડી ચોરી લેવા માંડી. ત્યારે તેને બીજી ચાંદીની દીવડી આપતાં ઈશુએ કહ્યું : "આ પણ લઈ જા ! પણ આ ધંધો સારો નથી !"

આ પછીથી પેલા ચોરને વિચાર આવ્યો : "મેં સોનામહોર એટલા બધા માણસોની વચ્ચેથી લઈ લીધી. મને ચોર જાણવા છતાં જેમનો ચહેરો બદલાયો નહીં. મારી પાછળનાં ટોળાંમાંથી હું બચવા અહીં આવ્યો તો યે મને આશરો આપ્યો. મેં દીવીની ચોરી કરવા માંડી તો બીજી પણ આપવા માંડી, ખરેખર આ દૈવી પુરૂષ છે." તે એમના ચરણોમાં ઢળી પડ્યો. તેણે ક્ષમા માંગી અને તે સંત થઈ ગયો. ઈશુના ચારિત્ર્યની તેના ઉપર અસર થઈ. વિશ્વવાત્સલ્યની જો ધર્મનિષ્ઠા ન હોત તો આવા ચોર અને ડાકૂ ઉપર પ્રેમ આવી શકત.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નહીં. કેવળ માનવ જ નહીં, પશુપ્રતિ પણ અખાહમ લિંકને આત્મીયતા દેખાડી હતી. તેથી જ તેમણે કીચડમાં પડેલાં ભૂંડને કપડાંની દરકાર કર્યા વગર કાઢયું. તેમના કપડાં ઉપર છાંટા ઉડયા પણ તેમણે એવી ખોટી ધનજતની દરકાર ન કરી અને તેઓ સમયસર અદાલતમાં પહોંચ્યા.

દાદુ ભગતનો દાખલો :—

ખેડા જિલ્લામાં દાદુરામ ભગત થયા છે. તેમણે દરિયા કાંઠાના ધુવારણ ગામે જતાં, એક સાંઢને ભાંભરતા સાંભળ્યો અને તેની આસપાસ સમડીગીધનાં ટોળાં જોયાં. ભજનના બદલે ત્યાં જ સેવા કરવા મંડી પડયા. મોટું વજનદાર જનાવર ! ચાર દિવસ ખાધા–પીધા વગર તેની સેવા કરવામાં લાગી ગયા. ચાર દિવસે તેનો માલિક દેખાયો. જો વિશ્વવાત્સલ્યની નિષ્ઠા ન હોત તો તેઓ આવે વખતે આટલું ન કરી શકત.

આપણે તો આવી વ્યક્તિગત સાધના ઉપરાંત, સમુદાયગત અને સંસ્થાગત અનુબંધવાળી સર્વાંગીક્રાંતિની વાત કરી રહ્યા છીએ, એટલે એ તો આનાથીયે આગળની વાત છે.

પરિગ્રહ–પ્રાણ અને અભિમાનનો ત્યાગ

શ્રી સુંદરલાલભાઇ કહે : "આપણે પરિગ્રહ, પ્રાણ અને અભિમાનનો સંપૂર્ણ ત્યાગ નહીં કરતા શીખીએ તો સર્વાંગી ક્રાંતિ આવી શકશે નહીં. આજે તો બધું ત્યાગ કરનાર ભક્તો, સંતો પણ અજ્ઞાનતા અથવા અભિમાનથી પોતાનું સ્થાન ગુમાવે છે. નારદજીને અભિમાન થયું એટલે એક નાના ભકતે કરી બતાવ્યું. તે તેમનાથી થઈ શકયું નહીં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વ્રતનિષ્ઠાનો પ્રભાવ :

શ્રી સવિતાબહેને કહ્યું : "એક બહેનની વાત આ પર્યુષણ પર્વ અંગે કહું છું.

તે બહેને પૂછ્યું : "તમે તપ કરો છો એ જાણી મને નવાઇ લાગે છે. ચૌવિહાર, સામાયિક, પ્રતિક્રમણ બધું યે કરો છો. કેટલાંક તો આગળ વધીને આ બધાંને તરછોડે છે, જ્યારે તમે તો સર્વધર્મ સમન્વયમાં માનવા છતાં ભગવાન મહાવીર અને અહિંસા વગેરેમાં ઘણું માનો છો. સમજણ તેમ જ જ્ઞાનમય ત્યાગથી બધી ક્રિયાઓ પણ કરો છો, આ જ ખરેખર સત્યદૃષ્ટિ છે. તમને આવા સતપુરૂષના સત્સંગનો લાભ મળે છે, અમને કયારે મળશે?"

તે પછી તેમણે પૂછ્યું: "સંતબાલજી મુનિ મુહપત્તિ પણ રાખે છે?"

મેં કહ્યું: "મૌન વખતે ન રાખવી અને બોલતી વખતે કે જરૂર વખતે રાખવી, આમ તેઓ કહે છે."

આ બધું જોઈ-ખુલાસો સાંભળી તે ખુશી થયાં. આવા તો કેટલાયે પ્રસંગો શિબિર દરમ્યાન જોવા મળે છે,

શ્રી બ્રહ્મચારીજીએ દયારામ ભગતે શેરસિંહને સુધાર્યો તેની વાત જણાવી હતી. એવી જ રીતે એક સંતે વેશ્યાને સુધારી તેનો દાખલો આપ્યો હતો.

સર્વક્ષેત્રની ધર્મક્રાંતિ શા માટે?

શ્રી દેવજીભાઈ કહે : "જૈન પરંપરામાં કુંદકુંદાચાર્ય જેવા તત્ત્વ સુધારક થયા. હેમચંદ્રાચાર્ય જેવા સંસ્કૃતિના ક્રાંતિકાર થયા અને લોંકાશાહ જેવા ધર્મક્રાંતિકાર થયા. છતાં તેમણે સર્વ ક્ષેત્રે ધર્મક્રાંતિની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વાત ન કરી અને આ યુગે આપને સર્વ ક્ષેત્રની ધર્મક્રાંતિ માટે મૂળ વ્રતોને સાચવી આવડા મોટા ફેરફારોની વાત કેમ સૂઝી ?"

તેનો જવાબ આપતાં **મુનિ શ્રી સંતબાલજીએ** કહ્યું: "સવારે નેમિમુનિએ કહ્યું તે મુજબ પ્રથમ સત્ય, પછીથી ત્રણ પાર્શ્વપ્રભુ વખતે ચાતુર્યામ અને ભગવાન મહાવીર વખતે પાંચ મહાવ્રતો તેમજ ગૃહસ્થો માટે બાર અણુવ્રતોની વાત કરી હતી, તે અને પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિઓ વગેરે ઉપરથી જૈનધર્મે વ્યાપક વાત કરીજ છે. આચાર્યોએ યુગાનુસાર ફેરફારો પણ કર્યા છે. હવેનો જમાનો બદલાયો છે. સમાજ, સમુદાય અને સંગઠનોની વાત આગળ આવે છે.

ગાંધીજીએ સામુદાયિક અહિંસાના પ્રયોગો કર્યા; સંસ્થાઓ ઊભી કરી અને તેને શુદ્ધ સંગીન બનાવી હતી. ધર્મક્રાંતિકારોએ પણ સેંકડો વર્ષોથી દેશ-પરદેશમાં કામ કર્યું જ છે. આ બધાનો સંદર્ભ લઈને જૈનધર્મનાં અનેકાંતવાદ, તેમજ વ્યાપક અને છતાં ઝીણામાં ઝીણી અહિંસાની વાતના કારણે આ ફેરફારો આવ્યા છે. એટલે આ વાત સાવ નવી નથી. જૂનાનું જ સંશોધન છે.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

[૧૦] વિશ્વવાત્સલ્યમાં બ્રહ્મચર્ય વિચાર

[૨૫-૯-૬૧] —મુનિશ્રી નેમિચંદ્રજી

વિશ્વવાત્સલ્યના બાર વ્રતોના પરિચય રૂપે આ અગાઉ વિચાર થઈ ચૂક્યો છે. તેમાં વિશ્વવાત્સલ્યનાં જે ત્રણ મૂળવ્રતો છે:-(૧) બ્રહ્મચર્ય (૨) સત્યશ્રદ્ધા (૩) માલિકી હક મર્યાદા. તેના ઉપર અલગ અલગ જરા વિસ્તારથી વિચાર કરી લેવો યોગ્ય ગણાશે. આ મૂળવ્રતો અને તેમનાં ઉપવ્રતોની યોજના યોગાનુરૂપ નવી દૃષ્ટિએ કરવામાં આવી છે, એટલે મૂળવ્રતો અંગે જેટલું સ્પષ્ટ અને સવિસ્તાર વિવેચન થાય તેટલુંજ તે વિષયને સમજવામાં અને તે મુજબ આચરણ કરવામાં સરળતા રહે છે.

આજે બ્રહ્મચર્યવ્રત ઉપર નવી દૃષ્ટિએ વિચાર કરવાનો છે. વિશ્વવાત્સલ્ય અને બ્રહ્મચર્યને હમેશાં અતિ નિકટનો સંબંધ છે. વિશ્વવાત્સલ્ય માટે જેમ બ્રહ્મચર્ય અનિવાર્ય છે તેમ બ્રહ્મચર્યની સંપૂર્ણતા પણ વિશ્વવાત્સલ્ય પ્રગટાવવામાં પરિણમે છે. એ દૃષ્ટિએ બ્રહ્મચર્યનો કેવળ 'મૈથુન સેવવું નહીં' એટલોજ નિષેધાત્મક ટુંકો અર્થ લેવાનો નથી.

બ્રહ્મચર્ય અંગે અલગ અલગ પ્રકારની વ્યાખ્યાઓ સાંભળવા મળે છે. એક તો ઉપર કહેવામાં આવી તે પ્રકારની નિષેધાત્મક વ્યાખ્યા છે. પણ તે એક તરફી છે; સંપૂર્ણ નથી. મહાત્મા ગાંધીજીએ પાંચે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઇંદ્રિયોના સંયમને બ્રહ્મચર્ય કહ્યું છે. ભારતના પ્રાચીન ગ્રંથો–વેદોમાં બ્રહ્મચર્યનો અર્થ આ પ્રમાણે કરવામાં આવ્યો છે :—"બ્રહ્મ એટલે વિશ્વના આત્માઓ અને ચર્ય એટલે જેની સાથે વિચરણ કરવું." એટલે કે વિશ્વના બધા આત્માઓ સાથે વિચરણ કરવું, એ બ્રહ્મચર્ય છે. આમ બ્રહ્મચર્યને બધા આત્માઓ સાથે વિચરણ કરવા માટેનું સાધન માનવામાં આવ્યું છે. એજ કાર્ય વિશ્વવાત્સલ્યે કરવાનું છે. બધાયે આત્માઓની સાથે વિચરણ કરવા માટે વાત્સલ્ય જરૂરી છે. અને વાત્સલ્ય જ્યારે જરૂરી બને છે ત્યારે બ્રહ્મચર્યનો માત્ર નિષેધાત્મક અર્થ કરી; નારી જાતિથી અતડા, અળગા કે ડરતા રહેવું; સ્ત્રીનું મોઢું પણ ન જોવું, એવો ભાવ તારવવો ખોટો છે. એ તો બ્રહ્મચર્યની કેવળ એકાંગી, વ્યક્તિગત, સ્વાર્થી અને અધૂરી કાચી સાધના ગણાશે. 'કેવળ શારીરિક વિકારથી બચતા રહેવું' એટલો જ અર્થ બ્રહ્મચર્યનો થતો નથી; ત્યાં તો બધા આત્માઓમાં આત્મભાવ સાથે વિચરણ કરવું એવી સ્પષ્ટ વ્યાખ્યા છે.

વાત્સલ્ય અને વિકાર બન્નેનાં મૂળ એક નથી. વાત્સલ્યનું મૂળ ચૈતન્ય–આત્મા છે; જ્યારે વિકારનું મૂળ જડતા–શરીર છે. વાત્સલ્ય એ આત્માનો ભાવ છે, જ્યારે વિકાર વિભાવ છે. ઘણા લોકો વાત્સલ્યને પણ વિકાર અને વિકારને વાત્સલ્ય ગણી, બન્નેની એકતાનો ભ્રમ ઊભો કરે છે. પરિણામે વિકારના જોખમે તેઓ વાત્સલ્યને પણ પડતું મૂકે છે. આમ થવાથી સમાજની પ્રગતિ રૂંધાય છે; અટકે છે કે એકતરફી બને છે. એટલે વિશ્વવાત્સલ્યની નિષ્ઠાપૂર્વકની સાધના માટે વિધેયાત્મક બ્રહ્મચર્યની જરૂર રહે છે; અને વિધેયાત્મક બ્રહ્મચર્ય માટે સ્ત્રી અને પુરૂષ બન્નેની સહચારિતા અનિવાર્ય છે. અહીં સહચારિતા એટલે સાથે રહેવું–અતડા બનીને ન ફરવું એ અર્થમાં છે; નહીં કે શારિરિક સંબંધ.

જાતીય મનોવિજ્ઞાનના પ્રવર્તક ફ્રોઇડે મૈથુનને—સ્ત્રી પુરૂષના–સાહચર્યને અનિવાર્ય માન્યું છે. પણ એનો જે અર્થ શારિરિક–સંબંધજન્ય સ્થળ વિષય ભોગ રૂપે ઘટાવવામાં આવે છે એ બરાબર નથી. સ્ત્રી અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુરૂષ સાથે રહેવા છતાં બ્રહ્મચર્ય દ્વારા પરસ્પર પૂરક બને એવું આપણા ઋષિ-મુનિઓએ આચરીને બતાવ્યું છે.

એટલે વિશ્વવાત્સલ્યને માનનારા સાધક-સાધિકાઓ માટે યુગાનુરૂપ વિશાળદૃષ્ટિએ બ્રહ્મચર્યનો વિચાર કરવાનો છે. એકલા કે અતડા રહીને બ્રહ્મચર્ય પાળવા જતાં તે કાચું એકાંગી બને છે અને તેમાં દંભ પેસી જવાનો ભય છે. માનવ-નર અને માનવ-નારી એ બન્ને જ્યાં સુધી આત્મિક તાદાત્મ્ય નહીં અનુભવે ત્યાંસુધી બન્નેને એકબીજાના સાચા ગુણોનાં દર્શન થઈ શકતાં નથી. આત્મીયતા અનુભવાયા વગર બન્ને શારિરિક આકર્ષણ અને વાસનાથી પ્રેરાઈને શરીર સંબંધ બાંધવા તરફ ધસડાય છે અને પરિણામે બ્રહ્મચર્યનો હ્રાસ નોંતરી બેસે છે. જે મર્યાદા કે તટસ્થતા બન્ને વચ્ચે કેળવાવી જોઈએ તે આ કારણસર કેળવાતી નથી અને પરસ્પરની આસક્તિ જાગે છે. તેના બદલે જો બન્નેનો ગુણવૃદ્ધિની દૃષ્ટિએ પરસ્પર તાદાત્મ્ય થાય તો બંને એકબીજાનો પરસ્પરમાં અંગત વિકાસ સાધી શકે; અને સાથે સાથે સમાજનો વિકાસ પણ કરી શકે.

નારીમાં ઘણાં ગુણો છે. જેમકે ક્ષમા, કોમળતા, સેવાસુશ્રુષા, વાત્સલ્ય, ધૃતિ, વાણી વગેરે. એવી જ રીતે પુરૂષમાં સાહસ; સત્ય, પૌરૂષ, હિંમત ઉત્સાહ, નિર્ભયતા વગેરે વિશિષ્ટ ગુણો છે. જો નર અને નારીનું તાદાત્મ્ય થાય તો નારીના ગુણોની પૂર્તિ પુરૂષોમાં થઈ શકે અને પુરૂષના ગુણોની પૂર્તિ સ્ત્રીઓમાં થઈ શકે એટલું જ નહિ પુરુષોની ખામીઓ સ્ત્રીઓ વડે દૂર થઈ શકે અને સ્ત્રીઓની ખામીઓ પુરૂષો વડે દૂર થઈ શકે. આમ આત્મીય-સાહચર્ય કે તટસ્થતાપૂર્વકના તાદાત્મ્યથી પરસ્પરનું પૂરકપણું વધે અને બ્રહ્મચર્યની સાધના સમાજવ્યાપી બને. અને આમ તે બ્રહ્મચર્ય સમાજ-વિકાસનું કારણ બને. આમાં એક બાજુએ બ્રહ્મચર્ય માટે જાતે કડકમાં કડક રહેવાનું છે અને બીજી બાજુ ગૃહસ્થ સાધક-સાધિકાએ કે સાધુ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાધ્વીઓ અંગત વિકાસ અને સામાજિક વિકાસ માટે પરસ્પર પૂરક બનીને તાદાત્મ્ય સાધે તો તેની બ્રહ્મચર્યસાધના સર્વાંગી બની શકે. તાદાત્મ્ય સાધના જ એકબીજાને પરસ્પર પ્રેરક બનાવી શકે છે; જોખમો વખતે ચેતવી શકે છે અને બ્રહ્મચર્યથી પડતી(ડગતી) વખતે જાગૃત કરી શકે છે.

ભારતીય સંસ્કૃતિના ઇતિહાસમાં સતીઓ દ્વારા પુરુષોને પ્રેરણા મળ્યાના તેમ જ પુરુષો વડે સ્ત્રીઓને પ્રેરણા મળ્યાના અનેક ઉદાહરણો મળી આવે છે. જૈન, બૌદ્ધ અને વૈદિક ગ્રંથોમાંથી એક-બે દાખલાઓ લઈ ને તે અંગે વિચાર કરીએ.

યમ અને યમી : ઋગ્વેદમાં યમ અને યમીનું એક સુંદર આખ્યાન મળે છે. યમ અને યમી બન્ને ભાઈબહેન હોય છે યમી પોતાના ભાઈ યમને કામવાસના પોષવા માટે અને પોતાને પરણવા માટે કહે છે. યમ તે માર્ગે જવાની ના પાડે છે. તે કહે છે : " જે વાત્સલ્ય, સ્ત્રી અને પુરુષ બન્ને પરણતાં વિકૃત થઈ કામવિકાર બની જાય છે તે યોગ્ય નથી. તેના બદલે આપણે ભાઈ અને બહેન તરીકે રહીને બ્રહ્મચર્ય પાળીને વાત્સલ્યની વૃદ્ધિ કરીએ એ યોગ્ય છે."

યમી તેને ઘણી રીતે લલચાવે છે. પણ ભાઇ યમ પોતાનું મન મક્કમ રાખે છે અને બહેનને પણ ચારિત્ર્ય માટે પ્રેરે છે. જેથી તેને પણ સાચા વાત્સલ્યનો આનંદ મળી શકે છે. આ આખ્યાનમાં એક દૃઢ નિશ્ચયી પુરુષ વડે નારીને અંગત વિકારો ઉપર સંયમની સુંદર પ્રેરણા મળી છે.

સુંદરી દ્વારા ભરતને પ્રેરણા :

એવી જ રીતે ભગવાન ઋષભદેવના પુત્ર ભરત ચક્રવર્તી પોતાની સોરમાન બહેન સુંદરીને પત્ની બનાવવા ઇચ્છે છે. એ યુગમાં ભાઈ-બહેનનાં લગ્ન પ્રચલિત હતાં. એ સહજ વસ્તુ હતી એટલે તેની નિંદા કે તિરસ્કાર ન થતાં. ભરતને ઘણી ઇચ્છા હતી પણ સુંદરીનો આત્મા જાગૃત હતો. તે ચક્રવર્તીના વૈભવ કે મહત્તામાં અંજાઇ જઈ તેને પતિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તરીકે સ્વીકારવા તૈયાર ન હતી. એટલે જે બાહ્ય સૌંદર્ય ઉપર ભાઈની નજર હતી તેને ક્ષીણ કરવા માટે બહેને રસસ્વાદ ત્યાગ કરીને, તપ કરીને શરીરને એવું કૃશ બનાવી દીધું કે ભરતની લગ્ન કરવાની ઇચ્છા શમી ગઈ. જો કે સુંદરીનું શરીર કૃશ થઇ ગયું, પણ તેનો આત્મા વધારે સુંદર બની ગયો અને બ્રહ્મચર્ય અંગેની પ્રેરણા તે ભરતને પણ આપી શકી. આમાં સુંદરી વડે ભરતને જે પ્રેરણા મળે છે તેથી તેનો અંગત વિકાસ થવા સાથે, તે સમાજવિકાસ માટે પણ લાભદાયી બને છે.

રાજીમતી વડે રથનેમિનું ઉત્થાન

એવું જ બીજું ઉદાહરણ જૈન સૂત્રોમાં રાજીમતીનું મળે છે. તેનું રૂપ જોઈને મુનિ રથનેમિનું મન ચલાયમાન થઈને વાસના વેગે ચઢી જાય છે. તે રાજીમતીની સચોટ વાત સાંભળી પાછું બ્રહ્મચર્યમાં સ્થિર થઈ જાય છે. જો રાજીમતી તે વખતે જાતે લપસી જાત. અગર તેને પ્રેરણા ન આપત તો એક સાધકને બ્રહ્મચર્યની જે પ્રેરણા મળી, અને તે સમાજ માટે આદર્શ બની. તે ન થાત.

એવી તેજસ્વી સતી સાધ્વીઓ વડે સાધકોને અંગત વિકાસ માટે બેશ્મરી પ્રેરણા મળી શકે છે. પણ એ માટે બ્રહ્મચર્યલક્ષી સાધક-સાધિકાઓ અને સાધુ-સાધ્વીઓ પરસ્પરના નિકટ પરિચયમાં આવે તો જ એવાં જોખમોથી જાતે બચી અને બીજાને બચાવી શકે છે.

જેઓ સ્ત્રીઓથી તદ્દન અતડા રહીને અથવા એકાંતમાં અલગ રહીને એમ માને છે કે અમારી બ્રહ્મચર્ય-સાધના પાકી છે તો તેઓ એક મોટા ભ્રમમાં છે.

દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે :—

वत्थगंधमलंकारं इत्थीओ सयणाणि च ।
अच्छंदा जे न भुंजंति न से चाइत्ति वुच्चई ॥
जे य कंते पिये भोए लद्धे विपिट्ठी कुव्वइ ।
साहीणे चयई भोए, से हु चाइत्ति वुच्चई ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

—અર્થાત્ વસ્ત્ર, ગંધ, અલંકાર, સ્ત્રી અને શયન જેને સ્વાધીન નથી અથવા જેની પાસે નથી અને તેથી તે તેને ભોગવતો નથી તે ત્યાગી કહેવડાવી શકતો નથી. જે પ્રિય કાંત ભોગો મળવા છતાં પોતાની પીઠ ફેરવે છે; પોતાને હસ્તક મળતા ભોગોને ત્યાગી દે છે તેજ સાચો ત્યાગી કહેવાય છે.

ભગવાન મહાવીરે સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા એમ ચારેયનો મળીને ચતુર્વિધ શ્રીસંઘ સ્થાપ્યો. તે એટલા માટે કે આ ચારેયનું તાદાત્મ્ય (અનુબંધ) હોવું જોઈએ. તેઓ પરસ્પરના આત્મવિકાસ અને તેથી કરીને સમાજના વિકાસમાં સહાયક અને પૂરક બને. જો તેઓ બ્રહ્મચર્યલક્ષી ગૃહસ્થો અને બ્રહ્મચારી સાધુ-સાધ્વીઓ માટે અલગતા ઇચ્છત, તો બધાયના અલગ અલગ સંઘો રચત.

ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રી અને પુરુષ બન્નેની પૂરકતા બતાવવા માટે મહાદેવજીને અર્ધનારીશ્વરનું રૂપ આપ્યું છે. એની પાછળ એ જ તત્ત્વ છે કે વિશ્વની સર્વાંગી સાધના નર અને નારી બન્નેના સહયોગથી જ થઈ શકે છે. બ્રહ્મચર્યનો અર્થ એવો નથી કે પુરુષ સાધક, સ્ત્રી સાધિકાથી અતડો થઈને ફરતો રહે. ભગવાન ઋષભદેવે, બાહુબલિમુનિને પ્રેરણા આપવા માટે બ્રાહ્મી અને સુંદરી નામની બે સાધ્વીઓને મોકલી. જો અતડા થઈને રહેવાનું વિધાન હોય તો પછી તેઓ કોઈ પુરુષ સાધકને મોકલત. આમાંથી એક વસ્તુ સ્પષ્ટ થાય છે કે બ્રહ્મચારી સાધક-સાધિકાઓ, ભલે તે ગૃહસ્થ હોય કે સાધુ, તેમના માટે અજ્ઞાન અને નિર્દોષભાવે પણ અતડા રહેવું, એક બીજાના પૂરક ન બનવું. એ વિશ્વ અને સમાજના વિકાસની સર્વાંગી-સાધનામાં કચાશ રાખવા જેવું છે. જો કે સદ્‌ભાગ્યે સ્ત્રી-સાધિકા તો પુરુષ સાધકોની હુંફ અને પ્રેરણા ઇચ્છે છે. મીરાંબાઈએ પતિ સાથે દેહસંબંધ તોડ્યો હતો પણ આત્મભાવે ત્યાગ નહોતો કર્યો. અનેક ટીકાઓ થવા છતાં તેમણે પુરુષોની પૂરકતાનો સ્વીકાર હરહંમેશ કર્યો જ હતો. એ જ કારણસર તે જમાનાના શ્રેષ્ઠ સાધુ જીવાગોસાંઈનું સ્ત્રીઓથી અતડાપણું હતું તેમણે પણ તેણીએ ટકોર્યા હતા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક વિચારવાની વસ્તુ એ છે કે બ્રહ્મચર્યની સર્વાંગી સાધનામાં તાદાત્મ્ય સાધવા માટે સ્ત્રી અને પુરુષ બંનેનો શરીરસ્પર્શ શા માટે વર્જનીય ગણવામાં આવ્યો છે? જ્યારે કે સ્ત્રી અને પુરુષનો ભેદ આકૃતિથી ઓળખાય છે અને બન્નેનો આત્મા તો એક છે તો પછી શરીર સ્પર્શમાં શું થઈ જવાનું હતું?

આનો ઉત્તર એક જ છે કે બધા સાધકો એટલી ઉચ્ચ કક્ષાએ પહોંચ્યા હોતા નથી; તેમજ તેમણે સમાજ વચ્ચે રહીને સાધના કરવાની હોય છે. એટલે કે સમાજ કલ્યાણ સાથે આત્મકલ્યાણ સાધવાનું હોય છે. આવા સાધકો માટે; સ્ત્રીને પુરુષના અને પુરુષને સ્ત્રીના શરીર-સ્પર્શ ત્યાગની મર્યાદા હોય, એ જ બરાબર છે. અમુક સાધકો જે એવી ઉચ્ચ કક્ષાએ પહોંચી ગયા હોય છે, જેમને શરીર ભેદ રહેતો જ નથી તેમના માટે શરીરસ્પર્શનો વાંધો નથી. જિનકલ્પી મુનિઓ કે જેમનો સમાજ સાથે પ્રત્યક્ષ સંપર્ક થતો નથી; એવી રીતે પરમહંસ સાધુઓ કે દિગંબર સાધુઓ જેમના માટે સ્ત્રી-પુરુષનો ભેદ હોતો નથી. તેઓ આ કક્ષામાં આવે છે. એમાં પણ એક એવી કક્ષાએ પહોંચવું જરૂરી છે કે કોઈ પણ શરીરનાં બાહ્યદર્શન વિકારને ન જગાડે.

શરીરસ્પર્શની મર્યાદા થઈ એટલે અતડા થઈને રહેવું એ યોગ્ય નથી. તેમણે ખુલ્લા દિલે પરસ્પર મળવાનું છે. આત્મભાવ જગાડવાનો છે. નહીંતર પરસ્પરની પ્રેરણા વગર સામાજિક ક્રાંતિ કે વિકાસની સંભાવના નથી. જેને અહિંસા વડે ક્રાંતિ કરવી છે: જેને સ્ત્રીઓના વિવિધ પ્રશ્નો લઈને તેનું નિરાકરણ ધર્મ દૃષ્ટિએ કરવું છે કે જેને ધર્મ દૃષ્ટિએ સમાજનું ઘડતર કરવાનું છે, તેને એ વિચારવું પડશે કે અહિંસાની પ્રેમ-વાત્સલ્યની શક્તિ કોનામાં વધારે છે? એ માટે પરસ્પરનો ખુલ્લા હૃદયનો પરિચય આવશ્યક છે. કેવળ બુદ્ધિથી ત્યાં કાર્ય પાર પડતું નથી. અહિંસાની શક્તિ ત્યાંજ વધારે પેદા થઈ શકે જ્યાં બુદ્ધિ કરતાં હૃદય વધારે વિકસેલું હોય! સામાન્ય રીતે પુરુષોમાં હૃદય કરતાં બુદ્ધિ વધારે વિકસેલી હોય છે. જ્યારે સ્ત્રીઓમાં બુદ્ધિ કરતાં હૃદય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વધારે વિકસેલું હોય છે. એટલા માટે સમાજની વચ્ચે રહીને સાધના કરનાર સાધક (જૈનોની પરિભાષા પ્રમાણે સ્થવિર કલ્પી), ને સમાજમાં અહિંસક ક્રાંતિ કરવા માટે નારીનો શરીર સ્પર્શ નહીં પણ હૃદય સ્પર્શ કરવો વધારે જરૂરી છે. એવીજ રીતે નારી શરીર ધારી સાધિકાને પણ અગત વિકાસ માટે પુરુષની બુદ્ધિને સ્પર્શવાની અગત્ય રહેશેજ. સાચી અને સંપૂર્ણ પૂરકતા તો હૃદયના સ્પર્શથી જ આવી શકે છે.

સામાન્ય માનવી વિકારને વશ થઇને સ્ત્રીના સ્થૂળ શરીર-સ્પર્શમાં આનંદ માને છે; તેમાં સુખની કલ્પના કરે છે જ્યારે ઉચ્ચ કોટિના સાધકો હૃદય-અંતર અને આત્મભાવના મિલનમાં સાચું સુખ માને છે. અનુભવની એરણે એ વાત સિદ્ધ થયેલી છે.

તત્ત્વાર્થ સૂત્રોમાં વર્ણવામાં આવેલ ઉચ્ચ કોટિના દેવોના જીવનથી આ વસ્તુ સિદ્ધ થાય છે. નીચેનાં સૂત્રો જરા ધ્યાન આપવા જેવાં છે :—

काय प्रवीचारा आ ऐशानात् ॥ अ. ४ सू. ८ ॥
शेषा : स्पर्श-रुप-शब्द-मन: प्रवीचारा द्वयोर्द्वयो :
॥ अ. ४ सू. ९ ॥

परेऽप्रवीचारा: ॥ अ. ४ सू. १० ॥

આ ત્રણે સૂત્રોનો ભાવાર્થ આ પ્રમાણે છે :—વૈમાનિક દેવોમાં પહેલા અને બીજા સૌ ધર્મ અને ઇશાન દેવલોકમાં, દેવો મનુષ્યની જેમ મૈથુન સેવનથી ભોગ-તૃપ્તિ અનુભવે છે. ત્યારબાદના બબ્બે દેવલોકોમાં ક્રમશઃ સ્પર્શમાત્રથી, રૂપદર્શનથી, શબ્દ-શ્રવણથી અને પછી કેવળ મનની કલ્પનાથી ભોગની તૃપ્તિ થાય છે. ત્યારપછી એટલે કે દશમા દેવલોક બાદ, ઉપરના દેવલોકો, નવ ગ્રેવેયક વિમાનના દેવો અને પાંચ અનુત્તરવિમાનના દેવોની ભોગ તૃપ્તિ કેવળ આત્મ-સ્પર્શ કે હૃદય-સ્પર્શથી થાય છે. એમાં દેવો અને દેવી પરસ્પરના અપરિમિત ગુણો પ્રતિ પ્રીતિ રાખીને વાત્સલ્યરસના પરમઆનંદની અનુભૂતિ મેળવે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એજ વસ્તુનું વિવેચન કરતાં, તત્ત્વાર્થસૂત્રના ભાષ્યકાર કહે છે :—

"पञ्चविध प्रवीचारोद्वावपि प्रीति (वात्सल्य) विशेषायपरिमित गुणप्रीति पुरुषा: परमसुख तृप्ता भवन्ति !"

એ ઉચ્ચ કક્ષાના દેવોને પાંચ પ્રકારની વિષયેચ્છાનો ઉદય હોતો નથી; એવું નથી પણ, તેઓમાં પ્રેમ (વાત્સલ્ય) ભાવ વધારે હોવાથી, અપરિમિત ગુણો પ્રત્યે અત્યંત પ્રીતિ હોવાથી પરમ આનંદથી તૃપ્ત થઈ જાય છે.

વૈદિક પરિભાષા પ્રમાણે આને ક્રમશઃ અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય કોષને અંતે બ્રહ્મમાં વિચરણ કરવાની આનંદમય કોષની ભૂમિકા માનવામાં આવી છે. આનંદમય કોષમાં વિચરણ કરતો બ્રહ્મચારી સ્ત્રીના શરીરસ્પર્શમાં નહીં પણ તેના અંતરસ્પર્શમાં વાત્સલ્ય – રસનો સાચો આનંદ મેળવે છે. એવી ઉચ્ચ કક્ષાના સાધક સ્ત્રીમાં વાસનાને બદલે વાત્સલ્યને નિહાળે છે. વિશ્વવાત્સલ્ય ગુણની વધારેમાં વધારે પ્રાપ્ત નારી–હૃદય (અંતર)થી મળી શકવાની હોઈ તે માતૃજાતિની પ્રતિષ્ઠા સમાજમાં સ્થાપે છે. તેવો એ વાત્સલ્યાનંદ, અનંત જગતની સાથે તાદાત્મ્યપૂર્વકની તટસ્થતા અનુભવીને મળે છે અને તેનો અનુભવ જાતે કરે છે અને બીજાને કરાવે છે.

સ્થૂલિભદ્ર વડે કોશાનો હૃદય સ્પર્શ

નગરનારી કોશામાં અશક્ત થયેલા સ્થૂળભદ્રને ગૃહસ્થાશ્રમમાં, પોતાના પિતાના મરણના સમાચાર મળે છે; તે એક આંચકો અનુભવે છે અને કોશા વેશ્યાને છોડીને, વૈરાગ્ય પામી મુનિ બને છે. મુનિ જીવનમાં તેઓ વાત્સલ્ય રસમાં તરબોળ બની જાય છે. વર્ષો બાદ એકવાર મુનિ સ્થૂલભદ્ર ચિંતનમાં લીન થઈને વિચારે છે: "મેં ગૃહસ્થાશ્રમમાં રહી વર્ષો સુધી કોશા સાથે શારીરિક વિષય સુખ ભોગવ્યા; પણ જે આનંદ અંતરના સ્પર્શમાં છે; આત્માની સાથે ઓતપ્રોત થવામાં છે, તે રસ વિષય સુખમાં નથી. હું આજે એકલોજ આ આત્માનંદ—વાત્સલ્યનો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આનંદ—માણી રહ્યો છું. મારી સાથે પૂર્વાશ્રમમાં શારિરિક સુખોમાં રાચનાર કોશાને પણ આ વાત્સલ્ય રસનો આનંદ પમાડું તો કેટલું સારૂં ? કારણ કે પુરૂષ કરતાં સ્ત્રીઓમાં વાત્સલ્ય પ્રવાહ વધુ હોય છે.!"

આ વાત તેઓ પોતાના આચાર્ય સંભૂતિ-વિજય પાસે પ્રગટ કરે છે. તેમની સાથેના બીજા સાધુઓ, ચાતુર્માસ ગાળવા ભયંકર સ્થળે જવાની રજા માંગે છે ત્યારે સ્થૂળભદ્ર કોશાને ત્યાં ચાતુર્માસ ગાળવાની રજા માંગે છે. ગુરુદેવ ચારેય શિષ્યોને પોતપોતાની ઇચ્છા પ્રમાણેના સ્થળે ચાતુર્માસ ગાળવા જવાની રજા આપે છે.

સ્થૂલિભદ્ર મુનિ પાટલિપુત્રમાં કોશાના આવાસે આવે છે અને ચાતુર્માસ ગાળવાની રજા માંગે છે. કોશા તેમને સહર્ષ રજા આપે છે. કોશાના મનમાં હતું કે "આ સ્નું હૃદય ભરાઈ જશે અને સ્થૂલિભદ્ર મારા પ્રેમમાં રંગાઈ જશે !"

કોશાનો સ્થૂલિભદ્ર ઉપર અનન્ય પ્રેમ હતો. પોતાનો વિખૂટો પ્રેમી વર્ષો બાદ આવ્યો છે એટલે તેણીએ એના ઉપર પોતાનો રંગ જમાવાનો પ્રયત્ન શરૂ કર્યો. તે નવા નવા પોશાકો સજી સજીને સ્થૂલિભદ્રની સામે આવવા લાગી. નૃત્યો કરવા લાગી અને ગીતો ગાવા લાગી. પણ સ્થૂલિભદ્ર તો બીજાજ આનંદને માણી રહ્યા હતા. એટલે તેમણે કોશાના આ વિષય-વાસનાના આનંદને નવો વળાંક આપવાનું નક્કી કર્યું. તેમણે એના રૂપ-રંગ નૃત્યગીત તેમજ ભોજન-પકવાન તરફ ધ્યાનજ ન આપ્યું.

એ જોઈ કોશાથી ન રહેવાયું. તેણે કહ્યું : શું તમને મારાથી પ્રેમ નથી ? શું જે કોશાને તમે એક ક્ષણ પણ અળગી કરી શકતા ન હતા એ કોશા નથી ગમતી ?"

સ્થૂલિભદ્રે કંઈ પણ જવાબ ન આપ્યો. કોશાએ જ કહ્યું : "ના ! એવું નથી ! હું જાણું છું કે તમને મારા તરફ પ્રેમ છે એટલેજ તમે મુનિ વેશે પણ અહીં આવ્યા છો ! પણ અહીંની દરેક વસ્તુ તરફ, અરે ! મારા તરફ અભાવ શા માટે દાખવો છો ? તે સમજાતું નથી ?"

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્થૂલિભદ્રે કહ્યું : "કોશા ! હું તને પહેલાં ચાહતો હતો અને હજુ પણ તને ચાહું છું. પણ તે ચાહના અને અત્યારની ચાહનામાં અંતર છે. સંયમ લીધા પછી મને જે આત્માનંદ—વાત્સલ્યનો આનંદ મળ્યો છે, તે એટલો બધો અપૂર્વ છે—અખૂટ છે અને શાશ્વત છે કે તેની આગળ વિષય-વાસનાનો આનંદ કંઈજ નથી. આ નૃત્ય-ગીત રૂપ-શૃંગાર કયાં સુધી ચાલશે? શરીર કયાં સુધી ટકશે? કેટલાકને રીઝવી શકશે? અરે! એ તો બીજાને રીઝવવા માટેજ છે ને! તે જ્યારે તને આનંદ આપી શકતાં નથી તો બીજાને કયાંથી આપી શકે?"

કોશા બોલી : "મને તો તમારી આ વાતો સમજાતી નથી."

સ્થૂલિભદ્રે કહ્યું : "એ સમજાશે ! એ સમજાવવા માટે જ તો હું આવ્યો છું. તારે તારો આ પ્રેમ જે વાસનાને પેદા કરાવે છે તેના બદલે વાત્સલ્ય તરફ વહેવડાવવાનો છે. આ શરીર કે વાસનાથી કોઈને અનંત કાળ સુધી રીઝવી શકાતું નથી. ખરો પ્રેમ તો આત્મભાવ વડે પ્રગટાવવાનો છે. દરેક જીવો ઉપર વાત્સલ્યભાવ પ્રગટાવવામાં જે આનંદ છે તે કયાંયે નથી. તું તારા શરીરને અર્પણ કરવા બદલ હવે હૃદયને અર્પણ કરતાં શીખ ! એ માટે સંયમ જરૂરી છે. શ્રંગારત્યાગ જરૂરી છે; વ્રત-તપ કરવાં જરૂરી છે—આજે તારી પાસે જેઓ વાસનાની દૃષ્ટિએ આવે છે તે પછી તારી પાસે વાત્સલ્ય પામવા આવશે અને તું ભૂલાં ભટકયાને માર્ગદર્શન આપનારી બનીશ !"

સ્થૂલિભદ્રથી પ્રેરણા પામી કોશાએ વાત્સલ્યનો માર્ગ લીધો. હવે નૃત્ય, સંગીત બંધ થયાં. એના બદલે વ્રત-તપ અને જ્ઞાનચર્ચાઓ થવા લાગી. ચાતુર્માસ પૂરું થયાં સુધી કોશા એક પાકી સાધિકા બની ગઈ. સ્થૂલિભદ્રમુનિનો પ્રયત્ન સફળ થયો.

બ્રહ્મચર્ય સાધનામાં એક વેશ્યાને ત્યાં સાવધાનીપૂર્વક સ્ત્રી અને પુરૂષ રહેવા છતાં શરીરસ્પર્શના બદલે અંતર-(હૃદય) સ્પર્શ દ્વારા સાચા આનંદને પામવાનું આ એક આદર્શ ઉદાહરણ છે. સ્ત્રીઓ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અપૂર્ણતાની મૂર્તિઓ તો હોય છે; એમાં નમ્રતા, કોમળતા અને ક્ષમા એ ત્રિવેણીનો સંગમ રહેલો છે. જો એ ત્રિવેણીને સારા માર્ગે વળાંક આપવામાં આવે તો તેમાંથી એ પ્રેરણા મૂર્તિ જાગે તો તે અનેકને માર્ગદર્શન આપનારી બને, એ નિઃશંક છે. એજ કોશા જો હૃદયની–અંતરની દીક્ષા ન પામત તો સ્થૂલિભદ્રના ગુરુભાઈ મુનિ, જે પાછળથી કોશાને ત્યાં ચાતુર્માસ ગાળવા આવ્યા અને પતનમાં પડવા જતા હતા; તેમને પતનમાં પડતા કોશા અટકાવી ન શકત. તેઓ બીજે કયાં ય જાત તો તેમનું પતન પણ થાત. એટલે નારીના દેહને બદલે, તેનું હૃદય, તેનું અંતર કે તેના આત્માના સ્પર્શ વડે બ્રહ્મચર્યનું લક્ષ્ય સારી પેઠે સાધી શકાય છે; એટલું જ નહી એ માર્ગે તે જોખમો વખતે પ્રેરણા પણ મળી શકે છે.

બ્રહ્મચર્યને સમાજ વ્યાપ્ત બનાવવા માટે સર્વપ્રથમ તો એની સર્વાંગી સાધના જરૂરી છે. જેમને એને સમાજવ્યાપી બનાવવું છે તેમણે, નારીના અંગત ઘડતર દ્વારા તેમજ નારી સાધિકાના આદર્શ વડે, સમાજને વ્યાપક પ્રેરણા આપીને બ્રહ્મચર્યને સમાજવ્યાપી કર્યું છે. એ દૃષ્ટિએ તેમણે સંસ્થા વડે બ્રહ્મચર્યને સમાજ વ્યાપી બનાવ્યું છે.

ભગવાન મહાવીરે ચતુર્વિધ સંઘની સ્થાપના કરતાં પહેલાં એક પછાત પડી ગયેલી નારી–ચંદનબાળા જેવીના હાથે ગોચરી લેવાનો અભિગ્રહ–(સંકલ્પ) કર્યો. એની પાછળ શું રહસ્ય હતું ! તે એ જ કે પાર્શ્વનાથ પ્રભુથી ચાલતી આવતી ચાતુર્યામ પરંપરામાં તેમને બ્રહ્મચર્ય વ્રતનો ઉમેરો કરવો હતો અને તેને સમાજવ્યાપી બનાવવાનું હતું. તેમ કરવા માટે અને બ્રહ્મચર્યની સર્વાંગી સાધના કરવા માટે ચંદનબાળા જેવી તરછોડાયેલી છતાં વાત્સલ્યમૂર્તિ નારીને તેમણે સાધ્વી–સંઘની શિર–છત્રા બનાવી. તેમણે, ચંદનબાળાના સહકારથી નવ સમાજની સર્વાંગી રચના સફળ રીતે કરી અને સાધ્વીઓના માધ્યમ વડે તેમણે બ્રહ્મચર્યનો વિધેયાત્મક રીતે સમાજવ્યાપી વિકાસ સાધવામાં સફળતા સિદ્ધ કરી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભારતીય ધર્મોમાં તો જૈનધર્મે સ્ત્રીઓને પણ દીક્ષા આપવાની પહેલ કરી છે અને ભગવાન મહાવીરે તો એવા વિરોધી વાતાવરણમાં એ વસ્તુને કરી બતાવી છે. જ્યારે વિરોધી વાતાવરણ હતું; તે વખતે સ્ત્રીઓને પગની મોજડી, પુરૂષની દાસી, ભોગવિલાસની પૂતળી, પશુની જેમ ગુલામરૂપે ખરીદવાની કે ભેટ આપવાની વસ્તુ ગણવામાં આવતી. આવા વિરોધી સમયમાં ભગવાન મહાવીરે ન કેવળ સ્ત્રીઓને સંઘમાં સમાન સ્થાન આપ્યું પણ તે વડે તેમણે બ્રહ્મચર્યની પ્રતિષ્ઠાપના કરી. જો તેમણે ચંદનબાળા જેવી સાધ્વીનો સહયોગ સંઘ રચનામાં ન લીધો હોત તો તેમણે જયંતી, રેવતી, શિવાનંદા, અગ્નિમિત્રા જેવાં અનેક નારી રત્નોને મેળવીને સમાજની જે સર્વાંગી ક્રાંતિ કરી હતી; તે ન કરી શકત. સાથે સાથે એમ પણ કહેવું જોઇએ કે જો ભગવાન મહાવીરનો સાથ ન મળ્યો હોત તો ચંદનબાળા જેવી કેટલીયે સાધિકાઓએ જે આત્મ વિકાસ સાધ્યો, તે ન સાધી શકત.

આ બધી વાતો ઉપરથી એક વાત અત્યંત સ્પષ્ટ જણાઈ આવે છે કે ભગવાન મહાવીરે બ્રહ્મચર્ય વ્રત નવું ઉમેર્યું પણ તેમણે બ્રહ્મચર્યની સર્વાંગી સાધનામાં સ્ત્રી અને પુરૂષને સાધક અને સાધિકાને અતડાં રહેવાનું સૂચવ્યું નથી. કેવળ સાધુ નહીં, સાધ્વી પણ; કેવળ શ્રાવક નહીં, શ્રાવિકા પણ; એમ તેમણે સ્ત્રી-પુરૂષનો હાર્દિક સહયોગજ નહીં, પરસ્પરની પૂરકતાને પણ આવશ્યક ગણી. એટલેજ ચતુર્વિધ સંઘમાં સ્ત્રી અને પુરૂષ બન્નેને એકબીજાના પૂરક અને પ્રેરક ગણ્યા અને એ રીતે નારીને સંપૂર્ણ પ્રતિષ્ઠા આપીનેજ બ્રહ્મચર્યને સમાજ-વ્યાપી બનાવ્યું.

બુદ્ધ ભગવાન પોતે સ્ત્રીઓને દીક્ષા આપવામાં, સંઘનો હ્રાસ થશે એવો ભય રાખતા હતા. પણ સમાજના સર્વાંગી વિકાસ માટે, તેમજ સ્ત્રીઓના પ્રશ્નોના ઉકેલ માટે સ્ત્રી સાધિકાઓને માધ્યમ બનાવ્યા વગર છૂટકોજ ન હતો. પાછળથી બુદ્ધ ભગવાનને વારાંગના નિમિત્તે આ સત્ય સમજાયું અને તેમણે ઉપાસક-ઉપાસિકા અને ભિક્ષુ-એ ત્રણે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અંગો સાથે ભિક્ષુણીનું આ ચોથું અંગ દાખલ કર્યું; તેમણે સ્ત્રીઓને પણ પ્રવર્જિત કરી.

ઈશુખ્રિસ્તનો દાખલો લઈએ તો તેઓ બ્રહ્મચારી રહ્યા હતા છતાં પણ તેઓ વાત્સલ્ય મૂર્તિ નારીથી અતડા રહેતા નહતા. પોતાના જીવનકાળમાં તેમણે અનેક દુઃખી, દલિત અને પતિત નારીઓના દુઃખો દૂર કર્યાં હતા અને તેવી સ્ત્રીઓને પ્રતિષ્ઠા પણ આપી હતી. તેમની એ ભાવના રૂપે આજે ખ્રિસ્તી સંપ્રદાયમાં પાદરીઓ અને સાધ્વીઓ (Nuns) બન્ને છે. ખ્રિસ્તી ધર્મે નારી–જાતિને બ્રહ્મચર્ય સાધનાનો અધિકાર આપ્યો છે અને તેમ કરીને તેમને સર્વાંગી વિકાસ સાધવાની તક આપી છે. જો ઈશુખ્રિસ્ત નારીને અતડી કે ધૃણા પાત્રજ રાખત તો ઈસાઈ સંઘમાં સાધ્વીઓની તેજસ્વિતા જોવા ન મળત અને સમાજોપયોગી રીતે શિક્ષણ, સંસ્કાર, તેમજ સેવા–સુશ્રુષા વડે પોતાના વાત્સલ્યને સમસ્ત માનવો પ્રતિ ઈસાઈ સાધ્વીઓ વહેવડાવે છે તે જોવા ન મળત. બ્રહ્મચર્યની સહજ સાધના વડે જે પવિત્રતા તે સાધ્વીઓ (Nuns)માં જોવા મળે છે તે ખરેખર અનુકરણીય છે.

જેમણે—જેમણે સર્વાંગી સાધના કરી છે અથવા, કરવા માગે છે તેમણે સ્ત્રીથી અતડાપણું રાખ્યું નથી કે કદિ તેને સ્ત્રી નાગણી છે. કરડી જશે; 'નરકની ખાણ છે પતનના ખાડામાં લઈ જશે' એવી ભયભરેલી ભાવના કે ધૃણા સેવી નથી. ઉલટું તેમણે જોખમો જોયાં ત્યાં જાતે સાવધાની રાખી છે.

રામકૃષ્ણ પરમહંસ અને શારદામણિ દેવી; મહાત્મા ગાંધીજી અને અને કસ્તુરબા, અશ્વિનીકુમાર દત્ત અને તેમનાં પત્ની; આ બધા ગૃહસ્થ-દંપતિઓએ સાથે રહીને બ્રહ્મચર્યની સાધના કરી હતી; એટલુંજ નહીં અનેક ગૃહસ્થ દંપતિઓને બ્રહ્મચર્યને માર્ગે જવા માટે પ્રેર્યા હતા.

પણ, આવી બ્રહ્મચર્યની સાધના જો સેવા કે સમાજપયોગી કાર્યો સાથે ન હોય તો તે પણ એકાકી અને એકાંગી બની જવાનો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભય રહે છે. જેઓ દાંપત્ય જીવનમાં યુવાવસ્થામાં બ્રહ્મચર્ય સ્વીકારે છે, તેમણે સમાજસેવા, સુશ્રુષા કે શિક્ષણ એવી કોઇને કોઈ લોકોપયોગી પ્રવૃત્તિમાં પડવું જોઈએ. ઘણી વિધવા બહેનોને ફરજિયાત બ્રહ્મચર્ય પાળવું પડે છે પણે એવી બહેનોની સમાજમાં કોઈ પ્રતિષ્ઠા થતી નથી. અને સાથે જ બ્રહ્મચર્યને પણ પ્રતિષ્ઠા મળતી નથી. એટલે બ્રહ્મચર્યની સમાજવ્યાપી પ્રતિષ્ઠા કરવી હોય તો એવી બ્રહ્મચારિણી બહેનોનું ઘડતર સારી પેઠે થવું જોઈએ. તેમનું એ ઘડતર સર્વાંગી દૃષ્ટિવાળી ક્રાંતિપ્રિય સાધ્વીઓ વડે થાય તો તેના સુંદર પરિણામો અવશ્ય આવશે. અનીતિનો ધંધો કરતી અને અનીતિને માર્ગે જતી વેશ્યા બહેનોનો પ્રશ્ન; અનાથ, મધ્યમવર્ગી અને ગરીબ બહેનોનો જ્વલંત પ્રશ્ન ધર્મદૃષ્ટિએ ઉકેલવામાં આવે તો આ રીતે સાધુ-સાધ્વીઓની સાધના સર્વાંગી બની શકે.

એક મોટું ભયસ્થાન બ્રહ્મચર્યની સાધનામાં આજના યુગનો પાશ્ચાત્ય પ્રવાહ છે, જે ભોગને પ્રધાન સ્થાન આપે છે. તેના લીધે આજે બ્રહ્મચર્યનાં મૂલ્યો ખોવાઈ રહ્યાં છે. ફેશન આવવાથી સાદાઈ ચાલી ગઈ છે અને વેશભૂષાની સાદગી અને મર્યાદાના અભાવે આજનો યુવાન વર્ગ અસંયમના માર્ગે ધસડાઈ રહ્યો છે. તેમ જ કૃત્રિમ સંતતિ-નિયમનના સાધનો વડે આજના દંપતિઓમાં સંયમનો હ્રાસ દિવસે દિવસે વધતો જઈ રહ્યો છે. તેને અટકાવવા માટે આવી બ્રહ્મચારિણી, કુમારિકા બહેનો વડે પ્રયત્ન થાય; બ્રહ્મચારી દંપતિઓ વડે સંયમનું વાતાવરણ પેદા કરવામાં આવે તો બ્રહ્મચર્યને સમાજવ્યાપી બનતાં વાર નહીં લાગે. આવા બ્રહ્મચારી દંપતિઓ જો સમાજસેવા, સંસ્કારસિંચન કે શિક્ષણના કાર્યો કરતાં થાય તો તેમના વાત્સલ્યનો લાભ સમસ્ત સમાજને મળે અને સાથે જ બ્રહ્મચર્યની પ્રતિષ્ઠા સરળતાપૂર્વક થઇ શકે.

આ માટે સાધ્વી સમાજનું ઘડતર પણ યોગ્ય, પુખ્ત અને શાસ્ત્રીય ભાષામાં ગીતાર્થ સાધુઓ વડે થવું જોઈએ. આજે ગીતાર્થ સાધુઓ તે જ કહેવાશે જેમને સમાજનો સર્વાંગી અનુભવ-જ્ઞાન હશે;

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

યુગના પ્રવાહોની જાણકારી હશે; તેમ જ સર્વધર્મ સમન્વયની વૃત્તિ સાથે વ્યાપક સર્વાંગી દૃષ્ટિ હશે તથા જનસંગઠન, જનસેવકસંગઠન, રાજ્યસંગઠન (કોંગ્રેસ) અને ક્રાંતિપ્રિય સાધુસાધ્વી વર્ગ, એ ચારે ય સુસંસ્થાઓની સાથે જેનો અનુબંધ હશે. આવા સાધુઓના નિર્દોષ સંપર્ક અને સાહચર્ય દ્વારા સાધ્વીઓ ઘડતર પામે — જેને જૈન, બૌદ્ધ અને ઈસાઈ ધર્મે માન્ય કરેલ છે — તો તેમના વડે બહેનોનાં અનેક પ્રશ્નો ઉકેલાઈ શકે અને સમાજનું સાચું ઘડતર કરવામાં તેમના માધ્યમનો પણ ઉપયોગ કરી શકાય.

બ્રહ્મચર્યની આ યુગદૃષ્ટિ છે. વિશ્વવાત્સલ્યના સાધકોને જો આ સમજાય તો બ્રહ્મચર્યનાં નવાં મૂલ્યો સ્થપાતાં વાર નહીં લાગે એ ચોક્કસ છે.

ચર્ચા — વિચારણા

શું બ્રહ્મચર્યની ચર્ચા અસ્વાભાવિક છે :—

શ્રી ભાટલિયાએ બ્રહ્મચર્ય વ્રત ઉપર ચર્ચા શરૂ કરતાં કહ્યું :—

આજે આપણે જે બ્રહ્મચર્ય વિષે વાતો કહીએ છીએ, તેમાં ઘણાંને જુનવાણી માનસ અને અસ્વાભાવિક બોલાતું લાગે છે. એના કારણોમાં આજના જાતીય મનો-વિજ્ઞાને એક વાત મૂકી છે કે જે પ્રવૃતિ થાય છે તેનો પાયો સેક્સ અને લિબિડો છે; એટલે કે જાતિયકૃતિ મળીને જ પ્રવૃતિ થાય છે. આવી આજની માન્યતા છે.

એનું કારણ આ પ્રમાણે છે. સન ૧૯૨૧માં યુદ્ધમાં ગાંડા અને વિકૃત માનસવાળાની જે મનોચિકિત્સા થઇ તેમાં નિદાન એ આવ્યું કે મનમાં કામવાસનાના વેગને રોકયો તેમજ શકિતવાળાઓને સમાજે ગતિ ન આપી; આ બે કારણોસર તેમનું મગજ વિકૃત તેમજ ગાડું ચયું. જો કે એવું તારણ નીકળ્યું પણ આ બધા વિકૃતિવાળાં હતાં; તે ઉપરથી સહજ નિયમ તારવવો એ મૂળભૂત દોષ કે ભૂલ છે. એક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રોગીમાં કફ વાયુની પ્રધાનતાના કારણે રોગ થયો એટલે રોગ સહજ છે એવું તારણ કાઢી ન શકાય.

માતૃત્વ સ્વાભાવિક :—

ખરી રીતે, જગતભરમાં માતૃત્વ સ્વાભાવિક છે. તેના દાખલા તરીકે પૃથ્વીના જીવો એકેંદ્રિય હોવા છતાં ફળને પોષણ આપે છે. વાયુ (વાયનસ) માતા રૂપે પોતાનાં અંગને ફેલાવી શકે છે. કીડી પોતાનાં બચ્ચાં માટે કણ ભેગાં કરે છે. મધમાખી ફૂલોમાં રસ લાવી પોતાનાં ઇંડા પાસે મૂકે છે. વાછરડું જોતાં જ 'ગા' પારસો મૂકે છે. આમ હોય તો જીવમાત્ર માટે ત્યાગ ભરી વહાલ સ્વાભાવિક છે. હિંદુ ધર્મે એનું નામ પ્રેમ આપ્યું. આમ એક પિતાનાં સંતાનોમાં બધુ એક સરખું હોય એ સ્વાભાવિક છે.

પણ, એ સ્વભાવના બે ભાગ પડે છે (૧) સેવાળ જેવી વનસ્પતિ સ્ત્રીકેશર કે પુંકેશરના યોગ વિના વધે છે; તેમ જટાધારી એટલે કે માનસિક–ભાવનામય જગત છે. (૨) બીજો સ્વભાવ, સ્થૂળ જગતનો સંતોષ લેનારૂં માતૃત્વ. બીજાની ઇચ્છા લગની હોય છતાં સંયોગથી મનને દબાવવું પડે તો કામવાસનાના વેગો સતાવે અને તેવું માનસ છટકીને ગાંડું થાય. જેમ પેશાબની હાજતમાં માણસ સૂવે તો સ્વપ્નમાં પણ તે આવે એ રીતે વૈધવ્ય, વિધુરતા કે દીક્ષા સ્વેચ્છાથી ન હોઈને બળાત્કારે આવે તો તેમાં વિકૃતિ થવાનો સંભવ ખરો એટલે કે માનસ–જગતમાં ભાવના ઉત્પન્ન થતાં દીક્ષા લેવાય તે સ્વાભાવિક છે પણ બીજાને ગૃહસ્થાશ્રમ સ્વાભાવિક ગણાય.

"એક છું; ને બહુ થાઉં!" એ વૃત્તિ સહજ છે પણ સ્થૂળબીજ કરતાં વિચાર બીજ વધે તેમ ઇચ્છે તે સાધુ; અને સ્થૂળ સંતાન વધે તેવું ઇચ્છે તે ગૃહસ્થ. વાત્સલ્ય ભાવનાનો વિકાસ થાય સાધુઓના કારણે; કારણ કે તેઓ ઊંચે જાય એટલે જગત–વ્યાપક બને. પરમ દેખતાં માતૃરસ વધતો જાય.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉત્તમ નિર્દોષ પ્રવૃતિઓ વડે વિકાર શમન

ઘણા અનુભવે મને એમ લાગ્યું છે કે (નાની ઉમ્મરથી ૬ થી ૧૦ વર્ષની) બાલિકાઓનો સંપર્ક રાખી વાત્સલ્યભાવ પીવા–પીવાનું ભાઇઓ કરે અને તેજ ઉમ્મરનાં બાળકો માટે બહેનો તેવું કરે તો મૈથુન-ઇચ્છા વધશે નહીં. એવી જ રીતે પાણી ધૂળ વગેરે સાથે રમવાનું અને ચામડીના સ્પર્શનો આનંદ લેવાનું—એ મુજબ બધી ઇંદ્રિયોને બાહ્ય નિર્દોષ અને ઉત્તમ પ્રવૃત્તિઓ અપાય તો વાત્સલ્ય રસના કારણે વિકાર સતાવશે નહીં.

બહેનો માટે તો આવી પ્રવૃત્તિઓ બ્રહ્મચર્ય સાધક બને જ છે. એમ છતાં ભાઈ–બહેનો ગૃહસ્થાશ્રમી થવા ઈચ્છે તો તેમણે મર્યાદિત સંતાનોનો યોગ રાખવો જોઈએ. એવી જ રીતે સાધુ સાધ્વીઓ થાય તો મર્યાદિત શિષ્ય–શિષ્યાઓનો યોગ થવો જોઇએ. આમ વિચારાય તો બ્રહ્મચર્ય સરળ બને નહીંતર, વંધ્યત્વ, કૃત્રિમ સંતતિ નિરોધ વગેરે દુર્ગુણો સમાજમાં વધવાના છે.

માતૃસમાજે આટલું કરે:—

મારા નમ્ર મત પ્રમાણે માતૃસમાજે :—(૧) જમણ (૨) વ્હાલ કરવી (૩) બાગ અથવા ભંડાર ચલાવવા અને સેવા કરવી એ કામ બહેનોને આપે; બાળ–ઉછેર બહેનોનો સ્વાભાવિક છે. તે સાથે કોઢિયા કે વૃદ્ધોની સેવા પણ તેમને અપાય; નોધારાં બાળકોને પ્રેમપૂર્વક સાચવવા અપાય તો બહેનો જગતમાં અજોડ કામ કરી શકે.

એવી જ રીતે પુરુષો, શિક્ષણસંસ્થાઓ, છાત્રાલયો તથા જ્ઞાન વિજ્ઞાનનાં સંશોધનોમાં પોતાની શકિત આપે, તો બ્રહ્મચર્ય સમાજમાં સહજ થતાં વાર ન લાગે!"

આજનો યુગધર્મ બ્રહ્મચર્ય

શ્રી પૂંજાભાઈ કહે : "એક જમાનો એવો હતો કે માનવ-સંખ્યા ઓછી હતી જેથી બોળો મોટો, તેની ઇજ્જત વધારે. એટલે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"ધણા સંતાનો થજો!" એવા આશીર્વાદો આપતા હતા. આજે બ્રહ્મચર્ય ધર્મ બન્યો છે. અને ઘણા અનુભવથી જણાય છે કે બ્રહ્મચર્ય જેવો અનંત આનંદ કયાં ય નથી. પણ દુઃખની વાત એ છે કે ગામડાં અને શહેરો બન્ને સ્થળે મા-બાપોની મનોદશા એવી છે કે 'જલદી સંતોનોને પરણાવી દો. રખે રખડી જશે!" એવી બીકથી અથવા ખોટી વાહ વાહથી—જલદી લગનનો લહાવો લેવા દોડે છે. આથી નાનાં નાનાં બાળકો સમાજયજ્ઞની લગ્નની બલિવેદી ઉપર હોમાઇ જાય છે. ક્ષય આદિ ભયંકર રોગોના ભોગ બને છે. એ માટે વડીલોને બ્રહ્મચર્ય અંગે પાયાની ઊંડી સમજણ આપવી જોઇએ.

ખોટી દોરવણી અને ઉલ્ટાં મૂલ્યો

(૧) વિશ્વામિત્ર અને મેનકા (૨) પરાશર અને મત્સ્યગંધા (૩) શકુંતલા અને દુષ્યંતના દૃષ્ટાંતો આપીને બાળકોને ભડકાવવામાં આવે છે કે બ્રહ્મચર્ય સરળ નથી. તેથી બાળકોને ઉંચે ચઢતાં અટકાવવામાં આવે છે. આ બ્રહ્મચર્યની વાત કઠણ છે એ જ રીતે સરળ પણ છે.

પણ, છેલ્લાં દોઢસો વર્ષથી બ્રિટિશ શાસન દરમિયાન કેવળ ભાષાનો જ પલટો થયો નથી પણ વિદેશગમનથી જે વાતાવરણ આવ્યું તેને લઇને ઘણો પલટો થઈ ગયો છે. ચઢવું મુસ્કેલ થયું છે અને પડવું સહેલ. દુઃખની વાત તો એ છે કે ઉલ્ટાં મૂલ્યો સ્થપાયાં છે. સ્વચ્છંદીપણાને સંસ્કારીપણું મનાયું અને સંસ્કારીપણાંને જડતા કે રૂઢિચુસ્તતા મનાઈ. બીજું દુર્ભાગ્ય એ થયું કે દેશની સંસ્કૃતિરક્ષા–ધર્મરક્ષા માટે જે સાધુસંસ્થા હતી; અને ચાર સંતાનોમાંના લગભગ એક સંતાન એ માર્ગે જતું તે માર્ગ બંધ જેવો જ થઇ ગયો. તેથી સાધુસંસ્થા ક્ષીણ થતી ગઈ. રાજા રક્ષણને બદલે ભક્ષણ–અપહરણ કરવા લાગ્યો. નાના રાજ્યોમાં તો કોઇ કુટુંબ ઇજ્જતભેર રહી શકે જ નહીં. એટલે બ્રહ્મચર્યની વાતકરનારાઓ ઓછા થઇ ગયા. છતાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બ્રહ્મચર્યના; વિચાર ઉપર મક્કમતા વધે, માનવ સતત સંપર્કમાં આવે, અને મનને શુભ પ્રવૃત્તિઓમાં જોડવાની તક આપવામાં આવે તો બ્રહ્મચર્ય ટકાવવું સરળ થઇ પડે. બ્રહ્મચર્ય સાથે સતત શુભ પ્રવૃત્તિનો મેળ બાંધવો જ રહ્યો.

એક આદર્શ બ્રહ્મચારી

પંચાવન વર્ષના પ્રોફેસર ડો. સોલેટીને મેં જોયેલા. કોઈએ તેમને પૂછ્યું : "લગ્ન કેમ કરતા નથી ?"

તેમણે જવાબ આપ્યો : "હજુ મને એ વિષે વિચાર કરવાનો અવકાશ મળ્યો જ નથી !" વિજ્ઞાનનો તેમનો વિષય અને દિવસો સુધી પ્રયોગોમાં પડયા રહે.

આજે તો શું શહેરો કે શું ગામડાં, બધેય વિચિત્ર વાતાવરણ છે. સંયમની વાતનું કોઈને લક્ષ જ નથી. એટલે એની ઊંડી સમજ વ્યાપક કરવી પડશે.

ધર્મ, બ્રહ્મચર્ય અને બ્રહ્મચારીઓ

શ્રી બલવંતભાઈ કહે : "વૈદિક ધર્મ કે જૈન ધર્મ, દરેક ધર્મમાં બ્રહ્મચર્યનો મહિમા ગવાયો છે. ભારતમાં તો ચારિત્ર્ય અને બ્રહ્મચર્ય એ બન્ને વસ્તુઓ ઉપર તો યુગયુગથી જોર આપવામાં આવ્યું છે. ગાંધીજીએ તો ગૃહસ્થાશ્રમમાં પણ બ્રહ્મચર્યનો પાઠ શીખડાવ્યો. ઋષિ દયાનંદજીમાં શરીરબળ, બુદ્ધિબળ અને જબ્બર હિંમત બ્રહ્મચર્યને લીધે જ હતાં. ભારતની નાડમાં આ વાત પડી છે. તે છતાં છેલ્લાં દોઢસો વર્ષમાં પરિસ્થિતિએ પલટો ખાધો છે.

ગામડાના અનુભવે મેં જોયું કે પાંચ વર્ષના બાળકો બરાબર રવાડે, ખોટી આદતમાં ફસાતાં, નજરે પડે છે. ગામનો ચોરો જુઓ, ધર્મસ્થળો જુઓ કે કારખાનાં જુઓ લોકો બિભત્સ વાતો કરતાં હોય છે. હું જ્યારે એમને ટોકતો ત્યારે તેઓ મને હાંસીમાં ઉડાવતા. એટલે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દેશમાં સારૂં વાતાવરણ તો ઊભું કરવું જ પડશે. સિનેમા—નાટક તજવવાં પડશે. બ્રહ્મચર્ય પોષક સારૂં સાહિત્ય પ્રજાને આપવું પડશે. ગુરૂકુળોમાં પચ્ચીસ વર્ષ લગી વિકૃતિમય વાતાવરણથી દૂર રાખી નવી પેઢીને તાલીમ આપવી પડશે. ટુંકમાં આ કાર્ય ભગીરથ અને અત્યાવશ્યક છે.

શ્રી દંડીસ્વામીએ કહ્યું : "બ્રહ્મચર્ય સાથે વિશ્વવાત્સલ્યનો ઘણો સંબંધ છે. પણ એ બ્રહ્મચર્ય તેજવાળું જોઈએ. ભીષ્મ અને હનુમાન બ્રહ્મચારી જરૂર પૂરા ગણાય; પણ વ્યાપક તેજ તો કૃષ્ણ અને રામનું જ ગણાયું. રામ પત્નીવ્રતધારી છતાં બ્રહ્મચારી રહ્યા અને તેમણે બ્રહ્મચર્ય ફેલાવ્યું. કૃષ્ણે નરકાપુર પાસેથી હજારો બહેનોને છોડાવી. તેમનો અનેક સ્ત્રીઓ સાથે સંપર્ક છતાં તેમણે બ્રહ્મચર્યને સ્થાન આપ્યું.

એટલે મને લાગે છે કે માટલિયાએ કહ્યું તેમ સમાજ અને વાતાવરણની વચ્ચે રહીને સંપૂર્ણ બ્રહ્મચર્ય પળાવવું પડશે.

બ્રહ્મચર્ય પાલનના સારાં સાધનોમાં મને ત્રણ સાધનો સૂઝે છે. જેનો આશરો દરેક લઈ શકે : (૧) યોગ સાધના (૨) હરડે સેવન (૩) સાદી રહન-સહન.

સાદો દાખલો આપું તો એ અંગૂઠા વચ્ચે લાકડું હોય તો તેથી પણ નસ સંબંધે બ્રહ્મચર્ય-પાલનને ટેકો મળે છે. ઘુંટીની ઉપરની રગ દબાય તો વિકારો ઓછા પીડે એટલા માટે ઘૂંટી પર ચાંદીના અથવા બીજી ધાતુનાં કડલાં બહેનો રાખતાં, પુરુષો પણ સાંકળા રાખતાં, આપણું શરીર પંચ મહાભૂતનું બન્યું છે. તેને વાયુ, અગ્નિ, પાણી, પૃથ્વી અને આકાશનો શકય તેટલો સંબંધ વધુ રહે તો આપણું આરોગ્ય સારૂં રહે; અને આરોગ્ય સારૂં રહે તો બ્રહ્મચર્ય પાલનમાં ઠીક ઠીક ટેકો મળી રહે. બહેનોને આવો શ્રમ અને વાતાવરણ ગ્રામ-જીવનમાં સહેજે મળી જાય છે. પણ આજે ત્યાંયે વાતાવરણ બદલાઈ ગયું છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સેવા એ નારી માટે બ્રહ્મચર્યને તપાવવાનું સાધન

શ્રી સવિતા બહેન કહે : "હું એક બહેનનો પ્રસંગ કહું. તેમાંથી નારી સંગ છતાં બ્રહ્મચર્યનો અને હિંદુ મુસ્લિમ સંપર્ક વગેરેનો ખ્યાલ આવશે.

અમે મારી પુત્રીના પિતાજીની બીમારીની સારવાર માટે મદ્રાસ ગયેલા ત્યારે અમને એ બહેન મળેલા. જાતના મુસલમાન હતાં. નાનપણથી વિધવા થયેલાં અને કામ કરી છૂટનારાં હતા. સાઠ વર્ષનાં થવા આવ્યાં હશે. પણ કરકસર ભારે અને મન તો એથી પણ વધારે દ્રઢ.

લોકો કહેતા : "એ વઢગાંડ કરનારી છે. એને ન રાખશો!"

પણ, અમે તેમને રાખ્યાં અને જોયું કે સ્વભાવ આકરો ખરો પણ ભારે હૃદયવાન હતા. સેવા ચાકરી ખંતથી કરે.

એક વખતે બેબીના બાપુજીને તાવ આવ્યો, તો રાતભર તે બહેન ન ઊંઘ્યાં. સેવા બરાબર કરતાં રહ્યાં. મારી સાથે બરાબર જાગતાં રહ્યાં. પછી એકાએક પાએક કલાક આંખ મીંચીને બેસી ગયા.

મેં પૂછ્યું : "આ શું કરો છો!"

તેમણે કહ્યું : "પ્રભુને પ્રાર્થના કરું છું કે સાજ્જ થઈ જાય!"

જ્યારે તેઓ સાજ્જ થઈ ગયા અને ડોકટરે તેમને હરવા-ફરવાની છૂટ આપી ત્યારે તેઓ રાજી-રાજી થઈ ગયા. ત્યાં અમે ઘણાં દર્દીઓની સેવા કરી શકયા. એ તો સાજ્જ થઈને કાર્યવશ બહાર ગયા. મારે એક બીજા સગાની સેવા ખાતર એ હૉસ્પિતાલના કંપાઉંડના બ્લોકમાં (જ્યાં અમે હતાં ત્યાં) રહેવાનું થયું. પણ પછી એ બાઈ રહ્યાં નહીં.

"ખુદા, તમારું ભલું કરે!" એમ આશિષ આપી ચાલ્યાં ગયાં. એ હજુ યાદ આવે છે. જગતમાં સામાન્ય ગણાતા માણસો પણ આવાં હોઈ શકે છે.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

[૧૧] વિશ્વવાત્સલ્યમાં સત્ય શ્રદ્ધા વ્રત

૨-૧૦-૬૧ મુનિશ્રી નેમિચંદ્રજી

વિશ્વવાત્સલ્યના ત્રણ મૂળ વ્રતોમાં પહેલું બ્રહ્મચર્યવ્રત છે. તેના ઉપર અગાઉ વિચાર થઈ ગયો છે. હવે તેના બીજા મૂળવ્રત 'સત્યશ્રદ્ધા' ઉપર વિચાર કરવાનો છે. આમ તો સત્ય અંગે ઘણું ઘણું કહેવામાં આવ્યું છે. પણ, આજે એક નવાજ દૃષ્ટિકોણથી એ ઉપર વિચાર કરવાનો છે.

વિશ્વવાત્સલ્યનો સત્યશ્રદ્ધા સાથે બહુ જ નિકટનો સંબંધ છે. બ્રહ્મચર્ય જેમ વિશ્વવાત્સલ્યનું એક મૂળવ્રત છે. મૂળભૂત અંગ છે તેમ સત્યશ્રદ્ધા પણ એક મૂળભૂત અંગ છે.

એક માતા બાળક ઉપર ખૂબ વાત્સલ્ય રાખે છે, પણ જ્યારે ન્યાયનો કે સત્યનો પ્રશ્ન આવે ત્યાં નિષ્ઠુર પણ થાય છે. કારણકે જો તે વખતે તે કડક કે નિષ્ઠુર ન બને તો બાળકના જીવનનો સાચો વિકાસ અટકી જાય. એવી જ રીતે સત્યનો સાધક, વિશ્વપ્રત્યે વાત્સલ્ય રાખશે. પણ જ્યાં ન્યાયનો પ્રશ્ન આવશે. સત્યનો સવાલ આવશે ત્યાં મક્કમતા રાખશે, બહારથી જોનારને કદાચ એ નિષ્ઠુરતાયે લાગે પણ, ખરૂં જોતાં તે વખતે તે સત્યનો આગ્રહ ન રાખે તો વ્યક્તિગત અને સામાજિક વિકાસ ન થઈ શકે.

વિશ્વવાત્સલ્યમાં સમન્વય કરવાની અને ધ્યેયને લક્ષ્યમાં રાખી બધાયને તે રીતે જોડવાની વાત્સલ્ય દૃષ્ટિ રાખવામાં આવી છે. તેમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સત્ય શ્રદ્ધામાં બહારથી નિષ્ઠુરતાને લીધે તોડવાની વૃત્તિ દેખાય એ બની શકે, પણ ખરૂં જોતાં સામી વ્યકિતના અંતરને જોડવાની દૃષ્ટિ એમાં પડેલી હોય છે. સત્યશ્રદ્ધામાં પોતે મક્કમતા દાખવીને બીજાને પણ તેજ તરફ આણવાની વૃત્તિ હોય છે અને આત્મીયભાવ પોતાપણાનો ભાવ ન હોય તો તે નજર બની શકે. ઘણા વિચારકો–સાધકો એમ સમજી જાય છે કે સત્યશ્રદ્ધામાં જે પોતાનાથી માન્યતામાં જરાક જુદો પડ્યો, એની સાથે સંબંધ તોડવાની કે એની સાથે અલગતા સેવવાની વાત છે. ખરૂં જોતાં એવું છેજ નહીં જ્યારે સત્ય માટેનો કોઇ પણ આગ્રહ સેવે છે ત્યારે તેના દિલમાં સતત બીજાના ભલાનું ભાન હોય છે. એને લાગે છે કે પેલી વ્યકિત જૂઠું બોલે છે. એ એના તથા સમાજના હિતમાં બરાબ છે માટે મારે એને સત્ય બતાવવું જોઇએ! આવી આત્મહિતની લાગણી ત્યાં સતત પોતાપણું સાંધતી હોય છે.

ખરૂં જોવા જતાં સત્યના અલગ અલગ પાસાંઓ છે. આપણે સમજીએ અને માનીએ તેટલું જ સત્ય છે; તે સિવાયનું બધું જ મિથ્યા એમ માનવું વધારે પડતું છે. એટલા માટે જૈન ધર્મે સત્યને ઓળખવા અનેકાંતની વાત કરી છે. અનેકાંતવાદનો અર્થ એજ છે કે બીજાના દૃષ્ટિકોણ પણ જુઓ અને તેને સમજીને તે સત્યને પણ આદર આપો. બીજાના વિચારો પોતાનાથી વિરૂદ્ધ છે માટે બરાબ છે એમ કહીને તેને ફેંકી ન દેવાય તેની સાથે સહાનુભૂતિ રાખી ઊંડાણથી વિચારવામાં આવે અને પછી તે સત્ય–સર્વહિતકારી ન લાગતુ હોય તો તેને મૂકી શકાય છે. પૂર્ણસત્ય દરેક માણસની પકડમાં આવતું નથી. સત્યના એક કે અનેક અંશને પકડીને તે બીજા અંશને તરછોડી દેતા હોય છે. એ બરાબર નથી; ત્યાંજ તે મિથ્યા–દૃષ્ટિ બની જાય છે.

અનેકાંતવાદમાં સાત આંધળાનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. એક વખત સાત આંધળા એક હાથીને તપાસવા લાગ્યા કે હાથી કેવો છે? એ કેવો હોય તેની એમને ખબર નહતી. એકે કહ્યું "હાથી તો કોઠી જેવડો છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બીજાએ કહ્યું : "તું ખોટું કહે છે. હાથી તો થાંભલા જેવો છે."

ત્રીજાએ કહ્યું : "હાથી તો સૂપડા જેવો છે!"

ચોથાએ કહ્યું : "નથી સૂપડો કે નથી થાંભલો, એ તો રાંઢવા જેવો છે."

પાચમાએ કહ્યું : "વાહ ભાઈ વાહ તમે તો ઠીક હાંકયું! અરે હાથી તો ત્રિશૂળ જેવો છે."

ત્યારે છઠ્ઠાએ કહ્યું : "ભાઈ મને તો એ દંડા જેવો લાગે છે."

સાતમાએ કહ્યું : "દંડો...શું વાત કહો છો? એ તો દડા જેવો લાગે છે દડા જેવો!" આમ સાતે જણા પોતપોતાની માન્યતાને સાચી ઠરાવવા માટે બીજાના મતને ખોટો ઠરાવવા લાગ્યા અને વિવાદ કરવા લાગ્યા. એવામાં એક સૂઝવાળો અને સમજુ માણસ ત્યાં આવ્યો. તેણે કહ્યું : "તમે બધા એક એક અંશે સાચા છો પણ સર્વાંશે સાચા નથી. તમે તમારા એક અંશને મુખ્યરૂપે અને બાકીના અંશને ગૌણરૂપે પ્રતિપાદન કરશો તો તમે સત્યને પામી શકશો." એમ કહી તેણે દરેકને તેમની પોતાની માન્યતા અંગે સમજાવ્યા. એટલે બધાએ કબૂલ કર્યું કે અમે જે અંગને પકડ્યું હતું તેનેજ સાચું માનીને હાથી અંગે પ્રતિપાદન કરતા હતા. પણ ખરેખર બધાયે અંગોનો મળીને વિચાર કરીએ તોજ સર્વાંશે સત્યને પકડી શકીએ.

આ સત્ય શું છે? તે અંગે મૂળવ્રતોની વિચારણા કરતાં કરવામાં આવી છે કે તત્ત્વ, વિચાર, વાણી તેમજ બીજા સાધનો અને મન, વચન, કાયા દ્વારા થતી પ્રવૃત્તિઓમાં સર્વભૂત હિતરૂપ વિચાર અને આચાર એ સત્ય છે. વિશ્વવાત્સલ્યનું સત્ય તો સર્વે જગતના જીવોના હિત માટે વાત્સલ્ય રસને વહેવાડવો એટલે કે તેમનું કલ્યાણ થાય એ રીતે મન, વચન, કાયાની પ્રવૃત્તિઓ કરવી એ છે. આ પ્રવૃત્તિઓને સત્ય નામ આપવા સાથે વ્રત આયોજનમાં શ્રદ્ધાને પણ સાથે જોડવામાં આવી છે. એનો અર્થ એ છે કે સર્વભૂત હિતરૂપ પોતાના સત્યનો જેમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દરેક આદર આપે છે તેમ બીજાના સર્વભૂત હિતરૂપ સત્ય ઉપર શ્રદ્ધા રાખી તેને ઓળખવાનો પ્રયત્ન કરવો જોઈએ. એવો વિચાર ન થતાં એકાંત સ્વપક્ષી વિચાર કરવાના દોષભાગી થવાય. અને સર્વભૂત હિતરૂપ સત્યના જુદા જુદા કાળે થયેલા પાસાંઓને ન્યાય ન આપી શકાય.

બનારસના એક રાજાને ચાર પુત્રો હતા. એકવાર ચારે રાજકુમારોએ સારથીને કહ્યું : "અમારે કેશુડાનું ઝાડ જોવું છે."

તેણે કહ્યું : "ભલે લઈ જઈશ!"

પછી એક દિવસ તે મોટા રાજકુમારને વનમાં લઈ ગયો અને તેણે કેશૂડાનું ઝાડ બતાવ્યું. તે વખતે પાનખર ઋતુ હતી. એટલે બધાં પાંદડાં અને ફૂલો ખરી ગયા હતાં. ઝાડ જાણે કે સૂકું ઠૂંઠું જેવું હતું. તે જોઈને રાજકુમારે મનમાં ધારણ કર્યું કે કેશૂડાનું ઝાડ ઠૂંઠા જેવું હોય છે.

કેટલાક દિવસો પછી સારથી બીજા રાજકુમારને જંગલમાં લઈ ગયો. તે વખતે પાંદડાં આવી ગયાં હતાં. એટલે લીલાં પાંદડાં વાળું કેશૂડાનું ઝાડ હોય છે એમ તે રાજકુમારના મનમાં સજ્જડ રીતે બેસી ગયું.

થોડા દિવસો બાદ તે ત્રીજા રાજકુમારને ઝાડ જોવા લઈ ગયો. તે વખતે ફૂલ આવતાં હતાં. એટલે તેણે એ રીતે કેશૂડાની કલ્પના કરી.

ત્યારબાદ તે ચોથા રાજકુમારને ઝાડ જોવા માટે લઈ ગયો. આ વખતે ફૂલ લાલ અને પાંદડાં લાલ હતા. એટલે તેણે માન્યું કે લાલ રંગનાં ફૂલ અને પાંદડાં વાળું ઝાડ તે કેશૂડાનું હોય છે.

ચારે જણાયે જુદા જુદા કાળમાં કેશૂડાનું ઝાડ જોયું હોઈને દરેકે તે રીતે કલ્પના કરી હતી. એક વાર ચારે રાજકુમારોમાં કેશૂડાનાં ઝાડ વિષે વાત થઈ અને દરેકે પોતે જે જોયું હતું તે મુજબ કેશૂડાના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઝાડને બતાવવું શરૂ કર્યું. દરેક પોતે સાચો અને બીજો ખોટો એમ કહી લડવા લાગ્યા. તેઓ રાજા પાસે ગયા. રાજાએ સારથીને બોલાવીને બધી વાત જાણી લીધી હતી. એટલે તેણે ચારેય રાજકુમારોને કહ્યું : "તમે ચારે બરાબર કહો છો ! પણ બીજાના દૃષ્ટિકોણને સમજવાનો પ્રયત્ન કરતા નથી. એટલે તમારું કથન એકાંશે સત્ય હોવા છતાં, તે સર્વાંશે સત્ય નથી. બીજાના મત ઉપર પણ તમારે વિચાર કરવો જોઈએ"

એમ કહી રાજાએ દરેકે શા માટે મત બાંધ્યો હતો તે સમજાવ્યું. રાજકુમારોને ઘેડ બેસી ગઈ કે દરેક બીજો કહે છે તે પણ તેની દૃષ્ટિએ સાચું છે અને સર્વાંશે કેશૂડાનું ઝાડ અમુક પ્રકારનું છે.

એવી જ રીતે જ્યારે બીજાના મત પ્રત્યે શ્રદ્ધા રાખીને વિચારવા મથાય તો ઘેડ બેસી શકે છે. પણ બુદ્ધિના દ્વાર બંધ કરીને બેસાય તો સર્વાંશ સત્યથી વંચિત જ રહેવાય.

એટલે સત્યશ્રદ્ધામાં એ વસ્તુ છે કે જ્યાં-જ્યાં સત્ય દેખાય ત્યાં ત્યાંથી તારવવું. બધા ધર્મોમાં રહેલ સત્યને તારવવાની કોશિષ કરવી. એટલા માટે જ સત્યશ્રદ્ધાનું ઉપવ્રત 'સર્વધર્મોપાસના' છે. એક માણસને પોતાના ધર્મમાં છે એ જ સત્ય અને બાકીનું બધું મિથ્યા છે એમ કહીને હઠ ન પકડવી જોઇએ. તેણે નિરંતર જેટલાં સત્યાંશો છે તેની તપાસ તો કરતા રહેવી જોઇએ; તો જ તે સંપૂર્ણ સત્ય તરફ અગ્રેસર થઇ શકશે.

પં. બેચરદાસજીએ 'જૈન, બૌદ્ધ અને આર્ય' એ ત્રણ ધર્મોના સમન્વય ઉપર એક ચોપડી લખી છે. તેની ભૂમિકામાં એમણે એક સરસ દૃષ્ટાંત આપ્યું છે :—

એક વખતે એક મોટા કુટુંબના ત્રણ મુખ્ય પુરુષો જુદી જુદી દિશામાં વેપાર કરવા ગયા. ત્યાં જઇને તેઓ વસી ગયા. થોડો વખત સુધી તેમનો પરસ્પરનો પરિચય થોડા જ કામકાજને લીધે ટકી રહ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ ધીમે ધીમે કામ વધવા લાગ્યું. સંતાનો પણ વધવા લાગ્યાં અને એક બીજાના સમાચાર પણ આવતા બંધ થઈ ગયા. ધીમે ધીમે તેમની વચ્ચેનો બધો વહેવાર બંધ થઈ ગયો.

એકવાર એવું બન્યું કે વર્ષો પછી જુદા જુદા દેશમાં વસેલા એ ત્રણે કુટુંબના મુખ્ય માણસો પ્રવાસમાં ઓચિંતા મળી ગયા. વાતો ચાલી. પાસે બેઠા અને સૌએ સાથે જમી પણ લીધું. તે છતાંયે તેઓ એક બીજાને ઓળખી શકયા નહીં. કારણ કે ત્રણે કુટુંબોની ભાષા, રહેણીકરણી, પોશાક વગેરેમાં ફરક પડી ગયો હતો. છતાં પણ તેઓ પરસ્પરનો પ્રેમ અનુભવતા હતા. પ્રવાસ લાંબો હતો અને હજુ છૂટા પડવાની વાર હતી, એ પૂછપરછ થતાં પત્તો લાગ્યો કે ત્રણે કુટુંબોને એક જ સ્થળે જવું છે. એથી આપસમાં સવાલ-જવાબ થયા અને ખબર પડી કે ત્રણે એક જ કુટુંબના છે, કાળબળથી તેમના પૂર્વજો વિભિન્ન દેશોમાં જઈ વેપાર માટે વસી ગયા હતા. આ જાણ થતાં આ ત્રણે પૈકીના દરેકના મનમાં બહુ આનંદ થયો, ત્રણે કુટુંબો પોતાના મૂળ પૂર્વજોના ગામે પહોંચી ગયા.

એવી જ રીતે ભારતમાં કે વિદેશમાં પેદા થયેલા બધા ધર્મોની સ્થિતિ છે. હિંદુ-બૌદ્ધ અને જૈન એ ત્રણ ભારતીય ધર્મો અને ઇસ્લામ તેમજ ખ્રિસ્તી ધર્મના મૂળ અને ઉદ્દેશ તો એક જ છે. આર્ય જાતિની એક શાખા ઇરાન (આયપિન) ગઇ, એક આરબ (આર્યપ) ગઇ અને એક ભારત (આર્યાવર્ત) આવી, આ બધા લોકોની વિચાર પદ્ધતિ એક જ પ્રકારની હતી. તેઓ જે જે દેશમાં ગયા. તે તે દેશની ભૌગોલિક પરિસ્થિતિ, ત્યાંની પ્રજાકીય પરિસ્થિતિ તેમજ વહેણો પ્રમાણે અને સમયની જરૂર પ્રમાણે દરેક ધર્મસંસ્થાપકે ધર્મને પ્રરૂપ્યો, જેઓ સર્વધર્મ-સમન્વયમાં માને છે તેઓ જાણે છે કે જેમણે આ બધા ધર્મો સ્થાપ્યા તેની પાછળ તેમની માનવહિતની ભાવના અને મૂળભૂત ઉદ્દેશ એક જ હતા.

તે છતાં આજે તેમની વચ્ચે આટલો બધો તફાવત હોવાનું શું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કારણ છે, એ જરૂર વિચારણીય પ્રશ્ન છે. એટલું જ નહીં આજે આ બધા ધર્મના અનુયાયીઓ આસ-પડોશમાં રહેવા છતાં, તેઓમાં એક-બીજાની સાથે સ્નેહભાવ, એકબીજાના ધર્મ પ્રતિ જિજ્ઞાસા કે આદરભાવ દેખાતા નથી. ઊલટું, ખંડન-મંડન, દ્વેષ-ઘૃણાની ભાવના એ લોકોમાં એકબીજા પ્રત્યે હોય છે. આથી સત્યમાં—(સર્વ ભૂત હિત તત્ત્વમાં) પણ અસત્યનો પ્રવેશ થાય છે. એમાં બીજા ધર્મોના તત્ત્વોને જાણ્યા વગર, વિચાર્યા વગર, માત્ર ઉપલક ક્રિયાકાંડો જોઈને નિર્ણય બાંધવામાં આવે છે કે અમારા ધર્મ સિવાય; બીજા બધા ધર્મો ખોટા છે; કાંઈ પણ સત્ય કે તથ્ય તેમાં નથી. આ સત્યના આગ્રહીની રીત નથી; એ તો સત્ય વ્રતમાં દોષ છે.

એટલે આ બધો દ્વેષ કે ખંડન અથવા મમત્વ કે મંડન દૂર કરવા માટે એક જ ઉપાય છે કે દરેક ધર્મને તેની સ્થાપનાના કાળ, લોક-પરિસ્થિતિ તેમજ લોકમાનસને નજર આગળ રાખીને જોવા જોઈએ. જગતના બધા ધર્મો માનવસમાજની ભલાઈ માટે આવ્યા છે. લોકોના દુઃખને દૂર કરવાની ચિકિત્સા જેવું જ તેમનું નિદાન છે. એટલે ગમે તે પદ્ધતિથી-ધર્મવિચારણા અને વિધિથી દુઃખ દૂર કરવાની ચિકિત્સા થઈને રોગ મટવો જોઈએ અને દોષો નાબૂદ થવા જોઈએ.

જો કોઇ ડોકટર એવો દાવો કરે કે કેવળ મારી દવાથી જ રોગ મટશે, અથવા દર્દી એમ માની બેસે કે અમૂક ડોકટરની દવાથી રોગ મટશે અને બીજા ડોકટરની દવાથી નહીં મટે; તો એ વસ્તુ બરાબર નથી.

એક ગામમાં એક માણસ બહુ જ માંદો રહેતો હતો. ત્યાં એક ડોકટરને તેડવામાં આવ્યો પણ તેના ઇલાજથી દર્દી સાજો ન થયો. એટલે એક પ્રાકૃતિક ચિકિત્સક વૈદ્યને, એક એલોપથિક ડોકટરને, એક હોમિયોપેથિક ડોકટરને એક બાયોકેમિક ડોકટરને, એક યુનાની હકીમને —આમ દવાના પ્રખ્યાત નિષ્ણાતોને તેડાવવામાં આવ્યા.

તે બધા આવ્યા. રોગીને તપાસ્યા પછી સહુ પોત પોતાની ચિકિત્સા પદ્ધતિની પ્રશંસા કરવા લાગ્યા; અને એક બીજાની નિંદા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમજ ખંડન કરવા લાગ્યા. દરેક એમ જ કહેવા લાગ્યો કે મારી દવાથી જ આ રોગ મટશે. તેમનો વાક્-કલેશ એટલો બધો વધી ગયો કે તેઓ કોઇ એક નિર્ણય ઉપર જ ન આવી શકયા કે રોગીનો કઈ પદ્ધતિએ ઇલાજ કરવો જોઇએ ? રોગી મરણાસન્ન હતો પણ કોઇને એની ફિકર ન હતી. બધાને પોતાની ચિકિત્સા – પદ્ધતિની પ્રશંસા કરવાની જ પડી હતી.

છેવટે એક સમજુ અને બુદ્ધિમાન માણસ આવ્યો અને કહેવા લાગ્યો : "તમને કંઇ પણ ભાન છે કે નથી ? તમે પોત પોતાની પદ્ધતિની પ્રશંસા કર્યા કરો છો પણ કોઇને, રોગીને સાજો કરવાની ચિંતા નથી. તમે બધા નિષ્ઠુર, હૃદયહીન, અને સ્વાર્થી લોકો છો !" અને અયોગ્ય ચિકિત્સકો છો. આ સાંભળી બધા શરમાઇ ગયા અને નીચું મોઢું કરીને ચાલતા થયા.

આવી જ હાલત આજે ધર્મોની થઇ છે. દુનિયા અનિષ્ટ રોગથી પીડાઇ રહી છે; હિંસા, અન્યાય, અનીતિ, દાંડાઇ અસત્ય વગેરે પાપ-તાપથી આ વિશ્વ પીડાય છે. બધા ધર્મો ભેગા થયા છે પણ તેમને અનિષ્ટ-નિવારણ કરવા અંગે કંઈ પણ પડી નથી. તેઓ પોતપોતાની પ્રતિષ્ઠા વધારવા માટે લડી રહ્યા છે કે કેવળ પોતાના ધર્માનુયાયી-ઓનો વધારો કરવાનાં બેઠા છે. અનિષ્ટોથી પીડાતી આ દુનિયાને તેમના અનુયાયીઓને પણ તેઓ દુઃખ નિવારણ ઔષધ રૂપ સત્ય-અહિંસા વગેરેના યુગાનુરૂપ કાર્યક્રમો આપવા તૈયાર થતા નથી. આજનો માનવસમાજ માંદો છે. નૈતિક મૂલ્યો પરવારી ચૂકયાં છે તે છતાં પોતાના ધર્મની પ્રશંસા અને બીજાની નિંદા, એનાથી ઉપર આવી તેને ઠીક કરવાની ચિંતા બહુ જ થોડા લોકોને છે. સંકુચિતતાના નાના અને બંધિયાર ક્ષેત્રમાં ધર્મ જેવા વ્યાપક તત્ત્વને બંધ કરી લોકો-સત્યશ્રદ્ધા રૂપ ધર્મના પાલન કરવાનો દાવો કરે; એ ખોટો છે. આ માટે જરૂરી છે કે બીજાના ધર્મને દૃષ્ટિકોણને તેની અંદર રહેલા સત્યાંશોને સમાજવાનો પ્રયત્ન થવો જોઇએ અને તેમાં સત્યાંશ લાગતું હોય તો તેને સ્વીકૃતિ આપવાની તત્પરતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ રહેવી જોઇએ. એટલા માટે જ સત્યશ્રદ્ધા વ્રતનું એક ઉપવ્રત સર્વ ધર્મ ઉપાસના રાખવામાં આવ્યું છે. કઇ વસ્તુ કયા કારણુસર, કયા સ્થળેથી અને કેવા સમયમાં કહેવામાં આવી છે એનો પૂર્વાપરનો સંબંધ વિચાર્યા વગર, સંદર્ભ મેળવ્યા વગર કોઇને ખોટું કહેવું કે નિંદા કરવી એમાં અસત્યનો અંશ આવ્યા વગર રહેતો નથી.

એક વખતે એક યોગી જે પહાડની ટોચે રહેતા હતા; તેમણે પોતાની આંખે અનુભવ કરીને એક ભોજપત્ર ઉપર લખ્યું : "ઘોડો કુતરા જેવડો દેખાય છે."

આ ભોજપત્ર એક વાર વંટોળ આવ્યો અને ઊડી ગયું. તે ઊડતું ઊડતું એક ભાઇના હાથે લાગ્યું. એણે લખેલું વાંચ્યું અને પોતાના મિત્રને બતાવીને કહ્યું : "આ ખોટું છે."

મિત્રે પણ ટાપસી પૂરી કે "આ લખનાર મૂર્ખ લાગે છે."

ફરતા ફરતા તેઓ પેલા પહાડની ટોચે પહોંચ્યા. તેમણે પેલા યોગીને જોયા અને ભોજપત્રનું લખાણ સાચું છે કે કેમ તે વિષે પૂછ્યું. તે યોગીએ કહ્યું : "આ તો મેં લખ્યું છે. આંખ અને અનુભવની દૃષ્ટિએ તે સાચું છે પણ સામાન્ય સમજણ પ્રમાણે કોઇને ખોટું લાગી શકે!"

"એમ કેમ?"

ત્યારે પેલા યોગીએ પહાડની તળેટીમાં એક ઘોડો જતો હતો તે બતાવ્યો અને કહ્યું : "જુઓ અહીંથી! આ કુતરા જેવડો લાગે છે કે નહીં?

તેમણે સ્વીકાર્યું કે અમે આ દૃષ્ટિએ વિચાર્યું નથી અને એ દૃષ્ટિએ લખેલું તે વાકય બરાબર છે. એવી જ રીતે બધા ધર્મોનું છે. સ્થળ, કારણ, કાળ અને લોક માનસનો ખ્યાલ કર્યા વગર જ ઘણા લોકો બીજાના ધર્મને ખોટો બનાવી દે છે, એટલું જ નહીં એક જ ધર્મના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જુદા જુદા સંપ્રદાયો પણ એકબીજાને ઉતારી પાડતા હોય છે. એ બરાબર નથી. એથી સત્યશ્રદ્ધાવ્રતમાં દોષ આવે છે.

દરરોજની વિશ્વવાત્સલ્યની પ્રાર્થનામાં કહેવામાં આવે છે :—

"દેશવેશના શિષ્ટાચારો વિકાસ માટે નહિ નડતા."

દેશના કે વેશના કોઈ પણ શિષ્ટાચારો વિકાસને બાધક ન બની શકે; એમાં જે સત્ય છે તેના ઉપર શ્રદ્ધા રાખવી. પણ તે તદ્દન ખોટાં છે એમ વગર વિચારે કહી દેવું એ ખોટું છે. એમાંથી જે સિદ્ધાંતમાં બાધક હોય તે અંગે વાંધો હોઈ શકે, પણ સિદ્ધાંતમાં બાધક ન હોય અને કેવળ પૂર્વગ્રહથી પ્રેરાઈને એ આચાર-વિચારને ખોટા કહેવા એ સત્યશ્રધ્ધામાં બાધક છે. જો એ આચાર-વિચાર સર્વ હિતકારી-સત્યમય ન હોય, સામાજિક વિકાસમાં અવરોધક હોય, ઘાતક હોય; દંભવર્ધક હોય કે અનિષ્ટકારક હોય તો તેમાં જરૂર સુધારો-વધારો સૂચવી શકાય, કહી શકાય કે તેને સમૂળું બદલાવી શકાય.

સત્ય-શ્રદ્ધામાંથી બીજી એક વસ્તુ એ સૂચિત થાય છે કે ઉપરના ખોખાને ન જોવું. પણ અંતરનું તત્ત્વ જે સત્ય હોય તેને જોવું. ઘણી વાર એવું બને છે કે અમૂક ધર્મો, દેશો અને વેશોના ઉપરનાં ખોખાને જોઇને તેના તરફ લોકો ઘૃણા કરવા માંડે છે અને તેને ખોટું બતાવવા લાગી જાય છે. એના હાર્દ-અંતરમાં રહેલ સત્ય કે તત્ત્વ જોતાં નથી. એક હિંદુ માતામાં જે વાત્સલ્ય છે, તે જ વાત્સલ્ય ભાવ મુસ્લિમ, હરિજન, કે ઈસાઈ માતામાં પણ હોય છે. પણ મુસ્લિમ કે હરિજન માતાને જોઇને ઘૃણા તિરસ્કાર કરે છે કે એની સાથે સંપર્ક રાખવામાં નાનમ સમજે છે. આ સત્યશ્રદ્ધામાં કચાશ છે.

શું સત્ય, અહિંસા, વાત્સલ્ય. બ્રહ્મચર્ય અને અપરિગ્રહ ઉપર કોઈ એકની છાપ કે મહોર લાગેલી છે? આ હિંદુનું સત્ય કે આ મુસલમાનનું? આ જૈનોની અહિંસા કે આ બૌદ્ધોની? એવું નથી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લોકમાનસમાં રહેલી ટુંકી દૃષ્ટિ જ આવા ભેદભાવો ઊભા કરે છે. પછી પોતાના મનથી બીજો જરાક વિરુદ્ધ જતો હોય તો તેની નિંદા અને વગોવણી શરૂ થાય છે. આનાથી જે બીજો દોષ પ્રવેશે છે તે દોષદૃષ્ટિ અને નિંદાશેખીનો ધીમે ધીમે તે વિકસીને અતિશયોક્તિ સુધી પહોંચે છે અને પછી તે સીમા-ઉલ્લંઘન દરેક સ્થળે કરે છે. આના કારણે સત્યશ્રદ્ધા વ્રતમાં દોષ અતિચાર પ્રવેશે છે.

ગાળ, નિંદા, ઘૃણા, દ્વેષ એ બધાં અસત્યનાં ઉદ્‌ભવ સ્થાનો છે. એવી જ રીતે આત્મપ્રશંસા, શેખી કે અતિશયોક્તિ એ પણ અસત્યોત્પાદક છે. એટલા માટે જ **નિંદા-પ્રશંસા પરિહાર** નામનું ઉપવ્રત સત્ય-શ્રદ્ધાવ્રત સાથે રાખવામાં આવ્યું છે.

પોતાની સાથે કોઈનો મત ન મળતો હોય તો તેને સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ. એ મતનો આશય સારો છે કે ખરાબ એ પણ સમજવાનો પ્રયાસ કરવો જોઈએ અને આશય જેવો લાગતો હોય તેનું નમ્ર પ્રતિપાદન કરવું જોઈએ. આમ છતાં પણ જો કોઈ આપણું ધ્યાન તેના મૂળભૂત સત્ય તરફ દોરે અને એની અનુભૂતિ થાય તો તે સ્વીકારવા તત્પર રહેવું જોઇએ. આમ ન થાય તો મતમતાંતરોમાંથી મોટા ઝઘડા ઊભા થતા જોવામાં આવે છે.

એક દાખલો લઈએ. એક વખતે એક દેશના રાજાને ખબર મળ્યા કે બીજા દેશનો રાજા તેના રાજ્ય ઉપર ચડાઈ કરવા આવી રહ્યો છે. રાજાને આ ખબર મળતાં જ તેણે શું કરવું જોઇએ તે અંગે એક સભા બોલાવી અને સભાસદોની રાય માંગીઃ શત્રુથી રાજ્ય રક્ષા કરવા માટે આપણે શું કરવું જોઇએ, તે કહો !

આ સાંભળી એક એન્જિનીયરે આગળ આવીને કહ્યું: "નગરની ચોમેર ફરતી એક ખાઈ ખોદાવી અને તેના કિનારે એક સળંગ જાડી ભીંત ચણાવી દેવી જોઈએ."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેના ઉપર મત આપતાં સુથારે કહ્યું: "ભીંત અને ખાઈ બરાબર છે પણ ભીંત લાકડાની બને તો સારૂં છે."

લુહારે પ્રતિવાદ કરતાં કહ્યું: "લાકડાની ભીંત શું ટકશે? લોઢાની ભીંત હોય તો સારી વાત છે. ગોળી પણ અંદર ન જઇ શકે!"

રાજ્યના વકીલે ઊભા થઇને કહ્યું: "આમાંથી એકેય વાત કરવાની જરૂર નથી. શત્રુ પક્ષને યુક્તિ-પ્રયુક્તિથી સમજાવી દેવો જોઇએ કે આ રીતે બળજબરીથી કોઇની સંપત્તિ ઝૂટવી લેવાનો કોઇને અધિકાર નથી. આ કાર્ય સંપૂર્ણ રીતે અન્યાયપૂર્વકનું અને કાયદા બહારનુ છે."

પુરોહિતથી ન રહેવાયું અને તેણે ઊભા થઇને કહ્યું: "એ બધું કરે કાંઈ પણ નહીં વળે. પહેલા દેવતાઓને રાજી કરો ને યજ્ઞ કરો, હોમ કરો હવન કરો, દાન કરો, બ્રાહ્મણને જમાડો! આશીર્વાદ એવા વરસશે કે શત્રુ પ્રજામાંથી કોઇને પણ હાથ લગાડી શકશે નહીં!"

કોઇકે કહ્યું: "ગાંડો થયો કે?" બસ પછી જે વાકયુદ્ધ ચાલ્યું અને પોતાના મતને સાચો કરાવવાની જે હોડ થઇ કે રાજાએ બધાને બેસાડી દીધા અને કહ્યું: "તમે બધા ઝઘડો ખરો કરવા માટે પ્રયાસ કરો છો એટલે રાજ્ય રક્ષણ માટે અયોગ્ય છો!"

જો એ લોકો બીજાનો આશય સમજીને નમ્રપણે પોતાનો મત રજુ કરત તો કદાચ તેમની વાતનો સ્વીકાર પણ કરવામાં આવ્યો હોત. પણ મતાગ્રહી લોકો એ રીતે વિચારતા નથી. પોતાનું સાચું અને બીજાનું ખોટું છે, એમ જ માનતા ફરે છે અને યેન કેન પ્રકારેણ તેને સિદ્ધ કરવા યુકિતઓને એ તરફ દોરી જાય છે.

આચાર્ય હરિભદ્રસૂરિએ કહ્યું છે:—

आग्रही बत निनीषति युक्तिं, तत्र यत्र मतिरस्य निविष्टा।
निष्पक्षपातस्य तु युक्तिं, र्यत्र तत्र तस्य मतिरेति निवेशम॥

—યોગબિંદુ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

—'મતાગ્રહી જ્યાં મતિનો અભિનિવેશ—હઠાગ્રહ હોય છે તે તરફ યુક્તિને ખેંચે છે. જ્યારે મતાગ્રહ રહિત નિષ્પક્ષપાતી જ્યાં યુક્તિ છે તે તરફ મતિને લઈ જાય છે.' એટલે પોતાના મતને સાચો ઠરાવવાને બદલે જે સાચું છે તે મારું છે. એવો દૃષ્ટિકોણ કેળવી બીજાના દૃષ્ટિકોણને સમજવો જોઈએ.

દરેક માણસ જે સંસ્કારોમાં ઉછરેલો હોય છે તેજ દૃષ્ટિએ તે દરેક વસ્તુને જોતો હોય છે; પણ સમ્યક્‌દૃષ્ટિ કે જ્ઞાની પુરૂષે તો ભાવ, ભાષા, કાળ અને સ્થિતિનો ખ્યાલ કરી દરેક વસ્તુને ગ્રહણ કરવી જોઇએ; અને તેમાંથી તત્ત્વ તારવી લેવું જોઈએ.

એક વખત રાજપૂતાનાના એક ગામમાં એક પ્રભુભક્તને વિચાર આવ્યો કે આજે સવારે જે પાંચ જણ અહીંથી પસાર થાય તેમને પૂછું કે "તમારો પ્રભુ કેવો છે?"

સૌથી પહેલાં એક હરિજન પસાર થયો. તેને પૂછ્યું કે "ભાઈ તમારો પ્રભુ કેવો છે?"

તેણે કહ્યું: "મારો પ્રભુ તો શ્રેષ્ઠ હરિજન છે."

પછી ધોબી આવ્યો. તેને પણ એ જ પૂછ્યું અને જવાબ મળ્યો: "મારો પ્રભુ તો ધોબી છે. બધાના મેલ ધૂવે છે."

ત્રીજો વણકર નીકળ્યો. તેણે જવાબ આપ્યો: "એ તો મોટો વણકર હોવો જોઇએ. આ આકાશને જુઓને, કેવું વણીને તાણી દીધું છે કે તે પડતું નથી."

ચોથો ત્રાજવા કાંટા લઈને નીકળ્યો. તેણે જવાબ આપ્યો: "મારો પ્રભુ બધું બરાબર તોળે છે એટલે જ તો જગતના ત્રાજવાં બરાબર રહે છે!"

પાંચમો તંબૂરો વગાડનાર હતો. તેણે કહ્યું: "મારો પ્રભુ તો હંમેશ તંબૂરો વગાડ્યા કરતો હશે."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આમ તેણે પાંચ પ્રકારના પ્રભુની કલ્પના સાંભળી. તેનું કારણ એ જ કે સહુ પોતપોતાના ઉછેર, સંસ્કાર અને ભાવના પ્રમાણે કાર્ય કરતા હોય છે. હજારો વર્ષ પહેલાં પ્રભુને ન્યાયાધીશ સાથે સરખાવવામાં આવતો. પછી પ્રભુને રાજા સાથે સરખાવવામાં આવતો.

ઈરાનનો એક ભક્ત પ્રભુને મિત્ર ગણતો અને એક ભક્ત તેને ભોળો ગણતો. રવીન્દ્રનાથ ઠાકુરના મનમાં પ્રભુ કવિત્વરૂપ હતા. જર્મનીનો એક ગણિતશાસ્ત્રી પ્રભુને ગણિતજ્ઞ કહેતો. કોઈ તેને 'કળા', તો કોઈ તેને "કળાકાર ગણાવે છે." આ પ્રમાણે દરેક માણસ પોતાની કલ્પના પ્રમાણે ગોઠવણ કરે છે. પણ, જ્ઞાની પુરૂષોએ દરેકનો આશય સમજી તે પ્રમાણે તેની ગોઠવણ કરવી જોઈએ. God, ઈશ્વર, પ્રભુ, કરતાર, સિદ્ધ કે અલ્લાહના ભાષાભેદને લઈને ઝઘડો ન કરવો જોઈએ; કારણકે તેની અંદર રહેલું તત્ત્વ એક જ છે. ગોસ્વામી તુલસીદાસજીએ કહ્યું છે :—

'जकी रही भावना जैसी, प्रभुमूरत देखी तिन तैसी'

હિંદુધર્મ, અદ્વૈતવાદને માનવા છતાં, બીજા ધર્મના મહાપુરૂષો પ્રતિ ઉદારતા રાખે છે તેમ જ જાતે ઉદાર છે, તેવું આજે હિંદુ કહેવાતા લોકોમાં ભાગ્યે જ જોવા મળે છે.

"एकं सत् विप्रा वहुधा वदन्ति"

સત્ય એક હોવા છતાં વિદ્વાની તેને જુદા જુદા રૂપે કહે છે.

આ સૂત્ર સત્યશ્રદ્ધા માટે ખૂબજ અનુકૂળ છે. ખરૂં જોતાં તો જેવી દૃષ્ટિ હોય તેવીજ સૃષ્ટિ હોય છે. જે માણસની સમ્યક્‌દૃષ્ટિ હશે તેને તેની નજરમાં ગમે તે શાસ્ત્ર કે વ્યક્તિ હોય તેમાંથી ગુણ લેવાની કે સારો ભાવ તારવવાની તેની વૃત્તિ કે દૃષ્ટિ હશે. એટલા માટે નંદી સૂત્રકારે કહ્યું છે કે સમ્યક્‌દૃષ્ટિ માટે બધાયે વિપરીત સૂત્રો પણ સાચા સૂત્ર બની જાય છે. કહ્યું છે:—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"एआइं चेव सम्म दि ट्ठिस्स सम्मत्तपरिग्गहत्तेण सम्मसुयं,
मिच्छादिट्ठिस्स मिच्छा सुयं ॥"

મિથ્યા એટલે કે વિપરીત કહેવાતા એ શાસ્ત્રો પણ સમ્યકદૃષ્ટિ માટે સમ્યક્ શ્રુત છે; કારણ કે તેની દૃષ્ટિ સમ્યક્ ભાવ ગ્રહણ કરવાની હોય છે. અને મિથ્યા દૃષ્ટિ માટે સમ્યક્ કહેવાતાં શાસ્ત્રો પણ મિથ્યા શ્રુત છે; કારણ કે તેને તો દરેકમાંથી દોષોજ જોવાની કે તારવવાની દૃષ્ટિ હોય છે.

શ્રીકૃષ્ણ ભગવાનના રાજદરબારમાં એક વખત ચર્ચા ચાલી કે દૃષ્ટિ તેવી સૃષ્ટિ હોય કે સૃષ્ટિ તેવી દૃષ્ટિ હોય? ત્યારે બહુમત દૃષ્ટિ તેવી સૃષ્ટિના પક્ષમાં હતો. એ વાતની પરીક્ષા કરવા શ્રીકૃષ્ણે દુર્યોધનને એક નોંધપોથી આપીને કહ્યું: "આ નગરીમાં જેટલા સજ્જનો હોય તેને નોંધી આવો!"

તે ગયો પણ તેને કોઇ સજ્જન લાગ્યું નહિ, એટલે તે ખાલી નોંધપોથી લઇને પાછો ફર્યો. તેવી જ રીતે યુધિષ્ઠિરને પણ એક નોંધપોથી આપીને કહ્યું: "આ નગરમાં જેટલા દુર્જનો હોય તેને નોંધી આવો."

યુધિષ્ઠિર પણ કોરી નોંધપોથી સાથે પાછા ફર્યા કારણ કે તેમને કોઈ દુર્જન લાગ્યોજ નહીં. આખી નગરીમાં સજ્જન કે દુર્જન હતાજ નહી એવી વાત ન હતી; પણ એકને એક ગુણ જોવાની દૃષ્ટિ હતી એટલે તેને કોઈ દુર્જન ન લાગ્યો અને બીજાને દોષ જોવાની દૃષ્ટિ હતી એટલે કોઈ સજ્જન મળ્યો નહીં. આમ શ્રીકૃષ્ણે બધા સભાસદોને દૃષ્ટિ અને સૃષ્ટિનો ન્યાય પ્રમાણિત કરી આપ્યો.

સત્યશ્રદ્ધા વાળાની દૃષ્ટિ, ખરાબમાં ખરાબ વસ્તુમાંથી સાર કે તત્ત્વ તારવાની હશે તે દુર્ગુણો કે દુર્વાક્યોમાંથી પણ સવળો અર્થ લેશે. કૈકેયીએ રાજા દશરથ પાસે બે વચનો માગ્યા હતા. તે વખતે શ્રીરામ કૈકેયી પાસે ગયા. તેમનો રાજ્યાભિષેક થવાનો હતો અને દશરથ મૂર્છિત થઈને પડ્યા હતા. એ વખતે કૈકેયીએ વરદાનની વાત કરતાં કહ્યું કે હું બે વરદાન માંગું છું, તો શું ખોટું કરું છું?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રીરામ કહે છે: "માતા! તમે બહુજ સારૂં કર્યું છે. હું જે ઇચ્છતો હતો એજ તમે માંગ્યું છે. હું પોતે વિચારતો હતો કે ભરતને રાજગાદી શા માટે ન મળવી જોઈએ? રઘુવંશમાં મોટા દીકરાને રાજગાદી મળે એ બરાબર નથી. તો એ વિષે તમે ઠીક કર્યું છે. વનવાસની વાત પણ મારા હિતની કહી છે. વનમાં રહીને હું કુદરતનો આનંદ મેળવી શકીશ. ઋષિ, મુનિ તેમજ આરણ્યકોને મળીશ એ પણ મોટો લાભ થશે!"

શ્રીરામે કૈકેયીના વચનોમાંથી આમ સારો ભાવજ તારવ્યો. માતા કૌશલ્યા પાસે જઈને, રામે નમીને આ વાત કરી. ત્યારે તેમણે પણ એજ કહ્યું: "જો માતાપિતાની એવી આજ્ઞા હોય તો તારે તેનું પાલન કરવું જ જોઈએ. તું એમજ કર!" કૌશલ્યાએ એમ ન કહ્યું કે તે ખોટું છે અથવા તારે માટે વનવાશ શા માટે?

આ વસ્તુ ખૂબજ સમજવા જેવી છે. જો અવળી વાતમાંથી સારો ભાવ તારવવામાં આવે તો સત્યશ્રદ્ધાની પુષ્ટિ થઈ શકે. કદાચ સત્યાર્થી સાધકને કેટલીકવાર પોતાને ન સમજાય અને તે મિથ્યા વસ્તુને પણ સત્ય માની બેસે; પણ જ્ઞાની પુરૂષો કહે છે કે જો તે અનાગ્રહી હોય તો તેના માટે તે સમ્યક્ જ છે.

આચારાંગ સૂત્રમાં કહ્યું છે:—

'समयंत्ति मन्नमाणस्स समिया वा असमिया वा समिया होइत्ति उवेहाए'

—એટલે કે એક સત્યાર્થી સાધક જે વસ્તુને સમ્યક્ (સત્ય) સમજી રહ્યો છે તે કદાચ જ્ઞાની પુરૂષોની દૃષ્ટિમાં મિથ્યા હોય તે છતાં, જો સત્યાર્થીનો અનાગ્રહ હોય તો તેને કોઈ સાચી વસ્તુ સમજાવે અને તેના ગળે ઊતરી જાય અને તે ખોટી વસ્તુને છોડવા તૈયાર હોય તેવો સાધક સમ્યક્દૃષ્ટિવાળો છે. તેની તે વસ્તુ સમ્યક્ છે કારણ કે તેને તે સરળ ભાવે ગ્રહણ કરે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"હજરત મહમ્મદ સાહેબ જ એકલા પયગંબર નથી. બીજા પણ પયગંબરો જુદા જુદા મુલ્કોમાં ખુદાએ મોકલ્યા છે!" ઇસ્લામ ધર્મની આ વાત પણ એકાંત હઠાગ્રહને છોડવા માટે જ છે. એવી જ રીતે જૈન દર્શને પંદર ભેદે સિદ્ધોમાં સ્વલિંગ સાથે અન્યલિંગ સિદ્ધોને સ્થાન આપ્યું છે. એટલું જ નહીં ભરત ક્ષેત્રમાં જ્યારે તીર્થંકર ન થઈ શકાય તો અહારના ક્ષેત્રોમાં તીર્થંકર થઈ શકે છે એ વિધાન કર્યું. આની પાછળ પણ એકાંત હઠાગ્રહને મૂકવાની જ વાત છે.

એટલે સત્ય શ્રદ્ધા માટે આમ બધી વસ્તુઓ ઉપર ઊંડાણથી જ વિચાર કરવો જોઈએ અને જ્યાં ભૂલ થતી હોય, બીજાને અન્યાય થતો હોય, પોતાના મતમાં પૂર્વગ્રહના કારણે બીજાને ખોટું કહેવામાં આવતું હોય; ત્યાં પોતાની ભૂલ સુધારી, સામી વ્યક્તિ પાસે ક્ષમા માગવી જોઈએ. ક્ષમાપનાને એટલા માટે સત્યશ્રદ્ધાના ઉપવ્રત તરીકે રાખવામાં આવી છે.

આમ દરેક ધર્મ, શાસ્ત્ર, વ્યક્તિ કે વિચારધારામાંથી સત્ય કે તત્ત્વ તારવવાની દૃષ્ટિ અને વૃત્તિ રખાય તો સત્યશ્રદ્ધા વ્રતનાં બધાં પાસાંઓ સચવાશે.

ચર્ચા – વિચારણા

સત્યશ્રદ્ધાની કસોટી

શ્રી માટલિયાએ આજની ચર્ચાનો પ્રારંભ કરતા કહ્યું કે "જેમ બ્રહ્મચર્ય નિષ્ઠાની કસોટી સ્વાદ-જય અને જનનેન્દ્રિયનો સંયમ છે, તેમ સત્યશ્રદ્ધાની કસોટી છે :—(૧) કુટુંબ (૨) સંપત્તિ (૩) સત્તા પરની મર્યાદા અને વિજય. જેમ ગૃહસ્થાશ્રમીએ પણ સંતાન હેતુ માટે સ્ત્રીયોગ તથા સ્ત્રી પુરુષ વચ્ચે, ઇતર સ્ત્રી પુરુષોની મર્યાદા જાળવવી અનિવાર્ય બને છે તેમ, સ્વાદજય માટે માંસાહારી, માંસ છોડે, ઇંડાં છોડે; અને શાકાહારી કંદમૂળ છોડે, મેવા મિઠાઈ છોડે; મસાલાવાળા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને ફરસાણો યુકત ભોજન છોડે; અને સ્વસ્ત્રી વિષે પણ સંપૂર્ણ સંયમ ક્રમે-ક્રમે કેળવતો જાય; તે રીતે સત્યની દિશામાં પણ સાધના ક્રમે-ક્રમે કરવી પડે છે.

મારો અનુભવ નમ્રભાવે કહી દઉં :—"પિતાજીની ઇચ્છા કાંતો હું ડોકટર થાઉં અને કાંતો વેપારી બનું; એ જાતની હતી. પણ, ન્યાય-સંપન્ન આજીવિકા વેપારમાં અશકય હોઈ, તે મારા માટે બંધબેસતું નહોતું. બીજો વિકલ્પ ડોકટર બનવાનો હતો. હું જ્યારે ભણવા ગયો ત્યારે પિતાજીએ વાત્સલ્યભર્યા આગ્રહે રૂપિયા પચાસ મને આપેલા. તે મેં પ્રતીકરૂપે લીધા અને વાપર્યા નહીં.

હું ઈન્ટરમાં ભણતો હતો તે વખતે એક બનાવ બન્યો. એક વિદ્યાર્થી બી. એ.ના છેલ્લા વર્ષમાં હતો. ટર્મ ભરવાનાં નાણાં તેની પાસે નહીં. જો એ ઊઠી જાય તો સરકારી નોકરીમાં મેટ્રીક પાસ સુધીનીજ યોગ્યતા ગણાય.

મેં મહાવીર વિદ્યાલયની મને મળેલી લોન તેને આપી દીધી. હું કપડાં ધોયેલાં પહેરું એટલે બીજા વિદ્યાર્થીઓ હું સાધન સંપન્ન છું એમ કદાચ માની લેતા હશે. મેં લોન બીજા વિદ્યાર્થીને આપી દીધાની વાત મહાવીર વિદ્યાલયના તે વખતના મંત્રી શ્રી મોતીચંદ કાપડિયાને લખી જણાવી. તેમનો ઠપકો મળ્યો કે "આમ તમારાથી ન અપાય !" પણ મને તો જ્યારે જરૂર પડી ત્યારે લોન એક યા બીજી સંસ્થા તરફથી મળી ગઈ અને કામ ચાલ્યું.

તે વખતે છાત્રાલયનો ખર્ચ માસિક દશ-પંદર રૂપિયા આવે. હું ત્રણ વર્ષ રહ્યો. તાળુ મારતો નહીં છતાંપણ એક પાઇ ચોરાઈ નહીં. બી. એ. ભણ્યો ત્યાં સુધી આમ ચાલ્યું. એક છોકરો પૂના જતાં બેગ લઈ ગયો એટલે ધાબળામાં કપડાં વીંટીને હું નીકળી પડયો. જે કુટુંબમાં હું જમતો ત્યાં પણ મને મળે તેટલું આપી દેવાની વૃત્તિ હતી. એ કુટુંબને પણ અમારાથી રાહત હતી. મારી પાસે એક રૂપિયો હતો. તે લઈને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નીકળી પડયો. ધોળા લગીની ટિકીટમાંજ તે વપરાયો. ત્યાં એક મિત્રે અનાયાસે પાંચ રૂપિયા આપ્યા. હું ચલાળા ગયો. ધાબળામાં કપડાં વીંટેલાં એટલે ત્યાંના રાજકીય કાર્યકર વગેરે સર્વેએ મને હરિજન માની લીધો અને ધક્કો ન કર્યો. "હું હરિજન નથી!" એ કહેવાની જરૂર જ કેમ હોય? ઉલટું હરિજનોની દશાનો આ રીતે અનુભવ થતાં આનંદ મળ્યો.

ત્યારે મારી સત્તાવીશ વર્ષની વય હશે. હું ખાદી કાર્યાલયમાં જોડાયો. ત્યારે રેંટિયો અને પુણી માંડ લઇ શકયો. એજ અરસામાં રા. દશનું મ. ઓ. પેલા મિત્ર તરફથી મળ્યું. એટલે જરાક રાહત રહી. આમ પણ ખાદીમાં રેંટિયા પરથી થોડું વધ્યું હતું. તેવામાં પૃથ્વીસિંહજીએ અખાડો–કેંપ ધોધામાં ખોલ્યો હતો. તેમાં હું દાખલ થયો.

ત્યારબાદ મુનિશ્રી સંતબાલજી મોરબીમાં આવ્યા. હું પણ ત્યાં ગયો. કુટુંબને સમાધાન મળ્યું. તે વખતે અમે અમદાવાદ આવ્યા. હું વૈદક શીખતો અને મારા પત્ની બાલમંદિરમાં જતાં; પણ ઘણીવાર બસમાં બેસવાના નાણાં ન રહેતાં. આની ખબર પરિચિત મુનિઓને થતાં તેમણે એક શેઠિયાને ઘેર જૈન શિક્ષણના પંડિત તરીકે મને મૂકયો.

મને એક દિવસ જ રાખી તેમણે રૂખસદ આપી. કારણ કે મેં પ્રથમ વ્રતનાં અતિચારોને ધરાવતા ગુમાસ્તાઓ ઉપર ત્રાસ ન ગુજારવાની વાત કરી હતી. એક બ્રહ્મક્ષત્રિયને ત્યાં બાળકને શિક્ષણ આપવાનું થયું ત્યાં તેમણે કહ્યું: "છોકરો રમતિયાળ છે એટલે શાળામાં એમના વતી સિફારશ કરજો."

મેં કહ્યું: "એ બરાબર નથી." તે ટયૂશન બંધ થયું. ત્યાં ચાર ઓસડના સંશોધન માટે કોઈએ આવીને કામ સોંપ્યું. પણ જેને ઘર રહું તે મને રાંકો (ગરીબ) જ માને; કારણ કે હું માટીના જ વાસણનો જ આગ્રહ રાખું. તેવામાં વીરચંદ પોનાચંદ શેઠ પૂછતા પૂછતા આવ્યા; અને જમ્યા પછી તેમણે કહ્યું "મકાન તમારું જ ગણો અને ભણો!" અને મકાન મળી ગયું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યાં ભણ્યા બાદ સૌરાષ્ટ્રમાં આવ્યા. કૉંગ્રેસે આગ્રહ કર્યો. ત્યાં કહ્યું : "રચનાત્મક કામ ગમે છે."

મુરબ્બી નાનાભાઈએ કહ્યું; ત્યારે મેં વિનવ્યા કે "હું અન્યાયનો પ્રતિકાર કર્યા વિના ન રહી શકું."

તેમણે કહ્યું : "તો એકલા શિક્ષણનું સાતત્ય ન રહે!"

એવામાં મુનિશ્રી સંતબાલજીનો પ્રયોગ અપનાવ્યો. એટલે સૌરાષ્ટ્રની રચનાત્મક સમિતિએ કહ્યું : "સેવક અમારા અને કહ્યું કરો મુનિશ્રી સંતબાલજીનું! " તમારું આવું અનુકરણ બધા કરવા માંડે તો?"

મેં કહ્યું : "વેતન નહીં લઉં."

પાંચ વર્ષ વેતન ન લીધું પણ કચારેય ખાસ મુશ્કેલી પડી નથી. આપણે માનીએ કે જમીન ઉપર પગ્યા, પણ ત્યાં પથારી પાથરેલી જ હોય, એટલે પગ્યા છતાં માર લાગે નહીં. બાકી સામાન્ય મુશ્કેલીઓ તો આવે જ. ત્રણેક માસ માત્ર છાસ-રોટલા ઉપર ચાલ્યું હશેઃ બાકી તો દરેક સ્થળે પ્રતિકૂળતામાં અનુકૂળતા જ મળતી ગઈ. અઢારથી ત્રેતાલીસ વર્ષની ઉમ્મરના આ ગાળામાં સત્યશ્રદ્ધાના પ્રતાપે જ બધું થયેલું હું માનું છું. અમારી દાદીમાએ બે બંગડી અને ચેઈન બહુ આગ્રહથી મારી પત્નીને આપ્યા. તો ટ્રસ્ટી તરીકે એ પાંચ તોલા સોનું, કુટુંબ-સ્નેહના પ્રતિક તરીકે સાચવી રાખ્યું છે. રાજ્યાશ્રિત થવાનો પણ મેં ત્યાગ કર્યો છે. પણ બધી સસ્થાઓ સાથે સાતત્ય સાચવી રાખ્યું છે. કારણ કે માત્ર એકાકી રહેવાથી તો સ્વેચ્છાચારી થઈ જવાય છે. લોકાશ્રયી (જનાધારિત) રહેવા માટે એક વર્ષ મારા પરિચિત સ્થળોની આંટીઓ-(સૂતર)થી કામ ચલાવ્યું. દલીલ કરનારા મુરબ્બીઓએ દલીલો ખૂબ કરી; "આંટી આપી દો અને વેતન પૂરું લો!"

મેં કહ્યું : "જનાધારિત રહેવાની વાત હોય તો એ જ રીતે ચલાવી લેવું રહ્યું."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છેવટે વિનોબાજી પાસે વાત ગઈ. તેમણે કહ્યું : "શાંતિ સૈનિક અને સર્વોદયનો પ્રયોગ કરો !"

મેં કહ્યું : " સંતબાલજીનો શાંતિ સૈનિક થઈ ચૂકયો છું. એ રીતે સન ૧૯૫૬ માં શાંતિ સૈનિકોની કાર્યવાહીમાં ગયો પણ છું."

વિનોબાજીએ કહ્યું : તો તમે શાંતિ સૈનિક નહીં ગણાઓ પણ મિત્ર ગણાશો ! ભૂદાન કાર્યક્રમના સંદર્ભની આ શાંતિ સેનાની વાત છે."

મેં કહ્યું : "તો મિત્ર તરીકે ઊત્તેજન આપીશ. અંગ નહીં બની શકું !."

એવા પણ પ્રયોગો કર્યા કે ખેડૂતો એક મણ અનાજ આપે અને મારે ચલાવી લેવું. આ બધી વાતોનો સાર એ જ છે કે " કુદરત પર એટલે કે નિસર્ગનિષ્ઠા પર જીવન છોડો." તે છતાં મારી કોમળતાને આંચ આવી નથી. કાર્લ માર્કસની પરિભાષામાં કહું તો " તેજસ્વિતા વધે છે...ઘટતી નથી." આ અનુભવયુક્ત છે સત્ય શ્રદ્ધાની વાત ! "

શ્રદ્ધા ઉપર અડગ રહો :—

શ્રી પૂંજાભાઈ કહે : " માટલિયાજીએ પ્રેરણા પદ જાત અનુભવો કહ્યા. એવા જ થોડા કે વધુ અનુભવો સેવક કોટિના દરેક માણસને થતા હશે. અવ્યક્ત જગતમાંથી કુદરત રક્ષણ અને પોષણ આપે જ છે. પણ શ્રદ્ધાની આકરી કસોટી થતાં ટકાતું નથી.

એક ઘોડાને પરાણે ઘી-ગોળ મળતા હતા, ત્યારે એની સેવા કરનાર માણસને મળતા ન હતા. પણ તેણે જ્યારે સાવ નિસર્ગ ઉપર શ્રદ્ધા રાખી જીવન છોડી દીધું અને પ્રાણ – પરિગ્રહની પ્રતિષ્ઠાની પણ દરકાર કર્યા વગર જંગલમાં ગયો તો મોંમાં પરાણે લાવીને મૂકનાર રાજવી અને એના માણસો મળી ગયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાચો સંકલ્પ કદિ અફળ જતો નથી. પ્રહલાદ અને સુધન્વાની કસોટી થઇ પણ અંતે જીતી ગયા. શવરી કુંભારણના નિંભાડામાંથી બિલાડીનાં બચ્ચાં આબાદ જીવતાં નીકળ્યાં. એ કુદરતનો પ્રભાવ.

મને એક વાર બાર કલાક ખાવાનું ન મળ્યું. સ્ટેશન ઉપર ગાડીને વાર હતી એટલે એક ઝાડની નીચે બેઠો. પાસે બળિયાદેવનું સ્થાન હતું. થોડી જ વારમાં એક કુટુંબ આવ્યું અને કહ્યું : "લ્યો ! આ સુખડી; બળિયાદેવની પ્રસાદી છે." અને એકના બદલે બે ટંકનું મળી ગયું.

વારણા રામણાના વન્ય પટેલનો દાખલો છે. બિચારા ખેતમજૂર-ગરીબ અને તળપદા પટેલ જાતના હતા. પૂરતું ખાવાનું પણ ન પામે. એટલામાં પત્ની ગુજરી જતાં, પોતાની દીકરીને છોડી દેવાનું મન થયું. તેમણે ઝાડીમાં જઈને નાખી દીધી. જંગલ ભયાનક. શિયાળ વગેરે પ્રાણી. રાત વધે તેમ થયું કે ઠીક નથી થયું ! કદાચ બાળકી મરી ગઈ હશે તો ! તેમણે જઈને તપાસ કરી તો બાળકી જીવતી મળી. તેમને જાત ઉપર ધૃણા વછૂટી અને ગમે તે ભોગે બાળકીને મોટી કરવાનો નિર્ણય કર્યો. મજૂરીએ જાય ત્યાં પાછળ બાંધી જાય. મોટી થતાં પરણાવી. ઘડપણમાં પટેલને અંધાપો આવ્યો. ત્યારે એજ દીકરીએ તેમની સેવા ચાકરી કરી. આમ સત્ય ઉપર શ્રદ્ધાને અડગ રાખવી જોઈએ !

સત્ય શ્રદ્ધાનું અજબ બળ :—

શ્રી દેવજીભાઈએ સત્ય શ્રદ્ધાની કસોટી રૂપ દાખલો ટાંકયો. એક વાર જંગલમાં એક ભરવાડ લાકડી લઈ અમારી સામે થયો. સાથેના બે જણ ભાગી ગયા. પણ હું, ભગવાનનું નામ લઈ ઊભો રહ્યો અને પેલા ભાઈની લાકડી અદ્ધર રહી ગઈ. પ્રારંભમાં તો પ્રાણ અને પ્રતિષ્ઠા બન્ને જોખમમાં હતા પણ પાછળથી એણે સમાજ સમક્ષ ગુનો કબૂલ કર્યો. દુકમાં પ્રાણ, પ્રતિષ્ઠા અને પરિગ્રહ હોમવામાં આવે ત્યારે સત્યશ્રદ્ધાનું બળ જ અજબ કામ કરે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સત્ય સર્વત્ર વ્યાપે :—

શ્રી બળવંતભાઈ એ કહ્યું : આજે સામાન્ય લોકમાં અપક્ષપાત કે તટસ્થતા ઓછાં જોવાં મળે છે. ત્યારે સત્ય શ્રદ્ધા કેવળ સાધુઓનો જ આચાર ગણાય છે. અને ધન, સત્તા તેમજ લાગવગ વધારે, તે વધારે ડાહ્યા ગણાય છે.

સત્યનો ખ્યાલ તો હતો અને નાનપણથી "હરામનું ન લેવું" એને જીવનમાં ઉતાર્યું પણ હતું; છતાં આજે અહીં જે રીતે સત્ય જાણવા મળ્યું છે તે પૂર્ણ અને સર્વાંગી દૃષ્ટિનું છે. મને લાગે છે કે સત્યને સર્વત્ર વ્યાપક બનાવવું જોઈએ. એ માટે અપરિગ્રહી બનવું પણ જરૂરી છે.

શ્રી નેમિ મુનિ : "સાથે અપલાયન વૃત્તિ પણ જોઈએ. નહીંતર અપરિગ્રહી કાર્યકરો પણ એકાંગી બની જાય છે. સંસ્થાની સાથે સંકલન રાખે તો જ વિશ્વવાત્સલ્ય વાળી સત્ય શ્રદ્ધા ટકી શકે....!



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

[૧૨] વિશ્વવાત્સલ્યમાં માલિકી હકમર્યાદા

[૯-૧૦-૬૧] મુનિશ્રી નેમિચંદ્રજી

વિશ્વવાત્સલ્યનાં મૂળ બે વ્રતો ઉપર આ અગાઉ સારી પેઠે છણાવટ થઈ ગઈ છે. હવે ત્રીજા મૂળવ્રત–' માલિકી હકમર્યાદા ' ઉપર વિચાર કરવાનો છે. સૌથી પહેલો પ્રશ્ન એ ઊઠશે કે માલિકીહક મર્યાદા શા માટે ? માણસ કોઈ પણ વસ્તુ ઉપર માલિકી ન રાખે; છૂટથી ઉપાર્જન કરે અને છૂટથી તેને વાપરે એમાં શું ખોટું છે ?

જેમ યુગલિયા કાળમાં કે આદિમાનવ સંસ્કૃતિના કાળમાં હતું; તેમ ભગવાન ઋષભદેવના વખતે માલિકીનો પ્રશ્ન જ નહોતો. એટલે હક ભોગવવાની વાત પણ ન હતી. તે વખતે કોઈ પણ માણસ કોઈ વસ્તુ ઉપર માલિકી રાખતો નહીં. પ્રકૃતિના ખોળામાં રહી તેની અસીમ વસ્તુઓ મુક્તપણે જેને જેમ ફાવે તેમ આ લોકો (યુગલિયા) વાપરતા. તેઓ સંઘરતા નહીં. ઘણાને એમ થાય છે કે શું તેમ આજે ન થઈ શકે ?

એના ઉત્તરમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે ભગવાન ઋષભદેવે સમાજરચના કરી; સમાજની બધી વ્યવસ્થા ગોઠવી અને તરત માલિકીનો પ્રશ્ન ઊઠયો. એટલે જ્યાં સમાજ આવ્યો ત્યાં તરત જ મર્યાદાઓ આવવાની. અમુક વસ્તુ ઉપર કોનો હક એ પણ પ્રશ્ન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવ્યો. ભગવાન ઋષભદેવે લોકોને માલિકી અને હકની મર્યાદા સમજાવી અને ખોટી મર્યાદાને મૂકાવી. એ જ રીતે આજે પણ માલિકી હકમર્યાદા હોવી જોઇએ.

જો એમ ન થાય અને માનવસમાજને બે ખૂલી છૂટ આપવામાં આવે તો ભારે મુશ્કેલીઓ ઊભી થાય, અરાજકતા ફેલાય અને માણસ માણસ વચ્ચે સંઘર્ષો વધે. આમ પણ આજના જીવનમાં ડગલે અને પગલે જોવામાં આવે છે કે એક માણસ પોતાની જરૂર કરતાં વધારે સંઘરે છે ત્યારે બીજાને અછતનું દુઃખ વેઠવું પડે છે. પછી પેલો માણસ પોતાની માલિકી ઉપર પહેરો ગોઠવે છે અને જેની પાસે વસ્તુ નથી, તે પોતાની જરૂર પૂરતી વસ્તુના અભાવે ભૂખ-દુઃખ વગેરેથી ટળવળે છે. પરિણામે સમાજમાં અનિષ્ટો પ્રસરે છે. એ માટે માલિકી હક-મર્યાદા હોવી જરૂરી છે.

આજના સંઘર્ષોના અંત માટે માલિકીહક મર્યાદા કેવળ વ્યક્તિગત જ જરૂરી નથી; પણ તે રાષ્ટ્ર વ્યાપી અને છેવટે વિશ્વવ્યાપી થાય, એ અનિવાર્ય છે. એમ જોવામાં આવે છે કે જ્યારે અમેરિકા જેવા રાષ્ટ્રો પાસે વિપુલ અનાજ-સામગ્રી પડેલી હોય છે; અને કયારેક ભાવ-નિયમન કરવા માટે અનાજને બાળી નાખવામાં પણ આવે છે ત્યારે એશિયાના ઘણા યે દેશોમાં અનાજ મળતું નથી. લોકો ભૂખે મરતા હોય છે, એટલું જ નહીં અનાજના પ્રશ્ન પાછળ બીજા રાષ્ટ્રીય પ્રશ્નો પણ ઉકેલાયા વગર રહી જાય છે. જો આવી માલિકી-હક મર્યાદા રાષ્ટ્રવ્યાપી બને તો જરૂર તે રાષ્ટ્રને બીજા રાષ્ટ્રને મદદ કરવાની ભાવના જાગી શકે.

માલિકી હક મર્યાદા સાથે બીજો જે એક શબ્દ પ્રચલિત છે તે છે માલિકી હક વિસર્જન. એ બંનેમાં શું ફરક છે? મર્યાદા જ હોવી જોઇએ અને વિસર્જન નહીં. તે અંગે અગાઉ બારવ્રતોનો વિચાર કરતાં, વિશદ છણાવટ થઈ ગઈ છે. જેમ નધણિયાતા ખેતરની દશા થાય છે તેમ માલિકી હક વિસર્જન થતાં સમાજની દશા થાય.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એટલે મર્યાદા વધારે વહેવારૂ અને વિશ્વવ્યાપી બની શકે, એ ચર્ચાઈ ગયું છે. એ સાથે માલિકી હક વિસર્જન બધા ન કરી શકે અને એ વાત અવહેવારૂ તેમજ અદ્ધર રહે.

વિશ્વવાત્સલ્ય સાથે માલિકી હક મર્યાદાનો સંબંધ :—

વિશ્વવાત્સલ્ય સાથે વળી માલિકી હક–મર્યાદાને શું સંબંધ હોઇ શકે? એવો એક પ્રશ્ન ઊભો થઈ શકે છે. તે અંગે ઊંડાણથી વિચાર કરતાં જણાઈ આવશે જ્યાં વિશ્વના સમસ્ત જીવો પ્રતિ વાત્સલ્યની દૃષ્ટિ હોય ત્યાં કોઈ પણ પ્રવૃત્તિથી વિશ્વને દુઃખમાં પડવું પડે કે વિશ્વની પ્રજાને કષ્ટ પડે એવું ન થવું જોઈએ; એનો ખ્યાલ રાખવોજ પડે. અમર્યાદિત પરિગ્રહ વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્ર માટે બન્ને રીતે દુઃખો લાવનારૂં છે એ અગાઉ ચર્ચાઈ ગયું છે. કારણ કે જ્યાં વધારો છે ત્યાં સંરક્ષણ, ચોરી વગેરે પ્રશ્નો છે અને જ્યાં અભાવ છે ત્યાં ભૂખ, દુઃખ અને તજ્જનિત બધાં પ્રકારનાં અનિષ્ટો છે. એટલે વિશ્વવાત્સલ્યના સાધકના જીવનમાં પરિગ્રહ ઉપર મર્યાદા કે અંકુશ રહેવો જોઈએ. તેના વધારાના સંગ્રહથી બીજાને એ વસ્તુ ન મળવાથી દુઃખમાં સપડાવું જ પડશે.

આ માટે એક માતાનો દાખલો લઈએ. જેમ માતા થોડાં સાધનોથી કરકસર કરીને પણ પોતાનું ચલાવી લે છે; પોતાના આત્મીયોને વધારે મળે અથવા તો પૂરેપૂરું પોષણ મળે એમાં રાજી થાય છે. તેવીજ રીતે વિશ્વવત્સલ સાધકે જાતે ભૂખે રહીને, ઓછું મળવાથી, ઓછાં સાધનો પામીને અને કરકસર કરીને ચલાવી લેવાની ટેવ પાડવી જોઈશે. અને સાથેજ જગતને પૂરતું પોષણ મળે એ દૃષ્ટિ પણ તેણે રાખવી પડશે. આમ થતાં જગતને પૂરું મળે છે તેનો આનંદ પામવાની પોતાની વૃત્તિ કેળવવી પડશે. એની એ દૃષ્ટિ વ્યાપક બનશે અને તેણે એ પણ જોવું પડશે કે જગતમાં અમુક રાષ્ટ્ર પાસે વધારે સંઘરો છે અને બીજાને ત્યાં અછત છે; તો એવા અછતવાળા અભાવથી પીડિત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાષ્ટ્રને તેમાંથી જરૂરનું અપાવવાનું અને તેને પગભર કરવા માટે તેને ચિંતન કરવું જોઈશે. વિશ્વવાત્સલ્યની દૃષ્ટિએ તેવા કરકસરથી રહેશે અને અભાવથી જે પ્રાંતો પીડાતા હશે તે પ્રાંતોને મદદ પહોંચાડવા માટે પ્રેરાશે અને શક્ય તેવા પ્રયત્નો તે કરી છૂટશે.

ઇંગ્લાંડનો દાખલો લઇએ. તે લોકો લડાઈના જમાનામાં, રાષ્ટ્રવત્સલથી પ્રેરાઇને, રેશનથી જેટલું અનાજ મળતું; કંટ્રોલથી જેટલું કપડું મળતું તેનાથી ચલાવતા અને થીગડાં મારીને પણ કપડાં ચલાવતાં. એમાં ઘણા એવા પણ હતા જે કાળાંબજારમાંથી કે વધારે પૈસા આપીને ખરીદી શકે એવી સ્થિતિમાં હતા. તે છતાં એ લોકો એવું નહોતા કરતા. કોઇ ભારતવાસીએ એક ઇંગ્લાંડવાસીને પૂછ્યું કે તમે બ્લેક માર્કેટથી વધુ અનાજ કે કપડાં કેમ લઇ લેતા નથી. શા માટે આટલું દુઃખ વેઠી રહ્યા છો ? ત્યારે તેમણે જવાબ આપ્યો : "તેથી અમારા રાષ્ટ્રને મોટું નુકશાન પહોંચે છે. આવી મર્યાદાથી અમારા રાષ્ટ્રની મર્યાદા જળવાય છે. જો અમે એ મર્યાદા તોડી દઈએ તો અમારા બીજા દેશવાસી ભાઇઓને સામગ્રી પૂરતી ન મળવાથી કષ્ટ વેઠવું પડશે. એટલે રાષ્ટ્ર-ભક્તિની દૃષ્ટિએ પણ અમારે આ મર્યાદા મૂકવી નહીં જોઈએ."

આ ઉપરથી સમજી શકાય છે રાષ્ટ્રવત્સલ લોકો સરકાર દ્વારા લાગુ કરેલ મર્યાદાનુ કાળજી પૂર્વક પાલન કરે છે તો આપણા દેશવાસીઓએ તો સ્વેચ્છાએ તેવી મર્યાદા લાગુ કરી તેને પાળવી જોઇએ. તોજ રાષ્ટ્રવાત્સલ્ય સાધી શકાય.

જેને સમાજ વાત્સલ્ય સાધવું હોય તેણે પોતાની સંપત્તિ સમાજની ગણવી જોઇએ. (સમાજ-વાત્સલ્ય એટલે સાધર્મી વાત્સલ્ય એવી તૂારવણી અગાઉ થઇ ચૂકી છે.) પોતે મેળવેલી સંપત્તિ, સમાજ દ્વારાજ ઉપાર્જિત કરેલ છે અને પોતે એ સપત્તિનો ટ્રસ્ટી છે એમ તેણે માનવું જોઈએ. એટલે જ્યારે જ્યારે સમાજને જરૂર પડે ત્યારે ત્યારે પોતે કષ્ટો વેઠીને, કરકસર કરીને પણ તેણે સમાજને આપવી જોઈએ. આ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યારે જ થઇ શકે જ્યારે પોતાને સંપત્તિનો માલિક નહીં, પણ ટ્રસ્ટી ગણે. તો તેને સંપત્તિનો મોહ નહીં રહે; મમત્વ બુદ્ધિએ સંગ્રહ કરવાનું મન નહીં થાય; અન્યાય તેમજ અનીતિથી સંપત્તિ કમાવાની ધૂન નહીં લાગે અને જે કમાશે તેમાં સમાજનો ભાગ છે, એમ સમજીને જ્યારે પણ ગામમાં, નગરમાં કે સમાજમાં કોઈ ભાઈને દુઃખી જોશે, ખરાબ હાલતમાં જોશે, બેકાર જોશે, તો તેને મદદ કરવાની ભાવના આપોઆપ તેનામાં જાગશે. ભૂખ્યો કે દુઃખી માણસ અનીતિને રસ્તે ન ચડે, તે ચોરી ન કરે તેની તે તકેદારી રાખશે. તેમજ તેવા માણસને અનીતિને રસ્તે ચડવું પડે તો તેમાં પોતાની જાતને તે જવાબદાર ગણશે; અને તેને ન્યાય–નીતિના રસ્તે લાવવા બધું કરી છૂટવા પ્રેરાશે.

જૂના વખતમાં પૈસાદાર માણસો, પૈસાને સમાજની મૂડી સમજતા અને જ્યારે–જ્યારે દુષ્કાળ કે અમુક કપરા પ્રસંગો આવ્યા ત્યારે–ત્યારે તેમણે અનાજ તથા ધનના ભંડારો ખુલ્લાં મૂકી દીધેલાં. ખીમો દેદરાણી અને ભામાશા, વસ્તુપાળ–તેજપાળ કે જગડુશાહના જીવન પ્રસંગોમાં એ વાતો મળે છે. એટલું જ નહીં, જેમણે એ વખતે ભૂલ કરી સમાજ વાત્સલ્યથી જોએ ચૂકયા તેમણે પાછળથી પસ્તાવો કર્યો અને વળતર આપ્યું. આનો એક દાખલો નીચે મુજબ અત્યંત ઉચ્ચ આદર્શથી પ્રેરાયેલો છે.

ધારાનગરીમાં જિનદાસ નામે શ્રાવક રહેતા હતા. ધનવાન હતા પણ લોભી વૃત્તિ ખરી. એટલે કોઈ ગરીબ કે દુઃખી ભાઈને જોઈને તરત મદદ કરવાનું સૂઝે નહીં. તેજ નગરમાં જિનપાળ નામનો એક ગરીબ શ્રાવક પણ રહેતો હતો. તેના બાપની જાહોજલાલી હતી અને જિનદાસ શેઠ સાથે બનતું પણ સારું. બાપના મરણ બાદ જિનપાળની હાલત બગડતી ગઈ અને અંતે એટલે હદ સુધી કથળી ગઈ કે તેમના ઘરે ત્રણ દિવસના લાંઘા થયા. પતિપત્ની વિચારમાં પડ્યા કે શું કરવું? તેમને જિનદાસ શેઠ યાદ આવ્યા. તેઓ મદદ કરે તો?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રતિએ વિચાર કર્યો કે જિનદાસ શેઠ સામાયિક કરવા જાય ત્યારે તેમનો સોનામહોરનો હાર ચોરી લઉં તો ? હાલઘડીએ એના રૂપિયા પેદા કરી ધંધો કરું અને મૂડી થતાં વ્યાજ સાથે પાછો આપી દઈશ તો એમાં જિનદાસ શેઠને કઈ પણ નુકશાન નહીં થાય; મારું પણ કામ બની જશે. સરોવરમાંથી એક ટીપું ઓછું થયું તોયે શું ? કોને ખબર પડશે ?

ઇચ્છા ન હોવા છતાં પરિસ્થિતિના કારણે લાચાર બનીને જિનપાળ ન કરવાનું કરવા માટે પ્રેરાયો ને ઉપાશ્રયે ગયો. તેણે જિનદાસ શેઠને ઉપાશ્રયમાં જતા, ડગલો ઉતારતા અને સો નામહોરનો હાર મૂકતા જોયા. શેઠ સામાયિક કરવા માટે ગયા. જિનપાળનું હૃદય ધડકવા લાગ્યું. તે અચકાતા મને, ડગલાં ભરતો ભરતો ડગલો હતો તે જગ્યાએ ગયો. આસપાસ જોયું તો કોઈ ન હતું. ડગલામાં હાથ નાખ્યો અને હાર કાઢીને પોતાના કપડામાં છુપાવીને જિનપાળ ઘરે આવ્યો. પત્નીને હાર કાઢીને દેખાડયો. પત્નીને તેથી દુઃખ થાય છે પણ તે જિનદાસને ત્યાં હાર ગિરો રાખવાની તેને સલાહ આપે છે. જિનપાળનું હૃદય માનતું ન હતું. તે છતાં તે જે થાય તે ખરૂ. એવા વિચાર કરીને જિનદાસ શેઠને ત્યાં જવા માટે ઉપડયો.

જિનદાસ શેઠ સામાયિક પૂરું થતાં કપડાં પહેરે છે. હાર માટે ખિસ્સામાં હાથ નાખે છે તો તે ન મળે ! બહુ જ તપાસ કરી કે કયાંક આડો–અવળો મૂકાયો હોય તો મળી જાય, પણ હોય તો મળેને ! ઘરે આવીને પૂછપરછ કરી પણ હારનો પત્તો ન લાગ્યો. હાર કયાં ગયો હશે એવા વિચારમાં શેઠજી બેઠા હતા કે જિનપાળ ત્યાં આવ્યો અને હાર ગિરો મૂકવાની તેણે વાત કરી. હાર જોતાં જ શેઠને થયું કે 'આ હાર તો મારો ! તે છતાં તેમણે ઊંડો વિચાર કર્યો કે " આને ચોરનાર અને ફરી મારે જ ત્યાં આવીને ગિરો મૂકવા આવનારે ગરીબીના કારણે ભલે અકૃત્ય કર્યું હોય પણ તેની નિષ્ઠા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાચી લાગે છે.'' તેમણે લાવનાર તરફ જોયું અને ઓળખી કાઢયો કે તે એમના મિત્રનો દીકરો છે. તેની આવી હાલત જોઈને શેઠને થાય છે કે આ બીચારાની આવી પડતી દશા થઈ છતાં મેં તેના તરફ ધ્યાન ન આપ્યું; અને અતે આ પરિણામ આવ્યું એટલે હવે મારે બાજી સુધારી લેવી જોઈએ!

તેમણે જિનપાળને કહ્યું : 'તમે હાર ગિરો રાખ્યા વગર પણ આ દશ હજાર રૂપિયા લઇ જાવ!'

પણ જિનપાળે કહ્યું કે "ના મારે હાર ગિરો રાખવો જ છે!" એટલે શેઠે હાર રાખીને દશહજાર રૂપિયા આપ્યા; તેમણે એક શબ્દ પણ ન કહ્યો. તેના ગયા બાદ પોતે ધ્યાન ન રાખ્યું તે અંગે તેમને પસ્તાવો થયો.

જિનપાળે તે દશહજારમાંથી ધંધો શરૂ કર્યો. આ વખતે તેને સારી પેઠે કમાણી થઇ. એટલે તેણે રૂપિયા પાછા કરવાનું નક્કી કર્યું.

તે એક દિવસ વ્યાજ અને મૂડી લઈને શેઠની દુકાને ગયો અને 'રકમ ચૂકતે કરી દઉં છું' એમ કહ્યું. શેઠે વ્યાજના પૈસા ન લીધા અને તેમણે ગિરો રાખેલ હાર પાછો આપવા માંડ્યો.

ત્યારે જિનપાળે કહ્યું : "શેઠજી! આ હાર તો આપનો છે, મેં લાચારીથી આ હાર ગોયો હતો. આપે તે જોઇને પણ મારા પ્રતિ અવિશ્વાસ ન પ્રગટ કર્યો એનું જ આ પરિણામ છે, કે હું આજે પગભર થઇ શકયો છું. મારી પાસે મૂડી પણ થઈ ગઈ છે, એટલે આપે વ્યાજ તો લેવું જ જોઇશે!"

શેઠ કહે : "આ હાર મારો રહ્યો નથી. મારો એક લાઇ લાચારીએ આવું કૃત્ય કરવા પ્રેરાય, એમાં મારો જ મુખ્ય વાંક છે. એના પ્રાયશ્ચિત રૂપે આ હાર હું તમને આપું છું. આ તમારો જ છે એમ માનજો. બંધુઓ પાસે વ્યાજ લેવાય નહીં!"

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છેવટે બન્ને તરફનો આગ્રહ વધતો જતો હતો એટલે, તે હારની રકમ ધર્માદામાં આપવાનું નક્કી થયું. આ પછી જિનદાસ શેઠ જિનપાળ અને તેની પત્ની બધાય મુનિરાજ પાસે જઇ પોત પોતાની ભૂલોનો પ્રશ્ચાતાપ કરે છે અને પ્રાયશ્ચિત સ્વીકારીને શુદ્ધ થાય છે.

આવા અનેક બીજા દાખલાઓ મળી આવશે. જ્યાં શેઠો છાની મદદ કરતા, ગરીબોને ધંધે લગાડતા એટલું જ નહીં પરદેશ જતા હોય ત્યારે ઘણાને સાથે પણ લઇ જતા; એ રીતે તેમને પગભર કરતા. કદાચ કોઇ માગી ન શકે તો તેની ચોકકસાઈ કરી, છાની કે આડકતરી રીતે મદદ કરવાનું તેઓ ચૂકતા નહીં.

સૌરાષ્ટ્રમાં શામળશા શેઠ થઇ ગયા, એક વખત એમને ત્યાં પુત્રવધુના સીમંતનો પ્રસંગ હતો. ગામની બહેનો મંગળગીત ગાવા તેમને ઘેર ભેગી થઈ. બીજી તરફ ઘેરેઘેર લાડવા મૂકવા માટે વળાતા હતા. શેઠે પોતાના પુત્રને કહ્યું : "દીકરા ! મોટા મોટા ઘરમાં તો રોજ મિઠાઈઓ ખવાતી હોય છે એટલે એમાંથી કોઈને ભૂલી જવાય તો ચાલશે. પણ, ગરીબ અને મધ્યમવર્ગના લોકોમાંથી એકને પણ ભૂલ્યો તો મને આ લાડવા ગળ્યા લાગશે નહીં. સાથે જ પેલી યાદી તો લઈ આવ-જેમાં ગરીબ, મધ્યમ વર્ગનાં નામ લખેલાં છે. એમને ત્યાં લાડવા મોકલવા કરવાનું ધ્યાન હું રાખીશ !"

આવી હતી ગરીબ ભાઈઓ અને બહેનો તરફ ધનવાનોની આત્મીયતાની દૃષ્ટિ ! જેના લીધે તેમની પાસેનું ધન ગરીબોને ખૂચતું નહીં. તેઓ એમ જ માનતા કે પૈસાદારો તો અમારી રિઝર્વ બેંક છે. જ્યારે અમને જોઈશે ત્યારે અમે તેમની પાસેથી જ લઈ શકીશું. અમારે ધનનો સંગ્રહ કરવાની જરૂર શું છે !

શામળશા શેઠનો દીકરો ગરીબ અને મધ્યમ વર્ગની યાદી ઉપાડી લાવ્યો. શેઠે તે યાદી પ્રમાણે દરેક માટે સહેજ મોટા ચાર ચાર લાડવા બનાવતી વખતે દરેકમાં બબ્બે સોના મહોર મૂકી. અને તેને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સારી પેઠે પાછા વળાવી લીધા. પેલી યાદી પ્રમાણે તેમણે દરેક ઘરે આ લાડવા પહોંચાડ્યા.

એક ઘરમાં માયાળુ માએ વિચાર્યું કે મારો દીકરો આવશે ત્યારે જ હું ખાઈશ–એકલી કેમ ખાઈ શકું? એમ વિચારી આવેલા લાડવા રાખી મૂકયા. સાંજે તેનો દીકરો નિશાળેથી પાછો આવ્યો. તેની માએ કહ્યું: "દીકરા! આ લાડવા તારા માટે આવ્યા છે; તું ખાઈ લે!"

જેને મહીનાઓ સુધી ગોળ નહોતો મળ્યો તેને મન લાડવાની કેટલી કીંમત હશે? છોકરો તો ગેલમાં આવી ગયો. તેણે ખૂબ આનંદમાં આવી લાડવાનો એક ટુકડો તોડ્યો. અંદર કોઈક પીળી વસ્તુનો સ્પર્શ થયો. તેણે તરત માને કહ્યું. "બા! આ પીળું પીળું શું છે? લાડવામાંથી નીકળ્યું છે."

માને સમજતાં વાર ન લાગી. તેણે કહ્યું: "લાડવા ખાઈ લે! અને બીજું છે એને તું ધોઈને બાજુએ મૂકી દે!"

દીકરો અને માએ મળીને લાડવા પૂરા કર્યા. ચાર સોના મહોરો નીકળી હતી તેને પડીકામાં બાંધી, માએ દીકરાને કહ્યું: "તેં શામળશા શેઠનું ઘર જોયું છે ને! પેલું ઊંચું ઊંચું છે તે!"

હા, મા! પણ તેનું શું કામ છે?" દીકરાએ પૂછ્યું.

"દીકરા! તેમને ત્યાં જઈને આ ચાર સોના મહોર પાછી આપી આવ! કદાચ લાડવા વાળતી વખતે અંદર પડી ગઈ હશે. "માએ કહ્યું.

છોકરો તો તૈયાર થઈને શેઠને ત્યાં પહોંચ્યો. ચાર સોના મહોરની પડીકી શેઠને આપતાં કહ્યું: "બાપા! આ પડીકી મારી માએ મોકલી છે.

શેઠ પડીકી ખોલીને ચકિત થઈ ગયા. ગરીબ છતાં મહેનત કરી કમાનાર અને છોકરાને ભણાવનાર તેમજ ઘર ખર્ચ ચલાવનાર વિધવા બહેનમાં આટલી પ્રમાણિકતા! તેમણે છોકરાને ખોળામાં બેસાડી દીધો અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કહ્યું : "દીકરા! ધન્ય છે તારી જનેતાને! જેણે ગરીબી છતાં પ્રમાણિકતા ગુમાવી નથી."

તેમણે પોતાની પાસેથી બીજી ચાર સોના મહોર કાઢીને પડીકીમાં નાખતા કહ્યું : "જા આને પાછી લઈ જા! તારી બાને કહે જે કે શેઠ પાછું લેતા નથી. કહ્યું છે કે છોકરાના ભણતરમાં એનો સદુપયોગ કરજો!"

છોકરો પોતાની મા પાસે આવ્યો. તે સમજી ગઇ કે શેઠે જાણી જોઇને ગરીબોને સ્વમાનભેર મદદ કરવાની દૃષ્ટિએ એવું કર્યું છે એટલે તે લેવામાં કોઈ વાંધો નથી.

આવી રીતે જૂના વખતમાં લોકોનો પૈસાદાર વર્ગ ઉદાર હતો. માલિકી ઉપર સહેજભાવે અંકુશ રાખતો અને વધારાની સંપત્તિ અને સામગ્રી સમાજની ગણતો. એટલેજ તે વખતે મોટા સંઘર્ષો ન હતા. ગરીબોને અમીરોની સંપત્તિ જોઇને અદેખાઇ ન આવતી. જરૂર કરતાં કાંઇપણ વધારે ન રાખવું એ આદર્શ ગણાતો. લોકજીવનમાં પચાશ વર્ષ પછી નિવૃત્તિ લેવી આદરનો વિષય હતો.

ધીમે ધીમે પરિસ્થિતિ બદલાતી ગઇ. સંયોગો બદલાતા ગયા. માણસ કરતાં પૈસાની વધારે કીંમત અંકાવા લાગી. પૈસાદારો સ્વાર્થી બનવા લાગ્યા અને પૈસો તેમના ગર્વનું કારણ બન્યો. ગરીબો ભૂખે મરવા લાગ્યા. મહેનત કરવા છતાં પેટનો ખાડો પૂરો ન થવા લાગ્યો. આજે પરિસ્થિતિ એટલી બધી વિચિત્ર અને વિષમ છે કે ગરીબ તો ભૂખે મરે છે પણ ધનવાન વર્ગ પૈસા મેળવવા માટે એટલા બધા અધમ ઉપાય કરે છે કે તે સમાજની શરમ બનીને ઊભે છે.

એક વખત એક શેઠની મોટર સડક ઉપરથી પસાર થઇ રહી હતી. તે વખતે સડકની પગથી (ફૂટપાથ) ઉપર એક ભૂખ્યો અને ગરીબ માણસ પડયો હતો. તે ભૂખથી પીડાતો હતો. શેઠનું તેના તરફ ધ્યાન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ન ગયું. મોટર આગળ નીકળી ગઇ પણ શેઠે કંઇક જોયું અને મોટરને અટકાવી પાછી વાળી. પેલા ગરીબને થયું કે આવડા મોટા શેઠના હૃદયમાં કેટલી દયા છે કે કારને પાછી વાળી મને દાન દેવા આવ્યા છે. પણ તેનો ભ્રમ ભાંગી ગયો. તેનાથી થોડે દૂર એક રૂપિયો પડ્યો હતો. શેઠનું તે તરફ ધ્યાન ગયેલું. તેમણે એ રૂપિયો ઉપાડ્યો અને ગજવામાં નાખીને ચાલતી પકડી. તે જોઇને એક લેખકે પ્રસંગને વર્ણવતાં અંતે લખ્યું છે :—"માણસ કરતાં સિક્કાનું મહત્વ પૈસાદારને વધારે છે."

ધન ઉપર ધર્મ અને મર્યાદાનો અંકુશ :

જ્યારથી ધન, ધર્મ અને મર્યાદાના અંકુશમાં નથી રહ્યું; ત્યારથી, લોક સમાજમાં વિષમતા પ્રસરવા લાગી છે. એટલા માટે જૈન શાસ્ત્રકારોએ પરિગ્રહ પરિમાણ વ્રતના સંપૂર્ણ પાલન માટે, છ દિશાની મર્યાદાનું વ્રત ઉપભોગ–પરિભોગ અને આજીવિકા મર્યાદા વ્રત અને માનવને ન શોભે તેવા વેપાર–કર્મો ન કરવાનું ફરમાન; યથાસંભાગવ્રત અને અનર્થદંડ વિરમણ વ્રતો પણ યોજ્યાં છે. આનું એક જ ધ્યેય છે કે કોઇ પણ પ્રકારે માનવી પોતાના માલિકી હક ઉપર અંકુશ રાખે–મર્યાદા કરે. એટલા માટે ગાંધીજીએ પણ સ્વદેશીવ્રત, શરીરશ્રમ વગેરે વ્રતો બતાવ્યાં છે. એજ પરિપાટીએ વિશ્વવાત્સલ્યે માલિકી હક મર્યાદાવ્રત કહ્યું છે અને તેના ત્રણ ઉપવ્રતો યોજ્યાં છે :—(૧) વ્યવસાય મર્યાદા (૨) વ્યાજનો ધંધો કે તેની વૃત્તિનો ત્યાગ અને (૩) વ્યસન ત્યાગ. આજે જે કંઇ કહેવું છે તે ગૂઢાર્થ કહેવાથી લોકો પોતપોતાના અર્થો લે છે અને પોતાની શિથિલતા દૂર કરવા માટે તેને પોતાની રીતે ઘટાવે છે. એટલા માટે જ સ્પષ્ટ પણે શબ્દો પ્રમાણે ભાવ નીકળે તેને અનુરૂપ 'માલિકી હક–મર્યાદા' કરવાનું કહેવામાં આવ્યું છે.

મહાપરિગ્રહનો તદંતર નિષેધ :—

માણસે પોતાની તેમજ સમાજની ભલાઈ માટે પોતાના પરિગ્રહ ઉપર અંકુશ મૂકવો જોઇએ. એવું જગતના વિશાળ હિત માટે આવશ્યક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે તેની વિચારણા થઈ ગઇ છે. પરિગ્રહને, ન તો ધર્મ સંમતિ આપે છે; ન સમાજવાદ કે વિચારધારાઓ સંમતિ આપે છે કે ન તો રાજ્ય તેને પ્રતિષ્ઠા આપે છે. આ એક નિતાંત સત્ય છે. તે ઉપરાંત બધા યે સ્વીકારે છે કે ધન મેળવવામાં, સાચવવામાં અને વાપરવામાં દુઃખો જ મળે છે; અને તે આ જીવન પછી તો સાથે રહેતુ નથી છતાં લોક-માનસમાં એને જે ખોટું મહત્વ અપાઈ ગયું છે તે દૂર કરવું જ રહ્યું.

સૂત્રોમાં કહેવામાં આવ્યું છે કે જે માણસ પોતાના પરિગ્રહ ઉપર અંકુશ ન મૂકે અને મોટાં મોટાં આરંભો અને હિંસક ધંધાઓ કરે તે સાચા ધર્મને પામી શકતો નથી. એટલું જ નહીં તે સાચા ધર્મનું શ્રવણ પણ કરી શકતો નથી. ઠાણાંગ સૂત્રમાં કહેવામાં આવ્યું છે :—

"दोहि ठाणेहिं जीवो केवलिपण्णत्तं धम्मं न लभेज्ज सवणयाए तंजहाः महारंभेण चेव महापरिग्गहेण चेव"

—એટલે કે બે કારણોથી જીવ કેવળી પ્રરૂપિત ધર્મનું શ્રવણ કરીને પામી શકતો નથી; મહારંભ અને મહા પરિગ્રહ દ્વારા.

એક વસ્તુ તો ચોક્કસ છે કે મહારંભ અને મહાપરિગ્રહમાં રચ્યાપચ્યા રહેતા લોકોને પહેલાં તો એટલો સમય જ મળતો નથી કે તેઓ ધર્મશ્રવણ કરી શકે. કદાચ શ્રવણ કરે તો યે તેના ઉપર રૂચિ થવી મુશ્કેલ છે; અને રૂચિ થઈ તો પણ તેનો અમલ તે કરી શકતો નથી. મહાપરિગ્રહી કે મહારંભી હોય તે આત્માની વાતો કરી શકશે નહીં. દ્રવ્યગુણ પર્યાયની ચર્ચા કરી શકશે નહીં અને જો તે આત્મા-જ્ઞાની કે સમ્યકત્વી હોવાની વાત કરે તો તે પોતાની છેતરપીંડી સાથે બીજાની સાથે પણ બનાવટ છે.

જ્યાં નીતિ નથી, મર્યાદા નથી, જરૂર ઉપરાંતની સંપત્તિ અને સામગ્રી છે તેના ઉપર મર્યાદા કે ટ્રસ્ટીપણાનો જરાપણ વિચાર નથી ત્યાં અધ્યાત્મ કે ધર્મ કયાંથી હોઈ શકે ? સરકારી કાયદા પ્રમાણે ભલે કોઈને માલિકી હક મળી જતો હોય તો પણ ધર્મના કાયદા એના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉપર અંકુશ મૂકાવે છે. ધર્મે મહારંભી-મહાપરિગ્રહીને નરકગતિનો અધિકારી માન્યો છે.

હવે મહાપરિગ્રહીનો સમાજની વિચારધારા પ્રમાણે વિરોધ છે તે જોઈએ. પશ્ચિમની બે વિચારસરણીઓ પ્રજાશાહી સમાજવાદ કે સામ્યવાદ છે. સામ્યવાદમાં તો સરખે ભાગે અર્થની વહેચણી છે એટલે પરિગ્રહનો પ્રશ્ન ઊભો થતો જ નથી. પ્રજાતંત્ર કે રાજતંત્રની લોકશાહીમાં વધુ ધનોપાર્જનની છૂટ હોવા છતાં અંતે તો તેનો બહુજન હિતાય બહુજન સુખાય ઉપયોગ કરવામાં વ્યકિત અને રાજ્ય બન્ને માને છે અને રાષ્ટ્રહિતની જે પ્રબળ ભાવના ત્યાં જોવામાં આવે છે તે પરિગ્રહની સમાજમાં ઉપયોગિતા કરવાનું સૂચવે છે. અમેરિકામાં ફોર્ડ, રોક ફેલા વગેરેએ કરોડો રૂપિયા સમાજ અર્થે આપ્યા છે; અને તેને અનુકરણીય ગણવામાં આવેલ છે. ભારતની સાંસ્કૃતિમાં તો કદિ પણ ધનને મહત્વ આપવામાં આવ્યું નથી. એટલે કોઈ પણ વિચારધારા કે સમાજવાદે તેનો સ્વીકાર કર્યો નથી.

મહાપરિગ્રહ સાથે રાજ્યનો સંબંધ છે ત્યાંસુધી ભલે તેનો ખુલ્લો નિષેધ નથી પણ બીજી રીતે ઘણી મર્યાદાઓ અને બંધનો તેના ઉપર મૂકવામાં આવ્યા છે, કાયદા દ્વારા, ઇન્કમટેક્ષ, લેંડટેક્ષ, સુપરટેક્ષ, ગીફ્ટટેક્ષ, સેલ્સટેક્ષ, ડેથટેક્ષ (મૃત્યુવેરો) વગેરે કરવેરા રૂપે રાજ્ય ધણીખરી પૂંજીને ખેંચી લેવાનો પ્રયત્ન કરે જ છે; અને આમ પરાણે મર્યાદા મૂકાવે છે. જો કે એમાં અનેક પ્રકારના ગોટાળાઓ પણ ચાલે છે. ઘણાં લાંચરૂશ્વત આપી બચી જાય છે. કેટલાક કરવેરો બચાવે છે તો કેટલાક તેને કાળાંબજારમાં ફેરવે છે.

નિષેધ શા માટે :

ઊંડો વિચાર કરતાં જોવામાં આવશે તો કોઇ પણ માનવ પોતાનો જ ભાઈ દુઃખી હોય એમ નહીં જોવા ઇચ્છે. પરસ્પરની સહાય એ માનવગુણ છે એટલે જ કાયદા તળે કે ધર્મના નામે પરિગ્રહને વહેંચી દેવાનું–

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બીજાના ઉપયોગમાં લેવાનું સૂચવવામાં આવે છે. ખરૂં જોવા જઇએ તો મહાપરિગ્રહી લોકો સમાજમાં વિષમતા ફેલાવે છે. સમાજવ્યવસ્થાને ચૂંથી નાખે છે. અને નરકમાં જવાના અધિકારી બને તે પહેલાં આ જગતને નરક જેવું બનાવી દે છે. બીજી બાજુ સામ્યવાદી લોકો આવા પૈસાદારોને મારી મથીને, હિંસા દ્વારા આર્થિક વિષમતા દૂર કરવાં પ્રયત્ન કરે છે. પણ તે સ્થાયી ઉકેલ નથી. એટલા માટે જ વિશ્વવાત્સલ્યમાં અહિંસા દ્વારા સ્વેચ્છાથી અને એક વ્યક્તિ સ્વેચ્છાથી ન સ્વીકારે તો સામુદાયિક રીતે 'માલિકી હક મર્યાદા'ની વાત કરવામાં આવી છે.

કોઇ ગરીબ કે કોઇ તવંગર કદિ એમ નથી ઇચ્છતો કે સમાજ વ્યવસ્થા બગડે, વિષમતાના કારણે હિંસા ફાટી નીકળે, અસંતોષ અને સંઘર્ષ ચાલે ! ધનિક જો પોતે ગરીબાઈમાં મૂકાઇ જાય તો તેને ખ્યાલ આવી શકે કે ગરીબના દુઃખો શું છે? માનસિક અશાંતિ શું છે? ગરીબોની લાચારી અને તેના કારણે અનીતિ તરફ જવાનું ખરૂં કારણ શું છે! કોઇ પણ ધનવાનને પૂછશો તો તે પણ હૃદયથી એમ જ કહેશે કે "આ અનિષ્ટો ચાલવા નહીં જોઇએ. સમાજમાં સુખ અને શાંતિ જોઇએ." તે આ વાતને સારી રીતે જાણતો અને માનતો હોવા છતાં સમાજમાં અશાંતિ, વિષમતા અને દુઃખના મૂળ કારણ માલિકી (પરિગ્રહ)ની વૃદ્ધિને દૂર કરી શકતો નથી; તેને સ્વેચ્છાએ છોડી શકતો નથી. સરકારી કાનૂન કે સામ્યવાદ દ્વારા પરાણે છોડવામાં હિંસા અને અનીતિના દોષો ઉદ્‌ભવે છે, એટલે જ સ્વેચ્છાએ ત્યાગ કરવાને ધર્મ, સમાજ અને રાજ્ય ત્રણે ઉત્તમ ગણે છે, જે સ્વેચ્છાએ ત્યાગ કરે છે તે ધર્મ ગણાય છે. તેથી તેના મનમાં પ્રસન્નતા અને શાંતિનો અનુભવ થાય છે અને સાથે જ સમાજમાં અનીતિ અને હિંસાના દોષો દૂર થાય છે, પેદા થતાં નથી.

માલિકી હક મર્યાદાનું બીજું પાસું :

હવે માલિકી હક મર્યાદાનું એક બીજું પાસું છે. તે આપણે લઇએ. કેટલીવાર એવું બને છે કે એક વ્યક્તિ જાતે માલિકી કહ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મર્યાદા કરે છે પણ તેના કુટુંબીઓ તેને સાથ આપતા હોતા નથી. કયારેક કુટુંબીઓ વ્યવસાય મર્યાદા ન સ્વીકારવા ઇચ્છે કે સંપત્તિનો ટ્રસ્ટી તરીકેનો ઉપયોગ ન કરવા ઇચ્છે એવું પણ બને છે. પત્ની પણ વિરોધ કરે કે સાથ ન આપે અને સંતાનની મર્યાદા ન કરે તો સંતાનના પાલણ-પોષણમાં વાંધો આવે. પત્નીને સંતાનના લગ્નોમાં જૂની પ્રણાલિકા પ્રમાણે ખોટો ખર્ચ અને કરિયાવર કરવાની ઇચ્છા પણ થઈ શકે. સમાજમાં ધન કે ધનવાનનું મૂલ્ય વધુ આંકવામાં આવે અને સાદાઈ, ત્યાગ અને સંયમની પ્રતિષ્ઠા ઓછી થાય અને માલિકી હક મર્યાદાને પ્રતિષ્ઠા જ ન મળે. આવાં ઘણાં વિરોધી કારણો ઊભા થતાં એક વ્યક્તિ મન હોવા છતાં વ્રત લેતાં અચકાય તે સ્વાભાવિક છે. તો એના માટે શું થવું જોઈએ ?

તેના માટે એક જ ઉપાય છે કે જેમ વ્યક્તિ માટે માલિકી હક મર્યાદા છે તેમ સમાજ માટે પણ માલિકી હક મર્યાદાનો વિચાર પણ પહેલો કરવો પડશે. સમાજની આજની રૂઢ દૃષ્ટિ અને પરિસ્થિતિ બન્નેમાં પરિવર્તનનો પ્રયત્ન કરવો જોઇશે, દૃષ્ટિ પરિવર્તન માટે વિચાર-પ્રચાર કરવો પડશે અને પરિસ્થિતિ પરિવર્તન માટે નૈતિક સંગઠનો અને સહકારી ઢબે, માલિકીને સહિયારી બનાવવાની પ્રથા ઊભી કરવી પડશે.

જો કે આજે પૈસાના કારણે પૈસાદારોને જે પ્રતિષ્ઠા અપાતી હતી તે ઘટતી જાય છે અને સમાજ તેમને ઓછા આદરની સાથે જોવા લાગ્યો છે. છતાં, હજુ ભદ્ર સમાજમાં તેમની ઔપચારિક પ્રતિષ્ઠા ચાલુ છે. સંસ્થાઓની સભામાં, ધર્મસ્થાનકો વગેરે અમૂક સ્થળોમાં તેમને અગ્રસ્થાન કે ઉચ્ચ સ્થાન અપાય છે, એની પાછળ ભલે તેમની પાસે પૈસા કઢાવવાની દૃષ્ટિ હોય પણ, એ રીત ખોટી છે. હજુ પણ જોવામાં આવે છે કે મંદિરોની પ્રતિષ્ઠાઓ અને ઉત્સવો વગેરેમાં પૈસા અને પૈસાદારને મહત્વ અપાય છે, ત્યાગ સાદગી કે ત્યાગીઓને મહત્વ અપાતું નથી એનાં કારણોમાં એ છે કે એ પ્રતિષ્ઠા કેવળ વધારે પૈસો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ખર્ચવા પૂરતી જ છે. અંધવિશ્વાસ અને ચમત્કારોથી પ્રેરાઇને ખોટા ખર્ચ થાય છે તેમાં ધનિકોને પ્રતિષ્ઠા મળી જાય છે. આવા લોકોને સેવા અને સદાચાર, નીતિ અને ન્યાયનો પ્રચાર કરનારી સંસ્થાઓમાં પ્રતિષ્ઠા આપવામાં આવતી નથી એટલે તેઓ ત્યાં ક્વચિત્તજ જોવામાં આવે છે.

આ સંપત્તિ મારી નથી; હું એનો ટ્રસ્ટી છું એવું માનવાના બદલે હું એનો માલિક છું તો મને પ્રતિષ્ઠા કેમ મળે? એ વિચાર આવતો નથી. આવો વિચાર સમાજમાં ત્યારે જ વ્યાપક બને જ્યારે પ્રામાણિકપણે જીવનાર અને કમમાં કમ સંપત્તિ રાખનારની પ્રતિષ્ઠા થાય તેમ જ ધનના ટ્રસ્ટી તરીકે પોતાને સમજનારની પ્રતિષ્ઠા થાય.

પૂણિયા શ્રાવક પૈસાદાર નહતા, છતાં તેમની પ્રતિષ્ઠા ઓછી ન હતી. ખુદ મગધ નરેશ શ્રેણિક તેને ત્યાં ચાલી ચલાવીને ગયેલા. એવી જ રીતે જમનાલાલજી બજાજ પોતાને સંપત્તિના ટ્રસ્ટી સમજતા હતા અને મહાત્મા ગાંધીજીની સલાહથી સેવાનાં કાર્યોમાં ખુલ્લા દિલથી પૈસા ખર્ચતા હતા. તેમની પ્રતિષ્ઠા ગાંધીજીના કારણે થઈ સાથે જ તેમના પ્રામાણિક જીવન વહેવારથી પણ થઈ.

આ રીતે સમાજમાં માલિકી હક્કની મર્યાદાને પ્રતિષ્ઠા મળી શકે અને ત્યારબાદ વ્યકિતને માલિકી હક્ક મર્યાદા લેવામાં અકળામણ નહીં થાય.

માલિકી હક્ક મર્યાદા સાથે વ્યવસાય મર્યાદા, વ્યાજ ત્યાગ અને વ્યસન મર્યાદા :

સમાજમાં માલિકી હક્ક મર્યાદા માટે વ્યવસાયોની મર્યાદા કરવી જોઈએ. પ્રાચીનકાળમાં તો કર્મના હિસાબે ચારે વર્ણોના ધંધાનું વર્ગીકરણ કરી દેવામાં આવ્યું હતું. પણ, આજે તો એની રીત બદલાઈ છે. આજે તો ગમે તે વર્ણનો માણસ ગમે તે વ્યવસાય કરે છે. એટલે વ્યવસાય મર્યાદા તરીકે એક માણસ એક જ ધંધો કરે અથવા આવક માટે એક જ વ્યવસાયનું સાધન રાખે એવી વિચારણા સમાજમાં પ્રચલિત થવી જોઈએ. તો એક વ્યકિત પાસે મૂડી ભેગી ન થઈ શકે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને તેથી કરીને, તેનાથી ઉત્પન્ન થતાં અનિષ્ટો સમાજમાંથી ઓછાં થઈ શકે.

વ્યવસાય મર્યાદામાં, લાંચરૂશ્વતનો ત્યાગ, અનીતિ ત્યાગ, પ્રામાણિક વ્યવસાય, રાષ્ટ્ર કે સમાજને ઘાતક – માદક વસ્તુઓ, સટ્ટો, વ્યાજ, વ્યભિચાર અને જુગારના અડ્ડા વગેરે – ધંધાઓનો ત્યાગ આવી જાય છે. આજે કર્મદાનના ધંધાઓનો નવેસરથી વિચાર કરવાનો છે. તેમાં રાષ્ટ્ર, સમાજ અને પંચેન્દ્રિયને ઘાતક બધા ધંધા છોડવાનો વિચાર આવી જાય છે.

વ્યાજ – ત્યાગ ઉપવ્રતમાં વ્યાજકૃતિ કે વ્યાજના ધંધાનો ત્યાગ સમજવો જોઈએ. આ વ્યાજનો ધંધો એટલે મૂડીના સ્વીકૃત પુરસ્કાર વિનિમય કરતાં શોષણની દૃષ્ટિએ વધારે અને ચક્રવર્તી વ્યાજ લેવાય છે તે તરફ નિર્દેશ છે. આજે સુરક્ષાની દૃષ્ટિએ બેંકમાં કે શાહુકાર પાસે નાણાં મૂકતાં કે લેતાં જે સ્વીકૃત અને માન્ય વ્યાજ આપવું પડે છે તેનો આમાં સંબંધ નથી. પણ બીજાની ગરજ કે લાચારીના ભોગે રૂપિયાના બમણા કે એથી વધારે; વ્યાજ વડે કરવા–એનો આમાં સમાવેશ થાય છે.

વ્યસન – ત્યાગ ઉપવ્રત પણ માલિકી હક્ક મર્યાદાને પોષનારૂં છે. ઘણીવાર નકામી મૂડીનો હેતુ વ્યસન જ હોય છે. એવું પાલન પણ સામાજિક દૃષ્ટિએ થાય તો સમાજમાં વ્યસનો ઓછાં થાય અને ખોટા ખર્ચાઓ પણ ઘટે. એનાથી સાદાઇ અને સંયમ આવે અને એના પગલે માલિકી હક્કની મર્યાદા આવે.

માલિકી હક્ક મર્યાદાનું લંબાતું ક્ષેત્ર :

જેમ વ્યકિત અને સમાજ માટે માલિકી હક્ક મર્યાદાનો વિચાર કરવામાં આવે છે તેમ સંસ્થાઓ માટે પણ આનો વિચાર કરવો જોઇએ. કેટલીકવાર સારી એવી ગણાતી રચનાત્મક કે ધાર્મિક સંસ્થાઓમાં જરૂર કરતાં વધારે મૂડી ભેગી થઇ જાય છે. તેમાં પછી ગોટાળા ચાલે છે. જેને રકમની જરૂર હોય તેને મળતી નથી અને ઉંચા વ્યાજે મૂડી મૂકીને વ્યાજ લેવામાં આવે છે. આમ સંસ્થાઓ ધંધાદારી બનીને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બીજાનું શોષણ કરનારી બની જાય છે. ઘણીવાર ખોટી રીતે અંધવિશ્વાસો, કુરૂઢિઓ કે જમણવારોમાં આવી સંસ્થાઓના હિસાબ વગરના પૈસા વેડફાય છે. પણ ખોટાં મૂલ્યો નિવારી સાચાં મૂલ્યો સ્થાપવામાં, ગરીબ કે મધ્યમવર્ગના ભાઇઓને સ્વમાનભેર રોટી-રોજી મળે, એવા સત્કાર્યોમાં કે ક્રાંતિના સારા કાર્યોમાં પૈસા ખર્ચાતા નથી.

ઘણીવાર એવું બને છે કે સંસ્થા માટે કેટલી રકમ રાખવી એની મર્યાદા અંગે કશો વિચાર કરવામાં આવતો નથી અને મૂડી વધવા લાગે છે. એટલે સંસ્થાના કાર્યકરોને પણ લોભ થતો જાય છે. એટલા માટે સંસ્થાની પણ માલિકી હક મર્યાદા હોવી જોઇએ. વ્યકિત સંસ્થા અને સમાજથી વધીને પ્રાંત અને રાષ્ટ્રની પણ માલિકી હકમર્યાદા હોવી જોઇએ. રશિયા જેવા સામ્યવાદી દેશોમાં મકાન, મિલ્કત, ધંધો એ બધાં ખાનગી માલિકીનાં હોતાં નથી, તેના ઉપર રાષ્ટ્રની માલિકી ગણાય છે. આવાં રાષ્ટ્રે માં બીજા રાષ્ટ્રો ઉપર પ્રભુત્વ જમાવવાનું વિશેષ જોવામાં આવે છે અને તે માટે માનવહિત માટે ઉપયોગી નહીં એવાં; અનેક માર્ગોમાં-અણુબમ, મેગાટનબમ, લડાયક શસ્ત્રો-સાધનો-સૈનિકો પાછળ અનાપ-સનાપ પૈસા ખર્ચાય છે. આ અંગે પ્રજાને ભય તેમજ બીજાં સુરક્ષાનાં કારણો બતાવીને, દબાવેલી રખાય છે. તેમનું વિચાર સ્વાતંત્ર્ય અને વાણી સ્વાતંત્ર્ય ઝૂંટવી લેવામાં આવે છે અને સરકાર ખોટે માર્ગે જતી હોય તો પણ, પ્રજા તેને ચેતવી શકતી પણ નથી.

જેમ હિંદુ કુટુંબમાં પત્ની પાસે આર્થિક અધિકાર ન હોઇને, તે પતિની વિરૂદ્ધ કંઇપણ બોલી શકતી નથી, સ્વતંત્ર રીતે કંઇપણ કરી શકતી નથી; એવીજ રીતે લોકશાહી પદ્ધતિથી ચાલતા ઘણા દેશોમાં સરકાર બધાય ક્ષેત્રોથી સત્તા પોતાના હાથમાં રાખે છે અને એમાં ક્ષેત્ર મર્યાદા કરતી નથી; તે રાષ્ટ્ર વિકાસ અને વ્યવસ્થાની નજરે ઘાતક છે. કારણકે એવા રાષ્ટ્રોને ભારે કરવેરા પ્રજા ઉપર નાખવા પડે છે; શરાબ, તંબાકુ, ચા, માંસ, મત્સ્ય ઉદ્યોગ જેવા હિંસક અને ઘાતક ધંધાને ઉત્તેજન આપવું પડે છે અને એટલું જ નહીં તે કયાંયે ચોકસાઈ રાખી શકતી નથી. પરિણામે રાષ્ટ્રીય યોજનાઓની પાછળ ખર્ચાતા કરોડો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રૂપિયા વેડફાય છે; અને લાંચરૂશ્વતમાં બર્બાદ થાય છે. આ બધી એટલી બધી રાષ્ટ્ર વ્યાપી બની છે કે પુલ, બંધ કે ડેમ બાંધવામાં મોટા મોટા ઇજારદારો ઓછો માલ વાપરી અડધા રૂપિયા પોતે હજમ કરી જાય છે અને રાષ્ટ્રને તેથી મોટો ફટકો પડે છે. આમાં દેશને કેટલું મોટું નુકશાન થાય છે એ તેઓ વિચારતા નથી.

એટલે સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક શૈક્ષણિક વગેરે ક્ષેત્રોની અલગ અલગ સંગઠનોમાં વહેંચણી કરી દેવી જોઈએ. જેથી રાજ્ય સંસ્થા કેવળ રાજકીય ક્ષેત્રમાં સારી પેઠે કામ કરી શકે અને તંત્રને સંભાળી શકે. આ રીતે સત્તા અને સંપત્તિનું વિકેન્દ્રીકરણ થવું જરૂરી છે; તોજ અનિષ્ટો ઊભા થતાં અટકશે.

આ વ્રતના પાલન માટે સામાન્ય પ્રજા તેમજ ખાસ કરીને લોકસેવકોમાં સંતાન મર્યાદા હોવી જરૂરી છે; તોજ તેઓ ન્યાય અને નીતિપૂર્વક પ્રગતિ કરી શકશે. એવીજ રીતે ઘરબાર છોડીને નીકળેલા સાધુ-સાધ્વીઓએ પણ પુસ્તકો, વસ્ત્રો, ઉપાશ્રયો, શિષ્યો અને અનુયાયીઓ અંગે મર્યાદા બાંધવી પડશે કારણકે આ બધી વાતો અંગેની મમતા એટલી બધી વધેલી જોવામાં આવે છે કે તે બીજા અનિષ્ટોની દુનિયા સર્જી શકે છે. જો તેઓ આ અંગે મર્યાદા નહીં કરે તો તેમનો માલિકી હક મર્યાદાનો ઉપદેશ લોકો ઉપર અસર કરી શકશે નહીં.

આમ માલિકી હક મર્યાદાને વિશ્વવ્યાપી બનવવાનો પુરૂષાર્થ આ યુગે થવો જોઇએ.

ચર્ચા-વિચારણા

બ્રહ્મચર્ય અને પરિગ્રહ :

શ્રી માટલિયાએ માલિકી હક મર્યાદા એ વિષય ઉપર ચર્ચા ઉપાડતાં કહ્યું :—

સ્ત્રી અને પુરૂષ પરિણીત હોય અને રામકૃષ્ણ કે બાપુની જેમ ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં સંપૂર્ણ સંયમી ન હોય તો શ્રી નાનાભાઈ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભટ્ટે કહ્યું છે તેમ, તેણે પોતાની મર્યાદા સમજી લઇને સંસારમાં પડવું પડશે. નાનાભાઈ ભટ્ટે કહ્યું છે :—"મોટે ભાગે તો બ્રહ્મચર્ય સહજ રીતે જે પાળી શકે તે જ સંસારી ગૃહસ્થાશ્રમી બની શકે છે. સંસાર પોતે જ પરિગ્રહ છે. બ્રહ્મચર્યની સાથે જેમ અપરિગ્રહ સહજે આવશે તેમ અબ્રહ્મચર્ય સાથે પરિગ્રહ સહેજે આવશે."

બાળક આવ્યું કે તરત ચૂસણિયું, સીસી, બેસણિયું, ચાલણગાડી, વગેરે જોઈશે. બાળક અમૂક ઉમ્મરનું ન થાય ત્યાં સુધી એને પોષણ પણ જોઇશે. અસંયમ કે અબ્રહ્મચર્ય માતા-પિતાનું અને સહેવાનું બાળકને તેમાં ન્યાય નથી. એ જ રીતે સંતાન ગર્ભમાં આવ્યાથી લઇને તે દૂધ પીતું રહે ત્યાં સુધીનો ગાળો ફરજિયાત રીતે સંયમનો રાખવો ઘટે. આ બધું ગૃહસ્થાશ્રમી સેવકોએ સમજવું જોઈએ.

મેં રૂપિયા પચાસમાં ચલાવી લેવાનું એકવાર વિચારેલું. પણ મુ. નાનાભાઈના તેમજ બીજાના અનુભવો અને કથન ઉપરથી લાગ્યું કે પરિણીત સેવક એક વ્યક્તિ નથી. એ બેયે—પતિ-પત્નીએ મળીને વિચાર કરવો જોઇએ. નહીંતર વિપરીત પરિણામ આવવાનો સંભવ રહે છે.

માણસને પુખ્ત થતાં વાર લાગે છે માટે કંઇક પણ પરિગ્રહ જરૂરી બનીને રહે છે, જેથી કુટુંબ-જીવનમાં ચિત્ત-ક્લેશ ન થવા પામે, પત્ની કંટાળીને હમેશા વિરોધ કરનાર માનસ તરફ ન ફંટાય એ જોવું પણ એટલું જ જરૂરી છે. સાથે પતિની ધૂનોને માત્ર આંધળી રીતે વળગી જ રહે એટલે કે પતિના પૌરૂષ આગળ તે પામર પણ ન બનવી જોઇએ. વળી જે સમાજની આસપાસ જીવે છે; જે રીતે તેનો ઉછેર અને અત્યાર લગીનો વિકાસ થયો છે તે તમામ બાબતો સેવકે જોવી જોઈએ. આ રીતે વિચારીને મેં શિક્ષક તરીકેના જીવનની પસંદગી કરી લીધી અને તે પણ પ્રાથમિક શિક્ષક તરીકેની.

તે વખતે પ્રાથમિક શિક્ષણના શિક્ષકને પિસ્તાલીશ રૂપિયાનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વેતન મળતું; તે લીધું. પછી સીનિયર શિક્ષક થયો. આમાં એક વાત જણાવી દઉં કે જે સમાજમાં હું કામ કરવા ગયો તે સમાજે મને ઠીક ઠીક અનુકૂળતાઓ આપી. પછી શિક્ષકોના પગાર ૭૦ થી ૯૦ થયા. પણ હજુ સુધી શરીર અને મન બન્ને મજૂર જેટલાં તૈયાર ન હતા. આમાં મારા અભ્યાસ કે યોગ્યતાની રીતની વાત હું નથી કરતો પણ પ્રાથમિક શાળાનો શિક્ષક મધ્યમવર્ગીય છતાં મહેનત અને કરકસરથી જે રીતે જીવે છે તે આદત નહોતી પાડી એટલે હવે તે જાતનું સ્વાભાવિક જીવન જીવવા માંડ્યું.

તે સમય દરમ્યાન સંતબાલ વિચારધારાનો સક્રિય પ્રયોગ મારી ત્યાંની પરિસ્થિતિમાં શરુ કરવાનું મન થયું. એક બે કાર્યકરોના મનમાં વિચાર આવ્યો : " રચનાત્મક સમિતિએ આ માલપરાની સંસ્થા માટે કાંઇ કર્યું છે. સંસ્થાએ લાખ જેટલો ખર્ચ કર્યો છે અને માટલિયાના મનમાં કંઈક બીજુ આવે અને તે સંસ્થાને ફેરવી નાંખે તો કેમ ચાલે ? "

મને લાગ્યું કે વાત બરાબર છે. મેં સંસ્થાના ટ્રસ્ટીઓ નીમી દીધા. સંસ્થાનું વેતન બંધ કર્યું અને મારાં પત્નીને સીનિયર શિક્ષિકા બનાવવાનો પ્રયાસ કર્યો. અઢી વર્ષે તેઓ સીનિયર થયાં અને તે વખતનાં સો રૂપિયાના વેતનથી ચલાવ્યું.

છોકરાંઓ મોટા થયાં ને ખર્ચ વધ્યો એટલે સંતબાલ વિચાર-સરણીનો પ્રયોગ કરતાં બન્નેનુ વેતન લઈ (શિક્ષક-શિક્ષિકા) ખર્ચ ચલાવ્યો.

એ અરસામાં એકવાર માંદો પડયો. બીજાઓ પૂછવા લાગ્યા કે કંઇ ભેગુ કર્યું છે ? વીમો લીધો છે ?

મહાત્મા ગાંધીજીનું વાંચ્યા પછી વીમો લીધેલો તેથે જતો કર્યો હતો. પછી કાર્યકરોએ સલાહ આપી : " સન્યાસી અને વાનપ્રસ્થાશ્રમી ન હોય તેણે પોતાની-પત્નીની અને બાળકોની, બધાંનો સહસાધના તરીકે વિચાર કરવો જોઇએ. " એ વાત સાચી હતી. માતા ઇચ્છે કે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ન ઇચ્છે પણ દિકરીને પરણાવવાની હોય તો એને કંઈને કંઈ આપવાનો વિચાર સહેજે આવે. એવી જ રીતે બાળકો માટે ઘરનો વિચાર આવે.

ત્યાં ખેડૂતોએ દશ વીઘાની વાડી આપી. મેં કહ્યું : "હું ખેડૂત રૂપે ધંધાદારી બની શકું નહીં. એટલે એ સંસ્થાની રહેશે. મકાન પણ બાળકોને રહેવા માટે, વેચવા માટે નહીં."

કુટુંબમાં મકાન વેચવાની કે ભાડે આપવાની પ્રક્રિયા નહીં. વ્યાજ વટાવનો ધંધો નહીં. કમાવા માટે ફાંફાં મારવાના નહીં; આમ જો કુદરત નિર્ભરતાને મુખ્ય રાખવા છતાં પોતાની કક્ષા પ્રમાણે ઓછું લેવું અને વધુ આપવું એ રીતે પ્રમાણિક ધંધામાંથી આજીવિકા મેળવે અથવા એવો જ પ્રામાણિક સેવા–વ્યવસાય પસંદ કરી, પોતાની જાતને આ રીતે જોડે તો કશા પણ વ્રત–પચ્ચખાણ કે ત્યાગના નિયમના ભાર વિના માલિકી હક મર્યાદા આવી રહે છે.

આ મારો જાત અનુભવ મેં કહ્યો છે. એવી જ રીતે સૌ પોતપોતાની મર્યાદા વિચારી લે એટલું જ વિનમ્ર સૂચન છે.

પરિગ્રહી વૃત્તિનો ઇતિહાસ :

શ્રી પૂંજાભાઈ એ સંઘરો–પરિગ્રહ કેમ થયો તેનો ઇતિહાસ રજૂ કરતાં કહ્યું :—

"એવું લાગે છે કે પ્રથમ માનવી કુદરત પર જ જીવતો હશે. પણ, કુદરતમાં ખાડા – ટેકરા આવ્યા, દુકાળ વગેરે આવ્યા અને શ્રદ્ધા ઢીલી પડી ગઈ. બીજી બાજુ સાથની તો સ્ત્રી – પુરૂષને જરૂર હતી, છે અને રહેવાની પણ, કાયમ સાથે રહી સાધના કરતાં વિકાર વાસના સામે નરનારીએ ઘણાં દ્વંદ્વો ખેડતાં, બન્નેમાંથી એક કે બન્ને હાર્યા હોવા જોઇએ. તેમાંથી લગ્ન સંસ્થા નો જન્મ અને વિકાસ થયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિશ્વવાત્સલ્યને વહેવડાવવું હોય તો સંતાનોને કેમ છોડાય? એ જવાબદારી ઉપાડી અને થોડો સંગ્રહ કરતા, દેખાદેખીએ વધુ સંગ્રહ થયો. જો કે અગાઉ સાર્વજનિક કાર્યોમાં સંગ્રહ, કાંઈ પણ કામ પ્રસંગે તરત વપરાઈ જતો પણ ધીમે ધીમે તે વધુ થવા લાગ્યો. આમાં પણ સારાં કપડાં, દાગીના, મકાન; સામાજિક ખર્ચ વગેરેમાં હરિફાઈઓ થવા લાગી. પરદેશનો બહુ ચેપ ન હતો ત્યાં લગી મર્યાદા કાંઈક રહેતી, પણ પછી તો પરિગ્રહ વધ્યો. એક ઠેકાણે ટેકરો થાય તો બીજે ઠેકાણે ખાડો પડે જ! જેમ જેમ ખાડો વધવા લાગ્યો કે નીતિના બંધ ઢીલા પડવા લાગ્યા. ચોરીનાં પણ સાધનો મેળવવાં અને ભોગવવાં એવી વૃત્તિ જાગી. બુદ્ધિવાળા દિન દહાડે અને ઓછી બુદ્ધિવાળાં દાંડ તસ્કરો રાત્રે લૂંટવા લાગ્યા. જ્યાં પરિગ્રહ ન હોય ત્યાં કોણ સંઘરે અને કોણ ચોરે? બાકી આજે તો પરિગ્રહની લાલસાએ માઝાજ મૂકી દીધી છે.

ખુદ એક અપરિગ્રહી સાધુ જે ધર્મના ધુરંધર ગણાતા, અને જેઓ ધર્મ નિસર્ગ, નિર્ભરતા અને અપરિગ્રહની અવધિરૂપ ગણાતા, તેઓ વીસ હજાર રૂપિયા આડકતરી રીતે. પોતીકારૂપે ફેરવતા હતા, આ સાંભળીને આપણે દિંગ થઈ જઈએ છીએ અને દુઃખ પણ ખૂબ થાય છે.

આ દાખલો આપવાનું કારણ એટલું જ કે સમાજમાં પરિગ્રહનો સડો કેટલો ઊંડો ગયો છે. આથી જ વિશ્વવાત્સલ્યના પ્રચારક સાધક – સાધિકાએ ઝીણી ઝીણી વાતોનો પરિગ્રહ છોડીને માલિકી હક મર્યાદાનો વિચાર કરવો પડશે.

શ્રી દેવજીભાઇએ ત્યાર બાદ પોતાની નજીકમાં રહેતા એક કુંભારકુટુંબનો દાખલો આપ્યો હતો. ગરીબી કે તંગીમાં દેખાદેખીથી કેવી રીતે દૂષણ પેસે છે તેનું બયાન રજૂ કર્યું હતું. અને તેમાં થોડીક છત થતાં; ચહેરા કેવા ખીલી ઊઠે છે તેનો પણ અનુભવ રજૂ કર્યો હતો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માલિકી હક મર્યાદાનો ઊંડો વિચાર થવો જોઇએ :

શ્રી બળવંતભાઈએ કહ્યું : "ગાંધીજીએ આપણને ટ્રસ્ટશીપનો શબ્દ આપ્યો છે. વિનોબાજીએ માલિકી હક વિસર્જન રજૂ કર્યું છે અને પૂ. મહારાજશ્રી સંતબાલજીએ માલિકી હક મર્યાદા શબ્દ આપ્યો છે.

મારા નમ્ર મત પ્રમાણે માલિકી હક મર્યાદાનો મુદ્દો ખૂબ ઉંડાણથી વિચારવા જેવો છે અને તે સાવ વહેવારૂ હોવાની સાથે યુગાનુરૂપ પણ છે. ચલાળા બાદી વિદ્યાલયમાં મને આનો અનુભવ થયો છે. સંસ્થાઓ તરીકે ભાલનળકાંઠાની સંસ્થાઓ તરફ નજર ઠરે છે. મને તો ખરેખર અનુબંધ વિચારધારાનો જ માર્ગ ગમે છે. મને એ પણ નવાઈ લાગે છે કે તૈલંગાનો બનાવ તાજો છતાં શ્રીમંતો કેમ ચેતતા નથી.

ગરીબો ગરીબ છે—એ તેમનાં કર્મે છે એવું શ્રીમંતો માને છે પણ, પોતાનો દોષ જોતા નથી. એવી જ રીતે સાધુઓ પણ દાનને પ્રતિષ્ઠા આપે છે પણ, એ નાણું કયાંથી આવે છે તેનો વિચાર કરતા નથી. તો ભવિષ્યમાં શું થશે ?

આજના આર્થિક પ્રશ્નોનો ઉકેલ મારા મતે તો માલિકી હક મર્યાદા જ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

[૧૩] વિશ્વવાત્સલ્યના કાર્યક્રમો

[૧૬-૧૦-૬૧] શ્રી દુલેરાયભાઈ માટલિયા

વિશ્વવાત્સલ્ય, તેની ભાવના, તેની નિષ્ઠા તેમ જ વ્રતો અંગે અત્યાર અગાઉ વિચાર થઈ ચૂક્યો છે. પણ એને અમલમાં મૂકવા માટેનો કાર્યક્રમ પણ હોવો જરૂરી છે. અહીં તે ઉપર વિચાર કરવાનો છે.

દરરોજ (વિશ્વવત્સલ સંઘની) પ્રાર્થનાને અંતે :—

'સર્વથા સૌ સુખી થાઓ,
સમના સાં સમાચરો;
સર્વત્ર દિવ્યતા વ્યાપો,
સર્વત્ર શાંતિ વિસ્તરો.'

—એ ચાર સૂત્રો બોલવામાં આવે છે. એમાં વિશ્વવાત્સલ્યનો આખો કાર્યક્રમ આવી જાય છે. તે કેવી રીતે તેનો વિચાર કરીએ.

કાર્યક્રમ પ્રથમ—'બધા પ્રકારે બધા સુખી થાઓ'

આ પહેલો કાર્યક્રમ છે. દાઢની અંદર ફોતરું હોય ત્યાં લગી જીભ અડયા કરે અને તેના ઉપર ફર્યા કરે તેમ જ તે નીકળે ત્યારે જ સંતોષ થાય; ચેન પડે. આંખમાં કણું પડયું હોય ત્યાં સુધી સંતોષ થતો નથી, તે નીકળેથી જ સંતોષ અને સુખ થાય છે. એવી જ રીતે જ્યાં સુધી દેહધારીને દેહનું દુ ખ હોય ત્યાં સુધી, એને ભગવાનનું નામ પણ સારું ન લાગે અને ભજન પણ વસમું લાગે. આ અંગે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભગવાન બુદ્ધે આનંદને એક ભિખારીને જ્ઞાન આપવા મોકલ્યો તેનો દાખલો ઘણો જ જાણીતો છે. ભિખારી ભૂખ્યો હતો એટલે આનંદની ધર્મશિક્ષા ઉપર તેનું ધ્યાન ન ચોંટયું. પણ બીજે દિવસે બુદ્ધ ગયા અને તેમણે તેના ભૂખનું નિવારણ પ્રથમ કર્યું અને તેને ધર્મોપદેશ પમાડયો.

દેહદુઃખ નિવારણનો કાર્યક્રમ

એટલે દેહનાં દુઃખો દૂર કરવા એ પહેલો કાર્યક્રમ છે. એના ત્રણ ભાગ કરી શકાય. તે નીચે મુજબ છે :—(૧) પાણીનું દુઃખ, (૨) ખોરાકનું દુઃખ (૩) અન્ન અને વસ્ત્ર તેમ જ નિવાસનું દુઃખ.

ભાલમાં પાણીનું દુઃખ હતું. એવો જ ત્રાસ રાજસ્થાનમાં પણ છે. આજે તો બે કે ભાલમાં પાઈપ લાઈન આવી છે. પણ તે વખતે પાણીનો જે ત્રાસ હતો તેને દૂર કરવા માટે " જલ સહાયક સમિતિ " રચવામાં આવી હતી અને તેના વડે તળાવ વગેરે ખોદાવવાનાં કાર્યો શરૂ થયાં પછી વિશેષ પ્રયત્નોના અંતે મુંબઈ સરકારે પાઈપ લાઈન સ્વીકારી.

બીજું દુઃખ છે અન્નનું. પઢાર લોકો અન્નને અભાવે ટળવળે અને ચેગ (એક જાતનું ખડધાન્ય) વીણીવીણીને લાવે છતાં ય અનાજ પૂરતું ન મળે. બીજાને ત્યાં વધારે ખાવાની સામગ્રી જોઈને મન અન્ન ઉપર રહ્યા કરે. અનશન (સંથારો) કરનારને બાદ કરતાં બધા ય લોકો અન્નની ચિંતા એક યા બીજી રીતે કરતા જ હોય છે. એ દુઃખ દૂર કરવા માટેનાં કાર્યક્રમો ભાલમાં પાયલટ યોજના વગેરે દ્વારા થઇ રહ્યા છે. અને દુષ્કાળ વખતે પૂ. મુનિશ્રી સંતબાલજીએ ભાલના લોકોને ભૂખનું દુઃખ નિવારવાનો ખેડૂત મંડળ દ્વારા પુરુષાર્થ કર્યો.

પાણી અને અન્ન પછીનું ત્રીજું દુઃખ છે રહેઠાણ તેમ જ વસ્ત્રનું. માણસને રહેઠાણ ન મળે તો તે શરદી, ગરમી, વરસાદ વગેરેથી રક્ષણ કેવી રીતે કરે? વસ્ત્ર ન મળે તો સમાજમાં જીવે શી રીતે? ટાઢ, તાપ કે વરસાદથી પોતાનું રક્ષણ કેવી રીતે કરી શકે? એટલે આ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દુઃખોને (નિવાસ અને વસ્ત્રનાં) દૂર કરીને શરીરનું રક્ષણ કરવાનો કાર્યક્રમ હોવો જોઇએ. સદ્‌ભાગ્યે એક નાનકડા પ્રતીક તરીકે પણ ભાલમાં જવારજમાં હરિજનો માટે મકાન બંધાયા અને વસ્ત્રોદ્યોગ માટે સહકારી જીન પ્રેસ તથા ખાદી ગ્રામોદ્યોગ મંડળ ચાલે છે.

રક્ષણનો કાર્યક્રમ

ઘણી વાર એવુ બને છે કે અન્ન, પાણી, વસ્ત્ર, મકાન વગેરેની સુખસગવડ હોવા છતાં રક્ષા માટે નિરાંત હોતી નથી. કોઇ બહારવટીયાનો ડર હોય છે; ગામનો હોવા છતાં કોઈ ગૂંડાનો ભય રહ્યા કરે છે. આવા માણસો પોતાનો પ્રાણ લેશે એવું દુઃખ માણસના મનમાં રહ્યા કરે છે. પ્રાણ હોય છતાં તેની રક્ષા બરાબર ન થતી હોય કે ન થઈ શકતી હોય તો તેનું દુઃખ થયા કરે છે. ગામના કે બહારના આક્રમકોનો ફડકો ન રહે, તેનાથી રક્ષણ કઈ રીતે કરવું તેની ચિંતા થયા કરે તેમજ પ્રાણ ન ટકે તેનું દુઃખ ખટકયા કરે જો આવું બધું હોય તો જીવન વિકાસમાં પ્રગતિ ન કરી શકાય. ચોરી થવાની વક્કી હોય ત્યારે ખેતી સુધારવામાં મન ચોંટશે નહીં. "હું વીરડો તૈયાર કરીશ પણ બીજા પાણી ચોરાવી જશે. ઝૂંટવી લેશે." તો વીરડા ગાળવાનું મન થતું નથી. એટલે કેવળ પાણી, અન્ન, વસ્ત્ર અને વસાહતના દુઃખોના નિવારણના કાર્યક્રમ સાથે એ બધાના રક્ષણનો કાર્યક્રમ હોવો જોઈએ. રક્ષણની વ્યવસ્થા ન હોય તો આગળ વિકાસ ન થઈ શકે. આ તનના સુખનો કાર્યક્રમ થયો.

મનોદુઃખ નિવારણનો કાર્યક્રમ :

પણ શરીરનું સુખ હોય, પૈસા પણ પુષ્કળ હોય તે છતાંયે કેટલીક વખત વધુ મેળવવાની તૃષ્ણાને લીધે, બીજાની પાસે વધુ સામગ્રી જોઈ મનમાં અસંતોષ, અદેખાઈ અને ઈર્ષ્યા થયા કરે છે. કેટલીક વાર પોતાની ખિન-આવડતને લઈને દુઃખ થયા કરે છે. એમાં વસ્તુ હોવા છતાં માણસ મનના કે અજ્ઞાનના કારણે દુઃખ ભોગવ્યા કરે છે. એ દુઃખ કેવી રીતે ન ભોગવવું તેનો ખ્યાલ શિક્ષણ-સંસ્કારથી આવે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માટે શિક્ષણ સંસ્કારનો કાર્યક્રમ ગોઠવવો જોઈએ. એનાથી મન શિક્ષિત થતાં 'મને જે મળ્યું છે તેને હું સારી પેઠે ભોગવું' એવી સમાધાન વૃત્તિ કેળવાય છે.

આના સિવાય, ખાવા-પીવાનું સુખ હોવા છતાં અન્યાય થયો હોય, કોકે કડવા વેણ કહ્યાં હોય, અપમાન કર્યું હોય તો તેને સુખ મળતું નથી. ગમે તેટલા પૈસા ખરચ થાય, પણ હું આ અન્યાય સહન નહીં કરી શકું આમ મનમાં થતું રહે છે. અન્યાયનો ડંખ દૂર થાય, દ્વેષનો બદલો વાળવાથીજ મન શાંત થતું હોઈ ને અન્યાયના દુઃખને દૂર કરવા માટે ન્યાય મેળવવાનો કાર્યક્રમ ગોઠવવો જોઈએ. સદ્‌ભાગ્યે ભાલ નળકાંઠામાં લવાદી પદ્ધતિ દ્વારા ઝઘડા પતાવવાનાં તથા શુદ્ધિ-પ્રયોગો દ્વારા ન્યાય મેળવવાના કાર્યક્રમો અને શિક્ષણ સંસ્કાર સમિતિ દ્વારા શિક્ષણ સંસ્કાર આપવાના કાર્યક્રમ ચાલે છે.

આમ બધા મળીને સાત સ્વાવલંબનનો કાર્યક્રમ બને છે. શિક્ષણ, રક્ષણ અને ન્યાય એ મનોદુઃખ-નિવારણ માટેનાં અને અન્ન, વસ્ત્ર, વસાહત અને આરોગ્ય એ ચાર શરીર દુઃખ-નિવારણ માટેના કાર્યક્રમો છે. આમ સપ્ત સ્વાવલંબનમાં ૩ આધિ (મનોદુઃખ-શિક્ષણ, રક્ષણ અને ન્યાય) નિવારણના, ૧ વ્યાધિ (આરોગ્ય) નિવારણનો અને ૩ ઉપાધિ (શરીર દુઃખ-જળ. અન્ન. વસાહત-વસ્ત્ર) નિવારણના કાર્યક્રમો થયા. સપ્ત સ્વાવલંબનની પાછળ આધિ, વ્યાધિ અને ઉપાધિ ત્રણે તાપથી (દુઃખથી) મુકત થવાની વાત છે.

એટલે પ્રાથમિક જરૂરિયાત—આજીવિકાની ચિંતા, તનની ચિંતા અને મનની ચિંતા દૂર કરવાના ઉપાયો સપ્ત સ્વાવલંબન દ્વારા કેવી રીતે થાય તે આપણે જોઈએ. જીવ માત્રમાં દુઃખ દુર કરવાના ઉપાયને પહોંચી શકાતું નથી એટલે માણસ માત્ર સુધીની વાતમાં મર્યાદા લીધી. આખો માનવ સમુદાય પહોંચી ન વળાય એટલે એક ઠેકાણે આ પ્રયોગ કરવામાં આવ્યો. ભાલપ્રદેશ દુઃખી હતો ત્યાં વિશ્વવાત્સલ્યના કાર્યક્રમોની ચતુષ્પદી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust.

પૈકી પહેલાં ચરણનો કાર્યક્રમ શરૂ થયો. પ્રતીક તરીકે ત્યાંજ કાર્યક્રમો ગોઠવવામાં આવ્યા.

દા. ત. પાણીના દુઃખને દૂર કરવા માટે ભાલમાં તળાવડીઓ ખોદવામાં આવી. કાર્યકરોએ ખેડૂતોને આ વસ્તુની પ્રેરણા આપી. અન્ન માટે ગૂંટીના આશ્રમમાં ત્યાં થોડીક જમીન ઉપર ખેતીના નવા પ્રયોગો, પ્રતીક રૂપે કર્યા. અન્નભંડાર પણ પ્રતીક રૂપે રાખેલો. વસ્ત્ર અને બીજી જરૂરિયાતો માટે ખાદી ગ્રામોદ્યોગોનો પ્રયોગ પ્રતીક તરીકે ચાલે છે. વસાહત માટે પ્રતીક તરીકે જવારજમાં ભંગી જેવા પછાત ગણાતા વર્ગ માટે મકાનો બંધાવી તે કાર્યક્રમ શરૂ કર્યો. શિક્ષણ માટે સર્વોદય યોજના વડે જીવનશાળાઓ, પછી બુનિયાદી શાળાઓ (પૂર્વ બુનિયાદી અને ઉત્તર બુનિયાદી) અને અધ્યાપન મંદિર (નવા શિક્ષકો તૈયાર કરવા માટે)નો પ્રયોગ ચાલે છે. આરોગ્યના કાર્યક્રમના પ્રતીક રૂપે શિયાળ અને સાણંદમાં દવાખાનાંઓ ઊભા કરવામાં આવ્યાં. રક્ષણ અને ન્યાય માટે લવાદીપ્રથા દ્વારા ઝગડા પતાવવા, અન્યાય નિવારણ કરવા શુદ્ધિપ્રયોગ તેમજ શાંતિ સ્થાપવા માટે શાંતિસેના પ્રયોગ દ્વારા કાર્યક્રમો ગોઠવાયા. આ બધા કાર્યક્રમો તો પ્રતીક રૂપે નાનકડા પ્રદેશમાં ગોઠવાયા છે, છતાં સાંસ્કૃતિક છે. એમાંથી શક્તિ જન્મવાનો સંભવ છે એટલું જ નહીં તે એક આદર્શ રૂપે રજૂ થઈ શકે છે. વિશ્વની માનવજાતિ સુધી તો નહીં પણ આખા ભારતમાં આ કાર્યક્રમો ફેલાઈ જાય તો પછી વિશ્વ સુધી પહોંચી શકે એવી શક્યતા આ કાર્યક્રમોમાં પડી છે. આ પ્રયત્નો સાચી દિશામાં છે એટલે વિશ્વ સુધી પહોંચતા વાંધો નહીં આવે. એ જ કાર્યક્રમોને જેમ જેમ વ્યાપક બનાવવામાં આવશે તેમ તેમ આગળ વધશે અને એમ કરતાં તે આખા વિશ્વને આવરી શકશે.

માનવજાતમાં સહેજે મદદ કરવાની તેમજ પોતાને તથા બીજાને સુખી જોવાની ખેવના હોય છે. એટલે એને અનુરૂપ અને વિશ્વવાત્સલ્યના પ્રથમ ચરણ રૂપ 'સર્વથા સૌ સુખી થાઓ'નો આ કાર્યક્રમ લોકપ્રિય બનશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાર્યક્રમ દ્વિતીય–સમતા સૌ સમાચરો :

કાર્યક્રમનું બીજું ચરણ છે : "સમતા સૌ સમાચરો !" વિષમતા હોય ત્યાં ઉપલા કાર્યક્રમો શી રીતે ચાલી શકે ? એ માટે સમતાનું આચરણ સૌ કરે એ જરૂરી છે.

દા. ત. ગ્રામ–અર્થકારણ અને નગર–અર્થકારણમાં વિષમતાને લીધે ઘર્ષણો ઊભા થતાં હોય, એક સાધનહીન હોય અને બીજો સાધન–સંપન્ન હોય તો અર્થનીતિની વિષમતાને લઈને સપ્ત સ્વાવલંબન ટકી જ ન શકે. આ વિષમતા સ્વાવલંબનના પ્રયોગને ખાઈ જશે.

વિષમતા કયાં યે હોય તો ત્યાં શાંતિથી કામ ન ચાલી શકે. મજૂરો –માલિકોમાં વિષમતા હોય તો પણ કાર્ય સરળતાથી ન થાય. આર્થિક વિષમતા કદાચ દૂર થાય પણ સામાજિક વિષમતા હોય તો સમાજમાં શાંતિ ન રહી શકે.

ખેડૂત મંડળ, ગોપાલક મંડળ અને ગ્રામોદ્યોગી–મજૂર–મંડળમાં કાયદાના કારણે ઘર્ષણો ઊભા થયાં કરે, ઊંચ નીચ અને અસ્પૃશ્યતાના ભેદો કે સમાજમાં સૌને વિકસવાની સમાન તક આપવાની દૃષ્ટિ ન હોય તો સમાજમાં વિષમતા પેદા થાય અને સમાજ તરફડ્યા કરે. જેમ પાણી સૂકાતાં માછલાં તરફડે એવી જ રીતે સમાજમાં, સામાજિકતા અને સદ્‌ગુણ રૂપી પાણી સૂકાવા માંડે તો તેવી જ રીતે સમાજ પણ તરફડે. એટલે આ ઉપલા ત્રણે મંડળો દ્વારા ઘડાતા સમાજમાં, સામાજિકતા રૂપી પાણી પૂરવાની અને ત્રણે મંડળોમાં મેળ અને સમન્વય રાખવાની અનિવાર્ય જરૂરિયાત રહે છે. તેનાથી જીવનની આર્થિક અને સામાજિક વિષમતા દૂર થઈ શકશે. આ વિષમતા દૂર થયા વગર સમતા આવી શકે નહીં.

હવે આ કાર્યક્રમ ઉપાડે કોણ ? એના જવાબમાં જણાવવાનું કે જેમણે આજીવિકા અને પરિગ્રહની મર્યાદા કરી છે, સમાજસેવાનું વ્રત લીધું છે, પોતાના નિર્વાહની ચિંતા સમાજને સોંપી છે, જીવનમાં જાતે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વ્રત-બદ્ધ થઈ આગળ વિકાસ સાધવાનું મળ્યું છે; જીવનમાં આવતી સામાજિક-આર્થિક વિષમતાને જેમણે આધ્યાત્મિક સમતાના વિચારોથી સમાવી દીધી છે; એવા નવા બ્રાહ્મણો એટલે લોકસેવકોએ આ કાર્યક્રમને ઉપાડવાનો છે. તેમણે રચનાત્મક કાર્યકરોનો સંઘ,— પ્રાયોગિક સંઘ તેમજ જુદાં જુદાં સંગઠનો અને કાર્યવાહક-સહાયક સંગઠનો ઊભા કરવાનાં છે. સાથે જ એ સંગઠનોમાં તેમણે પારસ્પરિક સમન્વય અને મેળ બેસાડવાનો છે અને તેમની આજીવિકાની ચિંતા દૂર કરવાની છે. આ ત્યારે જ બની શકે જ્યારે પોષણ પૂરતી આજીવિકા મળી શકે તેવા કાર્યક્રમો તેઓ યોજે, યોજનાઓ ઘડે, જનતા સમક્ષ મૂકે અને જનતા દ્વારા રાજ્ય સુધી તે યોજનાને પહોંચાડે. તેમણે સહકારી પ્રવૃત્તિઓમાં ફરજિયાત બચતથી આર્થિક આધાર ઊભો કરવાનો છે અને સહકારી પ્રવૃત્તિઓ દ્વારા તેમણે આર્થિક વિષમતા મટાડવાની છે; એટલું જ નહીં દશ ટકા જેટલી બચત કરતાં શીખવે જે આફત વખતે વીમાની ગરજ સારી શકે. તેમણે ખોટા ખરચા ઓછામાં ઓછા થાય તે જોવું પણ જરૂરી છે.

કદાચ પાકનો વ્યાજબી ભાવ તેમને ન મળે તો પણ તેમણે એક આશ્વાસન તો રાખવાનું છે કે અમે એકલા કે નોંધારા નથી, નૈતિક સંગઠનો અમારી પડખે ઊભાં છે અને વિશ્વના ખેડૂત-મજૂર સંગઠનો પણ અમારી પડખે બેઠાં છે. અખિલ ભારતીય રાષ્ટ્રીય મજૂર સંઘ (ઇન્ટુક) સાથે અમારા સંગઠનનો અનુબંધ છે અને તેના વડે અમારો અવાજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પહોંચાડવામાં આવશે અને એક દિવસ અમને જરૂર ન્યાય મળશે.

આમ અન્યાયની સામે પણ આ નૈતિક જન સંગઠનોને અહિંસક રીતે લડતાં શીખવવાનું છે અને અહિંસક ઢબે ન્યાય મેળવવાની તાલીમ આપવાની છે. ગાંધીજીએ માલિકોના અન્યાય સામે મજુરોને જેમ અહિંસક રીતે પદ્ધતિસર લડવાનું શીખવ્યું હતું તે ગાંધી માર્ગ દ્વારા ખેડૂતો, ગોપાલકો અને આમ મજુરો (શ્રમિકો) પણ અહિંસક ઢબે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લડી શકે એ રીતે તેમને શીખવવાનું છે. પુનર્રચના મંડળની યોજના દ્વારા પ્રાયોગિક સંઘે આ બધું કરવાનું છે. જેમ સામ્યવાદ વિશ્વની આર્થિક વિષમતા દૂર કરવા માટે અશુદ્ધ સાધનો લઈને લડે છે તેમ વિનોબાજીએ શુદ્ધ સાધનોથી માલિકી હકક-વિસર્જનનો નાદ દુનિયાભરમાં ગુંજાવ્યો છે. એટલે આ બધા નૈતિક સંગઠનોને એવી ખાતરી મળવી જોઈએ કે અમે એકલાં નથી પણ વિશ્વના પ્રવાહો અમારી તરફેણમાં છે; એ રીતે શ્રદ્ધા મજબૂત કરવાની જરૂર છે. આ થયો આર્થિક વિષમતા દૂર કરવા માટેનો પ્રાયોગિક સંઘનો કાર્યક્રમ.

પણ સામાજિક વિષમતા દૂર કરવા માટે શું કરવું જોઈએ? આજે તો એકજ વર્ણમાં એક બીજાને ઉંચા-નીચા માનવામાં આવે છે. આ વાઘરી છે એટલે નીચા છે; ભરવાડો ગમાર અને અણઘડ છે, ખેડૂતો રોંચા છે, પછાતવર્ગના લોકો હલકા છે આવી લાઘવ-ગૌરવની ગ્રંથિઓ લોકોમાં પેસી ગઈ છે. ભંગી લોકો ધોબીને નીચા ગણે છે તેમ ધોબી પઢારને નીચા માને છે; કારણ એ બતાવે છે કે એ લોકો ઉંદર ખાય છે અમે ખાતા નથી. એવી જ રીતે વાણિયાની જાતિઓમાં વીશા પોતાને ઉંચા માને, દશા નીચા, પાંચા અને અઢીયાને તો એથી પણ નીચા ગણે કયાંક કારડિયા ઊંચા તો નાડોદા નીચા છે. આ પ્રકારની જે ગાંઠો સમાજમાં પડી છે તેના કારણે મેળ નથી પડતો અને આ વિચિત્ર પ્રકારની જ્ઞાતિ-વ્યવસ્થાના કારણે સમાજ વ્યવસ્થામાં વિષમતાના સંસ્કારો ભયંકર રીતે ઊંડા ઊતરી ગયેલાં છે. આર્થિક સમાનતા હોવા છતાં આવી સામાજિક-વિષમતાના સંસ્કારો જનતામાં હોય તો તેને તોડવાના કાર્યક્રમો ગોઠવવા જોઈએ. આ સમતા આચરવા અને અચરાવવાનો કાર્યક્રમ પ્રાયોગિક સંઘનો છે.

ત્રીજો કાર્યક્રમ-સર્વત્ર દિવ્યતા વ્યાપો :

વિશ્વવાત્સલ્યના કાર્યક્રમનું ત્રીજું પગથિયું છે :-"સર્વત્ર દિવ્યતા વ્યાપો!" સમાજમાંથી તનનાં અને મનનાં દુઃખો દૂર થાય, વિષમતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દૂર કરવા માટે કાર્યક્રમો ચાલવા છતાં યે જ્યાં સુધી સમાજમાં દિવ્યગુણોના સંસ્કારો ન પ્રગટે ત્યાંસુધી સુખ કે સમતા ચિરકાળ સુધી ટકવાનાં નથી. એ જોવામાં આવે છે કે જ્યાં અભાવ નથી, વિષમતાનું દુઃખ નથી, એવા ઘણાયે પ્રતિષ્ઠિત લોકો અને સામાન્ય પ્રજામાં સુખ લાંબા ગાળા સુધી ટકતું નથી કે એ સુખ એમનામાં દિવ્યતા પ્રગટાવી શકતું નથી.

ગીતામાં, અભય, સત્વ સંશુદ્ધિ, દાન, દમ, યજ્ઞ, સ્વાધ્યાય, તપ, સરળતા, જ્ઞાનયોગ, વગેરે ૧૬ દિવ્યગુણો બતાવેલ છે. તેને દૈવી સંપત્તિ કહેવામાં આવી છે. માનવસમાજમાં આ દિવ્ય ગુણો કેમ પ્રગટે? તેને પ્રગટાવવાનું કામ કોણ કરે? એ અંગે વિચાર કરીએ.

જેણે પોતાનું જીવન દિવ્ય-ગુણોની સાધનામાં અર્પણ કર્યું છે. સામાન્ય જ્ઞાનથી માંડીને કેવળજ્ઞાન સુધીની સાધના માટે જે સતત મથતો રહે છે, મનુષ્યનું પૂર્ણ સ્વરૂપ દિવ્ય અવસ્થા છે, તેને ક્રમે ક્રમે મેળવવા જે પુરૂષાર્થ કરે છે તેવો સાધુવર્ગ સમાજમાં દિવ્ય ગુણો પ્રગટાવવાનું કામ કરી શકે. આ સાધુવર્ગમાં બધા પ્રકારના સાધુઓ આવી જાય છે. તેઓ જુદા જુદા દેશોમાં જોઈને જુદા જુદા દિવ્યગુણો ઉપર ક્રમે ક્રમે ભાર મૂકતા જશે. કયા દિવ્યગુણ ઉપર વધારે ભાર મૂકવો અને કયા દિવ્યગુણ ઉપર ઓછો ભાર મૂકવો એ તો તે-તે દેશ, કાળ, પરિસ્થિતિ જોઈને સાધુવર્ગ પોતે નક્કી કરશે. પણ, સાધુસંસ્થાનો મુખ્ય કાર્યક્રમ સમાજમાં દિવ્યગુણો પ્રગટાવવા, વિકસાવવા અને વધારવાનો છે. તેઓ ગામડાં અને શહેરોનાં અલગ અલગ જનસંગઠનોથી લઈને જનસેવક સંગઠનો અને ધર્મસંગઠનો સુધીમાં નિરીક્ષણ કરશે કે કયા કયા દિવ્યગુણની જરૂર છે અને તે માટેના કાર્યક્રમો મૂકશે.

આજકાલ સામાન્ય રીતે લોકોને-મજૂરોને પૈસા વધારે મળે છે. તેમાં પણ શહેરમાં એથી યે વધારે મળે છે. એટલે તે પ્રમાણમાં સંપત્તિ વધી છે પણ દિવ્યગુણો ન હોવાને કારણે તે સંપત્તિ ટકતી નથી અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમ તેમની નિશ્ચિંતતાનું સાધન બનતી નથી. પૈસો જેમ જેમ વધે છે તેમ દિવ્યગુણોના અભાવે લોકો, સિનેમા, વ્યસનો, દારૂ, તાડી, નિરર્થક સાહિત્ય કે વિષયવાસનાના પ્રકારોમાં વધારે ને વધારે સંપત્તિ વેડફતા જાય છે. તેમને જે આનંદ મળે છે, જે બેફિકરી છે તે ધૂનનો આંનદ અને બેફિકરી છે. તે ક્ષણિક છે અને તેમાંથી સ્થાયી સુખ મળવાનું નથી. તેમને દિવ્યગુણો વડે સાચો આનંદ મેળવવાની વાત કોણ શીખવી શકશે કે સ્થાયી સુખ અને નિર્દોષ આનંદ તો દિવ્યગુણોમાં રહેલાં છે.

એ કામ સાધુસંસ્થાનું છે. તેમણે દિવ્યગુણો વડે આનંદ મેળવ્યો છે અને તેઓ જ સમાજને એ વાત શીખવી શકશે કે એમાં જે આનંદ છે તે સંપતિ વેડફી નાખી ક્ષણિક વાસનાને સંતોષતા સાધનોમાં નથી. તેમણે ઉત્સાહ આપી, પ્રેરણા આપી તેમનામાં દિવ્યગુણ પ્રગટાવવાની કળા શીખવવી પડશે અને એથી કરીને લોકોની શક્તિને સારી દિશામાં લગાડવી પડશે.

આ દિવ્યગુણ વિકાસની અંદર, જનતા, જનસેવક, રાજ્ય અને સાધુ વર્ગ એ ચારેય સંસ્થાઓનો અનુબંધ આવી જાય છે. સાધુ સંસ્થા આગળ ગુણ વિકાસનું આ મોટું કામ પડેલું છે. તેમણે મનુષ્યોમાં પૂર્ણ ગુણોનો વિકાસ કેમ થાય તેવા પ્રયોગો કરવાના છે, તેવું ચિંતન કરવાનું છે, અન્ન નિરીક્ષણ કરવાનું છે અને તદનુરૂપ અનુબંધો જોડવાના છે. જ્યાં જ્યાં સંસ્થાઓ કે સંસ્થાની કડી તૂટતી હોય, અનુબંધ બગડતો હોય અને પરિણામે વિષમતા ફેલાતી હોય, આજીવિકાની નિશ્ચિંતતા ન મળતી હોય, ત્યાં બરાબર નૈતિક ધાર્મિક માર્ગદર્શન આપી તેમજ ન્યાય અને હૂંફ અપાવીને દિવ્યગુણો વધે તે રીતના પ્રયત્નો કરવા જોઈએ.

આની સાથે એ જરૂરી છે કે સમાજમાં ગુણોની પ્રતિષ્ઠા વધે અને અવગુણોની પ્રતિષ્ઠા તૂટે એ પ્રયત્ન અનિવાર્ય કરવો જોઈએ. જો એમ નહીં થાય તો અવગુણોની પ્રતિષ્ઠા વધી જશે. પરિણામે દિવ્યગુણોની વાત, સાધુ વર્ગ વ્યાખ્યાનમાં કહેશે તો પણ, કાંઈ વળે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નહીં આવું વાતાવરણ બંધાઈ જાય અને દિવ્યગુણોની વાતો ફક્ત કહેવા સાંભળવા સુધીજ અટકી જાય. એટલે સાધુ સંસ્થાએ અવગુણો સાથે મારે શું એમ વિચારીને અલગ રહેવાનું નથી પણ આખા વિશ્વને પોતાનું ગણી અભેદ અનુભવ કરવો જોઈએ.

"જ્યાં જ્યાં દોષો કે અવગુણો છે તે મારાજ છે, હું દૂર ન કરી શકું તો મારી સાધનામાં ખામી છે. એ દોષો મારી વિશ્વાત્મભાવની આત્મવત સર્વભૂતેષુની–સાધનામાં નડશે, સાધનામાં અંતરાયો ઊભા કરશે. એટલે મારી સાધનામાં આવતા આ જાળાંઝાંખરાં રૂપ દોષોની નિંદામણ કરી મારે ક્ષેત્ર વિશુદ્ધ કરીને દિવ્યગુણોને વાવવાં જોઈએ." એવો પોતાની જાતને વિશ્વમાં વિલીન કરવાનો અનુભવ મળે તો સાચો આનંદ મેળવી શકે. મા જેમ પોતાના બાળકની સાથે અભેદતાનો અનુભવ કરે છે તેમ, આ સાધુ સંસ્થાએ વિશ્વની સાથે અભેદતાનો અનુભવ કરવાનો છે.

આ કામ પરંપરાગતથી આવતી સાધુ–સંસ્થા ન કરી શકે એવું ઘણાને લાગ્યા કરે છે. તે એટલા માટે કે સંસ્થા હોય ત્યાં જુદી જુદી પ્રકૃતિ, ટેવો અને સંસ્કારવાળા માણસો એમાં હોય છે. એ માટે બંધારણ ઘડવું પડે છે અને તેમાં ઉત્સર્ગ–અપવાદ વગેરે રાખવા પડે છે. તે ન રાખવામાં આવે તો સંસ્થા જુદી જુદી પ્રકૃતિ અને અમૂક સંયોગવાળા સાધકોને સિદ્ધાંત-બાધ કે અપવાદ સિવાય સાચવી અને ઘડી ન શકે. પણ આ ભિન્નતા તો સર્વત્ર અમૂક અંશે રહેશે એટલે એ સંસ્થા કામ ન કરી શકે એવું નથી. બરાબર એના સભ્યો પોતપોતાની શક્તિ અને પ્રકૃતિ પ્રમાણે જે દિશા નક્કી થયેલી છે તેમાં કામ કરશે.

માણસમાત્રની પ્રકૃતિમાં એક વસ્તુ પડેલી છે કે જ્યાંસુધી પૂર્ણ દિવ્યતા ન પ્રગટે ત્યાંસુધી એમાં અદેખાઈ, ઇર્ષા, દ્વેષ, ઘૃણા, આસક્તિ વગેરે નબળાઇઓ સૂક્ષ્મ અંશે પણ રહેવાની જ. કયારેક સાધુસંસ્થામાં જુના અનુભવી અને દિવ્યગુણવાળા રાહબર સાધુઓ બે–ચારજ હોય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને નવો વર્ગ વધારે હોય ત્યારે સાધુ સંસ્થાના બધા સભ્યોના ગુણોના સરવાળા કરતાં નબળાઇનો સરવાળો વધી પણ જાય, તે છતાંયે દિવ્યગુણોનો સમાજમાં વિકાસ તો સાધુ સંસ્થાજ કરશે.

એવુ પણ જોવામાં આવે છે કે શિષ્ય-શિષ્યાના મોહના કારણે આહારની વહેંચણી વખતે સાધુઓમાં ખટરાગ ઊભો થયા કરે છે. એવું ન થવા પામે તે માટે સાધુસંસ્થાને શિસ્તનાં બંધનો પણ છે. શિસ્તભંગ કરે કે અમૂક દોષો કરે એને પ્રાયશ્ચિત પણ આપવામાં આવે છે. પ્રાયશ્ચિત ન સ્વીકારે તો સમાજનું નૈતિક દબાણ પણ એના ઉપર લાવવામાં આવે છે; અને ફરીથી દોષ કરતા અટકાવવા પડે છે. આતો તેની ઉજળી બાજુ થઈ પણ તેની બીજી બાજુએ એવું પણ જોવામાં આવે છે કે એમાંથી (પ્રાયશ્ચિત) બચવા માટે કેટલાક સાધુઓ દંભનો આશ્રય લે છે. દંભની સાથે અજ્ઞાન અને અહંકાર પણ હોય છે. એટલે સાધુ સંસ્થામાં રહેલા સાધુઓ "અહં" ને ઓગળે ત્યાંસુધી સર્વથા નિર્લેપ રહી શકતા નથી. પણ, બીજા માનવો કરતા સાધુતા સ્વીકારી દિવ્યમાર્ગે જવા માટે અમુક દિવ્ય ગુણવાળા સાધુ પાસે રહીને વિકાસ સાધવાનો છે અને એ માટેજ સાધુ સંસ્થા રચાયેલી હોય તેણેજ દિવ્યગુણો સમાજમાં વિકસાવવાનો કાર્યક્રમ પાર પાડવાનો છે.

એના માટે દિવ્ય ગુણોનો વિકાસ સાધનાર સાધુઓએ સાધુસંસ્થામાં રહી, દિવ્ય ગુણોને સમાજવ્યાપી બનાવવા માટે ભૂમિકા તૈયાર કરવી જોઇશે; તેમ જ ચારે ય અનુબંધોને ગોઠવવાની તૈયારી કરવી પડશે. તો જ આ સંગઠનો દ્વારા ગુણવિકાસ સાધી શકાશે. સાધુસંસ્થાની કોઈ પરંપરા ગુણવિકાસ ઘાતક હશે તો તેમાં તેઓ સંશોધન કરશે. આવા ક્રાંતદ્રષ્ટા સાધુઓ પોતાની સાધના દૃઢપણે કરતા કરતા પોતાના આત્માને વિશ્વમાં વિલીન કરી શકશે.

અરવિંદો કહે છે તેમ : "ઉર્ધ્વગામી ચેતના થઈ ગઈ હોય તો દિવ્યગુણો તેમાં પ્રગટે છે અને તેનાથી બીજા, ચેતનાવાળા પ્રેરણા લે છે." તો આ પ્રમાણે દિવ્યગુણ વિકાસી ક્રાંતદ્રષ્ટા સાધુ, સમાજની અવ્યવસ્થા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જોઈને એમાં સુવ્યવસ્થા કેવી રીતે સ્થાપવી, તેનો ઉપાય સૂચવી શકે છે; તે પરિવર્તનને જોઇ શકે છે અને કાર્ય-કારણના અનુબંધે ભવિષ્યમાં શું થશે તે જોઈ શકે છે. આથી અનુબંધમૂલક ત્રણે સંગઠનોના ક્ષેત્રોમાં જ્યાં જ્યાં અશાંતિનાં મૂળ પડયાં હોય ત્યાં શાંતિનાં કારણો શોધી શકે અને બતાવી શકે છે.

જ્યાં જન્મ છે ત્યાં મરણ છે, એનો ભય પડેલો છે. તેના કારણે સામાન્ય વ્યક્તિમાં એ ભયને લીધે અશાંતિ ઉપજે એ સહજ છે. એટલું જ સહજ દિવ્યદ્રષ્ટા સાધુઓ માટે એ અશાંતિને નિવારી, શાંતિ કરવાનું કામ છે. જેમ ખેડૂત શેરડીને જોઈને રસનો ખ્યાલ કરી શકે છે, વૈજ્ઞાનિકો અણુનું ભવિષ્ય જોઈ શકે છે. તેમ દિવ્ય દ્રષ્ટા સાધુસમાજની અવસ્થા જોઈ એનું ભવિષ્ય જોઈ શકે છે. એ શાંતિચિંતક બીજા કરતા વહેલો સમજી શકે છે માટેજ એ નવી વ્યવસ્થા ગોઠવી શકે છે. જ્યાં શાંતિની સમતુલા બગડી ગઈ હોય ત્યાં તેને સાંધી શકે છે.

કાર્યક્રમ ચોથો-સર્વત્ર શાંતિ વિસ્તરો :

એટલે વિશ્વવાત્સલ્યનું ચોથું ચરણ "સર્વત્ર શાંતિ વિસ્તરો!" છે અને તેની રૂએ સૌ સ્થળે શાંતિ વિસ્તારવાની છે. આ કાર્યક્રમ અગાઉ વિચારી ગયા તે પ્રમાણે ક્રાંતદ્રષ્ટા સાધુઓ માટેનોજ છે.

સર્વત્ર શાંતિ એટલે માત્ર એક વર્તુળ, એક પ્રાંત, એક સંસ્થા, એક દેશની નથી પણ આખા વિશ્વની માનવજાતિમાં અને પ્રાણી માત્રમાં શાંતિ કેમ વિસ્તરે, એવો વિચાર નવેસરથી કરવાનો છે. એનું કારણ એ છે કે વિશ્વના રાષ્ટ્રો વચ્ચે જે અશાંતિની ધારા પડી છે તેને ખાળવા માટે આજની કોઈ એકલી સાધુ સંસ્થા કામ નહીં આપી શકે. વિશ્વશાંતિનો પ્રશ્ન એટલો બધો જટિલ બની ગયો છે કે સાધુ સંસ્થા ધર્મની ભાષા બોલશે કે માત્ર ઉપદેશ આપશે તો એનાથી કાંઈ પણ વળશે નહીં.

ભાલમાં આ કાર્યક્રમો દ્વારા ગમે તેટલો પ્રયત્ન કરવામાં આવે અને તેથી આગળ વધીને આખા ભારતમાં એક રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કે ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન્ ગમે તેટલા પ્રયત્ન કરે તોયે તેનું ધાર્યું પરિણામ નહીં આવે. આજે વિશ્વશાંતિની કડી રાજકારણ સાથે જોડાયેલી છે. એટલે વિશ્વના રાજકારણની રીતે જ્યાં સુધી ન વિચારય અને આવી સંસ્થાઓ દ્વારા કાર્યક્રમો ન ગોઠવાય, ત્યાં લગી આપણા ભારતના કાર્યક્રમો અધૂરા રહેવાના.

વિશ્વના રાષ્ટ્રોનો વિચાર યૂનોમાં થાય છે. વિશ્વના રાજકારણની સંસ્થા યૂનો છે. તેમાં અલગ અલગ રાષ્ટ્રોના પ્રતિનિધિઓ બેસે છે. આજે વિશ્વને ઘડનારૂં બળ રાજ્ય-રાજકારણ છે. આ બધા રાષ્ટ્રો વિશ્વને રાજકારણની રીતે જ ઘડવા માગે છે. વિશ્વનો વિચાર કરવામાં યૂનોને નવો વળાંક આપવો હોય તો, તે ભારતરાષ્ટ્ર દ્વારા જ આપી શકાય. કારણ કે ભારત પણ યૂનો સંસ્થાનો એક પ્રતિનિધિ દેશ છે. ભારતરાષ્ટ્ર દ્વારા જે નવો વળાંક આપવાનો છે, તે અહિંસક ક્રાંતિની દૃષ્ટિ એ જ હશે.

ભારતમાં આજે ઘણા વિચારપ્રવાહો છે. તેમાં કેટલાક આ અહિંસક દૃષ્ટિને અનુકૂળ છે તો કેટલાક પ્રતિકૂળ છે. તે બધાનો તાળો કેવી રીતે મળે એ જોવાનું રહે છે. બીજી બાજુ રાષ્ટ્રની પ્રતિનિધિ રાજ્યસંસ્થા કોંગ્રેસને પણ આ વસ્તુ ગળે ન ઉતરે કે "સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, અને શૈક્ષણિકક્ષેત્રો પ્રેરક-પૂરક બળોનાં હાથમાં હોવાં જોઈએ." આ વાત બીજા ઘણાઓને ગળે ઉતરતી નથી. અહીં એક વાત સાફ કહી દઈએ કે આ બધા કાર્યક્રમ પાછળનો હેતૂ એટલો જ છે કે જો આ બધી જવાબદારીઓ કોંગ્રેસ ઉપરથી હળવી થાય તો તે ઘરઆંગણે રાજકારણમાં સંપૂર્ણ અહિંસક દૃષ્ટિએ કાર્ય કરવાની સાથે યૂનોમાં પણ અહિંસક દૃષ્ટિએ વિશ્વને વળાંક આપવાની શક્તિ ધરાવતી સંસ્થા બની શકે.

વિચારવાની વાત એ છે કે જો ઉપરોકત વાત કોંગ્રેસ કે બીજાઓને ગળે ન ઉતરે તો વિશ્વસંસ્થા-યૂનોમાં, રાજ્યસંસ્થા કોંગ્રેસ દ્વારા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે વાતને કેવી રીતે મૂકી શકાય? જો આ રાજ્યસંસ્થા–કોંગ્રેસ અનુકૂળ ન થાય તો શિક્ષણ અને સંસ્કૃતિના કાર્યક્રમો કેવી રીતે મૂકી શકાય? કોંગ્રેસ પંચવર્ષીય યોજના પંચાયતો દ્વારા ચલાવવાનું તેમજ શિક્ષણ સંસ્કૃતિનાં કાર્યો પ્રાયોગિક સંઘો દ્વારા ચલાવવાની વાત સ્વીકારે તો તે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં અનુકૂળ થઈ શકે. અને તેના વડે વિશ્વમાં અહિંસક દૃષ્ટિના વળાંકની વાત રજૂ કરી શકાય.

વિશ્વમાં અહિંસક દૃષ્ટિએ નવો વળાંક આપવા માટે એક બીજો ઉપાય એ પણ છે કે વિશ્વનાં બધા ધર્મોની પરિષદો યોજાય અને તેમાં સર્વમાન્ય કાર્યક્રમની ચર્ચા થાય. અહિંસા, સત્ય, ન્યાય, અપરિગ્રહ તેમજ ભવાદી, નિઃશસ્ત્રીકરણ, અણુઅસ્ત્ર પ્રતિબંધ વગેરેની વિચારણા થાય અને વિશ્વની આચાર સંહિતા ગોઠવાય. આ રીતે સંસ્કૃતિ અને શિક્ષણના ક્ષેત્રમાં કામ કરતી વિશ્વસંસ્થા તરીકે યૂનેસ્કો છે; તે દ્વારા જો એ કાર્યક્રમ આગળ ધપાવાય તો વિશ્વશાંતિનો માર્ગ સહેલો બને. આજે 'યુનેસ્કો', 'યૂનો'ના સંચાલન હેઠળ છે ત્યારે ખરેખર તો તે યૂનોની પ્રેરક–પૂરક સંસ્થા હોવી જોઈએ પણ તેમ નથી. આમ છતાંયે તેનું બંધારણ સ્વતંત્ર છે. 'યૂનો' રાજકારણમાં અને યૂનેસ્કો સાંસ્કૃતિક ક્ષેત્રોમાં કામ કરે તો જરૂર વિશ્વશાંતિ સ્થાપવામાં ઘણું નક્કર કાર્ય થઈ શકે.

આપણે ત્યાં સંસ્થાઓનો જે ક્રમ યોજ્યો છે. તે પ્રમાણે સર્વ પ્રથમ (૧) ક્રાંતિપ્રિય સાધુસાધ્વી વર્ગ પછી (૨) રચનાત્મક કાર્યકરોનું (જનસેવકોનું) સંગઠન, (૩) વિવિધીજન સંગઠનો અને (૪) રાજ્યસંસ્થા (કોંગ્રેસ)નો નંબર હતો અને હોવો જોઇએ એવી માન્યતા છે. યૂનો (વિશ્વરાજ્ય સંસ્થા)થી એ (કોંગ્રેસ) આગળનો નંબર ત્યારે જ લઇ શકે જ્યારે એ આન્તરરાષ્ટ્રિય બને. આજે વિશ્વભરના સાધુઓનું સંગઠન નથી તેમજ વિશ્વના રચનાત્મક કાર્યકરોનું સંગઠન પણ ગોઠવાયું નથી. આ બંને સંગઠનો વગર એકલાં પ્રજાકીય (જન) સંગઠનો–જેમકે આન્તર-રાષ્ટ્રિય શ્રમિક સંગઠન (જેમાં ખેડૂતો અને મહિલાઓ તો છે જ નહીં.)

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

યૂનો ઉપર પ્રભાવ પાડવામાં ટાંચા પડે એવાં છે. યૂનેસ્કો આજે યૂનોના સંચાલનની નીચે છે; એટલે અને પૂર્વોક્ત પરિસ્થિતિને જોતાં આજે જે સ્થિતિમાં 'યૂનો' છે તે દ્વારા વિશ્વનો અનુબંધ ગોઠવાય તે માટે કોંગ્રેસને વિશ્વનું વાહન બનાવવા મથવું જોઇએ.

કોંગ્રેસને જ મહત્ત્વ આપવાનું કારણ એટલું જ કે દેશમાં એ એક જ સંસ્થા એવી છે જેની ભવ્ય કારકીર્દીનો ભૂતકાળનો ઇતિહાસ છે. બાપુ દ્વારા સત્ય અને અહિંસાની દિશામાં ઘડતર અને દોરવણી જેને મળેલ છે; પંડિત નેહરૂ દ્વારા, એની મારફત આંતરરાષ્ટ્રિય ક્ષેત્રમાં શાંતિ અને પંચશીલની વાત અમલમાં મૂકાવવાની વાત થાય છે. આ બધું જોતા વિશ્વ–એકતાનું વાહન તે બની શકે એમ છે. કોંગ્રેસમાં વાસ્તવિકતા છે. નક્કર કાર્યક્રમ પણ એની પાસે છે, માત્ર એની શુદ્ધિ–પુષ્ટિ કરવાની જરૂર છે; જનસંગઠનો અને જનસેવક સંગઠનો દ્વારા થાય એ જ બરાબર છે.

વળી પાછું એકવાર યાદ અપાવી દેવું ઠીક થશે કે 'વિશ્વમાં શાંતિ પ્રસરે' તે માટે કઇ કઇ સંસ્થાઓ કેટલું કામ કરી શકે? અને તેવી સંસ્થાઓની પસંદગી શા કારણે કરી શકાય? તેના સંદર્ભમાં આ વિચારણા થઈ છે. આ બધાં સંગઠનો–સંસ્થાઓ પાસે વિશ્વશાંતિ તરફ ગતિ કરવાની શક્તિ છે એનો વિચાર થઇ ચૂકયો છે.

વિશ્વવાત્સલ્ય શું કરી શકશે:

વિશ્વવાત્સલ્યના આ કાર્યક્રમો આખી દુનિયાને તરત બદલી શકશે એમ કહેવું વધારે પડતું થશે. તે કોંગ્રેસને પણ બદલી શકશે કે કેમ એ પણ ચોક્કસપણે ન કહી શકાય. પણ, એનાં પગલાં સાચી દિશામાં છે એટલે આ ચાર કાર્યક્રમો આશાસ્પદ છે. આ કાર્યક્રમો દ્વારા સત્ય અને અહિંસા પ્રગટ થઇ શકશે.

આની સાથે એ પણ ન ભૂલાવું જોઇએ કે જ્યાંસુધી વિશ્વની દૃષ્ટિએ ધર્મની (અહિંસા, સત્ય ન્યાયની) રૂએ દરેક પ્રશ્નને ન સ્પર્શવામાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવે ત્યાંસુધી વિશ્વશાંતિના પ્રશ્નમાં કશું નક્કર કાર્ય ન થઈ શકે. કેવળ અહિંસાદિ ધર્મનો ઉપદેશ સાધુઓ આપીને બેસી રહે તો ધર્મની રચનાત્મક સંપૂર્ણતા ન આવે. એવી જ રીતે રચનાત્મક કાર્યકરો કેવળ એમ વિચારે કે સમાજમાં રાહતનાં કાર્યો કરશું અથવા કેવળ હિંદના અમૂક ગામડાંઓમાં સપ્ત સ્વાવલંબનમાં અમૂક કાર્યો કરશું, તો વિશ્વ-વાત્સલ્યનો કાર્યક્રમ પૂરો થયો. તો એનાથી વિશ્વના પ્રશ્નો ઉકેલાશે નહીં અને વિશ્વશાંતિ દૂરગામી થશે. એના માટે વિશ્વને નજર સમક્ષ રાખીને જ દરેક કાર્યક્રમને સ્પર્શવો પડશે.

તો સહેજે પ્રશ્ન એ થાય છે કે શું આ આખો કાર્યક્રમ પાર પાડવાની વિશ્વવાત્સલ્યમાં શક્તિ છે? અગાઉ જણાવવામાં આવ્યું તે પ્રમાણે એ દિશા તરફનાં તેના પગલાં સાચાં છે પણ આજની વિષમ પરિસ્થિતિમાં કયારે એ ધ્યેયને પહોંચી શકાશે એ કહી શકાય નહીં. સાધુઓને જ લઇએ. એમાંથી કોઈ પણ એક સાધુ આપદ્ ધર્મ તરીકે વિશ્વની દિશામાં ઉપરોક્ત કાર્યક્રમ લે એ બની શકે, પણ વિશ્વના સાધુઓને ધર્મપરિષદના કાર્યક્રમ હેઠળ એક કરવાનું કાર્ય તો ગજા ઉપરાંતનું લાગે છે. એવી જ રીતે વિશ્વના તમામ રચનાત્મક કાર્યકરો મળી જાય એ પણ આજે કલ્પનાની વાત લાગે છે. અત્યારે કોંગ્રેસને મહત્ત્વ આપવાનું છે, પણ જો સાધુઓ અને રચનાત્મક કાર્યકરો ભળી જાય તો કોંગ્રેસ કરતાં વિશ્વધર્મની શુદ્ધિ-પુષ્ટિનો વિચાર ત્યારે થશે.

ઉપરની વાતો ઉપરથી કદાચ કોઇ એમ પણ તર્ક કરે કે જો એમ ન થાય તો શું કાર્યક્રમ મૂકી દેવો? કલ્પનાનું નવું મકાન ન બંધાય એટલે હમણાંનું મકાન પણ મૂકીને નીકળી જવું; એના જેવી એ વાત થશે. જે હાથમાં છે તેને સાથે કરીને-તેનો અનુબંધ આપણા કાર્યક્રમ સાથે બેસાડીને આગળ ચાલવાનું છે. ભવિષ્યમાં કદી આ પરલોકમાં થશે એમ માનીને પરલોક માટે આ લોકને બગાડવાનો નથી કે તેનો અફસોસ કરીને બેસી રહેવાનું નથી.

એ નથી બન્યું પણ બનવું જોઇએ. તે માટે જ વિચાર થાય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે કે વિશ્વના ધર્મગુરૂઓનું સક્રિય બળ ઊભું થાય તો કોંગ્રેસ આપોઆપ ગૌણ બની જશે. પણ તેમ ન બને તો સામે જે બળ પડયું છે તેના વડે પ્રયત્ન કરવો જ પડશે—ચાલુ રાખવો પડશે. હલેસાં છોડ્યા વગર કોંગ્રેસ દ્વારા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરૂષાર્થ હાલ તો સાધવાનો છે.

આ વિશ્વવાત્સલ્યના કાર્યક્રમો, ધર્મ, સર્વોદય તેમજ કલ્યાણ-રાજ્યના વિચાર સાથે કેટલા બંધબેસતા છે અને કયાં મુશ્કેલીઓ છે, તેનો વિચાર હવે પછી થશે.

ચર્ચા – વિચારણા

વિશ્વવાત્સલ્યનું મૂર્ત રૂપ ધર્મમય સમાજ રચના :

શ્રી નેમિમુનિએ પોતાનું વકતવ્ય એક અનેરાં પાસાંથી રજૂ કરતાં, ચર્ચા સમયે પ્રારંભમાં જણાવ્યું કે સવારના શ્રી માટલિયાએ વિશ્વવાત્સલ્યના કાર્યક્રમોને પોતાની લાક્ષણિક શૈલીએ વ્યવસ્થિત અને પદ્ધતિસર જણાવ્યા હતા. તેમણે આગળ ઉપર જણાવ્યું :—

વિશ્વવાત્સલ્યનું મારા નમ્ર મતે મૂર્તસ્વરૂપ ધર્મમય સમાજ રચના છે. કાર્યક્રમ એટલે કાર્યને આગળ વધારવાનાં પગલાં માંડવાં તે. વિશ્વ-વાત્સલ્ય ધ્યેયે, ધર્મમય સમાજ રચનાના કાર્યને આગળ ધપાવવાનાં પગલાં માંડવાં તે છે વિશ્વવાત્સ્ય કાર્યક્રમનો હેતુ.

આપણે વિશ્વવાત્સલ્યની નીતિનિષ્ઠા અને વ્રતનિષ્ઠા અંગે અગાઉ વિચારી ગયા છીએ. તે ત્યારે જ ટકી શકે જ્યારે કાર્યક્રમો આગળ ધપે. નહીંતર પ્રજામાં તેની ધારણા ન બેસે અને વિશ્વવાત્સલ્ય ભાવનાનો વ્યાપક વિકાસ થઇ શકે નહીં. "ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના" એ સૂત્ર જેમ વ્યકિત વિકાસ માટે હતું તેમ આજે સમાજમાં ધર્મ લાવવા માટે "ત્યાગ ન ટકે રે કાર્યક્રમ વિના" એ સૂત્ર ઠેર ઠેર અને ઘેર ઘેર ગૂંજતું કરવું પડશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

યોગશાસ્ત્રમાં 'ધારણ' શબ્દ આવે છે, એનો અર્થ છે જે વિચાર કે વાત હોય તેને ધારણ કરવી. જે વિચારો આપણે કર્યા, તેની ધારણા નહીં થાય તો તેમાં કચાશ રહી જશે. પછી તે વિચાર ક્રાંતો વિચારકો અથવા વ્યક્તિ વિશેષ સુધીનો જ બનીને રહી જશે. તે સમાજ વ્યાપી નહીં બની શકે. આપણા શરીરમાં–દરેક અંગોમાં (પગ, જઠર. સ્નાયુ) બધી શક્તિઓ ધારણ શક્તિથી પ્રગટ થઇ ક્રિયાશીલ બને છે. તેમાં જન્માંતરની ધારણા ઉપરાંત આ જન્મનો પ્રયત્ન અને બીજાઓનો પણ સહકાર હોય છે. જેમ માતા બાળકની આંગળી પકડે છે અને બાળક માની મદદ મેળવી ચાલે છે; તેમ ક્રાંતિકાર પોતાની ક્રાંતિ સમાજવ્યાપી બનાવવા માટે સમાજ આગળ કાર્યક્રમો મૂકે છે, જેથી વ્રતનિષ્ઠા વ્યાપકરૂપ ધારણ કરે છે; ઘડાય છે અને નીતિનિષ્ઠા મજબૂત થાય છે.

એ માટે ગાંધીજીએ તેર અને વિસ્તારથી ઓગણીશ કાર્યક્રમો દેશની પ્રજા, પ્રજાસેવકો અને કોંગ્રેસ આગળ મૂકયા. અસ્પૃશ્યતા નિવારણ, સફાઇકામ વગેરે કાર્યક્રમો પ્રારંભમાં લોકોને બહુ આંચકાવાળા લાગ્યા. પણ ધીમે ધીમે લોકો એનાથી ટેવાઈ ગયા. આમ ધારણા શક્તિ પ્રજામાં આવી ગયા પછી જ ધીરે ધીરે ક્રાંતિમય કાર્યક્રમો પચે છે. જેમ શરૂઆતમાં કોઈ માંડ પાંચ શેર વજન ઉપાડી શકે, તે ધારણા–બંધાતા ધીરે ધીરે એક મણ બોજો પણ ઉપાડી શકે છે. તેમ સમાજમાં ઘર ઘાલી બેઠેલાં ખોટા મૂલ્યો દૂર કરવામાં શ્રમ અને સમય અપરંપાર લાગવાનો સંભવ છે. એટલે ક્રાંતિકાર જેની સામે ચિત્ર સ્પષ્ટ છે તેને કેટલીક વખત એકલા જ દોડવું પડશે. પ્રારંભમાં તો સાથી ભાઈ–બહેનો પણ દલીલો કરશે અને કેવળ શ્રદ્ધાપ્રધાન સાથીઓ જ સાથે ચાલશે, ખેંચાશે અને ધીમે ધીમે સમાજ પણ પાછળ ચાલવા માંડશે.

નવા વર્ણો :

આજે ચારેય વર્ણો લુપ્તપ્રાય બન્યા છે. તેના બદલે નવા વર્ણો કે વર્ણોની નવી રીતની વિચારસરણી વિચારીએ, એ ઠીક થશે. બ્રાહ્મણો એટલે રચનાત્મક કાર્યકરો, ક્ષત્રિય એટલે કોંગ્રેસરૂપી સંસ્થા, વૈશ્યો એટલે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ખેડૂત ગોપાલક અને વ્યાપારીઓ અને શૂદ્રો એટલે એમના સહાયકો– શ્રમજીવીઓ. આ વાત કોઈને ગળે તરત નહીં ઊતરે. ક્ષત્રિયો અન્યાયને પ્રતિષ્ઠા ન આપે એટલે તેમણે પૈસો તથા સત્તાને પ્રતિષ્ઠા ન આપવી જોઈએ. તો એ કોંગ્રેસને ગળે નહીં ઊતરે. શ્રમજીવી વૈશ્યો અને શુદ્રોએ–બન્નેએ મુખ્યત્વે ગામડાં લેવાં જોઇએ, તો એ વાત પણ કોઈને તરત ગળે નહીં ઊતરે. પણ આજના યુગ પ્રમાણે વર્ણ વ્યવસ્થામાં ફેર બદલી કરવી પડશે અને તેના નવાં મૂલ્યો બાંધવા કાર્યક્રમો રજુ કરવા જ પડશે.

આ બધામાં વર્ગ, જાતિ કે સંપ્રદાયને લક્ષમાં નહીં રખાય પણ વિશ્વને લક્ષ્યમાં રાખીને કાર્યક્રમો અપાશે અને ઘડાશે. માનવી પોતે મર્યાદિત હોઈ અને પ્રારંભમાં સર્વાંગી કાર્યકરો પણ ઓછા મળવાના હોઇ ક્ષેત્ર (કાર્યક્ષેત્ર) પણ મર્યાદિત અને ટુંકું લેવું પડશે. વળી આજના સાધુ સન્યાસીઓની કક્ષા મુજબ લોકો તેને ઝીલશે. કાર્યક્રમો પણ કક્ષા પ્રમાણે આપવા પડશે.

કાર્યક્રમોની દૃષ્ટિ :

ક્રાંતિ અને ક્રમ એ બન્ને શબ્દો ક્રમ ધાતુ પરથી બનેલા હોઈ, એકાર્થ માનીએ તો; કાર્યક્રમનો અર્થ સમાજકાર્યમાં ક્રાંતિ અગર તો સમાજકાર્ય દ્વારા ક્રાંતિ, એમ થાય છે. એ દૃષ્ટિએ કાર્યક્રમ સમાજમાં નવાં મૂલ્યોની સ્થાપના કરનાર, મૂલ્ય પરિવર્તન કરનાર નીવડે, એ દૃષ્ટિ કાર્યક્રમ ગોઠવનારની હોવી જોઇએ. દા. ત. શિયાળનું દવાખાનું લઇએ. આમ તો તે સર્જનાત્મક કાર્યક્રમ છે. પણ, જ્યારે શુદ્ધિ પ્રયોગ ચાલતો હશે અથવા લવાદીથી ઝઘડા પતાવવાનો વ્યાપક કાર્યક્રમ ચાલતો હશે ત્યારે દવાખાનાના ભાઇબહેનો માટે દવાખાનું ગૌણ બની જશે; અને પ્રતિકારાત્મક કાર્યક્રમ અથવા મૂલ્ય પરિવર્તનાત્મક કાર્યક્રમ મુખ્ય બની જશે.

મતલબ એ છે કે આમ તો સમાજના બધા કાર્યક્રમો સમાજના નવસર્જન માટે છે છતાં, એમના મુખ્ય ત્રણ ભેદ રહેશે :—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

(૧) સર્જનાત્મક, (૨) પ્રતિકારાત્મક અને (૩) મૂલ્ય પરિવર્તનાત્મક. સપ્તસ્વાવલંબનના કાર્યક્રમો સર્જનાત્મક પણ છે અને મૂલ્ય પરિવર્તનાત્મક પણ.

ભાલમાં પાણીનું મહાદુઃખ હતું. પાણી જેવી માનવ તથા પશુની પ્રાથમિક જરૂરિયાતમાં મહાકષ્ટ હોય ત્યારે ધર્મ કે નીતિ શું હોય ? એના ઉપદેશ કરતાં એ કષ્ટ નિવારવું એ જ પ્રથમ ફરજ બને. એટલે ત્યાં જલ-સહાયક સમિતિ બની. કાર્ય તો સંસ્થા દ્વારા વ્યવસ્થિત રીતે શરૂ થયું. પ્રશ્ન એ થયો કે દાતા કોણ ? તરત ધનને પ્રતિષ્ઠા આપવી ન હતી એટલે અપીલ થઇ :— "ઉપકાર કરવા માટે નહીં, પણ ગામડાના આ ભાંડુઓને અત્યાર લગી આપણે ભોગવી તેવી તો ઠીક પણ સામાન્ય જરૂરિયાતની સગવડ પણ ન અપાઈ તેના પાયશ્ચિત રૂપે કે કર્તવ્ય રૂપે ફાળો આપો !" આથી પૈસાદારોની "અમે ઉપકાર કરીએ છીએ" એ ગ્રંથિ તૂટી. ટુંકમાં સહાયતા આવી પણ મૂલ્ય પરિવર્તન સાથે આવી. એ માટે કેટલાક પુણ્ય અને ઉપકારને માનવાવાળા મૂડીદારોનો વિરોધ સહેવો પડ્યો. એવી જ રીતે દુકાળ માટે અમદાવાદ, મુંબઇ તેમજ સ્થાનિક ભાલ-નળકાંઠા પ્રદેશના વાસીઓએ જે ફાળો આપ્યો તેમાં મુખ્ય કર્તવ્ય ભાવના રખાઈ, એ સમિતિનું નામ પણ દુષ્કાળ રાહત કમિટિ નહીં પણ દુષ્કાળ કર્તવ્ય સમિતિ રખાયું. વળી જેવો દુષ્કાળ મટીને સુકાળ થયો એટલે ફરી તે જ પ્રદેશ પાસેથી વળતર રૂપે પ્રતિક ફાળો લેવાયો એને લોકોએ ખુશીથી તે આપ્યો. આમ લેવાની તેવું જ દેવાની સતત કાર્યવાહી આખા સમાજનો અને પરિસ્થિતિનો પલટો કરી નાખે છે. સમાજ તાલીમબધ્ધ ઘડાય છે. સહકારી પ્રવૃત્તિ, કેન્દ્રોમાં હોવાથી, પરસ્પરનો સહયોગ વધે છે. એવી જ રીતે શુદ્ધિપ્રયોગ અને શાંતિ સેનાના કાર્યક્રમો મુખ્યત્વે પ્રતિકારાત્મક હોવા છતાં, મૂલ્યપરિવર્તનાત્મક પણ છે. આમ સર્જનાત્મક કાર્યક્રમો પ્રતિકારાત્મક બની જાય છે. એ એ જ રીતે મૂલ્યપરિવર્તનાત્મક કાર્યક્રમો પણ સર્જનાત્મક કે પ્રતિકારાત્મક બની જાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાર્યક્રમોનો અનુબંધ :

એવી જ રીતે આ બધા જ કાર્યક્રમો ચાર અનુબંધો પૈકી એકને પણ છોડીને નહીં ચાલે. તેમાં પણ સંસ્થાનું મહત્વ વ્યકિત કે વ્યકિતઓ કરતાં પણ વિશેષપણે તે ક્ષેત્ર માટે સ્વીકારાશે. કયારે ક એવું પણ બને કે સંસ્થા મુળભૂતક્રાંતિમાં અવરોધક બનશે ત્યારે ક્રાંતદ્રષ્ટા વ્યકિત કે વ્યકિતઓ એ સંસ્થાને છોડશે નહીં. પણ સંસ્થાના સંશોધન માટે, સંસ્થામાં રહીને પણ મથ્યા કરશે.

એવું પણ બનવાનો વધુ સંભવ છે કે એવાં ક્રાંતિપ્રિય સાધુ-સાધ્વીઓ, ગૃહસ્થ-દંપતિઓ, સન્યાસીઓ કે બ્રહ્મચારી ભાઇબહેનોને આ કાર્યક્રમમાં ભળવા માટે આવે ત્યારે તેમની જૂની સંપ્રદાય-ધર્મસંસ્થા તરછોડી મૂકશે કે સંસ્થા-બહાર કરવાની ઘોષણા કરશે. તે છતાં તેઓ પોતાની સંસ્થાના મહત્વને ગમે તેવા આક્ષેપો અને વિરોધ વચ્ચે પણ નહીં છોડે.

આના પરિણામે, તેવા સઘ્યો અનુબંધ વિચારધારાના ભાલનળ-કાંઠા પ્રયોગના અન્વયે દેશભરમાં અલગ અલગ વિભાગોમાં નવી સંસ્થાઓ ઊભી કરશે અને જુની સુસંસ્થાઓ સાથે, તથા દેશ અને દુનિયાની વર્તમાન યુગની વિરલવિભૂતિઓ સાથે વ્યકિતગત સંપર્કમાં પણ રહેશે. જેથી વિશ્વવાત્સલ્યના આ કાર્યક્રમો વિશ્વરૂપ પકડી શકે.

સવારે શ્રી માટલિયાએ કહ્યું તેમ જનસેવકો (ગાંધીયુગના) હશે તેમણે શિક્ષણ, સંસ્કાર, આરોગ્ય અને ન્યાયના કાર્યક્રમોમાં જાતે સીધો ભાગ લેવો પડશે; તેમજ સહકારી પ્રવૃત્તિ, લવાદી વગેરે કાર્યક્રમો નૈતિક જનસંગઠનો દ્વારા ચલાવશે. એટલું જ નહીં, તે જનસંગઠનોનું પ્રતિનિધિત્વ કોંગ્રેસમાં ઊભું કરવામાં તથા મૂલ્ય પરિવર્તન કરાવવાની પ્રક્રિયાઓમાં અને શુદ્ધિપ્રયોગો વગેરેમાં જાતે પણ ભળશે અને સંસ્થાગત રીતે પણ દોરવણી આપશે.

ક્રાંતિપ્રિય સાધુ-સાધ્વીઓ આ બધામાં પ્રત્યક્ષ ભાગ ન લેવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છતાં ઊંડાણથી અધ્યાત્મકલક્ષી નીતિની દૃષ્ટિએ આ બધાની મૂલવણી કરશે અને રચનાત્મક રીતે વારંવાર સૂચનો આપીને અખંડ સાતત્ય (ફૂંક) આપશે. તેઓ જ્યાં જ્યાં કડીઓ ખૂટશે કે તૂટશે ત્યાં સાંધશે, પૂર્તિ કરવા મથશે અને આ સંગઠનોને પ્રભાવશાળી, પ્રતિષ્ઠાસંપન્ન બનાવવામાં પરિગ્રહ, પ્રાણ અને પ્રતિષ્ઠા હોમી દેશે. રાજ્યસંસ્થામાં ખાસ કરીને કોંગ્રેસમાં અને રાજ્યતંત્રમાં (લોકસભા–ધારાસભા વગેરે) જનસંગઠનો અને જનસેવક સંગઠનોના અમુક લોકો અમુક હદ સુધી જશે. તે પ્રાયોગિક સંઘ કે નૈતિક ગ્રામ સંગઠનો રાજકીય પ્રશ્નોમાં, કોંગ્રેસ સંગઠન અને કોંગ્રેસ પાર્લામેંટરી બોર્ડના ક્ષેત્રમાં શિસ્ત બરાબર જાળવશે. પ્રાયોગિક સંઘ પણ સંસ્થા તરીકે પોલિસનો આશ્રય નહીં લે, તેમજ નૈતિક સંગઠનો પણ નહીં લે. તે છતાં જો સરકારી તંત્ર કે રાજ્ય સરકાર પરિસ્થિતિને કારણે, સહાય કરવા આવશે તો તેનો ઇન્કાર કરશે નહીં. અલબત્ત એમનું લક્ષ તો લવાદી, શુદ્ધિ પ્રયોગ અને શાંતિસેનાના અહિંસક કાર્યક્રમો ભણી જ હશે.

પ્રાયોગિક સંઘોની દોરવણી એ નૈતિક જન સંગઠનો (ગ્રામસંગઠન, માતૃસમાજ વગેરે) ચાલશે; છેલ્લું માર્ગદર્શન એમનું જ સ્વીકારશે અને એમને આર્થિક સહાય કરશે. આ પ્રાયોગિક સંઘોમાં ગ્રામ પ્રાયોગિક સંઘ, નગર પ્રાયોગિક સંઘ (વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ) બન્ને સંઘોનો સમાવેશ થાય છે. કોંગ્રેસને શુદ્ધ કરવાનું દેશવ્યાપી કામ આ પ્રાયોગિક સંઘની દેખરેખ તેમજ ફૂંક નીચે નૈતિક જન–સંઘઠનો કરશે. આથી જ આ દેશમાં ગામડાં, પછાતવર્ગો, અને માતૃ-સમાજોને પૂ. મહારાજ શ્રી સંતબાલજી ઘણો ટેકો આપે છે. આમ ગામડાં અને વિશ્વનો અનુબંધ પરસ્પરમાં સંગઠનોની સાંકળીઓ જોડીને સંધાશે.

આ આખું કામ ભગીરથ છે. જ્યાં લગી જનસંગઠનો, જનસેવક સંગઠનો, અને ક્રાંતિપ્રિય સાધુ–સાધ્વીઓ દેશભરમાં સંકલના બદ્ધ વ્યવસ્થિત રીતે આ કાર્યક્રમને ન ઉપાડી લે ત્યાં લગી ભાલનળકાંઠા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રાયોગિક સંઘના અન્વયે ગુજરાતમાં અને મુંબઈમાં થયેલાં શહેર સંગઠનો ઉપર બહુ બોજો પડશે.

વર્ષોથી પાછળ પડી ગયેલાં સાંસ્કૃતિક તત્ત્વોને ઉંચા લાવી, યુનોને ટેકો આપી યુનોને મજબુત કરવું પડશે. કારણ કે તે જ રાજકીય ક્ષેત્રે આજે વિશ્વશાંતિની આધારશિલા સમી વિશ્વસંસ્થા છે. તેના વડે આપણે વિશ્વને સામે રાખી અહિંસક કાર્યક્રમો બનાવી પાર પાડવાં પડશે. આ કાર્યક્રમો દા. ત. આવા પ્રકારના હશે :—(૧) અણુબોંબ ઉપર પ્રતિબંધ મૂકવાનું સૂચન કરવું (૨) સમગ્ર રીતે યુદ્ધ માત્ર ઉપર પ્રતિબંધનું સૂચન કરવું. (૩) પંચશીલને વ્યાપક બનાવવા માટેનું સૂચન (૪) સંસ્થાનવાદની નાબુદીનું સૂચન. આ બધા કાર્યક્રમો પાર પાડવામાં સામ્યવાદી સંસ્થાઓનાં સાધનશુદ્ધિમાં ન માનતાં તત્ત્વો ઘુસી ન જાય, અથવા થોડી રાહતના ટુકડા ફેંકી; સંસ્થાનવાદીઓ વિશ્વને ન બનાવી જાય તે માટે સક્રિય તટસ્થતા જાગૃતિપૂર્વક ભારત ટકાવી રાખે એ જોવું પડશે. આ બધું વિશ્વવાત્સલ્યના વ્યાપક અને ભગીરથ કાર્યક્રમમાં આવી જાય છે.

પ્રતીતિ થઇ છે :—

શ્રી પૂંજાભાઇ કહે : " કલ્પનાથી તો હવે બધું સ્પષ્ટ દેખાય છે અને આ કલ્પના શરૂઆતમાં મૂકનાર મહારાજ શ્રી સંતબાલજીને તો બે અને બે ચાર જેવું પ્રત્યક્ષ દેખાતું હશે. પણ અમારી કક્ષા અને ગજું નાનાં છે. છતાં એ પણ કહી દઉં કે આ કોઇ ઉડતી કલ્પના માત્ર નથી; પણ એ તો વિશ્વભરમાં વહેવારૂ બની શકે તેવો સીધો ચોખ્ખો માર્ગ છે; તે પ્રતીતિ હવે પૂરેપૂરી થઈ ગઈ છે. દેશમાં તો હવે આ વિચારો પહોંચી જવાની સીડી તૈયાર થઈ ગઇ. વિશ્વલગી પહોંચવા માટે દુનિયાભરના મુખ્ય મુખ્ય તત્વ ચિંતકો, સેવકો, કિંવા શકય હોય તો ધર્મ ગુરુઓ ભેગા થાય અને વિચાર વિનિમય કરે તે જરૂરી લાગે છે. વિશેષ તો મહારાજશ્રી અને મુનિશ્રી (નેમિમુની) વિચારીને કહી શકે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અમલી બનવામાં વાર લાગશે :—

શ્રી બળવંતભાઇ : મેં અગાઉ ઇશારો કર્યો હતો તેમ (૧) નારી અવહેલના (૨) અશિક્ષિત બાળક (૩) બેકાર માનવી. આ ત્રણ ભારતની મોટી સમસ્યાઓ છે. નાની તો ઘણી છે. દા. ત. સાચો ન્યાય અમલી બની શકતો નથી, સલામતી નથી, રોગીઓની પૂરી સારવાર થતી નથી, તે ઉપરાંત ઠંડા ગરમ યુદ્ધો, ભાષાવાદ, રાજ્યનો ભરડો, દાંડ તત્વો, માનવ વચ્ચેની અસમાનતાઓ, ગોવા–કાશ્મીરની સમસ્યા. [આમાં ગોવાનો ઉકેલ આવી ગયો છે] ધર્મના નામે અંધ-શ્રદ્ધા, મજૂરોના તન–મનનો ધસારો. આવા તો દેશમાં અનેક સવાલો છે. વિશ્વમાં એથી પણ વધુ સવાલો પડેલા છે.

અલબત ઘેર ઘેરથી વાત્સલ્યની જ્યોત પ્રગટે અને એ બધી જ્યોતોનો વિશ્વભર સાથે અનુબંધ હોય, તો જરાયે આ કાર્ય અશક્ય કે વસમું નથી, પણ તે દિવસ કયારે?

મને એક પાંચ-છ વર્ષની મૃત બાળકીનો કિસ્સો યાદ આવે છે કે જ્ઞાતિનાં દબાણથી કોઇ તેને મસાણે લઈ જવા તૈયાર ન થયું. અંતે ચલાલા ખાટી કાર્યાલયની મદદે આ કાર્ય પાર પડ્યું.

એવો જ એક બીજો કિસ્સો છે જેમાં બળતી બાઈ ઉપર પતિએ ઠંડુ પાણી ભૂલથી નાખતાં ફોલ્લા પડયા. તેમને દરબારે મદદ કરી, પિયરિયાએ પૈસો વહેવડાવ્યો પણ ધરિપતાલોના ફેરામાં રાજકોટ પહોંચતા તે બાઇને પ્રાણ છોડવો પડ્યો.

આમ આવા વિરોધી વાતાવરણમાં જ્યારે મૂલ્ય પરિવર્તનનો ક્રાંતકારી પ્રશ્ન લઇએ કે વિરોધનો વંટોળ ઊઠે છે. એટલે આખા જગતમાં આ સંદેશાને અમલી બનતાં વાર લાગવાનો પૂરો સંભવ છે. પણ તેથી નાસીપાસ થવાનું નથી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિશ્વવાત્સલ્ય પ્રયોગનો સુખદ અનુભવ :—

શ્રી દેવજીભાઇ : " મારો અનુભવ બળવંતભાઈ કરતાં જુદો અને પ્રોત્સાહક છે. મને તેલી, હરિજનો તથા ગામના લોકોથી જે સાથ સહયોગ મળ્યા છે તેનો આનંદ રસના કૂંડા જેવો છે, અમારી બાળાઓ પણ રૂડા સંદેશાઓ જગાવતી હોય છે. ઘણાં ભાઇબહેનો તો તેમને કેટલું બધું માન આપે ? કેટલીકવાર મજૂરીનું મૂલ્ય પણ ન લે ત્યારે પરાણે આપવું પડે અને રાજી રાજી થઈ જાય.

મને લાગે છે કે સંગઠનનું પીઠબળ ન હોય અને એકલદોકલ નિરાશ થાય તેં જૂદી વાત છે. કેટલીક વાર એકલદોકલના સ્વભાવ દોષના કારણે પણ નિરાશ થવાનો સંભવ છે. બાકી કૂર, દાંડ અને સ્થાપિત હિતનાં તત્ત્વો પણ થોડી વાર ફૂંફાડા મારી, સાચાં સંગઠનો આગળ નમ્ર બની હેત વરસાવે છે. એટલે આવેશને વશ ન થતાં કે ખોટા આત્મ સંતોષને વશ ન થતાં પણ એટલું તો ઉઘાડી રીતે જોઇ શકાય છે કે વિશ્વવાત્સલ્યનો કાર્યક્રમ અજોડ છે. ઓછી સમજ કે પ્રકૃતિદોષ વ. કારણે હતાશ થઇએ કે ઓછી આશા તરફ ઢળીએ તો જુદી વાત છે.

શ્રી બળવંતભાઇ : ભાલનળકાંઠા પ્રયોગે, સર્વાંગ ભાવે અનુબંધ વિચારધારાનો અમલ કરી પછી જ વિશ્વયોગાનમાં આ રજૂ થયેલ છે. એટલે વહેલુંમોડું તે આખા જગતમાં ફેલાશે જ એની મને શ્રદ્ધા છે. પણ, અડચણો પગે પગે ઘણી આવે છે.

પૂ. દંડીસ્વામી : એ અંગે આપણા નેતા આ કાર્યક્રમ અંગે શ્રી સંતબાલજી છે. તેમણે દરેકની શકિત અને શ્રદ્ધા પ્રમાણે કાર્યક્રમ આપવો જોઈએ અને આપણે તર્કશુદ્ધ શ્રધ્ધાનિષ્ઠાથી તેને અમલમાં મૂકીએ તો અડચણો દૂર થઈ શકશે.

ભાગલા પાડતાં તત્ત્વો દૂર કરવાં પડશે :

શ્રી પૂંજાભાઈ : વિશ્વવાત્સલ્યમાં ભાગલાં પડાવનારાં તત્ત્વોને આપણે હઠાવવાં પડશે. કોમવાદ, ભાષાવાદ, અંગત સ્વાર્થ, અજ્ઞાન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વગેરેને કાઢવાં પડશે. બાકી સંગઠન થતાં શકિત કેવી ખીલે છે તેનો એક નમૂનો મજૂર મહાજન સંઘ છે. આજે મિલ માલિકો અને મજૂરો ખભેખભા મેળવીને કામ કરે છે. ૧૯૪૯ માં નિરાશ્રિતો આવ્યા અને છાવણીમાં વીશ ઇંચ વરસાદને લીધે પાણી ભરાયું. ત્યારે અડખે પડખેનાં ગામોને સાદ પાડી કહેવડાવતાં પૂરી, રોટલા, શાક વગેરે એટલું બધું આવી ગયેલું કે આશ્ચર્યરૂપે સંગઠિત શકિતનો ખ્યાલ આવ્યો. સુરતની તાપી રેલ વખતે, લાખો રૂપિયા, અનાજ, કાપડ વગેરે ગયું જ હતું. આમ આજે પણ વેરવિખેર પડેલી શકિત નિમિત્ત મળતાં પરચો બતાવે જ છે. દૈવી શકિત જાગતાં, આસુરી શકિત આપમેળે ઠંડી પડી જશે. બાપુજીએ-ગાંધીજીએ એ જ કાર્ય કર્યું હતું ને!

શ્રી શ્રોફ : વિશ્વવાત્સલ્યના કાર્યક્રમમાં, સમજણ પડતાં મને હવે પૂરી શ્રધ્ધા બેસી ગઇ છે. કોડીએ-કોડીયું સંધાતા જગતભરમાં એ દીપી ઊઠશે!

સવારનું પ્રવચન પદ્ધતિસરનું યોગ્ય હતું :

પૂ. શ્રી સંતબાલજીએ ત્યારબાદ બોલતાં કહ્યું : "સવારે માટલિયાએ "સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો, સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો," એ મંત્રનો કાર્યક્રમ, સપ્ત-સ્ત્રાવલંબન, જગતની વિષમતાઓનું નિવારણ, ગુણવૃધ્ધ અને વિશ્વશાંતિ માટે યુનો અને કોંગ્રેસનું રક્ષણ એ બાબતો ઉપર કહીને મારો અભિપ્રાય માંગ્યો હતો. મારો અભિપ્રાય એ છે કે "એમણે જે પોતાની આગવી શૈલીથી પ્રતિપાદન કર્યું છે તે ઘણું જ યોગ્ય છે."

પરદેશની બાબતોના ઉકેલમાં બે વસ્તુઓની પ્રતીતિ કરાવવી પડશે :

પરદેશો સાથેના સવાલોના ઉકેલમાં બે વસ્તુઓની પ્રતીતિ આપણે તેમને આપવી પડશે :—(૧) હિંસા દ્વારા તાત્કાલિક પ્રશ્નો પતતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લાગે છે. પણ ખરેખર પતતા નથી. એક પતીને બે ઉભા થાય એવી સ્થિતિ થાય છે. એટલે ગાંધીજીની હયાતીમાં અહિંસાનો જે ચમત્કાર બતાવેલો, તેનાં કરતાં અનેક ગણો અનેક ક્ષેત્રે બતાવવો પડશે. (૨) સ્ત્રી અને પુરૂષોનો કાયમી અને વધુ પડતો સંપર્ક છતાંય, બન્ને જણ સંયમની મર્યાદા સાચવીને રહી શકે અને એકમેકના પૂરક તરીકે કામ કરી શકશે. પરણેલાં સ્ત્રી-પુરૂષ, ગૃહસ્થાશ્રમીઓ સંતાનની જરૂર પડે શરીરભોગ કરવાની છુટ લેવા ઇચ્છશે તો પણ તે વાસના વધારવા માટે નહીં, સંયમના લક્ષે જ છૂટ લેશે.

ભારતીય સંસ્કૃતિ માટે આ અશકય નથી. નવાયુગનાં સાધુ-સાધ્વીઓએ હૃદય-સ્પર્શથી અને નવાયુગના બ્રાહ્મણો (રચનાત્મક કાર્યકરો)એ વાત્સલ્ય લક્ષી સ્પર્શથી આ સિધ્ધ કરી આપવું પડશે. આ બન્ને સમાજના વૈદ્ય-વર્ગ રહેશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

[૧૪] સર્વોદયનું આજ સુધીનું સ્વરૂપ

[૨૩-૧૦-૬૧] —મુનિશ્રી નેમિચંદ્રજી

'વિશ્વવાત્સલ્ય'ના વિવિધ પાસાઓ ઉપર આ અગાઉ છણાવટ થઈ ગઈ છે. જગતમાં ક્રાંતિ આણવા માટે અને માનવસમાજના સુખ શાંતિ માટે પ્રયાસ કરી રહેલ વિચારધારાઓમાં 'સર્વોદયવાદ' પણ છે. એના ઉપર પણ છણાવટ કરવાની જરૂર છે. જ્યાં સુધી સર્વોદયનો વિચાર નહીં થાય ત્યાં સુધી વિશ્વવાત્સલ્યની નીતિ નિષ્ઠા અને વ્રતનિષ્ઠા પણ સારી રીતે ટકી શકશે નહીં. કારણ કે વિશ્વ-વાત્સલ્યની જે વિચારદૃષ્ટિ છે તે કેટલાક અંશે સર્વોદયને મળતી આવે છે અને કયાંક બન્નેને એકબીજાના અંગ તરીકે પણ ગણી લેવા માટે લોકો ભૂલ કરી બેસે. પણ તેના કયા કયા પાસાંઓ છે અને સર્વોદયનું આજસુધીનું શું સ્વરૂપ રહ્યું છે એનો વિચાર કરવામાં આવતા બધી વસ્તુઓ સ્પષ્ટપણે સમજી શકાશે.

પાશ્ચાત્ય દેશોમાં સામાન્ય એમ માનવામાં આવે છે કે વધારેમાં વધારે લોકોનું વધારેમાં વધારે સુખ થવું જોઇએ. (Greates good of the greatest member) એટલે કે વધારેમાં વધારે લોકોનુ (Majority) વધારેમાં વધારે સુખ વધારવાની નીતિ ત્યાં પ્રચલિત થઈ છે. ત્યાં સુખ એટલે શારીરિક-પૈસા ટકા કે મકાન મિલકતનું સુખ એમ ગણવામાં આવે છે. એવું સુખ મેળવવા માટે નીતિનિયમોનો ભંગ થાય તો એની વિશેષ દરકાર કરવામાં આવતી ન હતી. તેમજ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વધારે માણસોનું સુખ જાળવવું એવો હેતું રાખવામાં આવ્યો તેથી થોડાને-અલ્પ સંખ્યક ને દુઃખ દઈને પણ તે સુખ અપાય તો હરકત નથી, એમ માનતા થયા. તેનું પરિણામ એ આવ્યું કે ગુલામો અને ગરીબોની સ્થિતિ પશ્ચિમના દેશોમાં છેવટ સુધી ખરાબ જ રહી.

પણ, આની વિરૂદ્ધ કેટલાક ડાહ્યા વિચારકોએ અવાજ ઉઠાવ્યો. વધારે માણસોને પૈસા ટકાનું સુખ હોય, જોઈએ તે કરતાં પણ વધારે-એ ખુદાઈ કાયદાથી વિરૂદ્ધ છે. એવી જ રીતે પોતાના મોજશોખ માટે, ભૌતિક સુખો માટે થોડા લોકોને રંજાડીને, તેમની પાસેથી પરાણે કામ લેવું એ પણ નીતિ-નિયમ અને ઈશ્વરીય કાનૂનની વિરૂદ્ધ છે એમ એ ડાહ્યા માણસોએ કહ્યું.

જૉન રસ્કિન એ ડાહ્યા માણસોમાંનો એક હતો. તેણે ઘણા વિષયો (હુન્નર, ચિત્રકળા, કળા વગેરે) ઉપર પુસ્તકો લખ્યાં. પણ તેણે તે વખતના લોકોને જે નીતિ વિષયક પુસ્તકો આપ્યાં તેનું મૂલ્યાંકન કંઈક વધારે છે. તેણે એક નાનકડું પુસ્તક લખ્યું છે :— Unto this Last (અંટુ ધીસ લાસ્ટ). આ પુસ્તકે યુરોપના લોકો ઉપર જબ્બર વિચાર પરિવર્તનની છાપ પાડી હતી; અને સમજુ માણસો તેને વાંચવા અને સમજવાનો પ્રયત્ન કરતા હતા. એટલું જ નહીં એ પુસ્તકે યુરોપના કેટલાક દેશોમાં લોકક્રાંતિના બીજોનું આરોપણ કર્યું હતું.

એકવાર મહાત્મા ગાંધીજી ટ્રાંસવાલ જઈ રહ્યા હતા. તે વખતે તેમના મિત્ર મિ. પોલકે તેમને આ પુસ્તક વાંચવા આપ્યું. મહાત્મા ગાંધીજીએ આ પુસ્તક વાંચ્યું. તેથી તેમના વિચારોમાં ઉથલ-પાથલ મચી. તેમણે એ વિચારો પ્રમાણે પોતાનું જીવન ગાળવાનો સંકલ્પ કર્યો. ફિનિક્સમાં તેમણે ટોલ્સટોય-આશ્રમ ' ખોલીને ત્યાં કેટલાક કુટુંબો સાથે રહેવું શરૂ કર્યું. તેમણે ખેતી અને ગ્રામોદ્યોગ શરૂ કર્યા અને તેઓ જાતે શ્રમનિષ્ઠ બનીને રહેવા લાગ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દક્ષિણ આફ્રિકાની સ્થિતિ તે વખતે બહુ જ દયનીય હતી. જે માણસો પૈસા માટે દેશાવર ખેડે છે તેઓ એની ધૂનમાં નીતિ અને ભગવાનને ભૂલે છે, સ્વાર્થમાં મુંઝાય છે અને તેથી ગેરલાભો પેદા થાય છે. સર્વધર્મના અગે નીતિ તો રહેલી જ છે. નીતિ અને ન્યાય જાળવવા જરૂરી છે. ગાંધીજીએ તે વખતની આફ્રિકાની પરિસ્થિતિ સુધારવા માટે એ પુસ્તકના આધારે પ્રયોગો શરૂ કર્યા અને લોકોને જાગૃત કર્યા.

આ પુસ્તક જેનો અનુવાદ ગાંધીજીએ "સર્વોદય"ના નામે કર્યો તેનો મૂળ આધાર રસ્કિને બાઇબલની એક કથામાંથી લીધેલો. દરેક ધર્મમાં નીતિ ન્યાય જાળવવાની વાત આવે છે અને આ કથામાં પણ એ તત્ત્વ છે. એ કથાનું નામ છે : "આ છેલ્લાને પણ...!"

કથા આ પ્રમાણેની છે :—એક માણસને પોતાના કામ માટે રોજના મજૂર (દહાડીયા) જોઇતા હતા. વહેલી સવારે કેટલાક દહાડીયા આવ્યા. તેમને મજૂરીનો દર આઠ આના કહીને રાખ્યા. કેટલાક બપોરે આવ્યા તેમને પણ એ જ દરે રાખ્યા. કેટલાક છેલ્લે સાંજ પડવા ટાણે આવ્યા. તેઓ ઘણા દુઃખી હતા. તેમને પણ એ જ મજૂરીના દરે રાખ્યા. મજૂરી ચૂકવતી વખતે વહેલી સવારે આવેલા મજૂરોએ વાંધો લીધો : "અમે વહેલાં આવ્યા તેમને પણ આઠ આના અને મોડા આવ્યા તેમને પણ આઠ આના !"

ત્યારે પેલા માણસે કહ્યું : "ભાઈ ! મેં તો તમને કહ્યું તે પ્રમાણે આપ્યા છે. એમને પણ એટલી જરૂર હતી તે પૂરી કરવી જોઇએ ને ! એટલે એ છેલ્લાને પણ એ જ દરે મજૂરી ચૂકવું છું તે વ્યાજબી છે."

પેલા લોકોને તેથી સંતોષ થયો.

બાઇબલની આ કથાના આધારે રસ્કિને 'દોલતનો નસો' 'અદલ ઇન્સાફ'; 'સાચનાં મૂળ' અને 'ખરૂં છે' એ બાબતમાં જુદાં જુદાં કાર્યો વિષે સૂચન કરતાં કહ્યું છે કે :—"પાદરીનો ધંધો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાચું શિક્ષણ આપવાનો છે અને સત્ય કહેતાં કહેતાં પ્રાણ હોમી દેવાનો છે. સિપાઇનો ધંધો પોતાના પ્રાણ સાટે પ્રજાનું રક્ષણ કરવાનો છે. વૈદનો ધંધો પ્રજાની તંદુરસ્તી જાળવી રાખવા, પોતાની સુખ-સગવડો મૂકવાનો છે. વકીલનો ધંધો પ્રજામાં અદલ ઇન્સાફ ફેલાવવાનો છે; તેમ કરતાં કરતાં જો સહેવું પડે, તો સહેવું જોઇએ. વેપારીનો ધંધો પ્રજાને જોઇતો માલ પૂરો પાડવાનો છે; તેમ કરતાં જો સહેવું પડે તો સહેવું ઘટે."

આ વિચારધારાની ઊંડી અસર ગાંધીજી ઉપર થઈ અને તેમનામાં 'અંત્યોદયની'ની ભાવના જાગી. હિંદમાં આવ્યા ત્યારે તેમણે જાહેર કર્યું કે "હું આપણા દેશની પછાતમાં પછાત ગણાતી કોમની બાઈને રાખવા માગું છું." તેમણે હરિજન આશ્રમમાં લક્ષ્મીબાઇ નામની એક કન્યાને રાખી. હરિજન કુટુંબોને તેમણે આશ્રમમાં વસાવ્યાં. હરિજનોદ્ધાર માટે તેમણે હરિજન-સેવકમાં ઘણું લખ્યું. એક વખત તેમણે હરિજનો માટે આમરણ ઉપવાસ-અનશન પણ કર્યું. પહેલાં તેઓ આદર્શ લગ્ન વખતે આશીર્વાદ આપતા. પછી વરકન્યા પૈકી એક હરિજન હોય તો આશીર્વાદ આપવાનો નિયમ કર્યો. હરિજનોની આર્થિક સ્થિતિ સુધારવા તેમણે ફંડફાળા પણ કર્યા. તે વખતના ધર્મધુરંધરો અને પંડિતોને બોલાવી તેમણે હિંદુધર્મના શાસ્ત્રો શોધાવી પ્રમાણ મેળવ્યા. પંડિત મદનમોહન માલવીય અને આનંદશંકર ધ્રુવ જેવા વિદ્વાનોએ હિંદુ ધર્મશાસ્ત્રમાં માનવ માનવ પ્રત્યે ઘૃણા અને ભેદભાવ છે જ નહીં એ સિદ્ધ કરી બતાવ્યું. જે કંઇ ધર્મના નામે ચાલે છે તે માનવતા વિહોણા કૃત્યો સ્વાર્થી લોકો ચલાવે છે એમ સાબિત કરી, "અસ્પૃશ્યતા હિંદુધર્મ માટે કલંક છે" એ વાત ઉપર પંડિતો અને વિદ્વાનોની મહોર લગાવી. એટલું જ નહીં તેમણે અસ્પૃશ્યતા નિવારણનો ખરડો પણ રાજ્ય મારફત બનાવ્યો. આમ પછાતમાં પછાત કોમનો તેમણે ઉદ્ધાર કર્યો.

ત્યારબાદ બીજા જે પછાત વર્ગો હતા તેમના ઉદ્ધારનું કાર્ય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમણે હાથ લીધું. તેમના ઉત્થાનના કાર્યક્રમો તેમણે યોજ્યા. એમાં ગામડાં; નારીજાતિ અને શહેરી મજૂરોને લીધા. તેમણે ગામડાંઓના ઉત્થાન માટે જુદા જુદા રચનાત્મક કાર્યક્રમો મૂક્યા. નારીજાતિની-માતાઓની નૈતિકશકિત જાગૃત કરી તેમને અહિંસક પ્રતિકારના કાર્યોમાં લગાડ્યા. શહેરી મજૂરોનું સંગઠન કર્યું. મજૂરો અને મહાજનોનું સંયુકત સંગઠન કર્યું અને નીતિના તત્ત્વો પૂર્યા. ગરીબ ભારતનું શોષણ મટાડવા માટે તેમણે વિદેશી માલનો બહિષ્કાર કરાવ્યો અને સ્વદેશીવ્રત અપાવ્યું. આ રીતે ગાંધીજીએ "અંત્યોદય"માંથી સર્વોદયનું કામ ખીલવ્યું.

કોઈને પ્રશ્ન થશે કે 'અંત્યોદય'માંથી ગાંધીજીએ સર્વોદય કેવી રીતે પ્રગટાવ્યો? એનો જવાબ ગાંધીજીએ 'હિંદ-સ્વરાજ્ય'માં આપ્યોજ છે. તે છતાં જો વિચારવામાં આવે તો તેમની દરેક પ્રવૃત્તિ સંગઠનો વડે સર્વોદય સાધવાની હતી એમ લાગશે.

પ્રાર્થના સત્યાગ્રહ, અનશન, નોઆખલી હુલ્લડમાં શાંતિ સ્થાપના, વગેરે પ્રવૃત્તિઓ; બીજી તરફ રચનાત્મક કાર્યકર અને કોંગ્રેસી લોકોનું ઘડતર, ત્રીજી તરફ હિંદુ-મુસ્લિમ ઐકયતાનું ઘડતર; ચોથી તરફ ગ્રામ અને નગરની પછાતપ્રજાના ઘડતરનું કામ; આ બધાં કામો તેઓ એકી સાથે કરાવી લેતા હતા. એટલે અત્યંજો-હરિજનો અને પછાતવર્ગોના હૃદયની સાથે સાથે તેમનું શોષણ કરનારા, રંજાડનારા અને તેમને પછાત રાખનારાઓનું શોષણ પણ મટી જઈ નીતિ અને ધર્મનાં તત્ત્વો આવવાથી ઉદયજ થતો. આમાં એક તરફ શોષણ ન થવાથી પછાતવર્ગોનો ઉદય થયો અને બીજી તરફ શોષણ કરતાં અટકતા હોવાથી શોષક વર્ગનો પણ ઉદય થયો. એવીજ રીતે અંગ્રેજો સાથે ડંખ રાખ્યા-રખાવ્યા વગર અહિંસક લડાઈ ચાલી તેમાં એક તરફ ભારતીય પ્રજાનો અને બીજી તરફ અનિષ્ટોથી હટવા માટે અંગ્રેજોનો પણ ઉદયજ થયો. પરિણામે હિંદને સ્વરાજ્ય આપવાની તરફેણ કરનારા ઘણા માણસો પાકયા અને આગળ આવ્યા. ભારત પ્રતિ તેમનો આદર રહ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ ઉપરાંત ગાંધીજી સર્વોદયનો અર્થ એટલે બધાય ક્ષેત્રોનો ઉદય એમ માનતા હતા. એટલે તેમણે રાજકારણ, અર્થકારણ, સમાજકારણ વગેરે દરેક ક્ષેત્રનો ઉદય કેવી રીતે થાય તેની કાળજી રાખી હતી. રાજનીતિ જેવા અટપટા ક્ષેત્રમાં પણ જે અનિષ્ટો જામી ગયા હતાં; તેમને શુદ્ધ કરવા માટે પોતે અખંડ પ્રયત્નો કરતા રહ્યા. બધાય ક્ષેત્રોમાં પેસેલાં અનિષ્ટો ને દૂર કરવાથી 'સર્વોદય' સર્વ ક્ષેત્રોદય થઈ શકે.

તેમણે કોઈપણ એક ક્ષેત્ર છોડ્યું ન હતું. કોંગ્રેસના તેઓ પ્રારંભથી ટેકેદાર હતા. તેમણે બધાય ક્ષેત્રોમાં નૈતિક-સંગઠનો ઊભાં કર્યાં હતાં. જે બાકી રહ્યાં ત્યાં સંગઠનો ઊભાં કરવાનાં હતાં. એટલે કે સંગઠનો વડેજ તેમણે સર્વોદયને નવું રૂપ આપ્યું હતું.

સામાજિક ક્ષેત્રમાં ઊંચનીચના ભેદભાવો, સ્પૃશ્યાસ્પૃશ્યના ભેદો, હજૂર-મજૂરના વર્ગો દૂર કરી હરિજન સેવક સંઘ વડે તે કામ ઉપાડ્યું હતું. લગ્ન-પ્રથા, મહિલા ઉન્નતિ વ.ના કાર્યોને તેમણે નવું રૂપ આપ્યું. આર્થિક ક્ષેત્રમાં તો ગ્રામસ્વરાજ્ય દ્વારા તેમજ ગ્રામોદ્યોગની પ્રક્રિયા તેમણે લીધીજ હતી. શિક્ષણના ક્ષેત્રમાં નઈ-તાલિમ, ભાષા પ્રશ્ન વ. ઉકેલવા માટે નઈતાલિમ સંઘદ્વારા ઉદ્યમનું કાર્ય કર્યું હતું. સાંસ્કૃતિક ક્ષેત્રમાં ભારતીય સંસ્કૃતિને અનુરૂપ સંસ્કૃતિના તત્ત્વો સુરક્ષિત રાખવાનો તેમનો પ્રયાસ રહ્યો હતો. ધાર્મિક ક્ષેત્રમાં સાધુ-સાધ્વીઓ પ્રતિ તેમને ખૂબજ આદરભાવ હતો. તેઓ હમેશાં સાધુવર્ગને કહેતા: "તમે પોતાના સ્થાને અને મર્યાદામાં રહીને બધા ક્ષેત્રોમાં નીતિ-ધર્મ પ્રવેશ કરાવવાનું ઘણું કામ કરી શકો છો." આમ ગાંધીજીની હૈયાની સુધી સર્વોદયની દૃષ્ટિએ સર્વક્ષેત્રે કામ થયાં. 'સર્વોદય' માસિક પણ પ્રગટ થતું હતું અને તેમની હયાતીમાં પણ સર્વોદય સંમેલનો ભરાયાં હતાં.

હિંદુસ્તાનના બધા ધર્મોમાં 'સર્વોદય'નાં બીજ તો હતાં જ. એ વિચારબીજોને ઝાડનું સ્વરૂપ આપવામાં એટલે કે સર્વોદય કરવામાં મોટો ફાળો મહાત્મા ગાંધીજીનો છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વૈદિક ધર્મમાં સ્વસ્તિ મંત્ર તેમજ બીજા આશીર્વચનોમાં સર્વોદયની ભાવના છે પણ આ શ્લોકમાં તો તેના ઉચ્ચત્તમ સ્વરૂપે છે :—

सर्वेभवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः
सर्वेभद्राणि पश्यन्तु, मा कश्चिद् दुःखमाप्नुयात्।

બધા સુખી થાઓ! બધાય નિરોગી થાઓ! બધાય બધાનું કલ્યાણ જુઓ!

કોઈ દુઃખી ન થાઓ!

જૈન ધર્મના મહાન આચાર્ય સમંત ભદ્રે તીર્થંકર સ્તુતિ કરતાં કહ્યું છે :—

"सर्वापदामन्त करं निरन्तं सर्वोदयं तीर्थमिदं तवैव।"

આપનું તીર્થ (સંઘ) શાશ્વત અને બધીય વિપદાનો અંત કરનાર છે. અર્થાત કે દુઃખને હરનારું છે; સર્વોદય કરનાર આપનું તીર્થ છે.

અત્યારસુધી સર્વોદય વ્યક્તિગત વિચારની વસ્તુ હતી તેને ગાંધીજીએ સામુદાયિક વિચાર અને સંગઠનો દ્વારા સક્રિયરૂપ આપીને આચારની વસ્તુ બનાવી. આ તો સર્વોદયનું સ્વરૂપ ગાંધીજીની હયાતી સુધી હતું.

સર્વોદયનું નવું સ્વરૂપ :—

મહાત્મા ગાંધીજીના અવસાન બાદ, સન ૧૯૫૧ થી સર્વોદયે નવું સ્વરૂપ લીધું અને નવી ધૂરી પકડી. સંત વિનોબાજીએ સર્વોદય મંચ ઉપરથી, પોચમપલ્લીના ગ્રામથી ભૂદાન ગંગા પ્રગટાવી. તેમણે ભૂદાન વગેરે જે જે કાર્યક્રમો આપ્યા તેનો હવે પછીના પ્રવચનમાં વિચાર કરવામાં આવશે પણ વિનોબાજીના વ્યક્તિત્વ ઘડતરની શી અસર સર્વોદય ઉપર પડી? તે અહીં જોઈ જઈએ.

વિનોબાજીની પોતાની પ્રકૃત્તિમાં વેદાંતના સંસ્કાર છે; તેમણે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વ્યક્તિગત એકાંત સાધનામાં વર્ષો ગાળ્યાં છે. આથી તેમણે સર્વોદયની ધૂરી હાથમાં આવતા કોઈ પણ કાર્યમાં સંગઠનની વાત કરી નથી. સંગઠનમાં તો કડક શિસ્ત, નિયમના બંધન અને જવાબદારી હોઈને, તેઓ જાતે કોઈ સંગઠનમાં જોડાયા નથી તેમણે જવાબદારી લીધી નથી એટલું જ નહીં સંગઠન તરફ ઉપેક્ષાવૃત્તિ ધારણ કરી છે.

એટલે ગાંધીજી જે સંગઠન દ્વારા સર્વોદયમાં માનતા હતા અને સંગઠનના કડક નિયમ, શિસ્ત અને જવાબદારીમાં માનતા હતા તે ભાવના ઓસરતી ગઈ અને એક નવી ભાવનાએ આકાર લીધો કે વ્યક્તિદ્વારા જ ક્રાંતિ થઈ શકે અને લોકો પણ એમ માનવા લાગ્યા, કેવળ વિનોબાજી નહીં; ૧૯૫૧ પછી જેટલા નવા નવા સર્વોદય કાર્યકરો આવ્યા તેમની પાસે પણ ગાંધીજીની સર્વાંગી–સર્વોદય દૃષ્ટિ ન હોવાના કારણે તેઓ પણ સંગઠન વગર વ્યક્તિગત રીતે ભૂદાન કાર્ય કરતા રહ્યા. જો કે કેટલાક ભૂદાન મંડળો ઊભાં થયાં પણ તેમાં બંધારણ કે નિયમોપનિયમની શિસ્ત ન રહી. સહુ વિનોબાજીનું અનુકરણ કરવા લાગ્યા. સર્વોદય કાર્ય માટે ગાંધી સ્મારક નિધિના ભંડારો ખુલ્લા હતા. એટલે નવા સર્વોદયી કાર્યકરોની ભીડ જામવા લાગી અને એમાં કેટલાક ગોટાળા પણ થવા લાગ્યા. એટલે લોક શ્રદ્ધા ઓસરતી ગઈ. ભૂદાનના કારણે જે એક વિચારક્રાંતિનું મોજું દેશવ્યાપી પ્રસર્યું હતું તેનો પ્રભાવ ઓછો થવા લાગ્યો. ભૂદાન કાર્યકરો અને ભૂ–વિતરણ પાછળના અનહદ ખર્ચને જોઈ લોકોમાં જમીન આપવાનો રસ ઓછો થયો.

પણ સહુથી મોટી ફેરબદલી એ થઈ કે જે સર્વોદય, સર્વ ક્ષેત્રને સ્પર્શતો હતો અને જેને ગાંધીજીએ જુદાં જુદાં સંગઠનો અને કાર્યક્રમો દ્વારા વ્યાપક બનાવ્યો હતો તે સીમિત બનીને 'ભૂદાન'ની એકાંગી પ્રવૃત્તિ તરફ આવીને તેને જ સ્પર્શતો રહી ગયો. જુદાં જુદાં સંગઠનોનું એકીકરણ જરૂર કરવામાં આવ્યું અને તેને સર્વ – સેવા સંઘ નામ આપવામાં આવ્યું. આમ સર્વોદયનો પાયો તો નીકળી ગયો અને તેના બદલે સર્વ – સેવા આવી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સર્વોદયમાં પછાતમાં પછાતનો ઉદય – વિકાસ થતો અને સાથેસાથે તેનો વિરોધપક્ષ પણ હળવો બનીને વિકસિત થતો; જેમકે શોષિત વર્ગ શોષણ ઓછું થવાથી; અને શોષક વર્ગ શોષણ ઓછું કરવાથી. તેના બદલે 'ભૂદાન' નિમિત્તે સર્વ–સેવા આવતાં લોકમાનસમાં 'ઉદય' થવાને બદલે ગ્રંથિઓ પેસવી શરૂ થઈ. ભૂદાન દ્વારા જમીન આપવાથી, બીજાં સાધનો દ્વારા મૂડી કે ખેતીના સાધનો આપવાથી લોકોને રાહત આપવા–અપાવવાનું કાર્ય જરૂર થયું પણ સર્વોદય ન થયો; કારણકે દાનના કારણે દેનારમાં ગૌરવગ્રંથિ અને લેનારમાં લાઘવ ગ્રંથિ થોડીક આવી ગઈ. દેનારે બહુ જ ઓછીવાર આ ભાવના સાથે આપ્યું કે "મેં સમાજ પાસેથી આ ઘણું મેળવ્યું છે. તેને સમાજને આપવું એ મારું કર્તવ્ય છે અથવા મને આ શોષણ દ્વારા મળ્યું છે તો તેના પ્રાયશ્ચિત રૂપે હું આપું છું." મોટા ભાગે તો ઉપકાર કરતા હોય એ રીતે જ આવ્યું.

આમ સર્વોદયના નવા સ્વરૂપમાં એક જ સંગઠન રહી ગયું તે સર્વ–સેવા–સંઘ. નવા નૈતિક જન સંગઠનો ન તો રચાયાં કે ન એવાં સંગઠનોને સ્વીકૃતિ આપવામાં આવી. એટલે સમાજમાં અન્યાય, અત્યાચાર, અનીતિ જેવાં અનિષ્ટો હઠાવવાની શકિત વ્યકિતગત રહી પણ તેની પ્રતિષ્ઠા સમાજમાં ન તૂટી. સંગઠનો દ્વારા એ તૂટવી જોઈતી હતી પણ એમ ન થયું. પરિણામે જેમ અંધારાને હઠાવ્યા વગર ઉદય ન થઈ શકે તેમ અનિષ્ટોનાં અંધારાને હઠાવ્યા વગર સર્વોદય કયાંથી થઈ શકે?

આવાં અનિષ્ટો કેવળ સામાજિક ક્ષેત્રમાં જ નથી પણ એ આર્થિક ક્ષેત્રમાં, રાજકીય ક્ષેત્રમાં, સાંસ્કૃતિક ક્ષેત્રમાં અને શિક્ષણ વગેરે બધાયે ક્ષેત્રોમાં છે. આ બધામાં 'દાન લેવું અને દેવું' એ પ્રવૃત્તિને અનુરૂપ આજનો સર્વોદય કેવળ આર્થિક ક્ષેત્રને અધ્યાત્મનો પુટ આપીને સ્પર્શે છે. એનાથી રાહતનું કામ જરૂર થાય છે પણ અનિષ્ટો હઠતાં નથી; તે એકબંધ રહ્યા કરે છે. કયારેક એવું પણ જોવામાં આવ્યું છે, ગઈ કાલ સુધી જેણે બધા પ્રકારના અત્યાચારો–અનિષ્ટો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કર્યા હોય તે ભૂમિ-દાન આપીને પ્રતિષ્ઠા પામી જાય છે અને સાધના વગરની આંતરિક શુદ્ધિના અભાવે તે બીજા અનિષ્ટોનો ત્યાગ કરી શકતો નથી. આમ આજનો સર્વોદય ધાર્યું પરિણામ "બધાનો ઉદય" લાવી શકતો નથી.

આજનો સર્વોદય રાજકીય ક્ષેત્રને તો અડવા માગતો જ નથી; તેનું કારણ એ છે કે સર્વોદયનું સિદ્ધાંત વાક્ય છે : "શાસનમુક્ત અથવા શાસન-નિરપેક્ષ સમાજરચના !" આનું પરિણામ એ આવ્યું છે કે જે ગાંધીજી શાસનને સ્પર્શતા અને કોંગ્રેસને ટેકો આપતા તેને જ (શાસન) આજનો સર્વોદય અડવામાં માનતો નથી એટલું જ નહીં ગાંધીજી• દ્વારા સત્ય અહિંસાની દિશામાં આગળ વધેલી, ઘડતર પામેલી, લોકશાહીમાં માનનારી અને જૂની; તેમ જ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં પંચશીલને અમલમાં મૂકનારી રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ)ને ટેકો આપવામાં પણ માનતો નથી. તે કેવળ સત્તાએ રહેલ કોંગ્રેસ પક્ષની ટીકા કરીને રહી જાય છે. શાસન ન જોઇએ કે નિરપેક્ષ શાસન રહેવું જોઇએ એવી વાતો તો થાય છે પણ બીજી તરફ શાસન સામાજિક કે આર્થિક ક્ષેત્રમાં જે ડખલગીરી કરે છે; ગમે તેવા કાયદા પસાર કરે છે તે અંગે સર્વોદય કાંઈ બોલતો નથી કે નૈતિક અથવા લોક સંગઠનો દ્વારા શાસન ઉપર અંકુશ રાખવામાં કે તેની શુદ્ધિ કરવામાં માનતો નથી પરિણામે નિરંકુશ શાસન વધતું જાય છે.

સાંસ્કૃતિક ક્ષેત્રમાં, કૃત્રિમ સંતતિ નિયમન, અંગ્રેજી ભાષાનું માધ્યમ, પ્રાથમિક ધોરણોમાં અંગ્રેજીનો પ્રવેશ, સહશિક્ષણ વગેરેના પ્રશ્નોમાં વ્યક્તિગત રીતે કદાચ વિનોબાજી કે કોઇ સર્વોદય નેતા કંઈ પણ કહી દેતા હશે પણ નૈતિક જનસંગઠનો અને જનસેવક સંગઠનો દ્વારા તેના અહિંસક પ્રતિકારમાં આજનો સર્વોદય માનતો નથી. એવી જ રીતે શિક્ષણના ક્ષેત્રમાં પણ શિક્ષણપદ્ધતિ બદલવાની વાત વર્ષોથી વ્યક્તિગત રૂપે થયા કરે છે પણ સર્વ સેવાસંઘ દ્વારા લોકસંગઠનોને સાથે લઇને સરકાર ઉપર નૈતિક દબાણ લાવવાનું કાર્ય આજના સર્વોદય દ્વારા થતું નથી. એવી જ રીતે મત્સ્ય ઉદ્યોગ, માંસાહાર-પ્રચાર, ગોવધ કે દારૂ પ્રચારના વિરોધમાં આજના સર્વોદય દ્વારા સંગઠિત અહિંસક પ્રતિકાર થતો નથી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજ્યમાં જે ભ્રષ્ટાચાર છે તેની વિરૂદ્ધ કેવળ વિચાર પ્રગટ કરવાથી, કામ થતું નથી. ચારેય સંસ્થાઓના અનુબંધ દ્વારા યોગ્ય રીતે, કાનૂન ભંગ કર્યા સિવાય, નૈતિક પ્રતિકાર કરવામાં આવે તોજ એ કામ થઈ શકે.

ચારેય સંસ્થાઓ–લોકસંગઠન, લોકસેવક સંગઠન, રાષ્ટ્રીય મહાસભા અને ક્રાંતિપ્રિય સાધુઓ–ના અનુબંધોની વાત આજના સર્વોદયમાં નથી. તેનો પાયો વ્યક્તિવાદ ઉપર મંડાયો છે. એટલે ધાર્મિક ક્ષેત્રે વિચારક અને ક્રાંતિપ્રિય સાધુ–સાધ્વીઓ અને સન્યાસીઓ, વાનપ્રસ્થાશ્રમીઓ કે સાધકો સાથે અનુબંધ ન હોઈને ધર્મક્ષેત્રમાં જે અનિષ્ટો છે; વિષમતા છે તેની શુદ્ધિ અદ્યતન સર્વોદય કરી શકતો નથી. સામાજિક ક્ષેત્રમાં પણ વ્યક્તિગત રીતે વિનોબાજી કેટલા પ્રશ્નો ચર્ચે છે પણ તે દિશામાં સંસ્થા કે સંગઠન વડે એ પ્રશ્નોનો ઉકેલ લાવતા નથી. એટલે સમાજનું ઘડતર સર્વોદય કરી શકતો નથી; એની સાથે નવાં મૂલ્યોની સમાજમાં સ્થાપના પણ કરી શકતો નથી. બધા ક્ષેત્રો અંગે એજ રીતે વિચાર કરતાં સ્પષ્ટ જણાઈ આવશે કે આર્થિક ક્ષેત્રને અદ્યતન સર્વોદય કેવળ આધ્યાત્મિક પુટ આપવાનું એક માત્ર કાર્ય કરે છે. તે સિવાયના ધાર્મિક, સામાજિક, રાજનૈતિક શિક્ષણ અને સંસ્કૃતિ સંબંધી દરેક ક્ષેત્રોનાં અનિષ્ટો રૂપી અંધારા ઉલેચવાનું કાર્ય ન થાય તો સર્વોદય (સર્વક્ષેત્ર–ઉદય) કયાંથી થઈ શકે? આ છે આજના અદ્યતન સર્વોદયનો વ્યક્તિવાદ ઉપરનો પાયો અને તેનાં પરિણામો.

મહાત્મા ગાંધીજીએ બધાય ક્ષેત્રોનાં અનિષ્ટ–અંધકાર ને મટાડવા માટે અનુબંધ યુક્ત સત્યાગ્રહની અહિંસક પ્રક્રિયા ઊભી કરી હતી પણ અદ્યતન સર્વોદયમાં એ વાત સ્વીકારવામાં આવી નથી. એથી આજના સર્વોદયમાં સમાજની વાતો થાય છે; વિચાર–પ્રચાર પણ થાય છે પણ તે વ્યક્તિ દ્વારા ક્રાંતિની વાતો થાય છે તેની સંગઠિત વ્યાપક પ્રક્રિયા કે સમાજ ઘડતરની પ્રક્રિયા ઊભી કરાતી નથી. એટલે વ્યક્તિ દ્વારા ક્રાંતિ થવાની વાતો આકાશ–કુસુમ જેવી બનીને રહી જાય છે. વ્યક્તિ ક્રાંતિની પ્રેરક હોઈ શકે પણ એ પ્રેરણા પામનાર કોઈ સંગઠિત સમાજ કે સંઘ ન હોય તો તે વ્યક્તિની સાથે જ વિરમે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજનીતિ ન જોઈએ પણ લોકનીતિ જોઈએ એવી વાત આજે સર્વોદયમાં થાય છે. એ તોજ બની શકે કે કાંતો સર્વોદયશાહી ઊભી થાય; અગર તો એ પહેલાં જે શાસન છે તેને શુદ્ધ કરાય, બદલાય કે હઠાવાય. કેવળ તેની ઉપેક્ષા કરવાથી તે હઠી જવાનું નથી; અને તેથી લોકનીતિ પણ નહીં આવે. સર્વોદય સંસ્થા સત્તા ન લે કે હોદ્દા ન લે પણ રાજનીતિની ઉપેક્ષા અને હિંદની આજે સારામાં સારી ગણાતી સંસ્થા કોંગ્રેસને સમર્થન ન કરવાની નીતિથી; રાજનીતિમાં વધારે ને વધારે સડો પેસતો જાય છે. જેમ ગૂમડું પગમાં થયું હોય પણ તેની વેદના આખા શરીરને ભોગવવી પડે તેજ રીતે આ સડો વધતાં તે સર્વોદય ને પણ ભારીજ પડશે.

લોકનીતિ કંઈક એકાદ વ્યકિતના ઉત્સર્ગથી નથી આવવાની. એના માટે તો પ્રજાને રાજકારણથી અતડી રાખ્યા વગર લોક સંગઠનો ઊભાં કરી; બધા ક્ષેત્રોના રોજબરોજનાં પ્રશ્નો ઉકેલવા પડશે અને લોકોનું ઘડતર કરવું પડશે. સામાજિક, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક વગેરે બધાયે ક્ષેત્રો રાજ્યે તાબે કર્યા છે તે તેની પાસેથી લોક સંગઠનો અને લોકસેવક સંગઠનોના નૈતિક દબાણથી પાછાં લેવાં પડશે તો જ લોકનીતિ પ્રગટી શકશે અને ટકી શકશે.

શાસન નિરપેક્ષ સમાજ અંગે સંત વિનોબાજીએ રાજ્યની જરૂરત ઉપર બોલતાં કહ્યું છે કે; જેમ ખતરો આવતા રેલ્વેમાં સાંકળની જરૂર પડે એમ ખતરો આવે ત્યારે જ રાજ્યની જરૂર છે. પણ એના માટે પ્રજાનુ પોતાનું નૈતિક સંગઠન થવું જોઇએ અને પ્રજાસેવક સંગઠન તૈયાર થવું જોઇએ. રાજ્યને અને જનસંગઠનોને પ્રજાસેવક સંગઠનની પ્રેરણા બરાબર મળતી રહેવી જોઇએ તેમજ સમાજ, અર્થ, સંસ્કૃતિ અને શિક્ષણના ક્ષેત્રો રાજ્ય પાસેથી દૂર થઈ આ જનસંગઠનો કે નૈતિક જનસેવક સંગઠનો પાસે જવાં જોઇએ. નહીંતર ડગલે અને પગલે રાજ્ય દરેક કાર્યમાં ડખલગીરી કર્યા જ કરશે ત્યારે કેવી રીતે નિરપેક્ષતા રહી શકશે ? [આ અંગે મધ્યપ્રદેશમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ડાકૂઓના આત્મસમર્પણના સંત વિનોબાજીના કાર્યને અંતે રાજ્ય-સત્તાએ અને પોલિસોએ કઇ રીતે બિરદાવ્યુ એ તરફ અંગૂલિનિર્દેશ કરવો બસ થશે. સં.]

સંત વિનોબાજી સૌમ્ય-સત્યાગ્રહની વાત કરે છે પણ તેની કોઈ વ્યાપક પ્રક્રિયા કોઈ ક્ષેત્રમાં ઊભી કરવામાં આવતી નથી માત્ર પાદયાત્રાને જ સૌમ્ય સત્યાગ્રહની પ્રક્રિયામાં ન ખપાવી શકાય. ગાંધીજીએ તો સંગઠિત રીતે અન્યાયના પ્રતિકાર માટે સત્યાગ્રહ કર્યા—કરાવ્યા હતા. એટલે આખો દેશ જાગ્યો હતો અને સર્વોદય તરફ વળ્યો હતો. અદ્યતન સર્વોદયવાદમાં આવી પ્રક્રિયાઓ ઊભી ન થતાં અનિષ્ટોનાં અંધારા દૂર થતાં નથી અને સમસ્યાઓ ઉલટી વધુ ને વધુ ગુંચવાતી જાય છે.

અદ્યતન સર્વોદયનાં સિદ્ધાંતના સૂત્રો :—

સર્વોદયનું સૌથી પહેલું સૂત્ર છે. "**શોષણ વિહીન સમાજ રચના**" શોષણવિહીન સમાજ ત્યારે જ થઈ શકે જ્યારે શોષણના જે સ્રોતો છે તેને અટકાવવામાં આવે. શોષણના ત્રણ સ્રોતો છે :— (૧) બુદ્ધિ દ્વારા (૨) સંપત્તિ દ્વારા અને (૩) રાજ્ય દ્વારા.

બુદ્ધિ દ્વારા શોષણનો પ્રકાર આ પ્રમાણે છે કે ગામડામાંથી કાચો માલ વેપારી કે દલાલો ઓછા ભાવે લઇ જાય છે અને શહેરો પીઠોમાં ઉંચા ભાવે વેચે છે એટલું જ નહીં, માલ લઇ જવાની દલાલી, આડત કે કમીશન પણ ગામ પાસે જ વસુલ કરે છે. એના બદલે જનસંગઠનો દ્વારા સંચાલિત સામુદાયિક પ્રવૃત્તિ તરીકે ગામની સહકારી મંડળીઓ જ સીધો સંપર્ક શહેરની પીઠો સાથે રાખે તો, જાતે ભાવ નક્કી કરે અને વેચે તો ભાવ પણ સરખો આવે અને વચમાંની દલાલી, કમીશન, આડત વિગેરે બચતાં, ગામડાંનું શોષણ અટકી શકે. એવી જ રીતે કાચા માલને પાકા માલમાં ફેરવવા અંગે ગામડાંમાં જ સહકારી ધોરણે જીન કે પ્રેસ વગેરે નંખાય તો યે ગામડાનું શોષણ અટકે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંપત્તિ દ્વારા શોષણ એટલે વ્યાજ, વટાવ, અને કારખાનામાં શ્રમ કરનાર ઉત્પાદક તરીકે ગામડિયા મજૂરોને રાખવાથી જે શોષણ થાય તે છે. આ ક્યારે અટકે? જ્યારે ગામડામાં એવી સહકારી મંડળીઓ ઊભી થાય જે ધીરાણ કરે તેમ જ ગામડામાં જ મજૂરી ચૂકવે. જ્યાં રાજ્ય સંચાલિત આવી મંડળીઓ હોય તેમાં ગ્રામ્ય જનસંગઠનનું નૈતિક પ્રતિનિધિત્વ પણ રહેવું જોઇએ. તો જ સંપત્તિ દ્વારા શોષણ અટકી શકે.

રાજ્યદ્વારા શોષણ તરીકે; રાજ્યે નાખેલા કરવેરા, મહેસૂલી તેમ જ ઉત્પાદકો ઉપર ઉંચા ટેકસો નાખવા વગેરે દ્વારા, રાજ્ય શોષણ કરે છે. એને દૂર કરવા માટે ક્રાંતિપ્રિય સાધુઓ અને સાધકો કે નૈતિક જનસેવક સંગઠનો દ્વારા ન્યાય માટે શુદ્ધિ પ્રયોગો થવા જોઈએ જેથી શોષણ વિરૂદ્ધ અવાજ જાગે અને તેનો પડઘો લોક હૃદયમાં પડે. આ રીતે અહિંસક પ્રતિકાર સક્રિય બને; કાયદા કાનૂનમાં સંશોધનો કરાવવામાં આવે અને ઝઘડા માટે કોર્ટ કચેરીએ ન્યાય માટે શહેરમાં જવામાં ગામડાઓનું જે શોષણ થાય છે તે લવાદી કે શુદ્ધિપ્રયોગથી અટકાવવામાં આવે તો રાજ્યદ્વારા શોષણ થતું અટકી શકે.

આમ જોવામાં આવ્યું છે કે જ્યાં સુધી શોષણ સામે સંગઠિત નૈતિક બળ ન પેદા થાય ત્યાંસુધી વાતો કરવાથી તે અટકતું નથી. એ માટે સંગઠિત બળોની પ્રક્રિયા પેદા કરવી જરૂરી છે. તે અદ્યતન સર્વોદયમાં નથી. એટલે માત્ર શોષણ વિહીન સમાજનું ઉચ્ચારણ કરવાથી તે સિદ્ધ થઈ શકતું નથી.

સર્વોદયનું બીજું સૂત્ર છે **"શાસન નિરપેક્ષ સમાજ રચના"** આને અગાઉ શાસન મુકત સમાજ રચના તરીકે ઓળખાવવામાં આવતું હતું. આ બન્ને અંગે અગાઉ ઘણું કહેવાઈ ગયું છે કે કોઇપણ પ્રકારની શિસ્ત, સંગઠન કે વ્યવસ્થા વગરના સુખી સમાજની કલ્પના દિવા સ્વપ્ન જેવી છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એની સાથે દંડમુક્ત સમાજ અંગે એકવાર સંત વિનોબાજીએ કહ્યું હતું. પણ એ ત્યારે જ થઇ શકે જ્યારે એ અંગે પરિસ્થિતિ પેદા કરવામાં આવે કે લોકો પોતે જ સ્વમર્યાદા કે કાયદા કાનૂનનું પાલન કરે; એક બીજા સાથે પ્રેમભર્યો અહિંસક વર્તાવ કરે. આવા યુગલિયા કાળ જેવા માટે પણ જનતાનું ઘડતર સુસંસ્થાઓદ્વારા થવું જોઈએ, પણ આવો કોઈ કાર્યક્રમ સર્વોદયની પાસે આજે નથી.

સર્વોદયનું ત્રીજું સૂત્ર છે: "**વર્ગ વિહીન સમાજ રચના**" એ ત્યારેજ થઈ શકે કે વર્ગ પાડનાર અલગ ધંધાઓનું વિલીનીકરણ કરી નાખવામાં આવે જે આજે તો શકય નથી. અલગ અલગ ધંધાઓ કરનારનાં હિતો અલગ અલગ હોઈ બધાના વર્ગો પડવાના જ અને સાધનાની દૃષ્ટિએ તેમનામાં ધોરણ-ભેદ પણ રહેવાનો. જે શકય વસ્તુ છે તે એકે પરસ્પર એ વર્ગો કે કક્ષાઓનો સમન્વય, પરસ્પરના અવલંબનની પ્રક્રિયા દ્વારા થઈ શકે. એ ત્યારેજ થાય જ્યારે અનુબંધ વિચાર ધારા પ્રમાણે કાર્ય થાય. એ વાત કે વિચાર આજે સર્વોદયમાં નથી.

સર્વોદયનું ચોથું સૂત્ર છે: "**ભૂદાન મૂલક ગ્રામોદ્યોગ પ્રધાન અહિંસક ક્રાંતિ**" એવી ક્રાંતિ માત્ર વ્યક્તિઓના સરવાળાથી ન થઈ શકે. તે તો નૈતિક સંગઠનો દ્વારાજ સંભવે છે. પ્રજાનું ટોળું મળે અને વિચારને આવકારે પણ આચારમાં ઉતારવા માટે કોઈ કાર્યક્રમ ન હોય તો પ્રજાનું ઘડતર ન થાય. અહિંસક ક્રાંતિની દિશામાં પ્રજાનું ઘડતર કરવા માટે તેવા નૈતિક સંગઠનો દ્વારા અન્યાયનો અહિંસક પ્રતિકાર કરવો જરૂરી છે. આ વાત સર્વોદયમાં નથી.

આ બધી વસ્તુઓ ઉપરથી આજના સર્વોદયમાં શું શું તત્ત્વો ખૂટે છે તેનો ખ્યાલ આવી શકે છે. તેમની પૂર્તિ કરવાથીજ સર્વોદય સાચા અર્થમાં ગાંધીજીનો નિર્દેષ્ટ સર્વોદય થઈ શકશે. એવો સર્વોદય વિશ્વવાત્સલ્યની નજીક હશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દંડશક્તિએ ખરેખર છેલ્લું સ્થાન મેળવવું જોઇએ. પણ, તેના બદલે તેણે પહેલું સ્થાન લઇ લીધું છે. તેને ખસેડવા માટે ઘડતર પામેલા શુદ્ધિપ્રયોગકારો અને શાંતિસૈનિકોએ જનસંગઠનોનો સાથ મેળવવો જોઈએ. આ અંગે અદ્યતન સર્વોદયે ઉંડાણથી વિચારી, સર્વાંગી અને સર્વક્ષેત્રોદથી વ્યાપક સર્વોદયનું સ્વરૂપ બનાવવું જોઇએ.

ચર્ચા – વિચારણા

સર્વોદયે સ્વરૂપ બદલવું રહ્યું :

શ્રી પૂંજાભાઇએ "સર્વોદયનું આજસુધીનું સ્વરૂપ" એ મુદ્દા ઉપર ચર્ચાને ઉઘાડી, તેમણે કહ્યું :—

"આમ જોવા જઈએ તો સર્વોદયનો વિકાસ પણ ધીમે ધીમે થયો છે. રાજાઓ પ્રજા પાસે કર ઉઘરાવી કે બીજી તરફ શ્રીમંતો ઉપર દબાણ લાવી બીજા ખાતર ઘસાવાની વાત શીખવતા. તેમજ ધર્મગુરુઓ અને લોકસેવકોના ત્યાગપ્રધાન જીવન અને ઉપદેશ વગેરેથી સાધનસંપન્ન માણસો આપમેળે બીજા માટે ત્યાગ કરતા, અને માનતા કે આ સાધનસંપન્નતામાં ભલે અમારો સીધો પ્રયત્ન છે પણ સમાજ અને સમષ્ટિનો આડકતરો પ્રયત્ન તો છે જ ! અમારા વિકાસમાં મા-બાપ ઉપરાંત સમાજે અને સવિશેષે કુદરતે પાણી, પ્રકાશ, હવા વગેરેએ આવી કેટલી મોટી મદદ કરી છે. આમ માનીને પરોપકારના રસ્તે સહેજે ખેંચાતા.

રામ અને કૃષ્ણે સર્વાંગી ક્રાંતિની રીતે સર્વોદય વિકસાવ્યો પણ તે ઇશ્વરીય વિભૂતિઓ હતી; તેના કારણે તેમનાથી એ શક્ય થયું. જેમકે શ્રી રામે આદિવાસી-વનવાસી અને વાનરો સાથે રહીને પણ જે રીતે કામ કર્યું; શ્રી કૃષ્ણે વ્રજમાં ગોવાળિયાઓ સાથે ઓતપ્રોત બની જે કાર્ય કર્યું. તેને બાયાનો સર્વોદય કહી શકાય. તેવા પુરુષોએ તો કિષ્કંધા અને લંકામાં જે કાર્યવાહી યુદ્ધની બજાવી તે પણ દેશ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને દુનિયાની જ નહીં. માર્યા ગયેલા વાલી અને રાવણના સર્વોદયમાં બજાવી ગણાય.

સમષ્ટિ સુધીના સર્વોદયમાં તો સાધુ સંતોનો જ પહેલો નંબર લાગવો જોઈએ; કારણ કે તેમણે તો જાતે અહિંસા આચરી અને આચરાવી છે. છતાં ગાંધી યુગ પછી સર્વોદયનો જે રીતે વિકાસ થઈ રહ્યો છે તે અનોખો છે. એ દ્રષ્ટિએ જોતાં એ વિકાસથી આગળ જતાં, સહકારી પવૃત્તિ અને સંગઠનોનું જે ધ્યેય વિશ્વવાત્સલ્યનું છે; તે આપણું ધ્યાન ખેંચ્યા વગર રહેતું નથી. ખાસ કરીને ભાલનળકાંઠા પ્રયોગ ક્ષેત્રથી આરંભાએલી વિશ્વવાત્સલ્યની જે પ્રવૃત્તિઓ થઇ છે તેનો ઉલ્લેખ કરૂં છું.

એટલે જ લાગે છે કે "કલ્યાણ–રાજ્યે" આજના સર્વોદયના વિકાસને મોખરે રાખવો પડશે; સર્વોદયે રાજ્યને વિસારે નહીં ચાલે અને આગળનો માર્ગ 'વિશ્વવાત્સલ્ય'નો છે તેની સાથે સર્વોદયે અનુસંધાન મેળવવું પડશે, સર્વોદયે સ્વરૂપ બદલવું પડશે, તો જ પેટ, પહેરણ, પથારી તેમ જ સમષ્ટિ અંગેના માનવ જાતિના જે બીજા પ્રશ્નો છે તે ઉકેલાશે. નહીંતર ગાંધીજીએ પેટ, પહેરણ પથારીનો પ્રશ્ન ઉકેલવાનો જે અહિંસક રસ્તો દોર્યો છે તે પણ અધુરો રહેશે. મદોન્મત્ત બાંધાતાઓના હાથમાં જે આગ્નેયાસ્ત્રો અને વિશાળ સત્તાઓ છે તે દ્વારા જગતમાં ભયંકર આંધી મચી જશે. એટલે સર્વનાશથી બચવા માટે સૌએ વિચારવાનું છે.

કાર્યક્રમોના અભાવવાળું સર્વોદય

શ્રી દેવજીભાઈએ પોતાનો અનુભવ કહી સંભળાવ્યો કે :— "શ્રી સંત વિનોબાજી કચ્છમાં આવેલા ત્યારે તેમની સાથે નારાયણભાઇ દેસાઇ ભચાઉ આવેલા. તે વખતે એક જંગી સભા મળી હતી. તેમાં ડોકટરો કેવા હશે ? વકીલો કેવા હશે ? તે અંગે સમાજનું એક સુંદર મનોહર રેખાચિત્ર દોરેલું. પણ લોકોએ પૂછયું કે વર્તમાન પરિસ્થિતિમાંથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ સ્થિતિ એ પહોંચવા માટે ક્રમબદ્ધ શું કાર્યક્રમ છે? રાત્રે તેમની તબિયત સારી ન હોઈ ચર્ચા ન થઈ શકી; અને વહેલી સવારેજ તેઓ અંજાર તરફ રવાના થઈ ગયા હતા.

આ તરફ ભચાઉ ખેડૂત મંડળે ભાલનળકાંઠા પ્રયોગના અનુસંધાનમાં જેમ જેમ કાર્યક્રમો કરવા માંડ્યા તેમ તેમ લોકોમાં ધડ બેસવા લાગી. કાર્યક્રમો કે સફળ ઉકેલો વગરના એકાંગી કે કાલ્પનિક વાતોથી લોકશ્રદ્ધા ધીમે ધીમે ડગી જાય છે. તે લાંબો સમય સુધી ટકતી નથી.

અમલદારી ત્રાસ, ગૂંડાઓ કે દાંડ તત્ત્વોનો જૂલ્મ, પરસ્પરની નાની-મોટી તકરારો, સામાજિક પ્રશ્નો અને રાજકીય તત્ત્વો ઉકેલાતા ગયા તેમ તેમ લોકશ્રદ્ધા દિવસે દિવસે વધતી ગઈ છે. એ તો છે રચનાત્મક સંગઠિત કાર્યક્રમની સફળતા. તે નક્કર છે જ્યારે કલ્પનાનું સુખ ક્ષણિક અને અસ્થાયી રહે છે.

નમ્રભાવે અહીં એકજ દાખલો આપું કે સર્વ મળીને જ્યાં સંકલ્પ કરે તો કેવું આકર્ષક કાર્ય થઈ જાય છે! જવા આવવાની સીમાના તેમજ ગામ તરફ આવવા જવાના રસ્તા ટુંકા થઈ ગયા. સૌએ જમીન દબાવેલી, પણ જ્યાં સૌએ મળીને નિશ્ચય કર્યો ત્યાં છ આઠ હજારથી ન બને તે કાર્ય શ્રમયજ્ઞથી સૌના આનંદ વચ્ચે પૂરૂં થયું.

આમ "જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ" એમ કહેવાય છે તેની સાથે સાથે એ પણ જોડી શકીએ કે "જ્યાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે અનુભવી." એટલે કે અનુભવ જન્ય પ્રયોગો કરીને જ લોકશ્રદ્ધાની જમાવટ કરવી જોઈએ અને તે પ્રયોગોને આગળ ધપાવવા જોઈએ.

અહિંસક પ્રતિકાર કયાં સુધી?

શ્રી શ્રોફે કહ્યું :—"એક જમાનો જીવો અને જીવાડોનો હતો. એની પહેલાં તો મારીને જીવવાનો હતો. પણ ક્રમે ક્રમે જીવાડીને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જીવવાનો જમાનો આવ્યો અને હવે તો મરીને જીવાડોનો મંત્ર વિશ્વવાત્સલ્ય માર્ગે જતાં સર્વોદયના વિકાસમાં આવ્યો છે. એટલે પ્રાણ, પ્રતિષ્ઠા અને પરિગ્રહ--ત્યાગની વાત આવી છે. મારા નમ્ર મતે તો દુનિયામાં એકેએક માણસ સુખથી અને ન્યાય પૂર્વક માનભેર રીતે જીવે તેવી સૌને સમાનાધિકારની જોગવાઈ થાય તો કદાચ અહિંસક પ્રતિકાર પણ ઓછા કરવા પડશે. અલબત્ત એ સ્થિતિએ પહોંચતા પહેલાં જેટલા જરૂરી લાગે તે બધાયે અહિંસક પ્રતિકારો કરવા જ રહ્યા. પણ એ અલગ અને આવશ્યક વાત છે.

આ દ્રષ્ટિએ યંત્રો કરતાં જાતમહેનત અને સાદાઈ ઉપર જેટલો ભાર અપાય તેટલો જરૂરી છે અને મૂડી તથા રાજ્ય કરતાં સેવા અને નીતિ ઉપર જોર અપાય તે જરૂરી છે. દા. ત. ખેડૂત અને ગોવાળ જેવા શ્રમજીવીઓને બહુ ઓછું જૂઠ કે પ્રપંચ કરવાની જરૂર ઊભી થાય. પણ જમીનદાર કે સત્તાલોલુપી કે મૂડીવાદી વગેરેને સત્ય, નીતિ અને ન્યાય સાચવવાં કઠિન થઈ પડવાનાં. ત્યાંસુધી એમનું શોષણ ચાલુ રહેશે અને અહિંસક પ્રતિકાર કરવો પડશે.

વિશ્વહિત માટે સર્વસ્વ ત્યાગની જરૂર

શ્રી બળવંતભાઈ કહે: "મારા નમ્ર મતે આજે કુટુંબનું, ગ્રામનું, દેશનું અને કદાચ આખાયે જગતનું અહિત થતું હોય તોયે તેવું કુકૃત્ય કરવા ઘણા લોકો તૈયાર થઈ જશે! ખરી રીતે તો વિશ્વહિત માટે સર્વસ્વ તજવાની વાત હોવી જોઈએ.

વિનોબાજીના ભૂદાન વ. પ્રયત્નો જે અર્થમાં કામયાબ નીવડવા જોઈએ તેટલા નીવડ્યા નહીં. અસમાનતા દૂર કરવાની વાતો કરવાથી કંઈ ન થઈ શકે; તે તો શ્રમ, સાચી કેળવણી અને એકતાના પ્રયાસોથી જ થાય. સરકારની માત્ર ટીકા કરવી તે પણ બરાબર નથી. સરકારની એક મર્યાદા જરૂર છે પણ તે પોતાની મર્યાદામાં તો શકય તેટલો સાથ આપવા તૈયાર રહેશે. અલબત્ત રાજ્ય ઉપર પ્રજાનું અને પ્રજા ઉપર નીતિ ન્યાયનું પ્રભુત્વ હોવું જોઈએ. ધર્માંધતા, વહેમ,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચટાવ, વ્યાજ વગેરે અનિષ્ટો છૂટે તોજ રાજ્ય સર્વોદયના માર્ગે અને સર્વોદય વિશ્વવાત્સલ્યના માર્ગે જઈ શકે. દુકમાં રાજ્ય, પ્રજા, પ્રજાસેવકો તથા ક્રાંતિપ્રિય સાધ્વીઓના અનુબંધથી ભાલનળકાંઠા પ્રયોગની જેમ અનુબંધપૂર્વક યોગ્ય દિશામાં કામ થાય તો જરૂર વિશ્વમાં મૂળ પલટો કરી શકાય. રામરાજ્ય કે સર્વોદય કંઈ ઉપરથી આવવાના નથી. દરેકે સાથે મળીને પ્રયત્નો કરવા પડશે. મારા નમ્ર મતે બીજાના દુઃખે દ્રવે તે દેવ અને બીજાના દુઃખે હસે તે રાક્ષસ છે.

અસમાનતાનું મૂળ :

શ્રી પૂંજાભાઈ કહે : "મને તો અસમાનતાનું મુખ્ય કારણ ચારેબાજુથી કમાતો માનવી લાગે છે. એક ધંધો અને બાંધી આવક હોય તો પાયાનો ફેરબંધ થઈ જાય. વધુ પડતો સંગ્રહ એજ ઝેર છે. ઝાડ સુદર ત્યાં લગી રહે જ્યાં સુધી અંદરનાં મૂળિયાં પ્રેમપૂર્વક રસ અંધારામાં રહીને પણ ખેંચ્યા કરે, પણ ઉઘઈ લાગે તો ? એમ કિસાન, શ્રમજીવીઓ, માતાઓ વગેરેના સંતોષ ઉપર સમાજ હર્યોભર્યો છે. એટલે અસંતોષ વધે તે પહેલાં જ શ્રીમંતો અને સત્તા લક્ષીઓએ સ્વયં ચેતવું જોઈએ. કલ્યાણરાજના અમલદારો કે શ્રીમંતો વગેરે આ સમજે તો સર્વોદય અને ક્રમથી વિશ્વવાત્સલ્ય તરફ તેમણે આવવું જોઇએ.

શ્રી બલવંતભાઈ : "દાદા ધર્માધિકારીજીના કંઈક આવાજ શબ્દો છે કે "નાગરિકોમાં-લોકોમાં પરસ્પર પ્રીતિ અને વિશ્વાસ હોય તો રાજ્યની જરૂર બહુ ઓછી રહે,' અને લોકોમાં એ જગાડવાનું સાધન નૈતિક જનસંગઠન છે; જેના હાથમાં રાજ્યે આર્થિક-સામાજિક પ્રશ્નો છોડી દેવાં જોઈએ.

વિશ્વવાત્સલ્ય એટલે પ્રાણી માત્રનો સર્વોદય :

પૂ. શ્રી દંડીસ્વામી કહે : વિશ્વવાત્સલ્ય પ્રાણી માત્રનો સર્વોદય ઇચ્છે છે, પણ પ્રથમ આપણે માનવસમાજ લેવો પડશે. બૌદ્ધ ધર્મમાં અર્હંત્, પ્રત્યેક બુદ્ધ અને બોધિસત્વ એ ત્રણ દશા ગણવામાં આવી છે. તેમાં બોધિસત્વ એ છે કે જે બીજા બધાને મોક્ષમાં મોકલી ગાડ઼ રૂપે સૌથી પાછળ જાય છે, ત્યાં સુધી મોક્ષમાં જવાની ના પાડે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભાગવતમાં રંતિદેવનો શ્લોક આવે છે તેના કરતાં પણ નીચેનો શ્લોક વધુ અસરકારક છે; જે મારા મત મુજબ શિબિ રાજાનો છે :—

"ન ત્વહં કામયે રાજ્યં, ન સુખં, ના પુનર્ભવં,
કામયે દુઃખ તપ્તાનામ્ પ્રાણિનામાર્તિ નાશનમ્."

મારે નથી રાજ્ય જોઈતું, નથી સુખ કે નથી પુનર્ભવ; માત્ર જોઈએ છે દુઃખી પ્રાણીઓના દુઃખનું નિવારણ. આ સંદર્ભમાં જ આપણે રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ગાંધીજી વગેરેને લેવા જોઈએ. જો કે ગાંધીજીનો એક અર્થમાં, આ યુગમાં ભગીરથ પ્રયાસ ગણાય. પણ એ અધૂરાને આગળ લઈ જવા પં. જવાહરલાલ, વિનોબા તેમજ આપણે એમ અનેક બળો સંકલિત થઈ પ્રયાસ કરશું તો જ કાર્ય દીપી ઊઠશે.

સર્વોદય અને કલ્યાણરાજ જુદી વસ્તુઓ

શ્રી ચંચળબહેન : અહલ્યાબાઈ હોલ્કરને ત્રણ વર્ષનું બાળક હતું. અને તેના નામે તેણે ગાદી ચલાવવી શરૂ કરી. તે વખતે મરાઠાઓમાં હોલ્કર, ભોંસલે, ગાયકવાડ અને સિંધિયા એમ ચાર શાખાઓ હતી.

એકવાર ભોંસલે ચઢાઈ કરશે એમ સમાચાર મળતાં તે વીર નારીએ તેને સંદેશો મોકલ્યો : "મારા સ્વામી હમણાં જ ગયા છે એટલે કાયર બનીને હું આ વાત કહેવડાવતી નથી. પણ તમે મને જિતશો તો પણ જિતીને તમારૂં શૌર્ય દીપવાનું નથી અને હારશો તો અપયશ પામશો. ખરી વાત એ છે કે આપણે સૌ એક છીએ અંદરો અંદર લડીને ખતમ થઈશું તો દેશ ઉપર અંગ્રેજો ચઢી બેસશે. આજે એકતા દાખવી આગળ વધવાનું છે." આમ આ સંદેશાની જાદુઈ અસર ભોંસલે ઉપર થઇ અને એનાથી હજારોની કતલ થતા અટકી.

આમ સર્વોદયની દિશામાં રાજાઓ, રાણીઓ, બ્રાહ્મણો અને એ બધા પાછળ સંતોએ કામ કર્યું છે, ત્યારે તેની વિકાસગતિ ચાલુ રહી શકી છે."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રી નમિમુનિએ વિષય બહાર ચર્ચા થતી જોઈને કહ્યું : " મહાનુભાવો,! આપણે જે ચર્ચા કરી રહ્યા છીએ તેમાં વિષયાંતર ન થવાની કાળજી રાખવાની છે. રાજાઓ, રાણીઓએ ભલાઇનાં કાર્યો કર્યાં. તે કાર્યોને આપણે કલ્યાણ રાજ્યમાં કદાચ લેખાવીએ પણ તેનો સર્વોદયમાં સમાવેશ ન થઇ શકે. સર્વોદય રાજ્યથી પણ ન થઈ શકે તેમ શ્રીમંતોના દાનથી પણ ન થઈ શકે. કર્તવ્ય કે પ્રાયશ્ચિત માનીને આપે તોજ તે દાન કોઈ પણ પ્રકારની ગ્રંથિનું કારણ ન બને. એટલે રાજ્ય અને મૂડી બન્ને ઉપર લોકસંગઠનો દ્વારા લોકનીતિનો પ્રભાવ પાડવામાં આવે તો જ સર્વોદય સાર્થક થઈ શકે.

વિશ્વવાત્સલ્યની નજીક સર્વોદય

એ માટે જનસંગઠનો, જનસેવક સંગઠનો અને એ બન્નેને સતત માર્ગદર્શન આપનાર ક્રાંતિપ્રિય સાધુ-સાધ્વીઓ જોઈશે. વળી જ્યાં સમાજ આવ્યો ત્યાં પ્રશ્નો, સંઘર્ષ વગેરે અનિવાર્યપણે રહેવાનાં. રોટલો, ઓટલો કે પહેરવેશ મળી જાય, એથી પ્રશ્નો નથી ઊઠવાના એમ માનવું એ પાયાની ભૂલ છે.

એટલે જ આજ સુધી સર્વોદયનું જે સ્વરૂપ વિકસ્યું છે તેમાં સામુદાયિક અહિંસાના પ્રયોગો, સર્વધર્મોપાસના, નૈતિક સંગઠનો તેમ જ રાજ્યને ગૌણ બનાવવા માટેના સક્રિય પ્રયત્નો અને તેમનું અનુસંધાન વગેરે વાતો ઉમેરવી પડશે.

આવતા અઠવાડિયે સર્વોદયના કાર્યક્રમો અંગે વિચાર કરશું ત્યારે વધુ કહેવાશે, પણ હમણાં આટલું તો કહેવું જ પડશે કે વિશ્વવાત્સલ્યની વાતોથી સૌથી નજીક સર્વોદય છે. અને દેશની અંદર કોંગ્રેસ અને પં. જવાહરલાલ છે. પણ એ બન્નેને વિશ્વવાત્સલ્ય સાથે સાંકળવા ઘણો પ્રયાસ કરવો પડશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

[૧૫] સર્વોદયના કાર્યક્રમો અને ખૂટતાં તત્વો

[૩૦-૧૦-૬૧] —મુનિશ્રી નેમિચંદ્રજી અને શ્રી દુલેરાય માટલિયા

મુનિ શ્રી નેમિચંદ્રજી

સર્વોદયના આજ સુધીના સ્વરૂપ વિષે અત્યાર અગાઉ વિચાર થઈ ચૂક્યો છે. હવે સર્વોદયના કયા કયા કાર્યક્રમો છે? તેની વિશેષતા શું છે? અને તેમાં કયા કયા તત્વો ખૂટે છે તે અંગે વિચાર કરી જોઈએ.

કોઈ પણ કાર્યક્રમ નક્કી થાય તો ચાર તત્વોએ તેને તપાસવો જોઈએ :—(૧) સર્વાંગી દૃષ્ટિ (૨) વ્યવસ્થા (૩) સુસંગઠનો સાથે અનુબંધ અને (૪) સાતત્ય. જેથી કાર્યકરો અને જનસંગઠનો ઉપર બરાબર નિયંત્રણ રહી શકે. આ ચાર વાતો જે કાર્યક્રમમાં નહીં હોય તે ગમે તેવો વ્યાપક હશે તો પણ તેમાં લોકશ્રદ્ધા લાંબા વખત સુધી ટકી શકશે નહીં; અને તેમાં દૃઢતા કે ઊંડાણ નહીં આવે. બૌદ્ધ ધર્મના કાર્યક્રમોમાં એવું જ થયું છે કે તે વ્યાપક ખૂબ બન્યો; એક વખત લોકો તેના તરફ ખૂબ આકર્ષાયા; પણ ત્યાં ઊંડાણ ન આવ્યું તેથી શ્રમણ અને શ્રમણીઓમાં સ્વચ્છંદતા વધી, વિલાસિતા ફેલાઈ, કોઈ અંકુશ ન રહ્યો કે કોઇ પ્રેરક બળ ન રહ્યું. જે સર્વાંગી દૃષ્ટિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભગવાન બુદ્ધે આપી હતી તેજ ન રહી; સુસંગઠનો સાથે અનુબંધ ન રહ્યો; ગૃહસ્થ સાધક-સાધિકા સાથેનો અનુબંધ પણ તૂટી ગયો અને વ્યવસ્થા બગડી. એટલું જ નહીં ભિક્ષુણીઓને સંઘમાં સ્થાન આપ્યા બાદ આગળ જતાં સંઘમાં એકબીજાનો અનુબંધ ન રહેવાને કારણે બૌદ્ધ ધર્મ પતન પામ્યો. એટલે કાર્યક્રમોમાં ચારેયનો દીર્ઘદૃષ્ટિથી વિચાર કરવો જોઈએ.

આજના સર્વોદયમાં સંત વિનોબાજીએ સહુથી મહત્વનો જે કાર્યક્રમ ઉપાડયો તે ભૂદાનનો. આખા દેશમાં એની સારી એવી ચળવળ ચાલી; વિદેશોમાં પણ ભૂદાનની હવા ફેલાઈ. વિદેશથી લોકો એ જોવા માટે આવ્યા કે "ભારતમાં લોકો પ્રેમથી જમીન કઇ રીતે આપી દેવા તૈયાર થાય છે!" એમને આ કાર્યક્રમ જોઈ ખૂબ જ પ્રસન્નતા થઈ; આશ્ચર્ય થયું; પણ સર્વોદયના ભૂદાનાદિ કાર્યક્રમોમાં કેટલાંક તત્ત્વો ખૂટતાં હતાં. તે પૂરાવાં જોઇતાં હતાં પણ તે ન પૂરાયાં. કાયક્રમોની સાથે જે રચનાત્મક કાર્યકરો જોડાયા તે ઘડાયેલા ન હતા. એટલે સર્વાંગી દૃષ્ટિ આવે જ કયાંથી? ભૂદાનનું કાર્ય એક રાહતનું કાર્ય સમજવા લાગ્યું. કાર્યકરોનું કોઈ શિસ્તબદ્ધ સંગઠન કે સંઘ ન થયાં. તેઓ વ્યક્તિગત રીતે ભૂમિહીનો અને ભૂમિદાતાઓના સંપર્કમાં આવ્યા. તે જે જનતાના સંપર્કમાં કાર્યકરો આવ્યા તે જનતાનું કોઈ નૈતિક સંગઠન ન થયું; તેથી ઘડતર થવાનો સંભવ ન રહ્યો. ભૂદાનાદિ થયા પછી તેની વ્યવસ્થા અપૂર્ણ રહી તેથી ગોટાળાઓ થવા લાગ્યા. કાર્યકરો, સર્વસેવા સંઘને નામે ભેગા થયા ખરા, પણ ત્યાં બંધારણ કે શિસ્તની વાત ઢીલી હોવાથી આર્થિક ગોટાળા પણ થયા.

ભૂદાન કાર્યના આદ્ય પ્રણેતા સંત વિનોબાજીની પ્રકૃતિમાં સંગઠનો અને સંગઠનોના નિયંત્રણો ઉપર ઉદાસીનતા છે. એટલે તેમણે એ તરફ કદિ ધ્યાન ન આપ્યું. તેમણે વિચાર ફેલાવવાનું કાર્ય મોટે ભાગે રાખ્યું. પરિણામે વિનોબાજી જે ગામમાં જાય ત્યારે ત્યાં હવા ફેલાય પણ તેમના ગયા બાદ ત્યાં વિચારને અનુરૂપ કોઈ કાર્ય કે વ્યવસ્થા ન બને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એટલે સાતત્ય અને નિયંત્રણ ન થઇ શકયાં. કાર્યકરો પણ ભૂદાન અંગે વિનોબાજીની રીતે જ કાર્ય કરતા ગયા. જે ભૂમિ દાનમાં મળી તેની નોંધ તો રહી પણ તેની વ્યવસ્થા ન થઇ. મૂળ તો તેમણે કોઈ જન-સંગઠન સાથે ભૂદાનનો અનુબંધ ન જોડ્યો. બીજી તરફ આ કાર્યક્રમ માટે તેમ જ કાર્યકરોના નિર્વાહ માટે ગાંધી સ્મારક નિધિની મદદ મળતાં; જેમણે કદિ દેશસેવામાં ભોગ નહોતો આપ્યો તેવા ઘણાખરા અણઘડ લોકો કાર્ય કરવા માટે નહીં, પણ રોજીનું સાધન સમજીને જોડાયા. તેઓ મરજીમાં આવે તેમ ખર્ચ કરવા લાગ્યા કારણકે કોઈ નિયંત્રણ ન હતું. આ અનિષ્ટનું નિરાકરણ કરવા માટે કોઈ ઉપાય કે વ્યવસ્થા વિચારવાના બદલે વિનોબાજીએ નિધિ મુક્તિનુ આંદોલન ચલાવ્યું; એટલે કાર્યકરો ઓછા થતા ગયા અને ભૂદાન આંદોલનની નોંધો પણ ઓછી થવા લાગી. ભૂદાન કાર્યક્રમના અન્વયે તેમણે જીવનદાન આંદોલન ચલાવ્યું. એમાં ઉચ્ચ કક્ષાવાળા સાધકોને બદલે અથવા તો વાનપ્રસ્થ જીવનવાળા લોકોને બદલે પ્રાયઃ બાળબચ્ચાંવાળા અયોગ્ય માણસો દાખલ થયા. જેમના ખર્ચ માટે બસો–અઢીસોના પગાર ગાંધી સ્મારકનિધિ મારફત અપાવ્યા અને કયાંક સંપત્તિદાનથી અપાવ્યા. આવા પેટ માટેના સેવકોમાં સેવાની ભાવના ન હોવાથી જીવન–દાનનો કાર્યક્રમ પણ અસફળ જેવો જ રહ્યો.

ગાંધીજીના સમયમાં રચનાત્મક કાર્યકરો સંસ્થા સાથે અનુબંધ રાખીને કાર્ય કરતા હતા. તેમને ભૂદાન કાર્યમાં જોડાવા અને તે સંસ્થાનું કામ છોડવા વિનોબાજીએ તંત્ર–મુક્તિનો કાર્યક્રમ મૂક્યો. પરિણામે ભૂદાન સમિતિઓ તો વિસર્જિત થઇ એટલું જ નહીં, એની સાથે ઘણા અનુભવી કાર્યકરો છૂટા થતાં, સંસ્થાનું કામ ખોરંભે ચઢ્યું. પરિણામે ગાંધીજીની જે સર્વાંગી અને સર્વક્ષેત્રસ્પર્શી દૃષ્ટિ હતી તે ન રહી અને જે સર્વાંગી રચનાત્મક કાર્ય થવું જોઈતું હતું તે અટકી પડ્યું. અનિષ્ટોમાં સંસ્થાની વિરૂદ્ધ વ્યક્તિવાદ જાગ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંત વિનોબાજી અગાઉ કહેતા : "હું ગાંધીજીની કાંધે બેસવાથી નવું અને જૂનું બન્ને જોઇ શકું છું." પણ જ્યારે તેમણે તંત્ર-મુક્તિનો કાર્યક્રમ મૂક્યો ત્યારે તેમને કહેવું પડ્યું : "ગાંધીજી સંસ્થાઓ સ્થાપતા અને વિસર્જન પણ કરતા. એ સંસ્થાઓ વચ્ચે રહીને તેઓ તેમની તકેદારી બરાબર રાખી શકતા પણ મારામાં એ શક્તિ નથી."

આમ કહેવાનું કારણ તેમના વૈદિક સવિશેષે વેદાંતના સંસ્કારો છે. એટલા માટે જ જ્યારે જ્યારે તેમની સંસ્થાઓમાં કાંઈ અનિષ્ટો થાય કે ગોટાળા થાય ત્યારે ત્યારે તેમાં ઊંડા ઊતરી, કારણ તપાસીને દૂર કરવાનું તેમનાથી થતું નથી. ઊલટું તેઓ કંટાળીને કે એ અનિષ્ટોનો ચેપ અમને લાગી જશે એ બીકે સંસ્થાથી છેટા રહે છે. એ સંસ્થાઓની શુદ્ધિ કરવા અને નિર્લેપ રહીને એમાં પેસેલાં અનિષ્ટોને નિવારવા પ્રયત્નો કરતા નથી. સંસ્થામાં દોષપ્રવેશનો જ ઉલ્લેખ કર્યા કરે છે, અને નવી સંસ્થાઓની સ્થાપના કરવી પસંદ કરતા નથી. એની વિરુદ્ધમાં તેમણે તંત્ર-મુક્તિનો (સંસ્થા ઉત્થાપનનો) કાર્યક્રમ મૂક્યો છે. આનું પરિણામ એ આવ્યું છે કે જૂની રચનાત્મક સંસ્થાઓ તૂટી જાય છે; નવી ઘડાતી નથી તેમ જ જૂના રચનાત્મક કાર્યકરોને પણ નવા તકવાદી કાર્યકરોના કાર્યોથી બદનામ થવું પડ્યું છે. અને ભૂદાન કાર્યક્રમ જે સરળ અને સફળ લાગતો હતો તે પાર પડવાના બદલે ગુંચવાતો જાય છે.

એની વિરુદ્ધમાં વિશ્વવાત્સલ્યના પ્રયોગો અંગે પણ ચકાસણી કરી જોઈએ. વિશ્વવાત્સલ્ય સુસંસ્થામાં માને છે. સારા સંગઠનમાં તેને સંપૂર્ણ વિશ્વાસ છે. એટલે સંસ્થા છે ત્યાં ધનસંગ્રહ અને જનસંગ્રહ જોશે એમ માને છે. એ સાથે વહીવટ અને જનઘડતરની આવશ્યકતા સ્વીકારે છે કારણકે તેના અભાવે કાર્યકરો અને જનતાનું ઘડતર ન થઈ શકે; તેમજ વ્રતોને આચરણમાં ન મૂકી શકાય. આટલું બધુ કરતાં યે અટપટા પ્રશ્નો આવે ત્યારે વિશ્વવાત્સલ્યનો પ્રયોગકાર કંટાળતો નથી. તે લવાદી કે શુદ્ધિપ્રયોગથી તેનો ઉકેલ લાવવા પ્રયત્ન કરે છે; એથી પ્રજાનું અને પ્રજાસેવકોનું ઘડતર થાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ ઉપરાંત ગાંધીજીના સમયે કાર્યક્રમો બનતા; તેનો અમલ થતો અને તેની પ્રક્રિયાઓ અને પરિણામો ઉપરથી બીજો કાર્યક્રમ આગળ ધપાવવામાં આવતો. ત્યારે આજના સર્વોદયના સંત વિનોબાજી પાસે એવી કોઇ વ્યવસ્થા નથી. તેમણે એક પછી એક કાર્યક્રમો આપવા શરૂ કર્યા. પણ દરેક કાર્યક્રમ પાછળ ઉપર જણાવેલ ચાર બાબતોનો અભાવ હોય, તો તે લાંબે ગાળે પણ અસફળતાને આરે જઈને ઊભો રહે. નિધિ-મુક્તિનો કાર્યક્રમ પણ અસફળ ગયો કારણ કે તેમણે તરત જ જે શાંતિ સૈનિકોનો કાર્યક્રમ મૂકયો તેમાં વગર ઘડાએલા માણસો શાંતિ સૈનિકો તરીકે દાખલા થવા લાગ્યા. તેમના નિર્વાહનો પ્રશ્ન આવ્યો એટલે તેમનાં નિર્વાહ માટે સર્વોદય-પાત્રનો કાર્યક્રમ મૂકયો. આમ કાર્યક્રમો ઉપર કાર્યક્રમો આવ્યા; પણ સર્વોદયની સાથે જે જનસંપર્કની અને નૈતિક જન સંગઠનની અપેક્ષા રહે છે તે અહીં આવશ્યક ગણાતી નથી.

શાંતિ-સૈનિકોનું જ લઇએ. એ શા માટે છે? એનાથી દેશના હિતની કઇ વાત થવાની છે? દેશમાં શાંતિ સ્થાપવા નિમિત્તે સર્વોદય પ્રયોજિત આ શાંતિ સેનાએ અત્યાર સુધી શું કર્યું? કાશ્મીર, ગોવા, કેરલ, જબલપુર, આસામ, પંજાબી સુબા અને અલીગઢના પ્રશ્નોમાં; હુલ્લડો થયાં. અશાંતિ પ્રવર્તી ત્યારે શાંતિ-સેના કશુંયે ન કરી શકી? એટલું જ નહીં અમદાવાદમાં બંડખોર અને દાંડ તત્ત્વોએ દ્વિભાષીને તોડવા અને મહાગુજરાતની અલગ સ્થાપના અંગે તોફાનો કર્યાં, ત્યાં શાંતિ સૈનિકો ફરકયા પણ નહીં. આ બધાનો સંતોષકારક ખુલાસો લોકોને ન મળે તો પછી એ સર્વોદય પાત્રમાં અનાજ નાખવા માટે ઉત્સાહી કેમ બને? એટલે સર્વોદય-પાત્ર યોજના પણ અસફળ જેવી જ રહી છે.

હવે પાછો કાર્યકરોના નિર્વાહનો પ્રશ્ન ઊભો થયો; ત્યારે સર્વ-સેવાસંઘે નિધિ મુક્તિના બદલે, નિધિ-સંગ્રહનો કાર્યક્રમ મૂકયો. આમ આ કાર્યક્રમ અગાઉના તેમના જ કાર્યક્રમની વિરૂદ્ધમાં છે. એટલે લોક-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિશ્વાસ આવે કયાંથી ? એવી જ રીતે પક્ષ મુક્તિનો કાર્યક્રમ મૂકયો. પણ લોકશાહીને માનનારા પક્ષોને ટેકો આપવાની વાત કહી.

પ્રશ્ન એ થાય છે કે જે કાર્યક્રમ સર્વોદય ન પાર પાડી શકે તે શા માટે ઉપાડવો જોઇએ ? ગ્રામદાનનો જ કાર્યક્રમ લઇએ; એ સવાલમાં બધાય પક્ષોને ગ્રામદાનની પરિષદમાં બોલાવ્યા હતા. પણ બે-ત્રણ પક્ષો સિવાયના ન આવ્યા. અને સરકારે ગ્રામદાનને ટેકો આપવો જોઇએ એવી વાત રજૂ કરવામાં આવી. એનો સીધો અને સ્પષ્ટ અર્થ એ થયો કે કાર્યકરો ગ્રામદાનમાં મળેલા ગામોનું ઘડતર કરી શકવાના નથી અને વ્યવસ્થા તથા ઘડતરનું કામ સરકાર કરે ! જે કાર્ય કાર્યકરો ન કરી શકે અને સરકારને માથે મૂકવાના હોય તો સરકારને તે મુજબ માત્ર સૂચના સલાહ આપવાનો જ કાર્યક્રમ ઘડવો વધારે ઠીક ગણાય. કોરાપુટ (ઓડિસા)માં પહેલાં તો કેટલાક કાર્યકરોએ ગ્રામદાની ગામોમાં જઈને કાર્ય આરંભ્યું. પણ પછી ઝઘડા ઊભા થયા. એટલે રાજકીય-પ્રશ્ન આવતાં; અંતે ત્યાંનું કામ સરકારને સોંપાયું. પક્ષ મુક્તિના બદલે કોંગ્રેસનો પક્ષાશ્રય લેવો પડયો. આમ સર્વાંગી દ્રષ્ટિના અભાવે કાંતો કાર્યક્રમો અધૂરાં રહ્યા, અવ્યવસ્થિત થયા અને કયાંક તો તેની વિરૂદ્ધ જ કાર્યક્રમ આપવાની નોબત આવી.

આજના સર્વોદયના ચાલક સંત વિનોબાજી રાજકારણથી અતડા રહેવાને અને પ્રજાને પણ અતડી રાખવાની વાત કરે છે અને સુસંગઠિતને ઘડાયેલી કોંગ્રેસને પણ ટેકો આપવાની ના પાડે છે. પણ મતદારોને ઘડવાની વાત ગત સર્વોદય સંમેલનમાં મૂકવામાં આવી છે. રાજકારણથી અતડા રહીને આ કાર્યક્રમ કઇ રીતે પાર પડાશે તે જોવું રહ્યું.

કાશીમાં સ્વચ્છ ભારત-આંદોલનો અને ઇંદોરમાં "અશ્લીલ પોસ્ટર હઠાઓ આંદોલન" શરૂ કરવામાં આવ્યાં. પણ વિનોબાજી ત્યાં રહ્યા ત્યાં સુધી થોડોક જુસ્સો રહ્યો; પાછળથી એ ઓસરી ગયો.

આજે સર્વોદયે દેશવ્યાપી કાર્ય કરવું હશે તો ગાંધીજીએ જેને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ટેકો આપ્યો અને જેની શુદ્ધિ–પુષ્ટિ કરી હતી અને જેણે દેશભરમાં રચનાત્મક કાર્યક્રમ આપ્યો અને લોકોને જગાડ્યા અને અંતે આઝાદી અપાવી તેવી ઘડાયેલી સંસ્થા કોંગ્રેસને ટેકો આપવો રહ્યો. એટલું જ નહીં; ક્રાંતિપ્રિય સાધુ વર્ગ દ્વારા પ્રેરિત જનસેવકોનાં વ્યવસ્થિત સંગઠનો તેના હસ્તક ચાલતાં જનસંગઠનો સાથે પણ અનુબંધ રાખવો જોઈએ. નહીંતર આજ એવું લાગે છે કે દેશનાં બે મોટાં બળો–સર્વોદય અને કોંગ્રેસ એકબીજાની વિરુદ્ધમાં જઈને પોતાની શક્તિ વેડફી રહ્યાં છે. સામાન્ય પ્રજામાં પણ સર્વોદયની આજની રીતિનીતિને કારણે બુદ્ધિભ્રમ ઊભો થાય છે.

એટલે સર્વોદયના નવા કાર્યક્રમોમાં ઉપર જોઈ ગયા તે પ્રમાણે જે તત્ત્વો ખૂટે છે તે આ પ્રમાણે છે:—(૧) કોંગ્રેસ સાથે અનુબંધ અને કોંગ્રેસની શુદ્ધિ અને પુષ્ટિ (૨) નૈતિક જનસંગઠનો ઊભાં કરી તેની સાથે ભૂદાન વગેરે કાર્યક્રમો જોડવા. (૩) લોકસંગઠન, લોકસેવક સંગઠન એ બન્ને સંગઠનોનાં માર્ગદર્શન અને દેખરેખની સંપૂર્ણ જવાબદારી લેવી (૪) એક કાર્યક્રમ પૂરી રીતે પાર પાડ્યા વગર બીજો કાર્યક્રમ ઊભો ન કરવો.

ભાલનળકાંઠામાં પ્રયોગો કર્યા પછી અનુભવો ઉપરથી જે વાત લાગે છે તે જણાવવામાં આવી છે. એટલે આધુનિક સર્વોદયે આ ખૂટતાં તત્ત્વો ઉપર વિચાર કરી તેની પૂર્તિ કરવી પડશે તોજ તેની શક્તિનો લાભ સમાજને વધારે ઉપયોગી નીવડશે.

ભાલનળકાંઠામાં ચાલતા રચનાત્મક (કાર્યકરોની સંસ્થાની) પ્રાયોગિક સંઘની વધુ નજીક જે સંસ્થાઓ છે તેમાં સર્વોદય કે સર્વ સેવાસંઘનો ક્રમ પહેલો આવે છે. પણ તે સંસ્થાઓએ સિદ્ધાંતની સાથે વહેવારનો મેળ બેસાડવો જોઈએ અને કાર્યક્રમો ઘડવા જોઈએ. તો દેશના ઉત્થાન માટે, વિશ્વના કલ્યાણ માટે, જે શક્તિઓ કામ કરે છે તેનો લાભ સમાજને વધારે પહોંચશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

(૨)

શ્રી દુલેરાય માટલિયા

કોઈપણ જીવનકાર્યને સમજવા માટે જૈનદર્શનમાં ત્રણ તત્ત્વો આ પ્રમાણે બતાવવામાં આવ્યા છે:—

(૧) નિશ્ચય : એનું તાત્ત્વિક સ્વરૂપ અગર તો તત્ત્વજ્ઞાન સર્વાંગી અને સર્વક્ષેત્રીય દૃષ્ટિએ વિચારેલું છે કે નહીં?

(૨) વહેવાર : એને આચારમાં મૂકવા માટેની વ્યવસ્થા કેવી રીતે ગોઠવાઈ છે. અમલમાં આ વસ્તુ કેટલી મૂકાય છે?

(૩) સંઘજીવન : સંઘ અને સમાજ સાથે એનો અનુબંધ છે કે નહીં!

નિશ્ચયને મુખ્યત્વે નજર આગળ રાખી જીવનને ઘડનાર છે તે સાધુ કહેવાય છે. વહેવારને મુખ્યતા આપીને જે પોતાનું જીવન ઘડે છે તે શ્રાવક કે સાધક કહેવાય છે; અને બહુજન સમાજ જે નીતિને નજરમાં રાખીને પોતાનું જીવન ઘડે છે તે માર્ગાનુસારી કહેવાય છે. આ ત્રણે આમજનતા, સાધકવર્ગ અને ક્રાંતિપ્રિય સાધુના સંદર્ભમાં કાર્યક્રમોનો વિચાર કરાય તો તે જીવન માટે ખૂબ ઉપયોગી નીવડે.

સર્વોદયના સંદર્ભને પણ એજ રીતે જોઇશું. આ રીતે કોઈ પણ વસ્તુ જોવાથી સાચી દૃષ્ટિ લાધે છે. ગાંધીજીએ પણ અને તેમના જેવાઓએ આ ત્રણેને જોયા. ગાંધીજીને જ્યારથી સાચી સમજણ આવી ત્યારથી નક્કી કર્યું કે "સત્ય એજ મારૂં જીવન છે; સત્યને ખોળે હું મારૂં જીવન સમર્પણ કરૂં છું. સત્ય પરમાત્મા મને જ્યાં દોરી જશે ત્યાં હું જઈશ! કોઈપણ રાજકીય પક્ષ, સંસ્થા, કુટુંબ કે જ્ઞાતિ જો સત્યને છોડીને ચાલશે તો તેનો આશ્રય છોડી દઈશ. સત્યના પ્રયોગ કરનાર માટે સંપત્તિ, કુટુંબ કે પંથ કશુંયે નથી!" આ તેમનો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પહેલો કાર્યક્રમ હતો. અને એ કાર્યક્રમમાં બાપુના જીવન પથને અનુસરનાર અને સ્વીકારનાર સર્વોદય વિચારના સાધુ કહેવાયા. શ્રી રવિશંકર મહારાજ આ માર્ગે આવ્યા, ત્યારે તેમની પત્ની કહેવા લાગી: "આ ખેતી અને બાળબચ્ચાનું શું થશે?" પણ તેઓ પ્રભુ ભરોસે છોડીને ચાલી નીકળ્યા.

સ્વામી આનંદ હિમાલયમાં રહેતા હતા, પણ બાપુની સ્વરાજ્યની હાકલ સાંભળીને તે ત્યાંથી આશ્રમમાં આવી ગયા. કેદારનાથજી હિમાલયમાં યોગ સાધના કરતા હતા; તે બાપુના કાર્યયોગમાં જોડાવા ગૃહસ્થનાં કપડાં પહેરીને આવી ગયા. કિશોરલાલ મશરૂવાળા અને ગોમતી બહેન પરણેલા હોવા છતાં અપરિગ્રહ વ્રત લઈને બાપુના કાર્યમાં પરોવાયા. વિનોબાજી બ્રહ્મચારી રહ્યા અને અપરિગ્રહી થઈ બાપુ પાસે રહ્યા. બાપુએ નવાયુગના સાધુઓની આ એક ફાળ ઊભી કરી. પોતાનું સર્વસ્વ મૂકીને બાપુના સત્યના વિચારને સમજવા માટે બાપુ પાસે જુદા જુદા માણસો આવ્યા. મામા સાહેબ ફડકેએ આદિવાસી જીવનના ઉત્થાન માટે પોતાનું જીવન ગાળ્યું. ઠક્કરબાપાએ પણ હરિજન અને પછાતવર્ગ માટે જીવનનું ઉત્સર્પણ કરી નાખ્યું. રવિશંકર મહારાજ જેવા આજે નજરે પડતા એ પૈકીના એક સંતપુરૂષ છે. આમ ભારતમાં ઘણા નવયુગના સાધુચરિત પુરૂષો ગાંધીજીના નિમિત્તે પાકયા છે.

બીજો કાર્યક્રમ : મહાત્મા ગાંધીજીએ સાધકો માટે બીજો કાર્યક્રમ મૂકયો તે સાધકો માટે વ્રતમય જીવન ગાળવા આશ્રમો અને શિક્ષણસંસ્થાઓ ઊભી કરવી. અહિંસાથી માંડીને નમ્રતા સુધીના ૧૧ વ્રતો સહિયારાં જીવનથી જ આવી શકે. એક દિવસમાં કે માત્ર બોલી જવાથી આ ગુણો આવી જતા નથી. બાપુએ આશ્રમ સ્થાપ્યો તેથી તેમણે પોતાનું અને વ્રતબદ્ધ જીવન ગાળનારા સાધકોનું જીવન – ઘડતર કર્યું. જુગતરામભાઈએ શિક્ષણસંસ્થા રૂપ આશ્રમ સ્થાપ્યો અને સમજણપૂર્વકનું વ્રતમય જીવન – ઘડતર કર્યું. આ સંસ્થાઓ વ્રતોને પોષક બની.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્રીજો કાર્યક્રમ : સમગ્ર સમાજને ઘડવા માટે બાપુએ સંસ્થાઓ અને સંગઠનો ઊભાં કર્યાં. સમાજને આર્થિક વહેવાર તો કરવો પડે પણ એ આર્થિક વહેવાર શુદ્ધ કેમ બને ? એ માટે તેમણે ચરખા સંઘ ઊભો કર્યો; જેમાં કાંતનાર, વણનાર, લોઢનાર, પીંજનાર, ધોનાર, રંગનાર બધાને યોગ્ય રોજી મળે અને સમાજમાં એ રીતે યોગ્ય વિશુદ્ધ નૈતિક વહેવાર ચાલે. તે યુગમાં વૈશ્યવૃત્તિના લોકોને બાપુએ કહ્યું : "તમે આવો અને આ ચરખા સંઘને ચલાવો."

હરિજનોના સમગ્ર વિકાસ માટે–સહુથી પછાત ગણાતી કોમ માટે, તેમણે 'હરિજન – સેવક સંઘ' સ્થાપ્યો. ગ્રામોદ્યોગ માટે ગ્રામોદ્યોગ મંડળ તથા ગોસેવા સંઘ સ્થાપ્યો. ખેડૂતોમાં નૈતિક જાગૃતિ આણવા માટે, તેમણે બારડોલીમાં સત્યાગ્રહ કર્યો. મજૂરોમાં નૈતિક શક્તિ આણવા માટે, ચંપારણ, અમદાવાદમાં અનશન કર્યું અને હડતાલ પડાવી. અમદાવાદમાં મજૂર મહાજન નામની સંસ્થા સ્થાપી. મહિલાઓ માટે મહિલા – સંસ્થા સ્થાપી. નાના બાળકોને સંસ્કાર કેમ મળે તે લક્ષમાં રાખી 'નઇ તાલીમ સંઘ' ઊભો કર્યો. આ સંઘો અને સંસ્થાઓએ ગાંધીજીના વિવિધ રચનાત્મક કાર્યક્રમોની પ્રવૃત્તિ ઉપાડી.

ગાંધીજીએ સર્વોદય માટે આ ત્રણ મુખ્ય કાર્યક્રમો મૂકયા હતા.

જે સંત છે તે આત્યંતિક સ્વરૂપના પ્રયોગો કરે છે; અને તેને મુનિશ્રી સંતબાલજી કહે છે તેમ સાધુ કોઇ સંસ્થા, સંઘ, કોંગ્રેસ, પંથ કે સંપ્રદાયનાં બંધનમાં ન હોય. પણ તે, જનસેવકોની સંસ્થા, જનસંગઠનો અને કોંગ્રેસનો તટસ્થ રીતે પ્રેરક હોઇ શકે; સભ્ય કે પદાધિકારી ન હોઇ શકે." એ રીતે નિર્મળ સાધુચરિત્ર પુરૂષોને સંસ્થા, સંપ્રદાય, પંથ કે પક્ષનું બંધન ન હોય, પણ તે સુસંસ્થાઓને ટેકો આપે, માર્ગદર્શન આપે, એની નૈતિક ચોકી રાખે, ધડતર કરે; આ સંસ્થાઓના વિચાર કે જ્ઞાન ઉપર આવરણ આવે ત્યાં દૂર કરે અને જૂનાં ખોટાં મૂલ્યો બદલાવે. ગાંધીજીએ એટલા માટે જ આ બધી સંસ્થાઓ નિર્માણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરી હતી. અને તેમના જેવા સાધુસ્વરૂપે લોકોએ સર્વોદય આણવા સંસ્થાઓનું નિર્માણ પણ કર્યું.

આજે સર્વોદયના કાર્યક્રમોને આપણે એ રીતે વિચારીશું તો લાગશે કે ઉપર બતાવેલ ત્રણ તત્ત્વો પૈકી નિશ્ચય નયના તત્ત્વને પકડી, વિનોબાજીના કાર્યક્રમો ચાલે છે. તત્ત્વજ્ઞાનનું ઉચ્ચ સ્વરૂપ નિશ્ચય નય છે. જો આટલું સમજી લેવામાં આવે તો આજે સર્વોદયના કાર્યક્રમમાં-વહેવારમાં જે ક્ષતિ દેખાય છે, તે ક્ષતિ એના ચાલકો કે કાર્યક્રમ પ્રેરકોની નથી એ જાણી સમજી શકાશે. આટલું સમજી લીધા પછી સર્વોદયના સંચાલક પ્રત્યે વ્યક્તિગત પૂર્વગ્રહ નહીં બંધાય. સર્વોદય વિશ્વવાત્સલ્યના નજીકની સાધના છે. જો એ સાધનાને મૂલવવામાં ભૂલે ચૂકે પણ શરતચૂક થાય તો અનુબંધ-વિચારધારા તૂટી પડવાનો સંભવ છે. ગંગા અને જમના જેમ બે નદીઓ છે તેમ આ બે સાધનાની ધારાઓ છે. ગંગા શાંત છે, જમના વેગીલી છે. તેમ એક સાધના જ્ઞાનપ્રધાન છે, બીજી ભક્તિપ્રધાન છે. જેમ ગંગા અને જમનાનો સંગમ ત્રિવેણી સંગમ થઈ જાય છે તેમ આ બે વિચારધારાને અનુરૂપ ચાલતી સાધનાનો સંગમ જ્ઞાન, ભક્તિ અને યોગના ત્રિવેણી સંગમરૂપે બનાવવો છે એ માટે બન્નેનો સમન્વય કરવો જરૂરી છે.

તો જે દૃષ્ટિએ વિનોબાજીના વિચાર હું સમજ્યો છું; તેને રજૂ કરું છું :—

ગાંધીજીએ કહ્યું હતું : "એક દિવસ એવો લાવવો છે જ્યારે માત્ર સિગનલ બતાવવાની જરૂર પડે, તેથી લોકો સમજી જાય અને પોલિસ વગર પોતે રસ્તે ચાલવાની અને વાહન વહેવારની શિસ્ત પાળે. પોલિસની જરૂર ન પડે. પોલીસને કતાર (કયૂ) રચવાની જરૂર પડે તો સમજવું કે લોકો અથડાઈ જાય છે અને જાતે નિયમ પાળી શકતા નથી. મુંબઇ જેવા શહેરોમાં તો પોલિસ હોવા છતાં પણ અથડામણો અને અકસ્માતો થયા જ કરે છે. એ બીજી રીતે જીવનમાં અથડામણ આવવાનું કારણ જ્ઞાનનો અભાવ છે. જીવનનું ભાન ન હોવાના કારણે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અસંગતિઓ અને ઘર્ષણો ઊભાં થાય છે. જેમ પોલિસ વિના-શિસ્તની સજ્જગ ભાવનાએ રાજ્ય ચાલી શકે, એમ જીવનનો વહેવાર પણ અથડામણો વગર જ્ઞાન વડે ચાલશે.

આ વાત સમજાવવા ગાંધીજીએ ટોલ્સટોય આશ્રમમાં એનો પ્રયોગ કર્યો. ક્રોપાટકિન અને ટોલ્સટોયના વિચારોના આ બધી ગાંધીજીને મળ્યાં હતાં. વિનોબાજી આ વિચારના પુરસ્કર્તા છે. તેઓ કહે છે કે જો ૨૦-૨૫ સમજુ કાર્યકરો આ વાતને નહીં સમજે અને શાસન વગર ન ચલાવી શકે તો શાસન-મુક્ત સમાજરચનાની વાત હવામાં રહેવાની છે. જો આ વિચારને માનનારા લોકો ઉપર દેખરેખ રહે, છુપી પોલિસ રહે, પ્રાયશ્ચિત કરવું પડે અને શુદ્ધિ કરવી પડે તો એ વિચાર અધૂરો છે.

એટલે જીવનદાનીની વાત આવતાં વિનોબાજીએ કહ્યું કે; જેને તંત્ર ન હોય, નિધિ ન હોય, પક્ષ ન હોય, કે કોઇ બંધન ન હોય તે જીવનદાની છે. તે પોતાની સર્વસ્વ શક્તિ ઈશ્વરને સમર્પે છે. આ રીતે સર્વસ્વ અર્પણ કરનારો માત્ર ઈશ્વરના આધારે રહે. તે મુઠ્ઠી અન્ન ભેગું કરી આત્મનિર્વાહ કરે, તેમ જ પોતાના નિર્મળ જ્ઞાન, ત્યાગ, તપશ્ચર્યા વ. ઉપર અવલંબિત રહે. આ નવાયુગનો સાધુધર્મ છે અને તેના પ્રતીક રૂપે રવિશંકર મહારાજ છે. જેમણે પોતાની સર્વસ્વ શક્તિને આ રીતે સમર્પી છે, એવો જીવનદાની જે હશે તે સર્વસ્વ-ત્યાગી બની લોકોના આધારે રહેશે.

પણ, વિનોબાજીના આ કાર્યક્રમનું રહસ્ય સમજ્યા વગર, ગમે તેવા ગૃહસ્થો-કુટુંબ બાળબચ્ચાંવાળા-ની પણ, જીવનદાની તરીકે ભરતી થવા લાગી ત્યારે ગોટાળો થયો. સાધુધર્મને લાગુ પાડવાના નિયમો ગૃહસ્થો ઉપર લાગુ કરવામાં આવ્યા. જે લોકો કુટુંબવાળા કે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બાળકોને પત્નીવાળા છે તેમને બસો અઢીસોથી ઓછામાં પૂરું ન પડે એટલે તેમને જીવનદાનીમાં ગણવા કે લેવા જોઈતા ન હતા.

જીવનદાન નવયુગનો દીક્ષાસંસ્કાર છે. પરિવ્રજ્યા લઈને જીવનદાની પરિવ્રાજકરૂપે ફરશે. જીવનદાનમાં આ યુગની સાધુસંસ્થા નિર્માણ કરવાનાં બી પડયાં છે. જીવનદાન આપનારા સાધુપુરુષો ગાંઠે પૈસા બાંધશે નહીં કે સંગ્રહ કરીને ફરશે નહીં. સાધુ તો કોઈપણ સંસ્થા, પક્ષ, પંથના બંધન વગર અપ્રતિબદ્ધ રીતે વિહાર કરે છે, તેવીજ રીતે નવયુગનો આ પરિપ્રાવક પણ સર્વ-સંગ કે આશકિતથી મુકત રહેશે; તો જ તેનું ચિંતન પૂર્વગ્રહ પરિહારી અને શિસ્તના ભયથી મુકત હશે. આવા સાધુચરિત પુરુષ, લોકો દ્વારા આપેલ સર્વોદય – પાત્રાધારિત હશે. પરમહંસની જેમ એ સાધક મસ્ત હશે.

મૂલ્ય પરિવર્તન માટે નવાયુગનો એ સાધક શું કરે? તેના જીવનમાં કોઈપણ પ્રકારનો પૂર્વગ્રહ, રાગદ્વેષ કે મોહમમતા નહીં હોય. આ મારી સંસ્થા છે, એવો પણ મમત્વભાવ એનામાં નહીં હોય. આવો પૂર્વગ્રહમુકત, સંસ્થામુકત અને પક્ષમુકત સાધક જ વિચાર-પરિવર્તન કરી શકશે. એટલે એવા સાધુ પુરુષે સંઘ, સંસ્થા, નિધિ કે પક્ષ ઉપર નિર્ભર રહેવાનું ન હોય, તેને આજીવિકાનું કામ પણ શું? તેને તો સર્વોદય પાત્ર ઉપર નભવાનું છે અને લોકોના વિચારોનું ઘડતર કરવાનું છે. એ માટે તેને સતત ફરવાનું છે. તેનું કામ હશે અધ્યયન કરવાનું અને સત્યના વિચારોને અતાગ્રહપૂર્વક કોઈના ઉપર લાદયા વગર મૂકતા રહેવાનું છે. એટલે વિનોબાજી આ કાર્યક્રમ દ્વારા નવાયુગની સન્યાસી-સંસ્થાને બેઠી કરી રહ્યા છે, એમ માનીએ તો એ કાર્યક્રમને ન્યાય આપી શકીએ.

એ નિશ્ચયનયના તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ વિનોબાજીએ બીજો કાર્યક્રમ એ મૂકયો કે "કાર્યકરોને ઘડે કોણ?" તેઓ એમ વિચારે છે કે હું ઘડનાર કોણ? ઈશ્વરે સહુને બનાવ્યા છે અને તેજ ઘડશે. મારે વચમાં ન પડવું જોઈએ. આ વાત ઉચ્ચ કોટિએ પહોંચેલા વિનોબાજી જેવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાધકો માટે બરાબર છે અને એ તેમની નિઃસ્પૃહા જાહેર કરે છે. પણ કાર્યકરોને ઘડવા તો પડશે જ એટલે તે કામ કોઈ સંસ્થાએ કરવું જોઈએ. એટલે વિનોબાજીએ ગાંધીજીના સમયની બધી રચનાત્મક સંસ્થાઓનું એકીકરણ કરાવ્યું, અને સર્વ—સેવાસંઘ નામની એક સંસ્થા બનાવવાની પ્રેરણા આપી. આ સર્વ સેવાસંઘ કાર્યકરોનું ઘડતર કરે એમ તેઓ માનતા હોય એવું લાગે છે. પણ ગાંધીજી જેમ સંસ્થાની સ્થાપના કરી તેની વચ્ચે રહીને ઘડતર કરતા તેમ કરવાનું વિનોબાજીની પ્રકૃતિમાં નથી. તેઓ માને છે કે મારું કામ તો માત્ર વિચાર આપવાનું છે. તેઓ કહે છે: "હું તો પ્રજ્ઞ સૂર્ય યજ્ઞનો ઘોડો છું. હું તો સુકત કર્યા કરવાનો. હું વહીવટમાં પડું; સંસ્થા કે કાર્યકરના ઘડતરમાં પડું તો રાગદ્વેષ ચોંટી જાય!" એ દૃષ્ટિથી તેઓ માત્ર વિચાર પ્રચારમાં મગ્ન રહે છે અને સંસ્થા કે કાર્યકરના ઘડતરથી દૂર રહે છે. આ જ વિનોબાજીની મુશ્કેલી છે.

ગાંધી બાપુ સંસ્થા અને કાર્યકર્તા આ બધાનું ઘડતર કરતા. તેઓ આવતા પ્રશ્નોને હાથ ઉપર લેતા, તેને ઉકેલતા, એ માટે જોખમ ખેડતા અને તેનાથી કદિ પણ અકળાતા નહીં; તેમ જ રાગદ્વેષથી નિર્લેપ રહેતા. આ સ્થિતિ વિનોબાજીની નથી. એટલે કાર્યકરો તેમનો આશય સમજ્યા વગર તેમજ તેમના જેટલી ઉચ્ચ સાધકની ભૂમિકાએ પહોંચ્યા વગર અકાળે સત્યસ્ત ધર્મની વાત પકડવા લાગ્યા. વિનોબાજીની જેમ તેઓ ફરવા લાગ્યા અને સંસ્થના વહીવટ, હિસાબી ચોકખાઈ અને ઘડતર ઉપર ઓછું ધ્યાન આપવા લાગ્યા; એટલું જ નહીં સાધકની ઉચ્ચ કક્ષાના અભાવે, વગર સમજે સંઘ, સંગઠન અને સંસ્થાઓથી અતડા રહેવા લાગ્યા. આજના એવા વગર ઘડાયેલા, દૃષ્ટિ વગરના કાર્યકરોમાં વહેવારૂ જ્ઞાન નથી અને સંઘ શ્રદ્ધા પણ નથી. આવા અણઘડ કાર્યકરો જ્યાં જ્યાં જાય છે ત્યાં લોકોને તેમના ઉપર શ્રદ્ધા બેસતી નથી. રવિશંકર મહારાજ કે બબલભાઈ જેવા પીઢ, વ્રતબદ્ધ અને દૃષ્ટિ સંપન્ન સેવકો ભલે ફરે પણ બાકીનાઓને સંસ્થા કે આશ્રમમાં રહી, ઘડતર કરી દૃષ્ટિ મેળવવી જોઈએ. વ્રતબદ્ધ થયેલા સાધકો વિચરે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તો જ આ કાર્યક્રમો પાર પડી શકે! આ વાત પરંપરાગત મોટા કાર્યકરોએ નાના કાર્યકરોને સમજાવવી જોઈએ પણ તેમ થતું નથી; કદાચ પોતે પણ ન સમજતા હોય એવું પણ બની શકે.

હવે તંત્ર (સંસ્થા) મુક્તિ અને પક્ષ મુક્તિના એમના કાર્યક્રમની પાછળ શું રહસ્ય છે? તે વિચારી લઈએ. રચનાત્મક કાર્ય કરનારી, ખાદી ગ્રામોદ્યોગોની ઉત્પાદક સંસ્થાઓની પહેલાં નેમ એ હતી કે જો રાજ્ય કે શ્રીમંતો વગર હસ્તક્ષેપ કર્યે મદદ આપે તો લેવી; પણ મૂળ તત્વ સચવાવું જોઈએ. વિનોબાજીએ જોયું કે સંસ્થાઓ પોતે રાજ્ય કે બોર્ડને આધીન બનતી જાય છે અને સંસ્થાઓ ઉપર રાજ્યપક્ષોની પકડ વધતી જાય છે. સંસ્થાના કાર્યકરો પણ પોતાના સ્વાર્થ માટે એ સંસ્થાઓને પકડીને બેઠા છે અને છોડી શકતા નથી. આમાં સર્વોદય સંબંધી મૂળભૂત મુદ્દો દબાઈ જવા લાગ્યો એટલે વિનોબાજીની અકળામણ વધવા લાગી. તેમણે કહ્યું કે "આ સંસ્થાઓ દ્વારા પ્રયોગાત્મક રૂપ કાંઈ પકડાતું નથી. તે માત્ર રાજ્ય, બોર્ડ કે કાર્યકરોના હાથારૂપ બની ગઈ છે." એટલે "સંસ્થાઓ છોડો એ જાતની તંત્ર મુક્તિ અને પક્ષોની પકડ સંસ્થાઓ ઉપર દૂર કરાવવા તેમણે પક્ષ મુક્તિનો કાર્યક્રમ મૂક્યો. હેતુપૂર્વક સ્થપાતી કોઈ સંસ્થાનો તેઓ નિષેધ કરતા નથી. તેમની પ્રેરણાથી વર્ધામાં "બ્રહ્મ વિદ્યા વિહાર", બોધ ગયામાં 'સમન્વય આશ્રમ' અને બેંગ્લોરમાં "વિશ્વ નીડમ્" વગેરે સંસ્થાઓ, જ્ઞાન-ભક્તિ અને કર્મના સમન્વયરૂપે, કે સર્વધર્મ સમન્વયની દૃષ્ટિએ સ્થપાઈ છે. માત્ર તેઓ ત્યાં પોતે રહીને ઘડતર કરી શકતા નથી અગર તો પોતે તે સંસ્થાઓના મૂંઝવતા પ્રશ્નોને ઉકેલવામાં ઓછો રસ લે છે.

ત્યારે ગાંધી યુગના અને તે સમયના ઘડાયેલા, પીઢ, દૃષ્ટિવાળા અને વ્રતબદ્ધ કાર્યકરોએ-જેમાં નાનાભાઈ ભટ્ટ અને જુગતરામ દવે વગેરે મુખ્ય છે આશ્રમ સંસ્થાઓનું નિર્માણ કરી, તેના દ્વારા અનેક કાર્યકરોનું અને લોકોનું ઘડતર કર્યું. નવયુગનો કાયા પલટો એવી સંસ્થાઓએ કર્યો. એમણે જોયું કે સર્વોદયના પાયાના કાર્ય તરીકે સંસ્થાઓના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘડતરનું કાર્ય છે. એટલે હોમાઈ જવાની કે ફેંકાઇ જવાની પરવા કર્યા વગર એવા ગાંધી યુગના મરજીવા લોકસેવકો કૂદી પડ્યા.

'હળપતિ મુક્તિ'નો કાર્યક્રમ પહેલવહેલાં શ્રી જુગતરામભાઈ દવેએ ઉપાડ્યો ત્યારે એમના માટે સ્થાપિત હિતોએ એટલે સુધી પ્રચાર કર્યો કે એમનું ભાષણ કોઇ પણ સ્કૂલમાં ન થવા દેવું. "આશ્રમ બાળી મૂકશે!" એવી અફવાઓ પણ આવી અને એકવાર તો એમ લાગતું હતું કે આશ્રમ તૂટી પડશે. પણ તેમણે તો નક્કી કરેલું કે 'ભલે આશ્રમ બાળે કે ભાષણ ન થવા દે, પણ સ્વરાજ્યની હાકલ છે એટલે મારે આ કાર્યક્રમ પાર પાડવો જોઇશે!" આજે પંદર પંદર વર્ષના ગાળા પછી પણ કેટલીક સંસ્થાઓ અને કાર્યકરોમાં કાર્યક્રમ માટે કે સામુદાયિક અહિંસક પ્રયોગ માટે હોમાઈ જવાની ભાવના આવી નથી. એટલે જે સંસ્થાઓ, જનસેવકોના ચારિત્ર્ય ઘડતર અને લોકોના નૈતિક ઘડતર માટે જરૂરી છે તે ભલે રહે પણ બાકીની રાહત-રોજી આપનારી અને રાજ્યના પૈસા ઉપર ટકી રહેનારી સંસ્થાઓએ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પ્રમાણે પોતાનું રૂપ બદલી નાખવું જોઇએ અને સેવા સંસ્થારૂપે મટી જવું જોઈએ. તેમજ કાર્યકરોએ એનાથી દૂર રહેવું જોઈએ; આ હતી સંસ્થા મુક્તિ કાર્યક્રમ પાછળની ભાવના. પણ કાર્યકરો અને લોકોના ઘડતર માટે વિનોબાજીની સંસ્થાઓ નિષ્ફળ નીવડી કારણ કે ચોક્કસાઈ, પ્રશ્ન ઉકેલ અને માર્ગદર્શનના અભાવે કોઇ સંસ્થા પોતાના નિશ્ચિત ધ્યેયને ન પહોંચી શકી.

હવે રહી લોક સંગઠનોની વાત. આ સંસ્થાઓએ સાધક કોટિના કાર્યકરો તૈયાર કરવાના હોય છે. સામાન્ય લોકોમાં જ્ઞાન અને સમજણ ઓછાં હોય છે. જ્યાં ગરીબી છે ત્યાં પહેલું કામ એને દૂર કરવાનું હોય છે. આખું ગામ ગરીબીમાં એકતાન-એક પરિવાર કઈ રીતે બને! ગરીબી દૂર કરવા માટે કાર્યક્રમો હોવા જોઈએ. માત્ર જમીનથી આ પ્રશ્ન નહીં પતે. એના માટે ગામેગામ ગ્રામ સંગઠનો હોવાં જોઇએ. જે નૈતિક જ્ઞાન ઉપરાંત ગંદકી શાથી થાય છે; ગંદકીથી શું શું રોગો થાય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે? બાળકોને કઈ જાતનું શિક્ષણ આપવું જોઇએ? ગરીબી શી રીતે દૂર થાય? આ તમામ બાબતોનું જ્ઞાન સત્ય–અહિંસાની દૃષ્ટિએ આપનારૂં એક સંગઠન હોવું જોઇએ. આ સંગઠન પક્ષાપક્ષથી મુકત હોવું જોઇએ. તે પંચાયત અને સહકારી મંડળી વગેરેને દોરવણી આપે જોને લઈને સાર્વજનિક ચારિત્ર્યનું ઘડતર થાય. આ કાર્ય વિનોબાજીના કાર્યક્રમમાં ખૂટતું તત્ત્વ છે.

વિનોબાજી સાધુચરિત્રતા ઉપર પહોંચ્યા છે. તેઓ નિશ્ચયતપની દૃષ્ટિએ વિચારે છે એમાં એમનો વિચારદોષ તો ન કહી શકાય. એ પણ ખરૂં છે કે વિનોબાજીના વિચારોના વાહન બનવામાં સર્વ સેવાસંઘ સંસ્થા નિષ્ફળ નીવડી છે અને તે વધારે બંધબેસતું છે. એક પ્રેરક કોઇ શુદ્ધ વિચાર મૂકે કે તદનુરૂપ કાર્યક્રમ મૂકે પણ તેને અનુસરવા માટે તેની સંસ્થા અચકાતી હોય, અગર તો તેમાં નબળાઈ હોય, તો દોષ સંસ્થાનો છે—વિચાર મૂકનારનો નથી.

ગાંધીજીમાં એ ખૂબી હતી કે તેઓ એવી જ રીતે વિચારો મૂકતા અને જુદી જુદી કક્ષાવાળી સંસ્થાઓ માટે, જુદા જુદા કાર્યક્રમો મૂકતા કે જે અમલમાં ઊતરી શકે એટલું જ નહીં પારે સંગઠનો સાથે અનુબંધ પણ રાખતા; સંગઠનો ઊભા કરતા, અને તેમાં પેસેલા અનિષ્ટોને તપ–ત્યાગ, શુદ્ધિ પ્રયોગ વડે શુધ્ધ કરતા. વિનોબાજી કેવળ સાધુચરિત સંસ્થા સુધી પહોંચ્યા છે; જનસંગઠન નિર્માણ કે જનસેવક સંગઠનના ઘડતર સુધી પહોંચ્યા નથી. આ જનસંગઠન અને સંસ્થા નિર્માણનું કામ અધુરૂં રહ્યું છે, તે ઉપાડવું જોઈએ. રાજ્ય ઉપર પ્રભાવ પાડી શકે એ રીતે રચનાત્મક કાર્યકર સંગઠનને ઘડવું જોઇએ.

એ સર્વોદય સંમેલનો. આરસી અને કર્ણાટકમાં હું હતો. ત્યાં કાર્યકરો ભેગા થયા. રાજકીય પક્ષવાળાઓમાં એક બાજુ વિચિત્ર –નારાયણની પકડ અને બીજી બાજુ કૃપલાણીજીની પકડ ચાલતી હતી. તેઓ તાણા–તાણી છોડી શકયા નહીં. સૌરાષ્ટ્રમાં ઢેબરભાઈ રાજકીય કાર્યકરોના પ્રભાવમાં આવી ગયા તેથી અમો એક નિર્ણય ઉપર ન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવી શકયા. બધા યે પ્રાંતોમાં કાર્યકરોની લગભગ આ સ્થિતિ છે. એટલે આજે સર્વોદયના કાર્યક્રમોમાં વિચારનાં તત્ત્વો બરાબર છે પણ લોકસંગઠનો દ્વારા પ્રયોગ, ઘડતર અને સંગઠનો સાથે અનુબંધના તત્ત્વો ખૂટે છે. વિશ્વવાત્સલ્ય-પ્રયોગ અને સર્વોદય પ્રયોગ એ બે ઘોડાઓ છે. ફેર એટલો જ છે કે એક ઘોડો આચારમાં ખૂટતાં બીજા તત્ત્વોને પૂરે છે; બીજો પૂરતો નથી. જો સર્વોદયના કાર્યકરો તૈયાર હોત તો લોકશકિત ઊભી કરી શકાત અને સંગઠનો દ્વારા ઘડતર કરી શકાત.

બાકી આધુનિક સર્વોદયના પુરસ્કર્તા સંત વિનોબાજીના કાર્યક્રમોની આંતરરાષ્ટ્રિયક્ષેત્ર ઉપર અસર થઇ છે એ એના પ્રબળ નિશ્ચય, વિચાર-તત્ત્વને દર્શાવી જાય છે. ભૂમિદાન, શાંતિસેના, એકતા પરિષદ, અવિકસિત દેશોને મદદ એ ચાર કાર્યક્રમો, વિશ્વના મોરચે એક યા બીજી રીતે સ્વીકારાયાં છે. એવી જ રીતે વિશ્વના સાધુઓને એક થવાની, શાંતિ-સેનાની આવશ્યકતા, પક્ષમુકત સેવાદળની, ગ્રામસ્વરાજ્યની (વિકેન્દ્રીકરણ દ્વારા) ટોચ મર્યાદા. આ વાતોએ ઘાટ પકડ્યો છે. હવે તો વિનોબાજીના વિચારોની છણાવટ કરી, આચારમાં કયાં ખામી રહે છે, એ આપણે બધા યે મળીને દૂર કરવાની છે. આમ કરીશું તો સર્વોદયના કાર્યક્રમોમાં ખૂટતાં તત્ત્વો આપણે પૂરી શકીશું.

ચર્ચા – વિચારણા

સર્વોદયનો વ્યાપક કાર્યક્રમ પણ જાગૃતિપૂર્વક આગળ ધપવું રહ્યું

શ્રી પૂંજાભાઈએ સર્વોદયના કાર્યક્રમો અને ખૂટતાં તત્ત્વો ઉપર ચર્ચા ઉપાડતાં કહ્યું : " ભૂદાન કાર્યક્રમમાં કેટલાક સમજપૂર્વક, કેટલાક દેખાદેખીથી, કેટલાક સ્થાનપ્રતિષ્ઠા અને કેટલાક અંદરથી લાભ મેળવવાની લાલચથી ખેંચાયા. ઘણાને એ જોમ પેદા કરનારો સુંદર કાર્યક્રમ લાગ્યો અને કેટલાકને દેશના ઉદ્ધારનો સર્વોત્કૃષ્ટ કાર્યક્રમ જણાયો. રાજકીય કાર્યક્રમોમાં બાપુજીના કારણે જે જાગૃતિ રખાઇ હતી,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે આમાં ન રખાય. એટલું જ નહીં ઘણા તકવાદીઓ આમાં ઘૂસી તો ગયા પણ તેમણે 'ભૂદાન'ના નામે આડું અવળું ઘણું બાફવું શરૂ કર્યું.

એક નાનો પ્રસંગ ટાંકું. ધંધુકામાં કોંગ્રેસ કાર્યકરોની મીટિંગ હતી. શ્રી ઠાકોરભાઇ દેસાઈ તેમાં આવેલા. તેમને ચિઠ્ઠી મોકલી એક ભૂદાન કાર્યકરે બોલવાની રજા માગી. થોડી મિનીટો ઉદારતાથી અપાઇ પણ તેઓ જે બોલ્યા તેમાં માત્ર વ્યકિતગત બડાઇ અને કોંગ્રેસની નિંદા સિવાય કાંઇ ન નીકળ્યું. એ ભાઇ પહેલાં હાઇસ્કૂલમાં હશે. એમને કોંગ્રેસી કાર્યકરો તરફથી કે કોંગ્રેસી કાર્યકરોને એમના તરફથી દુઃખ થયું હોય એ બનવાજોગ છે. પણ, તે અંગત પૂર્વગ્રહોનો આવા ઠેકાણે ભૂદાન કાર્યકરના નામે દુરૂપયોગ કરવો તે કેટલું વિચિત્ર ! આમ જોને કોંગ્રેસ કે કોંગ્રેસીઓ સાથે ન ફાવ્યું અને કેટલીક વાર તો પ્રત્યાઘાતી વલણવાળાઓને એક વ્યાસપીઠ રૂપ એ કાર્યક્રમ (ભૂદાન) બની જવા લાગ્યો. આચાર કરતાં પ્રચાર વધારે થવા લાગ્યો. આવેશમાં અને ઉત્સાહમાં ઘણા જીવનદાની બની ગયા, પણ ખરેખર જીવન શું ? જીવનદાન શું ? એવું ભાગ્યે જ સમજાયું અને ઝૂકાવી દીધું. ન સંગઠન, ન સંસ્થા, ન વહીવટી કુશળતા. પરિણામે કેટલાક ભૂદાન-યાત્રાના બહાને સમાજમાં રખડતા થઇ ગયા; કેટલાક ખરી ગયા !

આખા કુટુંબને સર્વોદય પાત્ર ઉપર જીવવું કયાં સહેલું છે ? એટલે ભૂદાનમાંથી ઘણા નીકળી ગયા અને તેઓ ભૂદાનની નિંદા કરતા થઇ ગયા. બીજા એવા પણ નીકળ્યા, જેઓ ભૂદાનમાં ગયા પછી ચારિત્ર્ય સાચવવામાં કાચા નીકળ્યા. આથી સમાજમાં એકંદરે છાપ સારી ન પડી. ભૂદાનમાં સમજણપૂર્વક પડનારા બહુ ઓછા હતા.

મેં જોયું કે સારા ગણાતા માણસોએ "માગે છે માટે આપવી પડશે" એમ જાણીને બિનઉપયોગી જમીન આપી. દાનનાં પત્રકો ભરાયાં પણ તેની વ્યવસ્થા-ગોઠવણ થઇ શકી નહીં. સંગઠનો ન ઊભાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કર્યા, ન સંસ્થાઓમાં માન્યું. એટલે ભૂદાનનો કાર્યક્રમ સર્વોત્તમ હોવા છતાં, તેનું વ્યવસ્થિત રૂપ બંધાય તે પહેલાં કાર્યક્રમ જુવાળબદ્ધ આવ્યો એવો જ ઝપાટાબંધ જુવાળ ઓસરી ગયો. ચિત્ર વિખાઇ ગયું.

સંસ્થા થાય તો ડખાડખી થાય. નાણાંની ગોલમાલ થાય, એવા એવા—ભયે સંત વિનોબા ડરી ગયા. પણ, જે વ્યાપક પ્રવૃત્તિ લીધી, તો પછી જોખમ કરીને પણ આગળ વધવું જોઇતું હતું. જો એ પ્રવૃત્તિ જાગૃતિપૂર્વક આગળ વધી હોત તો આવો એનો કરૂણ ફેજ ન થાત. સંત વિનોબાજીની વિદ્વતા, સમજ અને કાર્યક્રમમાં દીર્ઘદૃષ્ટિ જેવું દેખાયું; પણ કાર્યક્રમની દેખરેખ કે નૈતિક આધ્યાત્મિક રીતે પોતાનું નિમંત્રણ નહીં, એટલે આ સ્થિતિ થઇ. પણ તેને સુધારી અનુબંધ વિચારધારીએ તો કાર્યક્રમનું ધરમૂળથી સંશોધન કરી આગળ વધવું જોઇએ.

વ્યાપકતા જેટલું ઉંડાણ પણ જોઇએ

શ્રી દેવજીભાઇ : "સર્વોદય કાર્યક્રમમાં પ્રથમથી જ વ્યાપકતા ઉપર જેટલું ધ્યાન અપાયું તેટલું ઉંડાણ ઉપર ન અપાયું. તેથી કાર્યક્રમો મોટા પણ તેનાં ધાર્યાં પરિણામો ન આવ્યાં. એક ખેડૂત પાસે પાંચસો એકર જમીન હોય. સાધનો, ખેડૂતો, મજૂરી વ. બધું હોય એટલે વાવવા જાય ત્યારે 'બી' ઘણા હોય દેખાવ મોટો લાગે, પણ આવડત ન હોય તો બી જેમ તેમ ફેંકી આવે, તે નિંદામણ ન કરે તો લીલોતરી તો વધુ લાગે પણ ખડામાં પાક ઓછો આવે ત્યારે વ્યવસ્થિત રીતે પચ્ચીશ એકરમાં બી સરખી રીતે વાવનાર વધારે પાકને લણે. બાપુ વખતની મૂડી ઉપર કાર્યક્રમ મોટા મોટા મૂકાઈ ગયા, વિશાળપણ ખરા અને લોકોનું આકર્ષણ પણ જાગ્યું. પાછળથી જે સ્થિતિ થઈ તે ભારે દુઃખદ થઈ. સ્વરાજ્ય પહેલાં જે ભરતી થયેલી એના કરતાં પણ વધારે ભરતી થઈ. એ પ્રવાહમાં મોટા મોટા લોકો તણાઈ આવ્યા પછી સાધારણ લોકનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કહેવું જ શું? એનું એક બીજું કારણ એ પણ હતું કે સ્વરાજ્ય આવ્યા બાદ રાજ્યનો ભરડો જનતા ઉપર વધતો જતો હતો. તેમાં આ આશાજનક કાર્યક્રમ આવ્યો, એટલે લોકોએ રાહતનો દમ અનુભવ્યો. પણ એમાં વ્યવસ્થા, ઊંડાણ કે ઘપાવવાનો કાર્યક્રમ ન હોવાથી એવી પરિસ્થિતિ થઈ છે કે લોકો અન્યાય સામેના બીજા ભવ્ય કાર્યક્રમોમાં પણ જનતા અને જનસેવકો ભળતા અચકાશે. સર્વોદયનો કાર્યક્રમ વ્યાપક છે તે પ્રમાણે તેમાં ઊંડાણ આવે તો જ તે કંઈક સાધી શકશે.

પાયાની ભૂલ

શ્રી બળવંતભાઇ : આર્થિક વિષમતના કારણે, એકના બદલે દશ માણસો મળી રહેતા. શ્રીમંત લોકો ગરીબોને ચૂસતા હતા અને બીજી તરફ સામ્યવાદીઓ હિંસક કૃત્યો આચરી રહ્યા હતા. એવા સમયે વિનોબાજીએ તેલંગણના પ્રસંગ ઉપરથી ભૂદાનનો કાર્યક્રમ મૂક્યો. એટલે શોષણખોરો સામેનો તે કાર્યક્રમ છે એમ માની લોકો રાજી થયા. પણ એકલા વિચાર-પ્રવાહથી શું વળે?

શ્રી માટલિયાએ કહ્યું છે તેમ વિનોબાજી નિમિત્ત આ કાર્યક્રમને ગાંધીયુગના રચનાત્મક કાર્યકરો અને સંસ્થાઓ પણ ન ઝીલી શકી. સંસ્થાઓની મમતા, રાજ્યાશ્રિતપણું કે ઊંડા લોકસંપર્કનો અભાવ ગમે તે કારણે વિચાર ઉદ્દામ હોવા છતાં, પરિસ્થિતિ વિચારવા જેવી બની ગઈ. સર્વોદયમાં જયપ્રકાશજી જેવા પણ ગયા જેઓ રાજકારણથી નિર્લિપ્ત છતાં નિર્લિપ્ત ન રહી શકયા.

મારા નમ્ર મતે શાસનમુક્તિ, સંસ્થામુક્તિ અને નિધિમુક્તિ એ ત્રણેય વાતો મૂળમાં ભૂલવાળી હતી એટલે આજે ફરી શાસન-નિરપેક્ષ અને કોઈને કોઈ પ્રકારે સંસ્થા ઊભી થવાની વાત ચાલુ થઈ છે. નિધિ-મુક્તિના બદલે નિધિ-સંગ્રહની ટહેલ સર્વોદય સંઘે કરેલી છે. હવે આ અંગે અગાઉથી જ જો ઊંડો વિચાર કર્યો હોત તો?

મોડું ન થાય તે પહેલાં સર્વોદય જ્યાં અટકયો છે ત્યાંથી ભાલ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નળ કાંઠા પ્રયોગ-વિશ્વવાત્સલ્ય સાથે જોડાઇ જાય અને ભાલનળ કાંઠા પ્રયોગે પણ સર્વોદયની સાથે તેના સુકાર્યો છે તેની સાથે અનુબંધ જોડી લેવો જોઇએ. તો આ બન્ને મળી આખા વિશ્વમાં અહિંસાનો નાદ ગજવી શકશે. સર્વોદયી કાર્યકરો જોશે તો તેમનાં ખૂટતાં તત્ત્વો વિશ્વવાત્સલ્યના ભાલનળ કાંઠા પ્રયોગમાં તેમને જરૂર મળી આવશે.

સુંદર છે પણ સર્વાંગી નથી :

શ્રી દંડીસ્વામી બોલ્યા : "વાત સાચી છે કે વિનોબાજી વિદ્વતામાં સુંદર છે પણ સર્વાંગીપણામાં કાચા છે. ત્યારે ગાંધીજી પાસે સર્વાંગી દ્રષ્ટિ હતી. ગાંધીજી બધા ક્ષેત્રોની આરપાર નીકળતા. તેઓ મુત્સદ્દી પણ હતા અને મહાત્મા પણ હતા. મુત્સદ્દી એટલે ખેલાડી ગણાય, તેમાં પણ સત્યનું બિંદુ બરાબર નજર આગળ હોય અને સાધનોની શુદ્ધિ જળવાય તો બન્નેનું કલ્યાણ સાધી શકાય, આમ ગાંધીજી, સર્વાંગી, સર્વોદયી અને આધ્યાત્મિક એમ ત્રિમૂર્તિરૂપ હતા. તેમના કાર્યમાં લોકસંગઠન, લોકસેવક સંગઠન વગેરે સંગઠિતરૂપે સહાયક બનેલા.

ત્યારે વિનોબાજી નિમિત્તના કાર્યક્રમોમાં સંગઠિત બળના જોડાણની કચાશ પ્રથમથી રહી ગઇ છે. આમ છતાં એમના નિમિત્તના વિચારોએ અમૂક અંશે રૂપ લીધું અને રચનાત્મક કાર્યકરો એક સ્થળે ભેગા થયા એ સારું થયું છે. પણ જાગૃતિ અને સતત ક્રિયાશીલતા ન રહી તે ખામી થઇ છે. હવે તે પુરાવી જોઇએ."

એક દ્વિધા

શ્રી દેવજીભાઇ : "સંત વિનોબા એક વ્યકિત તરીકે આપણો પૂરો આદર મેળવે છે પણ જેઓ તેમને ગાંધીજીના આધ્યાત્મિક વારસદાર લેખાવે છે અને એમણે જાતે પણ જે વિશ્વક્રાંતિના દાવા સાથે કામ ઉપાડ્યું અને પછી આ સ્થિતિ થઇ તેથી બહુ મોટું નુકશાન પણ થયું છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હું એક સાદો દાખલો આપું. શ્રી રવિશંકર મહારાજ, શ્રી બબલભાઈ જેવા પાયાના ગુજરાતના કાર્યકરોના મનમાં સંત વિનોબાજીના કાર્યક્રમોમાં ભળ્યા પછી ભાલનળકાંઠા પ્રયોગ પ્રત્યે કંઈક દ્વિધા પેદા થયેલી જણાયેલી. એના કારણે ભાલનળકાંઠા પ્રયોગના કાર્યક્રમને રચનાત્મક કાર્યકરો પાસે જે આશા હતી (અને સાથ સહકારનો અધિકાર સ્વાભાવિક છે) તે પૂરતી ન મળી. આના પરિણામે ગુજરાતને અને સરવાળે દેશને તેમજ દુનિયાને એ પ્રયોગોનો લાભ મળવામાં વિલંબ થવાની પરિસ્થિતિ ઊભી થઈ. એટલું જ નહીં કોંગ્રેસને પણ શુદ્ધિ અને સંગીનતામાં જે ધક્કો લાગ્યો તેનું નુકશાન પણ નાનુંસૂનું નથી.

સાવધાની અને સર્વાંગીપણું :

શ્રી પૂંજાભાઇ કહે : "રવિશંકર મહારાજના જે આશીર્વાદ મળતા હતા તે તો મળે જ છે. તંત્ર-મુકિતની વાત ઉપરથી તેમણે ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘનું પદ છોડ્યું. પણ સંબંધ તો મીઠોને મીઠો જ રહ્યોછે. સાણંદ પ્રકરણમાં જરૂર કેટલાક કોંગ્રેસી કાર્યકરોના પ્રવાહમાં તેઓ તણાયા હતા. પણ અંતે તો સત્ય જનતા આગળ આવ્યું અસત્યની પ્રતિષ્ઠા થઇ. શ્રી રવિશંકર મહારાજ સક્રિય રીતે પ્રાયોગિક સંઘ અને નૈતિક ગ્રામસંગઠનો સાથે જોડાયેલ રહે એમાં જગતની વધુ સેવા છે, ગુજરાતની શાન છે અને એ સ્થિતિ દૂર નથી. આ સાધુ-સાધ્વી શિબિરનું ઉદ્‌ઘાટન તેમના હસ્તક થયું એ શુભ નિશાની છે.

વિનોબાજી પાસે ભૂદાન કાર્યક્રમ સહેજ આવી પડ્યો. જે લોકો લાંબા કરતા હતા તેવા ભૂમિહીન – સાધનહીન લોકોને પારણા જેવું કંઈક મળ્યું. વિનોબાજીએ માનવ હૃદય ઉપર શ્રદ્ધા મૂકી કે ક્રૂર અને શોષણખોર માણસ અંતે તો માણસ છે ને? અને એનો એકંદરે તો ફાયદો જ થયો છે. સર્વાંગી દૃષ્ટિ અને વ્યવસ્થાના અભાવે જે હાનિ થઈ તે તો થઈ જ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગ્રામદાન વિષે કહું તો કેટલાક કાર્યકરોએ વિશેષ અતિશયોક્તિ કરીને મેળવ્યાં. કેટલાકે વિનોબાજીની આડે, રાજ્ય અને સમાજ પાસેથી કંઈક મળશે એમ ધારીને ગ્રામદાન કર્યાં. કેટલાકે ગ્રામદાન કરશું તો સરકારી કરજ વગેરેમાંથી રાહત મળશે એવા લોભે કર્યાં. બાકી ભૂમિદાનમાં, ભાલનળ – કાંઠાનો તેમ જ આદરોડાનો વગેરે પ્રસંગ બન્યા તેમાં તો પ્રત્યક્ષ સફળતા નજરે ચડી. ટુકમાં જ્યાં સંગઠનો અને નૈતિક દેખરેખ બરાબર રહી, ત્યાં વાંધો ન આવ્યો. છતાં દીર્ઘદૃષ્ટિનો અભાવ અને ખાસ લોકોએ ભૂદાન પ્રણેતાનું જાગૃતિપૂર્વકની ક્રિયાશીલતા બાબતમાં જે ધ્યાન દોરવું જોઇએ તે ન દોર્યું, પરિણામે વ્યવસ્થા, સાવધાની કે સર્વાંગીપણું નૈ રહ્યાં. બાકી પાટણમાં એ જમાનામાં પૂ. શ્રી રવિશંકરજી મહારાજના સાનિધ્યમાં જે કાર્ય થયું તેમાં ઇશ્વરીય પ્રેરણા હતી એવું લાગ્યું. પણ ગાંધીજી જેમ સાવધાન રહેતા તેમ, આ સર્વોદયી કાર્યક્રમોમાં કાર્યકરોએ સાવધાનીપણું અને સર્વાંગીપણું બન્ને ન રાખ્યાં. તેના વગર સફળતાનો કરણ ફેજ આવ્યો.

ગતિ સાથે દિશા સૂચન

શ્રી સુંદરલાલ : ગતિની સાથે દિશા સૂચન હંમેશા રહેવું જોઇએ. સર્વોદયમાં ગતિ વર્ધકતા તો રહી પણ દિશા સૂચન ખસી ગયું. વિનોબાજી પ્રતિ મને પૂરો ભાવ છે. પણ કાર્યક્રમો પરત્વે તો કહેવું જોઇએ ! "દળાતું ગયું અને કુતરાઓ ચાટતા ગયા" એના જેવું થયું. સત્ય સાથે અહિંસા તેજાબનું કામ કરે છે. પણ યોગ્ય સ્થાનનું ભાન હોવું જોઇએ. હું ભૂદાન કાર્યકરો સાથે ફરતો પણ તેમાં ઊંડા ઊતરતાં સર્વાંગીપણું અને ચોક્કસ દિશા ન દેખાઈ.

આપણે પણ રોજી, રોટી સલામતિ અને શાંતિના કાર્યક્રમો આજે ચાલે છે તેને દિવસે દિવસે વધારશું તોજ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના પ્રમાણે કામ ચાલશે, નહીંતર આપણા પવિત્ર અને વિશાળ કાર્યક્રમના પણ એજ હાલ થશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભૂદાન કાર્યકરોની મનોદશા

શ્રી બળવંતભાઈ : વ્યાપક કામ કરતાં હમેશાં દોષ આવે એમાં વિનોબાજીનો કસૂર કેમ ગણાય ? હમણાં જ માણવદરનો એક પત્ર છે. તેમાં ભૂદાનમાં પડેલા એક કાર્યકરની પૂરી હતાશાનાં દર્શન થાય છે. બીજા ભાઈ વેપારી ક્ષેત્રમાં જવાના વિચારો કરતા જણાય છે. ભાલનળ કાંઠા પ્રયોગમાં તો પૂ. સંતબાલજીનો અખંડ જનસંપર્ક અને જનસેવક સંપર્ક ઉપરાંત અખંડ માર્ગદર્શન તેમજ નાના મોટા બધાની સાથેનું અનુસંધાન એ મોટું બળ છે. તેથીજ તે ગમે તેવા વિરોધના પવન વચ્ચે તે જવલંત દીપમાળા અખંડપણે ઝબકી રહેલી દેખાય છે.

એક વાત કહી દઉં કે ભૂદાન કાર્યક્રમથી ક્ષતિના બદલે ઉન્નતિ વધુ થઈ હશે.

શ્રી શ્રોફ : "હું માત્ર ટીકા નથી કરતો પણ, સંશોધન તો થવું જોઈએ.

શ્રી દેવજીભાઈ : "મારા નમ્ર મતે સંશોધન અંગે સેના કરતાં સેનાપતિ જ વધારે જવાબદાર લેખાય."

ખૂટતાં તત્વો પૂરીએ

શ્રી બ્રહ્મચારીજીએ મધ્યભારતનો ખ્યાલ આપતાં કહ્યું : "સંત વિનોબાજીના ગાંધીજીએ આપેલી પ્રતિષ્ઠા તથા સ્થાનના કારણે; આ કાર્યક્રમ અંગે તરત વ્યાપકતા મળી ગઇ. આવા મોટા અને વ્યાપક કાર્યક્રમ માટે ઘડાયેલા અને સુયોગ્ય કાર્યકરો ન મળ્યા. તેમજ સંત વિનોબા પોતે એક સર્વાંગી ક્રાંતિના સંદર્ભમાં એક નેતાને અનુરૂપ પોતાનો પ્રભાવ ન બતાવી શકયા.

છતાં આપણે ત્યાં જે થયું તેમાંથી શુભ તારવી, સંશોધન કરી, કાર્યકરોને સર્વાંગી દૃષ્ટિ આવી, ક્રાંતિપ્રિય સાધુ સાધ્વીના માર્ગદર્શન તળે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગત ભૂલો સુધારી, ગત લાભનો સંદર્ભ જાળવી, નૈતિક જનસંગઠનો મારફત, આગળ વધવું રહ્યું. આમ ખૂટતાં તત્વો પૂરી સર્વોદયની શક્તિને સાચા સંદર્ભમાં વહેવડાવીએ તો ધાર્યું પરિણામ આવી જશે.

શ્રી બળવંતભાઇ : "ભગવાન મહાવીરે કાર્ય કર્યાં ઓછું કર્યું છે ! ત્યાં સાધક હોવા છતાં, જનસંગઠનોનો પ્રભાવ રાજ્ય ઉપર પડવાના કારણે આજે ભગવાન મહાવીરના અનુયાયી લેખાતા ભાઇ-બહેનો પણ અહિંસાને વ્યક્તિગત કે સામુદાયિક રીતે આચરી શકતાં નથી. આથી અનુબંધ વિચારધારાની વાત સર્વોદયમાં ઉમેરવાની વાત પ્રશસ્ત લાગે છે.

કાર્યકરો જોઇએ—

શ્રી સુંદરલાલ : "સંગઠનો માટે પરિગ્રહ, પ્રાણ અને પ્રતિષ્ઠાનું બલિદાન આપનારા કાર્યકરો પાયામાં જોઇશે.

શ્રી નેમિમુનિ : "પ્રારંભમાં થોડા હશે પણ પછી તો સંગઠનોમાંથી સુંદર ઘડાયેલા કાર્યકરોનો નવો ફાલ પાકશે, એટલું જ નહીં, જૂના કાર્યકરોમાં કચાશ હશે તો સંગઠનો પોતે એમને સાવધાન કરી કચાશ પૂરાવશે અથવા ફેંકી દેશે.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

[૧૬] સર્વોદયનો રાજનૈતિક દૃષ્ટિકોણ

[૬-૧૧-૬૧] મુનિશ્રી નેમિચંદ્રજી અને
શ્રી દુલેરાય માટલિયા

(૧)

મુનિશ્રી નેમિચંદ્રજી

સર્વોદયના વિચારનું ખેડાણ મહાત્મા ગાંધીજીએ જુદા જુદા પ્રયોગો વડે કર્યું. અને તેમના અવસાન પછી વિનોબાજીની પ્રેરણા અને સ્ફૂરણાથી સર્વોદયમાં નવો વળાંક આવ્યો અને ભૂદાન વગેરે કાર્યક્રમો ચાલ્યા. આ કાર્યક્રમોમાં વિનોબાજીની વિચારશક્તિનો પ્રશ્ન છે; તે બહુ વ્યાપક છે એ જોવામાં આવ્યું. પણ, જો એ વિચારોની પ્રયોગશક્તિ ઊભી ન થાય, અગર તો એ વિચારો પ્રયોગમાં લોક ધડતરની સાથે મૂકવામાં ન આવે, ત્યાં સુધી એ વિચારો બહુ જ ઊંચા હોવા છતાં; પ્રયોગ વગર વિચાર માત્ર રહી જાય છે. એટલે આજના સર્વોદયમાં પ્રયોગો ન થયા; તેને સંગઠિત રૂપ આપવામાં આવ્યું નહીં. એટલે સર્વોદયમાં જે મોટું ખૂટતું તત્ત્વ હતું તે છે 'આચારનિષ્ઠા.' આ અંગે આ અગાઉ ચર્ચાઈ ગયું છે. અહીં સર્વોદયની રાજનૈતિક દૃષ્ટિ અંગે જરા વિચાર કરવાનો છે.

સર્વોદયમાં રાજનીતિ અંગે વિનોબાજીનાં વિચારો પણ બહુ જ વ્યાપક છે. પણ તે ભૂમિકાએ પહોંચવા માટે વ્યવસ્થિત કાર્યક્રમના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને પ્રયોગોના અભાવે તે મનની કલ્પના માત્ર બનીને રહી જાય છે. એ અંગે એક દાખલો જોઈએ.

સર્વોદયમાં "શાસનમુક્તિ" અને "શાસન નિરપેક્ષતા"નો નિર્દેશ કરવામાં આવ્યો પણ કાર્યકરો એમાં ઊંડા ઊતરીને વિચારતા નથી તેથી જનતા આગળ શાસનમુક્તિનો વિચાર મૂકે છે. સત્તાસીન સરકાર (શાસન)ને વોટ આપવા જનતાને ના પાડે છે; શાસનથી અલગ રહેવાની વાત કરે છે પણ કોઈ નિશ્ચિત પ્રયોગ કે કાર્યક્રમની વ્યવસ્થા વગર જનતા રોજ-બ-રોજના જીવનમાં આવી પડેલા રાજકારણના પ્રશ્નોથી ઘડાતી નથી. એટલે ઘણી વાર બને છે એમ કે છેવટે રાજ્ય કે રાજનીતિ દાંડ તત્ત્વોના હાથમાં રમી જાય છે. અહીં વિચારવાનું એ છે કે સર્વોદયનો રાજનૈતિક દૃષ્ટિકોણ, વિશ્વવાત્સલ્ય કે કલ્યાણરાજ્યની સાથે કયાં કયાં બંધ બેસે છે? કયાં કેટલો સમન્વય થઇ શકે? કોણ કયાં કેવી રીતે કેટલી પૂર્તિ કરે? આ બધું ઊંડાણથી વિચારવાનું છે.

સર્વોદયના રાજનૈતિક વિચારોનું મુખ્ય સૂત્ર છે : "રાજનીતિને બદલે લોકનીતિ જોઈએ!" આપણા દેશમાં તો શરૂઆતથી રાજા રાજ્ય કરતો હતો અગર તો ગણતંત્ર ચાલતું હતું કે સમવાયી તંત્ર ચાલતું હતું. ત્યારથી જ લોકોની નીતિ પ્રમાણે રાજ્ય ચાલતું હતું. રાજા રાજ્યનો અધિકારી રહેતો પણ, એ અધિકાર એને પ્રજા અને પ્રજાસેવકો (બ્રાહ્મણો)ની સમ્મતિથી અને ઋષિમુનિઓના અભિપ્રાયથી મળતો હતો. એટલે રાજા નિરંકુશ અત્યાચારી કે આપખુદ બની જતો ત્યારે પ્રજા એના ઉપર દબાણ લાવી અંકુશ મૂકતી કે તેને પદભ્રષ્ટ કરતી. રામને ધોબીના એકવચનના કારણે સીતાને વનવાસ આપવાની ફરજ પડી. એ લોકનીતિનું દબાણ હતું. ધોબીનો આશય એ હતો કે પ્રજાની સ્ત્રીઓ પણ "સીતાને રાવણને ત્યાં ભલે પરાણે રહેવું પડ્યું;" પણ એવા બહાના તળે સ્વચ્છંદ ન બને. એટલે રામ પોતાના જીવન ઉપર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવો સહેજ અપવાદ પણ રાખવા માગતા ન હતા. કેટલી ઝીણવટથી લોકો રાજ્યકર્તા, પોતાના અને કુટુંબના જીવનને તપાસતા એ અહીં જાણવા મળે છે.

પશ્ચિમમાં એની વિરુદ્ધ હમેશાં રાજ્ય પ્રબળ રહ્યું છે. ત્યાં રાજનીતિ ઉપર લોકસેવકો (પુરોહિતો) કે લોકોનું નિયંત્રણ રહ્યું નથી. એટલે ત્યાંની પરિસ્થિતિ માટે કહી શકાય કે રાજનીતિને બદલે લોકનીતિ જોઈએ. તે છતાં અહીંની પરિસ્થિતિમાં પણ એ સૂત્ર બોલાય છે એનું કારણ બોલનારા પોતે જ છે. ભારતના ઇતિહાસમાં મધ્યયુગમાં જોઇશું તો જણાશે કે રાજ્ય ઉપર લોકોનું અને લોકસેવકો (બ્રાહ્મણો)નું નિયંત્રણ ન રહ્યું. તેથી રાજ્ય સર્વોપરિ બની બેઠું. ગાંધીજીએ એ પરિસ્થિતિ સુધારી હતી; અને રાજ્ય ઉપર લોકોનું (આશ્રમો દ્વારા લોકો અને જનસેવકોનું) ઘડતર કર્યું હતું. એથી તેઓ બ્રિટીશ-રાજ્ય શાસન ઉપર દબાણ લાવી, તેને શાસનત્યાગની ફરજ પાડી સ્વરાજ્ય અપાવી શક્યા હતા. પણ આધુનિક સર્વોદયે બાપુજીની આ રીત ન સ્વીકારી, લોકનીતિની વાતો તો થઈ પણ લોકઘડતરની પ્રક્રિયા ન સ્વીકારી; ત્યાં સુધી ઊલટો અને ખોટો અર્થ કરી નાખ્યો કે "રાજનીતિથી તદ્દન અલગ રહેવું, રાજનીતિને અડવું જ નહીં, એને ઘડવાની વાત જ ન કરવી. રાજ્યશાસનને ઉખેડવું એટલે કે શાસનમુક્તિ એમાં જ લોકનીતિ આવી જશે! મધ્યયુગની વાત તો બરાબર છે કે લોકો અને લોકસેવકોનું નિયંત્રણ છૂટતાં રાજ્ય સર્વોપરી બન્યું. પણ હાલઘડીએ એમ કહેવામાં આવે કે રાજનીતિ ન જોઇએ તો હવે એને ટાળવી કઈ રીતે? એની કોઈ પ્રક્રિયા ઊભી કરાતી નથી! આ એક ભૂલ તો થઈ છે પણ બીજી ભૂલ એ થાય છે કે જ્યારે રાજ્ય લોકશાહી રૂપમાં આવ્યું છે ત્યારે તેની શુદ્ધિ, પ્રેરણા કે નૈતિક ચોકીથી અતડા રહેવામાં અને પ્રજાને રાખવામાં આવે છે. લોકનીતિ જબરદસ્ત વસ્તુ છે. લોકો જ સ્વેચ્છાએ અનુશાસનમાં આવી જાય, સ્વેચ્છાએ નિયમ પાળે એ તો અત્યંત ઉચ્ચ ભૂમિકાની અને સારી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વાત છે. પણ કશા પણ ઘડતર વગર તે કયાંથી થઈ શકે ? એટલે આજે તો શાસનની જરૂર છે. ત્યાં સુધી શાસનની શુદ્ધિ અને ચોકીને બદલે શાસનથી અતડા રહેવાથી શાસનમુકિતની વાત હવામાં જ રહેવાની.

"શાસન ન જોઇએ, સરકાર ન જોઈએ !"નો નકારાત્મક વિચાર વિનોબાજીને કયાંથી સૂઝયો એનો વિચાર કર્યા વગર એમને અન્યાય થવાનો સંભવ છે. સ્વરાજ્ય પછી દેશમાં જુદા જુદા પક્ષો ઊભા થયા અને સત્તાની પડાપડી થવા લાગી. બધા સત્તા માટે ઝંખવા લાગ્યા. સત્તા દ્વારા જ સેવા થઈ શકશે એવી વાતો કરવા લાગ્યા ! આથી સેવાને બદલે સત્તા હાથ કરવા માટે જે રાજનૈતિક ચાલબાજીઓ થઈ, તેનાથી વિનોબાજીને આ વિચાર આવ્યો હોય એમ લાગે છે. પણ આજે જયાં સત્તા માટે દોટ હોય, ત્યાં શાસનમુકત કે સત્તા છોડવાની વાત બહેરા કાને પડવા જેવી થાય છે. આજે સ્વાર્થ, આકાંક્ષા અને પદલાલસાની આંધળી દોટમાં સેવા, ધર્મ અને નીતિ ગૌણ બન્યાં છે. એટલે વિનોબાજીએ સેવા દ્વારા સત્તાની સમાપ્તિ કરવાની વાત કાર્યકરોને સૂચવી. પરિણામ એ આવ્યું કે સેવાના નામે સર્વોદયી લોકોએ રાજનીતિથી ઉદાસ અને નિર્લેપ રહેવું શરૂ કર્યું. તેથી રાજકારણમાં માથાભારે, તકવાદી અને દાંડલોકો ઘૂસી ગયા. સર્વોદયી લોકો કેવળ વિચારો આપતા ગયા અને રાહતના કાર્યો કરતા ગયા.

કોઈએ પૂછયું કે સત્તા છોડવાની વ્યવસ્થા શી રીતે થાય ? ત્યારે એમણે સત્તાનું વિકેન્દ્રીકરણ સૂચવ્યું. એના ઉપાય રૂપે સર્વોદય સમાજ રચનામાં બે સિદ્ધાંતો મૂકવામાં આવ્યા : (૧) ગામડે ગામડે ગ્રામપંચાયત ઊભી થાય. પ્રાંત માટે પ્રતિનિધિ ચૂંટવાનો અધિકાર ગ્રામપંચાયતોનો રહે અને સરકારનો ન રહે. આમ આખી સત્તા ગ્રામ-પંચાયતોના હાથમાં હોવી જોઇએ. (૨) એ રીતે ઉપરની સરકારના હાથમાં નામ માત્રની સત્તા રહે. રેલ્વે, રસ્તા, વિદેશો સાથેનો વહેવાર, વિ. ઉપરનું નિયંત્રણ કેન્દ્રિય સરકારના હાથમાં રહે. આ સત્તાનું વિકેંદ્રીકરણ કરવા માટે ગ્રામપંચાયતની વાત કરવામાં આવી. પણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જ્યાં સુધી સત્તાના વિકેન્દ્રીકરણની વ્યવસ્થિત યોજના અને સંગઠનો દ્વારા લોકઘડતર ન થાય ત્યાં લગી આ વાત વિચારો આપવાથી આવવાની નથી.

લોકનીતિની નિષ્ઠા માટે સર્વોદયમાં ત્રણ વાતો બતાવવામાં આવી : (૧) અહિંસા, સત્ય, અસ્તેય (૨) નિષ્કામ સેવા, સકામવૃત્તિ સહન (૩) અને દંડ નિરપેક્ષ લોકશક્તિ. આ ત્રણે વાતો વિચારમાં સારી લાગે છે પણ તેના આચરણ માટે શું ?

એ માટે એક ઠેકાણે વિનોબાજીએ લોકનીતિનાં ચાર કર્તવ્યો નીચે પ્રમાણે બતાવ્યાં છે :—

(૧) આ નિશ્ચય કરો કે સરકાર અગર તો લોકો દ્વારા હિંસા ન થાય.

(૨) પોતાના પ્રશ્નો આપણે સરકાર નિરપેક્ષ જનશક્તિથી ઉકેલીએ.

(૩) દેશમાં શિક્ષણ સ્વતંત્રતા આવે.

(૪) આજની ચૂંટણી પદ્ધતિ બદલવામાં આવે.

એ સિવાય (ઉપરની બાબતો) કાનૂની મદદ ન લેવાય, સેના અને શસ્ત્રોનો ઘટાડો આ બધા વિધાનોની પાછળ કોઈ વહેવાર અનુભવ થયો હોય કે પ્રયોગ કર્યો હોય એમ લાગતું નથી.

અનુભવ, વહેવાર કે પ્રયોગના અભાવે આજના સર્વોદયના પ્રણેતા વિનોબાજીના રાજનૈતિક વિચારો અસ્પષ્ટ, પરસ્પર વિરુદ્ધ અને કયાંક તો અસંગત લાગે છે. એક વખત વિનોબાજી સ્વરાજ્ય પછી સુરાજ્ય કે સુશાસનની વાત કરે છે અને એવા સુશાસન માટે ' સત્તા નિરપેક્ષ નિષ્પક્ષ સમાજ 'નું સ્વરૂપ મૂકે છે ત્યારે બીજી તરફ શાસનમુક્તિની વાત પણ કરે છે.

વિનોબાજીના શબ્દોમાં જ કહીએ તો દેશની વર્તમાન પરિસ્થિતિ જોતાં ત્રણ પક્ષો રહેશે. એક અધિકારી પક્ષ રહેશે, જે બહુસંખ્યાના આધારે રાજ્ય ચલાવવાની જવાબદારી ઉપાડશે. બીજો એક વિરોધી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પક્ષ રહેશે, જે તેમના કાર્યમાં સહાય કરશે. જ્યાં સહકારની જરૂર હશે, ત્યાં સહકાર અને જ્યાં વિરોધની જરૂર હશે ત્યાં વિરોધ કરશે. આ બન્ને પક્ષો રાજનૈતિક ક્ષેત્રમાં કામ કરશે. એ ઉપરાંત એક ત્રીજો પક્ષ નિષ્પક્ષ સમાજનો હોવો જોઇએ જે આ અધિકારી કે વિરોધી દળનો નહીં હોય પણ તે જુદી જમાત હશે. આ જમાત સેવાના કામમાં તથા રાજતંત્ર-લોકતંત્ર બન્નેને મર્યાદામાં રાખનારી હશે. એના માટે એક દેશવ્યાપી મોટો કાર્યક્રમ હશે. આ કાર્યક્રમોના નીચેના પાંચ મુદ્દા હશે :—

(૧) સ્વ-પૂરની જીવનશુદ્ધિ.

(૨) નિત્ય નિરંતર અધ્યયનશીલતા.

(૩) સમાજસેવાના ઉપેક્ષિત ક્ષેત્રો પ્રત્યે ધ્યાન આપવું.

(૪) સમાજજીવન અને સરકારી કામોમાં જ્યાં ભૂલ જુએ, અનિષ્ટો જુએ ત્યાં જાહેરાત અને નિર્દેશ કરે; પણ રાગદ્વેષ રહિત થઈને. અને જરૂર પડે ત્યાં સક્રિય પ્રતિકાર-સત્યાગ્રહ પણ કરવો.

(૫) સમાજ જીવનના ગૂંચવતા પ્રશ્નોનો અહિંસાત્મક નૈતિક ઉકેલ કાઢે.

આ બધી વાતો સુશાસનની તરફેણમાં જાય છે. એટલે 'શાસનમુક્તિ'નું પ્રયોજન આ વાતને ગૂંચવે છે. ઉપરાંત એકવાર તેમણે એમ પણ કહ્યું કે સુશાસન પણ ન જોઈએ. તાત્કાલિક કારણોસર કે રાજ્યસરકારની ભૂલો તરફ તેઓ ઘણીવાર ઉકળીને જે વિધાનો કરે છે તેનો કોઈ મેળ બેસતો નથી. તેમણે એકવાર કહ્યું : "સરકાર કોઈ ભૂલભરેલું કામ કરતી હોય ત્યારે તેની સામે અવાજ ઉઠાવવા માટે અમારી જરૂર નથી, પણ સરકાર કોઈ સારૂં કામ કરતી હોય ત્યારે જ જોરદાર અવાજ ઉઠાવવા માટે અમારી જરૂર છે. દુઃશાસનના વિરોધમાં તો મહાભારતમાં વ્યાસે અવાજ ઉઠાવ્યો જ છે. ખરાબ શાસન ચાલે છે તો લોકો જ ટીકા કર્યા કરે છે એમાં અમારી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જરૂર નથી.” આ રીતે પરસ્પર વિરોધી અને અસંગત વિચારોથી સર્વોદયના રાજનૈતિક દૃષ્ટિકોણમાં ગુંચવાડો ઊભો થાય છે.

શાસનમુક્તિ સાથે શાસન ઉપર ઋષિઓની નૈતિક સત્તાની વાત; સરકારો ન હોવી જોઇએની સાથે સરકારનું સ્વરૂપ જનતા ઉપર નિર્ભર છે—ની વાત; આમજનતા અને કાર્યકરો બન્નેને ગુંચવાડામાં નાખનારી વાત છે. આનું એકજ કારણ છે કે વિધાનો પાછળ પ્રયોગયુક્ત અનુભવ થયો નથી. એની પાછળ વિનોબાજી ઉપર વેદાંતની અસર જણાઈ આવે છે; એટલે તેઓ વિચાર ઉચ્ચ હોવા છતાં આચાર પાછળ ઝાઝું ધ્યાન આપતા નથી.

ત્યારે, વિશ્વવાત્સલ્યના પ્રયોગોમાં, વિનોબાજી જે વાત સર્વોદય વિચાર રૂપે રજૂ કરે, તેનો અમલ થાય છે. ભારતના ઇતિહાસમાં એવું છે કે અહીં રાજનીતિ-લોકનીતિને અનુકૂળ રહી છે, કારણ કે અહીં રાજ્યને સમાજનું એક અંગ વર્ણવ્યવસ્થા પ્રમાણે ગણવામાં આવ્યું છે. એનાથી તદ્દન ઊલટું પશ્ચિમના ઇતિહાસમાં છે કે ત્યાં રાજ્ય એજ સર્વોપરિ ગણાતું. આ પાયાની વાતો સમજ્યા વગર લોકનીતિ કે રાજ્યનીતિનો તફાવત નહીં જાણી શકાય.

એટલે ભારત માટે ઐતિહાસિક પરંપરા પ્રમાણે જે અનુકૂળ વાત છે તે લોકશાહીની છે. ભારતીય લોકશાહીમાં રાજ્યનું ઘડતર લોકો દ્વારા થવું જોઇએ; લોકોનું ઘડતર લોક સંસ્થાઓ દ્વારા થવું જોઈએ; લોકો અને રાજ્યનું ઘડતર લોકસેવકો દ્વારા સંગઠનના માધ્યમ વડે થવું જોઇએ અને સર્વ ઘડતર ક્રાંતિપ્રિય સાધુઓ દ્વારા થવું જોઈએ.

ઉપરોક્ત દૃષ્ટિએ વિશ્વવાત્સલ્યમાં ભાલનળકાંઠા ક્ષેત્રમાં પ્રાયોગિક સંઘ દ્વારા અને ગ્રામ સંગઠનો કે જનસંગઠનો દ્વારા રાજ્યનું ઘડતર અને શુદ્ધિ થાય એવો પ્રયોગ વર્ષોથી ચાલી રહ્યો છે. આમ તો રાજ્યમાં પણ લોકશાહી શાસન હોઇને લોકોજ છે; લોકોના પ્રતિનિધિ છે. એટલે લોક અને રાજ્ય બન્ને જુદાં રહેતાં નથી પણ બન્નેની મર્યાદા અલગ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અલગ છે. રાજ્ય–મર્યાદા અને લોકમર્યાદા બન્નેમાં ફરક હોઇને રાજનીતિ અને લોકનીતિ એમ બે ભેદ કરીએ તો પણ બન્ને સાપેક્ષ છે. જ્યાંસુધી રાજ્યની જરૂર છે ત્યાંસુધી તેને સુરાજ્ય બનાવવા લોકોનું રાજનૈતિક દૃષ્ટિએ ઘડતર થવું જોઇએ; અને તે ઘડતર નૈતિક ગ્રામ–સંગઠનો દ્વારાજ થઇ શકે. લોકનીતિની રાજનીતિ ઉપર અસર થવા માટે રાજ્યની શુદ્ધિ અને પુષ્ટિ બન્ને કામ પણ સાથે સાથે થવા જરૂરી છે. એ જરૂરી નથી કે એના માટે સત્તા કે હોદ્દા લેવા જોઇએ. શુદ્ધિ માટે ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ (રચનાત્મક કાર્યકરોની સંસ્થા) પ્રેરણા આપે છે. અને જ્યાં રાજ્ય કોઈ લોકહિત વિરોધી કાયદા બનાવતું હોય ત્યાં પ્રેમપૂર્વક વિરોધ અને શુદ્ધિ પ્રયોગ કરે છે. એટલુંજ નહીં રાજકીય ક્ષેત્રમાં–આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં આ રાજ્ય સંગઠન (કોંગ્રેસ) સારી રીતે કામ કરી શકે, સંસ્થાવાદને દૂર કરવા માટે પ્રયત્ન કરી શકે તે હેતુથી મતદાન દ્વારા કોંગ્રેસ (રાજ્ય સંગઠન) ને નિશ્ચિત બનાવી પૃષ્ટિ કરે છે. જ્યારે જ્યારે આવી સંસ્થા ઉપર આફત આવે ત્યારે પૂરેપૂરી મદદ કરે છે. આનેજ વિશ્વવાત્સલ્ય પ્રયોગમાં પ્રેરક–પૂરક બળ કહેવામાં આવે છે. પ્રેરકબળ છે પ્રાયોગિકસંઘ અને પૂરકબળ છે ગ્રામસંગઠન.

લોકોને ઘડવાની કે રાજ્યને લોકો અને લોકસેવકો દ્વારા ઘડવાની જવાબદારી જ્યાંસુધી સર્વોદયના આજના પ્રેરક ઉપાડતા નથી; ત્યાંસુધી સર્વોદયની બધી વાતો કલ્પના જેવી લાગ્યા કરશે. ત્યારે વિશ્વવાત્સલ્યના પ્રેરક એ વસ્તુને પોતાની જવાબદારી માને છે. રાજનીતિને ઘડ્યા જતાં તેના અનિષ્ટો ચોંટશે એમ માની સર્વોદય સંત અને કાર્યકરો દૂર ભાગે છે. આવી પલાયનવાદી વૃત્તિ વિશ્વવાત્સલ્ય પ્રયોગમાં નથી. સરકાર ન જોઈએ એમ કહેવાથી સરકાર ખસવાની નથી. ઉલ્ટું શુદ્ધિ અને ઘડતર પ્રત્યેની ઉપેક્ષાથી અનિચ્છનીય તત્વો પેસી જવાના, તે સર્વોદય માટેજ ભારી પડવાના'

એવીજ વાત ગ્રામપંચાયતોની થઈ છે. સત્તાનાં વિકેન્દ્રીકરણ માટે ગ્રામ પંચાયતોની વાત સારી હતી પણ ગ્રામોનું નૈતિક ઘડતર ગ્રામ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંગઠનો દ્વારા નહીં કરવાને લીધે, ગ્રામપંચાયતોમાં માથા ભારે કે દાંડ તત્વો કે તકવાદી લોકો પેસી જવાનો ભય છે અને રહેશે. રાજસ્થાન અને આંધ્ર પ્રદેશમાં સત્તાનું વિકેન્દ્રીકરણ કરવામાં આવ્યું અને પંચાયતો ઊભી કરવામાં આવી, પણ ત્યાં અનિચ્છનીય તત્વોએ પગપેસારો કરી લીધો. બીજી તરફ પંચાયતોનું નિયંત્રણ તો સરકારના હાથમાં જ રહ્યું એટલે લોકનીતિ કયાં રહી? લોકોનું ઘડતર ન હોય અને સત્તા, ગ્રામ પંચાયતના હાથમાં સોંપવામાં આવે તો દાંડ તત્વો ઘૂસી જતાં લોક-નીતિના નામે દાંડ-નીતિ ચાલ્યા કરે. એટલે જ વિશ્વવાત્સલ્ય પ્રયોગમાં પ્રજાનું ઘડતર જન-સંગઠન (એટલે ગામોમાં ગ્રામસંગઠન શહેરોમાં મધ્યમવર્ગી તથા માતૃસમાજ સંગઠન) કરે અને એવાઓનું પ્રતિનિધિત્વ ગ્રામ પંચાયતોમાં તથા સહકારી મંડળીઓમાં રાખવામાં આવ્યું છે; તેમજ શુદ્ધિ દ્વારા લોકઘડતરની પ્રક્રિયાને ચલાવવાનો ભાર પ્રાયોગિક સંઘ ઉપર મૂકવામાં આવેલ છે.

સર્વોદયનો જે બીજો વિચાર અગાઉ મૂકાયો હતો તે છે: કેન્દ્રીય (રાજ્ય) સરકાર પાસે ઓછામાં ઓછી સત્તા રહે." ઘણી રીતે એ વાત બરાબર લાગે છે કે રાજ્ય સરકાર ગજા બહારનાં ક્ષેત્રો ઉપાડે તો કાંતો એ તૂટી પડે અથવા દરેક ક્ષેત્રોમાં તે કાર્યક્ષમ ન બની શકે. પણ એ સત્તા ઓછી કરાવવા માટે કે જ્યાંથી એની સત્તા ઓછી કરાવામાં આવે એ ક્ષેત્રો કોણે હાથમાં લેવાં? એના અંગે ન તો કોઈ કાર્યક્રમ ઘડાયો છે કે નથી. તેની આછી રૂપરેખા પણ આપવામાં આવી. તો પછી સત્તા કઈ રીતે ઓછી થઈ શકે?

આના સંબંધમાં વિશ્વવાત્સલ્ય-પ્રયોગ માને છે કે સામાજિક અને આર્થિક ક્ષેત્રો લોકસંગઠનો પાસે, સંસ્કૃતિ અને શિક્ષણનાં ક્ષેત્રો જનસેવક સંગઠનો પાસે તેમજ માત્ર રાજકીય ક્ષેત્ર સરકાર પાસે રહેવાં જોઈએ. જનસંગઠનોએ કોંગ્રેસનું—રાજ્ય સંગઠનનું માતૃત્વ સ્વીકારવું જોઈએ. આના સંદર્ભમાં વિશ્વવાત્સલ્યે અહિંસક પ્રયોગો ભાલનળકાંઠા પ્રદેશમાં કર્યા છે અને ઉપર કહેલાં ચાર અન્ય ક્ષેત્રો-સમાજ, અર્થ, સંસ્કૃતિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને શિક્ષણ—લોકસંગઠનો અને લોકસેવક સંગઠનોને મળે તે માટે સતત પ્રયાસ ચાલુ રાખ્યો છે. વિશ્વવાત્સલ્ય પ્રયોગના પ્રેરક મુનિશ્રી સંતબાલજીએ પણ એથી વધારે વખત ઉપવાસો કર્યા છે. મુંબઈ રાજ્યે પસાર કરેલો નવો ગણોતધારો જેમાં ખેડૂતો તરફ અન્યાય થતો હોઈ ને સરકારની સામે પ્રેમપૂર્વક કાનૂનભંગ કર્યા સિવાય ૮ મહિના શુદ્ધિ પ્રયોગ ચાલ્યો હતો. આમ સત્તા ઓછી કરવા માટે સર્વોદયે પણ નક્કર કાર્યક્રમો ગોઠવી દેશને આપવા જોઇએ.

એ ઉપરાંત સર્વોદયે સત્તાના વિકેંદ્રીકરણની વાત રજૂ કરી પણ તે અંગે યોજના આપી નથી. ત્યારે વિશ્વવાત્સલ્ય–પ્રયોગ પાસે સત્તાના વિકેન્દ્રીકરણ માટે સમૂહ (ગ્રુપ) ગ્રામ પંચાયતવાળી ગ્રામ સંગઠનની યોજના ઘડેલી છે. ૧૯૫૬ માં પંડિત જવાહરલાલ નેહરૂ જ્યારે અમદાવાદ આવ્યા હતા ત્યારે તેને રજૂ કરવામાં આવી હતી અને તેમણે એ એ યોજના પસંદ કરી હતી. એ યોજના પ્રમાણે ૭ ગામ અથવા ૫૦૦૦ની જનસંખ્યામાં ૧ પંચાયત હોવી જોઇએ. આનાથી ચૂંટણીના અનિષ્ટો દૂર થાય. ચૂંટણીમાં કોમવાદ, જાતિવાદ કે ભાઈ-ભત્રીજાવાદ પ્રવેશે છે તેનો આમાં પ્રવેશ સંભવ નથી. આવી ૨૦ ગ્રામ પંચાયતો મળીને એક તાલુકા પંચાયત (૩૫ ગામ કે ૧ લાખની વસતી પાછળ) બને. ૫ તાલુકા પંચાયત (૫ લાખની પાછળ) એક પ્રાદેશિક પંચાયત બને. અને ૧૦ પ્રાદેશિક પંચાયતો ઉપર એક કમિશ્નર રહે જેનો સીધો સંબંધ કેંદ્રીય સરકાર સાથે રહે. કેંદ્રીય સરકારના હાથમાં મુખ્યત્વે આંતરરાષ્ટ્રીય ક્ષેત્ર તથા મોટાં નગરો તથા રાષ્ટ્રરચનાના કેટલાક મહત્વના પ્રશ્નો રહે. આ રીતે સત્તાના વિકેન્દ્રીકરણની યોજના અમલમાં આવે તો નીચેથી સત્તા ઉપર સુધી ચાલે, લોકઘડતર પણ થાય અને ચૂંટણીનાં અનિષ્ટો અને મોટા ખર્ચાઓ પણ ટળી જાય. આને પ્રયોગાત્મક બનાવવાની વાત સર્વોદયમાં નથી. ત્યારે વિશ્વવાત્સલ્ય પ્રયોગ પાસે છે.

તે ઉપરાંત લોકનીતિની નિષ્ઠા માટે ત્રણ વાતો સર્વોદયે રજૂ કરી છે. જેમાં (૧) અહિંસા, સત્ય, અસ્તેય (૨) નિષ્કામ સેવા અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સકામ વૃત્તિ સહન—આ બાબતો તો સુસંગઠનો દ્વારા પ્રયોગમાં મૂકયા પછી જ થઈ શકે. એનું આચરણ તો સુસંસ્થાઓ દ્વારા ઘડતર વડે થઈ શકે એ તો સ્પષ્ટ હકીકત છે. લોકનીતિની ત્રીજી નિષ્ઠા માટે "દંડ નિરપેક્ષ લોકશક્તિ"ની જે છેલ્લી વાત કરવામાં આવી છે તે અંગે કોઈ પણ પ્રયોગ કે યોજના કર્યા વગર તે લોકોના ગળે ઊતરે એ જરા વધારે પડતું છે. એના માટે તો જ્યાં જ્યાં હિંસા, અન્યાય અને અત્યાચાર થાય ત્યાં હિંસાના બદલે અહિંસાના પ્રયોગો કરીને બતાવવા જોઇએ. એમ ન થાય તો બીજાં અનિષ્ટો અને અરાજકતા પ્રસરવાનો મોટો ડર રહે છે. રાજ્યના હાથમાં વ્યવસ્થા કરવાનો અધિકાર લોકોએ આપ્યો છે. હવે કોઈ પણ પ્રકારનો દંડ ન રહે એવું વિધાન કરનારાઓએ જેવું જોઈએ કે કોઇ પણ સ્થળે હિંસા ફાટી ન નીકળે તેના ઉપાયો કાર્યકરોએ કરવા જોઈએ; અને જો તોફાનો ફાટી નીકળે તો ત્યાં હોમાવા માટે જવું જોઇએ; અને તપત્યાગ વડે શાંતિ સ્થાપિત કરવી જોઇએ. જેથી રાજ્યને (સરકાર) કાયદો, કાનૂન, કોર્ટ, પોલિસ, લશ્કર, શસ્ત્રાસ્ત્રો વ. દંડશક્તિનો પ્રયોગ ઓછામાં ઓછો કરવો પડે; એવી ભૂમિકા જનતામાં ઊભી કરવી જોઈએ. લવાદી પ્રયોગ દ્વારા ઝઘડાઓ પતાવવા જોઈએ, શુદ્ધિપ્રયોગ દ્વારા અહિંસક પ્રતિકાર, અન્યાય નિવારણ માટે કરવો જોઇએ તેમજ ઘડાએલી શાંતિસેના દ્વારા હુલ્લડો વખતે શાંતિ સ્થાપિત કરાવવી જોઈએ. આ બધા કાર્યક્રમો વડે લોકોની હિંસાના બદલે અહિંસા ઉપર નિષ્ઠા વધારવી જોઇએ.

આ બધા ઉપર બતાવેલા પ્રયોગો વિશ્વવાત્સલ્યના પ્રયોગકારોએ નાનકડા પ્રદેશમાં સુસંગઠનો દ્વારા કર્યા છે—અને દંડનિરપેક્ષ લોકશક્તિ ઊભી કરી છે. વિશ્વવાત્સલ્યના એ પ્રયોગકારોને શ્રદ્ધા છે કે જો એવા જ પ્રયોગ સર્વોદયી કાર્યકરો પણ કરે તો જ દંડનિરપેક્ષ લોકશક્તિ ઊભી કરી શકે. વિનોબાજીએ જે નિષ્પક્ષ સમાજની કલ્પના કરી છે તેનો પ્રયોગ ભા. ન. કાઠા પ્રાયોગિક સંઘે સત્તાથી પર થઈને સિદ્ધ કરી બતાવ્યો છે. તેમજ વિરોધી પક્ષ અને નિષ્પક્ષ સમાજની જે કલ્પના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિનોબાજીએ મૂકી છે તેને પૂરક–પ્રેરક બળ માનીને પ્રાયોગિક સંઘ કામ કરવા માટે પ્રેરાય છે. રાજ્યની શુદ્ધિ અને પુષ્ટિનું બમણું કામ એ કરે જ છે.

સાર એ છે કે જે વિચાર સર્વોદયના આધુનિક પ્રેરકોએ, રાજનીતિ વિષે મૂક્યા છે, તેને વિશ્વવાત્સલ્યના પ્રેરકો અમલમાં લાવી સક્રિય રૂપ આપે છે. એટલે સર્વોદય અને વિશ્વવાત્સલ્યમાં વિચારમાં ઝાઝો ફેર રહેતો નથી. કયાંક ફેર રહે છે તેને સર્વોદય એક યા બીજી રીતે, સાચું લાગ્યા પછી સ્વીકાર કરે છે અને કરશે. મૂળ ફરક રહે છે આચારનો. સર્વોદયના પ્રેરકો આ દૃષ્ટિકોણ સમજી જે કંઈ તત્વ ખૂટે છે તેની પૂર્તિ, વિશ્વવાત્સલ્યની રીતે કરી, કામ કરશે તો સર્વોદય અને વિશ્વવાત્સલ્ય એક વ્યાસપીઠે રહીને કાર્ય કરી શકશે, અને એથી દેશ અને દુનિયાને મોટો લાભ થશે.

સત્તા માટે તો બન્ને નિરપેક્ષ છે. સર્વોદય, સત્તાસીન કોંગ્રેસ પક્ષના સિદ્ધાંતોને અંજલિ આપવા છતાં તેને મતદાન માટે નિશ્ચિંત બનાવી શકતો નથી. જ્યારે વિશ્વવાત્સલ્યે તેને નિશ્ચિંત કરવાની પ્રક્રિયા વર્ષોથી આદરી છે. અને જ્યાં રાજ્ય શાસન પક્ષ (કોંગ્રેસ) સિદ્ધાંત ભંગ કરતો દેખાય છે ત્યાં પ્રેમપૂર્વક વિરોધ, સમજૂતી અને અહિંસક શુદ્ધિ પ્રયોગ દ્વારા તેને અટકાતવા અને સિદ્ધાંત ઉપર સ્થિર રાખવાનો પ્રયાસ કરે છે. સર્વોદય નિષ્પક્ષ કે પક્ષાતીતતાના નામે બધાય પક્ષોને ગોળ અને ખોળની જેમ એક સરખા ગણી શંભુમેળો ઊભો કરવાનો પ્રયાસ કરે છે; ત્યારે વિશ્વવાત્સલ્ય સંસ્થાઓનો પાયો પ્રેરક બળ અને ઉછેરના મૂળભૂત ફરકને ઊંડાણથી સમજીને કોંગ્રેસ પક્ષમાં જનતા અને જનસેવકોના સંગઠનરૂપે પૂરક પ્રેરક—બની તેની શુદ્ધિ–પુષ્ટિ કરી, ઉપરોકત રીતે સત્તાનું વિકેન્દ્રીકરણ સક્રિય લાવવા મથે છે.

આ છે સર્વોદયનો રાજનૈતિક દ્રષ્ટિકોણ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

[૨]

શ્રી દુલુરાય માટલિયા

સર્વોદયના રાજનૈતિક દૃષ્ટિકોણ વિષે અત્યાર સુધી જે વાતો થઇ તેના અનુસંધાનમાં જણાવવાનું કે ; સર્વોદયને ઘડનાર ગાંધીજી હતા. એટલે ગાંધીજીનો દૃષ્ટિકોણ શું હતો તે જાણવું જરૂરી થશે.

ગાંધીજી જ્યારે આફ્રિકામાંથી એક પ્રયોગ કરીને ભારતમાં આવ્યા ત્યારે; અહીં ઘણા અલગ અલગ વર્ગો હતા. એક હિંસાદ્વારા ક્રાંતિમાં માનનારો વર્ગ હતો. બીજી હિંદુ મહાસભા હતી. ત્રીજી મુસ્લિમ લીગ. ચોથો વિનીત વર્ગ. પાંચમો તિલક ગોખલે વ. નો સ્વરાજ્યવાદી દૃષ્ટિકોણવાળો વર્ગ. આમ જુદા જુદા વર્ગો હતા. સમાજવાદી પણ કામ કરતા હતા. એમણે એમ ન વિચાર્યું કે એ બધા વર્ગો સરખા છે. જો કે તેઓ બધા સાથે હળતા, મળતા અને સ્નેહ રાખતા. કોંગ્રેસમાં પણ ક્રાંતિવાદી, વિનીત અને મવાલ વગેરે વિચારતા લોકો હતા. એમની પાસે ગાંધીજીએ માંગણી કરી કે " મને પ્રયોગ કરવાની તક આપો ! " પણ બધાય વિચારના લોકોને ગાંધીજી ઉપર વિશ્વાસ શી રીતે બેસે ? વિશ્વાસ બેસાડવા માટે વિનય અને સેવા જોઈએ ! સાથે સાથ બહુમતિ પણ જોઈએ. તે સમયની કોંગ્રેસમાં, મોતીલાલ નેહરૂ જેવા વિદ્વાન હતા, તિલક જેવા " સ્વરાજ્ય અમારો જન્મસિદ્ધ અધિકાર છે " એમ કહેનારા પણ હતા. ઝીણા સાહેબ જેવા વિનંતિ કરીને ચાલનારા પણ હતા. આ બધાને સમજાવવા કઈ રીતે ?

ગાંધીજીએ વિનય અને સેવાના સૂત્રો ચાલુ કર્યા. તેમણે પોતાના સ્થાન કે માનની પરવાહ કર્યા વગર; સહુથી પહેલાં તે વખતના પ્રમુખશ્રીને ફાઇલો કાઢી આપવી, બટન લગાડી દેવા અને ઓફિસ–રેંક વગેરે વ્યવસ્થિત કરી દેવી, તેમનાં વ્યાખ્યાનો લખી આપવા અને નોંધ પણ કરી આપવી, આ બધી સેવાની પ્રવૃત્તિઓ શરૂ કરી. આમ તેમણે સુરબ્બીઓનાં મન જીતી લીધાં. પછી તેમણે જોયું કે રસ્તાઓ અને

P.P. Ac: Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શેરીઓ ગંદા છે, એટલે જાતે સફાઇ શરૂ કરી. એથી ઘણા લોકો ખુશ થયા. ત્યારબાદ ગાંધીજી કોંગ્રેસમાં દાખલ થઈ શકયા.

ગાંધીજીનો વિનય નમ્રતાના અર્થમાં આવ્યો પણ એના કારણે સિદ્ધાંતના પાયાના સવાલમાં નમતું મૂકવું એ તેમણે કદિ ન સ્વીકાર્યું. એમણે સેવા–વિનય અને સત્ય એ ત્રણથી કદિયે વેગળા ન રહેવાનો નિશ્ચય કર્યો. આ પછી પણ તેમણે પોતાના વિચારો કોંગ્રેસમાં દાખલ કરાવવા માટે જરા પણ ઉતાવળ ન કરી, તેમણે એના પ્રયોગો કર્યા. તેઓ આખું હિંદ ફર્યા. તે વખતે ચંપારણમાં ગળીના કારખાનાના મજૂરોની લડત ચલાવી, સાથોસાથ બિહારના ખેડૂતોનો ત્રાસ મટાડ્યો. અમદાવાદમાં મજૂર મહાજનની સ્થાપના કરી મજૂર અને મિલ–માલિકના ઝઘડા દૂર કર્યા. નમક–કર માટે લડત ચલાવી દાંડીની ઐતિહાસિક કૂચ કરી. તેમાં ખેડૂતોને પણ લીધા. આથી તેઓ લોકોના અને કોંગ્રેસના વિશ્વાસપાત્ર બની ગયા. ત્યાર પછી ગાંધીજીએ કોંગ્રેસને ઢંઢોળી અને જણાવ્યું : "જો મારે કોંગ્રેસને વાહન બનાવવી હોય તો, એને શકિતશાળી બનાવવી જોઇએ અને એમાં જે તત્ત્વો ખૂટે છે તે ઉમેરવા માટે પુરૂષાર્થ કરવો જોઈ એ. એટલે વિરોધી વલણ ધરાવતા લોકોને પણ ગાંધીજીએ એક સૂત્રતામાં બાંધ્યા. લોકસંપર્ક વધારવા માટે તેમણે કોંગ્રેસી–કાર્યકરોને કાર્યક્રમો આપ્યા. આમ કોંગ્રેસને શકિતશાળી બનાવવાનો તેમનો પ્રયાસ સફળ થયો. પણ તેમને હજુ નિષ્ઠાનો તાગ મેળવવો હતો. એટલે તેમણે રજૂ કર્યું કે "કાંતે તે પહેરે! આ આજની રાષ્ટ્રિય એકતા માટેની મૂળભૂત વસ્તુ છે. એને ન માને તે નીકળી જાય." કેટલાક તે વખતે કોંગ્રેસમાંથી ખસી પણ ગયા. આ પછી કોંગ્રેસમાં ઘણા ઉતાર–ચઢાવ આવ્યા. તપ, ત્યાગના ઘણા કાર્યક્રમો આપી બાપુએ એ સંસ્થાને ઘડી; અને તેને સત્ય–અહિંસાની દિશામાં ગતિશીલતા આપી.

આ પછી ગાંધીજી એક ડગલું આગળ વધ્યા. તેમણે પૂનાના કોંગ્રેસ અધિવેશન વખતે કોંગ્રેસના બંધારણમાં 'સત્ય–અહિંસા' શબ્દ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લાવવાનું સૂચન કર્યું. પણ તે વખતના સંયોગોમાં ગાંધીજી પ્રતિ આદર હોવા છતાં, તેમના દ્વારા પ્રસ્તુત 'સત્ય–અહિંસા'ની ભાવનાને જાળવવાની ઇચ્છા હોવા છતાં; એ શબ્દો બંધારણમાં તેઓ લાવી ન શકયા. ગાંધીજી કોંગ્રેસથી છૂટા થયા પછી પણ ઘણા આંચકા આવ્યા, અલગ રહ્યા, છતાં છેવટ સુધી તેને સમર્થન આપતા ગયા.

વિનોબાજીએ એનાથી જુદો માર્ગ અપનાવ્યો છે. કોંગ્રેસે શાંતિમય બંધારણની રીતે આગળ વધવાની દિશા સ્વીકારી છે. સામ્યવાદી લોકો ગુપ્તતા અને હિંસાને છડેચોક માને છે અને કોંગ્રેસ પણ એ બન્નેનો આશ્રય લેશે તો આગળ નહીં વધી શકે. તે માટે અગુપ્તતા અને અહિંસાનો આશ્રય લેવો જોઈએ. આ એ વસ્તુઓ અને આર્થિક વિષમતા મટાડવા માટે જમીન ઉપરની માલિકી ઘટાડવા માટે ભૂદાન વગેરેના કાર્યક્રમો એમણે ઉપાડયા. બ્રહ્મપુરીમાં કોંગ્રેસના મુખ્ય કાર્યકર્તાઓ આગળ તેમણે પોતાના વિચારો રજૂ કર્યા. કોંગ્રેસે હવે સત્ય–અહિંસાને પ્રગટ કરી વિષમતા તોડવી જોઇએ. ઢેબરભાઇએ તે માટે પ્રયત્નો કર્યા; પં. જવાહરલાલજીની સદ્‌ભાવના રહી, છતાં પણ કોંગ્રેસ એ વસ્તુને ન સ્વીકારી શકી. કોંગ્રેસ એક પક્ષ રૂપે નહીં પણ રાષ્ટ્રના ધન રૂપે છે તે છતાં વિનોબાજીએ બીજા પક્ષોને તેની હરોળમાં મૂકવા કહ્યું કે "કૃપલાણી, અશોક મહેતા, લોહિયા વગેરે વિરોધપક્ષમાં હોવા જોઇએ, એમની સેવા વિરોધપક્ષમાં જરૂરી છે; વિરોધ પક્ષમાં રહે તે છતાં તેમની સેવા દેશ માટે જરૂરી છે. તેઓ પણ દેશના રત્ન છે." વિનોબાજીએ આમ કોંગ્રેસને બધા પક્ષોની બરાબરીમાં મૂકી તે બરાબર ન થયું અને પં. જવાહરલાલ નેહરૂને પણ તે વાત ન ગમી.

ત્યાર બાદ બધા કોંગ્રેસ વતી સત્તા લેવા માટે ઝંખવા લાગ્યા. એટલે વિનોબાજીએ સત્તા નિરપેક્ષ રહેવાની વાત કરી. વિનોબાજીએ આ ભૂમિકાએ કોંગ્રેસને એકપક્ષ કહી, સર્વ સેવા સંઘ પક્ષાતીત રહે એ માટે વિનોબાજીએ લોકનીતિની વાત કરી. લોકનીતિ લોક ઘડતર વગર ન થઈ શકે. વિનોબાજીની મુશ્કેલી ત્યાં છે! લોકોને ઘડવા માટે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંગઠનો નથી, પોતે ઊભાં કરતાંયે નથી અને ઘડવાની પણ જવાબદારી લેતા નથી. એનું કારણ એમની વેદાંત સંતવૃત્તિ છે. તેમણે સત્ય-અહિંસાની અને વિષમતા દૂર કરવાની વાત કરી, કાર્યકરોને પણ સત્તાલક્ષી બનવા કરતા સેવાલક્ષી બનવાની વાત કરી. પણ, એથી રાજ્ય સંગઠન (સત્તા)ની શુદ્ધિ કે ઘડતર કરવાના બદલે સર્વોદયી કાર્યકરો કોંગ્રેસની ટીકા કરવા મંડી પડ્યા. એથી બીજા પક્ષો નજીક આવ્યા પણ એકંદરે સર્વોદયી કાર્યકરોને તેમનો કડવો અનુભવ થયો અને બધાને ભેળવતાં સર્વ પક્ષોનો ખીચડો કરી નાખ્યો અને લોકોની કોંગ્રેસ પ્રતિ શ્રદ્ધાને ડહોળાવી નાખી. પરિણામે કેટલાક સારા કોંગ્રેસ કાર્યકરો પણ કોંગ્રેસમાંથી ખસી ગયા. આ નીતિથી સંસ્થા ઘડાતી નથી કે કાર્યકરો પણ ઘડાતા નથી.

સર્વોદયી કાર્યકરોએ ગમે તે કારણે એમ માની લીધું છે કે વિનોબાજી જાતે સંસ્થામાં માનતા નથી. પણ ખરેખર એવી વાત નથી. વિનોબાજી સંસ્થામાં માને છે; પણ સંસ્થાને ઘડવામાં માનતા નથી. આના સંદર્ભમાં તેમણે પરિસ્થિતિ-પરિવર્તનના કાર્ય પ્રસંગે કહ્યું હતું કે "ગુણવાન સંસ્થાઓને રાખવી, દોષ મુક્ત સંસ્થાઓને છોડવી અને જેમાં ગુણ વધારે અને દોષ ઓછા હોય તેવી સંસ્થાઓને પણ રાખવી અને ઘડવી." પરિસ્થિતિ પરિવર્તન માટે સંસ્થા જરૂરી છે, પણ, સંસ્થાને ઘડવાનું કામ સમાજનું છે, એમ તેઓ માને છે. જ્યારે વિશ્વવાત્સલ્ય પરિસ્થિતિ-પરિવર્તન માટે સંસ્થાઓ સ્થાપવાની અને ઘડવાની જવાબદારી પ્રાયોગિક સંઘ અને ક્રાંતિ પ્રિય સાધુઓની માને છે.

મતલબ એ કે આજના સર્વોદય અને વિશ્વવાત્સલ્ય વચ્ચે સૈદ્ધાંતિક ફરક બહુજ ઓછો છે. ફરક છે એના પ્રયોગની પ્રક્રિયામાં. એના લીધે ભૂમિદાન કાર્યક્રમોમાં ગૂંચવાડા ઊભા થાય છે અને પ્રાયોગિક સંઘવાળા પણ દૂર રહે છે. બન્ને નજીક આવે એની ભૂમિકા તૈયાર થવી જોઈએ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચર્ચા-વિચારણા

ગાંધીજી બાદ સર્વોદય વિચાર પ્રવાહ

શ્રી માટલિયાજીએ સર્વોદયના રાજકીય દૃષ્ટિકોણ ઉપર આજની ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું : "ગાંધીજીએ કોંગ્રેસમાં રાજકીય-નેતાઓ અને નવલોહિયા યુવાનો બંનેને વિનય અને સેવાથી આકર્ષીને કોંગ્રેસનું રૂપાંતર કરી તેને વાહન શી રીતે બનાવી તે વિષે આપણે સવારે વિચારી ગયા હતા.

ગાંધીજી પછી સર્વોદયના વિચારને વેગ અને ગતિ આપનાર વ્યક્તિઓમાં મોખરે બે પુરુષો આવે છે : (૧) પં. જવાહરલાલ નેહરૂ, (૨) વિનોબા.

પં. જવાહરલાલે ૧૯૩૩માં કોંગ્રેસના પ્રમુખ તરીકે ચાવીરૂપ દેશના ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ, દેશના વૈજ્ઞાનિક યંત્રોનું ઉદ્યોગીકરણ, અને સમાજવાદની આસપાસમાં રાજ્યની નીતિ ગોઠવવા અંગે વિચાર્યું. પણ ત્યારે ખૂબ ઉહાપોહ થયો. મહાત્માજીએ પણ પંડિતજીની સાથે પત્રવહેવાર કર્યો. તે વખતે વકીલો, વિદ્વાનો, મૂડીવાદીઓ વગેરે બધા જ કોંગ્રેસની સાથે હતા. તેમને સ્થાપિત હિતવાળા ગણીને કોંગ્રેસની શક્તિ ન તોડવી એમ બાપુ વગેરેની સલાહ હતી. પંડિતજીએ તે વખતે ધીરજ રાખી. પણ પાછી સન ૧૯૫૦માં તેમણે એ વાત ફરીથી મૂકી. ત્યારે બાપુ ન હતા. પણ, ચતુરબુદ્ધિ સરદારે સલાહરૂપે કહ્યું : "લોકો ચમકી જશે. પરદેશોમાં પણ વિરોધ થશે. એ લોકોને કહેવાનું થશે કે આ તો સામ્યવાદ તરફ જઈ રહ્યા છે." એટલે મૂળ સ્વરૂપ એનું એજ રહે પણ એની એજ વાત બીજા શબ્દોમાં કહેવી જોઈએ ! એટલે તે વખતે "સહકારી કલ્યાણકારી રાજ્ય" એ મતલબના શબ્દો મૂકાયા. "આવડી અધિવેશન" વખતે "સમાજવાદી ઢબ" અને પછી ક્રમે ક્રમે "સમાજવાદી સમાજ રચના" શબ્દો મૂકાયા. અને છેવટે "લોકશાહી સમાજવાદી રચના" શબ્દ આવી પહોંચ્યો. આમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પં. જવાહરલાલ નેહરૂએ ૧૯૩૩ થી ૧૯૬૧, આમ અઠ્ઠાવીસ વરસે કૉંગ્રેસ પાસે આ વાત કબૂલ કરાવી. આ રીતે કૉંગ્રેસને તેમણે પોતાનું વાહન સિદ્ધ કરી આપ્યું.

શ્રી ઢેબર કૉંગ્રેસ પ્રમુખ તરીકે આવ્યા. ત્યારે તેમને લાગ્યું કે સ્થાપિત હિતોની પકડતો છે જ. નગરના લોકો કૉંગ્રેસમાં વધારે આવે છે એમ પણ તેમણે જોયું. આથી કૉંગ્રેસ નગરપ્રધાન બની છે. હવે જો ગ્રામપ્રધાન બને તો સારૂં. એ માટે એમણે ગામડાંમાંથી પ્રાથમિક સમિતિ અને લગભગ વીશ હજારની વસતિમાંથી એક મંડળ સમિતિ બને તેમ વિચાર્યું. શહેરમાં પણ એ જ રીતે મંડળ સમિતિઓ આવી. જો કે જે લોકો કૉંગ્રેસમાં અડ્ડો જમાવીને બેઠા છે તેવા લોકોએ કૉંગ્રેસ બંધારણમાં આવેલા આ પાયાના નવા સુધારાઓ અમલમાં ન આવે તે માટે ભરચક પ્રયત્નો કરી તેને પૂરી સફળતા મળવા દીધી નથી; તે છતાં યે કૉંગ્રેસને અને દેશને મળેલી આ એક અભૂતપૂર્વ ભેટ છે.

કૉંગ્રેસમાં આ રીતે જોતાં પરિવર્તનશીલતાનું ઝમીર રહેલું છે. માત્ર એને પૂરેપૂરા દૂરદેશી અને દીર્ઘદર્શી નેતાઓ મળવા જોઈએ. પંડિત જવાહરલાલ નેહરૂ પંચવર્ષીય યોજના આપી દેશને પોતાની રીતે ઘડી રહ્યા છે. સત્તાના વિકેંદ્રીકરણ તરફ લઈ જવા પંચાયતી–રાજ માટે તેઓ પ્રયત્ન કરી રહ્યા છે. અલબત્ત, જ્યાં લગી ગામડાંમાંથી નીચેથી ઘડાઈને જનશક્તિ ઉપર નહીં આવે ત્યાં લગી ઉપરથી આવેલું પંચાયતી રાજ કાં તો સત્તાની મૂળ ચાવી પોતાના ગજવામાં રાખીને એટલે કે–રાજ્યના આશ્રિત રહીને–આવશે. એનાથી સાચો અર્થ સરશે નહીં. અથવા, ગામડાંને કુલ સત્તા આપવામાં આવે તો પણ, તેમાં દાંડ, માથાભારે કે અનિચ્છનીય તત્ત્વો જ ઉપર આવી જશે. એટલે કે ધરમૂળથી નવી અને શુદ્ધ નેતાગીરી ઊભી કરવાની નીચેથીજ જરૂરી છે એ વાત દબાઈ જશે.

હવે સંત વિનોબા તરફ આવીએ. સંત વિનોબાજીને હું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સમજું છું ત્યાં સુધી તેઓ કોંગ્રેસને માને છે અને તેને અંજલિ આપે છે. (૧) બ્રહ્મપુરી–ઓરિસ્સા, (૨) અસિંકરી મૈસૂર, (૩) ગૂજરાત. આમ ત્રણ વખતે તેમણે કોંગ્રેસનું ગાંધીપરિવારનું મહત્વનું અંગ ગણીને મહત્વભરી અંજલિ આપી છે-નમ્રતાથી આપી છે. પણ તેઓ મૂળે એ જાતની "એકાંત સન્યાસ"ની વૃત્તિવાળા છે કે તેઓ આંચકા આપીને પલટો કરાવી ન શકે. સર્વાંગી ક્રાંતિકારે તો વિશ્વભરમાં અનેક સ્થળે આંચકાઓ મારવા પડશે. તો જ તે લોકક્રાંતિ કરાવી શકશે.

આપણે જોયું કે કોંગ્રેસમાં, ગાંધીજીના મહાપ્રભાવે કોમવાદી માનસવાળા સાવરકર વગેરે, વિનીત સ્વભાવવાળા શ્રીનિવાસન, સપ્રુ, જયકર વગેરે, રશિયા તરફ ઊંડે ઊંડે કુણું વલણ રાખનારા ભગતસિંહ વગેરે એની મેળે ખસી ગયા. આજે કોંગ્રેસને બાપુજીના ગયા બાદ પં. નેહરૂની નેતાગીરી તો ઘણી જ ઉમદા મળી છે પણ જેવું સ્વભાવ દુઃખ વિનોબાનું છે તેવું જ દુઃખ પં. નેહરૂનું છે. તેઓ જુથ રચવાની વૃત્તિવાળા નથી. આનું પરિણામ એ આવ્યું કે સાચું જુથ બળવાન ન હોવાના કારણે, કોંગ્રેસ સાંકડીવૃત્તિવાળાં જુથોનો અખાડો તો જાણે લાગે છે, પણ તે જે રીતે ગુણ વિકાસની ગતિ અને વ્યક્તિ સ્વાતંત્ર્ય સાથેનું સામુદાયિક બળ રહેવું જોઈતું હોય, તે સ્વરૂપ દિવસે દિવસે સરી જતું હોય તેમ લાગે છે. અહિંસા, વિશ્વવાત્સલ્ય કે સર્વોદયને અનુરૂપ તે સંસ્થા રહી નથી. એનો ઘાટ આ દિશામાં બદલવો જોઈએ, એમ જરૂર ગાંધીજીના સાચા ઉતરાધિકારીઓને લાગવું જોઈએ અને વિનોબાજીને પણ લાગ્યું છે.

તેમણે એ અંગે વાત કરી પણ તેમ ન થતાં આવેશમાં આવી તેમણે ગુસ્સામાં એમ પણ કહી નાખ્યું: "કોંગ્રેસ ખતમ થવી જોઈએ!" પણ પાછળથી એમાં સંશોધન કર્યું કે કોંગ્રેસનું સત્તાલક્ષી સ્વરૂપ ખતમ થવું જોઈએ. એ મારા કહેવાનું તાત્પર્ય હતું. આમ થવાનું કારણ શું હતું તે તપાસીએ. પૂરીમાં ભૂમિહીનો ગણોતિયાનાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નામ પહાણી પત્રકમાં ન હોય અને ભૂમિસંપન્ન (જમીનદાર) કબ્જા છોડાવે તો તેમણે નહીં છોડવા, અવું કાનૂનભંગને પ્રેરનારૂં વલણ લીધેલું. જો કે ભાલનળકાંઠા પ્રયોગના અનુભવે મહારાજ શ્રી પૂ. સંતબાલજીએ સર્વ સેવાસંઘના મંત્રીનું ધ્યાન ખેંચ્યા પછી, એ વાતમાં તરત ફેરફાર થઈ ગયો. પણ આ વલણ સામ્યવાદીઓને અનુકૂળ થયું. વિનોબાજીની ૬ ભાગ જમીનનો અને છેવટે ૬ઠ્ઠો ભાગ દરેક કોંગ્રેસી પોતાની જમીનમાંથી આપે તે વાત પણ કોંગ્રેસજનોએ સ્વીકારી નહીં. ભૂમિહીનોના અન્યાય સામે થનારા, કાર્યકરોને કાનૂન ભંગના કારણે કે તેવી પ્રવૃત્તિની ગંધના કારણે પકડી લીધા. આ બધાથી પણ વિનોબાજીનું મન આળું બની ગયું અને કોંગ્રેસને પણ તેઓ બીજા પક્ષની જેમ સત્તાલક્ષી પક્ષ માનવા લાગ્યા.

ખરી રીતે, તેમણે આ કાર્યમાં વિવેક રાખવો જોઈતો હતો. તેઓ એમ તો કહેજ છે કે કોંગ્રેસ બીજા પક્ષો કરતાં ઘણી સારી છે. પણ કોંગ્રેસ સાથે રચનાત્મક કાર્યકરોનો સંબંધ રહે, એમાં તેમને ભીતિ લાગે છે કે કોંગ્રેસની સત્તા લાલચમાં, આપણી પાસેના થોડા ઘણા પણ જે નિઃસ્પૃહી કાર્યકરો છે તે પણ તણાઇ જશે.

વિનોબાજી સૌરાષ્ટ્રમાં આવેલા ત્યારે મેં પૂછેલું. તેના જવાબમાં તેમણે સાફ કહેલું : સંતબાલજીને તો બાપુજીનો સ્પર્શ થયો છે તેમને ગુજરાત કોંગ્રેસ જેવી અખિલ ભારતીય કોંગ્રેસ લાગે છે. તેથી તેમણે કોંગ્રેસનું પૂછડું અનુબંધ વિચારધારામાં ' લગાડયું છે. સંતબાલજીની વાત, પ્રયોગ અને કાર્ય શુદ્ધ સર્વોદયના છે. પણ, મને લાગે છે કે કોંગ્રેસને ઘડવાનું વિચારીશું તો આપણી મોટાભાગની બધી શકિત તે કામમાં ખર્ચાઈ જશે, (અને ધાર્યું પરિણામ નહીં આવે.) એટલે જે કંઈ શકિત છે તે માત્ર લોકશકિતને ઘડવામાં વપરાવી જોઇએ."

પણ, આમાં વિનોબાજીના ધ્યાન બહાર જે વાત રહી જાય છે તે એ છે કે લોકશકિતના ઘડતર સાથે જો રાજ્યશકિતને પ્રજાના અંકુશમાં લાવવાની અને રાજ્યને શુદ્ધ કરવાની વાત નહીં જોડવામાં આવે તો,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પૂરું પ્રજા-ઘડતર થશે નહીં; તેમજ અશુદ્ધ પડી રહેલી કે બની જતી રાજ્યશક્તિ પ્રજાની તથા નૈતિકતાની શક્તિ ઉપર ચડી બેસશે. આમ થશે તો થોડી વિભૂતિઓ ચાહે ગમે તેટલી મહાન હોય, તો યે આજના જગતપ્રવાહમાં તેમનાથી કોઈ અસરકારક કે નક્કર કામ બની શકશે નહીં. આ વાત ધીરે ધીરે વિનોબાજીને સમજાતી જતી હોય અથવા કુદરતના દબાણને લીધે થતું હોય તેમ લાગે છે. વિશ્વવાત્સલ્યની અનુબંધ વિચારધારા જે મૂળ વાતો કહે છે તે માર્ગે સર્વોદયી કાર્યકરોને આવવું પડતું હોય અને તેનું સ્વરૂપ બદલાતું જતું હોય તેમ લાગે છે.

વિનોબાજીને યેલવાલમાં મળેલી દેશની સર્વપક્ષીય પરિષદ ઉપરથી કંઈક આશા બંધાયેલી કે નક્કર પરિણામ આવશે. એમણે રાષ્ટ્રિય એકતા માટે 'રાષ્ટ્રીય એકતા પરિષદનું નામ સૂચવ્યું હતું. રાષ્ટ્રવિકાસનાં કાર્યો, સમગ્ર દેશનાં છે, માટે એવી બાબતોમાં જુદાઈ ન હોવી જોઈએ. તે અંગે પ્રાંત, ભાષા, કોમ વગેરેના ઝઘડા ન હોવા જોઈએ. મતભેદો ભલે હોય પણ મન ભેદો ન હોવા જોઈએ. આ માટે તેમણે શ્રી ઢેબર અને શ્રી જયપ્રકાશને નીમ્યા. ત્યારે શ્રી મોરારજી-ભાઈ જેવા અગ્રણી નેતાઓને આ વિચાર સ્વીકાર કરવામાં થોભ થતો હતો; કારણ કે મહાગુજરાત અને સંયુક્ત મહારાષ્ટ્રની લડતમાં સર્વોદયી કાર્યકરો જે રીતે વર્ત્યા હતા; ગોળીબારનો જે ઢબે તેમણે વિરોધ કર્યો હતો અને સર્વોદયી કાર્યક્રમોમાં પક્ષોના શંભુ મેળાને જે રીતે મેદાન મળ્યું હતું તે બધું જોઈને લાગી આવે એ સ્વાભાવિક હતું.

ગુજરાતમાં વિનોબાજી આવ્યા ત્યારે શ્રી નારાયણ દેસાઈ વગેરેએ જે વહેવાર કર્યો અને ઢેબર, જશુ મહેતા વગેરે બધાને બીજા પક્ષના માણસો જેવા ગણીને તેમણે જે રીતે વર્તન ચલાવ્યું તે ઉપરથી લાગ્યું કે આ છોકરવેડાં છે અને સંત વિનોબાજી આવી છોકરબાજી ચલાવી લે છે. એટલે શ્રી ઢેબરને પણ મુશ્કેલી લાગી કારણ કે આવા અપરિપક્વ બળ સાથે પાનાં પાડવાં બરાબર નથી. ટુંકમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિનોબાજીએ મૂકેલો વિચાર સારો હતો પણ તે વખતનાં તેમના સાથીઓ અને અમુક વિરોધી વલણનાં કારણે સ્વીકારી ન શકાયો. પણ પછી, તેનું મૂલ્યાંકન થયું અને એટલા માટે જ તે વિચાર આજે રાષ્ટ્રીય એકીકરણ સમિતિના રૂપમાં હસ્તીમાં આવી રહ્યો છે. વિચારો સુધી તો કંઈ જ વિચારવાનું નથી પણ સવાલ વિનોબાજીના સ્વભાવનો આવે છે અને તેમને મળેલા સાથીઓનો પણ આવે છે.

કેરળમાં તેઓ નમ્બુદ્રિપાદને અહિંસા તરફ વાળશે એમ માની કેલપાનના ઉપવાસો અંગે એક શબ્દ પણ ઉચ્ચારી શકયા નહીં. દ્વિભાષી વિષે તેમનો અભિપ્રાય પહેલાં તરફદારીનો આવ્યો પણ વિરોધ થતાં એમાં પણ ફેરફાર થવા લાગ્યો. "મહાગુજરાતવાદીઓના તોફાન વખતે સરકારની ગોળી કરતાં તોફાનીઓની પથરાબાજી વધારે હિંસાવાળી હતી, એટલે કે પ્રજાને ઉશ્કેરીને થયેલી પથરાબાજી કરતાં, પ્રજાની ચુંટાયેલ સરકારનો ગોળીમાર અહિંસાની વધુ નજીક હતો." એવો તેમનો અભિપ્રાય ઘણો મોડો પડ્યો અને તે તાત્ત્વિક જ રહ્યો. બીજી બાજુ સર્વોદય મંડળ એવો કોઈ પ્રભાવ ન બતાવી શકયું. ઉપરાંત પોતાનું ગજું નાનું અને એકતાને નામે બધા પક્ષોને ભેગા કરાયા તેથી આછકલાંપણું વધારે જણાયું.

આ તરફ કોંગ્રેસમાં સ્થાપિત હિતોનો અડ્ડો, જૂથબાજી, અધિકારીઓનાં લાંચ રૂશ્વત તેમજ ભ્રષ્ટાચાર વગેરેના દાખલા આવતા ગયા તેમ તેમ શ્રી ઢેબર બહુ વ્યથિત થયા પણ તપાસ કરવાની વાત કોંગ્રેસ સ્વીકારી ન શકી. આમ વિચાર અથડામણ થઈ. બીજી બાજુ ભૂમિહીનોને ભૂમિ કંઇક મળે, ખેતી સાથે સામાન્ય યંત્રોની સમતુલા થાય; આવા વિચારે ઉટાકામંડમાં વિચાર પરિષદ યોજી, પણ તેમણે જોયું કે કોંગ્રેસનો પ્રવાહ એ વળાંકે વળે તેમ નથી. એટલે ઉપરા-ઉપરી બે વાર પોતે (શ્રી ઢેબર) પ્રમુખ બન્યા બાદ એ કામ ઇન્દિરા ગાંધીને સોંપી, પ્રમુખપદેથી તેઓ છૂટા થયા. કોંગ્રેસના આવા રૂપાંતરમાં કોંગ્રેસ પ્રમુખની ખુદની તાકાત પણ ઓછી પડી. એવી જ રીતે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિનોબાજીની પણ કોંગ્રેસના રૂપાંતરની ઇચ્છા પાર પડી નથી. આ બધું બહુ બહુ સૂચક છે.

વિનોબાજી પરિવર્તનની ચાર પ્રક્રિયાઓ બતાવે છે : (૧) હૃદય પરિવર્તન (૨) વિચાર પરિવર્તન (૩) નૈતિક પરિવર્તન અને (૪) પરિસ્થિતિ પરિવર્તન. વળી આગળ ઉપર તેઓ કહે છે કે :— (૧) કેટલીક સંસ્થા ગુણયુક્ત હોય છે. (૨) કેટલીક સંસ્થા દોષયુક્ત હોય છે. (૩) કેટલીક સંસ્થા ગુણ-દોષયુક્ત હોય છે. જે સંસ્થાઓમાં ગુણ વધારે અને દોષ ઓછા હોય તો તેવી સંસ્થાને તોડી ન શકાય. ગુણને ટેકો અપાય અને દોષને દુર કરાય. માત્ર દોષયુક્ત સંસ્થાને જ તોડાય.

હવે એ દૃષ્ટિએ વિશ્વવાત્સલ્યનો શું કાર્યક્રમ છે, તે જોઈએ. અનુબંધ વિચારધારા પ્રમાણે કોંગ્રેસને બીજા પક્ષો કરતાં વધારે ગુણયુક્ત માનીને તેના દોષો દુર કરવા માટે પ્રયત્ન કરવામાં આવે છે. એના અનુસંધાને, તે નિષ્પક્ષ લોકશાહીમાં કોંગ્રેસ સિવાયના પક્ષોની પ્રતિષ્ઠા તોડી, ગ્રામસંગઠનોને આર્થિક-સામાજીક ક્ષેત્રો સોંપવામાં આવે અને લોકસેવક સંગઠનોને શિક્ષણ-સંસ્કૃતિનાં ક્ષેત્રો સોંપવામાં માને છે એટલું જ નહીં, તે રાજકીયક્ષેત્રને પણ ઘડવામાં માને છે. અલબત દવાદારૂ કે અનાજ પાણી આપવામાં એટલે કે રાહતના કામોમાં પક્ષભેદ કરવામાં માનતું નથી. પણ જ્યાં પ્રતિષ્ઠા આપવાનો સવાલ છે ત્યાં તે કોંગ્રેસને જ ટેકો આપશે અને તેના દોષો દૂર કરવા માટે બધી પ્રક્રિયાઓ કરશે. દા. ત. ગણોતધારાનો પ્રશ્ન, નગર પંચાયતોના અને મંડળ સમિતિઓના ઠરાવને કોંગ્રેસે ન ગણકાર્યા અથવા તો કોંગ્રેસ; સરકારને સાચે માર્ગે દોરવા શકિતમાન ન રહી ત્યારે; બાપુએ કહ્યું તેમ તેણે ઉપવાસની પ્રક્રિયા કરી.

બાપુ કહે છે: ઉપવાસની શકિત (૧) પ્રેમીને કામ કરતા કરે છે અને (૨) વિરોધીના કામને જગાડે છે. અનુબંધ વિચારધારા આજના યુગ સંદર્ભને જોઈ ઉપવાસની શકિતને વ્યકિતગત નહીં પણ સમાજગત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વાપરે છે; સુષુપ્ત લોકમતને જગાડે છે. કાનૂન સંશોધન માટે પણ તે શક્તિને વાપરે છે. જ્યાં વ્યક્તિગત જરૂર પડે ત્યાં ક્રાંતિપ્રિય સાધુઓ પોતાની શક્તિને વાપરે છે. કેરલની કોમવાદી સંસ્થા સાથેની બાંધ છોડમાં તથા, દ્વિભાષી તોડવાની કોંગ્રેસની ઢચુપચુ નીતિમાં મુનિ શ્રી સંતબાલજીના સત્તર ઉપવાસ થયા. તેમાં એ બે બાબતો પણ અવાંતર જ હતી. એજ રીતે સાંસ્કૃતિક બાબતમાં ભાષા પ્રશ્નમાં કોંગ્રેસ ઢીલી પડી ત્યારે ગુજરાતના પ્રાયોગિક સંઘે શુદ્ધિ પ્રયોગ કર્યો હતો. એકવાર કોંગ્રેસની સામાન્ય ચૂંટણી ચાલતી હતી. ગ્રામ સંગઠનને તરછોડવા અને અવગણવામાં એક કોંગ્રેસી આગેવાન અને તેની આસપાસનાં માણસો કામ કરતાં દેખાયાં. તે વખતે એક તરફ ગ્રામસંગઠનો અને પ્રાયોગિક સંઘ વગેરે કેડ બાંધીને કોંગ્રેસને મદદ કરી રહ્યાં હતાં, ત્યારે પણ શ્રી સંતબાલજીએ ચૌદ ઉપવાસ કર્યા હતા.

ટુકમાં કેટલીકવાર એવું લાગે છે કે વિનોબાજી સૂત્રરૂપે બોલે છે તો તેનું ભાષ્ય કે આચાર સંહિતા, રાષ્ટ્ર અને વિશ્વના મોરચે શ્રી સંતબાલજીનો ભાલનળકાંઠા પ્રયોગ આચરી રહ્યો છે. એટલે વિશ્વવાત્સલ્ય વિચારધારાની વધુ નજીકનું બળ સર્વોદય લાગે છે. અપરિગ્રહ, ચિંતન અને સેવાલક્ષીપણું એ ત્રણે ગુણોની દૃષ્ટિએ પણ નજીક છે. પૂ. મહારાજ શ્રી અને નેમિમુનિ તો એજ કહે છે કે ક્રાંતિપ્રિય સાધુસાધ્વીઓ પછી અનુબંધ વિચારધારા પ્રમાણે એનોજ-રચનાત્મક કાર્યકરોની સંસ્થાનો નંબર આવે છે. આ બધું હોવાછતાં ખરી અગત્ય તો પરસ્પર નજીક આવીને આખી વાત સમજવામાં છે.

ઉપવાસોમાં જોખમ તો છે જ; જેમ હમણાં મારતર તારાસિંગના ઉપવાસે ખોટાં મૂલ્યોની દિશા લીધી હતી. તે છતાયે, કાનૂનભંગ, દંગલ, અસંતોષ વગેરે કરતાં શુદ્ધ નૈતિક સામાજિક દબાણનો માર્ગ ઊંચો જ છે. સમાજને અહિંસાની દિશામાં લઈ જનારો છે. એટલે સંતબાલજી વહેવાર નીતિ ઉપર ભાર મૂકે છે. વિનોબાજી જેમ ભક્તિ ઉપર ભાર આપે છે તેમ સંતબાલજી કર્મયોગ ઉપર ભાર મૂકે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગાંધીજીના સંદર્ભમાં જૈન પરંપરાને તેઓ યોગ્ય ભાર મૂકે છે એટલે તે વિચાર સ્વીકારાતો જાય છે."

પરિવ્રાજકોની દોરવણી અને લોકનીતિનું પ્રત્યક્ષ ઘડતર

શ્રી ફૂલજીભાઇને ત્યારબાદ વિનંતિ કરવામાં આવી કે તેઓ પણ કંઈક બોલે. શ્રી ફૂલજીભાઈ ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘના સભાસદ છે. અને ભાલનળકાંઠા ભૂદાનમંડળના માજી પ્રમુખ છે. તેમણે જણાવ્યું કે :—

મારા નમ્ર મતે સંતબાલજી સમાજની શક્તિને સાત્વિક રીતે એકાગ્ર કરીને તેને સાચી દિશા આપવાનું કાર્ય કરે છે. અમારા ગુંદીકેંદ્રમાં પૂ. વિનોબા પધારે તે પહેલાં હું હળવદમાં મળેલો અને ત્યારબાદ ગુંદી આવતાં પહેલાં બળોલમાં અમે બધા ફરી મળેલા અને પ્રવાસમાં હું તેમની સાથે જ હતો. મને એમના વિચારો અને સંતબાલજીના વિચારો વચ્ચે મેળ બેસે તેવું તે વખતે ન લાગ્યું. કારણ કે વિનોબાજી તો "દેશ અને દુનિયામાં રાજ્ય ન જોઈએ" તેવી વાતો કરે છે. ત્યારે સંતબાલજી રાજ્ય ન જોઈએ એમ કહેતા જ નથી. રાજ્યનો નંબર પ્રજા પછી જોઈએ અને પ્રજાનો નંબર સાધુઓ, પ્રજાસેવકો પછી જોઈએ. ટુંકમાં રાજ્ય ગૌણ બને તેમ કહે છે પણ જોઈતું નથી, એમ કહેતા નથી.

મેં વિનોજીને પૂછ્યું; "અમૂક સ્થળે લાગલાગટ એકસો અઢાર ગામોમાં ગ્રામદાન થયું એમ કહેવાય છે. માની લઇએ કે ૧૧૮ ગામો પોતાનો બધો વહીવટ કરે છે. તેમનો વહીવટ કરવા એક મુખ્ય પ્રતિનિધિ તો જોઈશેને? માનો કે તેમને વિનોબાજી અને રવિશંકર મહારાજ બન્ને પસંદ છે, તો આનો નિર્ણય સર્વાનુમતે ન થયો તો ત્યાં શું કરવું?"

વિનોબાજીએ કહ્યું : "ત્યાં પરિવ્રાજકો દોરવણી આપશે!"

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મને થયું કે પરિવ્રાજકો ઉપર લોક-શ્રદ્ધા કેટલી ? આજના પરિવ્રાજકો જે ભેગા એસી શકતા નથી; જેમનો દૃષ્ટિકોણ, આત્મા સાથે વિશ્વસેવાના સમન્વયનો પણ નથી, ત્યાં આ બધું માત્ર એની મેળે વિચારથી જ થઈ જશે એમ માનવું એને નરી કલ્પના સિવાય શું કહી શકાય ?

એટલે મેં સાફ કહ્યું : " રામાયણ યુગથી જે નથી બન્યું, તે હકીકત આપણે નકારી નહીં શકીએ. તો પછી એ માર્ગે સમાજ-ઘડતરની વાત સ્વીકાર્યા સિવાય રાજ્ય ન જોઈએ એનો શું અર્થ ? "

અલબત વિનોબાજીમાં જ્ઞાન છે, તર્ક છે, ત્યાગ છે, બાપુજીના સત્સંગની અસર છે, પણ મારા નમ્ર મતે સમગ્ર દૃષ્ટિ અને એ મુજબનો વહેવાર જે રીતે બાપુ ગોઠવતા તે અનુભવ હજુ બાકી છે. ગુંદીનાં કાર્યો અને કાર્યકરો તેમજ જનતાને જોઈને તેઓ પ્રભાવિત થયેલા જણાયા. એટલે આપણે આશા રાખીએ કે સર્વોદય જ્યારે વહેવારૂ રૂપ પકડશે ત્યારે ભાલનળકાંઠા પ્રયોગનું કાર્ય તેના માટે માર્ગદર્શક બની રહેશે.

મારા નમ્ર મતે આજે લોકનીતિની વાતો કરવા કરતાં લોકનીતિનું પ્રત્યક્ષ ઘડતર કરવું સર્વ પ્રથમ જરૂરી છે. એ લોકનીતિ એવી ઘડાવી જોઈએ જેની છાપ અને પ્રભાવ લોકો ઉપર પડે. આ કામ જોઈએ તો વિનોબાજી કરે કે જોઈએ તો સંતબાલજી કરે. અમારે એ અંગે કશો વાંધો કે વિરોધ નથી. નામ ગમે તે હોય પણ કામ જોઈએ. કામ વિનાની વાતો અંતરની શ્રદ્ધા જમાવી શકશે નહીં. સંતબાલજીએ પ્રત્યક્ષ વહેવારમાં અમને અમારા દ્વારા કરી બતાવ્યું છે એટલે અમને તેમના પ્રતિ શ્રદ્ધા જામી છે. અમને રાજનીતિમાં નબળાઈઓ સ્પષ્ટ દેખાય છે. દા. ત. કેરલમાં જોડાણ થયું; દ્વિભાષી પ્રયોગ તોડી નંખાયો, જેની પાસે ત્રીસ વર્ષ પહેલાં કંઈ ન હતું. તેની પાસે ત્યાસી (૮૩) લાખ રૂપિયા નીકળ્યા. આ બધી બાબતો અમને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અકળાવે છે ખરી, પણ હતાશ બનાવતી નથી. કારણકે કોંગ્રેસને અમે સમાજનું અનિવાર્ય અંગ માનીને, જનસંગઠનનું રાજકીય માતૃત્વ આરોપીને અમે ચાલીએ છીએ. તેથી શુદ્ધ ગ્રામસંગઠનોનાં માણસો તેમાં મોકલી એકબાજુથી એને સંગીન-મજબૂત કરીએ છીએ તો બીજી બાજુ પ્રાયોગિક સંઘ અને ક્રાંતિપ્રિય સાધુવર્ગ દ્વારા આંચકા આપી તેને શુદ્ધ બનાવી આગળ ધકેલીએ છીએ. કારણકે એકલી રાજ્યસંસ્થા પાસે દંડશક્તિ અને કાનૂન સિવાય ખાસ કશો દમ ન હોય તે સ્વાભાવિક છે. સદ્‌ભાગ્યે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કોંગ્રેસે આ દેશની સક્રિય તટસ્થ નીતિની સુંદર છાપ પડી છે. હવે પંડિતજીના બદલે આખાયે કોંગ્રેસ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કામ કરતી થાય તે માટે ભાલનળકાંઠા પ્રયોગ કોંગ્રેસ પાસેથી આર્થિક, સામાજિક, શિક્ષણવિષયક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનો બોજો જનતા અને જનસેવકો ઉપર નાખવા માગે છે. જો આ રીતે રાજ્ય-શુદ્ધિના સંદર્ભમાં સંસ્થાઓ દ્વારા લોકનીતિ ઘડાશે તોજ સુંદર કાર્ય થશે. એટલે હવેનું કામ વ્યક્તિનું નથી, સંસ્થાઓનું છે અને તે પણ ઘડાયેલી શુદ્ધ સંસ્થાઓના અનુસંધાનમાં રહી સૌએ પાર પાડવાનું છે.

શ્રી દંડી સ્વામી : " ફૂલજીભાઈએ અંબુભાઈની જેમ આ શિબિરમાં આવી પોતાના અનુભવે આ અનુબંધ ધારાના વિચારો પચાવીને જે છાપ પાડી છે તે નવી ચેતના અર્પે છે.

સંઘર્ષોનો સાથી તે લોકનેતા

શ્રી દેવજીભાઇ : " પાયાના એક ગ્રામ્યજન તરીકે ફૂલજીભાઇની છાપ એ દૃષ્ટિએ અંબુભાઈ કરતાં યે આપણા ઉપર વધારે પ્રભાવ પાડે છે. બીજું આપણે જ્યારે વિનોબાજીના અને સંતબાલજીનાં કાર્યો વિષે વિચાર કરી છીએ ત્યારે મને કૃષ્ણ અને વિદુર યાદ આવી જાય છે. આ ઉપમા કેવળ લાગુ કરવા માટે નહીં, પણ સમજવા માટે મૂકી શકાય. શ્રી કૃષ્ણ તે યુગના બધા પ્રશ્નો સાથે ચાલીને બધા પ્રશ્નોનો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉકેલ રચનાત્મક રીતે બતાવે છે ત્યારે વિદુરજી તત્ત્વની રીતે જ બધા પ્રશ્નો છણે છે, પણ ઉકેલનું કામ કરતા નથી. એથીજ અનેક જોખમો અને વાવંટોળ વચ્ચે જે જનતાની સાથે રહે છે તે યુગપુરૂષ આપોઆપ બની જાય છે. બીજા પુરૂષો, તત્વચિંતક કે ભક્ત કોટિના શિરોમણી રહે છે; તેઓમાં અને ખાસ કરીને ભક્તોમાં કોમળતા કરૂણા વ. નમ્ર ગુણો હોય છે પણ વાવંટોળ વચ્ચે દૃઢતા. અહિંસા, પ્રતિકાર વગેરે બીજા પાસાનાં ગુણો સાવ નહીંવ્રત હોય છે. આનો અર્થ એ નથી કે વ્યક્તિગત યોગ્યતામાં ભક્તો કે તત્વચિંતકો ઓછાં અદકાં હોય છે. સંભવ છે કે વિદુર ભકિતની રીતે કૃષ્ણ કરતાં આપણને વધુ પ્રેરણાદાયક બને; પણ જ્યારે સમાજ અને સમષ્ટિના અનુસંધાને આ બધી વાતો લઈએ છીએ ત્યારે સર્વાંગી દૃષ્ટિએ, રામ, કૃષ્ણ, બુદ્ધ અને મહાવીરને લેવા પડે છે. તેમ આ યુગે ગાંધીજીના સંદર્ભમાં આ બધું જોતાં અનુબંધ વિચારધારા અને ભાલનળકાંઠા પ્રયોગને લેવો પડે છે.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

[૧૭] કલ્યાણરાજ્ય અને તેની પૂર્વ ભૂમિકા

[૧૩-૧૧-૬૧] શ્રી દુલેરાય માટલિયા

રાજ્ય દ્વારા લોકોનું કલ્યાણ થાય એને કલ્યાણ રાજ્ય કહેવામાં આવે છે. આ અંગે અગાઉ ચર્ચા વિચારણામાં થોડોક વિચાર કરવામાં આવ્યો છે. આજે કલ્યાણરાજ્યની પૂર્વ ભૂમિકા ઉપર વિચાર કરવાનો છે.

આપણે ત્યાં ભારતમાં રાજ્યનો એક પ્રકાર રહ્યો છે. વર્ષોથી રાજ્ય અંગે એક પ્રકારની કલ્પના-સુખાકારીની કલ્પના બંધાએલી છે. તેમાં રાજ્યોની ફરજોમાં, (૧) દુષ્ટોને દંડ આપવો, દમન કરવા અને સજ્જનોને આગળ વધારવા અગર તો સત્કારવા (૨) ગાયો (પશુઓ), બ્રાહ્મણો (જ્ઞાનીઓ) અગર તો ચારે વર્ણોની રક્ષા કરવી (૩) લોકહિત માટે કામ કરવું—વ. નો સમાવેશ થાય છે. જે રાજ્યમાં સજ્જનને આદર, દુર્જનને દંડ, જ્ઞાની, ગાય તેમ જ દરેક ધંધાવાળાના હિતનું રક્ષણ થાય, ગરીબોને ન્યાય મળે—તે રાજ્ય સારૂં રાજ્ય કહેવાતું. એવા રાજ્યની એક કલ્પના શ્રી રામચંદ્રના રાજ્યથી પણ પ્રચલિત છે અને રામરાજ્ય એટલે સુખી રાજ્ય એવી લગભગ ધારણા છે. કલ્યાણ-રાજ્યનો મેળ આ રામરાજ્ય સાથે ઘણે અંશે મળતો આવે છે.

ભારતમાં રાજાઓના ઉપદેશોમાં આ વાતો આવે છે. ભારતના સામાજિક ઇતિહાસમાં, આવું રાજ્ય કયાં હતું, કોણ કરતું તેનો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉલ્લેખ પ્રશંસાપૂર્વક કરાય છે. યુરોપમાં પણ થોડા ઘણા અંશે આજ વસ્તુ રાજ્ય માટે સ્વીકારાઈ છે. ત્યાં પણ રક્ષણ કરે તે રાજ્ય કહેવાતું. રાજ્યનું મુખ્ય અને પ્રથમ કામ લોકરક્ષા કરવાનું હતું; અને રાજ્યની આવશ્યકતા પણ એ અર્થોમાં સ્વીકારવામાં આવી હતી.

જેમ બે–પાંચ મોહલ્લાવાળાઓ ઘરની રક્ષા કરવા માટે ગુરખાઓને રાખે છે, ગામવાળાઓ ચોકીદારને રાખે છે અને સાધન–સંપન્ન માણસ પોતાની સંપત્તિ અને જાનમાલનું રક્ષણ કરાવે છે તેમ આખો દેશ કે પ્રદેશની રક્ષા માટે કોઈ એક માણસ કે બધા માણસો મળીને ન કરી શકતા, તેમણે એક એવા શક્તિશાળી મોટા માણસને રક્ષા માટે નીમ્યો અને તેને કહ્યું : "તમે અમારા જાનમાલની રક્ષા કરો! અમે તમને અમુક સગવડો, કરવેરા વગેરે આપશું, સન્માન આપશું. તમારી વાતોનો આદર કરશું." આમ રક્ષા કરવા માટે રાજા નામની વ્યક્તિ આવી અને તેણે પ્રજાના જાનમાલની હિતરક્ષા માટે જે વ્યવસ્થા બેસાડી તે રાજ્ય કહેવાયું.

એક માણસે બીજાની કાંસકી લઇ લીધી, ત્યારે બીજાને એમ લાગે કે આજે એણે કાંસકી લઈ લીધી, કાલે સારી વસ્તુ લેવાનું મન પણ થઈ જાય. માટે એનો બંદોબસ્ત કરવો જોઈએ. માણસના દેહની ઇચ્છાઓ સંતોષાય, અમૂક ઇચ્છાની પૂર્તિમાં બીજો માણસ અંતરાય ઊભો ન કરે, બીજો માણસ ઝડપી લેશે તો હું ભોગવી શકીશ નહીં માટે કોઈ વ્યવસ્થા હોવી જોઈએ. આમ પોતાની કામના જાળવવી અને કામના તો જ જળવાય–જો બીજો માણસ એને ઝૂંટવે નહીં, આમાંથી કામ–પુરૂષાર્થને પોષવામાંથી રાજ્ય નામની સંસ્થાની જરૂર પડી. તેનો અંકુશ પ્રજાએ સ્વીકાર્યો અને રાજ્ય ઉપર અમૂક માણસ નીમ્યો જે એના માટે યોગ્ય હોય. તેને લોકોએ કહ્યું : "તમે જે કંઇ નિયમો કરશો તેને અમે પાળશું. તમે હુકમ કરશો એ પ્રમાણે ચાલશું. તમે અમારૂં રક્ષણ કરજો!" આમ રાજ્યની પહેલી ફરજ રક્ષણની આવી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હવે એક બીજી વાત આવી. બે માણસો વચ્ચે તકરાર થાય. અને બન્ને કહેતા હોય કે 'આ મકાનનો અધિકાર મારો છે!" અને બન્ને માલિક થવા માંગતા હોય તથા એમ થાય કે એકબીજા ઉપર આક્રમણ કરશે ત્યારે ત્યાં રક્ષણનો પ્રશ્ન રહેતો નથી. એ સવાલ ઊભો થાય છે ન્યાયનો. ત્યાં કયા માણસની પડખે ન્યાય છે? કોણ અન્યાયી છે? કયા માણસે દુર્બળ ઉપર આક્રમણ કર્યું છે? કોના ન્યાયની રક્ષા કરવી? આ બધા પ્રશ્નો ઊભા થતાં ન્યાય આવ્યો. ન્યાય કરવા માટે ન્યાયાધીશ, કાજી વગેરે આવ્યા. ન્યાયાલયો થયા અને ન્યાયવિદ્યા-વિશારદો (વકીલો) ઊભા કરવામાં આવ્યા. આમ રાજ્યનું પહેલું કામ રક્ષણ અને બીજું કામ ન્યાયનું થયું.

પણ, ગુનેગારને જે ન્યાય અપાયો-ચુકાદો અપાયો. તેને તે ન માને અગર તો ન પાળે તો? એની પણ વ્યવસ્થા થવી જોઈએ. અગાઉ વિશ્વ રાષ્ટ્રની 'લીગ ઓફ નેશન્સ' નામક સંસ્થા હતી પણ તેનો ચુકાદો કોઈ માનતું નહીં. એટલે "યૂનો"ની સ્થાપના કરવાની ફરજ પડી અને તેને ક્રિયાત્મક સત્તાઓ આપવામાં આવી. એટલે ન્યાય ને બળપૂર્વક પણ મનાવી શકે, ન્યાયનું ઉલ્લંઘન કોઇ ન કરી શકે તે માટે પોલિસ રાખવાની છૂટ આપવામાં આવી અને સાથોસાથ કાયદા કાનૂન પણ બનાવવામાં આવ્યા. જેથી કોઈ પણ ન્યાયાધીશ કે બીજા (વકીલો) પક્ષપાત ન કરી શકે. આમ કાયદા-કાનૂન અને પોલિસ બંદોબસ્ત આવ્યાં.

રાજ્યદ્વારા રક્ષણ, ન્યાન, કાયદા-કાનૂન અને પોલિસ બંદોબસ્ત આ બધા માટે મોટું ખર્ચ થાય, તે કયાંથી કાઢવું? એ પ્રશ્નના ઉકેલ માટે રેવેન્યુ (મહેસુલ) ખાતું ઊભું થયું. ન્યાય, રક્ષણ અને કાયદો રાજ્ય જાળવે તેના બદલે પ્રજા રાજ્યને કરવેરા રૂપે મહેસુલ ભરે અને રાજ્ય તે કાર્યો ચલાવે. કરવેરાના પણ જુદા જુદા ધોરણો નકકી કરવામાં આવ્યા કે દરેક વીઘા દીઠ, દરેક મકાન દીઠ, દરેક વ્યક્તિ દીઠ આટ-આટલા કરવેરા આપવા. આમ રાજ્યનાં ચાર કામો નકકી થયાં :—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

(૧) રક્ષણ (૨) ન્યાય (૩) પોલિસ બંદોબસ્ત અને વ્યવસ્થાતંત્ર (૪) તેમનું ખર્ચ ચલાવવા માટે મહેસુલ ખાતુ. આ ચારે કામો એક બીજા સાથે સંકળાયેલાં છે. રાજ્ય એટલે રક્ષણ. રક્ષણ એટલે ન્યાય, ન્યાય એટલે પોલિસ સુરક્ષા અને વ્યવસ્થાતંત્ર અને એ તંત્રનું સંચાલન એટલે મહેસુલની ઉઘરાણી.

રામરાજ્ય અને ત્યાર બાદ અમુક રાજાઓનું રાજ્ય એ આદર્શ પ્રણાલિકાને જાળવી રાખવા સમર્થ બન્યું પણ પછી, પોતાના પ્રજાની સુખાકારીના નામે બીજી પ્રજાઓને હરાવવી, તેમના રાજ્યને હડપી લેવુ એનો એક ઇતિહાસ છે. ભારતમાં પણ ક્રમે ક્રમે વિજેતા રાજ્યોના વંશજો રાજ્ય કરતા રહ્યા અને તેમની એ મનોવૃત્તિ રહી કે હારેલી પ્રજાને કચડીને રાખવી. આ મનોવૃત્તિનાં દર્શન આપણને છેલ્લાં ૨૦૦ વર્ષનાં ભારતના ઇતિહાસમાં ઠેર ઠેર એટલે હદ સુધી જોવા મળે છે કે આવું એકતંત્રીય કડક રાજ્ય હતું. તે જાણતાં કંપકિ થઈ જાય છે.

આજ સુધી જે એકતંત્રીય કે એક રાજશાહી રાજ્ય હતું ત્યાં રાજ્ય કર્મચારીઓને શું શીખવવામાં આવતું? ન્યાયમાં કડક રહેવું. ન્યાયમાં કડકાઈ રાખવા માટે પોલિસતંત્ર અને જેલખાના ગોઠવવામાં આવ્યા. પોલિસને એજ કહેવામાં આવ્યું કે "ખૂબ કડક રહેવું; નહીં તો પ્રજા ઉછાંછળી થઈ જશે. કડક રહેશો તો તમારી ધાકથી પ્રજા ગુનો નહીં કરે અગર તો ગુનો કરતાં થથરશે." રાજ્યના અમલદારો વગેરેને કહેવામાં આવ્યું કે "કડકાઈથી મહેસુલ વસુલ કરો, દુનિયામાં કડકાઈથી જ રાજ્ય ચાલી શકે. રાજ્ય નબળું હોય તો પ્રજા એને ઉથલાવી પાડે." આઈ. સી. એસ. ડીગ્રી મેળવનારને કડકાઈના નિયમો જ સમજાવવામાં આવતા, ભણાવવામાં આવતા કે તમારે માણસ સામે જોવાનું નથી. માણસ કોણ છે? કેવો છે? એ સામું જોશો તો ન્યાય આપી શકશો નહીં. માટે તમારે તો કાયદાનાં પુસ્તકો સામે જોવાનું છે. કાયદો ગધેડો છે. એની લાત જેના ઉપર પડી જાય તે પડી જાય. એ જોતો નથી કે સામો માણસ કેવી પરિસ્થિતિમાં છે? તમારે તો અકકલ જ ચલા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વવાની છે. છેલ્લાં સો વર્ષમાં હિન્દુસ્તાનમાં આવું જ થયું છે. આજ સુધીનું રાજતંત્ર જોતાં એ જ ધોરણે ચાલ્યું છે, એમ લાગ્યા વગર રહેશે નહીં. આ રીત પાશ્ચાત્ય દેશોની છે.

પાશ્ચાત્ય દેશોમાં રાજ્ય એટલે તાકાત, ધાક, બળ વાપરવું—એ વગર રાજ્ય ચાલી શકતું નથી એમ માનવામાં આવે છે. યુરોપના રાજાઓના હાથમાં અભિષેક વખતે સોનાનો કે ચાંદીનો દંડ આપવામાં આવે તે પણ એનું પ્રતીક છે. યુરોપમાં રાજ્યની આવી વ્યાખ્યાએ સરમુખત્યારશાહી આવી. પછી તે હિટલરી સરમુખત્યારીશાહી હોય અગર તો સામ્યવાદી સરમુખત્યારશાહી હોય ! તેનો એક જ અર્થ કે બીજા ઉપર ધાક બેસાડવા માટે લશ્કર રાખવું જેથી પ્રજા થરથરે અને નમી જાય.

પણ આ તાકાતનો ઉપયોગ કયાં કરવો ? એનો વિચાર થતાં એમ લાગે છે કે દુનિયામાં નબળા અને સબળા બે પ્રકારનાં માણસો હોય છે. બુદ્ધિ અને શરીર બંનેથી નબળા હોય તેમને નબળા ગણવા જોઈએ. આ લોકો દુનિયામાં રહેવા લાયક નથી. દુનિયામાં તો સબળા અને શ્રેષ્ઠ માણસો રહેવા જોઈએ, નબળાને દૂર થવું જોઈએ. લશ્કરમાં નબળા હોય તેને ખતમ થવું જોઈએ. વંશમાં નબળા હોય તેને ઓપરેશન્ કરી ખતમ કરવા જોઈએ. આવી વ્યાખ્યા રાજ્યની તાકાત વાપરવા માટે યુરોપના દેશોમાં ચાલુ થઇ. પરિણામે બીજું વિશ્વયુદ્ધ થયું અને યહુદી કોમનું નિકંદન તેમજ સામ્યવાદી દેશોમાં તેમના વલણને અનુરૂપ નહીં એવા લોકોનું નિકંદન મોટા પાયા ઉપર થયું.

એની એક બીજી અસર લોકો ઉપર થઈ; અને એક બીજી વ્યાખ્યા એ આવી કે સૌમાં સરખી શક્તિ પડેલી છે. રાજ્ય પોતાની શક્તિનો ઉપયોગ નબળા માટે કરે, તેથી રાજ્યને પણ લાભ છે. સબળા છે તેમને નેતાગીરી મળશે અને નબળા પણ સબળા બની રાજ્યના હિતમાં કંઈક કરી શકશે. એમાંથી મજૂર–સત્તાવાદી સરમુખત્યાર શાહી ઊભી થઇ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એથીયે જુદી એક બીજી વ્યાખ્યા કરવામાં આવી. તે એકે નબળા અને સબળા સૌને વિકાસની સમાન તક મળે. સૌનું કલ્યાણ થઇ શકે, ભલું થઈ શકે, સર્વપ્રજાનું કલ્યાણ થઇ શકે, એવી નવી વ્યાખ્યા કલ્યાણ રાજ્યના નામે કરવામાં આવી. Welfare State-કલ્યાણ રાજ્ય એટલે કે રાજ્ય પાસે જે પોલિસ, વહીવટી તંત્ર, લશ્કર વગેરે છે; પ્રજાના ન્યાય, સંરક્ષણ, આરોગ્ય માટેની શક્તિ છે તેનો ઉપયોગ સમગ્ર પ્રજાના કલ્યાણ માટે થવો જોઇએ.

ભારતે પણ સ્વતંત્ર થતાં પ્રારંભમાં કલ્યાણ રાજ્યની દૃષ્ટિ રાખી. જો ભારતે કલ્યાણ કરવું હોય તો ભારતના ન્યાય, રક્ષણ અને વ્યવસ્થા માટે, રાજ્યે પોલિસ, લશ્કર, વહીવટ તંત્ર, આરોગ્ય ખાતું, શિક્ષણ ખાતું વગેરે સંભાળવાં જોઈએ; એમ પશ્ચિમના ધોરણે સ્વીકારયું. કલ્યાણ રાજ્યના કાયદા કેવા પ્રકારે ઘડાય ? કે, લોકો કલ્યાણ કેવી રીતે કરે ? પોતાનું વ્યક્તિત્વ શી રીતે સાચવે ? પ્રજાનું ઘડતર કેવી રીતે થાય ? અને કલ્યાણકારી રાજ્ય પોતાના ધ્યેયને શી રીતે પહોંચી શકે ? એ વિચારવાનું રહે છે.

સ્વરાજ્ય બાદ અંગ્રેજી શાસનની ઘણી રીતો આમ સ્વતંત્ર પ્રજાતંત્રીય શાસને કલ્યાણરાજ્યનો સિદ્ધાંત સ્વીકારી બદલી નાખી છે. પણ કર્મચારીઓ હજુ જૂની ઢબ અને ઘરેડમાંજ રાચે છે. અમલદારોનો રૂવાબ, ધાકધમકી, ફોજદારોની સખતાઈ હજુ પણ અંગ્રેજી રાજ્ય જેવી ચાલે છે. એટલે કે લોક-કલ્યાણકારી અંશ દેખાવાના બદલે હજુ અમલદાર શાહી, લાગવગશાહી, લાંચરૂશ્વત, જોહુકમી, ચાલે છે. માટે નામ જરૂર બદલાયું છે પણ કામમાં ફેર પડયો નથી.

હવે એ વિચારવાનું રહે છે કે આ કલ્યાણ રાજ્યના કાર્યક્રમો કયા છે ? એમાં કયાં કયાં કેવી રીતે પલટો લાવવો જોઈએ જેથી પ્રધાનો, કર્મચારીઓ, અને પ્રજા ત્રણેનું ઘડતર થઇ શકે, ત્રણેમાં પલટો આવે એ અંગે હવે વિચારીએ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કલ્યાણરાજ્ય પહેલાં અને પછીનું વિશ્વ

આ અગાઉ કલ્યાણરાજ્ય પહેલાં દેશ–પરદેશની સ્થિતિ ઉપર વિચાર થઈ ગયો છે. તેને જરા વિસ્તારથી જોઇએ. સામ્યવાદીઓએ યુરોપમાં એ કલ્પના આપી કે લોકોને રોટલો, મકાન, મજૂરી અને બીજી સુખસગવડોની બાહેંધરી આપીએ પણ બદલામાં લોકોએ મજૂરોની સરકાર પસંદ કરવી; અને બધાંએ તેને ટેકો આપવો. આમ નક્કી થયું.

એ અગાઉનો રશિયાનો ઇતિહાસ જોઈશું તો જણાઈ આવશે કે ત્યાં મૂળે અમર્યાદિત સ્વતંત્રતા હતી. તેને લીધે અતિ શ્રીમંતાઈ, ગરીબાઈ, અસમાનતા વગેરે હતાં. બાળકો અને સ્ત્રીઓ પાસેથી વધુ કામ લેવાતું તેને લીધે ત્રાસ હતો. આથી પ્રજાનો મોટો ભાગ ત્રાસી ગયો અને તેમણે તે વખતની ઝારશાહી સરકારને ઉથલાવી નાખી.

ત્યારબાદ મજૂર રાજ્ય આવતાં અને રાજદ્વારા કલ્યાણનાં કામો થતાં, શરૂ શરૂમાં સહુને બહુ ગમ્યું. આઠલા કલાક કામ, નિશ્ચિત પગાર, શિક્ષણ અને દવાની સગવડ, રોટલાનું પાપ દૂર, વૃદ્ધાવસ્થા માટે સગવડ, દુષ્કાળ પડે કે અશક્ત થાય ત્યારે સગવડ, આ બધું લોકોએ સ્વીકારી લીધું. રશિયાના સામ્યવાદે પછી કેવું વલણ લીધું? લોખંડી પડદા પાછળનો એ દેશ કહેવાયો અને આજે યુદ્ધના આરે ઊભેલી બે પ્રચંડ શક્તિમાંનું એક તે બની ગયું છે એનો ઇતિહાસ સ્પષ્ટ છે. આમ થવાનું કારણ એક તો એ છે કે સામ્યવાદને મૂડીવાદી દેશો દ્વારા કચડાઈ જવાનો અને ફરી પાછું ત્રાસદાયક રાજ્ય શરૂ થવાનો સતત ભય છે.

ભારતની સ્થિતિ :

હવે ભારત અંગે વિચાર કરીએ. ભારતે પણ કલ્યાણકારી રાજ્યને સ્વીકાર્યું પણ લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા સ્વીકાર્યું. મજૂરોના હિતના કાયદા, ઠેર ઠેર દવાખાના, ઉદ્યોગીકરણ, પાણીની સગવડ,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બેકારો ઘટે એ માટે પંચવર્ષીય યોજનાઓ—આમ ગણાવા બેસીએ તો ઘણો ફેરફાર, દેશમાં નોંધપાત્ર છે; અને કોંગ્રેસ કલ્યાણ રાજ્યની દિશામાં જઈ રહી છે એમ લાગે છે.

જ્યારે એ તરફ ભગીરથ પુરુષાર્થ ભારતે કોંગ્રેસ દ્વારા આદર્યો ત્યારે જ આટલા બધા વખતની ગરીબી, નિર્વાસિતોનો પ્રશ્ન અને ત્રીજી બાજુ પાકિસ્તાન, ચીન, ગોવા વગેરે પ્રશ્નોમાં યુદ્ધ માટે તૈયાર રહેવાની, તૈયાર રાખવી—આ બધા કારણોસર તેમ જ જૂની અમલદારશાહી અને શાસનતંત્રની બદીઓના કારણે, ધાર્યું હતું તે અપેક્ષાએ પરિણામ નથી દેખાતું. એના કારણે હતાશ થઈને યોગ્ય અને અયોગ્ય ટીકા થયા કરે છે. એક વસ્તુ યાદ રાખવાની કે જે તંત્ર આપણને મળ્યું છે તે સરકારી કર્મચારીઓનું તંત્ર કલ્યાણકારી નહોતું. ન્યાયાધીશો માત્ર આગલી કોર્ટોનાં ચુકાદાઓ ભણી જોયા કરે છે. તેઓ પુસ્તકોમાંથી બહાર નીકળી શકતા નથી. ખુદ સરકારી પ્રોસીક્યુટરો પણ સરકારી કેસને ઢીલો બનાવી દે છે. એવી જ રીતે રેવેન્યુ અને પોલિસ પણ બરાબર નહીં; એટલે કે ત્રણે ખાતાં બરાબર નથી.

મીરજાફર, મીરકાસમ અને અમીચંદ જેવા માણસો આ દેશમાં દ્રોહી તરીકે નીકળ્યા. કંપની સરકાર વખતે કલાઈવના જમાનામાં કે રાણી સરકાર વખતે સીવિલિયનો રાખવાની–પોતાને અનુકૂળ જનોને રાખવાની પ્રથા ચાલી. રાજા અને પ્રજા બન્નેય નજરાણાં આપવા લાગી ગયેલાં. રાજસ્થાનના રાજાઓ, સરકારના પ્રતિનિધિને ખુશ રાખવા ભેટ સોગાદ આપતા. આમાંથી ધીરે ધીરે લાંચ આપવાની અને લાંચના નામે ભેટ લેવાની "ડાલી"–પ્રથા શરૂ થઈ. ધીમે ધીમે એ રીતસરની લાંચ રૂશ્વતમાં બદલાઈ ગઈ. આમ જોવા જઈએ તો બ્રિટીશ શાસન એક કુશળતંત્ર હતું. અને એ દૃષ્ટિએ પ્રજાને કુશળ તંત્ર મળ્યું પણ તે લાંચિયું તંત્ર હતું અને સાથે સાથ તે પ્રજા પ્રતિ બેદરકાર તંત્ર હતું. તેથી પ્રજામાં ક્ષોભ ન પ્રગટી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સામ્યવાદ કરતાં સમાજવાદ સારો

સામ્યવાદી રાજ્ય કરતાં સમાજવાદી રાજ્ય સારું ગણાય. કારણ કે તેમાં બળદને જે નીરે તે ખાય તેવું સરમુખત્યારશાહી તત્ત્વ હોતું નથી. સમાજવાદી રાજ્યમાં લોક પ્રતિનિધિઓ જાય છે. દા. ત. ડેન્માર્ક, સ્વીડન વગેરે નાનાં રાજ્યો છે છતાં ત્યાં સમાજવાદી રાજ્ય છે. ભારતમાં હજુ તે આવ્યું નથી. કદાચ પંડિતજીની એવી ઇચ્છા ખરી! પણ સમાજવાદી રાજ્યમાં ત્રણ વર્ષના બાળકથી લઈને કૉલેજનું શિક્ષણ અપાય. તે અંગે બધું રાજ્યે જ વિચારવાનું હોય છે. શું ભણાવવું, શું ન ભણાવવું? એ બધી વાતથી દવાની ચિકિત્સા સુધી બધું રાજ્યે કરવાનું હોય છે. કોઈને તાવ આવ્યો કે રાજ્યની કાર હાજર, દર્દીને હૉસ્પિટલમાં લઈ જાય. પગમાં વાગે તો પણ રાજ્યની કાર હાજર!

પ્રથમ સમાજવાદની આ સારી વસ્તુઓ ભારતના યુવાનોએ જઈને જોઈ અને તેઓ ખૂબ આકર્ષાયા. વળી પાછા તેઓ પંદર વર્ષે ગયા તો ચિત્ર બદલાયેલું હતું. ગામમાં કોઈ લૂલું, લંગડું થાય તો કોઈ તેની પાસે ફરકે જ નહીં. આમ કેમ થયું? તેનો ઉત્તર એ જ છે કે બધું રાજ્યે કરવાનું હતું એટલે સમાજ દિવસે દિવસે બેજવાબદાર બનવા લાગ્યો. ઘરડાં મા-બાપને પોતાનાં બાળકોને જોવાનું મન થાય પણ તે બધાંને ફોટામાં જ જોવાનાં! જે પરસ્પરાવલંબી સમાજ હતો તે માત્ર રાજ્યાધીન બની ગયો. સમાજ જેના ઉપર ટકી શકે છે, એ ગુણો ઓછાં થઈ ગયાં. ઉદારતા, સહાનુભૂતિ, સંવેદના, કરુણા, એ બધા ગુણોને લાવવાની તાકાત રાજ્યમાં થોડી છે!

ભારતમાં પં. જવાહરલાલ નેહરુ જેવા મહાન રાજ્યનેતા છે તે છતાં જોઈ શકાય છે કે રાજ્ય કેટલું કરી શકે છે? સૌરાષ્ટ્રનો એક આ જાત અનુભવ છે. તે વખતે વડાપ્રધાન શ્રી ઢેબર હતા. દુષ્કાળનાં અનેક કામો ચાલ્યાં! કામ રાજ્યનું છે ને? એમાં શો વાંધો? પરિણામે વ્યવસ્થાપકને પણ એમાંથી પાંચ પૈસા લઈ લેવાનું મન થાય! ઘણી ફરિયાદો કરી, ત્યારે કલેકટર જેવા એક કર્મચારીએ પણ એક બાજુ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બોલાવીને શિખામણ આપવા લાગ્યા: "આટલું મોટું કામ થાય તો તેમાં આટલો બગાડ થાય જ ને? તેમ ગાંધીવાદી લોકો કંઈક વહેવાર થતા જાઓ!"

આમ થવાનું કારણ એટલું જ કે 'રાજ્યમાં આમ તો થયા જ કરે!" એ ભાવના જડ થઈ ગઈ છે. જો એજ કામ મહાજનોનું હોય તો "કોઈને રખે ખબર પડી જાય!" એ રીતે લોકો ડરીને માંડ પોતાની જરૂરતનું લે. કારણકે "ધર્માદાનું ન ખવાય" એવી સામાન્ય માન્યતા હોય છે. મહાજનની ઉદારતા એવી હોય છે કે જે માણસ લે તે અપ્રતિષ્ઠિત ન થાય એની કાળજી રાખે? એટલે સમાજનાં જન સંગઠનો કામ કરે ત્યાં પ્રજા ઘડતર થાય છે; પણ રાજ્યદ્વારા પ્રજાનું ઘડતર થતું નથી.

વિશ્વવાત્સલ્યનો દૃષ્ટિકોણ

એટલે જ વિશ્વવાત્સલ્યની અનુબંધ વિચારાધારા કહે છે કે "સમાજની મૂળભૂત શક્તિ વધે તે રીતે રાજ્યે માત્ર મદદરૂપ થવું જોઈએ. માનવમાં પડેલી સદ્‌વૃત્તિઓનો અને સ્વતંત્રતાઓનો વિકાસ થવો જોઈએ" આ માટે વિશ્વવાત્સલ્ય, આર્થિક અને સામાજિક ક્ષેત્રે જન–(ગ્રામ) સંગઠનોને જુદા તારવી, એ કામ રાજ્યથી અળગું ગોઠવવામાં માને છે. આમાં કશું નવું નથી. રાજ્યે તો આવા ઘટકોમાંથી ઘડાયેલા પ્રતિનિધિઓ નીચેથી આવે તેમના કહ્યામાં રહેવાનું છે. આ રીતે નીચેથી આયોજન થશે. તે નક્કર અને પાયાનું આયોજન હશે. આ માર્ગે ઓછી મૂડીવાળાઓ અને મધ્યમવર્ગના માણસો ગામડાં તરફ વળશે. તે પ્રદેશવાર નીતિ નક્કી કરશે રાજ્યને કહેશે: "અહીં અમૂક વર્ષો સુધી મિલ્કત વેરામાંથી અથવા અમૂક બાબતોમાંથી મુક્તિ આપો." રાજ્યપણ તેમનું જ કહ્યું કરશે.

પણ આ બધું કરે કોણ?

એટલેજ મહારાજ શ્રી સંતબાલજી કહે છે કે "પુનર્રચના રૂપે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નાનાં નાનાં ઘટકો બનાવો. તેઓજ પોતાની આર્થિક, સામાજિક અને તેજ રીતે શિક્ષણ-સંસ્કૃતિ અંગેની નીતિ ઘડશે. જેવા જેવા પ્રદેશો તેવી તેવી નીતિ બનાવાશે." અનુબંધ વિચારધારા પ્રમાણે નાનામાં નાનું ઘટક પાંચ લાખનું એકમ હશે. એટલે કોમવાદી, મૂડીવાદી કે રાષ્ટ્ર વિઘાતી તત્ત્વો તેમાં આવી શકશે નહીં. એથી રાષ્ટ્રીય એકતા સારી પેઠે બળવાશે. આજે તાલુક વાર ઘટકો છે; સ્વતંત્ર મામલતદાર છે; પણ ઠેઠ ગ્રામપંચાયત લગીનું આખું માળખું તપાસવા જતાં તે કઠપૂતળાંની માફક ઉપરના જ હાથા રૂપ છે. એથી એ વિકેંદ્રીકરણ પણ અંતે તો પરાધીન જ છે; અને યંત્ર માફક શાસન હોય એમ્નરૂપે બની જાય છે. સર્વોદય અને તેથી પણ એક ડગલું આગળ વધેલું વિશ્વવાત્સલ્ય (અનુબંધ વિચારધારા), વિનોબાજીના શબ્દોમાં કહીએ તો એક પારિવારિક ભાવના—ભાવનાત્મક એકતા રચે છે; વિશ્વવાત્સલ્ય ફેલાવે છે. એથીજ રાજ્યને ગૌણ બનાવી, નૈતિક પાયા પરનાં જનસંગઠનોને વિશ્વવાત્સલ્યમાં મહત્વ આપવામાં આવેલ છે.

પ્રશ્ન એ છે કે આવા સંગઠનો કરશે કોણ? સાધુચરિત સાધક-સાધિકાઓ (લોકસેવક-સેવિકાઓ) અને એમનાં પણ માર્ગદર્શક એવા ક્રાંતિપ્રિય સાધુ-સાધ્વીઓ મળીને આ બધું કરશે! રાજ્ય તો ત્યારબાદ કેવળ આંતરરાષ્ટ્રીય બાબતોને જ વધારે વિચારશે અને મોટી મોટી રીતે કામ કરશે. બાકી આખા દેશનો આંતરિક વહીવટ આવાં સંગઠનોનાં હાથમાં હશે. આજે નાભિ ભલે સંતોના હાથમાં હોય (એટલે કે ધર્મ સંસ્કૃતિ હાથમાં હોય) પણ ગળું તો રાજ્યના હાથમાં આવી પડયું છે. તેથી નાભિનો-સંતોને અવાજ ભલે ગમે તેટલો મોટો હોય પણ ગળાં-રાજ્ય આગળ તે રૂંધાઈ જાય છે.

આમાં સદ્‌ભાગ્યે કોંગ્રેસ એક એવું રાજકીય બળ છે કે ગાંધી જેવા મહાન સદ્‌ગત રાષ્ટ્રપિતાને લીધે આ દિશામાં સાચાં વિકેંદ્રીકરણ તરફ જઈ શકે તેમ છે. પણ તેમ થતું નથી કારણકે ખુદ કોંગ્રેસમાં જે પક્ષ આજે સત્તા ઉપર છે; તે પક્ષના માણસો; જાતે કોંગ્રેસી હોવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છતાં, ઘણાં જૂથો રૂપે આ પાયાની વાતને રૂંધવાનો પ્રયાસ કરે છે. એથી લોકોનો અસંતોષ દિવસે દિવસે વધતો જઈ રહ્યો છે.

લોકો જુએ છે કે આ અમારી પાસે મત મેળવવા માટે જ કાંઈ કેય સેવા કરે છે. પેલો ઉમેદવાર પણ જનતા આગળ જઈને સાફ સાફ કહે છે: "મેં આટઆટલી સેવાઓ આપી છે માટે મને મત આપો!" આ સેવાના મૂલ્યની કરુણતા છે. ટુંકમાં સેવાનું મૂલ્ય સ્વતંત્ર રહેતું નથી. સેવા સત્તા સાથે જોડાઈ જાય છે અને સત્તા માટે સેવા બની જાય છે. પરિણામે કલ્યાણ રાજ્યની બધી પ્રવૃત્તિઓ કોંગ્રેસીઓના હાથતળે કે અસરતળેના માણસો દ્વારા ગોઠવવાની ખોટી ખેંચતાણ ઉપજે છે. આ વૃત્તિના કારણે મૂડીવાળાઓ કેવળ વધુ નફો, વધુ વ્યાજ કે વધુ વેપાર કયાં મળે તે જ જોવા માંડે છે.

મૂડી કે સત્તા લોકો માટે છે—સેવા માટે છે એ ખ્યાલ પેદા કરવા માટે વિશ્વવાત્સલ્ય નિર્દિષ્ટ અનુબંધ વિચારધારા રાજ્ય અને પક્ષથી અલગ રહી કાર્ય કરે છે. તેનો આધાર નૈતિક-ધાર્મિક પરિબળ છે. એ પરિબળમાં ઘણી જ મોટી તાકાત રહેલી છે. આ સહજ સંસ્કારો આ દેશમાં હજારો લોકોમાં પડેલા છે. પીપળાંને પાણી પાવું, કીડિયારાં પૂરવાં, પક્ષીઓને ચણ નાખવી, પૂજાપાઠ કરવી, કુતરાને રોટલો નાખવો, ગાયને રોટલી નાખવી વગેરે આ બધું સહજ બની ગયું છે. આનો સત્તા કે સંપત્તિ સાથે કોઈ સંબંધ નથી. તેવી જ રીતે સત્તા અને સંપત્તિને સેવા સાથે કોઈ સંબંધ નથી.

જો આવું બને તો રૂપ પકડવાનું કામ સહેલું બને. જો આ બધાનો બોજ છેલ્લે બ્રહ્મચારી એવી સાધુ સંસ્થા સંભાળે તો ઉત્તમ. ભકતો આપણે ત્રણેના વિશ્વવાત્સલ્ય, સર્વોદય અને કલ્યાણરાજ્યના સમન્વયની હદે પહોંચ્યા નથી. પહોંચીએ તો ઉત્તમ, સર્વોત્તમ કાર્ય થઈ જાય.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચર્ચા – વિચારણા

તત્વજ્ઞાનથી માનવતા

શ્રી દેવજીભાઈ : "રાજ્ય હાથ લંબાવી રહ્યું છે; સમાજને ભીડો લઈ રહ્યું છે. આ વાતથી આજના વિદ્વાન ગણાતા સાધુ-સાધ્વીઓ પણ અજાણ હોય છે એવું મને લાગે છે. હું માંટુગામાં એક મુનિજીના પ્રવચનોમાં ગયેલો. તેમણે પોતાના પ્રવચનમાં ન્યાયસંપન્ન આજીવિકા ઉપર ભાર મૂકયો હતો. મને એ ગમ્યું. પણ મેં જ્યારે એમને પૂછ્યું : "આવો આચાર કઈ રીતે સમાજમાં ઘડવો" ત્યારે તેઓ જવાબ ન આપી શકયા. અલબત્ત સાધુ સાધ્વીઓ પ્રત્યે મને પૂરું માન છે. મને વિશ્વાસ છે કે તેઓ ક્રાંતિ કરી શકે છે પણ તેમની આસપાસનું વર્તુળ "જી હજુરીયાઓ"નું અથવા રૂઢિચુસ્તોનું છે. એ વાડામાંથી તેઓ બહાર આવી શકતા નથી.

સમાજ પોતે તો પરાધીન છે. મુનિવરોમાં એક પરિવર્તન જોવા મળે છે અને તે આશાજનક છે કે કોરી તત્ત્વજ્ઞાનની વાતો ઉપરથી તેઓ માનવતા ઉપર આવ્યા છે. તો જગતના પ્રવાહોનો ખ્યાલ આવતાં, અને નૈતિક હિમ્મત આવતાં જરૂર કાર્ય થશે.

રાજ્ય પાસેથી બીજી જવાબદારીઓ દૂર કરાવવી જ રહી

શ્રી પૂંજાભાઈ : "સ્વરાજ્ય બાદ શરૂઆતમાં સેવકોથી અમલદારો ડરતા હતા પણ તેઓ સેવકોની નબળાઈઓ જોઈ ગયા અને પછી આ બધું ચાલ્યું. જ્યારે અમલદારો સાથે રાજકીય સંસ્થાના માણસો કોયડા ગૂંચવા અને ઉકેલવામાં પડી જાય છે ત્યારે તો ભારે ગ્લાનિ થાય છે. કેટલાક આ કોયડાથી અલગ રહ્યા છે ખરા, પણ એમને આનંદ થવાના બદલે ઓરતો તો થાય છે : "બીજા આગળ ગયા અને અમો રહી ગયા !"

એટલે કલ્યાણકારીરાજ્યે, પોતાની અને પોતાના પક્ષની પાસે જે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શક્તિઓ અને કાર્યો સાચવી રાખ્યાં છે, તે છોડવા પડશે. રાજ્ય જાતે ન છોડે તો તેની પાસેથી તે બધું છોડાવવું પડશે. આ માટે આપણી નજર, ક્રાંતિપ્રિય સાધુ-સાધ્વીઓ તરફ જાય છે. જો કે તેઓમાં પણ આજના વિશાળ જગતમાં અનુબંધ વિચારધારાની રીતે પાયાથી કામ કરવું અશકય થઇ પડશે. પરંતુ બાપુએ જે થોડા દેશસેવકો અને રચનાત્મક કાર્યકરો આપ્યા છે તે સૌએ ભેગા મળીને જેમ બાપુ વખતે આહુતિઓ આપેલી, તેમ આપી, કલ્યાણરાજ્ય, સર્વોદય અને વિશ્વવાત્સલ્યનો સમન્વય સાધવો પડશે. આ જ અનુબંધ વિચારધારાનું મૂળ રહસ્ય છે. સર્વોદય અને વિશ્વવાત્સલ્યના સાધકોએ રાજ્ય પાસેથી સ્વેચ્છાએ કે સ્વેચ્છા વગર પણ આર્થિક, સામાજિક શિક્ષણ-સંસ્કૃતિના કાર્યક્રમો લઈ લેવા પડશે. તોજ રાજ્ય બાકીનું બરાબર સંભાળી શકશે."

શ્રી સુંદરલાલ : "જેમ બાળકની પાસેથી રમકડું આપીને જ ચપ્પુ લઈ શકાય છે તેમ કલ્યાણરાજ્યને આંતરરાષ્ટ્રિય કાર્યક્રમો આપીને જ તેની પાસેથી રાજકીય સિવાયના બધા કાર્યક્રમો લઈ શકશે."

શ્રી દેવજીભાઈ : એટલા માટે તો આપણે ક્રાંતિપ્રિય સાધુ-સાધ્વીઓ અને સર્વાંગી રચનાત્મક કાર્યકરોના સંયુકત પ્રયાસ ઉપર મીંટ માંડીએ છીએ. આજે આવા ક્રાંતિપ્રિય સાધુ-સાધ્વીઓને સમાજે સર્વપ્રથમ જગાડવાં પડશે.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

[૧૮] વિશ્વવાત્સલ્ય વિચારની વિશેષ જવાબદારી

[૨૦-૧૧-૬૧] —શ્રી દુલેરાય માટલિયા

અત્યાર સુધી મુખ્યત્વે વિશ્વવાત્સલ્યની અને તેના અનુસંધાનમાં સર્વોદય અને કલ્યાણરાજ્ય અંગે વિશદ છણાવટ થઈ ચૂકી છે. આજે તો સર્વોદય કલ્યાણરાજ્ય અને વિશ્વવાત્સલ્ય એ ત્રણેના કાર્યકરો નોખા નોખા સંપ્રદાયના થઈ જતા હોઈ, એમની વચ્ચે એકતા ન થતી હોય એવો આભાસ થાય છે. રચનાત્મક કાર્યોને સર્વોદયવાળા અમૂક દૃષ્ટિએ વિચારતા હોય છે! ત્યારે કલ્યાણરાજ્યવાળા રાજ્યની દૃષ્ટિએ વિચારતા હોય છે. વિશ્વવાત્સલ્યવાળા એ બંનેને સાંકળવાનો-ભેગા ગોઠવવાનો પ્રયત્ન કરે છે. સાથે કેમ ભળવું? ભેગા કેમ થવું? એ આજનો અગત્યનો પ્રશ્ન બની ગયો છે. એનો અર્થ એ નથી કે ત્રણે વિચારો આથડીને ઓછાં થઈ જાય. પણ, ત્રણેને ગોઠવનાર કોઇ બળ હોવું જોઇએ. ભૂતકાળમાં આવું બળ ગાંધીજી હતા. ગાંધી-વિચાર જ એ ત્રણેયનું કેન્દ્ર બન્યું છે.

ગાંધી વિચારને ઝીલનાર ત્રણ બળો છે : (૧) જવાહરલાલ નેહરૂ (૨) વિનોબાજી (૩) તેમ જ અન્ય સંસ્થાઓ. વિશ્વશાંતિ માટે સતત પુરૂષાર્થ કરનાર પં. નેહરૂ છે અને તેમને સમર્થન આપનાર આ દેશમાં કોંગ્રેસ છે. કોંગ્રેસે જવાહરલાલજીના બધા જ વિચારો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્વીકારી અને અપનાવી લીધા છે, એમ નથી. કેટલાક તેમનો શિરસ્તો પાળે છે; કેટલાક વિરોધી છે. કેટલાક સમર્થક છે. પંડિતજી કોંગ્રેસ દ્વારા વિશ્વશાંતિ માટે નિઃશસ્ત્રીકરણની વાત વિશ્વમાં મૂકવા માગે છે. એ ગાંધીવિચારનું એક બળ છે.

ગાંધી વિચારનું બીજું બળ છે વિનોબાજી. ગાંધીજીએ તેમને પ્રથમ સત્યાગ્રહી તરીકે પસંદ કર્યા હતા. રચનાત્મક કાર્યકરો તથા સંસ્થાઓ એમને અનુસરે છે. તેઓ બધાની આગળ પોતાની વાત મૂકે છે અને બધી જ બાબતોમાં રચનાત્મક કાર્યકરો તેમને માને છે એવું નથી. પણ, એટલું ખરું કે એમની વાતને જ—એમના અભિપ્રાયને આધારભૂત માનીને તેઓ ચાલે છે.

એમણે ગાંધીજીના અવસાન પછી, લગભગ બધી જ રચનાત્મક સંસ્થાઓની સંકલના કરી સર્વ સેવાસંઘ સ્થાપ્યો. સર્વસેવાસંઘ ગાંધીજીના વિચારોને ઝીલનારું બળ છે.

ચરખાસંઘે ખાદી ગ્રામોદ્યોગ બોર્ડમાં સમાઈ જવું જોઇએ એવો વિનોબાજીનો અભિપ્રાય સ્વીકારાયો અને ચરખાસંઘ તથા ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ એક બની ગયાં. ગાંધીજી પછી રાજકીય ક્ષેત્રે તેમના વારસદાર તરીકે પંડિત જવાહરલાલ નેહરૂને ગણી શકાય તો આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે તે સ્થાન વિનોબાજીનું છે, એ સ્વીકારાયેલું સત્ય છે. અંબર ચરખાની શોધ થઈ ત્યારે વિનોબાજીને પૂછવામાં આવ્યું કે અંબર ચરખાને સ્વીકારવો કે નહીં? ત્યારે એમણે કહ્યું: "અંબર તો અવતાર છે એને અવગણે ચાલશે નહીં!" એટલે ચરખાસંઘે અંબર ચરખાને સ્વીકાર્યો અને તેણે ક્રાંતણની દિશામાં માનવની આર્થિક સ્થિતિનો સુધારો કર્યો. એટલું જ નહીં પાકિસ્તાન જેવાએ પણ તેને અપનાવ્યો છે. અ. ભા. ખાદી ગ્રામોદ્યોગ બોર્ડે એમાં અવનવી શોધ કરી.

'નઈ તાલીમ'ને નવું સ્વરૂપ શું આપવું તે માટે આશાદેવી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આયંનાયકમ્ વિનોબાજી સાથે રહ્યા. વિચાર-વિનિમય કર્યા બાદ વિનોબાજીએ કહ્યું : "અત્યારે 'નઈ તાલીમ'નાં વિદ્યાલયને બંધ કરી ભૂદાનના કામમાં લાગી જવું જોઈએ." એ વિદ્યાલય બંધ કરાવ્યું, તે ઠીક હતું કે અઠીક, એ વિષે હજુ મતભેદ છે. એ વિદ્યાલય બંધ નહોતું થવું જોઈતું એવો (આપણો) વિનમ્ર મત છે. એ તાલીમ દેશના ઘડતર માટે હતી અને સ્વરાજ્ય પછી એને તરત જ અપનાવવામાં આવી હોત તો આજે રાષ્ટ્રનું ઘડતર કંઈક જુદું જ હોત. એટલું ખરું કે ગ્રામદાની ગ્રામોમાં વિનોબાજીએ નઈ તાલીમનો પ્રયોગ કરવા આશાદેવીને પ્રેર્યા હતા. અણુસાહેબ સહસ્ત્રબુધ્ધે કોરાપુર (ઓરિસા)માં આ પ્રયોગ કરી રહ્યા હતા. વિનોબાજીની પ્રેરણા લઈ આશાદેવી પણ ગ્રામોને નવો ઘાટ આપી રહ્યા છે.

ગાંધી વિચારનું ત્રીજું બળ જો કે પહેલાં બે બળ જેટલું પ્રબળ નથી છતાં તેનું આગવું મૂલ્ય તો છે. આ બળમાં જુદી જુદી વ્યક્તિઓને સમાવી શકાય. ઉપરના કાર્યો જેટલું નહીં પણ વ્યાપક રીતે વધુ સક્રિય કામ આંતરરાષ્ટ્રિય મજૂર પરિષદ (ઇન્ટુક)માં અનસૂયાબહેન, શંકરલાલ બેંકર વગેરે કામ કરી રહ્યા છે. એને રાજ્ય સંગઠનનું અંગ બનાવ્યા સિવાય મજૂરોનું સ્વતંત્ર સંગઠન રાખી, ચલાવી રહ્યા છે. રીતસર કોંગ્રેસ સાથે જોડાયા વગર એ સંસ્થા વર્ષોથી કામ કરી રહી છે. બીજી તરફ શ્રી ગુલઝારીલાલજી નંદા (નંદાજી) ટ્રસ્ટીશીપવાળો સમાજ રચવા મથી રહ્યા છે. તેઓ આયોજન પ્રમુખ હોઈને મજૂર સંગઠનો સાથે એનો સુમેળ સાધવામાં ફાળો આપી રહ્યા છે. આમ, જવાહરલાલજી, વિનોબાજી, અનસૂયાબહેન, બેંકર અને નંદાજી સુધીનો ગાંધી-વિચારમાં ફાળો છે; એમ ફળે છે.

પંણ, આ બધી સંસ્થાઓને સત્ય અહિંસાની દૃષ્ટિએ મૂલવવાનું કામ, નવું સંસ્કરણ કરવાનું કામ, હજુ કરવાનું બાકી રહે છે. વિનોબાજી માત્ર સૂચના અને વિચારો આપે છે. પણ તેને આકાર આપવા અંગે તેઓ ભાંજગડમાં પડતા નથી. ગાંધીજીનું એવું ન હતું. ગાંધીજીએ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૧૯૪૨ માં કહ્યું કે : "આદી ન મળે તો રેંટિયા બાળી નાખવા જોઇએ !" એમ એમનું ચોથું સ્વરૂપ ખડા સત્યાગ્રહીરૂપે–શાંતિ સૈનિક તરીકે ગાંધીજી વખતે દેખાતું. દારૂ તાડીના પીઠા ઉપર પીકેટિંગ કરનારૂં સત્યાગ્રહી બળ, જાલિમ સામે રૂધિર આપીને સામનો કરનારૂં અગ ધીમે ધીમે કરમાઈ ગયું છે. એ કરમાઈ જવામાં બે વસ્તુઓ કારણભૂત બની છે. એક તો એ કે તે વખતે તેની શકિત પરદેશી રાજ્ય સામે લડવામાં, તેને કાઢવામાં એક પ્રતિકારક શક્તિ તરીકે લગાડવામાં આવી હતી. તે એક ઠંડી તાકાતરૂપ હતી. આજે તે દર પાંચ વર્ષે આવતા ચૂંટણી–જંગમાં ખર્ચાય છે. બીજી વાત તે વખતે તો પોલિસો, જાસૂસો, આદિવાસીઓ વગેરે બધા વચ્ચે સત્ય–અહિંસાનો પ્રયોગ કરવાની વાત ગાંધીજીએ કરી તેને સાકાર આપવાનું કામ બાકી રહી ગયું છે. એટલે સ્વરાજ્ય પછી (ધાર્યા કરતાં વહેલું સ્વરાજ્ય આવી જતાં) એ સવાલ ઊઠયો કે વિદ્યાપીઠ, આશ્રમો, ચરખાસંઘ, નઈતાલીમ સંઘ વગેરેને ઘાટ કેમ અને કેવી રીતે આપવો ? ગાંધીજી વખતે રચનાત્મક કાર્ય-કરોની ઝંખના પ્રયોગ કરવાની હતી, પણ પરદેશી સત્તા અને જાસુસીની જાળ હોઈને, એ બધા ઉપર પ્રતિબંધ હોવાથી તેને આકાર આપવાની ઝંખના પૂરી ન થઈ શકી. સ્વરાજ્ય પછી એ ઝંખનાને પૂરી કરવા માટે એ તાકાત જુદા જુદા પ્રયોગો કરવામાં રોકાઈ ગઈ. જુગતરામભાઈ નારાયણદાસકાકા, મગનભાઈ, શિવાભાઇ વગેરેની શકિત, જુદી જુદી સંસ્થામાં પ્રયોગ કરવામાં, ગુજરાતમાં પ્રયોગ કરવામાં લાગી. એવી જ રીતે બીજા પ્રાંતોનાં રચનાત્મક બળોની શક્તિ પણ પ્રયોગમાં લાગી. પ્રયોગાત્મક વસ્તુ એકાગ્રતા માગે છે. પ્રયોગમાં આ બધાઓ એકાગ્ર થતાં, દેશની ભાવાત્મક એકતા તરફ ધ્યાન ન આપી શકાયું અને તેને ન ગોઠવી શકાણી. ભાવાત્મક એકતા વગર સત્યાગ્રહી શક્તિ ઊભી ન થઈ શકે. આ એક બીજું કારણ પણ એ ઠંડી તાકાત ઓછી થઈ જવાનું છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભાવાત્મક એકતા માટે સંગઠન જોઈએ. સંગઠન માટે શિસ્ત આવશ્યક છે. એના ઉપર નિયમન કરનારું બળ જોઈએ. સત્યાગ્રહી હોય તે પોતાની નબળાઇ કબૂલ કરે છે. પણ એ પ્રકૃતિનો ન હોય તો તે શિસ્તભંગ કરે છે. શિસ્તના ભયના કારણે માણસ દંભી બની જાય છે. એટલે એ વિચાર મૂકાયો કે સંસ્થાઓને નાની અને છૂટી રાખવી; પણ એથી આગળ જઈ શકાયું નહીં. એટલે દેશનું ઘડતર ભાવાત્મક એકતાની રીતે ન થઈ શકયું.

આ બાજુ, ઇન્ટુકે દેશવ્યાપી મજૂરોનું જો સંગઠન ઊભું ન કર્યું હોત તો દેશભરમાં સામ્યવાદીઓ અને બળવો કરનારા ઊભા થઇ જાત. તેલંગાણામાં ભૂમિવાન અને ભૂમિહીન વચ્ચે જેમ સામ્યવાદીઓએ વર્ગ વિગ્રહ ઊભો કર્યો તેમ મજૂર અને માલિક વચ્ચે પણ કરાવવા માગતા હતા અને તેને સામ્યવાદનું એક રીહર્સલ બનાવી ચીનની માફક હડપી જવા માગતા હતા. એટલે જેમ ભૂમિદાને માલિકી-વિભાજન દ્વારા સામ્યવાદના ભૂતને રોકયું, તેમ ઇન્ટુકે પણ આ વર્ગ-સમન્વય કરી સામ્યવાદી આંતરવિગ્રહના ભયમાંથી દેશને ઉગારી લીધો છે એમ માનવું જ રહ્યું. એટલે એ પ્રશ્ન નવી સમસ્યા ઊભી કરતો નથી.

પણ રાષ્ટ્રવ્યાપી રચનાત્મક પ્રયોગો પાછળ સત્યાગ્રહ શકિત, ભાવાત્મક એકતાની જેમ એક બીજો પ્રશ્ન પણ એમ જ ઊભો છે, તે છે બહેનોની, ગ્રામજનોની અને પછાત વર્ગની ભાવુક ધર્મશકિત. જ્ઞાનની કક્ષાએ એમની શકિત મર્યાદિત છે પણ ધર્મની દૃષ્ટિએ તે શ્રદ્ધા, પોતપોતાના ધર્મ અને ધર્મગુરુઓમાં વહેંચાયેલી છે. એ સંકલિત નથી એટલે પરસ્પર લડીને છેદ ઉડાડે છે. એક જ ધર્મના સાધુઓ પણ સામસામે લડીને પોતાની શકિત વેડફે છે, ત્યારે ઘણીવાર એ પ્રશ્ન થાય છે કે આ સાધુઓએ ઘરબારને છોડ્યા શા માટે? ભેદમાંથી અભેદ તરફ જવા માટે જે સાધના કરવાની હતી તેના બદલે તેઓ તીવ્ર મતભેદમાં પડી ગયા છે? દેશના નૈતિક સંસ્કારો ઘડનારું આ એક જબ્બર બળ છે, પણ તેને ઉંચકવાનું અને ઘડવાનું કામ બાકી છે. આ કાર્ય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aradhak Trust

ગાંધીજી વખતે થયુ નહોતું અને આજે પણ એ શકિત ઘડાઇ નથી. ગાંધીજીની સત્યાગ્રહી શકિત રાજકારણ અને રચનાત્મક બળ બન્નેને સત્ય–અહિંસા તરફ વાળવામાં વધારે વાર લાગી હતી. હવે સ્વરાજ્ય પછી ઊભા થતા પ્રશ્નોને સત્યાગ્રહની દૃષ્ટિએ ઉકેલવા શી રીતે ? આ કોયડો ઊભો છે ? લોકશ્રદ્ધાનું જબરજસ્ત વાહન કરનાર અને સૌથી વિશેષ પવિત્ર જવાબદારીવાળા સાધુઓની શકિત રણની રેતીમાં નદીનો પ્રવાહ સુકાઇ જાય અને રેતી ફેલાઈ જાય, એમ સાંપ્રદાયિકતાના રણમાં સુકાઈ જવા દેવી ? એવી જ રીતે સત્યાગ્રહશકિત અને રચનાત્મક પ્રયોગોની શકિતને વેરવિખેર થઇ જવા દેવી ? આ મહાન પ્રશ્નો રાષ્ટ્ર આગળ અને તેમાં પણ ખાસ કરીને સર્વોદય, વિશ્વવાત્સલ્ય અને કલ્યાણ રાજ્ય આગળ અણઉકેલ્યા ઊભા છે !

એટલે અત્યારે વિશ્વવાત્સલ્યની વિશેષ જવાબદારી—નવી જવાબદારી એ ઊભી થઈ છે કે તેણે એક બાજુથી પંડિત જવાહરલાલજીની શકિતસુદ્રઢ બનાવવી, વિશ્વમાં એમની શકિત વધારેમાં વધારે કામ કરતી થાય એ રીતે મદદ કરવી. બીજી બાજુ વિનોબાજીના વિચારોથી જે પ્રયોગો એમના વડે કે રચનાત્મક કાર્યકરો વડે થાય છે એ પ્રયોગોને સંકલિત કરવા અને તેમને પ્રતિષ્ઠિત કરવા, તેમ જ એ લોકઘડતર કરી શકે, એવાં કામોમાં મદદ કરવી. ત્રીજી બાજુ ઈન્ટુકનું ક્ષેત્ર કેવળ શહેરો સુધી રહ્યું છે તેથી ગામડાં વેરવિખેર રહી ગયાં છે. ત્યાં એના કારણે ખેડૂતવસવાયા અને ખેડૂત ભરવાડો વચ્ચેના સંઘર્ષો વધ્યા છે. ખેડૂતો અને ભરવાડો વચ્ચે ઘણા ઠેકાણે મારામારી વધી છે. ખેડૂત અને ખેતમજૂરો વચ્ચે પણ ઘર્ષણો ઊભાં થયાં છે. બન્નેને આજીવિકાની ચિંતા છે. ખેડૂતો પાસે આજીવિકાનું સાધન નબળું છે. વરસાદ સારો થાય તો પાક સારો ઊતરે. માંડ માંડ તેઓ રોટલો પૂરો કરે છે. બધી નહેર યોજના પાર પડ્યા પછી તેમની દશામાં શું સુધારો થશે, તે કહી શકાતું નથી. બીજી તરફ સરકાર સાધન હોવાના કારણે, મજૂર–વસવાયા વગેરેને પોતાની તરફ ખેંચી લે છે; અગર તો તેઓ સરકાર તરફ ખેંચાઈ જાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ સિવાય ગામ તરફથી શહેરમાં લોકોનો ધસારો વધી રહ્યો છે અને એણે પણ વિકટ પ્રશ્નો પેદા કર્યા છે. ગામડાંની ભોળી પ્રજાને ગમે તે રીતે ગમે તે ઉશ્કેરી શકે છે. આ બધા ગ્રામજનોને સમજાવે કોણ? જમીનની વહેંચણીનું કામ અધુરું રહ્યું છે. એવી જ રીતે સંગઠનનું વ્યાપક કામ પણ હજુ બાકી જ છે. ભાલ-નળકાંઠામાં નાના પાયા ઉપર ખેડૂત-ગોપાલક-મજૂર મંડળો-(ગ્રામસંગઠનો) ઊભાં થયાં છે. એટલે વિશ્વવાત્સલ્ય વિચારધારાએ ખાસ એ કરવાનું છે કે ઈન્ટુક અને ગ્રામસંગઠન -બન્ને બળોને ભેગાં કરવાં અને ગ્રામસંગઠનની નૈતિક શક્તિ ઈન્ટુકને મળે અને ઈન્ટુકની જનશક્તિ ગ્રામસંગઠનને મળે એ રીતે બન્નેને મેળવવાનાં છે. તેથી બન્ને શક્તિ એક બીજાને મળે અને આંતરરાષ્ટ્રિય મજૂર-કિસાન સંગઠન સાથે એમનો અનુબંધ થઈ શકે. સર્વોદય વિચાર ગ્રામઆયોજન અને ક્ષેત્ર આયોજનની વાત મૂકે છે અને ક્ષેત્રનું ઘડતર ગ્રામલોકો દ્વારાજ થાય, એમ કહે છે; ત્યારે વિશ્વવાત્સલ્ય વિચાર સંસ્થાઓ દ્વારા ગ્રામ ઘડતરમાં માને છે. હવે સમગ્ર ગ્રામસંગઠન કેમ થાય? એવી જ રીતે સમગ્ર ક્ષેત્ર સંગઠન કેમ કરવાં એ વિચારવાનું છે અને તેને વિશેષ પ્રયોગો દ્વારા, અનુભવો દ્વારા ઘાટ આપવાનું કામ પણ આપણે (વિશ્વવાત્સલ્યે) કરવાનું છે. જે લોકો ધર્મની ભાષામાં સમજે તેમને તે ભાષામાં સમજાવીને વાત ગળે ઉતરાવવાની છે. એમાં વિમુખતા કે અલગતા જરાયે ન આવે તેની કાળજી રાખવાની છે.

એવીજ રીતે વિશ્વવાત્સલ્યનો સાધુસંસ્થા તરફનો કાર્યક્રમ પણ કપરો છે. સાધુસંસ્થાની હાલત ઘણી શોચનીય છે. તેઓ સંસાર છોડે છે એટલીજ સંપ્રદાયની આસક્તિ તેમને વળગી જાય છે. વિધવા બહેનને જેમ છોકરો જશે તો સંસાર તૂટી પડવાનો ભય ઊભો થાય છે, એમ સાધુ સન્યાસીઓના મનમાં ભય અને મૂઢતાના કારણે એક એવી મડાગાંઠ ઊભી થઈ છે. "અને સાચું કહેશું અગર તો કરવા જઈશું તો સમાજ તરછોડી દેશે તો?" રહેવા-ખાવા-પીવાનું શું થશે? આ ભયથી તેમને મુક્ત કરવાની જવાબદારી વિશ્વવાત્સલ્યની છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાધુવર્ગને માત્ર થોડી ફૂંકની જરૂર છે. એમને અભય કરવાની એટલે કે ખાન-પાનની સગવડની નિશ્ચિંતતા કરી દેવી, એ નથી; પણ તેમનામાં કષ્ટો સહેવાનું બળ વધારવું એ છે. એ ઉપરાંત સાધુસંસ્થા જે પદ્ધતિથી ટેવાયેલી છે તેમાં નવા વિચારો પચાવવાની શક્તિ બહુજ ઓછી છે. એ ઉપરાંત પણ વિચારોનું પૃથક્કરણ અને મૂલ્યાંકન પણ જૂજ સંખ્યામાં થાય છે. અધ્યાત્મની વાતને વેદાંતની સાથે તો કયારેક આચાર-વિચાર સાથે પણ વિચિત્ર રીતે જોડી દે છે. વહેવારને-સેવાને તેઓ ગૃહસ્થાશ્રમ સાથે જોડી દે છે. આમ વિચારોનું સ્પષ્ટબળ ન પાકતાં શંભુમેળા જેવું થઈ જાય છે.

એવીજ સ્થિતિ સાહિત્ય સર્જનની છે. સાધુઓએ પુષ્કળ સાહિત્ય રચ્યું છે પણ તેનું વર્ગીકરણ કરવા જતાં તે મોટાભાગે ક્રિયાકાંડોની ચર્ચા, પરંપરાગત ગ્રંથો ઉપરનાં ભાષ્યો-પૂર્ણીઓ-ટીકાઓ, ખંડન-મંડન કે સ્વનિશ્ચિત તત્વોના તત્વજ્ઞાન ઉપર લખાયેલું જણશે. કેટલુંક તો ખોટી પ્રસિદ્ધિ માટે કશાં પણ મૂલ્ય વગરનાં અશુદ્ધ પ્રતિકાવ્યોથી ભરપૂર છે. કથા સાહિત્યમાં સાધુ હોય તો મોક્ષે જતો, ગૃહસ્થ હોય તો દીક્ષા લેતો, ધર્મી હોય તો દેવલોકે જતો અને અધર્મી હોય તો નરકે જતો નાયક વર્ણવાય છે. મનુષ્યભવની જે કિંમત શાસ્ત્રોમાં છે તે પ્રમાણે કોઈને મનુષ્યગતિ તરફ જતો બતાવાતો નથી. એવુંજ સાહિત્ય ક્રિયાકાંડનું છે જેમાં ચમત્કારોને જોડી દેવામાં આવે છે. આયંબિલ કરનાર અમૂક રાણી નાળિયેર વધેરે તો અમૂક રોગીનો રોગ મટે, આવી સંબંધ અને સંદર્ભ વગરની વાતો રજુ કરવામાં આવે છે. વૈષ્ણવ સંપ્રદાયમાં એકાદશી કે બીજા વ્રતોના મહાત્મય સાથે દેવોના ચમત્કારને જોડી દેવામાં આવ્યા છે. આ બધાના કારણે સમાજનો સાચો પુરૂષાર્થ—માનવનો પુરૂષાર્થ દબાઈ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગયો. સ્વવિકાસ કેમ કરવો એ વાત જાણે ભૂલાઈ ગઈ અને સાધુ-સંસ્થાનું વાંચન-મનન-જ્ઞાન પણ મર્યાદિત થઈ ગયું. કેવળ પોતાના જ ધાર્મિક સાહિત્યનું વાંચન કરવાથી દૃષ્ટિ એકાંગી થઈ ગઈ; અને અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર કે વિજ્ઞાન વગેરે સાથે તેમનું જ્ઞાન નહિવત્ રહ્યું. એટલે આ સાધુસંસ્થાએ આજના વિજ્ઞાન, અર્થકારણ, રાજકારણ સમાજકારણ વગેરેનું અધ્યયન અને વાંચન પણ સર્વાંગી અને વ્યાપક ધર્મની દૃષ્ટિએ કરવું રહ્યું. એથી આજના યુગને સમજી, એ જ્ઞાનને તેઓ નૈતિક અને ધાર્મિક દૃષ્ટિએ સમાજ આગળ રજૂ કરી શકશે અને ઘણું સારું કામ કરી શકશે. સાધુ સંસ્થાની ઉપયોગિતા જ્ઞાનની રીતે ઘણી છે કારણકે તેના સભ્યો માટે એકાંત આત્મસાધના માટે જ્ઞાન આરાધના આવશ્યક છે. આજે એ જ્ઞાન-આરાધનમાં અધ્યાત્મ જ્ઞાન સાથે વિજ્ઞાનનો મેળ બેસાડવા તેમણે પુરૂષાર્થ કરવાનો છે. જેથી તેઓ આર્થિક-સામાજિક પરિવર્તનો અને ક્રાંતિઓમાં વિશેષ ફાળો આપી શકે; એટલું જ નહીં તેઓ એને ધાર્મિક-પુટ લગાડતાં તેનું મૂલ્યાંકન પણ વધારી શકે છે. આ કામ થતાં તેઓ કથા સાહિત્યને પણ વૈજ્ઞાનિક ઢબે ગોઠવી શકે છે.

સંસ્કૃતિનો સળંગ ઇતિહાસ તપાસતાં એ જણાઈ આવશે કે સમય સમય પ્રમાણે નવા વિચારોને ધર્મમાં સમાવી લેવામાં આવ્યા છે. શંકરાચાર્યે બૌદ્ધતત્ત્વજ્ઞાનને વૈદિક ધર્મમાં સમાવી લીધું અને પચાવ્યું. વૈદિક ધર્મ કંઇક અંશે જૈનતત્ત્વજ્ઞાન કર્મવાદને પોતાના ગ્રંથો ભાગવત-ગીતા વગેરે દ્વારા પચાવી લીધું છે. જૈનાચાર્યોએ વૈદિક કથા સાહિત્યના પાત્રોને જૈન કથા-સાહિત્યમાં સમાવી લીધા છે. જૈન ઉપાસનામાં વૈદિક ઉપાસનના તત્ત્વો આવી ગયાં છે. આમ વિચાર તત્ત્વજ્ઞાન કે ક્રિયાકાંડોને પરસ્પરમાં સમાવાનું કે આદાનપ્રદાન કરવાનું અહીં પ્રાચીનકાળથી ચાલ્યું આવે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એવીજ રીતે આજે હવે વૈજ્ઞાનિક ઢબે કથા વસ્તુઓ ગોઠવવાની જરૂર છે. કેટલીક કથાઓ એવી પણ છે જેમાં મૂળતત્ત્વ ખોવાઈ ગયું છે. દા. ત. એક કથામાં બતાવવામાં આવ્યું છે કે નિરંજન વીતરાગ તીર્થંકર ઘોડા ઉપર બેસીને મરેલાને બચાવવા જાય છે. ભગ્નામય સ્તોત્રના શ્લોકે તીર્થંકર મદદે આવે છે, એવી વાત રજૂ કરવામાં આવી છે. મૂળ વાત એ છે કે તીર્થંકર મુક્ત થયા છે અને મુક્તાત્મા કોઈની મદદ કરવા આવતો નથી. મુસલમાનોમાં પણ આની દેખાદેખી એક કથા છે જેમાં પીર લીલા ઘોડે બેસી નીકળે છે અને બધાના દુઃખ દૂર થાય છે. આવા ચમત્કારિક કથા સાહિત્યને માનવ-પુરૂષાર્થનો વૈજ્ઞાનિક વળાંક આપવો પડશે કે એ રીતે બદલવું પડશે. આ કાર્ય સાધુ-સંસ્થા મારફત થવું જોઈએ.

એટલે આજના સાધુઓના માનસમાંથી એક બાજુ સાંપ્રદાયિક કલેશ ઊભી કરનારી વાતો અને અંધ વિશ્વાસો કઢાવવા પડશે; ત્યારે બીજી બાજુ નિર્ભયતા લાવવા માટેના પ્રયત્નો કરવા પડશે.

એ કેવી રીતે થઈ શકશે ?

સાધુ સંસ્થામાં સામંજસ્ય લાવવા માટે અને તેને આ વાત સમજાવવા માટે જ માટુંગામાં આ સાધુ-સાધ્વી શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. હવે પછી નાના ગાળા ધર્મ-પરિષદો ગોઠવાય જેમાં સહુ ભેગા થઈ મુકત મને અને મુકતપણે તત્ત્વ ચર્ચા કરવાની જરૂર છે. સાધુ સન્યાસીઓ એ રીતે ભેગા થઈને યુગપ્રવાહોનો વિચાર અને ધર્મ સમન્વય કરવા ભેગા નહીં થાય તો એમની સામે બે ભયો ઊભાં છેઃ-(૧) એક તરફ સાધુ-સંસ્થાને નકામી જાહેર કરી નિકંદન કાઢનારી સામ્યવાદી પદ્ધતિ (૨) બીજી તરફ સમાજની સાધુ પ્રત્યેની શ્રદ્ધાનું ડહોળાઈ જવું જેથી તેનું વર્ચસ્વ કોઇપણ ક્ષેત્રે રહેશે નહીં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જો આમ થયું તો માનવજાતિને વિનાશના મુખમાં ધકેલાઇ જવાનો સંપૂર્ણ ખતરો છે. કારણકે જીવનમાં કોઈપણ ક્ષેત્રે ધર્મ અને નીતિનું નિયંત્રણ ન રહેતાં સહુ પોતાના સ્વાર્થ માટે બીજાનું નિકંદન કાઢવાના આરે આવીને ઊભા રહેશે.

સાધુ સંસ્થા માટે ઉપર જણાવેલા બે ભયોમાંથી, સામ્યવાદનો ભય તો માથા ઉપર જ છે. તેનો તાજો દાખલો તિબેટનો છે. ત્યાં દલાઈ લામા સામ્યવાદને અનુકૂળ ન થયા તો કાં તો તેમને ખતમ થઈ જવાનું હતું પણ તેઓ નિર્વાસિત થયા. ચમત્કાર ઉપર જીવનારા ૫૦–૬૦ હજાર લામાઓને, ઠેકડી ઉડાડી, સડકો ઉપર રીબાવી કરપીણ રીતે મારી નાખવામાં આવ્યા. પંચનલામા સામ્યવાદને અનુકુળ થયા એટલે જીવ્યા પણ, તે સતત ભય અને નિયંત્રણ વચ્ચે જ રહે છે. જેમ જેમ વિજ્ઞાન અને યંત્રવાદ (Technology)નો અભ્યાસ વધી રહ્યો છે. તેમ તેમ શિક્ષિત માનસ ધર્મ એને ધર્મગુરુની શ્રદ્ધાથી અલગ થઈ રહ્યો છે અને સમાજશ્રદ્ધા ડહોળાઈ જવાનો ભય પણ એ જ રીતે ડોકિયાં કરતો ઉભો છે. માટે સાધુસંસ્થાએ સમયસર ચેતીને ચાલવાની ઘણી અગત્ય છે. આ ભયથી ઉગરવા માટે સાધુઓએ નિર્ભય થવું પડશે અને ભેગા મળી એક વ્યાસપીઠ ઉપર બેસીને યુગધર્મનો વિચાર કરવો પડશે.

વિશ્વવાત્સલ્ય વિચારની એક જવાબદારી તરીકે તેના અગ્રદૂત મુનિશ્રી સંતબાલજી સાધુઓની શકિતને બહાર લાવવાની પોતાની જવાબદારી પાર પાડે છે અને એ વિચારના સાથીઓનો સહયોગ લે છે. તેમજ બીજી બાજુ સાધુઓમાં અને ગૃહસ્થોમાં જે તપ–શકિત પડી છે તેને અન્યાય, અત્યાચાર અને અનિષ્ટોને નિવારવામાં બહાર લાવવા માગે છે. આ પ્રયોગને મુનિશ્રી સંતબાલજી શુદ્ધિપ્રયોગ કહે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગાંધીજી એને સત્યાગ્રહ કહેતા. આ શુદ્ધિપ્રયોગ કેવળ એવા ગૃહસ્થો કરી શકે કે ચાલાવી શકે જેમના જીવનની કક્ષા પાકેલી હોય, ઉન્નત હોય અને ચારિત્રથી સભર હોય; તેમણે પણ વ્યકિતગત નહીં; સંસ્થા દ્વારા જ આ પ્રયોગ કરવાનો હોય છે. ક્રાંતિપ્રિય સાધુવર્ગનું એમાં માર્ગદર્શન હોવું જરૂરી છે.

શુદ્ધિપ્રયોગ અંગે એક સાવધાની રાખવાની હરહંમેશ અગત્ય રહેવી જોઈશે. તે એકે એનું ઓછું મૂલ્યાંકન કરી ગમે તે સ્થળે એનો ઉપયોગ ન કરવો. એ ઠંડી તાકાતને નાની બાબતોમાં વેડફી ન નખાય તેનું ધ્યાન રહેવું જોઇએ. કેટલાક પ્રશ્નો નાના હોય છે. ઘરમેળે પતાવી શકાતા હોય તો એને ઘરમેળે પતાવી નાખવા જોઇએ. તેને મોટું રૂપ ન આપવું જોઈએ. બાપુના આશ્રમમાં કેટલાક પ્રશ્નો એવા આવતા જેનો નિકાલ તેઓ ઘરમેળે કરી નાખતા. તેઓ ઘણીવાર ઉપવાસોની જાહેરાત નહોતા કરતા; સમાજનું લક્ષ ખેંચવાનો પ્રસંગ હોય ત્યારે જ જાહેરાત કરતા. આપણે ત્યાં નાની વાતને મોટું રૂપ આપી દેવામાં આવે છે અને તેની જાહેરાત ઘણી મોટી કરવામાં આવે છે. એટલે સમાજમાં વિક્ષોભ ઊભો થઈ જાય છે; અને ઘરઆંગણાનો પ્રશ્ન વિશ્વપ્રશ્ન જેટલું મોટું મહત્વ લઈ લે છે. એટલે દરેક પ્રશ્નને તે કયાંનો કયા ક્ષેત્રનો અને કેટલા મહત્વનો છે, એ વિચારીને જ પછી, તેને અનુરૂપ પગલાં લેવા જોઇએ. નહીંતર પ્રમાણ બહારના પ્રશ્નને વિશ્વપ્રશ્નનું રૂપ આપી દેતાં લોકો પ્રચારવાદી કહે અને હાંસી પણ થાય. એનાથી ઘણીવાર સામો પક્ષ તેને પ્રેમળ સ્વરૂપમાં લેતો નથી અને કયારે ક તો ઝનૂની પણ બની જાય છે. વિશ્વપ્રશ્ન એ જ બની શકે જેમાં આખા વિશ્વને સ્પર્શવાની ભૂમિકા હોય. દા. ત. અણુશસ્ત્ર પ્રતિબંધ એ વિશ્વપ્રશ્ન છે; પણ ભાષાનો પ્રશ્ન ભારત સુધીનો છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગોરાસુ શુદ્ધિપ્રયોગ સામાજિક પ્રશ્ન છે. સાળંગપુર શુદ્ધિપ્રયોગ આર્થિક અને ધાર્મિક બને પ્રકારનો હતો. એ પ્રશ્નોને જે મહત્વ અપાયું તે બરાબર હતું. ટુંકમાં દરેક પ્રશ્નને તેના ક્ષેત્ર અને સ્વરૂપ પ્રમાણે મહત્વ અપાવું જોઈએ. બને ત્યાં સુધી જાહેરાતો ઓછી કરવી; વ્યક્તિગત પ્રશ્નને મહત્વ ન આપવું.

શુદ્ધિપ્રયોગ શબ્દ નવો છે એટલે તરત ને તરત ગાંધી-વિચાર-વાળાઓ કે નવાઓને તે ગળે ન પણ ઉતરે અને સ્વરાજ્ય પછી સત્યાગ્રહનું મૂલ્યાંકન ઓછું થતાં આની પણ કિંમત ઓછી અંકાય એવો સંભવ પ્રારંભમાં છે. એટલે બીજી એ વાત ધ્યાનમાં રાખવાની જરૂર છે કે ધીરજ અને ખંતથી ચાલવાનું છે અને ઉતાવળ કરવાની નથી. તેથી ધીરે ધીરે આપોઆપ તેનું મહત્વ સમજાશે.

કેટલીકવાર ઉપવાસની અતિશયતાના કારણે સામો પક્ષ ભયમાં મૂકાઈ જાય છે; તેના ઉપર ભારે તીવ્ર દબાણ આવે છે. એના કારણે કેટલીકવાર એને ત્રાગું પણ સમજી લેવાય છે. એટલા માટે વિનોબાજી આ અહિંસક શસ્ત્રનો દુરુપયોગ ન થાય તે માટે સર્વ પ્રથમ તો ઉપવાસ કરવાની જ ના પાડે છે. પછી યોગ્ય વ્યક્તિ હોય તો માત્ર એકાદ ઉપવાસ કરવાનું કહે છે. તેમનો ભય સાચો છે અને ઉપવાસનો દુરુપયોગ થવાની ભીતિ માસ્તર તારાસિંહના ઉપવાસોએ તાજેતરમાં પુષ્ટ કરી છે.

શુદ્ધિપ્રયોગમાં ત્રીજી એ સાવધાની રાખવાની છે કે તેને વ્યાપક કરવામાં મોટું જોખમ છે. જ્યાં વ્યક્તિગત સંબંધો અતિ પ્રેમળ હોય, ત્યાં અસહકાર કે બહિષ્કાર વ્યક્તિગત હોવો જોઈએ—સામાજિક નહીં. બને ત્યાં લગી આની સાથે બોલવું કે આની સાથે ન બોલવું; આનું ખાવું કે આનું ન ખાવું; આનું પાણી પીવું કે આનું ન પીવું એવી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બાબતોથી દૂર જ રહેવું સારું છે. આ રાગદ્વેષ અને રિસામણીને વેદા કરે છે. એટલે ઉપવાસનું શસ્ત્ર, બોલવાનું શસ્ત્ર કે પ્રયોગ કરવાનું શસ્ત્ર વ્યાપકદૃષ્ટિવાળા યોગ્ય પુરુષોની દોરવણી નીચે વપરાવવું જોઈએ; અને એ જ વાત શુદ્ધિપ્રયોગને પણ લાગુ પડે છે. કદાચ યોગ્ય પુરુષ પણ કયાંક ભૂલ કરી બેસે તો પાંચ-પંદર શાણા, સમજુ અને તટસ્થ માણસોનું અનુસંધાન તેની સાથે હોવું જોઈએ.

વિશ્વવાત્સલ્ય વિચારની એ વિશેષ જવાબદારી છે કે તેણે અત્યારે કોંગ્રેસને સામાજિક ને આર્થિક ક્ષેત્રોમાંથી મુક્ત કરી, માત્ર રાજકીયક્ષેત્રે તે દેશમાં કામ કરે અને આંતરરાષ્ટ્રિય ક્ષેત્રમાં યૂનો સાથે અનુબંધ બાંધી તેને સત્ય-અહિંસાની દિશામાં કામ કરતી કરવા પૂરી મદદ આપે! પણ કોંગ્રેસ સુધી આજે વિશ્વવાત્સલ્યનો અનુબંધ વિચાર પહોંચતો લાગતો નથી. એટલે ત્યાં સુધી તેણે સાધુ-સંકલના કરવાનું અને સર્વસેવાસંઘને પ્રતિષ્ઠિત કરવાનું કામ આ વિચાર દ્વારા કરવાનું છે. તેથી શકિત વધતાં કોંગ્રેસને પુષ્ટિ શુદ્ધિ અને પ્રેરણા આપવાની વાત ગળે ઉતરશે તો, આ ત્રણે બળો—સર્વોદય, વિશ્વવાત્સલ્ય અને કલ્યાણરાજ્ય (કોંગ્રેસ) દ્વારા જબરૂં કામ થશે. એટલે અનુબંધ સર્વાંગી લેવો જરૂરી છે.

ત્યારબાદ ઈન્ટુક સાથે જે અનુબંધ છે, તેના વડે આંતરરાષ્ટ્રિય શ્રમિક સંગઠન સુધી પહોંચવાની અને ઈન્ટુકમાં નૈતિક મૂડી પૂરવાનું કામ થવું જોઇએ.

અત્યારે વિશ્વવાત્સલ્યના અનુયાયીઓ દ્વારા શુદ્ધિ પ્રયોગો અને સાધુ સંકલના-એ બે જરૂરી કામો કરવાનાં છે. આ પછી ક્રમે ક્રમે આખું કામ ગોઠવાઈ જાય અને અનુબંધ વિચારની વાત સારી પેઠે

CC-0. Panini Kanya Maha Vidyalaya Collection. Jun Gun Aaradhak Trust

સમજાઈ જાય તો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રની દિશામાં વિશિષ્ટ પ્રયોગો એકાગ્રતાપૂર્વક કરી શકાશે. જેથી સંઘર્ષ પાછળ જે શક્તિ વેડફાય છે તે પછી અનુબંધના કામમાં જ વિશેષ ખર્ચાશે. આ વિશ્વવાત્સલ્યની વિશેષ જવાબદારીઓ છે જે તેણે અદા કરવાની છે.

☆

[**નોંધ** :—આ વિષય ઉપરની ચર્ચા શિબિરમાં આવેલા બંધુઓના વ્યક્તિગત અનુભવો અને શિબિરની છાપ અંગે તેમજ ભવિષ્યના તેમના કાર્યક્રમ સંબંધી હોઈને શિબિર વિષયક પ્રગટ થનાર પુસ્તકમાં આવરી લેવામાં આવશે.

સં.]

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રી વિજય દેવસુર સંઘ ગોડીજી જૈન જ્ઞાન ભંડાર

પાયધુની, મુંબઈ - ૪૦૦ ૦૦૩. ફોન : ૨૩૪૬ ૩૧૫૬

✤ પુસ્તકાલય ✤

પુસ્તકનુ નામ ધર્મનિંબાધિ વિશ્વદર્શન બુક નં. 1593

લેખકનુ નામ પુરાણ - ૧

	મેમ્બરનુ નામ	લીધા તારીખ	મેમ્બરની સહી	પરત આપ્યા તારીખ	મંત્રીની સહી
૧					
૨					
૩					
૪					

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સમજાઈ જાય તો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રની દિશામાં વિશિષ્ટ પ્રયોગો એકાગ્રતા પૂર્વક કરી શકાશે. જેથી સંઘર્ષ પાછળ જે શક્તિ વેડફાય છે તે પછી અનુબંધના કામમાં જ વિશેષ ખર્ચાશે. આ વિશ્વવાત્સલ્યની વિશેષ જવાબદારીઓ છે જે તેણે અદા કરવાની છે.

☆

[**નોંધ** :—આ વિષય ઉપરની ચર્ચા શિબિરમાં આવેલા બંધુઓના વ્યક્તિગત અનુભવો અને શિબિરની છાપ અંગે તેમજ ભવિષ્યના તેમના કાર્યક્રમ સંબંધી હોઈને શિબિર વિષયક પ્રગટ થનાર પુસ્તકમાં આવરી લેવામાં આવશે.

સં.]

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust